
# બાપુભાઈ વિઠ્ઠલદાસ ગામી

## એક અલગારી આચાર્ય

(ઈ.સ. ૧૮૯૬ થી ૧૯૪૩)

- ડૉ. મંગુભાઈ પટેલ



10-3-37

Sri Aurobindo

Do you remember Bapubhai Gami?

This is a letter from him. It will do if you read what he has written in English only.

It seems he wishes me to submit this letter to you and the Mother. It seems he wants to know the real worth of what he experienced.

Girdharlal.

[illegible]

29-3-37

Sri Aurobindo

In this letter, Bapubhai Gami describes one more experience. I mark that portion red.

Girdharlal.

Also it seems he wants to pass his vacation here, in May and June. I mark that portion blue.

Girdharlal

[illegible]

બાપુભાઈ વિઠ્ઠલદાસ ગામી એક અલગારી આચાર્ય ડૉ. મંગુભાઈ પટેલ

# બાપુભાઈ વિઠ્ઠલદાસ ગામી

## એક અલગારી આચાર્ય

(ઈ.સ. ૧૮૯૬ થી ૧૯૪૩)

- ડૉ. મંગુભાઈ પટેલ



KADI SARVA VISHWAVIDYALAYA * GANDHINAGAR *
CENTRAL LIBRARY
GANDHINAGAR
Sec-15

# બાપુભાઈ વિઠ્ઠલદાસ ગામી

## એક અલગારી આચાર્ય

(ઈ.સ. ૧૮૯૬ થી ૧૯૪૩)

લેખક
**ડૉ. મંગુભાઈ પટેલ**
નિવૃત્ત રીડર, ઈતિહાસ વિભાગ, ગુજરાત યુનિવર્સિટી

KADI SARVA VISHWAVIDYALAYA
CENTRAL LIBRARY
GANDHINAGAR,Sec-15
GANDHINAGAR

**પ્રકાશક :**
પાટીદાર હિતવર્ધક ટ્રસ્ટ, અમદાવાદ
૦૨, 'કલિંગ' કોમ્પ્લેક્ષ, માઉન્ટ કાર્મેલ સ્કૂલ પાસે,
આશ્રમરોડ, અમદાવાદ-૯, ● ફોન : ૨૬૫૮૪૯૬૩

બાપુભાઈ વિઠ્ઠલદાસ ગામી – એક અલગારી આચાર્ય
Bapubhai Viththaldas Gami - Ek Algari Acharya

© પ્રા. ડૉ. મંગુભાઈ રામદાસ પટેલ

આવૃત્તિ પહેલી : ૧૪ જાન્યુઆરી, ૨૦૦૯

નકલ : ૧૦૦૦

કિંમત : રૂ. ૨૨૫

આર્થિક સહયોગ : સર્વ વિદ્યાલય કેળવણી મંડળ, કડી - ગાંધીનગર

પ્રકાશક :
પાટીદાર હિતવર્ધક ટ્રસ્ટ, અમદાવાદ
૦૨, 'કલિંગ' કોમ્પ્લેક્ષ, માઉન્ટ કાર્મેલ સ્કૂલ પાસે,
આશ્રમરોડ, અમદાવાદ-૯, ● ફોન : ૨૬૫૮૪૯૬૩

મુદ્રક :
હરેશ પટેલ ● પ્રિન્ટોગ્રાફ
૦૨, 'કલિંગ' કોમ્પ્લેક્ષ, માઉન્ટ કાર્મેલ સ્કૂલ પાસે,
આશ્રમરોડ, અમદાવાદ-૯, ● ફોન : ૨૬૫૮૪૯૬૩

## સાદર અર્પણ



હજારો વિદ્યાર્થીઓના હૃદયસિંહાસને બિરાજતા
સર્વ વિદ્યાલય, કડીના પૂર્વાચાર્યશ્રી નાથાભાઈ દેસાઈને
તેમજ
સર્વવિદ્યાલય સંસ્થાના સંસ્થાપકો, કર્ણધારો,
ઋષિસદૃશ આચાર્યો અને કર્ણ સમ દાતાઓ અને
આ સંસ્થાના વિદ્યાર્થીઓ, વાલીઓ અને અધ્યાપકોને
સસ્નેહ અર્પણ

# લેખક પરિચય



ડૉ. મંગુભાઈ રા. પટેલનો જન્મ મહેસાણા જિલ્લાના 'Town of Victory' તરીકે પ્રસિદ્ધ એવા કંબોઈ ગામમાં ૧૯૩૭માં થયો હતો.

માતા શિવકોરબા અને પિતા રામદાસના સંસ્કાર પામી સર્વ વિદ્યાલય, કડીમાં માધ્યમિક શિક્ષણ મેળવી ગુજરાત યુનિવર્સિટીમાં એમ.એ.માં ઇતિહાસ વિષયમાં દ્વિતીય વર્ગ સાથે પ્રથમ સ્થાન મેળવ્યું. ગૂજરાત વિદ્યાપીઠમાં અધ્યાપક તરીકે જોડાયા. ત્યારબાદ એલ. એચ. આર્ટ્સ કૉલેજ - માણસા તથા સ્વામિનારાયણ અને વિવેકાનંદ કૉલેજોમાં સેવાઓ આપી હતી. ગુજરાત યુનિવર્સિટીમાંથી ઇતિહાસના રીડર તરીકે નિવૃત્ત થયા.

યુનિવર્સિટી ગ્રંથનિર્માણ બોર્ડ તરફથી ડૉ. પટેલનાં 'ભારતના સ્વાતંત્ર્યસંગ્રામો અને તેના ઘડવૈયા', 'ફ્રેન્ચ ક્રાંતિ અને નેપોલિયન', 'આંતરરાષ્ટ્રીય સબંધો' ભાગ-૨, 'સરમુખત્યારશાહી, નાઝીવાદ-ફાસીવાદ' તથા ગુજરાત યુનિવર્સિટી દ્વારા 'વિશ્વક્રાંતિઓ અને રાષ્ટ્રીય આંદોલન', 'બહેચરદાસ લશ્કરી - ઔદ્યોગિક અને સામાજિક નેતા' વગેરે પુસ્તકો પ્રગટ થયાં છે. ઉપરાંત, 'મેડમ કામા', 'કુલમી ક્ષત્રિય પાટીદારોં કા ઇતિહાસ', 'પાટીદાર ગૌરવગાથા', 'યુગપુરુષ સરદાર પટેલ', 'કર્મયોગી દાસકાકા', 'સાત પગલાં સાથે', 'ઉમાદેશ', 'પાટીદાર', 'પાટીદાર પ્રગતિ... અને પરિવર્તન', 'બાંધ્યા વિવાહ - એક વિવાદ', 'સામાજિક ક્રાંતિના પ્રણેતા છગનભા', 'ક. પા. સમાજની સભાઓમાં સુધારકોનો અભિગમ' વગેરે પુસ્તકો પ્રગટ થયાં છે.

વિવિધ સામયિકોમાં ઇતિહાસને લગતા એમના ઘણા શોધલેખો પ્રગટ થયા છે. અનેક પરિષદોમાં તેમણે શોધનિબંધો રજૂ કર્યા છે.

તેઓ ગુજરાત યુનિવર્સિટીની સિન્ડિકેટ, સેનેટ અને વિવિધ સમિતિઓના સભ્ય રહી ચૂક્યા છે. તેમના માર્ગદર્શન નીચે દશ પીએચ.ડી. અને ચૌદ એમ.ફિલ.ના સંશોધકોએ પદવી મેળવી છે.

અખિલ ભારતીય કૂર્મિ ક્ષત્રિય સંગઠનના સચિવ તરીકે, ને અખિલ ભારતીય પાટીદાર સમાજ સંગઠન (મ.પ્ર.)ના સહસંયોજક તરીકે સેવાઓ આપેલી છે.

ગુજરાતી રંગભૂમિમાં તેમનું અનોખું પ્રદાન છે. તેઓએ ગુજરાત રાજ્યની ગુજરાત રાજ્ય સંગીત-નૃત્ય-નાટ્ય અકાદમી, દફતરભંડાર, કલાકાર આર્થિક સહાય સમિતિ, સંગ્રહાલય સમિતિ, પુરાતત્ત્વ ખાતું વગેરેમાં સક્રિય સભ્ય તરીકે સેવાઓ આપી હતી અને આપી રહ્યા છે.

ગુજરાતી સાહિત્ય અકાદમીના આમંત્રણથી ૧૯૯૪માં યુ.કે. ખાતે જઈ વિવિધ વિષયો પર વ્યાખ્યાનો આપ્યાં હતાં અને ભારે લોકચાહના પ્રાપ્ત કરી હતી.

હાલ તેઓ 'ઉમિયાદર્શન' સામયિકનું તંત્રીપદ અને ગુજરાત ઇતિહાસ પરિષદનું પ્રમુખપદ સંભાળી રહ્યાં છે.

સંપર્ક : **ડૉ. મંગુભાઈ પટેલ**
૪૩૨/બી, મંથન ટ્વીન્સ, જજીજ બંગ્લોઝ રોડ,
બોડકદેવ, અમદાવાદ-૫૪, ફોન : ૨૬૮૪૧૪૪૦

જયંતીભાઈ પટેલ
(તંત્રી, ઉમિયાદર્શન)



# પ્રસ્તાવના

કેટલીક વ્યક્તિઓની આનંદમય જીવનકલાની કે સંસ્કારમય જીવનસૌરભની, એમના સંપર્કમાં આવનાર જનોના મન પર હૃદયંગમ અને ચિરંજીવી અસર પડે છે, પરંતુ આ અસર માત્ર પ્રત્યક્ષ સંપર્ક પર આધારિત હોય તો એ વ્યક્તિ તથા એના સંપર્કમાં આવનારાઓની પેઢી પર્યંત જ ટકે છે, પછીની પેઢીઓએ અનુશ્રુતિની પરંપરાએ એની થોડી ઘણી પ્રશસ્તિ સાંભળી હોય, તોપણ તેઓને એનો કોઈ સત્કાર અને સ્પષ્ટ સ્વરૂપ જોવા મળતું નથી. પરંતુ જો એ વ્યક્તિ અથવા એના પ્રશંસકો તરફથી એની જીવનદૃષ્ટિ તથા જીવનચર્યા વિશે કંઈ લખાયું હોય, તો એનું પ્રકાશન એ ગરવી વ્યક્તિ વિશે ચિરકાલીન પ્રકાશ પાડી શકે છે. આ વાત શ્રી બાપુભાઈ વિ. ગામીને બરાબર લાગુ પડે છે.

ગામી ગુજરાતની ગઈ પેઢીના એક અગ્રગણ્ય સન્નિષ્ઠ સંસ્કાર-શિક્ષક; ગૃહપતિ અને આચાર્ય હતા. એમણે કડી (કોઠારી શાળા); ઓડ (વિનયમંદિર) અને સર્વ વિદ્યાલય કડી - જ્યાં જ્યાં શિક્ષણ કાર્ય કર્યું ત્યાં સર્વત્ર એમના સંસ્કારલક્ષી શિક્ષણની ચિરંજીવ અસર પડેલી. એટલું જ નહિ, વિદ્યાર્થીઓ ઉપરાંત વાલીઓ, મિત્રો, સાધકો તથા સગાંવહાલાંના મનમાં પણ સંસ્કારમય જીવનદૃષ્ટિની સુવાસ પ્રસરેલી. એમના સંપર્કમાં આવનાર પૈકી ઘણા જનો સંપર્કના દરેક પ્રસંગમાંથી કંઈ ઉદાત્ત અસર પામતા ને પુનઃપુનઃ સંપર્કમાં આવવાનું ચાહતા. સહુ સ્નેહીઓ, વિદ્યાર્થીઓ આજે પણ એમના આદરપૂર્વક સંસ્મરણથી કૃતાર્થતા અનુભવે છે. પરંતુ પ્રતિવર્ષ આ પેઢીની સંખ્યા ઘટતી જાય છે. આથી એને લગતું સાહિત્ય વધુ લખાય અને પ્રકાશિત થાય એની જરૂર લાંબા સમયથી લાગતી હતી.

સ્વ. છગનભા અને સ્વ. દાસકાકાનું પુસ્તક લખતી વખતે શ્રી બાપુભાઈનું કેટલુંક સાહિત્ય મળતું ગયું. તેમના વિદ્યાર્થીઓ ડૉ. અનામી, ડૉ. પ્રહ્લાદભાઈ કસ્વેકર, પ્રા. ર. સાં. નાયક વગેરે દ્વારા અને પ્રા. ઉપેન્દ્ર ભટ્ટ દ્વારા તેમજ ગામીપરિવારના સભ્યો; વકીલ શ્રી ધનાકાકા, હિસાબનીશ માધવલાલ; શ્રી ભાઈલાલભાઈ; શ્રી દાસકાકા વગેરે પાસેથી સાંભળેલી વાતો અને મળેલી વિગતોને આધારે આ પુસ્તક અસ્તિત્વમાં આવ્યું.

સૌ પ્રથમ અમે બાપુભાઈ ગામીને શ્રદ્ધાંજલિ આપતો 'ઉમિયાદર્શન'નો અંક પ્રગટ કર્યો. તેમાં ઘણા લેખો અને માહિતી આપી. ત્યાર બાદ બાપુભાઈ વિશેનું અપ્રગટ સાહિત્ય તેમજ આર્થિક સહાય માટે એટલે કે જરૂરી ભંડોળ માટે ટહેલ નાખતા રહ્યા.

આ શુભ કાર્યમાં સહુ પોતપોતાની અનુકૂળતા અનુસાર નાની-મોટી રકમ આપે તેને આવકારવી; કોઈના પર દબાણ તો ન જ કરવું. જે આપે તે ઉમળકાથી આપે અને ઉમળકાથી લેવાય અને સદ્‌ગતનું ગૌરવ જળવાય, નંદવાય નહિ એવી નીતિ અપનાવેલી.

અમને જણાવતાં આનંદ થાય છે કે ઘણા મિત્રોએ પોતાની રાજીખુશીથી અમારી ઝોળી છલકાવી દીધી. અમને કહેતાં ગર્વ થાય છે કે અમારી અપીલ કડી, ગાંધીનગર સર્વ વિદ્યાલયના મંત્રી ડૉ. કનુભાઈએ વાંચી અને એ સંસ્થાના ચેરમેન શ્રી માણેકલાલને વાત કરી અને સંસ્થાએ પાટીદાર હિતવર્ધક ટ્રસ્ટને રૂ. ૫૦,૦૦૦ હજારનો ચેક મોકલી આપીને બાપુભાઈ ગામીની યોગ્ય કદર કરી. સર્વ વિદ્યાલય કેળવણી મંડળ, કડીની ઉમદા સહાયથી આ પ્રકાશન શક્ય બન્યું છે. તે માટે આ સંસ્થાના પૂર્વવિદ્યાર્થી તરીકે હું ગૌરવની લાગણી અનુભવું છું.

ડૉ. અનામીસાહેબની ઉઘરાણી, આ સંસ્થાના પૂર્વ વિદ્યાર્થી - મારા પરમ મિત્ર અને ગુજરાતી ભાષાના વિદ્વાન ખેરખાં પ્રા. ત્રિકમભાઈની ત્રેવડ અને ચીવટ, શ્રી જયંતિભાઈ અને શ્રી ચંદુભાઈના પુરુષાર્થથી આ ભગીરથ કાર્ય પાર ઊતર્યું છે. પ્રો. ડૉ. રૂપાલી બર્કને કેમ ભુલાય ? આ વિદુષીએ નરસિંહ, મીરાં-નાં અને નિરંજન ભગતનાં ગીતોનો તેમજ કેટલાંક નાટકોનો અંગ્રેજીમાં અનુવાદ કર્યો છે. અંગ્રેજી વિભાગમાં તેમની વિદ્વત્તા અમને કામ લાગી. મારાં પત્ની પાર્વતી જે સાધનાપથની કેડી કંડારી રહ્યાં છે તેમનો આભાર. પ્રત્યક્ષ અને પરોક્ષ રીતે મદદ કરનાર સૌ કોઈનો આભાર. આ પુસ્તકને રૂપકડું બનાવવામાં શ્રી હરેશભાઈ અને શ્રી નયનભાઈનો સહયોગ નોંધપાત્ર રહ્યો છે.

આ પુસ્તક ગુજરાતના એક અગ્રગણ્ય સનિષ્ઠ સંસ્કારી ઋષિઆચાર્યની વિચારસરણી તથા કાર્યસરણી તેમજ આધ્યાત્મિક ઊંડાણ સમજવામાં ઉપયોગી નીવડશે એવી આશા રાખું છું. તે ઇતિહાસકાર પ્રશંસાને પાત્ર છે, જે રાગ-દ્વેષથી પર રહી ફક્ત સત્યના નિરૂપણમાં પોતાની ભાષાનો ઉપયોગ કરે છે.

તા. ૧૪-૧-'૦૯
મકરસંક્રાંતિ
ફોન : ૨૬૮૪૧૪૪૦

**ડૉ. મંગુભાઈ રામદાસ પટેલ** (કંબોઈ)
(પૂર્વછાત્ર, વિદ્યાર્થીઆશ્રમ અને હાઈસ્કૂલ, કડી)
૪૩૨ / બી, મંથન ટ્વીન્સ,
આલય-તન્મય ફ્લેટ સામે,
જજીસ બંગલોઝ રોડ, બોડકદેવ,
અમદાવાદ-૩૮૦ ૦૫૪



તમારી સંસ્થા ઈંગ્લેંડની પબ્લિક સ્કૂલોની જેમ કાર્ય કરી રહી છે. તમારું કાર્ય જોઈ મને સંતોષ થયો છે, અને તે દરેક રીતે ઉત્તેજનને પાત્ર છે. (૪-૧-'૨૬)

**– સયાજીરાવ મહારાજ ત્રીજા, વડોદરા**

તમારાં છોકરાંને અહીં ભણવા મોકલજો. તેઓ સારી કેળવણી પામી શકે છે. અક્ષરજ્ઞાન કરતાં જે વધારે પામી શકે છે તે આચાર અને વિચારની શુદ્ધિ. તમો આ સંસ્થાને જેમ પોષતા જશો તેમ સંચાલકોનું બળ વધશે. (૨૭-૭-'૨૯)

**– ગાંધીજી**



ઈ.સ. ૧૯૧૨માં શ્રી છગનલાલ પીતાંબરદાસે મને કહ્યું કે, 'મારા કુટુંબમાં એક છૂટક લગ્ન કરવાનું છે.' મેં જણાવ્યું કે, આવા પ્રસંગે તમે મને નિમંત્રણ નહીં આપો તોયે તમારે ત્યાં આવીશ અને આપશો તોય આવીશ.' છૂટક લગ્નના પ્રસંગે હું તેમને ત્યાં ગયો હતો અને જમ્યો હતો. આથી સારી અસર થઈ છે. હવે આ રિવાજ ટકી શકવાનો નથી. જરૂર નાબૂદ થશે. (૩૧-૮-'૨૭)



**– નાયબ દીવાન રા. બ. ગોવિંદભાઈ દેસાઈ**


## પૂ. છગનભા



જન્મ તા. : ૧૧-૧૧-૧૮૬૩
દેહાંત તા. : ૨૨-૧૨-૧૯૪૦

'કડવા પાટીદાર કોમ કેળવણીમાં પછાત છે એ સત્ય વાત છે; પણ જ્યારે જ્યારે જગત પર, જ્યાં જ્યાં અવનતિ થયેલી છે ત્યારે ત્યારે, ત્યાં ત્યાં ભગવાને અવતાર ધર્યો જ છે. આર્યાવર્તમાંથી ઉદાત્ત આર્ય-વેદધર્મનો લોપ થવા બેઠો હતો ત્યારે જગવિખ્યાત શંકરસ્વામી થયા. જેમણે સતત પ્રયત્ને પુનઃ વેદધર્મની સ્થાપના અને વ્યવસ્થા કરી. શ્રીમાન્ શંકરસ્વામીને ચોવીસ અવતારમાંના એક તથા સાક્ષાત્ શંકરનો અવતાર માનવામાં આવે છે. ફરી મુસલમાની જમાનામાં શિવાજી દ્વારા આર્યપ્રજાનું અસ્તિત્વ સાચવનાર પણ સ્વામી રામદાસ જ હતા. દેશની ચાલુ ચળવળમાં પણ તે ભગવાન શંકરની વર્તમાન ત્યાગ-મૂર્તિએ જગત્કલ્યાણાર્થે પોતાની આહુતિઓ આપી રહ્યા છે. આ જ્ઞાતિ કે જેની માતા ઉમા છે અને પિતા શંકર છે, તેને આવા નારાયણસ્વરૂપ શંકર મૂર્તિઓનો આશીર્વાદ અને પૂર્ણ સહાય છે, અને તેથી જ આ કાર્ય આટલી ત્વરિત ગતિથી આવા સંગીનપણે ચાલી રહ્યું છે. ભવિષ્યમાં પણ સંપૂર્ણ વિજય મળશે એવી શ્રદ્ધા રાખી શકાય છે. લગભગ દોઢ વર્ષ ઉપર એકવાર એવો સમય આવ્યો હતો કે અમારી પાસે એક પાઈ નહતી. ...વડોદરા નજીક ગણપતપુરાના પા. બેચરભાઈ રાયજીભાઈ જેઓ એક સારા જમીનદાર અને ખાનદાન કુટુંબના આસામી છે. સુધારાની દુનિયામાં જેઓ મૂળથી જાણીતા છે. આજે આ સભામાં તેઓશ્રી વિદ્યમાન છે. મને જણાવતાં આનંદ થાય છે, જેઓ પોતાના પિતાશ્રી પા. રાયજીભાઈના નામથી એક કોટડી આ આશ્રમમાં બંધાવી આપવા કહે છે. ...આ શુભ અવસરે દરેકે પોતાની ખાનદાની અને ગૃહસ્થાઈ બતાવવી ઘટે છે. આ એક જીવનનું લ્હાણું છે.'

**(વિદ્યાર્થી આશ્રમના આદ્ય મકાનના ખાતમુહૂર્ત સમારંભમાં પૂજ્ય છગનભાનું વક્તવ્ય : વૈશાખ સુદ ૫, સં. ૧૯૭૯)**



બાપુભાઈનું જન્મસ્થાન
જ્વાળામુખીનો પાડો, માતાની શેરી, પાટણ



**વિદ્યાર્થી આશ્રમ - કડી**



**શેઠ પ્રાણસુખલાલ મફતલાલ વિવિધલક્ષી સર્વ વિદ્યાલય - કડી**

# પ્રકરણ - ૧

## જન્મ - ભણતર - ઘડતર - કૌટુંબિક વાતાવરણ

આપણા આ પુસ્તકના ચરિત્રનાયક શ્રી બાપુભાઈ ગામી સર્વ વિદ્યાલય, કડી અને કડવા પાટીદાર આશ્રમના એક અલગારી આચાર્ય, આદર્શ શિક્ષક અને ગૃહપતિ, સાધક, શિક્ષણશાસ્ત્રી, સમાજસુધારક અને બાળમાનસના અભ્યાસીના જીવનદર્શનને પામીએ તે પહેલાં શ્રી ગામી જે પ્રદેશમાં જન્મ્યા, સંસ્કાર પામ્યા તે નગરીની ઐતિહાસિક ભૂમિકા સમજવી જરૂરી છે.

તેમનો જન્મ ઐતિહાસિક નગરી પાટણમાં થયો હતો. આ નગરી અણહિલ પાટણ તરીકે ઓળખાતી.

હાલનું પાટણ કે પટ્ટણ એ જ અગાઉનું અણહિલપુર પાટણ છે તે વિશે શંકા રહી નથી. તે અમદાવાદની ઉત્તરે ૬૬ માઈલ દૂર આવેલું છે. અણહિલવાડ, અણહિલપુર અને અણહિલપાઠક આદિ જુદાંજુદાં નામે તેનો શિલાલેખો કે તામ્રપત્રોમાં ઉલ્લેખ કરેલો છે. મુસ્લિમ ગ્રંથકર્તાઓ તેને નહરવાલાના નામથી ઓળખાવે છે.

દંતકથા પ્રમાણે આ શહેરની સ્થાપના વિ. સ. ૮૦૨માં ચાપોત્કટ (ચાવડા) વંશના સ્થાપક વનરાજે કરી હતી. **'પ્રબંધચિંતામણિ'**માં મેરૂતુંગે પણ આ જ સંવત નોંધેલો છે, પરંતુ; **'વિચારશ્રેણી'**માં તેની તિથિ વિ. સં. ૮૨૧ની લખેલી છે. ગમે તેમ પણ આઠમા સૈકાના મધ્ય ભાગમાં એ શહેર સ્થપાયું છે.[૧] દંતકથા પ્રમાણે અણહિલ નામના ભરવાડે, આ સ્થાન નવું રાજધાનીનું શહેર બાંધવા માટે ઉત્તમ છે એવું વનરાજને કહ્યું હતું અને તેથી વનરાજે તેના નામ ઉપરથી તેનું નામ અણહિલવાડ રાખ્યું હતું.

***૧. રા. રામલાલ ચુનીલાલ મોદીએ કાન્ત સ્મારકમાળામાં 'પાટણની સ્થાપના' વિષે લઘુ લેખ લખી સંવત ૮૦૨ની સાલને પુષ્ટિ આપી છે. આ હકીકત રા. રામલાલ મોદીકૃત પાટણને લગતી લઘુ પુસ્તિકા ઉપરથી લીધી છે.***

ચાવડા, સોલંકી, વાઘેલા અને મુસલમાન રાજ્યકર્તાઓના સમયમાં અણહિલપાટણ ગુજરાતનું પાટનગર હતું. સ્થાપના પછી તેનું મહત્ત્વ વધતું ગયું. એક પછી એક હિન્દુ રાજકર્તાઓએ તેને સમૃદ્ધ બનાવ્યું અને મંદિરો, મહેલો, વિહારો અને ઉદ્યાનો બાંધી તેની શોભા વધારી. પણ કમનસીબે મુસ્લિમોના અતિક્રમણે આ સર્વનાં ચિહ્નો લુપ્ત કર્યાં છે. કહેવાય છે કે વનરાજે ત્યાં પંચાસર પાર્શ્વનાથનું ચૈત્ય અને મૂલેશ્વર અને ત્રિપુરેશ્વરનાં મંદિરો બંધાવ્યાં હતાં, પણ હાલ તેની કોઈ નિશાની રહી નથી. રાજા દુર્લભે ખોદાવેલા દુર્લભ સરોવરની પણ એ જ સ્થિતિ થઈ છે.

રાણીની વાવ અને સહસ્રલિંગ તળાવના ભગ્ન અવશેષો તો અદ્યાપિ મોજૂદ છે. હાલ તળાવ સપાટ ખેતર જેવું છે. રાણીવાવ પહેલાં ભીમદેવની રાણી ઉદયમતીએ બંધાવી હતી અને તે સમયમાં તે વાવ ગુજરાતમાં સૌથી મોટી, ભવ્ય અને સુંદર ગણાતી હતી. મેરૂતુંગના કહેવા પ્રમાણે આ વાવ સહસ્રલિંગ કરતાં પણ શ્રેષ્ઠ હતી. હાલનાં ખંડિયરો ઉપલી વાત સિદ્ધ કરે છે. થોડાક વર્ષો પહેલાં આ વાવનું ઉત્ખનન કરી પુરાતત્ત્વ ખાતાએ શિલ્પકલાનો અણમોલ ખજાનો શોધી કાઢ્યો. દુનિયાના કલાપારખુઓનું કહેવું છે કે શિલ્પકલાનાં આ શિલ્પો માત્ર ભારતની નહિ પણ દુનિયાની શ્રેષ્ઠ કલાકારીગરી છે. આને અંગે એક સુંદર પુસ્તક બહાર પડ્યું છે.

સહસ્રલિંગ તળાવ સિદ્ધરાજ જયસિંહે બંધાવ્યું હતું. તેનું ખોદકામ ચાલતું હતું ત્યારે સિદ્ધરાજ માલવા સાથે યુદ્ધમાં રોકાયો હતો અને તેથી એ કામ પ્રધાનો અને કારીગરોની એક કમિટીને સોંપવામાં આવ્યું હતું અને એક શાહુકારે ત્રણ લાખ ટંકાની સમયસર બક્ષિસ કરી હોવાથી તેનું નામ સહસ્રલિંગ પાડ્યું હતું. તેની મધ્યમાં એક નાનો ટાપુ હતો. તેના ઉપર રુદ્રેશ્વરનું મંદિર બંધાવ્યું હતું. હાલ તે મંદિર મસ્જિદના રૂપમાં ફેરવાઈ ગયું છે. એ સિવાય એક કૃષ્ણનું મંદિર છે. કમળથી આચ્છાદિત અને હંસો જેમાં વિહાર કરે છે એવા એ સરોવરની શોભા શુભ્ર અને ઉન્નત કીર્તિસ્થંભથી અધિકતર થતી હતી, પણ એ કીર્તિસ્થંભની નિશાની હાલ છે જ નહિ. આ સરોવરનું પાણી શહેરના લોકોના પીવાના ઉપયોગમાં આવતું હોવું જોઈએ.

'કુમારપાલચરિત'નો કર્તા જિનહર્ષગણિ કહે છે કે, 'જો સમુદ્રના પાણીનું માપ કાઢી શકો તો, તમે પટ્ટણના મનુષ્યોની સંખ્યા ગણી શકો.' આ ઉપરથી જણાય છે કે શહેરમાં વસતી ઘણી હોવી જોઈએ. મુસ્લિમ લેખકો આ શહેર ઘણું મોટું હતું એ વાત માન્ય રાખે છે. શહેરનાં ખંડિયરો જોતાં જણાય છે કે શહેરની લંબાઈ-પહોળાઈ ૬ અને ૨ માઈલની હોવી જોઈએ. 'કુમારપાલચરિત'નો કર્તા તેનો ઘેરાવો ૧૮ માઈલનો હતો એમ લખે છે. ગમે તેમ, પણ તેની જનસંખ્યા ૫ લાખની તો અવશ્ય હશે જ.



અને એમાં કાંઈ નવાઈ નથી. 'કુમારપાલચરિત'માં જણાવ્યું છે કે શહેરમાં ૮૪ ચૌટાં-બજારો હતાં; દરેક ધંધા માટે જુદી બજાર રાખી હતી. દરરોજની આયાતજકાતનો વેરો ૧ લાખ ટંકા એટલે રૂ. ૫,૦૦૦ નો થતો હતો. ઘણા મુસલમાન વેપારીઓ ત્યાં ઘરબાર કરી વસ્યા હતા અને રાજા અને તેના અમાત્યો તેમનો આદરભાવથી સત્કાર કરતા. તેઓ સુરક્ષિત અને સલામત હતા. પરદેશીઓને પણ જાનમાલની ધાસ્તી નહોતી. તે ઉપરથી સમજાય છે કે પોલીસની વ્યવસ્થા ખૂબ જ સંતોષકારક હશે.

શહેરની આસપાસ મજબૂત કોટ હતો અને તેમાં સુંદર કોતરણી અને શિલ્પકામવાળા ઘણા મહેલો અને મંદિરો હતાં. વળી ત્યાં મોજશોખને માટે ઉદ્યાનો હતાં અને શહેરના લોકો તેનો છૂટથી ઉપયોગ કરતા હતા.

પાછળના સોલંકી રાજાઓના વખતમાં શહેર જૈન ચળવળનું કેન્દ્ર થઈ પડ્યું હતું. ખંડિયેરમાંથી જુદીજુદી અનેક જૈન-મૂર્તિઓ મળી આવી છે. તે ઉપરથી સ્પષ્ટ થાય છે કે એકવાર શહેરમાં ઘણાં જૈન મંદિરો હોવાં જોઈએ. કુમારપાલ પોતે પોતાના પાછલા સમયમાં જૈનધર્મમાં દાખલ થયો હતો. તેના ઘણાખરા અમાત્યો અને તે પછીના અમાત્યો એ જ ધર્મ પાળતા હતા અને હેમચંદ્ર જે કુમારપાલના સમયમાં થઈ ગયા તે તેના ધર્મગુરુ તરીકે હતા. આ સર્વ અંશોને લીધે સ્વાભાવિક રીતે જૈન ધર્મની ઘણી ઉન્નતિ થઈ જણાય છે.

આ શહેર ઉપર પહેલવહેલું આક્રમણ કરનાર ગઝનીનો મહમુદ હતો. સોમનાથ જતાં માર્ગમાં તે આ શહેર ઉપર ચડ્યો અને ત્યાંનો રાજા ભીમ તેની સામે થવા તૈયાર ન હોવાથી શહેર છોડી નાસી ગયો અને મહમુદે તેને લૂંટ્યું પાયમાલ કર્યું. પણ મુસલમાનો સિંધુ નદી સુધી પહોંચ્યા કે તુરત જ ભીમદેવ ફરીથી પોતાની રાજધાનીમાં આવ્યો અને તેનો પુનરુદ્ધાર કર્યો. આ રાજા અને તેની પછીના બે રાજાઓના સમયમાં આ શહેર આબાદ અને ગૌરવાન્વિત થયું.

૧૧૭૮માં ગઝનીના મુઝુલદીને શહેર ઉપર હુમલો કર્યો; પણ ભીમદેવ બીજો, જે તે વખતે તુરતમાં જ ગાદી ઉપર આવ્યો હતો તેણે તેને સજ્જડ હરાવ્યો. પણ ૧૧૯૫માં મહમુદ ગોરીના સરદાર કુત્બુદ્દીનના હાથે તેનો પરાજય થયો. ગુજરાતનું લશ્કર હાર્યું અને ફરીથી મુસલમાનોએ અણહિલપટ્ટણ લૂંટ્યું, તોપણ મુસલમાનો થોડો જ વખત આ શહેરનો કબજો રાખી શક્યા, કારણ કે તુરત જ ભીમદેવે તે પાછું લીધું. કુત્બુદ્દીન ૧૧૯૭માં ફરીથી ગુજરાત ઉપર ચડી આવ્યો. ફરીથી ગુજરાતના લશ્કરને હરાવ્યું અને પાટનગરનો કબજો લીધો, પણ તે તુરત જ દિલ્હી પાછો ફરવાથી ભીમદેવે ફરીથી પાટણનો કબજો લીધો.

પરંતુ માત્ર સૈકા સુધી જ શાંતિ રહી. કારણ કે કરણદેવ બીજાના રાજ્યકાળમાં અલાઉદ્દીન ખીલજીના ભાઈ ઉલુઘખાને તેના ઉપર આક્રમણ કર્યું. તેણે પાટણને જીત્યું અને આખા દેશમાં રંજાડ કરી. કરણદેવ દેવગિરિના રામદેવરાવ પાસે નાસી ગયો અને તેની સર્વ દોલત શત્રુના હાથમાં ગઈ. દિલ્હીમાંથી નિમાયેલા શાહી સૂબાએ સઘળાં મંદિરોનો નાશ કર્યો, તેમની મિલકત જપ્ત કરી અને મંદિરનો સરસામાન મસ્જિદો બાંધવામાં વાપર્યો. ૧૪મા સૈકા દરમ્યાન મુસ્લિમ શાસનકર્તાઓ નીચે પાટણ ગુજરાતની રાજધાની રહ્યું હતું. માત્ર ૧૪૧૧માં તે છોડી અમદાવાદને પાટનગર બનાવવમાં આવ્યું.

આ પ્રમાણે એક સૈકાથી વધારે સમય સુધી ત્યાં રહેતા મુસ્લિમ સૂબાઓનાં વ્યવસ્થિત, ચાલુ અને ખંતીલાં આક્રમણ અને રંજાડથી પાયમાલ થયેલું આ શહેર પૂર્વકાળની ઘણી જ ઓછી જાહોજલાલી આજે ધરાવે છે. તેની પૂર્વની મહત્તા અને વૈભવનાં શેષચિન્હો પણ અલ્પ જ છે.

## પાટણનું વસ્તીપત્રક

પાટણનું વસ્તીપત્રક સં. ૧૮૭૭માં દીવાનજીએ કર્યું હતું, તે દહાડે ૧૦,૦૦૦ ઘર હતાં; હાલ ઘણાં તૂટી ગયાં છે. શહેર ઉત્તરદક્ષિણ કાંઈક લાંબુ છે. જૂનું પાટણ હાલના શહેરથી પશ્ચિમમાં છે, તેમાં થોડી વસ્તી નવા પાટણને લગતી છે.

ગામથી પૂર્વમાં માઈલ ૧ સુધી પાયા નીકળે છે. દક્ષિણમાં તો ગામની હદ છે ત્યાં સુધી અને ઉત્તરમાં થોડી જમીન છે ત્યાં સુધી નીકળે છે.

હાલ શહેરના દરવાજા ૧૧, બારી ૧ છે. ૧ બગવાડાનો દરવાજો પૂર્વમાં, ૨ ઘુંઘડીનો પૂર્વમાં, ૩ મકલપીરનો દરવાજો દક્ષિણાદે મોઢે, ૪ ભઠીવાડનો દરવાજો દક્ષિણમાં પૂર્વમુખે, ૫ ખાનસરોવરનો, દક્ષિણમાં, ૬ શામોતીનો દરવાજો નૈરૂત્યમાં, ૭ કણસડો દરવાજો પશ્ચિમે, બૂરેલી ગણેશબારી, ૮ ફાટીપોળનો દરવાજો ઉત્તરમાં, ૯ દિલ્હી દરવાજો અથવા આગ્રાઈ ઉત્તરમાં, ૧૦ કોઠીકૂઈનો દરવાજો ઈશાનમાં, ૧૧ છીંડીઓ દરવાજો ઉત્તરમુખે - ભાટ ઉદેપુરની બાઈને છીંડુ પાડી લઈ ગયો તે માટે તેનું નામ છીંડીઓ દરવાજો પડ્યું છે.

હાલ શ્રાવકનાં ૧,૦૦૦ ઘર છે. શ્રાવકનાં ૧૦૮ દેરાં છે. શંકરસ્વામીના સ્થાપેલા શિવ ૪ છે. (૧) ત્રિપુરેશ્વર, શાલીવાડામાં, (૨) માદમેશ્વર, હજામવાડામાં, (૩) કરુણેશ્વર અથવા ગુપ્તેશ્વર, વસાવડાના પાડામાં, (૪) સિદ્ધેશ્વર, ગામથી પૂર્વમાં સિંધવાઈ માતા પાસે. હાલના ગામ વચ્ચે લાખુખાણ કહેવાય છે જ્યાં શંકરસ્વામીના શિષ્યે હેમાચાર્યના લાખ જતી દાટ્યા છે.



## પાટણનાં જોવાલાયક પ્રાચીન સ્થાનો

૧. ગંધર્પવડાના મોહલોમાં ગણપતિની બેસણીએ અક્ષર છે. ૨. અહીંથી પશ્ચિમમાં મોજે વડલી ગામ છે, ત્યાં જૂના પાટણનો ઘીકાંટો હતો. ૩. સહસ્રલિંગ તળાવ પાસે કાલિકામાતા પાસે રાણકી વાવ છે. તે રાજા કરણની રાણીની બંધાવેલી છે. દામોદર નામના વાણિયા હસ્તક વાવ બંધાવી. તેણે પોતાના નામનો કૂવો બંધાવ્યો. ૪. ગામથી પશ્ચિમમાં કણસડા દરવાજા બહાર અદીના મસ્જિદ છે. તે જગદેવનો ઉતારો હતો, પછી હેમાચાર્યની પોશાલ થઈ. ૫. પંચાસર પારસનાથ પાસે વનરાજની મૂર્તિમાં અક્ષર છે. ૬. ખાનસરોવર. ૭. સિદ્ધરાજ જેસંગને વટલાવીને માર્યો[1] (તે) પીર મલાણાસાહેબ, બાવા હાજી, શેખ ફરીદ, મોશબદર.

વનરાજની મૂર્તિની કોટમાં જનોઈની માફક સાંકળ છે, કુંડલકડાં એ દાગીના છે, માથે છત્ર છે, દાઢી છે, ડાબા હાથમાં શંખ છે, કમરે તલવાર છે.

કારભારીની કોટમાં પણ સાંકળ છે, દાઢી છે, હાથમાં કોથળી છે, તેમાંથી રૂપિયા કાઢે છે. વનરાજની મૂર્તિ આથમણે મોઢે છે, કારભારી દક્ષણાદે મોઢે છે, દેરામાં પેસતાં ડાબી બાજુએ છે. પંચાસરો દેવ ઉત્તરાદે મોઢે છે.

૧. પાટણથી ગાઉ ૬ ઉપર સિદ્ધપુરને રસ્તે ગામ હીસોર જે અમરદુ:ખી નદીથી પૂર્વમાં છે ત્યાં ગોત્રાજ માતાના દેરામાં મૂર્તિઓ છે.

૨. ત્યાંથી ગાઉ ૨ ગામ દહથીલી, ત્યાં સાંડીલકુંડ તથા વ્યાસજી તથા મહાદેવ છે.

૩. ત્યાંથી ગાઉ ૨ ગામ ખોલવાડું છે, ત્યાં બસકર નામનું તળાવ છે. તે નામનું કારણ એમ કહેવાય છે કે જ્યારે અલાઉદ્દીન ખૂનીએ હિન્દુઓને મારવા માંડ્યા ત્યારે એ ઠેકાણે આવતાં કહ્યું કે લડાઈ બસ કરો માટે તેનું નામ એવું પડ્યું છે. એ તળાવ સિદ્ધરાજ જેસંગની જસમા નામની ઓડણ હતી તેણે બંધાવેલું ને ગધેડાં બાંધવાની જગ્યા આપી માટે ખોલવાડું નામ પડ્યું. એ ઓડણને સિદ્ધરાજે રાખવા ઘણી મહેનત કરી, પણ હાથ આવી નહીં ને અંતે બળી મૂઈ. તેનો પવાડો તૂરી લોકો ગાય છે.

૪. બિંદુ સરોવરનો કુંડ સિદ્ધપુરમાં. (અં. ૪૮. ૪. ૭)

## પાટણનો ઈતિહાસ

અણહિલવાડ-પાટણ, સિદ્ધપુર-પાટણ, પીરણ-પાટણ કે ગુજરાત-પાટણ, એ નામથી ઓળખાતું પાટણ, વડોદરા રાજ્યના કડી પ્રાંતમાં અમદાવાદની ઉત્તરે અને સરસ્વતી નદીને કિનારે આવેલું છે.

---

*૧. આ વાત ખોટી જણાય છે, તેમ આ વાક્યનો અર્થ બેસતો નથી.*

તેણે ગુજરાતના ઈતિહાસમાં બહુ અગત્યનો ભાગ ભજવ્યો છે. તે આશરે ૬૦૦ વર્ષ સુધી ગુજરાતની રાજધાની બની રહ્યું હતું અને ઉન્નતિને શિખરે પહોંચ્યું હતું. પાટણ ઉપર ચાવડા, સોલંકી અને વાઘેલા એ ત્રણ ક્ષત્રિયવંશોએ તેમજ મુસલમાનોએ અગાઉના વખતમાં રાજ્ય કર્યું છે.

વનરાજ ચાવડાએ સં. ૮૦૨માં પાટણ વસાવ્યું હતું. વનરાજના બાપ જયશિખરીનું રાજ્ય પાટણની પશ્ચિમે અગાઇ ઉપર આવેલા પંચાસર નામના ગામમાં હતું. ચાવડાવંશ સં. ૧૦૧૭ સુધી ચાલ્યો.

તે પછી ત્યાં સોલંકીવંશ સ્થપાયો ૧૦૧૭માં અને તે સં. ૧૩૦૦ સુધી ચાલ્યો. તે પછી વીસલદેવ ગાદીએ બેઠો, ત્યારતી સં. ૧૩૦૦ થી વાઘેલાવંશ ચાલુ થયો તે ૧૩૫૪ સુધી ચાલ્યો. ગુજરાતના હિન્દુ રાજાઓનો અમલ ત્યાં સાડાપાંચસો વર્ષ સુધી ટકી રહ્યો.

પાટણમાં મુસલમાની અમલ સં. ૧૩૫૪ થી સં. ૧૮૨૦ સુધી રહ્યો. સં. ૧૩૫૪ થી ૧૪૫૯ સુધી દિલ્હીના સૂબાઓના તાબામાં પાટણ હતું; પાછળથી સૂબાઓ સ્વતંત્ર થતા ગયા. એવા એક સ્વતંત્ર બનેલા સૂબા અહમદશાહે સં. ૧૪૬૯માં અમદાવાદ વસાવી ત્યાં રાજધાની કરી. ત્યારથી અમદાવાદ ગુજરાતની રાજધાનીનું શહેર બની ગયું અને તેથી પાટણની પડતી થઈ.

સં. ૧૭૩૦માં ઔરંગઝેબના સમયમાં પાટણ રાધનપુરના બાબીઓના અધિકાર નીચે ગયું અને સં. ૧૮૨૦ સુધી તેમના હાથમાં રહ્યું.

સંવત ૧૮૨૦માં શ્રીમંત દામાજીરાવ ગાયકવાડે જવાંમર્દ બાબીને હરાવી પાટણ લીધું, ત્યારથી તે આજપર્યન્ત ગાયકવાડની સત્તા નીચે છે. શ્રીમંત સયાજીરાવ ગાયકવાડ વખતે નાયબદીવાન શ્રી ગોવિંદભાઈ હાથીભાઈ દેસાઈ અને શિક્ષણખાતામાં મોતીભાઈ અમીન આવતાં પાટણમાં નાગરો અને પાટીદારોમાં ચાલતા કુરિવાજ રોકવા જહેમત કરેલી અને તેના પર રોક લગાવેલી.

પાટણના રાજાઓ જેમ બહાદુર અને પરાક્રમવાળા થયા છે તેમ તેમના પ્રધાનો ઘણેભાગે નાગર અને થોડાક વણિક, પણ વિદ્વાન અને અક્કલવાળા થયા છે. પાટણનું રાજ્ય બળવાન હતું તે પ્રધાનોની સલાહનું પરિણામ હતું. એમનાં નામ : ચાંપો, એલચી, ડાયર અથવા દામોદર, લૂલ, શોભ, શાન્તુ, ઉદયન, મુંજાલ, વલલ્ભ, કપર્દી, વસ્તુપાળ, તેજપાળ અને માધવ.

પાટણમાં ઘણા વિદ્વાનો અને કવિઓ થયા છે. હેમચંદ્રાચાર્ય, તેમના શિષ્ય રામચંદ્ર, શ્રીપાળ, સોમેશ્વર, અમરચંદ્ર, આરસિંહ, જિનદત્ત આદિ સંસ્કૃત ગ્રંથકારો હતા.



ગુજરાતી કવિઓમાં ભાલણ, વિશ્વનાથ જાની, નાથભવાન અને ભાલણના પુત્રો ઉદ્ધવ અને વિષ્ણુદાસ થયા છે.

## જૂનું પાટણ

જૂનું પાટણ હાલના પાટણની પશ્ચિમ દિશાએ હતું. હાલ ત્યાં ખેતરો ખેડાય છે અને પુષ્કળ ઈંટો પડેલી છે. જૂના ખંડેરોમાં માત્ર બે છે : સહસ્રલિંગ તળાવ અને રાણીની વાવના ખાડા. કનસડા દરવાજા બહાર થોડેક છેટે કાળકા માતાના મંદિરની પાછળ જૂના કોટનો થોડો ભાગ છે. એ હાલના ગામના કોટ કરતાં દોઢો ઊંચો અને મજબૂત છે. હાલનું પાટણ સંવત ૧૫૦૦ ના શતકમાં હશે તેનો સંતોષકારક ખુલાસો મળતો નથી. કુદરતી કારણે નાશ થયો હોવાનો સંભવ છે.

હાલના ગામથી ઉત્તર દિશાએ અર્ધા ગાઉ પર જ્યાં સરસ્વતી નદી વહે છે; તેનું વહેણ પહેલાં એ દિશામાં નહિ હોય, દક્ષિણ દિશાએ હોય. નદીના વહેણથી શહેરનો નાશ થઈ દક્ષિણ ભાગમાં નવું શહેર વસવાનો સંભવ છે.

જૂનું પાટણ સિદ્ધરાજ અને કુમારપાળના વખતનું કેવું હશે તેનું વર્ણન ક્યાંય પણ જણાતું નથી. પણ તેની જાહોજલાલી ઘણી હોવી જોઈએ. વિસ્તારમાં પણ તે બહુ મોટું હશે. હાલના પાટણથી ત્રણ ગાઉ દૂર વડલી નામનું ગામડું છે, ત્યાં જૂના શહેરનો ધીકાંટો હતો એમ કહેવાય છે.

કર્નલ ટોડે પોતાના પ્રવાસ દરમ્યાન એક પુસ્તકમાંથી પાટણ વિષે આ પ્રમાણે ઉતારો કર્યો છે.

''અણહિલપુરનો ઘેરાવો બાર ગાઉ હતો. તેમાં ઘણાં દેવાલય અને પાઠશાળાઓ હતાં; ચોરાશી ચોક હતા, ચોરાશી ચૌટાં હતાં, અને ત્યાં સોનારૂપાની ટંકશાળો હતી. દરેક ન્યાતને માટે જુદા જુદા મહોલ્લા હતા અને જુદી જુદી જણશો જેવી કે હાથીદાંત, રેશમ, મણિ, હીરા, મોતી ઈત્યાદિ માટે ઈલાયદાં બજારો હતાં. એક નાણાવટીનું ચૌટું હતું; સુવાસિત અને લેપ કરવાના પદાર્થોનું એક હતું, એક વૈદ્યોનું હતું; એક રૂપાના ઘાટ ઘડનારનું હતું; વળી ખલાસીઓ, ભાટ, અને વહીવંચા માટે જુદાં રહેઠાણો હતાં. નગરમાં અઢારે વર્ણ સુખે વસતી હતી. મહેલની આસપાસ આયુધાગાર (હથિયાર રાખવાનું મકાન), હાથીશાળા, ઘોડાર અને હિસાબી અને બીજાં ખાતાના અધિકારીઓની કચેરીઓ આવી રહી હતી. દરેક જાતના માલ માટે જુદી જુદી માંડવીઓ હતી; અને ત્યાં નગરમાં આવતાજતા અને વેચાતા માલ ઉપર જકાત લેવામાં આવતી. આ માલમાં તેજાના, મેવા, કરિયાણું, કપુર, ધાતુ અને દેશપરદેશની દરેક કીમતી વસ્તુઓ હતી. તે સર્વે જાતના વેપારનું મથક હતું. જકાતની રોજની

આવક એક લાખ ટંકા (હાલના પાંચ હજાર રૂપિયા) આવતી. એ નગરમાં પાણી માગો તો દૂધ મળતું. ત્યાં જૈનનાં ઘણાં દેરાસર હતાં. એક સરોવરના કિનારે સહસ્રલિંગ મહાદેવનું દેરું હતું. ચંપા, નાળિયેરીઓ, જામફળીઓ, ચંદનનાં ઝાડ વગેરેની વાડી તથા જેમાં નાના પ્રકારની વેલ અને અમૃત સરખા પાણીના ઝરા આવી રહેલા છે. એવી વાડીઓમાં એ શહેરની પ્રજા આનંદ મેળવતી. અહીંયાં વેદશાસ્ત્રની ચર્ચા થતી અને તેથી સાંભળનારને બોધ મળતો. જૈન સાધુઓ અહીંયાં થોડા ન હતા, તેમજ બોલ્યા પ્રમાણે પાળનારા અને વેપારમાં કુશળ એવા વેપારીઓની પણ અછત ન હતી. વ્યાકરણ શીખવવાની ઘણી નિશાળો હતી. ખરેખર અણહિલવાડ નરસમુદ્ર (માણસથી ભરેલો દરિયો) હતો. જો તમે દરિયાનું પાણી માપી શકો તો જ તમારે તેમાં રહેનારી વસ્તીની ગણતરી કરવાનો પ્રયત્ન કરવો. ત્યાંનું લશ્કર અસંખ્ય હતું અને ઘંટ બાંધેલા હાથીઓની પણ ખોટ ન હતી.''

''કીર્તિકૌમુદી'' નામના ગ્રંથમાં સોમેશ્વર કવિએ પાટણનું આ પ્રમાણે વર્ણન કર્યું છે : -

''અણહિલપુર જાણે શોભા અને કલ્યાણને રહેવાનું ધામ હોય તેમ જણાય છે. તેની આસપાસ કોટ છે તે જાણે તેણે હાર પહેર્યો હોય તેમ જણાય છે. ગામની પાસે ઊંચાં ઊંચાં ઝાડોવાળા બગીચા છે. તે ઝાડ ઊંચાં કોટ જેવાં લાગે છે. ચંદ્રશાળાઓમાં (અગાશીઓ) સ્ત્રીઓ રમે છે, તેમના મુખની શોભાથી આકાશમાં જાણે સેંકડો ચંદ્ર ઊગ્યા હોય એમ જણાય છે. કોઈ ઠેકાણે વેદના ઘોષ થાય છે, કોઈ સ્થળે સ્ત્રીઓ મંગળગીતો ગાય છે. કોઈ ઠેકાણે ભાટચારણો સ્તુતિ કરે છે, એ પ્રમાણે એ નગરી હમેશાં સુખથી પરિપૂર્ણ છે.''

## જૂના શહેરનાં ખંડેરો

જૂના પાટણનાં ખંડેરો બચવા પામ્યાં નથી. માત્ર સહસ્રલિંગ તળાવ અને રાણીની વાવના ખાડા, રાણીની વાવના કૂવાનો થોડોક ભાગ અને જૂના કોટની થોડી દીવાલ એટલાં હાલ છે. કેટલીક મુસલમાનોની દરગાહનું કોતરકામ પ્રાચીન હિન્દુ ઢબનું છે. એ મૂળ જૂનાં હિન્દુ મંદિરો હશે.

આ જૂનાં મકાનોમાંનાં કેટલાંક મુસલમાનોએ નાશ કર્યા હતાં, કેટલાંક નદીના પ્રવાહથી નાશ પામ્યાં હશે અને પુષ્કળ ખંડેરો હાલનાં પાટણનાં મકાનો બાંધવામાં અને ચૂનો પકવવામાં વપરાઈ ગયા છે. અમદાવાદ પણ પાટણનાં જૂનાં મકાનોના પથ્થરોથી બંધાયું હતું એમ કહે છે. પાટણની આસપાસ ફરતો કોટ છે. તેનો નીચેનો અર્ધો ભાગ પથ્થરનો છે. એ પથ્થરો નવા નથી, પણ જૂના છે, કેમકે કોતરણીવાળા છે.



હાલના ગામની બહાર વાયવ્ય ખૂણા તરફ એક ગાઉ ઉપર સહસ્રલિંગ તળાવની નિશાની છે. હાલ મોટો ખાડો છે, પણ પહેલાં આખું પથ્થરનું બાંધેલું હતું. તેને કાંઠે ફરતાં એક હજાર મહાદેવનાં દહેરાં હશે.

સહસ્રલિંગના કાંઠા ઉપર જ રાણીની વાવ છે. એ વાવના કૂવાનું થોડુંક કોતરકામ માત્ર બચવા પામ્યું છે. એની કોતરણી ઊંચા પ્રકારની છે અને તે સમયનાં આબુ ઉપરનાં વિમલશાહનાં દેરાંને મળતી છે. એ સિદ્ધરાજના દાદા ભીમની રાણી ઉદયમતિએ બંધાવી હતી એમ 'પ્રબંધચિંતામણિ'માં લખ્યું છે. બર્જેસ એ વિષે લખે છે કે, એ વાવ આખી હશે ત્યારે એનો જોટો આખા ગુજરાતમાં નહિ હોય. **હમણાં ખોદકામ કરતાં અદ્‌ભુત શિલ્પો મળ્યાં છે.**

રાણીની વાવ થોડે દૂર દામોદર કૂવો છે. આજથી ૧૧૦ વર્ષ અગાઉ તે કોઈ શાહુકારે બંધાવ્યો હતો એવો 'વડોદરા સર્વસંગ્રહમાં ઉલ્લેખ છે. ત્યાંથી થોડે દૂર એક નાનું દેરું છે. આ દેરું જસમાની યાદગીરીમાં અહીંના ઓડ લોકોએ આશરે ૬૦ વર્ષ ઉપર બંધાવ્યું હતું. એ જસમાનું દેરું કહેવાય છે.

સિવાય મૂળરાજનો ભવ્ય ત્રિપુરુષપ્રસાદ, દુર્લભે બંધાવેલું સાત માળનું ધવલગૃહ દુર્લભ સરોવર, કર્ણનો પ્રખ્યાત કર્ણમેરુ પ્રાસાદ. ભીમે બંધાવેલું ભીમેશ્વર મહાદેવનું દેવાલય અને કુમારપાલનું કુમારવિહાર એ સર્વની કંઈ એંધાણી રહેવા પામી નથી.

સહસ્રલિંગની બાજુમાં નદીની વચ્ચોવચ્ચ એક મકાન છે, તે 'શેખ ફરીદની દરગાહ'ના નામથી ઓળખાય છે. તેના ઘુમ્મટની છતમાં અને ભીંતોમાં બહુ ઉત્તમ કોતરણીકામ છે. આ દરગાહ મૂળ હિન્દુ મકાન હશે એમ બર્જેસ સાહેબનો મત છે.

નદીને સામે કાંઠે બાવા હાજીની દરગાહ છે.

ગામની પશ્ચિમ દિશાએ કનસડા દરવાજા બહાર ઈસામુદીન સાહેબનો રોજો આવેલો છે. પ્રથમ તે હેમચંદ્રાચાર્યની પોષધશાળા (અપાશરો) હશે એમ કહેવાય છે.

ઈસામુદીન રોજાની પાછળ ૪૦ ફૂટ પહોળી, ૨૦ ફૂટ ઊંડી, ૪૦૦ ચોરસવાર આકારની એક ખાઈ છે, ત્યાં અલફખાને સં. ૧૩૬૧માં અદીના અથવા જામા મસ્જિદ બંધાવી હતી.

સિવાય શેખ જોધની મસ્જિદ, ગુમડા મસ્જિદ અને ગઝની મસ્જિદ એ ઉલ્લેખ કરવા યોગ્ય છે.

હાલના પાટણની ફરતાં આશરે ત્રણચાર માઈલ ઘેરાવાનો કોટ છે. આ કોટ બાબીઓ અને શ્રીમંત ગાયકવાડે બંધાવેલો કહેવાય છે. તે બહુ ઊંચો નથી, પણ પાયાથી અર્ધા ભાગ સુધી પથ્થર વાપરેલો છે. તેને ૧૨ દરવાજા અને ૧ બારી છે. એ બારી ભદ્રની પાછળ હતી, પણ હાલ તેને તોડીને ત્યાં રસ્તો કર્યો છે. દરવાજાનાં

નામ બગવડો, છાંડીઓ, કોઠીકૂઈ, અઘારો (અગાર) અથવા દિલ્હી, ફાટીપોળ, કનસડો, (કાંસડા) મોતીશાહ, ખાન સરોવર, ભઠ્ઠીવાડો (ભટીવાડા), મીરાં, નાગરવાડા, અને ગુંગડી છે.[૧]

શ્રીમંત સયાજી રાવ ગાયકવાડના વખતમાં પાટણ આધુનિક બની ગયું. શિક્ષણ સુવિધા, પોસ્ટઓફિસ, રેલવે વગેરે વ્યવસ્થા શરૂ થઈ. પાટણવાડીઓ પ્રદેશ ખેતીવાડી સાથે જોડાયેલો, એટલે ગાયકવાડે ખેતી તરફ લક્ષ આપ્યું. પાટીદાર જ્ઞાતિમાં કુરિવાજો બંધ કરવા સુધારા કર્યા.

અખાડાની પ્રવૃત્તિ અને બારીન્દ્ર ઘોષ જેવા ક્રાંતિકારીઓના સંપર્કથી આઝાદી માટેની પ્રવૃત્તિઓ પણ શરૂ થઈ. ઈ.સ. ૧૯૨૪માં શ્રી સરદાર પટેલે ગુંગડી દરવાજે આવેલી પટેલોની વાડીમાં પ્રવચન આપ્યું તે આ પ્રમાણે હતું :

## પાટણના પાટીદાર બંધુઓને ઉત્તમ સલાહ

વડોદરા પ્રજા મંડળીની ચોથી બેઠક વખતે વડોદરા, નવસારી, અમરેલી અને કડી પ્રાંતના બહારથી પધારેલા પાટીદાર બન્ધુઓને પાટણ શહેરમાં પધારવાનું થયેલ તે પ્રસંગનો ઉત્તમ લાભ લઈ પાટણના પાટીદાર બંધુઓએ તા. ૨૫-૩-૧૯૨૪ને રોજ કડવા પાટીદારની વાડીમાં રાત્રીના સાડાઆઠ વાગે એક મોટી સભા ભરીને અમદાવાદથી પધારેલ ગુજરાતના મહાન નાયક શ્રીયુત વલ્લભભાઈ પટેલને પધારવાનું આમંત્રણ કરવામાં આવેલું હતું. આ આમંત્રણનો સ્વીકાર તેઓ સાહેબે ઘણાજ માન સાથે સ્વીકારી બરોબર નવ વાગે સદરહુ વાડીમાં સર્વ જ્ઞાતી બંધુઓની સભામાં પધારી આપણને અમૂલ્ય ઉપદેશ આપ્યો હતો તેનો સારાંશ નીચે પ્રમાણે હતો.

તેઓ સાહેબે શરૂઆતમાં કહ્યું કે, પ્રિય પાટીદાર બંધુઓ, હું પણ એક તમારા માંહેલો ખેડૂત છું અને ખેડૂતનાં દુઃખો હું સારી રીતે સમજું છું તમે હવે પાટીદારનું પવિત્ર નામ ધારણ કરી તમારી માતૃભૂમિ (જમીન)નો તિરસ્કાર કરી વેપારીને ત્યાં તમારી જમીન ગીરો મૂકી અગર વેચી ખોટા ખર્ચા એટલે જ્ઞાતિવરા કરી ખોટી વાહવાહ કરાવશો નહિ. એટલું જ નહિ પણ જે જે પાકો તમે ઉત્પન્ન કરો છો તેનો ઉપયોગ તમારા વાસ્તે કરી ઉન્નતિના ઉત્તમ કાર્યમાં રસ લેતા થજો. તમે પરદેશી વસ્તુ ઉપર ખોટો મોહ રાખી પવિત્ર ખાદીનો તિરસ્કાર કરશો નહિ. તમારા ખેતરમાં ઉત્પન્નં

૧ *બ્રાહ્મણ, વાણિયા, જૈન બીજા હિન્દુ તેમજ મુસલમાન મળીને પાટણની હાલની વસ્તી ૩૦,૦૦૦ માણસની છે. હિન્દુઓની સંખ્યા લગભગ ૧૭,૫૦૦, મુસલમાનોની ૪,૫૦૦, અને જૈનોની લગભગ ૮,૦૦૦ની છે. શહેર પૂર્વ-પશ્ચિમ લગભગ ૪,૫૦૦ ફીટ પહોળું અને ઉત્તર-દક્ષિણ લગભગ ૬,૪૦૦ ફીટ લાંબું છે.*



થતો કપાસ તમે વેચીને પરદેશી કપડા પહેરો એ કેટલું બધું શરમ જેવું છે. તમારા કપડાં પૂરતો કપાસ તમારા ઘરમાં રાખી તેનું સૂતર બનાવી તમારા ઉપયોગમાં લેશો અને ઘેર ઘેર રેંટિયા દાખલ કરી ખાદીનો ઉપયોગ કરશો. એટલું નહિ પણ ગાયોને પાળી તેના દૂધ વતી તમારા બાળકો તથા ઉત્તમ બળદો તૈયાર કરશો કે જેથી તમોને ખેતીના કામમાં બહુ જ ઉપયોગી થઈ પડશે. ''રે ખેડૂત ખરે જગતનો તાત ગણાયો.'' ખેડૂત એટલે જગતના પિતાનું પવિત્ર નામ ધારણ કરી  કદી પણ બિચારા કહેવાશે નહિ. કેમ કે આખી સૃષ્ટિમાં અનાજ નિપજાવી સર્વનું પોષણ કરો છો. આ ઉત્તમ બોધ આપણને કેટલો ઉપયોગી છે તેનો વિચાર આપણે શાન્ત અંતઃકરણથી અવશ્ય કરવો જોઈએ ? કારણ કે તે મહાન પુરુષનાં વચનો ખરેખર આપણી જિંદગીને બહુ જ ઉપયોગી થઈ પડશે. આપણા સુખનું ખરું સાધન ખેતીવાડી છે ને ખેતી એ જ ઉત્તમમાં ઉત્તમ ધંધો પૂર્વથી મનાતો આવ્યો છે, માટે આપણે કડવા ને લેઉઆ પાટીદારો એકસંપ કરી તે ઉપયોગી વચનનો અનુભવ મેળવા માટે પાટીદાર મંડળ કાઢી આપણી જ્ઞાતીમાં યોગ્ય સુધારા વધારા કરવા તથા આપણા બાળકોને યોગ્ય શિક્ષણ આપતા થવું જોઈએ. સુધારો દિનપ્રતિદિન આગળ વધતો જાય છે. કોળી, વાણંદ, ભીલ જેવી પણ પોતાની જ્ઞાતિના ઉદય માટે અખંડ પ્રયાસ કરી રહી છે, તો પછી આપણે પ્રયત્ન નહિ કરીએ તો આપણો ઉદય ક્યાંથી થશે ?

આ સભાના શ્રોતાજનોએ થોડી મુદતમાં પાટીદાર મંડળ સ્થાપી અમૂલ્ય સુધારા કરવા તે વખતે કબૂલ કરેલું છે તે ઘણું ખુશી થવા જેવું છે. અને અન્ય સ્થળે પણ ખેડૂતને સુધારવાને માટે યોગ્ય મંડળો સ્થાપી ખેડૂત ભાઈઓને સુધારવા બનતા પ્રયાસો કરવો કે જેથી તેઓ 'બિચારા' શબ્દથી હંમેશને માટે મુક્ત થાય.

શ્રીયુત વલ્લભભાઈને પાટીદાર બંધુઓ ઉપર કેટલો બધો પ્રેમ છે કે ઉપલા શબ્દો બોલતાં તેમનું પવિત્ર અંતઃકરણ આપણા માટે દ્રવીભૂત થતું હતું. એવા મહાન વીર પુણ્ય પ્રતાપથી ખરેખર આપણે અત્યારે મહાન સુખ ભોગવી રહ્યા છીએ. આપણે પણ માન રાખવાનું છે કે તેઓ મહાશયે આપણા સુખના રસ્તા બતાવવા માટે પોતાની ઉત્તમ જિંદગી દેશને અર્પણ કરી છે. ધન્ય છે તેવા મહાત્મા પુરુષને.

સરદાર વલ્લભભાઈ પાટણમાં આવ્યા તે પહેલાં વડોદરાના નાયબ દીવાન ગોવિંદભાઈ હાથીભાઈ દેસાઈએ પટેલોમાં સુધારા માટે પ્રયત્ન કરેલો અને મોતીભાઈ અમીન શિક્ષણખાતામાં નિમાતાં ઘણા સુધારા પાટીદાર જ્ઞાતિમાં થવા લાગ્યા હતા, એટલું જ નહિ શિક્ષણ માટેની ભૂખ જાગી હતી.

પાટણના મગનભાઈ શંકરભાઈ પટેલ '**કડવાવિજય**'માં 'આપણો ઉદય શામાં છે ?' જેવા લેખો અવારનવાર લખી પાટીદારોમાં જાગૃતિ લાવવાનું કામ કરવા ઉપરાંત

'સાદી શિખામણ' નામની પુસ્તિકા પણ બહાર પાડેલી. જેનો ઉલ્લેખ 'કડવાવિજય'માં વારંવાર કરવામાં આવતો.

ઈ.સ. ૧૯૨૧માં કડવા પાટીદારો તરફથી એક અભ્યાસગૃહ શરૂ કરવામાં આવ્યું હતું. જેનો ઉલ્લેખ આપણા લોકપ્રિય જ્ઞાતિમુખપત્ર 'કડવાવિજય'માં કરવામાં આવ્યો છે : **"પાટણમાં અભ્યાસગૃહ"**. આ જ બે વર્ષથી પાટણમાં કડવા પાટીદારો તરફથી એક અભ્યાસગૃહ ચાલી રહ્યું છે. તેનો ઉદ્દેશ બાળકોને ત્યાં શાળાની કેળવણી ઉપરાંત ખાનગી કેળવણીનો લાભ મળે એ જણાય છે. તેમાં જ્ઞાતિના જ કેટલાક શિક્ષકભાઈઓ પોતાનો અમૂલ્ય વખત આપી જ્ઞાતિની જે સેવા કરે છે. તે સ્તુત્ય છે.

આ સંસ્થાનો એક વાર્ષિકોત્સવ મેળાવડો પ્રૉફેસર જેઠાલાલ સ્વામિનારાયણના પ્રમુખપણા નીચે કરવામાં આવ્યો હતો. વ્યવસ્થા તથા ગોઠવણ સુંદર હતી. બાળકોએ કેટલાક સંવાદો ભજવી બતાવ્યા હતા. નાના પાયા ઉપર આ સંસ્થા જે કાર્ય કરી રહી છે તે સુંદર છે. કાર્યક્ષેત્રને જરા વિસ્તૃત કરવાની જરૂર જણાય છે.

આ અભ્યાસગૃહને અંગે એક પુસ્તકાલય પણ ચાલે છે, જેનો લાભ જ્ઞાતિભાઈઓ તથા અન્ય ગૃહસ્થો આનંદથી લે છે. પુસ્તકાલયમાં પુસ્તકોની પસંદગી કરવામાં વિવેક વાપરવાની જરૂર છે. (કડવાવિજય : અષાઢ ૧૯૭૯, ૧૯૨૩ એપ્રિલ વર્ષ ૧૪, અંક ૧૧)

આ સમયગાળામાં બાપુભાઈ, ઓડની રાષ્ટ્રીય શાળા - વિનય મંદિરમાં આચાર્ય હતા. તેઓ આપણા સુધારકો અને શિક્ષણશાસ્ત્રીઓ તેમજ સંસ્થા સ્થાપકોના પરિચયમાં હતા. આ અભ્યાસગૃહમાં સક્રિય હતા. પ્રો. સ્વામિનારાયણને ઓળખતા હતા.

૧૬મી જૂન, ૧૯૧૮ના રોજ આપણા જ્ઞાતિપત્ર 'કડવાવિજય'માં જણાવ્યા પ્રમાણે દુર્ગાપ્રસાદ લશ્કરીના પ્રમુખપદે યુવક મંડળનો પહેલો મહોત્સવ અમદાવાદ ખાતે પટેલવાડીમાં મળ્યો હતો. જેમાં થયેલા ઠરાવોમાં, ઠરાવ નં. ૧૫માં "સ્વાશ્રયથી પરીક્ષામાં બેસી પરીક્ષામાં ફતેહ મેળવનારને અભિનંદન આપવા." એ મુજબ શ્રી બાપુભાઈ વિ. ગામીને જુનિયર બી.એ. અને માનજી શિવભાઈને પ્રથમ એલ.એલ.બી. માટે તેમજ પુરુષોત્તમ રણછોડ પટેલને મેટ્રીક માટે અભિનંદન આપવામાં આવ્યા હતા. એનો અર્થ એ થાય કે કડી સંસ્થા સાથે જોડાયેલા સર્વે કાર્યકર્તાઓ એકબીજાના પરિચયમાં હતા. એટલું જ નહિ પણ કોમના ઉદ્ધાર માટે સક્રિય હતા. ૧૯૨૩ પછી પણ બાપુભાઈની આર્થિક પરિસ્થિતિ સારી નહોતી. તેમ છતાં તેમણે **કડવા પાટીદાર ભવન અમદાવાદ, કડવા પાટીદાર બોર્ડિંગ, વડોદરા અને કડીની સંસ્થાને બબ્બે રૂપિયાનું દાન કર્યું હતું. ચાર આના આપનાર પણ દાતા ગણાતો.**



સર્વ વિદ્યાલય કડીમાં ભણવાનો અવસર મળ્યો અને પાટીદાર આશ્રમમાં રહેવાનો લ્હાવો મળ્યો તેને મારું સદ્ભાગ્ય સમજું છું. પાટીદાર કોમના - તેમાં ખાસ કરીને કડવા પાટીદારોનો વિકાસ આ સંસ્થાને આભારી છે. ઈ. સ. ૧૯૧૯ના સ્થાપના કાળથી આજદિન સુધી વણથંભી વિકાસકૂચ જારી જ છે. વિકાસકૂચની સામે સંસ્થાની જે પ્રતિષ્ઠા ઊભી થઈ તે પૂ. છગનભાઈ, પુ. ર. પટેલ–દાસકાકા, શ્રી જેઠાલાલ, શ્રી નગીનભાઈ, શ્રી રામચંદ્ર, શ્રી કુબેરભાઈ, શ્રી પોપટભઈ, શ્રી છગનભાઈ કા. પટેલ, શ્રી સોમનાથ, શ્રી રતિલાલ અમીન, શ્રી શંકરદાસ, શ્રી ભાઈલાલભાઈ વિગેરેના પુરુષાર્થનો પરિપાક તો છે જ. દાતાશ્રીઓ તો ખરા જ. તે ઉપરાંત અલગારી ઓલિયા જેવા આચાર્યો, જેમને પગારની પડી નહોતી. સમયની પાબંધી નહોતી એવા આચાર્યોમાં સ્વ. બાપુભાઈ ગામી અને સ્વ.નાથાભાઈ દેસાઈને મૂલવીએ તો અસ્થાને નથી.

કડીમાં ભણતો ત્યારે બાપુભાઈનો ફોટો ટીચરરૂમમાં જોયેલો પણ તેમના વિશે મેં કોઈના ભાષણમાં ક્યારેય કશો ઉલ્લેખ સાંભળેલો નહિ. પરંતુ આ સંસ્થાએ વકીલશ્રી ધનાભાઈના પ્રયાસથી કડી સંસ્થાના પાયાના પથ્થર અને ગાંધીનગર સર્વ વિદ્યાલય સંસ્થાના આદ્યસ્થાપક શ્રી પુરુષોત્તમ પટેલ–દાસકાકાનું જીવનચરિત્ર લખવાનું થયું ત્યારે આ અલગારી આચાર્યની મને જાણકારી થઈ. સંસ્થામાં સચાવેયલાં ભીંતપત્રો, ત્રિમાસિક કેળવણીના અંકો અને વાર્ષિક અહેવાલોમાં સચવાયેલી વિગતો જાણવા મળી.

મેં તા. ૨૭-૧૧-૯૬ના રોજ સર્વ વિદ્યાલય હાઈસ્કૂલના નિવૃત્ત આચાર્યને પત્ર લખી મેં આપણી સંસ્થાના પૂર્વઆચાર્ય અને ગૃહપતિ શ્રી બાપુભાઈ ગામી વિશે તેમનો જન્મ, તેમનું અવસાન અને તેઓ સંસ્થામાં ક્યારે જોડાયા તેની વિગતો અને ફોટો મંગાવ્યા.

તેમનો જન્મ તા. ૧૩-૨-૧૮૯૬ના રોજ પાટણમાં થયો હતો. તેઓ કડી સંસ્થામાં તા. ૧-૪-૧૯૨૫ના રોજ જોડાયા હતા. એમના અંગેનું મારી પાસે જે હાથવગું સાહિત્ય હતું તેને આધારે જૂન ૧૯૯૬નાં **'ઉમિયાદર્શન'** ના અંકમાં આપવાનું શરૂ કર્યું. જેમની પાસે તેમના અંગેનું જે સાહિત્ય હોય તે આપવા પણ વિનંતીઓ કરવાની શરૂ કરી. **ઑક્ટોબર - નવેમ્બર ૧૯૯૬ના 'ઉમિયાદર્શન'**ના અંકને **સ્વ. બાપુભાઈ ગામી (પૂર્વઆચાર્ય સર્વ વિદ્યાલય, કડી) શતાબ્દી વિશેષાંક** તરીકે બહાર પાડવાનું નક્કી કર્યું.

આ અગાઉના ત્રણચાર મહિના મેં અને ઉમિયાદર્શનના તંત્રી શ્રી જયંતિભાઈ પટેલે રઝળપાટ, મુલાકાતો, પત્રવ્યવહાર શરૂ કર્યો. શ્રી જયંતિભાઈ પટેલ પાટણના

વતની અને શ્રી બાપુભાઈ ગામી કુટુંબ સાથે એમને પારિવારિક સંબંધો એટલે અમારું કામ સરળ બનશે તેવો અણસાર જણાયો. જે કોઈને મળ્યા, જેમના પત્રો આવ્યા તેમની સંપૂર્ણ વિગતો ઉમિયાદર્શનમાં આપી છે.

સંસ્થામાં સૌથી લાંબા સમય સુધી જોડાયેલા અને ચીવટથી ચબરખી પણ સાચવી રાખનાર શ્રી ભાઈલાલભાઈએ મને ખૂબ વિગતો આપી હતી. કોને કોને મળવું તેની માહિતી પણ આપી હતી. સૌપ્રથમ અમે બાપુભાઈ ગામીના નાના ભાઈ રસિકભાઈને મળ્યા. એના કારણે અમારો માર્ગ સરળ બન્યો. વિદ્યાબેન ગામીએ પણ રસ બતાવ્યો. વડોદરાથી શ્રી ગામી સાહેબનાં બેન અને તેમના ભાણાએ પણ વિગતો મોકલી. ડૉ. અનામીસાહેબ તો આ કાર્ય માટે અમારે માટે દીવાદાંડી સમાન હતા. કોને મળશો તેની યાદી મોકલી આપી. શ્રી રણજિત અનામી, ડૉ. પ્રહ્લાદ કસ્વેકર અને ર. સા. નાયક શ્રી ગામીના પ્રિય વિદ્યાર્થીઓ. વહીવટી કાર્યાલયના હિસાબનીશ શ્રી માધવલાલ પ્ર. પટેલ લકવાગ્રસ્ત હાલતમાં પણ તેમનાં બાપુભાઈ, છગનભા અને શ્રી નાથાભાઈ દેસાઈ માટેનાં પ્રેમ અને મમત્વની ભાવનાને વાગોળતાં તેમને ઝળઝળિયાં આવી જતાં. શ્રી નરસિંહભાઈ ઉદ્યોગપતિ, શ્રી અંબાલાલ (વામજ), શ્રી ચંદુભાઈ, ઓડના શ્રી જમનાલાલ (લંડન) અરવિંદ આશ્રમ પાંડિચેરીના આશ્રમમાં જતા મારા બે મિત્રો જેવા અનેક મહાનુભાવોએ મને વિગતો પૂરી પાડી છે. અને તે જ કારણે આ ગ્રંથનું સર્જન થયું છે. થોડા સમય પહેલાં ૯૩ વર્ષનાં ડૉ. અનામીને મળવા માટે હું, જયંતીભાઈ, પ્રા. ત્રિકમભાઈ, પ્રા. રતિલાલ નાયક અને કડી ગૌશાળાના પૂર્વ મેનેજર શંકરભાઈના દીકરા ચંદુભાઈ વગેરે વડોદરા ગયા. શ્રી અનામીના મુખે કડી સંસ્થા અને શ્રી બાપુભાઈના સંસ્મરણોનું રસપાન કર્યું. તાજેતરમાં બાપુભાઈના પ્રિય વિદ્યાર્થી ૯૦ વર્ષીય ડૉ. પ્રહ્લાદભાઈ કસ્વેકરનાં મેં અને પ્રા. ત્રિકમભાઈએ દર્શનનો લાભ લીધો. તેમણે પણ સંસ્થાની ઝાંખી કરાવી.

પાટીદારોને લાગેવળગે છે ત્યાં સુધી ઉત્તર ગુજરાતનો મૂલક 'પાટણવાડિયા' તરીકે ઓળખાતો. અનેક કડવા પાટીદાર પરિપદોમાં આ નામનો ઉલ્લેખ જોવા મળે છે. ગુજરાતમાં એક પણ ગામ એવું નહીં હોય જે કણબી વિનાનું હોય. પાટણ રાજધાની હોવાથી ત્યાં કસબીઓનો વસવાટ હતો જ. ત્યાંના પાટીદાર જથ્થાંને બે રીતે ઓળખવામાં આવે છે. મુખ્યત્વે કડવાઓની જ વસ્તી છે. જળચોક અને જોગીવાડામાં જે પટેલો વસવાટ કરે છે તેઓ ખેતીવાડી સાથે જોડાયેલા છે. જ્યારે ગુંગડી દરવાજા સ્ટેશનથી નજીક પાટણના પ્રવેશ દ્વાર આગળ ''ચાકરિયાત'' પટેલોનો વસવાટ છે. તેઓ પણ કડવા પટેલો છે. આ બંને જથ્થાઓ



રહેણીકરણી અને લેવડદેવડમાં તદ્દન જુદા પડે છે. આ પટેલો પાસે જમીન છે જ નહિ. તેઓ રાજવંશમાં નોકરિયાત તરીકે જોડાયા હશે. તેઓ નાનામોટા વેપાર સાથે જોડાયેલા છે. રહેણીકરણી સહેજ નાગરોને મળતી આવે છે. આ લોકો લગ્નસંબંધ પાટણમાં જ કરે છે. જોકે તેમની શાખ અલગ અલગ છે. રાઠોડ, ગામી, પટેલ જેવી અટકો ધરાવે છે. આ કોમના ઘણા પટેલો દીવાન પદ સુધી પહોંચેલા છે, મુંબઈ સુધી ફેલાયેલા છે.

શ્રી બાપુભાઈ ગામીનો પરિવાર પાટણમાં જ્વાળામુખીના પાડામાં રહેતો હતો. જ્વાળામુખીના પાડામાં નાની નાની શેરીઓ છે. જેમાં તેમની શેરીનું નામ **'માતાવાળી શેરી'** છે. શેરીમાં પેસતાં જ્વાળામુખી માતાનું મંદિર છે. શેરી નાની છે. તેમાં દસબાર મકાનો છે. તેમાં તેઓ રહેતા. આ કુટુંબ હમેશાં આર્થિક ભીંસમાં રહેતું. આવો, બાપુભાઈ ગામીની વણથંભી વિકાસયાત્રાને તેમના સ્વજનો દ્વારા લખાવેલ પત્રોથી જાણીએ.

## પ્રેરણામૂર્તિ સ્વ. બાપુભાઈ ગામી

સ્વ. બાપુભાઈ ગામીના લઘુબંધુ શ્રી રસિકભાઈ ગામીના લાંબા પત્રમાંથી તેમજ ૯૧ વર્ષના તેમના બહેન હીરાબહેનના પત્રમમાંથી ટૂંકાવીને તેમજ રૂબરૂ મુલાકાતના આધારે... સંકલન : **ડૉ. મંગુભાઈ પટેલ**

આદરણીય ભાઈ શ્રી ડૉ. મંગુભાઈ પટેલ

લખતા પણ હાથ ધ્રુજે તેવી ગરીબાઈ હતી. આવી ગરીબીમાં આવી ગરીબીમાં ભાઈ એકલા ભણતા હતા. પછી બહેનોને તો ભણવાનું હોય જ ક્યાંથી ! અમે એક ગાય રાખતા તા દૂધ વેચીને બા-બાપુજીને ઘર ચલાવવામાં મદદ કરતા. નગરપાલિકાના દીવે બાપુભાઈ વાંચતા. બાપુભાઈ ભણવામાં હોંશિયાર છે કમાશે એટલે દેવું ભરી દેશે એ વિશ્વાસે ઘર ચલાવવા પૈસા મળી રહેતા. મારા બાપુજીના અવસાન વખતે ઘણું દેવું હતું જે આના પાઈ સાથે બાપુભાઈએ ભરી દીધેલું. મારા બા-બાપુજી પ્લેગમાં ગુજરી ગયેલાં ત્યારે મારી ઉંમર દસ મહિનાની હતી. આ બધી વાતો મેં મારા ભાઈ અને ભાભી પાસેથી સાંભળેલી છે.

બા કહેતી કે ભાઈનો પહેલો પગાર આવશે એટલે ધામધૂમથી વાપરીશું. પગાર વાપરવા ડોશી જીવ્યા નહિ. બાએ મુંબઈ પરીક્ષા આવવા જવા માટે દૂધ વેચીને પંદરથી વીસ રૂપિયા ભેગા કરેલા.

પરીક્ષામાં ઉત્તીર્ણ થયા પછી અમારું આખું ઘર કડી ગયું હતું. તેમને કડીની કોઠારી શાળામાં નોકરી મળી હતી. ત્યાં એકાદ વર્ષ રહ્યા હશે ઘરમાં પાન રાખવા

વગેરે ધ્રુવતારાની આજુબાજુ જેમ તારામંડળ કરે છે. તેવી રીતે તેમની આજુબાજુ આ બધા પ્રવૃત્તિમય હતા.

.... પ્રો. રણજીત અનામી શ્રી બાપુભાઈના પ્રિય વિદ્યાર્થી હતા. તેમની પાસે ઘણી બધી વિગતો હશે કદાચ અમે નથી જાણતા તે કરતાં પણ વધારે વિગતો તેમની પાસે હશે તો મેળવવા વિનંતી...

લિ. આપનો સહૃદયી

**રસિકલાલ વિઠ્ઠલદાસ ગામીના**

જયહિંદ

આ પત્ર સાથે રસિકલાલના પુત્ર શ્રી અશોકભાઈ ગામીએ નાનકડો પત્ર જોડ્યો છે તેમાં તેઓ લખે છે, 'આજના જમાનાના માણસો માને કે ન માને પરંતુ અમો તેમને માનીએ છીએ તેઓ અમારા ઘરમાં હાજરાહજુર છે અને કોઈ કામ કરવું હોય તો તેમને પૂછી ને જ કરીએ છીએ. મારો પ્રિન્ટિંગ પ્રેસ તેમના આશીર્વાદથી જ ચાલે છે. મારો ધંધામાં મંદી આવી જ નથી... અમો દેવ તરીકે તેમને પૂજીએ છીએ. અમારા માટે તેઓ એક ભગવાન જ છે.'

- **અશોક ગામી**ના વંદન

સ્વ. બાપુભાઈના બહેન હીરાબહેન એકાણું વર્ષની ઉંમરે વડોદરાથી પોતાના નાનાભાઈ રસિકલાલ ગામી પર પોતાના જ્યેષ્ઠ પુત્ર ભાસ્કરભાઈ દ્વારા કેટલીક વિગતો મોકલે છે.

પૂ. રસિકમામા-મામી વિ. તા. ૧૦-૯-૯૬

ડૉ. મંગુભાઈએ માગેલ માહિતી અંગેનો આપનો પત્ર મળ્યો. મારી બા પાસેથી શક્ય એટલી વિગતો જે મળી છે તે નીચે પ્રમાણે છે.

પાટણમાં મેટ્રિક સુધી અભ્યાસ કર્યો. તે દરમ્યાન બા (મોતીબા) ઘી, દૂધ વેચી પૈસા બચાવતા હતાં કે જથી પૂ. મોટામામા આગળ અભ્યાસ કરે. મેટ્રિક પાસ થતાં તેઓને મહિને રૂ. ૭ની શિષ્યવૃત્તિ મળેલ. અમદાવાદમાં પૂરી માસીને ત્યાં રહી કોલેજનો અભ્યાસ કર્યો. ભણી લીધા પછી પૂરી માસીને દ્વારકા અને બેટની જાત્રા કરાવી હતી. તેઓ ગુજરાત કોલેજમાંથી બી.એ. ઓનર્સ સંસ્કૃત સાથે થયા હતા. બા (મોતીબા) પૈસા બચાવી વખતોવખત મોટા મામાને પૈસા મોકલતાં તેવું મારી બાને યાદ છે.

તેમના કોલેજ સમયમાં જ બા, બાપુજીનું અવસાન થયેલું. બાએ (મોતીબા) લણવા ગામના એક બ્રાહ્મણને ધર્મના ભાઈ ગણ્યા હતા. મોતીબાનું પિયર લણવા થતું હતું. બાના અવસાન બાદ ગાય ઉપરોક્ત બ્રાહ્મણ ભાઈને દાનમાં આપી દીધેલી. બ્રાહ્મણ ભાઈનું નામ યાદ નથી.



કોલેજનો અભ્યાસ પૂરો કર્યા પછી (પરિણામ આવ્યું ન હતું) પાટણનું ઘર બંધ કરી પ્રથમ નોકરી કડીગામની શાળામાં કરી. આ નોકરી એક વર્ષ બાદ છોડી દીધી અને ઓડ ગયા... નોકરી છોડવાનું કારણ... આ શાળા સરકાર હસ્તક કરવાની હતી. તેઓ ગાંધીવાદી વિચારો તથા ભારતને જલદી સ્વતંત્રતા મળે તેના હિમાયતી હતા તેથી તેઓ કોઈ પણ સરકારી સંસ્થામાં જોડાવાની વિરુદ્ધ હતા. આ કારણે જ કડીની નોકરી છોડી ઓડ ગયા. ઓડમાં લગભગ પાંચ વર્ષ રહ્યા. ઓડની શાળા ધર્મશાળામાં હતી. પહેલું એક વર્ષ મામા એક જ રૂમમાં ધર્મશાળામાં રહ્યા હતા. મામા ત્યારબાદ ગામમાં ભાડાના મકાનમાં રહેતા હતા. આ વર્ષે ઝવેરમામી પિયર ગયાં હતાં.

ઓડની શાળામાં જોડાયા ત્યારે શાળાનો અભ્યાસક્રમ ચાર ધોરણ સુધીનો હતો. મામાએ તે સાત ધોરણ સુધી કર્યો.

ઓડથી બીજી વખત કડી આવ્યા તે દરમિયાનમાં કડી સર્વવિદ્યાલય શરૂ થઈ હશે. સંસ્થામાં જોડાવાની વિગતો સર્વવિદ્યાલયમાંથી મળી રહેશે તેના આધારે મારી બાએ મળેલી વિગતો સાંકળી લેવાનું મંગુભાઈને કહેશો.

ઉપરોક્ત વિગતો મારી બાને જે કંઈ યાદ છે તે લખેલ છે. તમે યથાયોગ્ય ગોઠવી રજૂ કરશો.

**ભાસ્કર**ના પ્રણામ....

તા. ૪-૧૦-૯૬ને શુક્રવારના રોજ સ્વ. બાપુભાઈના ભાઈશ્રી રસિકલાલ અને તેમનાં પત્ની, દીકરા-પુત્રવધુ પૌત્રની રૂબરૂ મુલાકાત ઉમિયાદર્શનના તંત્રી શ્રી જયંતિભાઈ અને મેં લીધી. બાપુભાઈના સંસ્કારવારસાની તાદશ્યતા તાજી થઈ.

**જયંતીભાઈ :** સ્વ. બાપુભાઈનો જન્મ પાટણમાં થયો હતો તેની કૌટુમ્બિક વિગત આપની પાસે ખરી ?

**રસિકભાઈ :** તેમના જન્મની તારીખ મને ખબર નથી. પણ મળી જશે. હું તેમને ભાઈ કહેતો. આજે પરિવારમાં પણ ભાઈના નામે ઓળખાય છે. હું તેમનો નાનો ભાઈ નાનપણથી જ ઝવેરબા અને ભાઈના હાથે ઉછેર થયેલો; ભાઈ-ભાભીએ મને અનહદ પ્રેમથી રાખેલો. તેમના દીકરાઓમાં અને મારામાં કોઈ ભેદ રાખ્યો ન હતો. મારા પિતાજી શ્રી વિઠ્ઠલભાઈ ગામી કરિયાણાની દુકાન ધરાવતા. બાપુભાઈ પાટણમાં જ્વાળામુખીના પાડામાં માતાવાળી શેરીમાં જન્મેલા. તેમના પરિવારમાં ત્રણ

દીકરા શ્રી રતિલાલ, શ્રી નટુભાઈ, શ્રી અરવિંદ અને ચાર દીકરીઓ દમયંતિબહેન, પ્રભાબહેન, મંગળાબહેન અને ઉષાબહેન સૌ સૌની રીતે સુખી છે. તે જમાનામાં ઘરમાં ખાસ કરીને રોટલા, કોદરી અને કઢી ખવાતી પણ તેનો સ્વાદ આજની બાજરીના જેવો લાગતો. જેમ આજે પણ બોર્ડિંગના જૂના વિદ્યાર્થીઓ આશ્રમની ભાખરીઓ યાદ કરે છે. ભાભી ઘર ખૂબ કરકસરથી ચલાવતાં.

**કમળાબહેન રસિકલાલનાં પત્ની :** અમે ઘર માંડ્યું ત્યારે અમને પણ કંજુસાઈ નહિ પણ કરકસર કરવાનું શીખવતા વારંવાર પત્રો લખતા. તેમાં સ્ત્રીના સન્માનની વાત તેમજ સ્ત્રીને કોઈ પણ પ્રકારનું દુઃખ ન આપવા વારંવાર લખતા. સ્ત્રી શિક્ષણના હિમાયતી હતા. સ્ત્રી સ્વાતંત્ર્યતાના પણ હિમાયતી હતા. કડીમાં ૧૯૩૫માં સ્ત્રી સંસ્થા ખોલવામાં આવી તેમાં તેમનું યોગદાન હતું. આવા પત્રો અમે સંગ્રહ્યા નથી તેનું દુઃખ છે. હવે તેની કિંમત અમને સમજાય છે.

**ડૉ. મંગુભાઈ :** મુરબ્બી રસિકભાઈ અમને તેમના જીવનના કોઈ પ્રસંગો અથવા તેમના શોખની માહિતી આપી શકો ?

**શ્રી રસિકલાલ :** જીવનની શરૂઆતથી જ તેઓ ગાંધીજીના વિચારોથી રંગાયેલા હતા. સરકારી નોકરીની એમને સુગ હતી. ઓડમાં રાષ્ટ્રીય શાળા ખોલી તેમાં પણ રેંટિયાનું કાંતવાનું શિક્ષણ અપાતું. શાળામાં લગભગ પંદરથી વીસ રેંટિયા હતા. રૂ પીંજવા માટે પીંજણો પણ હતી. પૂણીઓ બનાવવા પાટલા પણ હતા. દરેક વિદ્યાર્થીને ફરજિયાત રેંટિયો ચલાવવાનું શિક્ષણ અપાતું. પોતે પણ સાંજે બેથી ત્રણ કલાક રેંટિયો ચલાવતા. કાંતેલા સૂતરની આંટીઓ, વણકરને મોકલતાં, ત્યાંથી ખાદી બનીને આવતાં. તેનાં જ વસ્ત્ર બનાવીને પહેરતા આજીવન તેમણે ખાદી જ વાપરી હતી. સવારમાં કાયમ ચાર વાગે ઊઠતા. સવારનું નિત્યકર્મ પતાવીને તરત જ ધ્યાનસ્થ થતા. ઘરમાં આ માટે તેમણે ઘરના ખૂણામાં ધાબળા ટીંગાળીને ઓરડી બનાવી હતી. ઓરડીમાં કાગળ ઉપર છાપેલો અરવિંદ ઘોષનો ફોટો પીન મારીને ભરાવી રાખતા. તેની સામે ધ્યાનસ્થ બે કલાક બેસતા. ત્યારબાદ ચા પીને ૮-૩૦ થી ૯-૦૦ની વચ્ચે શાળાની ઓફિસમાં બેસતા. સવા દસ વાગે ઘેર જમવા આવતા. સવાર-સાંજના ભોજનમાં સાદો ખોરાક લેતા. વિદ્યાર્થીનું ચારિત્ર ઘડતર બરાબર થાય એની તેઓ ખૂબ જ કાળજી રાખતા. આશ્રમના છોકરા માંદા ન પડે તેની ખૂબ કાળજી રાખતા. સ્વચ્છતાના ખૂબ જ આગ્રહી હતા, ખૂબ જ શાન્ત પ્રકૃતિના હતા. જમતી વખતે છોકરાઓનો અવાજ તેમને અકળાવી મૂકતો. આશ્રમમાં જમતા પહેલાં ગીતાના બે શ્લોક છોકરાઓ બોલતા. બ્લેકબોર્ડ ભોજન શાળાની દીવાલ પર બનાવેલું હતું. તેમાં



શ્લોકો લખેલા હતા. છોકરાઓ તે જોઈને બોલતા. છોકરાઓ વાતચીત કરતાં હોય તો તેને 'શાન્તિ રાખો' તેવું છાપેલું કાર્ડ આપવામાં આવતું. જેથી તેમને પણ બોલવુંન પડે. ઘરમાં પણ અને ઓફિસેથી આવે ત્યારે પણ અમારે શાન્તિ જાળવવી પડતી, ઘરમાં પણ ઉતાવળે બોલે તે એમને ન ગમે. ક્લાસમાં ભણાવતાં પણ ઘરના માણસોનો અવાજ આવે તો ટકોર કરતા. 'ધીમે બોલો, તમારો અવાજ ક્લાસમાં સંભળાય છે.' ટૂંકમાં ખૂબ જ શાંતિપ્રિય હતા.

**જયંતીભાઈ :** આપે અરવિંદના ફોટા સામે ધ્યાનસ્થ બેસવાની વાત કરી એનો અર્થ કે એ સાધક હતા.

**રસિકલાલ :** તે ઊંચા પ્રકારના સાધક હતા. ઊંચા પ્રકારના શ્રી અરવિંદ અને માતાજીના સાધક હતા. અવારનવાર પાંડેચેરી પણ જતા તે વખતે ગુજરાતના પુરાણી ભાઈઓ - પુંજાભાઈ, ગીરધરલાલ રણછોડભાઈ જેવા અનેક સાધકો પણ ત્યાં જતાં. તેમની સાથે પત્રવ્યવહાર પણ કરતા.

**મંગુભાઈ :** બાપુભાઈને અરવિંદ પ્રત્યે ઘેલું લગાડનાર શ્રી ગીરધરલાલ હતા. આ ગીરધરભાઈ કોણ હતા ? આપની પાસે આ બાબતે સંગ્રહાયેલું કોઈ સાહિત્ય ખરું ?

**રસિકલાલ :** ગીરધરલાલ કોણ હતા તેની મને ખબર નથી. કડી એકાદ વખત આવેલા તેટલું સ્મરણ છે. પાંડેચેરી આશ્રમમાં જતા અને પત્રવ્યવહાર કરતા એટલું મને યાદ છે પણ તેની કોઈ વિગતો કે સાહિત્ય નથી. કદાચ તમને તેમના પ્રિય વિદ્યાર્થીઓ પાસેથી કે કડીથી મળે...

**મંગુભાઈ :** આપે કહ્યું, શાંતિપ્રિય હતા તો એમને સ્ટાફ અને વિદ્યાર્થીઓ પાસેથી કામ લેવું મુશ્કેલ પડતું હશે.

**રસિકલાલ :** શિસ્ત-શાંતિ બંનેના આગ્રહી હતા. ઘરના બધા માણસોને એમનો ડર લાગતો કારણ ગુસ્સે થાય ત્યારે ઘણા ઉશ્કેરાઈ જતા. આ અનુભવ સંસ્થાના વિદ્યાર્થીઓને પણ થતો. એક પ્રસંગ યાદ આવે છે : વગર રજાએ ઘણા છોકરાઓ સ્ટેશન પર ગયેલા. બાપુભાઈને ખબર પડી, બાવળની સોટી મંગાવી દરવાજા આગળ ઊભા રહ્યા. જેમ છોકરાઓ આવતા ગયા તેમ તેમ દરેકને ફટકારતાં ગયા. એક વખત ભોજનાલયના પ્રશ્ને વિદ્યાર્થીઓએ હડતાલ પાડી. બાપુભાઈ મેનેજમેન્ટને સમજાવતા હતા. નિકાલ આપે તે પહેલાં વિદ્યાર્થીઓએ રોટલીઓ ફેંકી દીધી.

બાપુભાઈ બોર્ડિંગ છોડી ગૌશાળામાં જતા રહ્યા. ક્લાસ લીધા નહિ. પ્રિય શિક્ષક હોવાથી વિદ્યાર્થીઓ માફી માગી મનાવા પણ ગયા. તેમણે શરત મૂકી, એક વર્ષ સુધી તમારે બધાએ 'બાગાયત' કામ કરવાનું. શરત મંજૂર થઈ. વર્ગો શરૂ થયા - છોકરાઓ સમાધાન કરવા ઓફિસે જાય પણ કોણ પહેલો જાય, પહેલા જતા ડર લાગે. કોઈની ઓફિસમાં જવાની હિંમત ન ચાલે અને ઝઘડો બહાર પતી જાય તેવી તેમની ધાક હતી. તેમનો ટીખળી સ્વભાવ પણ ખરો, સાંજના બધા શિક્ષકો વૉલીબોલ રમતા હતા. એક મગન નામનો છોકરો લૉબીમાં પડેલો સીવવાનો સંચો ખાલી પગથી ચલાવતો હતો, એમણે બૂમ પાડી અલ્યા મગન ! અહીં આવતો, જા, સુથારી ક્લાસમાંથી એક હથોડી લઈ આવતો. મગન દોડતો હથોડી લઈ આવ્યો. એને શી ખબર કે સાહેબ મારી મશ્કરી કરે છે. જા હવે આ હથોડી પેલા સંચા પર જોરથી માર એટલે સંચો જલદી તૂટી જશે. તારા પગથી જલદી નહિ ટૂટે, મગન એકદમ શરમાઈ ગયો, કાપે લોહી ન આવે એવો થઈ ગયો. એક વખત શાળાના શિક્ષક વાલજીભાઈ ઘરનાં કપડાં ધોવા માટે ડોલ ભરીને લાવ્યા. બાપુભાઈએ વાલજીભાઈને કહ્યું કેમ, કપડાં ધોવા લાવ્યા છો ? ધોળા કપડાંની જોડે લાલ કપડાં ભૂલથી તો નથી આવી ગયાં ને ? આ જાતનો ટીખળી સ્વભાવ પણ ખરો.

છોકરાંઓ માટે પ્રેમની લાગણી પણ ખરી, એક વખત પોપટભાઈ અને છગનભાઈએ છ, સાત વિદ્યાર્થીઓ કોઈ વાંક ગુનામાં આવતાં આશ્રમમાંથી ડીસમીસ કર્યા હશે. પણ આ છોકરાઓ જાય ક્યાં ? એટલે ભાઈએ વિદ્યાલયમાં પોતાના ક્લાસમાં સુવાડ્યા. આમ, મમતા પણ રાખતા.

**ડૉ. મંગુભાઈ :** આપે વાલજીભાઈની વાત કરી તે તો મારા ગુરુ પણ હતા તે વખતે સર્વ વિદ્યાલયના શિક્ષક વૃંદમાં કોણ કોણ હતા. પાછળથી જાણીતા બન્યા હોય તેવા વિદ્યાર્થીઓ તો હશે જ.

**રસિકભાઈ :** મારા મોટાભાઈ બાપુભાઈ આચાર્ય હતા. સહ આચાર્યમાં શ્રી ડાહ્યાભાઈ જાની, શ્રી પોપટભાઈ, શ્રી ઉમેદભાઈ, શ્રી છગનભાઈ, શ્રી વાલજીભાઈ, શ્રી એમ. જી. રાવલ, શ્રી અંજારિયા વગેરે તો ખરા જ. આ બધા પંડિતો હતા. વ્યાયામ માટે શ્રી ઈનામદાર, વહીવટમાં માધવલાલ પ્ર. પટેલ, શ્રી ભાઈલાલભાઈ ગૌશાળામાં શંકરભાઈ અને મોભી છગન'ભા તો ખરાજ. તેમના વિદ્યાર્થીઓમાં પ્રો. રણજીત અનામી સ્વ. પિતાંબર પટેલ, સ્વ. કલ્યાણભાઈ, શ્રી મોતીભાઈ ગોરધનભાઈ, પ્રભાતકુમાર દેસાઈ, ધનાભાઈ વકીલ, સોમાભાઈ પટેલ, માધવલાલ બળદેવભાઈ હરગોવિંદભાઈ વગેરે પણ ખરા.



**જયંતીભાઈ :** શિક્ષકો - વિદ્યાર્થીઓ વગેરેમાં પડેલી શક્તિનો ઉપયોગ થાય તેનો સમાજને લાભ થાય તે માટે કંઈ કરતા ?

**રસિકભાઈ :** છોકરાઓના સ્વાસ્થ્ય માટે કાળજી રાખતા. છોકરાઓ પાંચ વાગે ઊઠતા. કસરત માસ્તર અંબાલાલ ઈનામદાર ખૂબ ધગશવાળા હતા. તેઓ બેન્ડ સાથે ફીઝીકલ ટ્રેઈનિંગ છોકરાઓને આપતા આખા ગુજરાતમાં રમતગમત, અખાડો હરીફાઈ વગેરેનો વિકાસ તેમના સમયમાં થયેલો. અમે શહેર જોયેલું નહિ એટલે ભાઈના કહેવાથી અમને અમદાવાદ, વડોદરા જોવા લઈ ગયેલા. 'મારુતી વ્યાયામ ઉત્સવ કડીએ શરૂ કરેલા. શાળામાં શિક્ષકો 'જ્ઞાનગોષ્ઠી'ની ક્લબ ચલાવતા. ઉમેદભાઈ તેના પ્રણેતા હતા. રજાઓમાં ભાઈ પાંડેચેરી જતા. અરવિંદના ઘણા ખાસ પ્રકાશનોનો એમની પાસે સંગ્રહ હતો. અગત્યની કાપલીઓ કાપી લેતા અલગ કોરી નોટમાં કાપલીઓ સંગ્રહી રાખતા. આ રીતે અગત્યની વસ્તુઓ સંગ્રહી રાખવાનો તેમને શોખ કરો. વાંચનના ભારે શોખીન હતા. તે સંસ્કૃત અંગ્રેજી શીખવતા. કરકસરનો જમાનો દરેક શિક્ષકના ઘરમાં જોવા મળતો.

નાનપણમાં તેમને ગેડીદડાનો શોખ હતો. આશ્રમમાં આવ્યા પછી તેમણે વોલીબોલ રમવાનો શોખ કેળવ્યો હતો. બધા શિક્ષકો પોપટભાઈ, છનગભાઈ વગેરે શાળા છૂટ્યા બાદ વૉલીબોલ રમતા. સ્કૂલમાં એક વર્ષ ડોલ્ટન પ્લાનની શરૂઆત કરી સ્વયં છોકરાઓ આપમેળે શિક્ષકોની સૂચના પ્રમાણે ભણે. કુમારવાળા બળવંત ભટ્ટને બોલાવીને આશ્રમ પ્રવૃત્તિના ફોટા પડાવ્યા. આમ, નવા નવા પ્રયોગો કરતા. ચળવળ વખતે શ્રી પોપટભાઈ અને શ્રી છગનભાઈને પકડી ગયા. કારણ તેઓ વિદ્યાપીઠના સ્નાતક હતા. ભાઈને ન પકડ્યા કારણ તે મુંબઈ યુનિવર્સિટીમના વિદ્યાર્થી હતા. પણ સ્વાશ્રયી હતા. વ્યસનના ભારે વિરોધી હતા.

**કમળાબહેન રસિકભાઈનાં પત્ની :** પોતે રસોઈ કરવાનું જાણતા. ઘરમાં ખાસ સૂચના હતી કે રસોડું બરાબર રાખવું. રસોડામાં થયેલી કરકસર ડૉક્ટર વ્યાજ સાથે લઈ જશે.

**રસિકભાઈ :** ઘણી વખત મને કહેતા, રસિક ! આપણા કુટુંબને એટલી આપદા અને મુશ્કેલીઓ પડી કે તમને તમારા દસ પેઢી સુધી દુઃખ નહિ પડે.

**ડૉ. મંગુભાઈ :** તમને વ્યાયામની પ્રવૃત્તિમાં રસ હતો તેમ નાટકમાં રસ ખરો ?

**રસિકભાઈ :** તેમણે નાટ્ય પ્રવૃત્તિને પણ પ્રોત્સાહન આપ્યું હતું. તે માનતા રમતગમત અને વ્યાયામથી છોકરાંઓનો માનસિક વિકાસ થાય છે. નાટ્યપ્રવૃત્તિ માટે

સંસ્થાની વચલી જગ્યાએ મોટું લોખંડના એંગલનું થીએટર પણ ઊભું કરેલું જેમાં સોમભાઈ કોઠારી અને સ્થાનિક શિક્ષકોએ સહકાર આપેલો. પડદાના નાખીએ એટલે ભવ્ય થીએટર બની જતું. આગળના ભાગમાં જાની સાહેબનું પ્રખ્યાત વાક્ય પણ શોભતું હતું. 'જીવન એટલે ઉલ્લાસ વિલાસ હરગીજ નહિ'' આજુબાજુનાં ગામડાંઓમાં જઈને છોકરાઓ નાટક અને રમતના પ્રયોગો બતાવા. આકાશદર્શનનો પણ ભારે શોખ નરી આંખે તારો જોઈ વિદ્યાર્થીઓને સમજાવતા.

**ડૉ. મંગુભાઈ :** આપે આપના પત્રમાં શ્રી બાપુભાઈને પ્રેમળજ્યોતિ તારો દાખવી-ભજન બહુ પ્રિય હતું તેનો ઉલ્લેખ કર્યો છે. તેમજ તેમના અવસાન વખતે આપ હાજર હતા !

**રસિકભાઈ :** પ્રેમળજ્યોતિ ગીત મારી પાસે વારંવાર ગવડાવતાં તેમજ શાળાની પ્રાર્થનામાં પણ ગવાતું. દાંત વહેલા પડી ગયેલા. આશ્રમવાળાઓ તેમને ડોસા કહેતા. માંદા પડ્યા ત્યારે મુંબઈ યુનિવર્સિટીનાં પેપરો આવેલા. ભાઈલાલભાઈ પાસે વંચાવી યોગ્ય માર્ક મૂકતા. આમ, તેમને છેલ્લું કાર્ય પૂરું કર્યું. માંદગીમાં પલંગ ઘરમાં હતો. બીમારી વધતાં તેમને સ્થળ બદલવાની સૂચના આપી અને સંસ્થાના મુખ્ય દરવાજાની બાજુમાં ઓફિસ રૂમ છે ત્યાં ખસેડ્યા. રતિભાઈ હાજર હતા. રતિભાઈ અમીનને ગુલાબનું ફુલ લાવવાનું કહ્યું તે લાવ્યા પછી તેમણે કહ્યું, આ ફૂલ કરમાયેલું છે. તાજું લાવો વગેરે ઘરના માણસોમાં તેમની ત્રણ દીકરીઓ હાજર હતી. છોકરાઓમાં ફક્ત નાનો અરવિંદ હાજર હતો. માણેકલાલ ડૉક્ટર છેલ્લું ઇન્જેક્શન આપીને ગયા તરત જ તેમણે છેલ્લો શ્વાસ લીધો તેમની વિદાય વખતે હું અમદાવાદ હતો. અગ્નિદાહ નાના દીકરા અરવિંદે આપેલો. મોટી સંખ્યામાં લોકો હાજર હતા. છેલ્લે તેમણે અરવિંદની છબીનાં દર્શન કર્યાં અને આંખ મીંચી હતી...

આ અમારી મુલાકાત વખતે જાણે શ્રી અરવિંદ-માતાજી અને બાપુભાઈના આત્માઓ અમને આશીર્વાદ આપતા હોય તેવું ભાવવિભોર વાતાવરણ સર્જાયું અને અમે છૂડા પડ્યા....

યુ.એસ.એ.થી તેમના પૂર્વવિદ્યાર્થી માધવલાલ ર. પટેલ લખે છે : પૂ. બાપુભાઈનાં ધર્મપત્ની **આશ્રમનાં ઝવેરબા** હતાં. ગામીસાહેબનું દામ્પત્ય જીવન પણ ઘણું સુખરૂપ હતું. તેમનાં ધર્મપત્ની પણ સુશિક્ષિત અને સુસંસ્કારી ગૃહિણી હતાં. તેઓ પણ કોઈ વિદ્યાર્થી માંદો પડે તો તેની પાસે જઈ તેની ખબરઅંતર પૂછતાં ને તેને માના વાત્સલ્યભાવથી જે જોઈએ તે જરૂરી સગવડ કરી આપતાં અને જરૂરી દવા આપતાં. તેઓ નાનાં બાળકો માટે દેશી દવાની ગોળીઓ બનાવી



લોકોને મફત આપતાં. એ બાળકોને સારી માફક આવતી. આ રીતે તેઓ પણ ગામીસાહેબની જેમ સેવાવૃત્તિ ધરાવતાં હતાં. બાપુભાઈના સસરા ગોંડલમાં જાણીતા વૈદરાજ હતા. એમનું જ્ઞાન ઝવેરબાને મળેલું.

આપણા સામાજિક કાર્યકર અને ધરતીના પૂર્વતંત્રીશ્રી સ્વ. પ્રભાતકુમાર દેસાઈએ તેમના તા. ૧૭-૧-૧૯૯૭ના પત્રમાં ઝવેરબા માટે લખ્યું છે : ''પ.પૂ. ગામીસાહેબ ઉત્તમ શિક્ષણદાતા ઉપરાંત, વિદ્યાર્થીઓના ખૂબ ચારિત્ર્યનિર્માતા હતા એ કેમ વિસરાય ?

તેમનાં ધર્મપત્ની સ્વ. પૂ. ઝવેરબા ખૂબ જ ઉદ્યમી હતાં. સંસ્થાના વિદ્યાર્થીઓ માટે તેઓ અસ્ખલિત વહેતું માતૃવાત્સલ્યનું એક પુનિત ઝરણું હતું. ઈશ્વરકૃપાથી કિશોરાવસ્થાનાં બે વર્ષ માટે સ્વ. પૂ. બાપુભાઈ અને પૂ. ઝવેરબાની પવિત્ર શીતળ તરુવર-છાયા મને કડીની સંસ્થાના એક વિદ્યાર્થી તરીકે પ્રાપ્ત થયેલી.

સર્વ વિદ્યાલય કડી સંસ્થાના પૂર્વ સહઆચાર્ય શ્રી ડાહ્યાભાઈ ર. જાનીએ તેમના **'મારાં સ્મરણસુમનો'** લેખમાં શ્રી બાપુભાઈ ગામી અને આપણી કોમની ખાસિયત અને ખૂબીઓનું સુંદર ચિત્રણ કર્યું છે.

''શ્રી બાપુભાઈ ગામી કહેવાતા, તેમ છતાં તેમને એકેય ગામ ન હતું તે ખાતરીપૂર્વક જાણું છું. ગામી એટલે ગ્રામીણ–ગ્રામનેતા પણ તેઓ ન હતા. કેમકે તેમનામાં નેતૃત્વશક્તિ બહુ ઓછી હતી. જોકે વ્યવસ્થાશક્તિ અલબત્ત હતી અને તે સારી માત્રામાં અને તેથી જ તેઓ સર્વવિદ્યાલય હાઈસ્કૂલ, ક. પા. આશ્રમ, કન્યાકુંજ ગૃહ, વ્યાયામશાળા, ઉદ્યોગશાળા, દુગ્ધાલય વગેરે સંસ્થાઓનું સંયોજન કે સંચાલન લગભગ એકલેપંડે કરી શકતા હતા.

તેઓ જન્મે અને જાતે તો હતા કડવા પાટીદાર, પણ કડવાશનો તેમનામાં છાંટો ન હતો, અગર કડવાશ આવતી તો તે લીમડાના જેવી નરમી અને પરિપોષક અથવા એમ જ કહોને કે મિષ્ઠાન્ન સાથે કારેલાં જેમ ભળી જાય તેવી. તેમની મીઠાશ સાથે ક્વચિત, પ્રાસંગિક પરોક્ષ અને પ્રોત્સાહક કડવાશ પણ આવતી. આવી કડવાશ કોને ન ગમે ? હું તો કહું છું કે આ કડવાશની માત્રા તેમનામાં વધુ હોત તો તેમની સંસ્થાઓ વધુ ઉદ્દીપિત ને તંદુરસ્ત દીપી નીકળત.

તેઓ કણબી હતા છતાં કણબીનું રોંચાપણું, તોછડાઈ કે જાડી બોલી તેમની ન હતી. માત્ર 'હીંડો' અને એવા કેટલાંક શબ્દો તેઓ વાપરતા અને હું તેમને તે વિશે કહેતો ત્યારે તેઓ મને 'હિંડ' ધાતુ સંસ્કૃત હોવાનું યાદ કરાવે. જ્યારે

તેના પ્રતિવાદમાં હું તેમને કહેતો કે તો પછી આપણો ઇમ (ઇદમ્) કિમ (કે) જેવા શબ્દો શા માટે પ્રચલિત ન કરવા ? મતલબ કે તેમને સંસ્કૃતનું સારું એવું અનુશીલન હતું તેથી, તેમ મૂળથી જ એક સંસ્કારી આત્મા હોઈ તેઓ એમનું જીવન સફળતાપૂર્વક સુસંસ્કૃત અને સુરમ્ય પ્રયાસ વડે બનાવી શક્યા હતા. એમના આ આટલા અંગત પુરુષાર્થનું એમના જન્મબંધુઓ અને કર્મબંધુઓ અનુકરણ કરે તો સમાજને ખસૂસ લાભ થાય.

તેઓ પાટીદાર હતા, છતાં સીમમાં જમીન પાટી કે પાટીથી ઊલટું પાડી સરખીયે તેમને ઘેર ન હતી ! એટલું જ નહિ, પણ ચરોતરના સરાસરી પાટીદાર જેવી સ્વાર્થી વૃત્તિ, તોછડાઈભરી ગર્વિષ્ટ કે કટાક્ષમય બેપરવાહી પણ તેમનામાં ન હતી. તેઓ તો અતિ સરળ, અતિ સાહજિક છતાં અતિ સ-રસ માણસ હતા. રસિક નહિ છતાં સ-રસ તો હતા જ. માત્ર તેમની સ-રસતા બહાર ટપકતી ન હતી, પરંતુ અંદર દ્રવ્ય હતી.

તેમ પાટીદારોમાં જે કોમી ભાવની ઉગ્ર નહિ, છતાં કાતિલ અને કઠોર ભાવના જે ગુજરાતમાં આજકાલ ક્યાંક બદબદે છે અને ક્યાંક બહાર ફાટી નીકળે છે તે તેમનામાં નહોતી જ. અને તેથી જ એવી ભાવનાના વિષફુત્કાર વચ્ચેય એ પોતાની નાવ હંકારી શકતા; એટલું જ નહિ, પણ સંસ્થાને કોમભેદના વિષયથી બને તેટલી મુક્ત રાખવા કોશિશ કર્યા કરતા. અને પૂરેપૂરા અને હરવખત નહિ તો ઘણેભાગે ઘણીવાર એમાં એ સફળ નીવડતા.

એક વાત એકદમ સ્પષ્ટ છે કે, ''તેમના સહકારીઓનો સાથ મળ્યા જ કર્યો હોત તો આ સંસ્થાને વધુ ચમક મળી રહેત.''

■■■

# પ્રકરણ - ૨

## અલગારી આચાર્ય, આદર્શ ગૃહપતિ (કડવા પાટીદાર આશ્રમ અને સર્વવિદ્યાલય)

કડવા પાડીદાર કોમની અવદશા થવાનાં કારણો મુખ્યત્વે ત્રણ હતાં : બાળલગ્ન, બારમાં અને વાણિયાનું દેવું. શિક્ષણનો સદંતર અભાવ હતો. ત્યારે સારી કેળવણીની વાત જ શી કરવી ? સુધારકોનો એક જ મંત્ર હતો : ત્રણ 'બ' ને બાળો; બારમાં, બાળલગ્ન અને બનિયાનાં 'બ'.

૧૮૨૦થી ૧૯૨૦ સુધી કડવા પાટીદારની સુધારવાદી પરિષદો ભરાવા લાગી. તેમાં પણ સુધારકોએ કુરિવાજોને ત્યજી દેવા અને શિક્ષણનો વિકાસ કરવા ઉપર ભાર મૂક્યો. આ સુધારકોમાં એવાય સુધારકો હતા જે કેળવણી લેવાની હિમાયત કરતા હતા. તેમાં **'કડવાવિજય'**ના તંત્રી, વીરમગામવાળા પુરુષોત્તમ લલ્લુભાઈ પરીખે કડવા કોમને સુખી થવા માટે એક સૂત્ર આપ્યું હતું : **''કેળવણી વિના જ્ઞાતિનો ઉદ્ધાર નથી.''** આ મંત્ર કડી સંસ્થાના આદ્યસ્થાપક શ્રી નગીનભાઈ વ્રજલાલ અને આ જ સંસ્થાના આદ્ય સંચાલક શ્રી છગનલાલ પીતાંબરદાસે ઝીલ્યો. શ્રી બેચરદાસ રાયજીએ વડોદરામાં, શ્રી ગંગારામદાસે મહેસાણામાં, શ્રી છગનલાલ કડીમાં, શ્રી પુરુષોત્તમ ફકીરે રાંદેરમાં અને ચૂનીલાલ વનમાળીદાસે ભરૂચમાં તેમજ બાવળાવાળા પુરુષોત્તમદાસે કડવા પાટીદાર ભવન વગેરેની સ્થાપના કરી. આ પહેલાં રાવબહાદુર બેચરદાસ લશ્કરી તરફથી તેમના મકાનમાં બોર્ડિંગની સુવિધા કરાઈ હતી. ત્યારબાદ પાટડી દરબાર સૂર્યમલ્લજીએ પણ દરબાર બોર્ડિંગ સ્થાપી હતી. આમ, કેળવણી લેવાની હવા જામી. હીરાલાલ વસંતલાલને કેમ ભૂલાય ?

શ્રી પુરુષોત્તમ પરીખ (વીરમગામ) શ્રી નગીનભાઈ વ્રજલાલ અને છગનભાના અથાગ પ્રયત્નથી સુધારકોની સભાઓમાં કેળવણીની ભૂખ જાગી તે માટે વાતાવરણ તૈયાર થયું. પૂ. છગનભા, શ્રી માધવલાલ અને ધનશા ભગત વાયુવેગે ગામયાત્રાઓ યોજી સમાજપંચોને સમજાવી પોતાનો મત રજૂ કરી ફંડો ઉઘરાવવા લાગ્યા અને જોતજોતમાં કડી સંસ્થા વટવૃક્ષ બની ગઈ.

કડવા પાટીદાર આશ્રમ કડીની વિકાસયાત્ર : ઈ.સ. ૧૯૦૬થી ૧૯૪૩ સુધીની તેમજ કડવા પાટીદાર આશ્રમ અને સર્વ વિદ્યાલય સમાજ સુધારાના ચેતના કેન્દ્રો અને ૧૯૨૨થી ૧૯૪૩ સુધીની આશ્રમ અને વિદ્યાલયની પ્રવૃત્તિઓની વિકાસ-ગાથાની અલપઝલપ તાજેતરમાં પ્રગટ થયેલા મારા પુસ્તક **'સામાજિક ક્રાંતિના પ્રણેતા છગનભા'** માં આપવામાં આવી છે. તેમજ ગુરુવર્ય અને આ સંસ્થાના પૂર્વઆચાર્ય ગણમાન્ય લેખકશ્રી મોહનલાલે પણ **'પ્રજ્ઞાદીપ છગનભા'** નામના પુસ્તકમાં એની માહિતી આપી છે. **'કર્મયોગી દાસકાકા'** એ મારા પુસ્તકમાં પણ આ પ્રવૃત્તિઓના ઉલ્લેખો જોવા મળશે. અમૃત મહોત્સવ અંકમાં પણ માહિતી પ્રાપ્ત થાય છે. એટલે આ પુસ્તકમાં એ બધી વિગતો દોહરાવવાની જગ્યાએ પૂર્વઆચાર્ય બાપુભાઈ ગામીને કેન્દ્રસ્થાને રાખી અન્ય વિગતો આપવા પ્રયાસ કર્યા છે.

બાપુભાઈ ગામી કડીની કોઠારી હાઈસ્કૂલમાં હતા ત્યારથીજ કડી સંસ્થાના સ્થાપકોના પરિચયમાં હતા. નીચેની વિગતો તેની સાક્ષી પૂરે છે.

વિનય મંદિર, ઓડ
તા. ૪-૨-૧૯૨૩

ભાઈ **શ્રી છગનભાઈ અને પોપટભાઈ** જ્ઞાતિ ઉન્નતિ માટે આપની અભિલાષા અને પ્રગતિ જોઈ મને હર્ષ થાય છે. આપ એક શાળા, છાત્રાલય અને માસિક ચલાવો છો તે સ્તુત્ય છે. આ ત્રણેને આદર્શરૂપ બનાવવા તમો પ્રયત્ન કરી રહ્યા છો તે મહાન પ્રયત્નમાં મારી કેટલીક સૂચનાઓ મદદરૂપ થઈ શકશે એવી આશાથી પ્રેરાઈ હું આ લેખ લખું છું

- બાપુભાઈ ગામી

## સૂચના

બાળકનું જીવન ઘડવાનાં સ્થાન ઘર અને શાળા છે. પણ આપણાં ઘર અત્યારે એવી સ્થિતિમાં આવી પડ્યાં છે કે તે બાળકને ચારિત્રવાન, મહેનતુ અને વિદ્યાપ્રેમી ભાગ્યે જ બનાવી શકે. એટલે શાળા ઉપર બમણી જોખમદારી આવી પડે છે. શાળાનો ઉદ્દેશ વિદ્યાર્થીને એવી કેળવણી આપવાનો હોવો જોઈએ કે તેનો ચેપ ઘરમાં લાગે અને સમાજને અસર કરે. અત્યારની આપણી કેળવણીમાં મોટામાં મોટી એ ખામી જણાય છે કે તે ઘર અને સમાજથી વિખૂટી પડી ગઈ છે અને તેથી જ તે બોજા સમાન જણાય છે.

શાળાને અંગે અવશ્ય એક છાત્રાલય હોવું જ જોઈએ. શાળામાં આવતો દરેક વિદ્યાર્થી આ છાત્રાલયનો લાભ લે એવી વ્યવસ્થા થવી જોઇએ. ગામમાં રહેનાર



વિદ્યાર્થી ભલે જમવા માટે પોતાને ઘેર જાય, પણ બાકીનો સમય તે છાત્રાલયમાં ગાળે એ ઈચ્છવા જેવું છે. છાત્રાલયનો કાર્યક્રમ નક્કી કરવાની જરૂર છે. જેથી વિદ્યાર્થી પોતાનો સમય આનંદ અને ઉત્સાહથી પસાર કરી શકે.

શાળાના શિક્ષકો કુટુંબ સાથે છાત્રાલયમાં રહે એવી વ્યવસ્થા હોવી જોઈએ. બધાથી ન બની શકે તો એકાદ પોતાના કુટુંબ સાથે રહે. છાત્રાલયમાં વિદ્યાર્થીના ખોરાક માટે યોગ્ય કાળજી લઈ, બને ત્યાં સુધી તેને સ્વાશ્રયના પાઠ છાત્રાલયના કામ દ્વારા શીખવવા જોઈએ જેથી ખર્ચ બચશે અને વિદ્યાર્થીને દુનિયાનો સંગીન અનુભવ મળશે.

શારીરિક મહેનતને અવશ્ય સ્થાન આપવું જોઈએ. છાત્રાલયને અંગે એકાદો બગીચો હોય અને તેમાં વિદ્યાર્થી પોતે નાના પાયા ઉપર વાવણીના પ્રયોગ કરે એ ઠીક થઈ પડશે. દરેક વિદ્યાર્થી પોતાના ક્યારામાં શિક્ષકોની સૂચનાથી વાવણી કરે. એની દેખરેખ તે રાખે અડધી શાળાને અર્પણ કરે એવી વ્યવસ્થા બની શકે તેમ છે. વિદ્યાર્થી એકાદ હુન્નર શીખે એ જરૂરનું છે. રેંટિયો, પીંજણ અને સાળને અવશ્ય સ્થાન મળવું જોઈએ અને કદાચ તે શાળાના ક્રમમાં ન ગોઠવી શકાય પણ આશ્રમને અંગે, શાળાના વખત બહાર તેની પ્રવૃત્તિ હોવી જોઈએ. મારા અનુભવથી જણાય છે કે આવી પ્રવૃત્તિથી વિદ્યાર્થી ચાલાક, ઉત્સાહી અને મહેનતુ બને છે. તેનું મન સ્થિર થઈ અભ્યાસમાં પણ સારી પ્રગતિ કરી શકે છે. આખા દિવસમાં ઓછામાં ઓછા ત્રણ કલાક શારીરિક મહેનતમાં ગાળવા જોઈએ.

સવારસાંજ પ્રાર્થના એ એક આવશ્યક અંગ હોવું જોઈએ અને તેની સાથે સામાજિક અને રાજકીય સિદ્ધાંતો અને હકીકતોનું તેમને દિગ્દર્શન કરાવવું જોઈએ.

પગે ચાલી ગામથી ગામ પર્યટનની યોજના હોવી જોઈએ. ઉપયોગી પુસ્તકોનું પુસ્તકાલય હોવું જોઈએ. જેનું વાંચન અને મનન વિદ્યાર્થીઓ કરે અને એવી ચોક્કસ વ્યવસ્થા હોવી જોઈએ. વિદ્યાર્થીના શરીરની, કાપડની શાળાની અને છાત્રાલયની સ્વચ્છતા ઉપર પણ કાળજી રાખવાની જરૂર છે.

બ્રહ્મચર્યપાલનની મહત્તા સંપૂર્ણ સમજાયેલી હોવી જોઈએ. દરેક વિદ્યાર્થીની વ્યક્તિગત સંભાળ લેવી જોઈએ.

શાળામાં નિયમિતતા, સભ્યતા અને વિચારની સ્વતંત્રતાનો આગ્રહ હોવો જોઈએ.

સામાજિક દૂષણો તરફ વારંવાર તેમનું ધ્યાન ખેચવું જોઈએ.

સામાન્ય જ્ઞાન અને ધર્મનો વિષય ખાસ ગોઠવવો જોઈએ.

વિદ્યાર્થીની નોટબૂકો અને લખાણ ઉપર કાળજી રાખવી જોઈએ.

ભવિષ્યમાં વિદ્યાર્થી સ્વાશ્રયી મહેનતુ અને ચરિત્રવાન બને એવા દરેક ઉપાય યોજવા જોઈએ.

કામ કામને શીખવે છે. જે વિચારો આપણને સાચા જણાય તેનો અમલ કરવાની ધીમે ધીમે શરૂઆત કરીએ તો પછી માર્ગ બહુ જ સરળ બની જાય છે અને અંતઃચક્ષુ ખૂલે છે અનેક સંશય, મુશ્કેલીઓને ગૂંચવાડા દૂર થઈ જાય છે. વર્તમાન યુગમાં દરેક સમજુ ઉપર અત્યારે જવાબદારી રહી છે. જો આ જવાબદારી પોતે ઉઠાવવા યથાશક્તિ પ્રયત્ન કરશે તો તે દેશનું અને આત્માનું કલ્યાણ કરશે એ નિઃસંશય છે. ડૂબતો સમાજ જરૂર તમને પણ ડુબાડશે અને તરતો તારશે. માટે જો આપણે આ ભવિષ્યમાંથી તરવા ઈચ્છતા હોઈએ તો આ સમાજને પણ તારવાની ઈચ્છા રાખો, કારણ તેને તરવાની ઈચ્છા તે પોતાની તરવાની ઈચ્છાની બરાબર છે. સમાજને તરવાનું રહસ્ય બાળકોની શાળામાં રહેલું છે તે સમજી ગયા છે તેને માટે કુરબાની કરવાવાળા પાછા હઠતા નથી.

- અસ્તુ -

કડવાવિજય - ૧૯૨૩ - બાપુભાઈ ગામી

## ખાતમુહૂર્ત

### લેખક : રા. પટેલ પુરષોત્તમદાસ રણછોડદાસ - કડી

વૈશાખ સુદી પાંચમ, તા. ૨૧-૪-૨૩નો દીન જ્ઞાતિના ઈતિહાસમાં સોનેરી અક્ષરથી લખાશે. આજે ખાતમુહૂર્ત થયું. શાનું ? કડવા પાટીદારના ગૌરવનું; જ્ઞાતિઉન્નતિનું. આજે જ્ઞાતિઉન્નતિનો પાયો નંખાયો. જ્ઞાતિજનો તેને પોષે તો જ્ઞાતિની ઉન્નતિ થોડા વખતમાં થાય અને પાટીદાર કોમ પોતાનું અસલ ગૌરવ પુનઃપ્રાપ્ત કરે.

સમાજની ઉન્નતિનો મુખ્ય આધાર કેળવણી છે. રાષ્ટ્રભાવના પોષે તેવી કેળવણી જેટલા પ્રમાણમાં પ્રજા સંપાદન કરે, તેટલા પ્રમાણમાં પ્રજાની ઉન્નતિ થાય, પણ આજે તો સંપાદન કરે તો તેને ખેતી જેવા ઉત્તમ અને સ્વતંત્ર ધંધા માટે તિરસ્કાર ઉદ્ભવે છે અને હલકી શૂદ્રને છાજતી ગુલામીવત્ નોકરી - સરકારી કે ખાનગી - રૂચે છે, કાંતો મીઠામરચાની નાનકડી દુકાન માંડી લક્ષ વેપારી થવાનું પસંદ કરે છે. આવા દાખલાઓ જ્ઞાતિમાં અસંખ્ય થયા છે અને થતા જાય છે.

આમ ચાલુ રહે તો આપણી કોમ જે આજે ફક્ત નૈતિક સ્વતંત્રતા ભોગવી રહી છે તે કાલે નોકરિયાત શૂદ્ર કે તેલી-મોચી વેપારી બની જાય.

આવા સંજોગો જ્ઞાતિના કેટલાક હિતચિંતકો સહી શક્યા નહીં. તેમની આંખો



ઊઘડી અને ભાન થયું કે ચાલુ કેળવણીથી તો જ્ઞાતિ નાશ તરફ ઘસડાઈ જશે. તરત જ તેમને પ્રયત્ન આદર્યો અને કડી મુકામે વિદ્યાર્થીઓ માટે જૂના ઋષિમુનિઓના ગુરૂકુળ જેવી સંસ્થા બનાવવાના ઉદ્દેશથી એક વિદ્યાર્થી-આશ્રમ, રૂ. ૧૨ જેવી નાનકડી રકમથી ખોલ્યો. પ્રભુ સત્કાર્યમાં સહાય કરે છે. એક સ્વામીજીએ રૂ. ૧૨માં પાંચ રૂપિયા ઉમેર્યા અને આશીર્વાદ આપ્યો કે તેટલી રકમથી તમારું કાર્ય શરૂ કરો. પ્રભુ તમને સહાય કરશે.

પરમાત્માએ આશ્રમ તરફ જોયું. ઉત્સાહી કાર્યકર્તાઓ મેળવી આપ્યા. પૈસાની પણ કશી તાણ ન પડી. **કડી વગેરે બાર ગામોનો ગોળ છે. તે ગોળે તો આશ્રમ ઉપર પૈસાનો વરસાદ વરસાવ્યો. કહીએ તો ચાલી શકે કે આશ્રમની વર્તમાન સ્થિતિ બારના ગોળ અને તેના પટેલોને આભારી છે.** આશા રાખીએ છીએ કે બીજા ગોળો બાર ગામના ગોળનું અનુકરણ કરશે.

એકલા આશ્રમથી ધારેલો ઉદ્દેશ બર આવશે તે વિષે કાર્યકર્તાઓમાં શંકા ઉદ્ભવી. તેથી જ્ઞાતિના વિદ્યાર્થીઓને રાષ્ટ્રભાવનાને પોષણ મળે તેવી કેળવણી અપાય તેવા ઉદ્દેશ્યથી એક શાળા-વિદ્યાલય કડીમાં ખોલવામાં આવ્યું અને વિદ્યાલયને પણ સારા કાર્યકર્તાઓ મળી આવ્યા. આશ્રમ તથા વિદ્યાલયના કાર્યકર્તાઓ માટે અમારે કહેવું પડે છે કે તેઓ જે ઉત્સાહ, ખંત અને બાહોશીથી કામ કરે છે તેવું કામ આ રાજ્યની અન્ય કેળવણીની સંસ્થાઓમાં થાય તો વડોદરા રાજ્યની કેળવણી આદર્શ અને બીજા રાજ્ય માટે અનુકરણીય બન્યા વિના રહે જ નહીં.

આશ્રમ તથા વિદ્યાલયનું નિયમિત કાર્ય જોઈ સૌકોઈ પ્રસન્ન થતું તેમાં કાંઈ નવાઈ નથી; પણ હર્ષની વાત તો એ છે કે સૌ કોઈ જ્ઞાતિજનોનું આ સંસ્થાઓ તરફ ધ્યાન ખેંચાયું અને સર્વ કોઈને લાગ્યા વિના ન રહ્યું કે આ સંસ્થાઓને પૂર્ણ પોષણ મળે તો પાટીદાર કોમને માટે નમૂનેદાર ગુરૂકુળ બને.

જ્ઞાતિજનોના આશીર્વાદથી પૈસા એકઠા થયા. જમીન ખરીદાઈ. વ્યક્તિ કે ગામ સમસ્ત ઓરડીઓ કબૂલાઈ. એમનાં શુભ નામો આપને હવે પછી વિદિત કરવામાં આવશે. વૈશાખ સુદ પાંચમને શુભ દિને આપણી જ્ઞાતિના ગર્ભશ્રીમંત શેઠશ્રી દુર્ગાપ્રસાદ લશ્કરીના શુભ હસ્તે આશ્રમ અને વિદ્યાલયના મકાનનું ખાતમુહૂર્ત થયું.

જ્ઞાતિજનો યાદ રાખશે જ કે સુદ પાંચમના દિને ફક્ત સ્થૂલ મકાનનું જ કાંઈ ખાતમુહૂર્ત થયું નથી, પણ જ્ઞાતિની ઉન્નતિ અને પ્રાચીન ગૌરવ પુનઃ પ્રાપ્ત કરવાના શુભ પ્રયાસનું પણ ખાતમુહૂર્ત થયું છે. અમે એ ઈચ્છીએ છીએ કે જ્ઞાતિ ઉન્નતિના આ ખાતમુહૂર્તને દરેક વ્યક્તિ કે ગામ તન, મન અને ધનથી

પોષે; સખીગૃહસ્થો સદરહુ સંસ્થાને પોતાના નામની ઓરડી બંધાવી આપે; ગામને અમર કરે અને શ્રીમંતવર્ગ બેઉ સંસ્થાઓને પોતાની શ્રીમંતાઈથી પોષે અને કાર્યકર્તાઓ સંસ્થાનો ઉદ્દેશ બર લાવવા કટિબદ્ધ બને.

પ્રભુ તેમને શક્તિ આપો. અસ્તુ.

કડવાવિજય - ૧૯૨૩

## વાતાવરણ
### લેખક રા. બાપુલાલ વી. ગામી

તા. ૨૧-૪-૨૩ એ કડી મુકામે કડવા પાટીદારના વિદ્યાલયના મકાનનું ખાત-મુહૂર્ત થયું. કેળવણીમાં રસ લેતા ઉદાર ગૃહસ્થોએ ઊગતી સંસ્થાને યથાશક્તિ મદદ કરી. ભવિષ્યના મહાન કાર્યની આશાભરી શરૂઆત થઈ એમ જણાયું.

■ ■ ■

સ્વતંત્રતાના આ જમાનામાં ઠેરઠેર જાગૃતિ આવતી જાય છે. કડવા પાટીદાર કોમ સામાજિક અને આર્થિક સ્થિતિમાં પછાત છે. તેમાં જાગૃતિના ચિહ્નોનું દર્શન આશાજનક છે. આ જાગૃતિનો લાભ લેવો એ જ્ઞાતિના કેળવાયેલા અને ઉત્સાહી યુવકોનું કર્તવ્ય છે, સામાન્ય વર્ગ આ દિશામાં મદદ કરવા તૈયાર છે. જરૂર છે ફક્ત તેમનો વિશ્વાસ સંપાદન કરવાની. આ વિશ્વાસ, નિઃસ્વાર્થ કાર્ય, પ્રામાણિકતા અને સંસ્થાના કામમાં ચીવટથી મેળવી શકાય તેમ છે. જે ભાઈઓએ આ શુભ કાર્યની શરૂઆત કરી છે અને તેને આગળ વધારવા ઉત્સાહ બતાવી રહ્યા છે તેમને ધન્યવાદ ઘટે છે. અત્યારે પૈસાની ખોટ નથી, પણ કાર્ય કરનારાઓની ખરી જરૂર છે. આ સંસ્થા તે મેળવવા કાળજી રાખશે એમ ઇચ્છીશું.

■■■

જ્યાં આશા હોય ત્યાં નિરાશાને પણ અવકાશ છે. જેમ અત્યારે આપણે આપણી જાગૃતિ જોઈ શકીએ તેમ આપણી ત્રુટિઓ જોઈ તે સુધારવા પ્રયત્નવાન થવું જોઈએ. તપ અને સંયમનું ફળ મેળવવા અધીરાઈ બતાવી તે ગુમાવી દઈએ છીએ. શુદ્ધ સેવાભાવને બદલે મોટાઈ અને સત્તાની ભાવનાઓનું જાણતાંઅજાણતાં સેવન કરીએ છીએ. સ્વતંત્ર વિચાર અને કાર્યની કદર બહુ જ ઓછી કરીએ છીએ. કંઈક આવા પડઘા મને કર્ણે પડ્યા. કાર્યકર્તાઓ વચ્ચે જે કંઈ વૈમનસ્ય જેવું જણાયું તેને દૂર કરવાની જરૂર છે.

■■■



અન્ય કોમની આ સંસ્થા પ્રત્યે ખૂબ જ સહાનુભૂતિ જણાય છે. એમ ભવિષ્યમાં આ સંસ્થા કોમી ન બનતાં સાર્વજનિક બને એ ઇચ્છવા જેવું છે. દેશી રાજ્યમાં આ સંસ્થા રાષ્ટ્રીય વાતાવરણને અનૂકૂળ થઈ પડશે એમ આશા રખાય છે. સરકારના દૂષિત વાતાવરણમાંથી કુમળાં બાળકોને બચાવી લેવા આ સંસ્થા એક આશીર્વાદ તુલ્ય બને એમ ઇચ્છીશું.

■■■

ઇનામ-મેળવડાનો પ્રસંગ ઠીક ઉજવાયો કહેવાય. વિદ્યાર્થીઓએ સંવાદો ઠીક કર્યા. હજુ તેમાં વધારે રંગ પૂરી વધારે આકર્ષક બનાવી શકાય. પ્રમુખશ્રી સ્વામી નારાયણની હાજરી ઉત્સાહપ્રેરક હતી. ગુજરાતમાં વણિકવૃત્તિપ્રધાન દેશમાં - એકબીજાને ખોટું ન લાગે એવી વૃત્તિથી સ્વતંત્ર વિચારને યોગ્ય સ્થાન મળતું નથી. વિરુદ્ધ વિચાર ધરાવતા પક્ષો વચ્ચે ખોટી માંડવાળથી સ્વ સિદ્ધાંતનો ત્યાગ થવો ન જોઈએ. પ્રગતિ વિચારોની અથડામણમાં છે, સ્થિરતામાં નથી, એવું કંઇક પ્રોફેસરસાહેબે કહ્યું. સ્થાનિક અમલદાર વર્ગે પણ આ બાબતમાં ભાષણોથી પણ ઠીક સહાનુભૂતિ બતાવી ગણાય.

■■■

રાત્રે 'સ્વદેશી' ઉપર શ્રીયુત્ સ્વામીનારાયણનું વ્યાખ્યાન હતું. શ્રોતાવર્ગ ગામની સંખ્યાના પ્રમાણમાં સંતોષકારક તો ન જ ગણાય. અન્ય પ્રજા સ્વદેશ માટે કેવો પ્રેમ બતાવે છે તેના અસરકારક દાખલા ટાંકી, હિન્દુસ્તાન માટે તો રેલવે શ્રાપ સમાન છે એ સમજાવી, જ્યાં સુધી ગરીબને ચૂસી લેનાર મીઠાનો કર રદ ન થાય ત્યાં સુધી તો સ્વદેશીવ્રત લેવાનો ઉપદેશ આપી એમણે ભાષણ ખતમ કરતાં દેશી રાજ્યો ખાદીનો આટલો ઉપદેશ ગ્રહણ કરે તો એ બહુ જ છે એમ જણાવ્યું. દૂરદર્શી વકીલવર્ગ આવા નિર્દોષ ભાષણથી પણ ચેતતા રહે એ દેશી રાજનો સડો બતાવવા પૂરતું નથી ?

■■■

ગામનો કેળવાયેલો યુવકવર્ગ પ્રજામાં ધાર્મિક અને શારીરિક વાતાવરણ ઉત્પન્ન કરવા ઠોસ પ્રયત્ન કરતો જણાય છે. આર્ય સંસ્કૃતિ ઉત્તેજક મંડળની સ્થપાના, દર શનિવારે ભજનકીર્તન, મહાપુરુષની ઉજવાતી જયંતિઓ, દેશી રમતોની વિદ્યાર્થીવર્ગમાં હરીફાઈ - આ બધું કડીના ભાવી મહત્ત્વનું શુભ ચિહ્ન છે. દિનપ્રતિદિન પ્રગતિ કરતી આ બધી પ્રવૃત્તિઓ ઉત્સાહપૂર્વક ચાલુ રહે એમ ઇચ્છીશું.

કડવાવિજય - ૧૯૨૩

આશ્રમ અને શિક્ષણસંસ્થા વિશેના તેમજ સમાજસુધારા અંગેના તેમના વિચારો તેમને જુદા ફલક પર લઈ જાય છે.

તા. ૧-૪-૧૯૨૫ના રોજ શ્રી બાપુભાઈ આ સંસ્થામાં આચાર્ય તરીકે જોડાયા, તેમણે મુખ્ય ગૃહપતિની જવાબદારી પણ લીધી. સ્વયંસેવક મંડળ પણ સ્થાપ્યું. દરેકને જવાબદારીઓ સોંપી. વર્ષે ૧૯ બેઠકો થતી. નિર્ણયો લેવાની ચર્ચા થતી. સર્વસંમતિથી બધું સુતરું ચાલતું. શ્રી ગામીના સમયગાળામાં, શ્રી છગનભા, શ્રી પોપટભાઈ, શ્રી છ.કા. પટેલ, શ્રી શંકરભાઈ, શ્રી ઉમેદભાઈ, શ્રી વાલજીભાઈ, શ્રી કુબેરભાઈ, શ્રી રતિલાલ, શ્રી ડાહ્યાભાઈ જાની અને ઇનામદાર જાણીતા હતા. શ્રી બાપુભાઈએ વિદ્યાર્થીઓના ચારિત્રઘડતર પર પૂરેપુરું ધ્યાન આપ્યું હતું. તેઓ જ્યારે આચાર્ય હતા ત્યારે શ્રી સયાજીરાવ મહારાજા ત્રીજા, શ્રી મોહનદાસ ગાંધી, ડૉ. હરિપ્રસાદ દેસાઈ, પ્યારેલાલ, કસ્તૂરબા, નાયબદીવાન ગોવિંદભાઈ દેસાઈ, દીવાન વી.ટી. કૃષ્ણાચાર્ય સરસૂબા બરોડા સ્ટેટ એ.એન દાતાર, વિદ્યાધિકારી શ્રી નંદનાથ દીક્ષિત, કડીપ્રાંત સૂબા રામચંદ્ર પાટીલ, શ્રી સંપતરાવ પાટીલ, સૂબા સત્યવૃત્ત મુખરજી, ગુજરાત વિદ્યાપીઠના મહાપાત્ર નંદલાલ શાહ અને અધ્યાપક હરિનારાયણ, ડિસ્ટ્રીક્ટ જજ શ્રી સારંગ, વિદ્યાધિકારી કડી વિભાગ; શ્રી ઉમેદભાઈ ર. પટેલ, શ્રી પી.વી. ગાયકવાડ, ભા.કા. ભાટે જેવા મહાનુભાવોએ આ સંસ્થાની મુલાકાત લઈ આશ્રમપ્રવૃત્તિઓનાં અને શિક્ષણપ્રથાનાં ભારોભાર વખાણ કરી આચાર્ય બાપુભાઈ ગામીની પ્રશંસા કરી હતી. શ્રી સુમંત મહેતા અને શ્રીમતી શારદાબેન મહેતાએ પણ સ્ત્રી શિક્ષણના હિમાયતી 'ભા' અને શ્રી ગામીને શાબાશી આપી હતી. તેમના સહાયકર્તાઓ પણ આ માન મેળવવાના એટલા જ હક્કદાર હતા.

આ બધા મહેમાનો આવે ત્યારે પૂ. છગનભાઈ મુખ્ય પ્રવક્તા રહેતા. ક્યાંક પોપટભાઈ આભાર વિધિમાં નજરે પડે. **શ્રી ગામીએ કોઈ સુધારક સભાઓ ગજવી નથી. પરિષદોમાં હાજરી આપી નથી, તેમછતાં કડવાકોમની નાડ પારખી હતી. તેમણે લખાણો દ્વારા શિક્ષણ જગતની અને સમાજની મહાન સેવા કરી છે.**

મનોવિજ્ઞાનની પરિભાષામાં કહીએ તો તેઓ બહિર્મુખવૃત્તિના - ધમાલ-ધાંધલવાયા પ્રચારક કે નેતા - સરદાર ન હતા. તેઓ અંતર્મુખ વૃત્તિના હતા, છતાં ઘરકૂકડી તો ન જ હતા. તેમનામાં હતી માત્ર નમ્રતા, સજ્જનતા અને મીઠાશ.

પરમ આનંદ અને આશ્ચર્યની વાત તો એ છે કે તેમની નમ્રતા કાળક્રમે અને સાધનાબળે - ખાસ કરીને શ્રી અરવિંદના તત્ત્વસ્પર્શે - અતિ મનોહર ને આકર્ષક (Highly Dignified & Caftivation) બની હતી ! તેની ચર્ચા છેલ્લા પ્રકરણમાં કરીશું.



આ બધું હોવા છતાં શ્રી બાપુભાઈમાં એક વિરલ ખાસિયત પણ હતી અને તે સરલતાની. તેમની સરળતાને લીધે સ્નેહાધીન સહકાર્યો તેમને હોંશભેર રીસરોષ છોડી સાથ આપ્યા જ કરતા અને અવળચંડા કે કુટિલ સહકારીઓના કૂડકપટ કે વાંધાસાંધા બહુ કારગત થતા નહિ. એટલે તેમને પણ એ છોડી પાંસરા ચાલવું પડતું - નેતરની સોટી જેમ નહિ પણ દરે આવ્યા સર્પની જેમ. સરલતા અને નમ્રતાની તો તેઓ સાક્ષાત્ પ્રતિમા હતા.

શ્રી બાપુભાઈ આચાર્ય તરીકે જોડાયા પછી સંસ્થામાં નવો પ્રાણ આવ્યો. શ્રી ક.પા. કે.ઉ. મંડળના હેવાલો ઉપર દૃષ્ટિ નાખતાં તેની મુખ્ય પ્રવૃત્તિઓનો ખ્યાલ આવે છે. એમાં સર્વવિદ્યાલય હાઈસ્કૂલ; પાટીદાર વિદ્યાર્થી આશ્રમ; ગુજરાત ગૌશાળા; વજ્રાંગ વ્યાયામમંદિર; દાસપુસ્તકાલય; સુથારીવર્ગ, સીવણવર્ગ, મુદ્રણાલયવર્ગ, સંગીત અને બાગાયત જેવી પ્રવૃત્તિઓ મુખ્ય હતી.

કડવા પાટીદાર આશ્રમની વાત કરીએ તો બિનપગારે આશ્રમની દેખરેખ પુરુષોત્તમ પટેલ (દાસકાકા)ના ભાઈ વિઠ્ઠલભાઈ રાખતા. આશ્રમની સ્થાપનાની સાથે છગનલાલ છગનભા બન્યા. તા. ૨૮-૧૦-'૨૦થી શ્રી કુબેરભાઈ છોટાલાલ પટેલને ગૃહપતિ તરીકે નીમવામાં આવ્યા. આશ્રમમાં દાખલ થતી વખતે આશ્રમના નિયમો સ્વીકારે તેને જ પ્રવેશ મળતો. હરકોઈ કોમના વિદ્યાર્થીને આશ્રમમાં દાખલ કરવામાં આવતા. પોતાનું કામ વિદ્યાર્થીએ જાતે જ કરવાનું રહેતું. વિદ્યાર્થીએ સંસ્થાના જ વિદ્યાલયમાં ભણવા જવું પડતું. વિદ્યાર્થીઓને વસ્તુઓ રાખવાની યાદી આપવામાં આવતી. **પહેરવાનાં બધાં જ કપડાં ખાદીનાં હોવાં જોઈએ** એવો આગ્રહ રખાતો.

નાદુરસ્ત તબિયતવાળા વિદ્યાર્થીઓ સિવાય બધાને એકસરખું જમવાનું મળતું. ઘી અને દૂધની માત્રા નક્કી કરવામાં આવી હતી. અડધો શેર દૂધ અને ઘી એક ભાર. નરમ તબિયતવાળા માટે અલાયદી ભોજનવ્યવસ્થા થતી.

આશ્રમના શરૂઆતના છ મહિના સુધી એક વીશીથી વિશેષ નહોતા. સં. ૧૯૭૬-'૭૭-'૭૮ના એકત્ર રિપોર્ટમાં આ વિગતો આપેલી છે. તેમાં વિદ્યાર્થીઓની કુટેવોની પણ ચર્ચા કરી છે. વિદ્યાર્થીઓ ભોંય પર સૂઈ રહેતા. અસાધારણ ઠંડીના દિવસો સિવાય વિદ્યાર્થી ઠંડા પાણી વડે ન્હાતા. સવારસાંજ પ્રાર્થના થતી. ધાર્મિક પ્રવચનો, ભજનકીર્તન પણ થતાં. **હરિજનબાળકો પણ આશ્રમમાં આવતાં, વિદ્યાર્થીઓ સાથે ભળી જતાં. વકીલ ધનાભાઈ સાથે ભણતા હરિજનઆગેવાનોએ આ વાતનો સ્વીકાર કર્યો છે. પૂર્વસંસદસભ્ય શ્રી ખેમચંદ ચાવડા અને શ્રી સોમચંદ સોલંકીએ આ વાતનો સ્વીકાર કર્યો છે.**

શ્રી છગનભા અને શ્રી પોપટભાઈના સંયુક્ત રિપોર્ટમાં જણાવ્યા મુજબ

'સંસ્થામાં કામ કરતાં અમને અનુભવ થયો છે કે, પુરુષાર્થ અને નિસ્વાર્થ સેવાને કંઈ પણ અસાધ્ય નથી. સામાન્ય જનતા હંમેશાં સત્કાર્યને મદદ આપવા તૈયાર જ હોય છે. ખોટ ફક્ત કાર્યકર્તાઓની રહે છે. જો પૂરતા કાર્યકર્તાઓ હોય અને દર વર્ષે ગામેગામ ઉઘરાણાના કાર્ય માટે પ્રયત્ન કરવામાં આવે, તો સંસ્થાને કોઈપણ દિવસ નાણાં માટે ચિંતા કરવી નહિ પડે.'

શાળામાં ઉત્તમ અનુભવ ધરાવતા શિક્ષકો આવ્યા. તેમણે આશ્રમનો વહીવટ કેવા પ્રકારનો હોવો જોઈએ; આપણો આશ્રમ કઈ પદ્ધતિ પર ચાલે છે; તેમાં શું શું ખામીઓ છે; તે ખામીઓ દૂર કેવી રીતે થાય જેવી બાબતો પર સમૂહમાં ઘણી વાટાઘાટો - ઘણા વિચારો, યોજનાઓ કરી. શંકાઓ અને સમાધાનો થતાં. બાદ હાલમાં ભવિષ્યને માટે ચોક્કસ યોજના ઘડી કાઢવામાં આવી છે. વિદ્યાર્થીઓમાં ઉત્તમ ગુણો ને ભાવનાઓનો વિકાસ થાય તે માટે આશ્રમમાં નીચેની બાબતો પર ખાસ ધ્યાન આપવામાં આવતું.

(૧) વિદ્યાર્થીઓને જનકોલાહલથી બને તેટલા દૂર રાખવા.
(૨) વિદ્યાર્થીઓનાં મન, વાણી અને શરીર હંમેશાં નિર્મળ રહે એવા જ સંજોગોમાં તેઓને મૂકવા.
(૩) નિયમિતતા પર ખાસ લક્ષ રાખવું.
(૪) સાદાઈને ચાહતા કરવા.
(૫) પરસ્પરમાં પ્રીતિ અને સહાનુભૂતિ થવાની લાગણીઓને ખીલવવી.
(૬) જેમ બને તેમ ઓછી જરૂરિયાતોથી નિભાવી લેવાની ટેવ પાડવી.
(૭) મહેનતથી ડરે નહિ તેવા ખડતલ બનાવવા.
(૮) તે જે કામ કરે તે પોતપોતાની જાતે કરી લે તેવી ટેવ પાડવી.
(૯) પરસ્પરમાં અને સર્વમાં ઊંચનીચના ભેદ ભુલાવી, સમાન દૃષ્ટિ રાખતા કરવા.
(૧૦) પ્રભુમાં વિશ્વાસ અને શ્રદ્ધા રાખતા અને ધર્માજ્ઞાઓને અનુસરતા કરવા.

ક. પા. કે. ઉ. મંડળના હેવાલો વાંચતાં લાગે છે કે આ ટેન કમાન્ડમેન્ટનું અમલીકરણ કરવા માટે શિક્ષકો, ગૃહપતિઓ અને સંચાલકો ખડેપગે કામ કરતા. આશ્રમના વિદ્યાર્થીઓનો માનસિક, શારીરિક વિકાસ થાય તે માટે તેઓ સતત જાગૃત રહેતા.

૧૯૨૬ - '૨૭નો અહેવાલ જોતાં જણાય છે કે આશ્રમમાં વિદ્યાર્થીઓની સંખ્યા ૧૨૯ થઈ. કસરત અને રમતો એ તો વિદ્યાર્થી જીવનનો પ્રાણ છે. વિદ્યાર્થીઓ માટે કસરત ફરજિયાત હતી. વ્યાયામશાળાની જવાબદારી શ્રી ગોવિંદલાલ ગી. દેસાઈએ સ્વેચ્છાએ ઉપાડી હતી. **કડી પ્રાંત મારુતી મહોત્સવનું** આયોજન આ **સંસ્થામાં** થયું હતું. તે બાપુભાઈ ગામી અને શ્રી ગોવિંદભાઈ દેસાઈના પુરુષાર્થબળે થયું હતું.



વિદ્વાનો અને વિદ્યાપ્રેમીઓને સંસ્થામાં આમંત્રિત કરવામાં આવતા. કોઈવાર વિવેકાનંદના શિષ્યો પણ આવતા. સત્યાગ્રહ આશ્રમમાંથી આવેલા વિદ્યામંદિરના અધ્યાપક શ્રી છગનલાલ જોષીએ વિદ્યાર્થીઓને સ્વચ્છતા, ખેતી અને કાંતવાના ધર્મ સંબંધી ઉપદેશ આપ્યો હતો. તેમણે આશ્રમમાં શ્રી બાપુભાઈ ગામીને એક પત્ર લખેલો. તેમાં આશ્રમમાં અપાતા મિષ્ટ ભોજનથી વિદ્યાર્થીને થતા નુકસાન અંગે તેમ દેશની પરિસ્થિતિનો તેમાં ખાસ ઉલ્લેખ હતો. શ્રી બાપુભાઈએ તે પત્ર **'કેળવણી ત્રૈમાસિક'**માં છાપ્યો હતો અને તેનો જવાબ આપ્યો હતો. તેઓ શ્રી જોષીના મત સાથે સંમત હતા. લગભગ ૨૦ હસ્તલિખિત પત્રો બહાર પડતાં. સવારે ૫-૩૦ કલાકે ઊઠી જવાનું રહેતું.

ભા અને કાર્યકર્તાઓ બાળલગ્નના વિરોધી હતા. તેમણે એક નવો નિયમ દાખલ કર્યો. ૧૮ વર્ષ સુધી તેને કુંવારો રાખવાની લેખિત કબૂલાત આપે તેની માસિક ફી રૂ. ૬ લેવામાં આવતી. ૧૨ જણાએ કબૂલાત આપી હતી. એમાં સરઢવના ચાર વિદ્યાર્થીઓ હતા : ખોડાભાઈ પ્રભુદાસ, ચંદુલાલ મથુરદાસ, ગોરધનભાઈ ઈશ્વરદાસ અને ભોળીદાસ મોતીદાસ.

**શ્રી કડવા પાટીદાર વિદ્યાર્થીઆશ્રમ, કડી**
વાર્ષિક હેવાલ - ૧૯૨૭-'૨૮

**આશ્રમમાં ૧૫૮ વિદ્યાર્થીઓના વાલીના ધંધાની વિગત**

| ખેતી | વેપાર | ખેતી/ વેપાર | સરકારી નોકરી | ખાનગી નોકરી | મજૂરી | ધીરધાર/ ખેતી | કુલ |
|---|---|---|---|---|---|---|---|
| ૯૩ | ૧૦ | ૧૮ | ૮ | ૧૦ | ૨ | ૮ | ૧૪૯ |

**પરણેલા - પૂંખાયેલા - રાંડેલા તથા કુંવારા વિદ્યાર્થીઓની ધોરણવાર વિગત નીચે મુજબ છે.**

| ધોરણ | કુંવારા | પરણેલા | પૂંખાયેલા | રાંડેલા/વિધુર | કુલ |
|---|---|---|---|---|---|
| ૭ | ૦ | ૦ | ૨ | ૦ | ૨ |
| ૬ | ૧ | ૨ | ૬ | ૧ | ૧૦ |
| ૫ | ૪ | ૫ | ૬ | ૦ | ૧૫ |
| ૪ | ૪ | ૭ | ૭ | ૧ | ૧૯ |
| ૩ | ૧૨ | ૭ | ૮ | ૦ | ૨૭ |
| ૨ | ૧૨ | ૨૨ | ૫ | ૧ | ૪૦ |
| ૧ | ૧૫ | ૧૮ | ૨ | ૧ | ૩૬ |
| | ૪૮ | ૬૧ | ૩૬ | ૪ | ૧૪૯ |

બાળલગ્નની તાસીર આપતા આંકડા જોતાં લાગે છે કે કાર્યકરો કેટલી ચોક્સાઈ રાખતા હતા.

**વર્ષ દરમ્યાન આશ્રમમાં થયેલી રસોઈ**

**૧૯૨૬ એપ્રિલ થી ૧૯૨૭ માર્ચ સુધી**

| રોટલી દાળભાત શાક | ભાખરી શાક દૂધ | રોટલા શાક દૂધ | ખીચડી રોટલા શાક | કઢી/કઠોળ રોટલી | દાળભાત તથા છૂટું | મિજબાની .... | કુલ .... | મિજબાની માત્ર દૂધ | કુલ .... |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૨૬૧ | ૧૪૮ | ૬૪ | ૩૪ | ૨૮ | ૫૧ | ૩૧ | ૬૯૯ | ૩૧ | ૭૩૦ |

**આ વર્ષના મિષ્ટાન્ન આપનાર ગૃહસ્થો**

૧. ગંગારામ નથુભાઈ, વીડજ
૨. હરજીવન ભગવાનદાસ, ભાવનગર
૩. તુલસીદાસ ગોપાળદાસ, કડી
૪. અંબાલાલ અમથાલાલ, કાંઝ
૫. અંબાલાલ અમથાલાલ, કાંઝ
૬. રુગનાથ પુરુષોત્તમ, વીરમગામ
૭. સોમનાથ રૂપજી, અમદાવાદ
૮. સોમનાથ રૂપજી, અમદાવાદ.

૧૯૩૨-'૩૩ના નિવેદનમાં જણાવ્યું છે કે, વિદ્યાર્થી-આશ્રમ એ વિદ્યાર્થીનું ઘર છે. તેને ઘરનો પ્રેમ અને વાતાવરણ મળે તે જરૂરી છે. 'ભા', ગૃહપતિઓ અને આચાર્યો તેવું વાતાવરણ પૂરું પાડતા.

૧૯૩૪-'૩૫નાં નિવેદનોમાં આશ્રમ સુંદર પ્રગતિ કરી રહ્યો છે તેનો અહેસાસ થયો. ઉત્સવો ઉજવાતા, રમત હરીફાઈઓ ગોઠવાતી, ચર્ચાસભાઓ તો ખરી જ. ગાંધીજયંતી, ટિળકજયંતી પણ ઉજવાતી. સંવાદો, નાટકો રજૂ થતાં. આ સમય દરમિયાનમાં શ્રી બાપુભાઈ ગામી મુખ્ય ગૃહપતિની ફરજ બજાવતા. તેમણે લખેલો આ લેખ આજના ગૃહપતિઓએ મનન કરવા જેવો છે.

## આપણાં છાત્રાલયો

છાત્રાલયો વિદ્યાર્થીઓને કેવળ ખાવાપીવા અને રહેવાની સગવડ કરી આપનાર **વીશીઓ નથી, પણ બાળકોના જીવનને યોગ્ય માર્ગે વાળનાર અને ઘડનાર કેળવણીની સંસ્થાઓ છે એ હવે કેટલેક અંશે સ્વીકારવા લાગ્યું છે.** છાત્રાલયોનો જ્યારે આપણે કેળવણીની દૃષ્ટિએ વિચાર કરીશું ત્યારે જ આપણાં બાળકોમાં ખરો પ્રાણ આવશે. જ્યાં બાળકોને ચોવીસે કલાક સમૂહમાં રહેવાનું છે અને જ્યાં જીવનના લગભગ



બધાય પ્રશ્નો ખડા થાય છે ત્યાં જ બાળકોની વિવિધ શક્તિઓનો વિકાસ રહેલો છે તે આપણે ભૂલવું જોઈતું નથી.

જ્યારે દરેક સંસ્થાનો તે સંસ્થાના દૃષ્ટિબિન્દુથી વિચાર કરીએ છીએ ત્યારે જ આપણે સાચા વિચારો કરી શકીએ છીએ. વેપારના કારખાનાનો, વેપારીની આર્થિક દૃષ્ટિએ વિચાર કરવો ઘટે, તેમાં હંમેશાં ખર્ચ કરતાં વધુ ઉત્પન્નની દૃષ્ટિ હોય તો જ વેપારનો વિકાસ થાય. વેપારમાં નાણાં અને નફો પ્રધાનપદે હોય છે, બાકીની વસ્તુઓ ગૌણ હોય છે. આવી દૃષ્ટિથી વેપાર ચલાવનાર વેપારી વિજયી નિવડે છે. તેમજ કાયદા ઘડવાની સંસ્થાઓ અને કચેરીઓ કાયદાને પ્રધાનપદે રાખી ચાલે તો જ તે પ્રતિષ્ઠા જમાવી શકે છે અને લોકોને સંતોષ આપી શકે છે. આવી સંસ્થાઓમાં કાયદાઓમાં ચૂંથણાં-વાદવિવાદ બધુંયે શોભે. પણ આવી કાયદાબાજી જો કોઈ વેપારી કે કેળવણીની સંસ્થા કરવા જાય તો તે પોતાના ધ્યેયથી દૂર જાય, પોતાને કરવાનાં કામો બાજુએ રહી જાય અને શક્તિનો નિરર્થક વ્યય થાય.

છાત્રાલય એ એક કેળવણીની સંસ્થા હોઈ તેનો વિચાર કેળવણીના દૃષ્ટિબિન્દુથી થવો જોઈએ. છાત્રાલયમાં મુખ્ય વસ્તુ બાળકોના જીવનનું ઘડતર છે. બાળકોના જીવનનો વિકાસ એ મુખ્ય વસ્તુ છે. એટલે છાત્રાલયમાં તેને કેન્દ્રસ્થાને રાખી બીજી દરેક બાબતનો વિચાર કરી શકાય. શું કરવાથી બાળકો પોતાની શક્તિઓનો સાચો વિકાસ કરી શકે છે એ વિચાર હંમેશાં છાત્રાલયના સંચાલકોની સન્મુખ હોવો જોઈએ. બાળકોને રહેવા માટે આલીશાન મકાનો નહિ હોય તો ચાલશે, બાળકો માટે સાધન સામગ્રીની ઊણપ હશે તો બાળકો નિભાવી લેશે, ધમધમાટ દાળશાક અને નાની પાતળી રોટલીઓ થતી નહિ હોય તોય નભશે, પણ બાળકોને દોરનાર, તેને મૂંઝવતા અનેક પ્રકારના બૌદ્ધિક અને સામાજિક કોયડાઓનો ઉકેલ આણનાર, તેની છિન્ન ભિન્ન થઈ જતી શક્તિઓને સુમાર્ગે વાળનાર; **તેનો સાચો મિત્ર અને સલાહકાર ગૃહપતિ નહિ હોય, તો બાળકોની આંતરશક્તિઓ ઠૂંઠવાઈ જશે. બાળકના જીવનના દરેકેદરેક ખૂણાનો વિચાર કરનાર, બાળકને હૂંફ અને પ્રકાશ આપી તેના જીવનને ઉન્નત અને ઉલ્લાસિત કરનાર ગૃહપતિને બાળક માંગે છે. કેવળ રસોડાની વ્યવસ્થા કરી, પોલીસની માફક બાળકની પ્રવૃત્તિઓ ઉપર ચોકી રાખનાર, કાયદો, દંડ અને ધાકધમકીથી છાત્રાલયનો વ્યવહાર ચલાવનાર ગૃહપતિ એ સાચો ગૃહપતિ નથી અને એવું છાત્રાલય એ સાચું છાત્રાલય નથી અને એ પ્રમાણેનું છાત્રાલય ચલાવવાથી કશો અર્થ પણ સરતો નથી.**

છાત્રાલયનું મકાન અને સાધનસગવડો એ છાત્રાલયનું શરીર છે. છાત્રાલયમાં રહેતાં બાળકો એ છાત્રાલયની પ્રાણશક્તિ છે અને ગૃહપતિ એ છાત્રાલયનું પ્રેરક

બળ છે. જ્યાં પ્રેરક બળ નથી હોતું ત્યાં શરીર અને શક્તિ નકામાં થઈ પડે છે. શક્તિ કાં તો જડવત્ પડી રહે છે કે અનિયંત્રિતપણે ઉછાળા મારી જીવનને તોડી ફેંકી દે છે. આ શક્તિનો સાચો ઉપયોગ કરવા માગતા હોઈએ; તેને કાબૂમાં લઈ તેની પાસે વરાળશક્તિ અને વિદ્યુતશક્તિ માફક મોટા મોટા કામો કરાવવા માગતા હોઈએ; તો તેને પ્રેરનાર, કાબૂમાં રાખનાર અને આગળ દોરનાર પ્રેરકબળની પ્રથમ જરૂરિયાત રહે છે. એટલે જો બાળકોના સાચા છાત્રાલયજીવનનો વિકાસ સાધવા માગતા હોઈએ તો રૂપિયા-આના-પાઈનો વિચાર કર્યા સિવાય સાચા ગૃહપતિની વ્યવસ્થા દરેક છાત્રાલયે પ્રથમ કરી લેવી એ અત્યંત જરૂરની વસ્તુ છે.

જીવનનું ઘડતર એ આંતરકાર્ય છે અને છાત્રાલય એ જીવન ઘડનાર સંસ્થા છે. બીજી સંસ્થાઓની માફક બહારની વસ્તુઓથી તેનું કામ માપી શકાતું નથી. છાત્રાલયની કિંમત પરીક્ષાનાં પરિણામો ઉપરથી નક્કી થઈ શકે નહિ; તેનાં મકાનો અને બહિર્વ્યવસ્થાથી તેની કિંમત આંકી શકાય નહિ; પણ છાત્રાલયના વિદ્યાર્થીઓએ જીવનઉપયોગી કેટલી તાલીમ લીધી છે; સ્વાશ્રય, સ્વતંત્રતા, સેવા અને સ્વાવલંબનના કેટલા અંશો તેના જીવનમાં ઊતર્યાં છે; જીવનશક્તિનો વિકાસ કેટલા પ્રમાણમાં સધાયો છે તેના ઉપરથી જ છાત્રાલયની કિંમત આંકી શકાય છે.

હવે આપણે ઠેરઠેર છાત્રાલયો ખોલ્યાં છે એટલે છાત્રાલયના શાસ્ત્રનો અભ્યાસ કરી તેનો સાચો વિકાસ કરવા આપણે પ્રયત્નો કરવા જોઈએ. આ કામ મુશ્કેલ તો છે જ. બધાયના સહકાર વિના બનવું શક્ય નથી. છાત્રાલયના ચાલકોમાં દીર્ઘદૃષ્ટિ, ઉદારતા, સાચો સહકાર, સંપ અને પ્રેમ હશે તો જ આપણે જીવતાં છાત્રાલયો રચી શકીશું અને સામાજિક પ્રગતિ સાધી શકીશું. પરમાત્મા આપણને સાચી દૃષ્ટિ આપો.

**मा विद्विषावहै**

**– બાપુભાઈ વિ. ગામી**

સર્વ વિદ્યાલય, કડી

ઈ. સ. ૧૯૩૪

૧૯૩૫-'૩૬ના નિવેદનના આધારે કહી શકાય કે, શારીરિક વિકાસ પર ધ્યાન આપવામાં આવતું. મહેસાણા વ્યાયામસંમેલનમાં ૩૭ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. ગાંધીજયંતીને દિવસે વિદ્યાર્થીઓએ ૨૪ કલાક – અખંડ બે રેંટિયા ચલાવ્યા હતા. છાત્રાલયસંમેલનો પણ ભરવામાં આવતાં. દક્ષિણામૂર્તિ સંસ્થાવાળા નાનાભાઈ ભટ્ટ અને વિદ્યાપીઠમાંથી શ્રી વિઠ્ઠલભાઈ કોઠારી, બબલભાઈ મહેતા, રવિશંકર મહારાજ, ડૉ. સુંમત મહેતા, રામનારાયણ પાઠક, નૃસિંહપ્રસાદ ભટ્ટ વગેરે આશ્રમમાં મહેમાન તરીકે આવ્યા હતા.

૧૯૩૬ના હેવાલમાં જણાવ્યા મુજબ વડોદરારાજ્ય પુસ્તકાલયમંડળ તરફથી



તા. ૨૭-૯-'૩૬ના રોજ બ્રુકર ટી. વોશિંગ્ટનની પરીક્ષામાં ૧૫ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. જેમાં બેચરભાઈ મથુરભાઈને સારા લખાણ માટે રૂ. ૧ ઈનામ મળ્યું હતું. ઈતરવાચનની પરીક્ષાઓ લેવાતી. સત્તર જેટલા વિષયો પર ચર્ચાઓ ગોઠવાઈ હતી. એમાં **મૂર્તિપૂજા, સમાજજીવનમાં યુવકો, નાગરિક ધર્મ, અંત્યજઉદ્ધાર, સૌંદર્ય-ઉપાસના, અમેરિકાના અનુભવો** જેવા વિષયો હતા. **વિષયક્રમ** પ્રમાણે વક્તાઓ હતાઃ સર્વશ્રી પુરુષોત્તમ દાસકાકા; છ. રા. પટેલ; શ્રી ભટ્ટ; કડીના મુનસફ; પ્રો. સ્વામિનારાયણ; શ્રી બાપાલાલ દલાલ અને શ્રી મહાદેવપ્રસાદ (એમ.ડી.).

મોટા વિદ્યાર્થીઓ માટે શનિવારે, અને નાના વિદ્યાર્થીઓ માટે ગુરુવારે ચર્ચાસભા રાખવામાં આવતી.

**શનિવારની સભામાં વિષયો હતા** : વિદ્યાર્થીઓ અને ખેડૂત, સ્ત્રીકેળવણી, છાત્રોદય, આધુનિક કેળવણી, લગ્નસંસ્થા, પર્યટનો, અંત્યોદ્ધાર, ગામડાંના ઉદ્યોગો, આદર્શ ગૃહપતિ, સમાજમાં સ્ત્રીનું સ્થાન, સમાજવાદ, સાહિત્યની અતિવૃદ્ધિ, સંપૂર્ણ મદ્યનિષેધ, જ્ઞાતિભેદની જરૂર છે ? સહશિક્ષણ, કલમ કે તલવાર ? અભિવ્યક્તિ, સમાજસેવા, વિદ્યાર્થીઓ અને રાજકારણ, પ્રેમ, અહિંસા, વિશ્વશાંતિ, જીવનમાં ઉત્સવો અને કથાનું સ્થાન વગેરે.

**ગુરુવારની સભામાં** : વ્યસનો, સ્વચ્છતા, બાળલગ્ન, ન્યાતવરો, હું નેતા હોઉં તો ગ્રામસેવા, ખોટા વહેમો, જવાહરલાલ નહેરુ, હિન્દની સ્થિતિ, દેશાટન, વ્યાયામ, કેળવણી, ગામડું કે શહેર ? મહાત્મા ગાંધીજી, કસરત અને તેના ફાયદા, કેળવણી, શ્રીમંત સયાજીરાવ, અમારા પ્રધાનો, ક્ષમા વગેરે જેવા વિષયો રહેતા.

આશ્રમની ઉત્તરોત્તર પ્રગતિ થતી જતી હતી. ૧૯૨૦-'૨૧માં ૨૪ વિદ્યાર્થીઓ હતા એ ૧૯૩૯-'૪૦માં આંકડો ૧૮૭ એ પહોંચ્યો. પરિણામો પણ સરસ આવતાં. ૧૯૩૮માં ૯૦ ટકા અને ૧૯૩૯માં ૧૦૦ ટકા પરિણામ આવ્યાં હતાં. ઉદ્યોગ-પ્રવૃત્તિની સાથે ઐચ્છિક કાંતણવણાટ વિભાગ શરૂ કરવામાં આવ્યો છે, જેમાં ૩૧ કિશોરો રેંટિયો કાંતે છે.

આ સંસ્થા પાસે સમૃદ્ધ પુસ્તકાલય પણ છે. ઈ.સ. ૧૯૨૬-'૨૭ના નિવેદનમાં જણાવ્યા મુજબ એમાં નીચેનાં પત્રો આવતાં.

**દૈનિકો : મુંબઈ સમાચાર,** ૧૯૩૪માં **નવભારત** અને **ફ્રી પ્રેસ જનરલ** આવતાં.

**અઠવાડિકો : Young India, નવજીવન, સયાજીવિજય, નવગુજરાત, પ્રજાબંધુ, ગુજરાતી પંચ, આર્યપ્રકાશ, ગુજરાતી**

**માસિકો : સરસ્વતી, બાલસખા** વ. હિન્દી; **Physical culture,**

**Modern Review, Welfare** વ. અંગ્રેજી; **કુમાર, જ્ઞાનપ્રચાર, બાલમિત્ર, ગુજરાત સાહિત્ય, બાલજીવન, પાટીદાર, ગુણસુંદરી, પ્રસ્થાન, વસંત, વ્યાયામ, ચિત્રમય જગત, ખેતીવાડીવિજ્ઞાન, શિક્ષણપત્રિકા, શ્રીબોધ, સુવર્ણમાલા, પુસ્તકાલય, ચેતન** વ. ગુજરાતી.

**દ્વૈમાસિક : સાબરમતી, બાળક,**

**ત્રૈમાસિક : કૌમુદી, દક્ષિણામૂર્તિ, કેળવણી, સૌરાષ્ટ્ર શિક્ષક.**

ઈ. સ. ૧૯૨૭માં **મંડળવિભાગના** નામે **પાટીદાર કેળવણી મંડળ સમાચાર**માં ક.પા.કે.ઉ. મંડળના મંત્રી છગનલાલ પીતાંબરદાસ પટેલે ઉદાર ધનાઢ્ય ભાઈઓને વિનંતી કરતો પત્ર બહાર પાડેલો :

"આપ જાણો છો કે આ સંસ્થા જનસમાજની દાનવૃત્તિ અને સહાનુભૂતિ ઉપર ટકી રહી છે. બાળકનો સર્વમુખી વિકાસ સાધવા આ સંસ્થા પ્રયત્ન કરી રહી છે એટલે દર વર્ષે તેનું ચાલુ ખર્ચ નિશ્ચિત દશથી પંદર હજાર રૂપિયા થાય છે.

મુખ્યત્વે કરીને વર્ષોવર્ષ સંસ્થા ગામડાના સામાન્ય સ્થિતિના માણસો પાસેથી અકેક રૂપિયો ઉઘરાવી પોતાનું ખર્ચ કાઢે જાય છે. અત્યાર સુધી ગામડાના પાટીદાર ભાઈઓ ઉદાર દષ્ટિથી આ સંસ્થાને પોષવા તન, મન અને ધનથી મદદ કરતા આવ્યા છે.

ચાલુ સાલે આખાય ગુજરાતમાં અતિવૃષ્ટિને લીધે ગામડાં અને તેની ખેડૂત પ્રજા બહુ જ કફોડી સ્થિતિમાં આવી પડી છે. અનેક જણ ઘરબાર વિનાનાં થઈ પડ્યાં છે. ખેતરો ધોવાઈ ગયાં છે, પ્રથમ પાક નિષ્ફળ ગયો છે, અમૂલ્ય ખાતરો પાણીથી ઘસડાઈ ગયાં છે. જ્યાં આવી સ્થિતિ પ્રવર્તતી હોય ત્યાં સંસ્થા પોતાના ફાળાની શી આશા રાખી શકે ? કોઈપણ ગામમાં જઈ સંસ્થા માટે આ સાલે ઉઘરાણું કરવા જેવું રહ્યું નથી અને કદાચ ફંડ પ્રવૃત્તિ માટે ફરવામાં આવે તોપણ નિષ્ફળતા સિવાય બીજું શું હોઈ શકે ?

સંસ્થા પાસે સ્થાયી ફંડ નથી કે તે પોતાનું ચાલુ ખર્ચ તેના વ્યાજમાંથી કાઢી શકે. આવી સ્થિતિમાં મારી નજર જ્ઞાતિના કે અન્ય ધનાઢ્ય ભાઈઓ તરફ જ સ્વાભાવિક રીતે પડે છે. જે ધનાઢ્ય ભાઈઓ અતિવૃષ્ટિના સંકટમાં સપડાયેલાં ભાઈબહેનોને ઉદાર દિલે મદદ કરી છે અને કરી રહ્યા છે તે જ ભાઈઓ ખેડૂતના પૈસા ઉપર નભતી આ સંસ્થાને પણ પોતાના હૂંફાળા આશ્રય તળે લેશે જ એવી મને આશા રહે છે.

ભલે સંસ્થા ઉપર અતિવૃષ્ટિની સીધી અસર ન થઈ હોય, પણ તેની આડકતરી અસર તો ઘણી જ છે. જેના વડે સંસ્થા જીવે છે તે જ મૂળ ઉપર પ્રહાર થયા છે.



એટલે તે પ્રહારો સંસ્થા ઉપર જ પડ્યા છે એમ સમજવાનું છે.

ભાઈઓ, મારી આ નમ્ર યાચના પ્રત્યે પૂર્ણ ધ્યાન આપી, **'ફૂલ નહિ તો ફૂલની પાંદડી'**ના ન્યાયે આ સંસ્થાને મદદ કરી તેની ઊગતી પ્રવૃત્તિઓને પોષણ આપવા ઉદાર હાથ લંબાવશો જ."

આપનો સ્નેહાધીન,
**છગનલાલ પીતાંબરદાસ પટેલ**
મંત્રી,
ક.પા. કે. ઉ. મંડળ.

## ઈ.સ. ૧૯૨૬-૨૭ : શ્રી કડવા પાટીદાર કેળવણી ઉત્તેજક મંડળ - કડી

વાર્ષિક હેવાલમાં જણાવ્યા મુજબ વર્ષની શરૂઆત એક દુ:ખદ પ્રસંગથી થઈ. વર્ષની શરૂઆતમાં કેટલાંક અનિવાર્ય કારણોને લઈને એક ગંભીર સ્થિતિ ઊભી થવા પામી હતી. સંસ્થાના કાર્યકર્તાઓ વચ્ચે, સંસ્થાના વહીવટ સંબંધી ગંભીર મતભેદ ઉત્પન્ન થયો હતો અને સંસ્થાને વિકટ કસોટીમાંથી પસાર થવાનું હતું. આ પ્રસંગે સમગ્ર સંસ્થાનું હિત દૃષ્ટિ સન્મુખ રાખી કેટલીક કડવી ફરજો બજાવવાની દુ:ખદ સ્થિતિ ઊભી થઈ હતી. એને પરિણામે સંસ્થામાં મૂળથી કામ કરતા એક આજીવન સ્વયંસેવક ભાઈ શ્રી કુબેરભાઈ છોટાલાલ પટેલની સેવાનો લાભ સંસ્થાને જતો કરવો પડ્યો છે.

આપણે આશા રાખીએ કે એ ભાઈ સ્થૂળદષ્ટિએ સંસ્થાથી છૂટા થયા છે પણ સૂક્ષ્મદષ્ટિએ તેમનો સંબંધ સંસ્થા સાથે કાયમનો રહે અને અત્યાર સુધી અંદર રહી સંસ્થાની પ્રગતિ અને વિકાસ માટે જે પ્રયત્નો કરતા હતા તે હવે બહાર રહી સંસ્થાની શુભ પ્રવૃત્તિઓમાં પોતાની સહાનુભૂતિ અને મદદ ચાલુ રાખે.

જ્ઞાતિહિતેચ્છુઓ ! સંસ્થાને દૃઢ પાયા પર મૂકતાં અને પૂર્ણ વિકાસ સાધતાં પહેલાં આપણે આવી અનેક કસોટીઓમાંથી પસાર થવું પડશે, અનેક વાવાઝોડાંના પ્રહારો સહન કરવા પડશે અને અનેક મુશ્કેલીઓમાંથી પસાર થઈ પાર ઊતરવું પડશે. આપણે તો એવું ઇચ્છીએ કે, આ બધા પ્રસંગોમાં આપણી દૃષ્ટિ હંમેશાં સંસ્થાના હિત તરફ રહે, સંસ્થાની શુદ્ધતા ઉપર રહે, સંસ્થાના વિકાસ તરફ રહે. આપણે હંમેશાં સત્યપરાયણ રહી આપણા કાર્યમાં તન, મન, ધનથી આપણા પ્રયત્ન ચાલુ રાખીએ ! પ્રભુ આપણને સંસ્થાનું, જ્ઞાતિનું અને આખા જનસમાજનું શ્રેય કરવા પ્રેરણા અને બળ અર્પો ! સંસ્થાની ફંડપ્રવૃત્તિ જોરદાર ચાલતી હતી, પરંતુ શ્રી ગામી માત્ર સંસ્થાઓ પર ધ્યાન આપતા અને ભાની સામે મસલત કરી નિર્ણયો લેતા. કડી ક.પા.

કે.ઉ.મંડળમાં નાયબદીવાન શ્રી ગોવિંદભાઈ દેસાઈ પધાર્યા તેનો સંપૂર્ણ અહેવાલ તા. ૩૦ ઓગસ્ટ, ૧૯૨૭માં બાપુભાઈએ લખ્યો હતો. જૂના-નવા વિદ્યાર્થીઓના દ્વિતીય સંમેલન બાબતે તેમને વિગતે લેખ લખ્યો હતો. અને શશરી કાલેકરનું સંપૂર્ણ વક્તવ્ય તેમને છાપ્યું હતું. તેમને સારા શિક્ષકો મળે તે હેતુથી પાટીદાર શિક્ષક પ્રવૃત્તિઓને તેમને ધમધમતી રાખી. સંખ્યા વિષે, કન્યાકુંજ અને ગૌશાળા વિષે જે જાહેરખબરો આપી તે તેઓ તૈયાર કરતા. સર્વ વિદ્યાલયનું બાર વાર્ષિક સંમેલન યોજાયું તેમાં તેઓ સક્રિય હતા. સહમંત્રી તરીકે તેમને નિવેદન રજૂ કર્યું હતું. મારુતિ વ્યાયામ સંમેલનના મુખ્ય આયોજક અને જન્મદાતા પણ હતા.

## નાયબદીવાન રા. બા. ગોવિંદભાઈસાહેબનું
## ક. પા. કે. ઉ. મંડળ - કડીમાં આગમન

ભાદરવા સુદી ૪ - ગણેશ ચતુર્થીના દિવસે વડોદરારાજ્યના નાયબદીવાન રા. બા. ગોવિંદભાઈ સાહેબે, કડી પ્રાંતમાં અતિવૃષ્ટિથી થયેલી ખરાબીની જાતમાહિતી મેળવવા ફરતાં ફરતાં કડવા પાટીદાર કેળવણી ઉત્તેજક મંડળ - કડીની અચાનક મુલાકાત લીધી. તેઓશ્રીની સાથે પ્રાંતના સૂબાસાહેબ તથા નાયબસૂબાસાહેબ પણ પધારેલા હતા. આ પ્રસંગે આપણી કોમને તથા સંસ્થાના કાર્યને ઉદ્દેશી તેમણે જે વચનો કહ્યાં તે ખરેખર વિચારવા જેવાં જ છે.

વિદ્યાર્થીઓનો, સંગીત-કસરત વગેરેનો સામાન્ય કાર્યક્રમ થયા બાદ, સંસ્થાના મંત્રી શ્રી છગનલાલ પીતામ્બરદાસે સંસ્થાનો સંક્ષેપમાં ઇતિહાસ કહ્યો. હાલ સંસ્થામાં જે કાર્ય થઈ રહ્યું છે અને સંસ્થા જે સ્થિતિએ આવી ઊભી છે તેનું ટૂંકમાં દિગ્દર્શન કરાવ્યું. તાલુકા પંચાયત, પ્રાંતપંચાયત તથા શ્રી મહારાજાસાહેબ તરફથી સંસ્થાને જે ઉદાર મદદ મળે છે, તથા રાજ્યના નાનાથી તે મોટા અમલદારો સંસ્થા પ્રત્યે જે મમતા અને સહાનુભૂતિ બતાવી રહ્યા છે તેનો અંતઃકરણપૂર્વક આભાર માન્યો. સંસ્થાનો વહીવટ કોમી હોવા છતાં તેમાં સર્વ જ્ઞાતિનાં બાળકોને લાભ આપવામાં આવે છે તે પણ જણાવ્યું. તથા સંસ્થાએ રાજ્ય પાસે ખેતીવાડીના શિક્ષણની અનુકૂળતા કરી આપવા જે માગણીઓ કરી છે તેનો ઉદાર દૃષ્ટિથી વિચાર કરવા વિનંતી કરી. છેવટે, રા. બા. ગોવિંદભાઈસાહેબે પધારી સંસ્થાના કાર્યકર્તાઓ અને વિદ્યાર્થીના ઉત્સાહમાં જે વૃદ્ધિ કરી તે બદલ તેમનો અંતઃકરણપૂર્વક આભાર પ્રદર્શિત કર્યો.

ત્યારબાદ રા. ગોવિંદભાઈસાહેબે, પોતાની મીઠી અને મળતાવડી વાણીમાં કાર્યકર્તાઓ તથા વિદ્યાર્થીઓને સંબોધી નીચે પ્રમાણે જણાવ્યું :



**'મંત્રીશ્રી છગનલાલ, અન્ય કાર્યકર્તાઓ અને વિદ્યાર્થીઓ,**

**તમારી સંસ્થાની આ પ્રથમ મુલાકાત લેતાં હું ઘણો જ ખુશી થયો છું. આ પ્રસંગ પહેલાં પણ મને સંસ્થાની ભેટ લેવા નિમંત્રણો મળેલાં, પણ સરકારી કામના સંજોગોમાં મારાથી આવી શકાયું નહિ. આજે આવી, હું જે કંઈ જોઉં છું તેથી મને આનંદ થાય છે.**

તમારી કોમના સંબંધમાં હું ઘણાં વર્ષથી આવ્યો છું. તેના જેવી ઉદ્યોગી અને પ્રેમાળ કોમ બીજી કોઈ નહિ હોય. તેને હું અંતઃકરણથી ચાહું છું. જ્યારે જ્યારે મને તમારી કોમના સંબંધમાં આવવાની તક મળેલી ત્યારે ત્યારે મેં તમારા લાભની અનેક વાતો કહી છે. મેં ઘણીવાર કહ્યું છે કે તમો બહુ ઉદ્યોગી છો. તમારા ઉદ્યોગના પ્રમાણમાં આવાં અંધારાવાળાં ઘરને બદલે તમોને તો હવેલીઓ જોઈએ અને ગાડાંઓને બદલે તમે મોટરો વાપરતા થાઓ એટલી સમૃદ્ધિ તમને મળવી જોઈએ. આ બધું કરવા તમોને કેળવણીની જરૂર છે. તે સાથે તમારી કોમમાં જે કઢંગા રિવાજો ચાલી રહ્યા છે તે બંધ કરવા જોઈએ. દુનિયામાં કોઈપણ કોમ એવી નથી કે જ્યાં ઢીંગલાઢીંગલીની પેઠે લગ્ન થતાં હોય. 'માતા' બોલે ત્યારે દસદસ કે બારબાર વર્ષે લગ્ન કરવાં એના જેવી એકે મૂર્ખાઈ નથી. આ સંબંધી મેં ચાણસ્માના અને સિદ્ધપુરના આગેવાનો સાથે વાતો કરી છે. **ઈ.સ. ૧૯૧૨માં શ્રી છગનલાલ પીતાંબરદાસે મને કહ્યું કે, 'મારા કુટુંબમાં એક છૂટક લગ્ન કરવાનું છે.' મેં જણાવ્યું કે આવા પ્રસંગે તમે મને નિમંત્રણ નહિ આપો તોયે તમારે ત્યાં આવીશ અને આપશો તોયે આવીશ.' આ છૂટક લગ્નના પ્રસંગે હું તેમને ત્યાં ગયો હતો અને જમ્યો હતો. આની સારી અસર થઈ છે. હવે આ રિવાજ ટકી શકવાનો નથી. જરૂર નાબૂદ થશે.**

વળી રાજ્ય તરફથી ખેતીવાડીનું શિક્ષણ લેવા જનારને સ્કોલરશીપ આપવાની ગોઠવણ કરી, પણ જ્યાં સુધી અજ્ઞાન હોય ત્યાં કોણ તૈયાર થાય ? તે વખતે તમારી કોમમાં કોઈ મેટ્રિક સુધી પણ ભણેલો વિદ્યાર્થી જડ્યો નહિ. હાલ તો એલએલ.બી. સુધી ભણેલા પણ મળે છે. આવા સંજોગોમાં આ તમારી સંસ્થા જોઈ મને હર્ષ થાય છે. તમારી ખેતીવાડી સંબંધી માગણીઓ ઉપર સરકારે વિચાર કર્યો છે. સરકારની એ તરફ સહાનુભૂતિ છે. ધીમેધીમે તમને સરકાર વધારે મદદ કરશે. અત્યારે સ્થિતિ પલટાઈ ગઈ છેઃ ઉત્તમ ખેતી, મધ્યમ વેપાર, કનિષ્ટ ચાકરી અને નફ્ફટ ભીખ.' એ જૂની કહેવત અનુસાર ખેતીને ગણવામાં આવતી નથી. ખેતી કરનારને ચાકરી કરવાનું મન થાય તેનાથી આપણને વધુ ફતેહ મળવા સંભવ છે. વળી આજે આપણા ખેડૂતોના ગામમાં ઘરમાં રમતોને સ્થાન નથી. ઉદ્યમ પછી આનંદને સ્થાન નથી. કેળવણીથી જીવન રસમય થશે. રાસ જેવી સુંદર રમતોનો આનંદ અનુભવાશે અને

ઉદ્યમ પછી સંગીતનું સુખ મધુર લાગશે. કેટલાક કહે છે કે, ખેડૂતને આવી બધી કેળવણીની શી જરૂર છે. પણ તેમની આ માન્યતા ખોટી છે. કળાકૌશલ્ય (culture)ની સર્વને જરૂર છે. તેમાં પ્રવૃત્તિ થવી જોઈએ.

ખેતીની દિશામાં અજ્ઞાનતા વર્તે છે. જમીન હોય છે પણ તે છૂટીછવાઈ હોવાથી તેમાં વખત ઘણો જાય છે. વાડોને લીધે કેટલીયે જમીન નકામી જાય છે. કૂવાઓનાં ઠેકાણાં નથી. મારો ખેડૂતમંડળ સ્થાપવાનો ઉદ્દેશ, જમીન એક જથ્થે કરવાનો હતો. જો જમીન એક જથ્થે થાય તો ત્યાં ખેતીનાં બધાં સાહિત્યો રાખી શકાય. કૂવા ઉપર પંપ મૂકી વિશાળ પાયા ઉપર ખેતી કરી શકાય.

બીજી બાબત પાડા ઉછેરવાની છે. પાડાઓ કોસ ખેંચી શકે છે. તેમને ગાડે જોડી શકાય છે. તે ઉપરાંત ખેડૂતને ગૌપાલનની તો ખાસ જરૂર છે. આજે તો ગાયો રબારીઓ પાસે જ હોય છે. રબારીઓ ખેતર ભેલાવે છે અને કોર્ટે ચઢવું પડે છે. વળી ગાયોથી બળદ પણ થાય અને બળદ ખરીદવાના ભારે ખર્ચનો બચાવ થાય. પણ ત્યાં 'ખસી' કરવાનો પ્રશ્ન આવી ઊભો રહે છે. કહે છે કે 'ખસી' કરવાથી પાપ થાય. કયા શાસ્ત્રમાં આ પાપ લખ્યું છે ? મને એક શાસ્ત્રીએ એક શ્લોક કહ્યો. તેનો અર્થ એવો છે કે 'ખસી' કરવામાં તો પુણ્ય રહ્યું છે. પણ હજુ આ બાબતની અસર થઈ નથી. કોઈએ હિંમતથી 'ખસી' કરવાનું કાર્ય કર્યું નથી. કોઈ ખેડૂત ભાઈએ હજુ પાડાનું ગાડું જોડ્યું નથી. મને આશા રહે છે કે આ વિદ્યાર્થીઓ આ બાબતના ફાયદા સમજીને આ બધા સુધારા કરશે.

તમારામાંથી બધાય ખેડૂત થાય એવું ન બને. જેને જે બાબતમાં વિશેષ રસ હોય તે કાર્ય તેણે હાથ ધરવું જોઈએ. જે વિદ્યાર્થીએ ચિત્રકામની શોધ કરી હોય તે શા માટે ચિત્રકાર ન થાય ? જેની પ્રગતિ સંગીતમાં સરસ થઈ શકતી હોય તે શા માટે તે વિદ્યામાં પ્રવીણ ન થાય ? પણ તમારામાંના ઘણા ખરા ખેડૂત થવાના. ખેતીના જ્ઞાન સાથે બીજા ધંધાઓની જરૂર છે. સુથારકામ અને લુહારકામની ખેડૂતોનાં બાળકોને ખાસ જરૂર છે. એક જ દાખલો આપું : ચાણસ્માના પટેલિયાઓ મારી પાસે ફરિયાદ લઈ આવ્યા કે, 'લવાર અમારી કોસો ટીપતા નથી. અમે શું કરીએ ?' જોકે હું ત્યાં ગયો અને લવારિયાઓને ધમકાવ્યા અને કામ કરાવ્યું. પણ જેને આપણે વસવાયાં કહીએ છીએ તેમને, 'બેચરકાકા, અમારી કોસ ટીપી આપોને !' કહી દાઢીમાં હાથ ઘાલવો તેના કરતાં જાતે જ કરી લેવું શું ખોટું છે ? સુથારનું પણ એવું જ સમજવું. યાદ રાખજો કે, કોઈ પણ ધંધો પ્રામાણિકપણે કરવામા નાનમ નથી. જેમાં આપણું મગજ દોડતું હોય તે કાર્ય કરવું જ.



KADI SARVA VISHWAVIDYALAYA CENTRAL LIBRARY GANDHINAGAR

વિદ્યાર્થીઓ ! આ વાત બરોબર યાદ રાખજો. સારો અભ્યાસ કરજો. તમારી ઉન્નતિ માટે જ આ સંસ્થા થઈ છે. પરમાત્મા તમારા કાર્યમાં અનુકૂળ હજો.

મણિયારી–ચાણસ્મા જેવા ગામમાં જ્યાં પ્રથમ પાણીનું ઘણું જ દુઃખ હતું ત્યાં ઘણું જ સુખ થઈ ગયું છે. બેઠા બેઠા પાણી મળી શકે છે. વિજ્ઞાન આગળ કશું જ અશક્ય નથી. જો તમે સારી વિદ્યા મેળવશો તો જરૂર કુદરત તમને સહાય કરશે અને તમારી આગળ આ જે તક આવી છે તેનો ઉપયોગ કરશો તો ચરોતર કરતાં પણ આગળ વધી શકશો.

અંતમાં હું જણાવું છું કે આ સંસ્થા માટે જેટલી મદદ મળી શકશે તેટલી મેળવવા હું પ્રયત્ન કરીશ.'

ત્યાર બાદ સામાન્ય વાતચીતને અંતે, વંદેમાતરમ્' અને 'સયાજીરાવ મહારાજની જય'ના પોકારો વચ્ચે સભા વિસર્જન થઈ હતી.

કડી, **બાપુલાલ વી. ગામી**

૩૦ ઓગસ્ટ, ૧૯૨૭

**તસ્મૈ શ્રી ગુરદેવ નમઃ** ના લેખમાં તેમના પૂર્વવિદ્યાર્થી ડૉ. અનામી લખે છે : ઈ.સ. ૧૯૨૯થી ૧૯૩૪ સુધી હું સર્વ વિદ્યાલયનો વિદ્યાર્થી હતો. ઈ.સ. ૧૯૩૬-'૩૭માં એ જ માતૃસંસ્થા (AlmaMater)માં શિક્ષક પણ હતો. તે સમયના શિક્ષકગણમાં, 'યાત્રિક' અને 'પરિમલ'ના તખલ્લુસ (Penname)થી કાવ્યો અને લેખો લખનાર થામણાના શ્રી ઉમેદભાઈ ર. પટેલ પણ એક નિષ્ઠાવાન શિક્ષક હતા. અમારી હળવી ક્ષણોમાં અમોએ ગંભીર રીતે, તે સમયના સંસ્થાના કેટલાક મહારથીઓ સંબંધે કેટલાંક કાવ્યો( !)- ના, પદ્ય-જોડકણાં રચેલાં. શ્રી બાપુભાઈ, શ્રી પોપટભાઈ અને શ્રી છગનભાઈ એ ત્રિપુટીને ઉદ્દેશીને લખાયેલું જોડકણું આજે તેત્રીસ વર્ષે પણ મને યાદ છેઃ

'તમે રે સંસ્થાના થાંભલા, અમે નળિયાંની ધૂળ,
વાયરો વાશે ને ઊડી જશું, ઊંડાં તમારાં મૂળ.
તમે રે... ...'

'તમે રે સંસ્થાના થાંભલા' અને 'ઊંડાં તમારાં મૂળ' આ બે ચરણો મને આજે પણ એટલાં જ સાચાં લાગે છે.

બ્રહ્મા-વિષ્ણુ-મહેશ આપણી દેવત્રિપુટી. બીજા વિશ્વયુદ્ધ ટાણે ચર્ચીલ, રૂઝવેલ્ટ, સ્ટેલીન-મિત્રરાજ્યોની એ રાજપુરુષ ત્રિપુટી પ્રસિદ્ધ હતી. ૧૯૪૫માં હું વડોદરાની બી.ટી. કૉલેજમાં ભણતો ત્યારે સર્વશ્રી મેનન-મુખરજી-છત્રેની (Big Three) ત્રિપુટીએ વિદ્યાર્થીઆલમનું ધ્યાન ખેચેલું. કડી સર્વવિદ્યાલયમાં સર્વશ્રી બાપુભાઈ,

પોપટભાઈ, છગનભાઈની ત્રિપુટી પણ વિદ્યાર્થીસમાજમાં ઠીકઠીક ધ્યાનપાત્ર બનેલી. આ ત્રિપુટીમાંના એક શ્રી બાપુભાઈ વિ. ગામી અમારા આચાર્ય હતા.

આમ તો આચાર્ય શબ્દ ખૂબ ગંભીર અર્થનો વાહક અને દ્યોતક છે.

आजिनोति हि शास्त्रार्थम् आचारे स्थापयति उत।
स्वयमाचरते यस्तु स आचार्यः प्रवक्षते।।

શ્રી ગામી સંસ્કૃત-અંગ્રેજી વિષયો લઈ ઓનર્સ–ગ્રેજ્યુએટ થયેલા. વેદ-ઉપનિષદ-ગીતાનો તેમનો અભ્યાસ સારો હતો. **પ્રસ્થાનત્રયી પર ભાષ્ય લખે એ આચાર્ય એ અર્થમાં આચાર્ય નહીં, પણ વિવિધ શાસ્ત્રોમાંથી રહસ્યશોધન કરવું, જીવનવ્યવહારમાં વિવેકપૂર્વક એનો સમ્યક્ સમાસ કરવો અને મુખ્યતઃ, જીવનમાં એનું આચરણ કરવું એ અર્થમાં શ્રી ગામી ખરેખર આચાર્ય હતા.**

મહારાષ્ટ્રમાં નામદાર ગોખલે અને લોકમાન્ય તિલક જેવાઓએ ભારત સેવક સમાજ જેવી સેવાભાવી સંસ્થા સ્થાપેલી. સૂરત એજ્યુકેશન સોસાયટી જેવી સંસ્થાઓ સેવાભાવથી કેળવણીનું કામ કરતી હતી અને આજેય કરે છે. ઉપર્યુક્ત સંસ્થાઓમાં આજીવન સેવકો સેવાની ભાવનાથી કામ કરતા હતા. તેવી રીતે આ સંસ્થાના સ્વયંસેવકમંડળમાં આ ત્રિપુટી ઉચ્ચ સેવાભાવથી કામ કરતી હતી.

શ્રી ગામીની આર્થિક સ્થિતિ સારી નહોતી. પણ જીવનમાં તે કદાપિ અર્થદાસ નહોતા. એમના યોગે ગરીબાઈ પણ ગરીબ બનતી. સાદું જીવન અને ઉચ્ચ વિચાર (Simple living and High thinking) એ એમનું જીવનસૂત્ર હતું.

બુદ્ધનાં નયનોની કરુણાનો કેટલોક અંશ એમનાં નયનોમાં હતો. કોઈના પ્રત્યે પણ એમને અસદ્ભાવ હશે કે કેમ એ જ મારે મન પ્રશ્ન છે. પ્રેયસ કરતાં શ્રેયસને વરેલો એમનો આત્મા હતો. સંસારની વ્યવહાર-પ્રાપ્ત અને શિક્ષણની પારમાર્થિક ફરજો એ નિષ્ઠા અને આનંદપૂર્વક બજાવતા હતા, પણ એમની લગની દિવ્ય વસ્તુઓમાં નિરંતર લાગેલી રહેતી. એમણે સ્વીકારેલો વ્યવસાય આજીવિકા તો પ્રાપ્તિના સ્થૂળ સાધન કરતાં આત્માના શ્રેયનું સૂક્ષ્મ સાધન વિશેષતઃ હતો.

શિષ્યોનો ઉત્તરોત્તર વિકાસ એ જ એમનો પરમ ને સાત્ત્વિક આનંદ હતો. સંસ્કૃત કે અંગ્રેજી શીખવતાં એમને પણ આત્માભિવ્યક્તિનો આનંદ આવતો. શિષ્યોને જોતાં જ એમને શીખવવાનો પાનો ચઢતો. કોઈ સામાન્ય વસ્તુ, અસામાન્ય અંશે, જડ વિદ્યાર્થીને સમજાય નહીં ત્યારે એમનો પિત્તો જતો અને માત્ર આટલું જ બોલતા : 'આમાં શા મોટા વેદ ભણવાના છે તે સમજાતું નથી !'

ઉત્તમ, મધ્યમ અને કનિષ્ઠ વિદ્યાર્થીઓને ખ્યાલમાં રાખી પ્રત્યેક કક્ષાના વિદ્યાર્થીને કૈંક ને કૈંક મળી રહે એવી શિક્ષણવિતરણની એમની પદ્ધતિ હતી.



વિદ્યાર્થીઓ અને શિક્ષકોની ગુપ્ત-સુપ્ત શક્તિઓની અભિવ્યક્તિ માટે તે સદાય જાગ્રત રહેતા. સુંદરને ચાહવું; અસુન્દરને નીંદવું; સુષ્ઠુને ઉત્તેજવું, હૃદયને ઉપેક્ષવું - એવી સુરુચિની કેળવણી એમનાં વૃત્તિ-વલણ-વર્તન-વાણી અને ઈંગિતમાંથી આપોઆપ મળી રહેતી.

એમના આચારવિચારમાં અદ્ભુત એકતા હતી. એમની જ્ઞાનમર્યાદાઓને અતિક્રમવા એ નિત્ય જાગ્રત રહેતા. એમને અને દંભને આડવેર હતું. પોતાથી કે અન્યથી કોઈને પણ થતા અન્યાય પ્રત્યે એમનો પુણ્યપ્રકોપ જાગી ઊઠતો. આત્માના વિકાસ સિવાય એમને કશામાં રસ કે મોહ નહોતો. મોટી રજાઓમાં તેઓ નિયમિત, મહર્ષિ અરવિંદના આશ્રમમાં રહેવા જતા. યોગ્ય સાધનામાં આગળ વધેલા શ્રી અંબુભાઈ પુરાણી, શ્રી ગીરધરલાલ અને શ્રી પૂજાલાલ દલવાડી સાથે તેમને સારો સંબંધ હતો. ટૂંકા આયુષ્યની અવધોમાં પણ તેમણે પારમાર્થિક જીવનના સૂક્ષ્મ ને સાત્ત્વિક પાથેયની ઠીક ઠીક આરાધના-સાધના કરેલી. આવા આત્માર્થી આચાર્ય પામવા બદલ આજે ય તે હું ગૌરવ અનુભવું છું.

આ પ્રખ્યાત શિક્ષક-ત્રિપુટીમાંના મારા બીજા ગુરુ તે લાડોલના રહીશ શ્રી છગનભાઈ કાં. પટેલ. શ્રી છગનભાઈને પરોક્ષ રીતે તો હું ઈ.સ. ૧૯૨૯ પહેલાંથી ઓળખું. મારા કાકા શ્રી શંકરલાલ વર્ધમાનદાસ પટેલના એ મિત્ર. હજી એ બંને મિત્રોની સંયુક્ત છબી મારા સ્વર્ગસ્થ કાકાને ઘરે છે.

શ્રી ગામી કરતાં શ્રી છગનભાઈ સાથે કામ કરવાના પ્રસંગો મારે ઝાઝા પડેલા. ૧૯૩૪ સુધી કડીમાં એમનો વિદ્યાર્થી. ૧૯૩૬માં એમની સાથે કડીમાં શિક્ષક ૧૯૪૪માં હું એમ.એ. થયો અને સર્વ વિદ્યાલય કેળવણી મંડળે પિલવાઈની શેઠ જી.સી. હાઈસ્કૂલમાં મેટ્રીકના વર્ગો શરૂ કર્યા ત્યારે શ્રી છગનભાઈ તેના આચાર્ય અને હું સહશિક્ષક. મુંબઈ યુનિવર્સિટી સંચાલિત મેટ્રિકની પરીક્ષાની કામગીરીમાં પણ અમો સાથે જ. હાઈસ્કૂલના શિક્ષક કરતાં કોલેજમાં મારે લેકચરર કે પ્રોફેસર તરીકે જવું જોઈએ એવી ઠેઠ ૧૯૪૪માં શુભેચ્છાપૂર્વક સભાનતા કેળવવામાં તેમનો પ્રધાન હિસ્સો હતો. આજથી પચ્ચીસ વર્ષ પહેલાં તેમણે અંગ્રેજીમાં આપેલું સુંદર પ્રમાણપત્ર હજી પણ મેં સંઘરી રાખ્યું છે.

શ્રી બાપુભાઈ જેમ સંસ્કૃત-અંગ્રેજીના સારા નિષ્ણાત, તેમ શ્રી છગનભાઈ ગુજરાતી-હિન્દીના. અમારા સમયમાં તો તેઓ અંગ્રેજી વ્યાકરણના 'ખાં' ગણાતા. એ જમાનામાં એવું એક પણ ઉપલબ્ધ અંગ્રેજી વ્યાકરણ નહીં હોય જેનો સઘન અભ્યાસ છગનભાઈએ ન કર્યો હોય ! સો ટકા પૂર્વતૈયારી વિના એ વર્ગમાં પ્રવેશે જ નહીં, અને વર્ગમાં પ્રવેશ્યા પછી 'ચોક'નો ખોંડો કાઢી નાંખે. તાસ પૂરો થાય ત્યાં સુધી

કૃષ્ણફલક (બ્લેકબોર્ડ) પર બસ લખ્યે જ રાખે. પ્રમાણમાં શરીર સ્થૂળ, પરસેવે રેબઝેબ થાય. 'ચોક'નાં લાખ્ખો શ્વેત પરમાણું પરસેવામાં ને વાતાવરણમાં ભળે. પણ શિક્ષણ-વિતરણમાં તન્મય બનેલા શ્રી છગનભાઈ નિત્યની પ્રસન્ન મુખમુદ્રા ધારી દીધે રાખે.

'સમયનું લવ ભાન રહે નહીં
અવધિ અંકુશ સ્નેહ સહે નહીં'

આ બીજી પંક્તિમાં 'સ્નેહ'ને બદલે શિક્ષણ શબ્દ મૂકીએ તો શ્રી છગનભાઈની તન્મયતાનો સાચો ખ્યાલ આવે.

શ્રી બાપુભાઈ અને શ્રી છગનભાઈમાં લેખનશક્તિ સારી, પણ બાપુભાઈ નાછૂટકે જ લખે. જ્યારે છગનભાઈથી લખ્યા વિના ન રહેવાય. તે કાળે ચાલતાં અનેક હસ્તલિખિત માસિકો આની ગવાહી પૂરશે. શ્રી છગનભાઈ તો અનેક ઈનામી હરિફાઈઓમાં ભાગ લેતા અને વિજયી પણ થતા. 'ગ્રામપુનર્ઘટના' નામે એમનો દીર્ઘ ઈનામી લેખ વડોદરા રાજ્ય તરફથી પુસ્તકરૂપે પ્રગટ પણ થયો છે.

શ્રી બાપુભાઈ, મુંબઈ યુનિવર્સિટીના ગ્રેજ્યુએટ; જ્યારે શ્રી છગનભાઈ ગુજરાત વિદ્યાપીઠના સ્નાતક (ભાષા વિશારદ). બાપુભાઈની જેમ તેઓ પણ અવારનવાર મહર્ષિ અરવિંદના આશ્રમમાં પોંડિચેરી જતા. આમ, વિશ્વની તત્કાલીન (અને સાંપ્રત તેમજ ભાવિની પણ) બે મહાન વિભૂતિઓની પ્રત્યક્ષ-પરોક્ષ અસર ને પ્રેરણા નીચે એમનું જીવનઘડતર થયું. કડીની સંસ્થામાં શરૂથી જ જે રાષ્ટ્રીયતાનો આવિર્ભાવ થયો તેમાં શ્રી છગનભાઈ અને શ્રી પોપટભાઈ જેવા ગાંધીજીની વિદ્યાપીઠમાં શિક્ષણ પામેલા સ્નાનતકોનો સક્રિય ફાળો પણ ખરો. ૧૯૩૧-'૩૨ની ગાંધીજીની રાષ્ટ્ર વ્યાપી અસહકારની ચળવળમાં ભાગ લેવા બદલ છગનભાઈએ જેલનિવાસ પણ સ્વીકારેલો.

શિક્ષણકાર્ય ઉપરાંત છગનભાઈને ઘણીવાર મુખ્ય ગૃહપતિ તરીકેની કામગીરી પણ બજાવવી પડતી. અમારા સમયમાં ભારે કડક સ્વભાવના ગૃહપતિ તરીકે એમની ગણના થતી. ગમે તે કાર્યમાં એમનો ઉત્સાહ મોળો પડતો નહીં. એ તો સદાય પ્રસન્ન, વિદ્યાર્થીઓ સાથે સંઘર્ષ થયો હોય, સહકાર્યકર્તાઓમાં મતભેદ પડ્યો હોય, કોઈ સાંસારિક ઉપાધિ આવી પડી હોય, છતાંયે હરકોઈ પરિસ્થિતિમાં તે પ્રસન્નચિત્ત રહી શકતા... ને વ્યવહારપ્રાપ્ત કર્તવ્ય પૂર્ણ નિષ્ઠાથી બજાવતા. એમના આખાબોલા અને વક્રોક્તિપ્રધાન સ્વભાવને કારણે વિદ્યાર્થીઓ મર્યાદામાં રહેતા, થોડાક ડરતા પણ ખરા.

બાપુભાઈ ને છગનભાઈ બંનેયનાં કવિહૃદય. બંનેય ભક્તિનમ્ર પણ ખરા. બંનેયમાં સાધના-આરત પણ વત્તાઓછા પ્રમાણમાં. બાપુભાઈની આધ્યાત્મિકતા, સ્થિર ગતિએ વહેતી સરિતા જેવી, જ્યારે છગનભાઈમાં સાગર જેવાં ભરતી-ઓટ આવ્યાં કરે. આશ્રમપ્રાર્થના સમયે ઊંડી ગંભીરતાથી પ્રાતઃ સ્મરામિ હૃદિ સંસ્ફુરદાત્મતત્ત્વમ્ ગાતા-ગવડાવતા બાપુભાઈ અને દાસ કબીરનું પૂરી તન્મયતાથી 'ઝીની ઝીની બિની ચદરિયાં' ભજન ગાતા-ગવડાવતા છગનભાઈને આજેય જ્યારે યાદ કરું છું ત્યારે ખાસ્સો ચાર દાયકાના કાળનો પડદો હટી જાય છે ને મને મારા એ પુરાણા દિવસો (પુરા+નવ) જૂના પણ નવીન સંદર્ભમાં તાજા ને જીવંત લાગે છે. શ્રી ગામી શિક્ષણસંસ્થાઓનું અને છાત્રાલયોનું હમેશાં ચિંતન કરતા અને લેખો લખતા. આ લેખો આજે પણ એટલા જ પ્રસ્તુત છે. શ્રી અરવિંદના પોંડેચરીના આશ્રમમાંથી લખેલા બે પત્રો સંસ્થા પ્રત્યેની વફાદારી ને નિખાલસતા ખુલ્લી કરે છે.



## વિદ્યાર્થીઓના હસ્તલિખિત પત્રોમાંથી "થોડીક વાનગી."

**શક્તિનું માપ વિદ્યાર્થી કેટલું મગજમાં ભરી શકે છે તેનાથી નથી નીકળતું, પણ જ્ઞાનને ગ્રહણ કરી, તેને પચાવી, પોતાનું કરી, વિદ્યાર્થી તેને કેવા સ્વરૂપમાં અને કેવી રીતે જનહિતાર્થે બહાર કાઢી શકે છે તેના ઉપર શક્તિની કિંમત અને માપનો આધાર છે.**

**- બાપુભાઈ**

પાટીદાર વિદ્યાલયમાં અને આશ્રમમાં અભ્યાસ કરી રહેલા વિદ્યાર્થીઓ જે હસ્તલિખિત પત્રો બહાર પાડે છે તેમાંથી આપેલા નીચેના ફકરાઓ આપણને વિદ્યાર્થીઓમાં છૂપી પડેલી શક્તિઓનું કંઈક દિગદર્શન કરાવશે.

"એ જ ઘઉંમાંથી ઘેંસ થાય છે અને એ જ ઘઉંમાંથી હજારો પ્રકારની સ્વાદિષ્ટ ચીજો કેળવણીથી બનાવી શકાય. એક લાકડું હોય તેનું બારણું બનાવવું હોય, એને જો એમને એમ બનાવીશું તો ખરાબ થશે અને જરા રંધો વગેરે દઈ સુધારીશું તો બહુ સુંદર થશે. ધારો કે એક જ છેડે બે ખેતર હોય. એક ખેતરમાં ખાતરપાણી કર્યા સિવાય વાવો અને બીજાને બરાબર ખેડખાતરપાણી કરી તજવીજથી વાવો - કયામાં વધારે અને સારું અનાજ પાકશે ? આવી રીતે માણસને પણ કેળવવાની જરૂર છે."

**ચતુરભાઈ કુ. પટેલ**
**'પ્રકાશ' ધો.૪**

"જો આપણે આર્યો તરફ નજર કરીએ તો ખબર પડે કે તેઓ બહુ સત્યવાદી, નીતિવાળા અને બ્રહ્મચારી હતા. પોતાના દેશ તરફ મમતા રાખી તેનું ભલું કરવા

ઘણા ઉપાય લેતા. ભીષ્મ એક મહાન બ્રહ્મચારી હતા. તેમણે પોતાના બ્રહ્મચર્યથી મોતને પણ છ માસ સુધી ટકાવી રાખ્યું હતું. આ પરાક્રમ તેઓશ્રીના બ્રહ્મચર્ય વડે જ થયું હતું. બ્રહ્મચારી પુરુષોનાં શરીર મજબૂત અને તંદુરસ્ત રહે છે. જો આપણે મજબૂત અને તંદુરસ્ત થવા ઇચ્છતા હોઇએ અથવા આપણને તેની જરૂર જણાતી હોય તો તે વિષેના નિયમો પાળવા આપણે તત્પર રહેવું જરૂરનુ છે. જે માણસે બ્રહ્મચર્ય ન પાળ્યું, તેણે ખરું જોતાં પોતાની જિંદગી ધૂળમાં મેળવી છે.''

**હરગોવિંદ છ. ભાવસાર**
**'પ્રકાશ' ધો.૬**

## કેમ જીવવું ?

''આપણે તો એમજ માની બેઠા છીએ કે સમાજમાં રહી જિંદગી ગાળવી તેનું નામ જીવ્યા. પછી ભલે આપણે સ્વતંત્ર હોઈએ કે પરતંત્ર, સુખી હોઈએ કે દુ:ખી. પરતંત્ર બની બીજાની ગુલામી સ્વીકારી અનેક કષ્ટો શિર ઉપર લઈ જીવ્યા કરતાં તો મરવું વધારે ઉત્તમ છે. આપણા ખેડૂતભાઈઓ સૌથી ઉત્તમ અને વધારે કાર્ય કરે છે. છતાં બીજાનાં અપમાન અને ગાળો સહન કરવી પડે છે તેનું કારણ તેમને જીવતાં આવડતું નથી. આપણે ગમે તેવી સ્થિતિમાં પણ જીવતા રહેવાનું વધારે પસંદ કરીએ છીએ. આપણને મારી નાખવાની બીકથી આપણે બીજાનાં અપમાન અને અત્યાચારો સહન કરીએ છીએ. આના કરતાં મરવું વધારે સારું છે. સ્વતંત્રતાથી રહેવું જોઈએ. કોઈ વખત કષ્ટ વેઠવાં પડે-- બલકે પ્રાણ આપવા પડે તો ભલે, પરંતુ અપમાન અને દુરાચાર સહન ન કરવાં જોઈએ. કોઈ આપણા ઉપર અત્યાચાર ગુજારે તો મરણની બીક છોડી દઈ ખુલ્લી રીતે અનાદાર કરવો જોઈએ અને તેમાં વચ્ચે આવતાં સંકટો સહન કરવાં જોઈએ. આવી રીતે જીવીએ તો જીવ્યાપ્રમાણ છે, નહિતર જીવતા છતાં પણ મરેલા સમજવું. સ્વામીશ્રી શ્રદ્ધાનંદજી આવી રીતે કાર્ય કરતા પરલોક ગમન કરી ગયા છે; પરંતુ ખરી રીતે તે જીવતા છે. આપણે જીવતા છતાં મરેલા છીએ. જીવવું તો બહાદુરીથી જીવવું જોઈએ. આવી રીતે જીવતાં શીખીશું ત્યારે જ હિન્દના ઉદ્ધારની આશા રાખીશું.''

**બળદેવભાઈ**
**'આદર્શ' ધોરણ ૫**

---

"Day by day I understand the meaning of silence better & better. It is the best way to get a long life.



He only, who thinks silently can do the best works. In the same way, he who keeps his senses controled can do the best works.

Why do Mahatmas seek silent places. Not fo the sake of pretence, but to be enlighented. Here, some one will ask me, "What is the meaning of enlightenment ?" To think of one's self with peace of mind is a sort of enlightenment. Because without that no one can do the best works in the whole world. How can we hope for the best works when we do not hold peaceful and holy thoughts ?..."

**હરગોવિંદ મ. પટેલ**
"Youth" ધોરણ ૩

---

"Who created you, little children, birds and beasts ? Who gave ears to hear, eyes to see, nose to smell with ? Who made mouth to taste and to speak ? Where have all these come from - hands to work, feet to walk and mind to realize rhight or worng ? Who gave us all these things ?

God gave us all these thigns. God has created everything which you see. He created you, your relatives and friends. He has created you because you may become good and live a good life. If you do not do so, He will be angry. We do not see Him, but He sees all that we do. If you tell a lie, He knows it. He protects you at day and takes care of you at night. How kind is He to us ?"

**માણેકલાલ શી. પટેલ**
"Youth" ધોરણ ૪

''ભણો ભણો ભણો પરંતુ નોકરીની આશાએ ભણતા નહિ, કારણ કે બધા નોકરી કરશે તો બાકીનું કામ કોણ કરશે ? ભણવું તો પહેલેથી જ નોકરીની આશા છોડી દેવી. કારણ કે ઘણા માણસો બહુ ભણે છે અને પછી કામ કરવામાં આળસ રાખે છે અને તેમને સૂઈ રહેવાનું મન થાય છે, માટે ભણવું, પરંતુ આળસથી તો છૂટા રહેવું જોઈએ; કારણ કે આપણામાં આળસ હોય તો કંઈ કામ કરી શકીએ નહિ.''

**ત્રિભુવન ખોડીદાસ**
**''બાલજ્યોતિ'' ધો. ૨**

"પછી અમે રણછોડપરે આવ્યા. ત્યાં અમે દાતણ પાણી કરીને ડાકોર તરફ પ્રયાણ શરૂ કર્યું. રસ્તામાં ખોખીઓનાં ઝાડ પુષ્કળ હતાં. તે વખતે ખોખીઓ પાકી થઈ હતી અને હાથ હાથ જેવડી લાંબી થઈ હતી તે અમે ખાના ખાતા આગળ ચાલ્યા જતા હતા. તેવામાં અમે ડાકોર જોયું. પહેલાં કોઈ દિવસ ન જોયું હોવાથી અમારા આનંદનો પાર રહ્યો નહિ. પછી રસ્તામાં એક કોઠી હેઠળ બેઠા અને ત્યાંથી થોડાં કોઠાં પણ પાડીને ખાધાં અને પછી ડાકોર ગામમાં વંદેમાતરમ્ કરીને પેઠા. ત્યાં આગળ શ્રી કૃષ્ણજીનું મંદિર (જેને આપણે શ્રી રણછોડજીનું મંદિર કહીએ છીએ તે) જોવાલાયક છે..."

**ગોપાળભાઈ ગુ. પટેલ**
**"બાલજ્યોતિ" ધોરણ ૨**

**"સ્વચ્છતા એટલે પરમેશ્વરને મેળવવાનું એક પગથિયું."**

**શરીર :** આપણે આપણા શરીરને સ્વચ્છ રાખવાને પૂરતી કાળજી રાખવી જોઈએ, કારણ કે, જ્યાં સુધી આપણું પોતાનું શરીર સ્વચ્છ ન હોય, ત્યાં સુધી આપણો આત્મા ક્યાંથી સ્વચ્છ હોય ? જો આપણો આત્મા સ્વચ્છ ન હોય તો આપણા વિચારો પણ ક્યાંથી શુદ્ધ હોય ? અને જો આપણા વિચારો શુદ્ધ ન હોય તો આપણા કાર્યોમાં ફતેહ મેળવી શકાય જ નહિ. તે માટે આપણે આપણા શરીરને કાળજીપૂર્વક સ્વચ્છ રાખવું જોઈએ.

**હરગોવિંદ મ. પટેલ**
**"વિદ્યાર્થી" ધોરણ ૩**

"સંગીતવિદ્યાને શાસ્ત્રમાં સામવેદ કહે છે. આ વિદ્યા બહુ જૂના કાળની છે. તેના મૂળપુરુષ બ્રહ્મના પુત્ર નારદ હતા. તેમણે કહ્યું છે કે :-

नाहं वसामि वैकुंठे योगिनां हृदये न च ।
सद्भक्ता यत्र गायंति तत्र तिष्ठामि नारद ॥

સંગીતકળા પહેલાં ગાંધર્વો અને કિન્નરો પાસે હતી. તેઓ દેવના દરબારમાં જઈ, તે વિદ્યાવડે તેમને પ્રસન્ન કરતા; અને તેથી તેમને મોટાં મોટાં ઇનામો મળતાં. તે વિદ્યામાં ઘણા જ ગુણો રહેલા છે. વીણા વાદ્ય જો વગાડવામાં આવે તો તે સાંભળીને મૃગ વીણા તરત દોડી આવે છે. મોરલી સાંભળી નાગ ડોલવા માંડે છે અને મનુષ્ય માત્રને તે સાંભળી આનંદ ઉત્પન્ન થાય છે. તેમાં એકતાનતા રહેલી છે. સંગીતથી તો મનુષ્યનું આખું જીવન તાલબદ્ધ અને નિયમબદ્ધ થઈ જાય છે..."

**હરગોવિંદ છ. ભાવસાર**
**"શક્તિ" ધોરણ ૭**



"સામેથી આવતી સુવાસિત અને તાજી હવા, નિશાળમાં ગોંધી રાખેલા મગજને પ્રફુલ્લિત બનાવતો મનોહર પવન, વળી સામે આંખને આનંદ આપતો સુંદર બાગ. કોઈ વખત ચોમાસાના વરસાદથી મોરની પીંછીઓ ભીની થવાથી તેઓ તેમને સૂકવવા માટે તેમની સુશોભિત પીંછીઓને ઊંચી કરીને મનોહરણ કળા કરે છે અને મધુર સ્વરથી 'ટેહુક ટેહુક' એવો કર્ણ પ્રિય અવાજ કરે છે. જુદીજુદી જાતનાં પક્ષીઓ પોતાનો ચારો ચરી પોતાના માળા તરફ કલ્લોલ કરતાં હારબંધ ચાલ્યાં જતાં માલુમ પડે છે. મોટા ઝાડની ડાળીઓ અને નાના છોડવાઓ પવનની લ્હેરથી પૃથ્વીદેવીને નમન કરતાં દેખાય છે. જરા ઊંચી નજર તો કરો ! સૂર્યદેવ પોતાના રથને ઝડપથી હાંકતા અને રથના ઘોડા આખો દિવસ ચાલી થાકી ગયેલા હોવાથી પોતાના નિવાસગૃહે ઝડપથી પગ ઉપાડતા, અને તેમની પાછળ સોનું પાથરતા પુરજોશથી દોડ્યા જાય છે. વાદળાંઓ પોતાના આકારથી મૃત્યુલોકના જનોને ખુશ કરવા કૈલાસ અને બીજા પર્વતોનાં શિખરો જેવી આકૃતિ કરે છે અને જાણે છે કે તેમને આ દેખાવ ન ગમતો હોય એમ ઘડીક વારમાં વેરણછેરણ થઈ જાય છે.

**પ્રેમજીભાઈ મી. પટેલ**
**"શક્તિ" ધોરણ ૪**

"બહાદુર માણસો પોતાના શરીરની ફિકર નહિ કરતાં પરોપકાર માટે પોતાની જિંદગી અર્પણ કરે છે. સુખદુઃખ એ કંઈ નથી. તે કંઈ વસ્તુ નથી, તેમજ કોઈ માણસ પણ નથી. પરોપકારીને આજે મરવું અગર સો વરસે મરવું, તે બધુંજ સરખું છે. તેને આ ક્ષણભંગુર દેહની જરા પણ પરવા નથી.

માણસ સદ્‌ગુણના રસ્તે ચાલે છે તેને બનતાં સુધી કોઈ પણ વિઘ્ન નડતું નથી, અગર આડું આવતું નથી. પણ જે તેનાથી ઊલટો ચાલે છે તેને તેનું ફળ પણ તેવું જ મળે છે. માણસ પૈસાદાર થવાથી કંઈ સારો થઈ શકતો નથી તેમજ નિર્ધન થવાથી કંઈ ખરાબ થતો નથી. જે માણસ પોતાની જિંદગીમાં બીજાનો આભાર નથી મેળવી શક્યો તેનું જીવવું ફોગટ છે. પણ જેણે પોતાની જિંદગી પરોપકાર માટે અર્પણ કરી છે તેણે મહાન કાર્ય કર્યું છે એમ કહી શકાય. જે માણસ ફક્ત પોતાની જિંદગીને જ સેવે છે અગર તેના જ સુખદુઃખ માટે રાત્રિદિવસ વિચાર કર્યા કરે છે તે માણસનું જીવન બલકે કૂતરા અને કાગડા કરતાં પણ ખરાબ કહી શકાય."

**મણિલાલ ગ. પટેલ**
**"આદર્શ" ધોરણ ૪**

**તોફાની મેહુલો.**

**ગઝલ**

**"અષાઢી વાદળી આવી ખરેખર મેદની જામી,**
**રૂડો ત્યાં મેહુલો આવ્યો મુશળે સેર મંડાયો.**
**નદીનાં નીર ઉછાળ્યાં સમુદ્રે શેણ ઉપજાવ્યાં,**
**સરોવર પાળને તોડી કરી ગુજરાતને ગાંડી.**
**ખરે ખેતી બગાડી છે દુકાળે સમ બનાવી છે,**
**નથી પણ એક રહી વાડી, કહું શું ! વાત હું માંડી.**
**ગરીબનાં ખોયડાં પાડ્યાં નથી કંઈ શેઠનાં રાખ્યાં,**
**કીધાં છે મૂળથી ઊંધા અરે ! એક છોડવા સુધાં.**
**ઘણો તું કારમો આવ્યો ઘણો તેં કેર વર્તાવ્યો,**
**ગુજારે નહિ જાલમ બાપુ હવે તો એટલું માગું,**
**રૂડે દિન આવજે પ્યારા ફરી તું એકલો વ્હાલા,**
**પવનને રાખજે આઘો રૂડો તું એકલો વ્હાલો."**

**નરસિંહભાઈ ચે. પટેલ**
**"શક્તિ" ધોરણ ૪**

આ બાળમાનસના અભ્યાસીએ **આશ્રમ સમાચાર**–ભીંતપત્ર દ્વારા પણ બાળકોને, ગમ્મત સાથે જ્ઞાન આપ્યું છે. તેઓ શ્રી ગિજુભાઈ બધેકા અને શ્રી નાનાભાઈ ભટ્ટ તેમજ સત્યાગ્રહી છગનલાલ જોષી સાથે ઘણા નીકટના સંબંધો ધરાવતા હતા. શ્રી બધેકાએ **મોન્ટેસરી પદ્ધતિ** પર ભાવનગરથી પુસ્તક બહાર પાડ્યું ત્યારે શ્રી બાપુભાઈએ તેની સુંદર સમાલોચના કરેલી.

## આશ્રમ સમાચાર*

**બાપુભાઈ ગામી**

### બાલમંદિર

આશ્રમમાં રહેતા સંસ્થાના નોકરોનાં બાળકો માટે ખાનગી બાલમંદિરની ઉદ્‌ઘાટનક્રિયા ગયા સોમવારે આઠ વાગે થઈ. આ સમારંભમાં આશ્રમના વિદ્યાર્થીઓએ આનંદ અને ઉત્સાહપૂર્વક ભાગ લીધો. અત્યારે આ બાલમંદિર આપણને નાના સ્વરૂપમાં જણાય છે, પણ કોને ખબર છે કે તેમાંથી એક મહાન સંસ્થા ઊભી

* આ બધાં જ લખાણ આશ્રમ સમાચારમાં બાપુભાઈ લખતા અને માત્ર બા. લખતા.



નહીં થાય ? દરેક મોટા કાર્યોનું પ્રથમ સ્વરૂપ નાનું જ હોય છે ને ! જો આ બાલમંદિરનું બી તાકાતવાળું હશે, જો તેને પાણી પાનાર અને ખાતર આપનાર માળીઓ તપસ્વી, પ્રેમાળ, હોંશીલા અને દીર્ઘદૃષ્ટિવાળા હશે તો તે બી મહાન વૃક્ષ બની ફૂલશે, ફાલશે અને ફળશે.

- બા.

### કંઈક કર્યું ખરું !

ઓરડીઓમાં રખડતા જોડા હવે બિચારા એને સ્થાને પડ્યા. પણ હજુ કેટલીક ઓરડીઓમાં એને સ્થાન મળ્યું નથી. હજુ સાવરણી, ડોલ, ફાનસ અને ખરપડીને ટીચાવું પડે છે અને સાવરણીઓનાં પીછાં નીકળી જાય છે તેનું શું કરવું ? સાવરણીના મૂઠાને કાથીની દોરીથી દરેક ઓરડીવાળા બાંધી દે તો ? વિદ્યાર્થીમંડળ આટલું નહિ કરે ?

- બા.

### સુંદરતા અને કળાને જીવનમાં વણો

સુંદરતા અને કળાની કેવળ વાતો અને વિવેચનો કરે કંઈ નહિ વળે. તેને તમારા જીવનમાં ઉતારો. તમારી આજુબાજુ તેને ખડાં કરો. બગીચાને તમારી કળા, સુંદરતા, વ્યવસ્થા અને તપની પાઠશાળા બનાવો. નિર્માલ્ય જણાતા છોડવાઓને ખૂબ ગોડ કરી ખાતર આપો. પુષ્કળ પાણી પાવ. જેટલા છોડવા હોય તેને કલામય રીતે ગોઠવો. સાદી-સુંદર અને કળામય રીતે તેના ક્યારા કરો. યાદ રાખો કે આછા શણગારમાં જ કળા રહેલી છે. બગીચાની જગા સુંદર, ચોખ્ખી અને સપાટ રાખો. જ્યાં ત્યાં ખાડાટેકરા નજરે પડે એ શું બગીચો છે ! એ તો ઉકરડો કહેવાય. ક્યારા સિવાયની બીજી જગાને ખોદો નહિ, પણ તેને સાફ કરી થોડું થોડું પાણી છાંટી, કુદરતી રીતે ત્યાં ધરો ઊગે એવું કરો અને ત્યાં તમે બેસી આનંદ અને ઉલ્લાસપૂર્વક તમારો અભ્યાસ કરી શકો એવું વાતાવરણ રચો. પાણીની નીક જાય છે તે ફક્ત કેનો પાવા માટે જ છે. બીજા છોડવાઓને ડોલે ડોલે પાણી પાઓ. રોજ બગીચા માટે દસ મિનિટ આપો. છોડવાઓ ઉપર સ્નેહ રાખો એ તમને આનંદ આપશે.

- બા.

### હજું એનું એ !

ઊભા ઊભા અને ડોલે ડોલે નહાવાની આપણી ટેવ ગઈ જ નહિ. પંદર પંદર ડોલેથી નહાનારા મારી આંખે મેં જોયા છે. આનો ઉપાય તો કરવો જ પડશે. નહાવાનો અમુક સમય નક્કી કરવો પડશે અને એ સમય દરમ્યાન વિદ્યાર્થીમંડળનો એક માણસ ત્યાં હાજરી આપશે, જેમ ભોજનમાં હાજરી અપાય છે તેમ. નહાવા માટે ત્રણ કરતાં

વધારે ડોલો કોઈએ વાપરવી નહીં એવો નિયમ થશે. હજુ આ અઠવાડિયું રાહ જોઈએ. આ ઉપરથી જો બધા ડાહ્યા થઈને સંયમપૂર્વક પાણીનો ઉપયોગ કરશે, તો આવા નિયમની જરૂર નહિ રહે, પછી તો નિયમ છે જ ને ! - બા.

## ધરતીકંપ ફંડ

આ ફંડમાં જે વિદ્યાર્થીએ પોતાના મોજશોખનો ત્યાગ કરી એક આનો પણ આપ્યો છે તેને ધન્યવાદ છે. વાળ એકવાર ન કપાવો તોપણ સહેજે દોઢઆનો બચાવી શકો. - બા.

## માનું ધાવણ

મા જેમ બાળકને ધવરાવી મોટું કરે છે તેમ બાપે બાળકને વિદ્યા-જ્ઞાન-સંસ્કાર-કેળવણી આપી માણસાઈ આપવી જોઈએ. કેળવણી સિવાયના માણસમાં અને પશુમાં ફેર નથી. પશુ પણ મહેનતમજૂરી કરી પોતાનું પેટ ભરે છે અને માણસ પણ ભરે તેથી શું ? જ્યાં સુધી માણસમાં માણસાઈ આવી નથી, ત્યાં સુધી માણસ એ માણસ નથી અને માણસાઈ સુકેળવણીથી જ આવી શકે છે. માબાપ પોતાનાં બાળકોને કેળવણી આપવાનો ધર્મ વિચારશે ?

## શું પસંદ કરશો ?

નાનાં બાળકોને શહેરમાં મૂકી કેળવણી આપવી તેના કરતાં તો તેને ઘેર જ રાખવાં એ હિતકારક છે. શહેરની લાલચો-કુસંગ અને સ્વચ્છંદી વાતાવરણમાં બાળકોને મૂકવાં એ તેમના જીવનને છૂંદી નાખવા બરાબર છે. બાળકના જીવન ઉપર વાતાવરણની જેવી અસર થાય છે તેવી કોઈની પણ થતી નથી. તેથી શહેરમાં ગમે તેવી સુંદર વ્યવસ્થા અને દેખરેખ હોય પણ ત્યાં બાળકોના જીવનનો તંદુરસ્ત વિકાસ ન થઈ શકે.

શહેરથી દૂર આવેલી આ સંસ્થાના ખુલ્લા વિશાળ ચોગાનમાં, સ્વચ્છ અને તાજગીભર્યાં વાતાવરણમાં બાળકોને મૂકી તેમને જીવન ઉપયોગી કેળવણીના પાઠ ભણવા દેજો.

પૈસો તો આ જ છે ને કાલ નથી, આજ નથી અને કાલ મળશે, પણ બાળકોને કેળવણી આપવાનો આવો અમૂલ્ય સમય ફરી ફરી મળવાનો નથી.

'બાપૂનું બારમું અને સ્ત્રીનું સીમંત' ફરીફરીને આવતું નથી એ કહેવત હવે તો ભૂલી જાઓ. 'બાળકોને જ્ઞાન આપવાનો અમૂલ્ય બાલ્યકાળ ફરીફરીને આવવાનો નથી.' એ નવી કહેવત પાડો અને તે પ્રમાણે વર્તો.



ખોટા ખર્ચા કરવા હોંશેહોંશે દેવું કરી, એ દેવામાં દટાઈ મુવા. તો હવે કેળવણી માટે દેવું કરી અને દેવાના અને પશુતાના ડુંગરોને તોડવા માગો છો ? દેવું કરીને પણ બાળકોને ભણાવો.

અહીં બાળકો પોતાના અભ્યાસ ઉપરાંત ઘણું ઘણું શીખશે. અહીં સુથારકામ છે, સીવણકામ છે, વણાટકામ છે, છાપવાનું કામ છે, સંગીત છે, અખાડો છે, ડ્રોઈંગ છે અને બાગકામ છે. આ ઉપરાંત અને સૌથી અગત્યનું, બાળકોનાં જીવન ઘડવા માટે તેઓ આનંદ, ઉત્સાહ અને કલ્લોલથી રહી શકે તેવું છાત્રાલય છે. વધુ હકીકત માટે લખો.

**બાપુભાઈ**
**આચાર્ય,**
**સર્વ વિદ્યાલય, કડી**

## અંતરની વાડો

ખેતરમાં ઢોરઢાંખર ન પેસી જાય તે માટે ખેડૂત ખેતરની આસપાસ થૂવર-કાંટાની વાડ કરે છે. આંગણના બગીચાને બકરાં-ગધેડાંથી બચાવવા માટે આપણે લોઢાના કાંટાની વાડ કરીએ છીએ. આપણી હદમાં ગમે તે માણસ સહેલાઈથી ઘૂસી ન જાય તે માટે કમ્પાઉન્ડ કરીએ છીએ. રાજધાની ઉપર દુશ્મનોના હલ્લાથી બચવા ગઢ કિલ્લાઓ ઊભા કરવામાં આવે છે. આ બધું ઠીક છે, પણ દુશ્મનોના ખરા હલ્લાઓ તો આપણા મન ઉપર જ થાય છે. આપણાં મન ઉપર અંદરથી અને બહારથી ધસી આવતા હુમલાઓથી બચવા શું કરીશું ? આ લોઢાના તારની વાડો ત્યાં કામ આવશે ? મજબૂત ચોકી પહેરાઓ તેને અટકાવી શકશે ? તેને માટે તો મનમાં જ કાંટાના તારની બેવડી-ચોવડી વાડો બાંધી દેવી જોઈએ. રાતદિવસ જાગૃત રહી તમને ચેતવે એવી કુશળ ચોકી ગોઠવી દેવી જોઈએ. તમારી હદમાં દુશ્મનનો પગ પડતાં જ આ કાંટાના તાર તેને ભચોભચ પેસી જાય અને લોહીની સેરો ઊડે એવા મજબૂત કાંટાઓનું રક્ષણ તમારા દિલની આસપાસ મૂકી દેવું જોઈએ.

આમ નહિ કરો તો તમારા આંતરબગીચાને બકરાં અને ગધેડાઓ ચરી જશે. સુંદર ગુલાબ અને મોગરાના છોડવાઓને સ્થાને કૂતરાઓ બખોલો કરશે અને વિષ્ટાના ઢગ રચશે. આજ સુધી જે મહેનત લઈ તમે બગીચાને પાણી પાયું છે તે વ્યર્થ જશે અને તમારી વાડી ઉજ્જડ-વેરાન અને સૂકીભઠ બની જશે.

આંતરબગીચાને ખીલવવો હોય તો આ સિવાય બીજો એકે માર્ગ નથી. આમ કરશો તો જ પરમાત્માની કૃપાવૃષ્ટિના અમીવરસાદ વરસશે અને તમારી વાડી ફૂલશે, ફાલશે અને ફળશે.

## યુવાન હૃદયને

હે યુવાન મુસાફર ! જોજે હોં ! રસ્તો ન ભૂલતો, સીધો રસ્તો તને લાંબો અને કંટાળાભરેલો લાગે છે ને ! આડો રસ્તો તને ટૂંકો જણાય છે. સુંદર બાગબગીચાના સુગંધીદાર ફૂલોથી મઘમઘતો લાગે છે. કલ્પના અને આનંદના ફુવારા ત્યાં ઊડતા જણાય છે, પણ રખે તેનાથી લલચાતો. એ દેખાતા સુગંધીદાર ફૂલની અંદર ભમરાઓ ભરાયેલા છે એ જાણી લેજે. જેવું તું ફૂલ નજીક નાક ધરીશ કે ફટાફટ ઝેરી ડંખોની વિષમ વેદનાઓ તારે સહન કરવી પડશે. એ પુષ્પ વેરે છે. સુંવાળા રસ્તાની નીચે કાંટાઝાંખરાંથી ભરેલા અંધારા કૂવાઓ છુપાયેલા છે. તારો પગ પડતાંની સાથે જ તેમાં તું સપડાઈ પડીશ અને અંધારામાં ક્યાંય ગોથાં માર્યા કરીશ.

પ્રેમને તું ઓળખે છે ? 'પ્રેમ પંથ પાવકની જ્વાળા ભાળી પાછા ભાગે જોને' એનો અર્થ સમજે છે ને ? બુદ્ધિના પ્રકાશ વિના પ્રેમ આંધળો છે. કેવળ બુદ્ધિ બગડી છે. પ્રેમ અને બુદ્ધિનો મેળ બેસાડીને આગળ વધવા ઇચ્છીશ તો જ સીધે રસ્તે જઈ શકીશ. પછી તો ઘાંચીના બેલની માફક ગોળ ગોળ ફર્યા કરવું હોય તો ભલે ને ફર્યા જ કર ને ! સમાજ ક્રૂર છે. તારા સાચા પ્રેમને નહિ પિછાને ! તારી પાંખો કાપી નાંખશે અને પાંખો કપાતાં તરફડિયાં મારતા પંખીની માફક તું પણ તરફડિયાં મારતો મારતો જમીન ઉપર પછડાઈશ.

ગુલાબના ફૂલને ખાઈશ નહીં. ખાવાથી ઝેર ચડસે. દૂરથી તેની સુવાસ લેજે અને તેને પણ તેની ફોરમ ફેલાવવા દેજે.

સાવચેત ! સબૂર ! આગળ ડગલું વિચારપૂર્વક ભરે તો વિચારપૂર્વક—શ્રદ્ધાપૂર્વક અને હિંમતપૂર્વક ભરજે, જો હોં !

## સંતાડો નહિ - જલાવી દો

આપણને કચરો સંઘરવાની - સંતાડવાની ટેવ પડી છે. જ્યાં ત્યાં ઉકરડા કરવાથી તો એક વખત કહોવાઈ-ગંધાઈ ઊઠશે અને તમને પાયમાલ કરશે. માટે જ્યાં જ્યાં કચરો મેલ હોય, ઓરડીઓમાં હોય, કપડાં ઉપર હોય, શરીર ઉપર હોય, મનમાં હોય, બુદ્ધિમાં હોય કે હૃદયમાં હોય, ત્યાંથી તેને વાળીઝૂડીને બહાર કાઢીને જલાવી દ્યો. ઢાંકી સંતાડી શુદ્ધ હોવાનો ડોળ કરતા નહિ. આ ડોળ જ તમને ભરખશે. ડોળ છોડી દ્યો. જેવા હો તેવા દેખાઓ. બીજાને ઠગવામાં આપણે આપણી જાતને જ છેતરીએ છીએ. માટે કચરો કાઢો. મેલ કાઢો અને જલાવી દ્યો—જલાવી દ્યો.

**બાપુભાઈ ગામી**



***'કડવા પાટીદાર આશ્રમ કડી'ના જૂનાનવા વિદ્યાર્થીઓનું 'સ્નેહમિલન' વડોદરા રાજ્યના દીવાન રાવબહાદુર ગોવિંદભાઈ દેસાઈના પ્રમુખપદે સંસ્થાનો બાર વાર્ષિક ઉત્સવ અને અમદાવાદ મ્યુનિસિપાલિટીના પ્રમુખપદે યોજાયેલ દ્વિતીય સ્નેહસંમેલનને ઉદ્દેશીને લખેલો લેખ.***

**ડિસેમ્બર, ૧૬, ૧૭ - ૧૯૩૩**

## વિદ્યાર્થી સ્નેહસંમેલન

સર્વ વિદ્યાલયના આ બાર વાર્ષિક ઉત્સવ સાથે સંસ્થાના જૂનાનવા વિદ્યાર્થીઓનું એક સ્નેહસંમેલન ભરવાનું નક્કી કરવામાં આવ્યું છે. વિદ્યાર્થીઓ તો સંસ્થાના પ્રાણ છે. જેમ પ્રાણના અભાવે જડ દેહની આપણને જરા પણ કિંમત હોતી નથી, તેમ વિદ્યાર્થીઓને ઉવેખી કરવામાં આવતી સંસ્થાની સઘળી પ્રવૃત્તિઓ નિષ્ફળ છે. સંસ્થાની કિંમત વિશાળ મકાનોમાં કે વિપુલ સાધનસામગ્રીમાં નથી, પણ તેના વિદ્યાર્થીઓમાં રહેલી છે. જ્યાં જ્યાં સંસ્થાનો સાચો વિદ્યાર્થી છે, ત્યાં ત્યાં સંસ્થાની હયાતી રહેલી છે અને સંસ્થા જો આવા સાચા વિદ્યાર્થીઓને પેદા કરવા શક્તિમાન હોય તો સંસ્થા હંમેશને માટે નિર્ભય હોય છે. આ દૃષ્ટિએ, બે-ચાર વર્ષે સંસ્થાના નવાજૂના વિદ્યાર્થીઓ મળી પોતાની અને સંસ્થાની સુખદુઃખની વાતો કરે, વિચારો કરે, મનોરથા ઘડે અને સંસ્થાના વિકાસની યોજનાઓ વિચારે એ ઈષ્ટ છે. પ્રેમ એ અદ્ભુત ચીજ છે. સંસ્થાને વિદ્યાર્થીઓ માટે અને વિદ્યાર્થીઓને સંસ્થા માટે જો સાચો પ્રેમ જાગે તો શું ન થઈ શકે ? આજ પ્રેમની-સ્નેહની આરાધના કરવા માટે વિદ્યાર્થીઓ અને શિક્ષકો મળી સ્નેહસંમેલન ઊજવે.

## નવાજૂની

જાણવા જેવી ખાસ કંઈ નવાજૂની નથી. પરંતુ, ગયા સપ્તાહમાં દરરોજ એક વિદ્યાર્થીએ સરેરાશ પાંચ મિનિટ કૃપા કરી જે એક બગીચો તૈયાર કર્યો છે એ થોડું પણ નિયમિત કામ સરવાળે કેટલું થઈ શકે છે તેનું જ્વલંત ઉદાહરણ છે. અત્યાર સુધી આશ્રમને બગીચાની ખોટ હતી તે હવે કંઈક અંશે પુરાઈ છે. આ બગીચાની આમ કંઈ કિંમત નથી, પણ કેળવણીની દૃષ્ટિએ તેની જેટલી કિંમત આંકીએ તેટલી ઓછી છે. વિદ્યાર્થીઓએ સ્વપ્રયત્ને, પ્રેમ, ખંત, નિયમિતતા અને ચીવટથી જે કંઈ નવું સર્જન કરી જે ગુણો કેળવ્યા છે તેની કિંમત ઓછી નથી. ઉપરાંત પ્રથમના શુષ્ક અને કલાહીન વાતાવરણને સ્થાને બગીચાના કળામય અને સુંદર વાતાવરણથી બાળકોના મન ઉપર સૌંદર્ય, કળા, ઉદ્યોગ અને સેવાવૃત્તિના જે સંસ્કારો ચોવીસે કલાક પડ્યા તેની કિંમત રૂપિયા-આના-પાઈમાં આંકી શકાય નહિ. વળી જ્યાં સત્રમાં

વિદ્યાર્થીની હસ્તલિખિત પ્રવૃત્તિઓમાં પણ વિકાસ થયેલો છે. ઉપરાંત શિક્ષક તરફથી ચાલતા 'સર્જન' માસિકના અંકોમાંથી તારવણી કરી 'સર્જન' નામનું પુસ્તક છાપીને બહાર પાડવામાં આવ્યું છે.

આશ્રમમાં રહેતા એક ભાઈના અકાળ અવસાનના સ્મારક તરીકે વિદ્યાર્થીઓએ 'સ્વ. નાનજીભાઈ વિદ્યાર્થી સહાયક પુસ્તકાલય' નામના એક પુસ્તકાલયની યોજના હાથ ધરી છે. શાળામાં ચાલતાં પુસ્તકોનો સંગ્રહ આ પુસ્તકાલયમાં કરવાની યોજના છે અને તે પુસ્તકો વિદ્યાર્થીઓને અભ્યાસ દરમ્યાન મળે અને દર વર્ષે દરેક વિદ્યાર્થીને નવાં પુસ્તકો પાછળ થતા ઘણા ખર્ચમાં કંઈક બચાવ થાય એ આ યોજનાનો હેતુ છે. હજુ આ બીજઅવસ્થામાં છે, પણ જો દરેક વિદ્યાર્થી આ વસ્તુ બરાબર ધ્યનમાં લે, તો ટૂંક જ સમયમાં આનો લાભ કડી અને કડી બહાર અભ્યાસ કરતા તમામ વિદ્યાર્થીઓને મળે. દિવાળીની રજાઓમાં નાના અને મોટા વિદ્યાર્થીઓની બે ટુકડીઓ તારંગા અને આબુના પ્રવાસે જઈ આવી. તારંગાથી ચાલતા દાંતા, અંબાજી અને આબુ જવાનું હતું. પ્રવાસો ખૂબ જ આનંદજનક નીવડ્યા. વિદ્યાર્થીઓને આમાં ઘણું ઘણું જોવાનું અને જાણવાનું મળ્યું. શું આ કેળવણી નથી ?

## કેળવણીની સંસ્થા

મધ્ય દરિયે ભૂલા પડેલા વહાણને દીવાદાંડીની જેટલી જરૂર અને ઉપયોગિતા છે, તેટલી જરૂર સમાજને કેળવણીની સંસ્થાઓની છે. વાત એ છે કે કેળવણીની સંસ્થાએ સમાજની સાચી દીવાદાંડી બનવું જોઈએ, પણ અત્યારે તો આપણે ઊલટું જોઈએ છીએ. અત્યારે તો સમાજ એ સરસ્વતીદેવીની દીવાદાંડી બનેલ છે. સમાજની આજ્ઞા પ્રમાણે જ સરસ્વતીદેવીને પોતાનાં પગલાં આગળ માંડવાનાં છે. આમાં એકેયનું શ્રેય સધાતું નથી. સમાજ છે ત્યાંનો ત્યાં જ રહે છે, સમાજ પ્રગતિ કરતો નથી. ભલે એ પ્રવૃત્તિ કરે. ખરી રીતે તો વિદ્યાદેવીએ જ્ઞાન-મશાલ હાથમાં ધારી રાજ્યને આગળ દોરવાનું છે.

જે દિવસે સમાજ જ્ઞાનદેવીને આગળ દોરવાનો ઘમંડ કરવાને બદલે તેનાથી આગળ દોરાવા શ્રદ્ધાપૂર્વક પ્રયત્ન કરશે તો દિવસે સમાજ આગળ વધશે અને જ્ઞાનમંદિર વધુમાં ઉજ્જવળ અને પ્રભાવશાળી બનશે. સરસ્વતી સર્વને સન્મતિ આપે એ જ અભ્યર્થના.

**બાપુભાઈ ગામી**
**આચાર્યશ્રી; સર્વ વિદ્યાલય, કડી**



## શાની જરૂર છે ?

સમાજની ઉન્નતિ સાધવા શાની જરૂર છે ?

બળવાન અને સ્વાવલંબી કેળવણીની.

જ્યાં સુધી સમાજમાં દરેક વિચારશીલ માણસ કેળવણી સંબંધી વિચાર કરતો નહિ થાય, ત્યાં સુધી કેળવણી પાંગળી અને નિસ્તેજ જ રહેવાની.

જ્યાં સુધી સરકાર અને અમલદાર વર્ગે દોરી આપેલા ચિલે જ–વિચાર કર્યા સિવાય–શિક્ષકો અને સમાજના વિદ્વાન નેતાઓ ઘસડાવાનું પસંદ કરશે ત્યાં સુધી સુકેળવણીની આશા રાખવી નિરર્થક છે.

કેળવણીનો પાયો, પદ્ધતિ અને કાર્ય જેટલા પ્રમાણમાં સંગીન સુવ્યવસ્થિત બનાવવામાં આવશે તેટલા પ્રમાણમાં પ્રજા ઉન્નતત, સ્વાવલંબી અને પ્રગતિપરાયણ બનશે.

સમાજની આર્થિક વ્યવસ્થા અને પ્રગતિ સાધવી હશે તો કેળવણી સામે જોયા સિવાય ચાલે તેમ નથી.

સમાજમાં સેવાવૃત્તિ ધાર્મિકતા અને કર્તવ્યપરાયણતાનો ફેલાવો કરવાનો વિચાર હશે તો કેળવણી તરફ દૃષ્ટિ કરવી પડશે.

દિનપ્રતિદિન નિર્માલ્ય થતા પ્રજાશરીરમાં ચેતન અને બળનો સંચાર કરવો હશે તો કેળવણીની અવગણના કરે કંઈ નહિ થાય.

સમાજને સ્વતંત્ર અને સ્વાવલંબી બનાવવાના મનોરથ હશે તો કેળવણીનો આશ્રય લેવો જ પડશે.

કેળવણી એ આ જમાનાનું કલ્પવૃક્ષ છે.

**– બાપુભાઈ**

## તૃતીય સ્નેહસંમેલન

## વિનતિ

**તારીખ ૧૬ અને ૧૭ ડિસેમ્બર ૧૯૯૩**

**વિદ્યાર્થીભાઈઓ,**

આ સ્નેહસંમેલન પ્રસંગે વાંચવા માટે નિદાન એક નિંબધ લખવા અમારી આપને વિનંતિ છે. આ નિબંધોમાંથી પસંદ કરાયેલા વિષયો ઉપર ચર્ચા વગેરે થશે. નિબંધ તા. ૧૦ ડિસેમ્બર સુધીમાં અહીં મોકલી આપશો.

નિબંધ લખવામાં માર્ગસૂચક થાય માટે અહીં કેટલાક વિષયો આપવામાં આવ્યા છે.

લિ. આપનો શુભેચ્છક
**બાપુભાઈ વિ. ગામી**
આચાર્ય; સર્વ વિદ્યાલય, કડી

૧. આ સંસ્થાનો વિકાસ કરવા સંસ્થાના વિદ્યાર્થીઓ શું કરી શકે ?
૨. વહેવારમાં પડ્યા પછી વિદ્યાર્થીઓ ઉપર સંસ્થાના શિક્ષણ અને વાતાવરણની અસર કેટલે અંશે રહે છે ?
૩. સંસ્થાના વિદ્યાર્થીઓ જીવનમાં સફળતા પ્રાપ્ત કરી સમાજને ઉપયોગી થઈ પડે તે માટે સંસ્થાએ વધુ શું શું કરવું જોઈએ ?
૪. આ સંસ્થા સરકારી અને ખાનગી માલીકીની શાળાઓની માફક કેવળ મેટ્રીકની પરીક્ષાને જ પોતાનું ધ્યેય રાખે એ ઈષ્ટ છે ?
૫. સંસ્થાના આજ સુધીના કાર્ય ઉપરથી સંસ્થાની પ્રવૃત્તિ માટે તમારો પ્રામાણિક મત શું બંધાયો છે ?
૬. સંસ્થા પોતાનું સ્વરૂપ છોડતી જાય છે અને વિશાળ (સાર્વજનિક) બનતી જાય છે તે માટે વિચારો કેવા છે ?
૭. 'વિદ્યાર્થી સંઘ' સંગીન પાયા ઉપર મૂકવા કયા કયા ઉપાયો યોજવા જોઈએ ?
૮. જ્ઞાતિસંસ્થાઓની અને સમાજની મદદથી કેળવણી લઈ બહાર પડતા યુવકો જ્ઞાતિ, જ્ઞાતિસંસ્થા અને સમાજની કેવા પ્રકારની સેવા કરે છે અને તેમની કેવા પ્રકારની સેવા તેમણે કરવી જોઈએ ?
૯. આદર્શ કેળવણી
૧૦. રાષ્ટ્રીય કેળવણી
૧૧. ઉદ્યોગની કેળવણી
૧૨. કન્યા કેળવણી
૧૩. વિદ્યાર્થી અને પ્રાર્થના
૧૪. વિદ્યાર્થી અને સ્વરાજ
૧૫. છાત્રાલયમાં વિદ્યાર્થીનું સ્વાતંત્ર્ય
૧૬. વિદ્યાર્થી અવસ્થા અને વિવાહિત જીવન
૧૭. ગુજરાતના છાત્રાલયોની સ્થિતિ અને સ્થાન
૧૮. છાત્રજીવન અને ગૃહજીવન
૧૯. ગ્રામોન્નતિ



૨૦. સામાજિક સુધારણા
૨૧. અસ્પૃશ્યતા નિવારણ
૨૨. આદર્શ જીવન
૨૩. લગ્ન
૨૪. ગોપાલન અને ખેડૂત

**પાટીદાર મુદ્રણાલય, કડી.**

## સર્વ વિદ્યાલય, કડી

### સમાચાર

### દિવાળી

દિવાળી આવી અને ગઈ. આવી કેટલીયે દિવાળીઓ આવી અને ગઈ; આવશે અને જશે. દિવાળી એ જેટલો વેપારીઓનો તહેવાર છે તેટલો સમાજના સર્વે અંગોનો પણ તહેવાર છે. વેપારીઓ હિસાબ ચોખ્ખા કરે છે અને નવા ચોપડાઓ શરૂ કરે છે. મહાકાળી, મહાલક્ષ્મી અને મહાસરસ્વતીનાં પૂજન જેટલાં વેપારીને જરૂરનાં છે તેટલાં જ સમગ્ર પ્રજાને ઉપયોગી છે. શરદઋતુની કાલિમા અદૃશ્ય થતાં, વર્ષા ઋતુએ આણેલી મહાલક્ષ્મીનાં દર્શન ખેડૂતોનાં ઝૂંપડે ઝૂંપડે નવા અનાજ અને પાકના રૂપમાં થાય છે. અને વર્ષ દરમ્યાનનાં વેર ઝેર ભૂલી મનને પવિત્ર બનાવી મહાસરસ્વતીનું આરાધના કરવાનું કોને હિતકર ન થઈ પડે ?

નૂતન વર્ષે મન અને હૃદયમાં નવીન, આહ્લાદક અને શુભ સંસ્કારોનાં બીજ વાવવાની શરૂઆત કરી દેવી જોઈએ. આ સમયે કરેલા શુભ વિચારો અને સંસ્કારો કલ્યાણકારક અને શ્રેયસ્કર નીવડે છે, અને તેથી જ તો નવા વર્ષની શરૂઆત સરસ્વતી અને વિદ્યાની પૂજાથી કરવી જોઈએ.

સરસ્વતી એ પ્રકાશની દેવી છે. દેશભરમાં વ્યાપી ગયેલા અજ્ઞાનઅંધકારને ફેડવાના પ્રયત્ન કરતી કેળવણીની સંસ્થાઓ જે આજ ખરેખર સરસ્વતીનાં મંદિરો છે. આ મંદિરના ચરણે કોઈપણ પ્રકારની ભેટ યથાશક્તિ ધરવામાં જ આપણું કર્તવ્યપાલન રહેલું છે. સમજુ ધનિકોના ધનનો સદ્વ્યય વિદ્યાધનમાં જ થાય છે. વિદ્યાદાન જ ખરો યજ્ઞ છે અને તેનાથી જ દિવાળીનું ખરું પર્વ ઉજવાય છે.

- બા.

### દાતણ

કોણ કહે છે કે આપણે દાતણ (દંત + ધાવન = દાંત સાફ કરવાની ક્રિયા) કરીએ છીએ ? એ તો આપણી વંશપરંપરાની ટેવ, એટલે ઊઠીને મોઢામાં લાકડું નાંખ્યા

સિવાય ન ચાલે ! બાકી આપણે કંઈ દાતણની ઉપયોગિતા સમજતા નથી. ઊલટું દાતણથી આપણે કેટલીક ગંદી કુટેવો શીખીએ છીએ અને નકામો સમય બરબાદ કરીએ છીએ. આ રહી તે કુટેવો :

૧. પથારીમાં પડ્યા પડ્યા દાતણ ચાવવું.

૨. દાતણ ચાવતાં મોઢામાં પાણી વહે તે ઘરમાં જ ગમે ત્યાં થૂંકવું.

૩. ચાવેલા દાતણને થાંભલા સાથે પછાડી થાંભલાને ગંદા અને બેડોળ બનાવવા. (જુઓ તમારી ઓરડીનો થાંભલો)

૪. ચાવેલા દાતણને ઓટલાના પથારાની કિનારી સાથે પછાડી, કિનારી નીચે દાંતણના કૂચાની ગંધાતી જાળીઓ અને જાળાં બનાવવાં. (તપાસો)

૫. દાતણથી દાંત તો ઘસતા નથી. તેમજ ઊલ પણ ન ઉતારવી.

૬. મોઢામાં દાતણનો ડોયો લગભગ અડધા કલાક સુધી રાખી મૂકવો.

૭. દાતણને ગમે ત્યાં રસ્તા વચ્ચે બગીચાની અંદર કે પાણીની ટાંકી આગળ ફેંકી દેવું.

આના કરતાં તો આ લાકડાનું દાતણ ન કરીએ અને તેના બદલે મશીન અને ઊલિયાનો ઉપયોગ કરીએ તો શું ખોટું ?

- બા.

## ખાઉધરાપણું

કારણ ગમે તે હોય, પણ છાત્રાલયમાં રહેતા ઘણાખરા વિદ્યાર્થીઓમાં ખાઉધરાપણાનો ચેપ ફેલાયેલો હોય છે. આ ખાઉધરાપણું અનેક રીતે દેખા દે છે.

૧. શરીરને જોઈએ તેના કરતાં વધારે ખાવું.

૨. ઠાંસીઠાંસીને ખાવું.

૩. ચાવ્યા સિવાય લુસલુસ ખાવું.

૪. માબાપની ખરા પરસેવાની કમાણીમાંથી પૈસા ખરચી બજારુ ચીજો ખાવી; જેવી કે, પેંડા, જલેબી, ભજિયાં, ચેવડો વગેરે વગેરે અને પછી માંદા પડવું.

૫. પૈસા ન મળે તો ચોરી કરીને પણ ખાવું. **કોઈના પેંડાનો ડબ્બો ઉપાડી જવો.** આ સિવાય આપણું ખાઉધરાપણું આપણને કેટલાય દુર્ગુણ શિખવાડે છે અને ખોટા માર્ગે દોરે છે. આ ખાઉધરાપણું સાચાને જૂઠા બનાવે છે, મિત્રોને શત્રુ બનાવે છે, સરળને કપટી બનાવે છે અને સાદાને ઢોંગી બનાવે છે.

૧૯૩૩ - બા.



## એ શું ?

હજુ પથારીમાં જ હોઈએ અને નાસ્તાનો ઘંટ વાગે એ શું ?
મોઢામાં હજુ દાંતણનો ડોયો ફરતો હોય અને ઉદ્યોગનો ઘંટ વાગે એ શું ?
બે ચાર દિવસ પણ નહાવાનું ન સૂઝે એ શું ?
ઘાંચીના કપડામાં અને તમારા કપડામાં ફેર ન હોય એ શું ?
જમવાનો ઘંટ વાગે અને નહાતા હોઈએ એ શું ?
નાસ્તા પછી અને જમ્યા પછીથી હાથમાં લોટો લઈ દિશા જતા હોઈએ એ શું ?

- બા.

## શું થયું ?

હસ્તલિખિત માસિકોને શું થયું ?
આ કડકડતી ટાઢમાં ઠરી ગયાં ?
હવે તો વસંત બેસી ગઈ છે.
પરીક્ષાદેવીથી ગભરાઈ તો નથી ગયાં ?
જો ગભરાયા હોય તો એવા બીકણોની શી જરૂર ?

પરીક્ષાદેવીની સમક્ષ પણ પોતાની પાંખો ફફડાવી, નાચી, કૂદી અને ઊડી શકે એવાં ચેતનવંતાં હસ્તલિખિત માસિકોની કિંમત હોય છે. પરાણે બેઠાં કરવાં પડે એવાં મડદાં શું ઉકાળે ! સમજો કે એ પણ પરીક્ષા જ છે, એકમાં પાસ થવા જતાં બીજામાં નાપાસ થયા ને ! અને એ કંઈ આચાર્ય માટે ચલાવો છો ? ન ભૂલતાં એમાં અમારું શું જશે ! તમને નહિ મળે એટલા અમને ગેરલાભ !

૧૯૩૪ - બા.

## ધરતીકંપ

ધરતીકંપથી હજારો ઘરબાર વિનાના થયેલા અને સગાંસ્નેહીઓના અકાળ મૃત્યુથી વિચલ અને ભયભીત બનેલા આપણા આસામના ભાઈઓ માટે શું કરશો ? સાઈકલો, પેંડા, ચવાણાં, શિરાઓ અને પાનની મોજમજાઓ છોડી તેમાંથી બચતાં નાણાં આ ધરતીકંપફંડમાં નહિ આપો ? આખો દેશ જાગ્યો છે. શું આપણે હજુ પણ ઊંઘીશું ?

૩-૨-૧૯૩૪ - બા.

## ગરીબની હાય

આપણે બધાય ગરીબો છીએ, એટલે જરૂર આપણે ગરીબોની હાય સમજીએ છીએ. રેંટિયો ફેરવી દિવસના ત્રણ પૈસા કમાઈ પેટનો ખાડો પૂરતા હાડપિંજર માનવી

પાસેથી આપણે રોટલાનું બટકું ઝૂંટવી લઈ દેશી અને પરદેશી મિલોના ધનિક માલિકોનાં નિર્દય ખિસ્સામાં હજારો રૂપિયા ફેંકતાં આપણા દિલમાં જરા પણ અરેરાટી કેમ થતી નથી ? ખાદી આપણે છોડતા જઈએ છીએ અને મિલનું કાપડ આપણા આશ્રમમાં ધુસમુસ ઘૂસતું જાય છે. અટકો, થોભો અને વિચારો. મોટાં થોથાંનાં થોથાં વાંચી શું મેળવ્યું ? નહિ સમજો ? સંસ્થામાં ખાદી જ પહેરાય એવો કાયદો કરીએ તો ?

- બા.

## કારણ શું હશે ?

૭૦ જણાને બાર શેરની રોટલી જોઈએ અને ૧૧૫ જણાને મણની રોટલી જોઈએ તેનું શું કારણ હશે ? શહેરનું ભારે પાણી અને આપણા કૂવાનું હળવું પાણી એ કારણ હશે ? કે જાણે આપણે રોટલી દેખી જ નથી એ કારણ હશે ? કે જાણે પેટ પારકું જાણી ખાતા હોઈશું એ કારણ હશે ? કે વધારે રોટલી ખાવાની હરીફાઈ એ કારણ હશે ? કે ગૃહપતિ કે મહારાજોને પજવવા એ કારણ હશે ? કે માંદા પડી ઘેર સિધાવવાની ઇચ્છા એ કારણ હશે કે વધારે ખાઈ શરીરને સંડાસ બનાવી બુદ્ધિને જાડી કરવાની ઇચ્છા એ કારણ હશે ? કંઈક કારણ તો હશે ને ?

## વિદ્યાર્થીમંડળ કેમ ઊંઘે છે !

ઓરડીઓમાં જોઈએ તેવી સ્વચ્છતા રહેતી નથી. જોડા, સાવરણી ડોલ, ખરપડી અને ફળ જ્યાં ત્યાં ટિચાય છે. નિયમ કરો કે, આમાંની કોઈપણ ચીજ જમીન ઉપર ન રહે. તાકામાં જ ગોઠવાય. અગર જોડા રૂમની બહાર વ્યવસ્થિત રાખો પણ પ્રવેશદ્વારના ખૂણામાં જ ગંદકી અને વ્યવસ્થા એ તોબા પોકરાવે છે.

## ગંદકીનું સામ્રાજ્ય

આપણા આશ્રમમાં તો હું ગંદકીનું જ સામ્રાજ્ય જોઉં છું. શરીર ઉપર ગંદકી, માથામાં ગંદકી, કપડામાં ગંદકી અને રસ્તાઓમાં ગંદકી. પાણી પીવાની ટાંકી આગળ દાતણની ચીરીઓ પડી હોય, ઓરડીઓની પાછળ કાગળના ઢગલા પડ્યા હોય, રસોડાની જ ભીંતે પેશાબ કરાતો હોય - આ બધું વિદ્યાર્થીમંડળ કેમ જોતું નથી ? ભંગી પાસે જે કામ કરાવવાનું હોય તે કરાવવું જ. ભંગી તેમનો છે.



## એક પત્ર

મુંબઈ
તા. ૧-૨-૩૪

સંસ્થાનો જૂનો વિદ્યાર્થી શું લખે છે ?

''વિદ્યાર્થી જીવનમાં સંસ્થાના નિયમો અમને લાભદાયક નહિ, પરંતુ બંધન સમાન લાગતા. તે જ અત્યારે જીવનપંથને સત્ય અને સરળ રસ્તે દોરવામાં ઘણા જ મદદરૂપ થયા છે ને થાય છે. સંસ્થાના જીવનથી વ્યસનોનો અભાવ રહેલ ને તેથી જ મુંબઈ જેવા શહેરમાં ટૂંકા ખર્ચે નભી શકાય છે. જાતમહેનત અને સ્વાશ્રયનો પાઠ ઘણો જ ઉપયોગી થઈ પડે છે તે આજ જાણમાં બરાબર આવે છે.''

## વળી પાછા કાગળ

કાગળના ડૂચા અને કરચો જ્યાં ત્યાં વેરવાની આપણી ટેવ ન જ ગઈ. ખરી વાત છે કે ગંદકીના કીડાઓને ગંદકી જ પ્રિય હોય છે. પવિત્ર ગંગા વહી રહી હોય ત્યાં પણ ગંદકીપ્રિય લોકો ગંદકીમાં જ આનંદ માને છે. જેમ તમે તમારી ઓરડી વાળો છો તે પ્રમાણે તમારો બગીચો પણ દરરોજ સવારસાંજ વાળીને સાફ રાખો.

## વસંતઋતુના તાવ

જેમ ચોમાસામાં મેલેરીઆ તાવ હોય છે તેમ વસંતના પણ તાવ હોય છે. શિશિરની ઠંડી ઋતુમાં ખૂબ પાક ખાઈ જઠર ઉપર જે અત્યાચારો કર્યા હોય તેનો હિસાબ કુદરત આ ઋતુમાં માગે છે. માટે આ વાસંતિક તાવમાંથી બચવું હોય તો અલ્પાહારી બની જઠરને આરામ આપો.

## આવું કેમ સૂઝે છે ?

સંસ્થાની કોઈપણ ચીજ પોતાની માલિકીની નથી તેમજ સંસ્થાની દરેક ચીજ પોતાની જ છે એમ દરેકે સમજવું જોઈએ. સમૂહને વાપરવાની ચીજનો એકલપેટાપણે ઉપયોગ કરવો એ ચોરી છે, લૂંટ છે, હરામખોરી છે. વર્તમાન પત્રો અને માસિકો કેટલા જણ ઓરડીઓમાં લઈ જાય છે ? કેટલા એને વાંચીને વ્યવસ્થિત રીતે એને યોગ્ય સ્થાને મૂકે છે ? કેટલાક એને ચૂંથી નાંખી ફાડી નાંખે છે ? ફાનસો બળતા રાખી કેટલા સૂઈ જાય છે ? બીજા ઉપર દાઝે બળી 'કમળના કાગળો ઉપર થૂંકનાર તેને ગાળો દેનાર અને ફાડી નાંખનારાઓ પડ્યા છે. રાત્રે કાચાં પપૈયાં તોડી લઈ ટંકમાં ઘાલી પકવનાર પણ પડ્યા છે. માટે પૈસાના પપૈયા માટે બે રૂપિયાનું ટેબલ

ભાંગનારાઓ પણ છે. કહ્યા સિવાય બીજાની ચીજો વાપરનારાઓનો તો તોટો જ નથી. બીજાના ટંકો ઉઘાડી, પાક અને પેંડા ખાનાર, જામફળ અને ગોળ ખાનારા પણ ક્યાં નથી ? પાનના અને સિગારેટના વ્યસનીઓ પણ હશે જ.

### અભ્યાસનું વાતાવરણ જામ્યું છે

બારેમાસ આ પ્રમાણે અભ્યાસ કરો, તો બાપના અને સંસ્થાના પૈસા ઊગી નીકળે. પરીક્ષા માટે જ નહિ પણ જ્ઞાન મેળવવા ખાતર જ્ઞાન મેળવો તે જ સાચું જ્ઞાન છે. ભણો અને ગણો. વાંચો અને વિચારો. વિદ્યા મેળવવી એ સહેલી વસ્તુ નથી. એના માટે તપ તો કરવું જ જોઈએ.

### પણ રમવું ન ભૂલતા

અભ્યાસ જેટલો જરૂરી છે તેટલી રમત પણ છે જ. સવારે કસરત અને ડ્રીલ થવી જોઈએ અને સાંજની રમતો રમવી જોઈએ. તિરસ્કારથી જે અન્નને ખાઈએ તે આપણને ફાયદો કરતું નથી. આનંદપૂર્વક નહિ ખવાતું અન્ન પચતું નથી. શરીર બગડે છે, માંદગી આવે છે. કામ કરી શકતા નથી અને લક્ષ્મી ટળે છે. શું આ વસ્તુ દીવા જેવી સ્પષ્ટ નથી ?

### ખોરાકમાંથી લોહી

જેમ ખોરાકને વધારે ચાવીએ અને તેને પચવાને પૂરતો સમય આપીએ તેમ તેમાંથી શુદ્ધ લોહી બને છે અને આપણા શરીરસંચાને તે ચલાવે છે. તે જ પ્રમાણે જો વિચારોને ચાવીએ-મનન કરીએ અને તેને પચવા પૂરતો અવકાશ આપીએ તોય તેમાંથી શક્તિ પેદા થાય છે અને તે શક્તિ વડે આપણે કાર્યો કરી શકીએ છીએ. આને શું શાળામાં કે શું વ્યવહારમાં, શું ઘરમાં કે શું સમાજમાં, આપણે ક્યાં વિચારોને ચાવીને પચાવીએ છીએ ? જેમ કોઈ રોટલાનાં મોટાં મોટાં બટકાં ગળી જાય અને ઊલટી કરી પાછાં બહાર કાઢે તેવી જ રીતે આપણે વિચારોને-ભણતરને ગળી જઈએ છીએ અને જ્યારેત્યારે વ્યવહારમાં, સમાજમાં કે પરીક્ષામાં બહાર કાઢીએ છીએ. આપણું ભણતર પોપટિયું છે તેમાં ગણતર નથી, તો તાકાત પણ ક્યાંથી હોય ?

### ઊંઘ - આરામ

ઊંઘ અને આરામ એ બન્ને જુદી જ વસ્તુ છે. જમ્યા પછી કે કોઈ કાર્ય કર્યા પછી આરામની જરૂર હોય છે, નહિ કે ઊંઘની. દિવસની ઊંઘ આરામ અનેક રીતે લઈ શકાય - માનસિક કામનો થાક ચડ્યો હોય તો - જરા ટેલવાથી, ફરવા જવાથી



બગીચામાં આરામથી બેસવાથી, કોઈપણ શારીરિક કાર્ય કરવાથી, રમવાથી, કૂદવાથી કે મિત્રો સાથે જરા ગપ્પા મારવાથી કે પથારીમાં લહેરથી પડ્યા પડ્યા કોઈક હળવું સાહિત્ય-વાર્તા, નાટક કે પ્રવાસવર્ણનો - વાંચવાથી આરામ મળી જાય છે. શારીરિક કામથી થાકી પરસેવે રેબઝેબ થઈ ગયા હો તો કોઈ ગંભીર વિચારોનું વાચન પણ સ્ફૂર્તિદાયક થઈ પડે છે.

### ગણિતનું માસિક

બધાય ભાષા અને સાહિત્યનાં માસિકો કાઢે છે, કેમ કોઈ ગણિત, વિજ્ઞાન અને ભૂગોળનું માસિક કાઢતું નથી ? 'ગણત્રી' નામનું ગણિતનું માસિક ન કાઢી શકાય ? તેમાં ફક્ત ગણિતની ગમ્મતો, ગણિતના લેખો અને ગણિતની વાર્તાઓ જ આવે. પોપટભાઈ તેમાં જરૂર તમને લેખ આપશે.

### ઈંડાંમાંથી બચ્ચાં

તમે જાણો છો કે ઈંડામાંથી બચ્ચાં કેવી રીતે થાય છે ? કૂકડી કે કબૂતર ફક્ત ઈંડા મૂકીને જ અટકતાં નથી, પણ જ્યારે તે ઈંડાને અમુક સમય સુધી સેવે છે ત્યારે જ તેમાં જીવ આવે છે અને ચીંચીં કરતાં બચ્ચાં બહાર નીકળે છે. કોઈપણ સુવિચાર, સુનિશ્ચય કે સુકલ્પના કરે કામ થઈ જતું નથી. વિચાર એ ઈંડું છે. એ વિચારરૂપી ઈંડાને જો નિરાંતે સેવીએ નહિ, તો તેમાંથી કંઈ ફળ ન મળે. એક દિવસે એ ફૂટી જાય. અભ્યાસનું પણ તેવું જ છે. એકવાર પુસ્તક વાંચ્યું કે તેમાંથી બધું ન મળી જાય.

### અપશબ્દો

જ્યારે કંઈ પણ કામધંધો નથી હોતો ત્યારે અપશબ્દોથી જીભને, જાજરાને અને મકાનની ભીંતો અને કમાડને બગાડવાનું સૂઝે છે. જ્યાં ત્યાં નકામી લીટાઓ દોરવા કરતાં માસિકોમાં ચિત્રો કાઢોને ! જ્યાં ત્યાં અપશબ્દો લખવા કરતાં માસિકોમાં સુંદર વાર્તાઓ લખોને ! જ્યાં જ્યાં અપશબ્દો–જે જે લખેલા–જુઓ તેમણે તે ભૂંસી કાઢવા અને એ અપશબ્દપ્રેમી ભાઈઓને શોધી કાઢી મને તેનું દર્શન કરાવવું.

### Test Examination - Patidar Ashram Kadi

**પ્રશ્ન** **કુલ ગુણ ૧૦૦**

૧. અઠવાડિયામાં કેટલી પેન્સિલો ખુઓ છો ?
૨. દરરોજ કેટલી વખત લોટા ભૂલો છો ?
૩. કેટલી ડોલ પાણીથી નહાઓ છો ?

૪. મહિને કેટલો સાબુ વાપરો છો ?
૫. અઠવાડિયામાં કેટલા પૈસાનું ચવાણું લ્યો છો ?
૬. સિગારેટ અને બીડી પીવાના ફાયદાઓ ટૂંકમાં લખો.
૭. હસ્તદોષથી આજ સુધી તમને જે જે ફાયદાઓ થયા હોય તેનું વિગતવાર વર્ણન કરો.
૮. 'અબોલાવ્રત'નાં કારણો આપો.
૯. આજ સુધી તમે કેટલાનાં નામ પાડ્યાં છે ?
૧૦. તમે ક્યારે ક્યારે અપશબ્દો બોલો છો ?
૧૧. ગુરુના દોષો જોતાં પહેલાં તમારા દોષો જુઓ. અને તે સંબંધી જે જાણતા હો તે લખો.

## માંદગીનાં કારણો

અજીર્ણ ઉપરાંત માંદગીનાં બીજાં અનેક કારણો હોય છે. માંદગીનો ભય પણ માંદગીનું કારણ થઈ પડે છે. મનમાં આખો દિવસ માંદગીના વિચારોનું સેવન કરવું એ પણ માંદગીનું કારણ હોય છે. આપણા શરીરની આજુબાજુ વિચારોનું એક સૂક્ષ્મ પડ હોય છે. ખરી રીતે એ જ શરીરનું રક્ષણ કરે છે. જ્યારે જ્યારે એ સૂક્ષ્મ પડમાં ગાબડાં પડે છે, ત્યારે ત્યારે શરીર ઉપર માંદગી બેચેની વગેરે રોગો હુમલો કરે છે. ઉલ્લાસ, આનંદ, તંદુરસ્તી, આશા, ઉત્સાહ અને તનમનાટનું શરીરની આસપાસ એવું ઘાટુ પડ બનાવો કે કોઈપણ સંજોગોમાં, ગમે તેવા નિરાશમય વાતાવરણમાં કે માંદગીના ગમે તેવા સખત હુમલાઓમાં પણ તમે તમારી તંદુરસ્તી બરાબર જાળવી શકો.

## ભોજનશાળામાં સભ્યતા

સભ્યતા ફક્ત શાળામાં જ કે શિક્ષકો કે વડીલે આ જાળવવાની હોતી નથી. જ્યાં જ્યાં સમૂહકાર્ય હોય છે ત્યાં ત્યાં સભ્યતા સાચવવી જોઈએ. ભોજનશાળામાં ઘોંઘાટ કરવો કે નકામી બૂમો પાડવી કે બડબડાટ કરવો એ હલકી અસભ્યતા છે. અન્ન દેવ છે. જૂના માણસોને કહેતાં તમે ઘણીવાર સાંભળતા હશે કે ભાણામાં જેવું અન્ન આવે તેવું ખાઈ લેવું જોઈએ. ભાણા ઉપર બેસી અન્નદેવની નિંદા કરવાથી કે તેને તરછોડવાથી અન્નદેવ ધ્રૂજે છે, અપ્રસન્ન થાય છે અને લક્ષ્મી ટળે છે

## પરીક્ષા કેમ પાસ થવાય !

૧. ઉજાગરા કરે પરીક્ષા પાસ ન થવાય; પણ વર્ષ દરમ્યાન નિયમિત અભ્યાસ કરે પરીક્ષા પાસ કરાય.



૨. ઊંધું ઘાલી સમજ્યા વિના ગોખી મારે પરીક્ષા પાસ ન કરાય; પણ સમજી સમજીને વાંચવાથી જ પરીક્ષા પાસ કરાય.
૩. ફક્ત વાંચવાથી જ પરીક્ષા પાસ ન કરાય; પણ જે વાંચીએવિચારીએ તેને સારી ભાષામાં લખતાં શીખીએ તો જ પરીક્ષા પાસ કરાય.
૪. ગમે તેમ, ગમે તેવા અક્ષરે લખવાથી પરીક્ષા પાસ ન કરાય; પણ સુંદર અને સુઘડ લખાણથી જ પરીક્ષા પાસ કરાય.
૫. લપલપ વાંચે કે લખે પરીક્ષા પાસ ન કરાય; પણ વિચારપૂર્વક ધીમેધીમે વાંચે અને લખે પરીક્ષા પાસ કરાય.
૬. આખુંએ વર્ષ ન વાંચીએ અને પરીક્ષાના પંદર દિવસ વાંચીએ તો પરીક્ષાના દિવસોમાં ઉજાગરા કરી શરીર બગાડવાથી પરીક્ષા પાસ ન કરાય. પણ પરીક્ષાના દિવસોમાં તો તબિયત એકદમ સરસ રાખવાથી અને મન શાંત રાખવાથી પરીક્ષા પાસ કરાય.

દરેક વિષયના જાતે જ પ્રશ્નપત્રો કાઢો અને પરીક્ષાની માફક તે પ્રશ્નોના ઉત્તરો જાતે જ લખી જાઓ.

વાંચવા જેટલી જ લખવાની ટેવ પાડો. યાદ રાખો કે પરીક્ષામાં લખવાનું જ હોય છે.

## ઘાંચીનો બેલ

આપણાં બધાંય કાર્યો ઘાંચીના બેલ જેવાં હોય છે. આપણે પ્રવૃત્તિઓ કરીએ છીએ પણ પ્રગતિ કરતા નથી. ખરી રીતે આપણી બધીયે પ્રવૃત્તિઓનો હેતુ પ્રગતિ હોવો જોઈએ. જે પ્રવૃત્તિથી પ્રગતિ ન થાય તે પ્રવૃત્તિ ભારરૂપ છે, તે પ્રવૃત્તિ આત્માને ગૂંગળાવે છે, આત્માનું તેજ હણે છે અને પ્રગતિની પાંખો કાપી નાંખે છે.

## વિજયની ચાવી

સવારે વહેલાં શાંતચિત્તે દશેક મિનિટ બેસી આખાય દિવસનાં કરવાનાં કાર્યોનો સંપૂર્ણ વિચાર કરી જાઓ. આ કાર્યોનું પૂરેપૂરું ચિત્ર તમારા મન આગળ ખડું કરો અને પછી જોશો કે એ કાર્યો તમે કરી શકો છો.

ખાલી તરંગો નહિ, પણ સુંદર સ્વપ્નાં સેવતાં શીખો. નવું નવું જાણવાની-જોવાની ઈન્તેજારી રાખો. **(શારદાબેન મહેતાના ભાષણમાંથી પાંચ લીટીઓ)**

* * *

A Boy : Sir ! How can we pass this exmaination ?

Teacher : It is very easy. Write, write and write; but don't write anything which you do not understand. Find out the questions

yourself and solve them in writing and mind this also. Make a good impression when your exmaination by your good, clean and clear handwriting, and thus write his heart. That will serve you a good deal

## સમતોલપણું જાળવો

આપણે કેમ પડી જઈએ છીએ એ તો તમે જાણો જ છો. શરીરનું સમતોલપણું ગુમાવતાં આપણે પડીએ છીએ. તે જ પ્રમાણે જ્યારે આપણે આપણી ઊર્મિઓ અને વિચારો ઉપરથી કાબૂ ગુમાવીએ છીએ અને સમતોલપણું ખોઈએ છીએ ત્યારે આપણી અધોગતિ થાય છે, આપણને કંઈ સૂઝતું નથી અને સુખદુઃખના ઝંઝાવતમાં સપડાઈએ છીએ. ગમે તેવા કપરા સંજોગોમાં અને વીંઝાતા વંટોળમાં સમતોલપણું સાચવી રાખનાર સલામત હોય છે.

## આ સારું કે તે સારું !

કેટલીક વાર વિદ્યાર્થીઓ 'આ સારું કે તે સારું'ની ભ્રમણામાં પડી પોતાની ભાવિ યશસ્વી કારકિર્દી ગુમાવે છે. કોઈપણ એક ચીજને ચીવટથી વળગી રહેનાર જ જીવનમાં ફતેહમંદ નીવડે છે. વારેવારે સ્થાન બદલનાર ધોબીના કૂતરાની માફક 'નહિ ઘરનો કે નહિ ઘાટનો' એવી સ્થિતિ અનુભવે છે અને પછીથી પસ્તાય છે. નજીકના એકદમ લાભથી દોરાઈ જનાર વિદ્યાર્થી ભવિષ્યનો મહાન લાભ ગુમાવે છે અને પછી મોટાં મોટાં સ્વપ્નાં સેવનાર 'ગામડામાં ચાની હોટલ કે પાનબીડીની દુકાન' રાખનાર મામૂલી માણસની જેવું જીવન જીવે છે. મૃગજળની પાછળ વ્યર્થ ફાંફાં મારવા કરતાં આ વિદ્યાર્થીજીવનમાં વિદ્યાભ્યાસ મેળવવાની દરેકે દરેક તકનો ઉપયોગ કરો. ઘણું એ કમાવવા. કૂતરા, કાગડા અને પક્ષીઓ પેટ તો ભરે જ છે ને ! તો પછી સદ્‌વિદ્યા यदि का चिंता वराकोदरपूरणे ।

## તમારી વસ્તુઓ સંભાળો

જે માણસ પોતતની ચીજો સંભાળી નથી શકતો, તે બીજાની ચીજો માટે કેવી દરકાર રાખે ? તમારાં થાળી, વાડકા અને લોટાઓને કેટલા ગોબા પડેલા હોય છે ? શાથી ? તેને ઉછાળીને પછાડવાથી. મેંદી ઉપર કેટલાયનાં કપડાં-પહેરણ-લેંઘા-રૂમાલો-લંગોટ-કેટલાય દિવસથી અથડાયા કરે છે. રખડતાં કપડાંઓની હરાજી થાય. પણ તેનો માલિક જ ન મળે ! કચરો અને કાગળ કચરાના ડબ્બામાં નાંખવાનું જ ન સાંભળે ! તમારાં પુસ્તકો ફાટેલાં હોય, તમારી નોટો તૂટેલી હોય અને તમારાં કપડાં મેલાં ચીથરેહાલ હોય એ શું ?



## Law of Inertia
## જડતાનો નિયમ

"કોઈપણ વસ્તુને અકટાવ ન થાય કે તેને ગતિ ન મળે તો એ વસ્તુ જે સ્થિતિમાં મૂકવામાં આવી હોય તેવી સ્થિતિમાં ચાલુ રહે છે." આ જડવસ્તુના નિયમે આપણને ચેતન મનુષ્યોને પોતાના પંજામાં લીધા છે. આપણે આપણી સ્વેચ્છાએ આપણી ગતિને અટકાવી શકતા નથી, વધારી શકતા નથી કે બદલી શકતા નથી. પરિસ્થિતિની જોહુકમી અને દબાણને વશ વર્તી આપણે આપણા જીવનનાવને ઢસડાવા દઈએ છીએ. વરાળ અને વિદ્યુત્ શક્તિની માફક પરિસ્થિતિને કાબૂમાં લઈ તેનો જીવનવિકાસમાં ઉપયોગ કરવા માગીએ છીએ; કે તે શક્તિ આપણાં જીવનમંત્રને તોડી ફોડી નાંખે અને આપણે લમણે હાથ દઈ બેસી રહી કહ્યા કરવા ઇચ્છીએ છીએ 'નસીબમાં જે થવાનું હશે તે થશે' ?

We Indians are locking in time-sense. Hence we act and think at the eleventh hour, and fail.

## ઉલાળિયું

આશ્રમ ઊઘડતાં અને બંધ થતાં આપણે બેપરવાઈ અને ઉલાળિયાપણું કેળવીએ છીએ. ખરી રીતે કોઈપણ કાર્યની શરૂઆત અને અંત બહુ જ ચોકસાઈ અને વ્યવસ્થાપૂર્વક થવાં જોઈએ. વેકેશનોમાં જ્યારે વિદ્યાર્થીઓ ઘેર જાય છે ત્યારે અવ્યવસ્થા અને બેપરવાઈનું સામ્રાજ્ય નજરે પડે છે. આમાંથી બચવા દરેકે નીચેની વસ્તુઓ ધ્યાનમાં રાખી તે પ્રમાણે વર્તવાનું છે.

૧. જે વિદ્યાર્થીઓનું આશ્રમ છોડવાનું ચોક્કસ છે તેમણે પોતાની બધી ચીજો સાથે લઈ જવાની છે. જે ચીજો અહીં પડી રહેશે તે ભાગશે, તૂટશે કે ખોવાશે તે માટે કોઈ જવાબદાર નથી. (વધારાની ચીજો મૂકવા આશ્રમમાં બિલકુલ જગા નથી.)

૨. જે વિદ્યાર્થીઓ વેકેશન ખૂલતાં તુરત નથી આવતા, પણ મોડા આવવા ઇચ્છા ધરાવે છે તેમણે પણ પોતાની બધી વસ્તુઓ સાથે લઈ જવી. મોડા આવનારના ટ્રંક બિસ્તરા વગેરે માટે કોઈ જવાબદાર રહેશે નહિ.

૩. આ સિવાયના બાકીના વિદ્યાર્થીઓએ પોતાનાં ટ્રંકબિસ્તરા અને બીજી વસ્તુઓ ઉપર પોતાનાં નામ લખવાં અને લેબલો ચોડવાં. ઓરડીના વિદ્યાર્થીઓએ પોતાનો સામાન ૯-૧૦-૧૧ ઓરડીમાં મૂકવાનો છે અને હોલના વિદ્યાર્થીઓએ પહેલા હોલમાં અભરાઈ ઉપર પોતાનો સામાન મૂકવાનો છે. (ગઈ દિવાળીની વેકેશનની માફક)

૪. ઓરડી કે હોલના છેલ્લા રહેતા વિદ્યાર્થીએ પોતાની ડોલ, ફાનસ, ડેસ્ક ખરપડી, સાવરણી અને દિવાસળીની પેટી ગૃહપતિને સોંપવાની છે.

૫. દરેક વિદ્યાર્થીએ ઘેર જતાં પહેલાં નિદાન બાર કલાક પહેલાં ગૃહપતિને મળીને તેની રજા લઈને જ જવાનું છે.

૬. દરેક વિદ્યાર્થીએ પોતાનાં ટ્રંકબિસ્તરા કેવી રીતે પેક કર્યાં છે તે ગૃહપતિને બતાવવા.

૭. ઓરડીના કે હોલના છેલ્લા રહેલા વિદ્યાર્થીઓએ પોતાની ઓરડી કે હોલ બરાબર વાળી, સાફ કરી અને બંધ કરી પછી જ જવાનું છે.

## વેકેશનમાં શું કરશો ?

વેકેશનનો ઉપયોગ કેવી રીતે કરાય છે તે જાણવા દરેક વિદ્યાર્થી નીચે પ્રમાણે પોતાની નોંધપોથી રાખશે જે વેકેશન ખૂલતાં ગૃહપતિને બતાવવાની છે.

૧. વેકેશન શરૂ તારીખ ૭-૫-૩૩
૨. ઘેર પહોંચ્યા તારીખ.
૩. વેકેશનની શરૂઆત અને ઘેર પહોંચ્યાની તારીખના દિવસોમાં શું શું કામ કર્યું ?
૪. કયા કયા દિવસોએ ક્યાં ક્યાં ફર્યા અને ત્યાં શું શું કર્યું ?
૫. ઘરના કામમાં પિતાને મદદરૂપે શું શું કર્યું ? અને સ્વતંત્ર રીતે શું શું કર્યું ? કેટલા દિવસ ?
૬. શું શું વાંચ્યું ? (વિગતવાર)
૭. ગામના બાળકોને તમે શું શું નવીન શિખવાડ્યું ?
૮. રાત્રિશાળા ચલાવવા શું શું કર્યું ?
૯. કેટલા માણસોને લખતાં વાંચતાં શિખવાડ્યું ?
૧૦. અન્ય જે જે કાર્ય કર્યાં હોય તેનો અહેવાલ. દરરોજની ડાયરી રાખવાની.

## નવું વર્ષ

ખેડૂતનું એ નવું વર્ષ અને આપણું એ નવું વર્ષ.

આજે ખેડૂત પોતાના દિલમાં નવા વર્ષની વિવિધ સૃષ્ટિઓ રચે છે. પોતાનાં ખેતરોને વરસાદના પાણીથી રચીપચી રહેલાં, લીલાછમ પાકથી ઊભરાતાં જોઈ રહ્યો છે. નવી સંપત્તિના વિચારોથી ખેડૂત મનમાં મલકાઈ રહ્યો છે. પોતાની મહેનતથી નવાં નવાં સર્જનો કરવા અભિલાષા સેવી રહ્યો છે.

અને આપણે ! આપણે પણ નવા વર્ષનાં મીઠાંમધુરાં સ્વપ્નો સેવી રહ્યા છીએ. નવો જ્ઞાનપ્રકાશ મેળવવા અને ઝીલવા તલપાપડ થઈ રહ્યા છીએ. નવું નવું જાણવાની



જિજ્ઞાસાવૃત્તિ આપણા મનને ગલગલિયાં કરી રહી છે અને વર્ષને અંતે આગળ વધવાની ઇંતેજારી આપણને આનંદિત કરી રહી છે. ખેડૂત નવા વર્ષનાં મીઠાં સ્વપ્નો સેવીને જ બેસી રહેતો નથી. પોતાનું ખેતર સુધારવા તે અથાક મહેનત કરી રહ્યો છે, પરસેવે રેબઝેબ થઈ રહ્યો છે, ખાતરના ઢગલા ને ઢગલા ઉથાપી ઉથાપી શરીરને નિચોવી રહ્યો છે. તે રાત નથી જોતો, દિવસ નથી જોતો - તાપ નથી જોતો, ટાઢ નથી જોતો, ભૂખ નથી જોતો, દુઃખ નથી જોતો, પણ પોતાના કાર્યની સિદ્ધિની માટે તનતોડ મહેનત કરે જ જાય છે અને પછી જ્યારે વરસાદ આવે છે, પોતાની વાડીઓને ફૂલી ફાલી ભાળે છે ત્યારે તેના દિલમાં હર્ષ નથી સમાતો.

અને આપણે ફક્ત મીઠાં સ્વપ્નો જ સેવીને બેસી રહીએ તો શું વળે ? આપણી શાળામાં કંઈ પરીક્ષાઓ આવતી નથી. જીવનમાં ડગલે ને પગલે આપણી પરીક્ષાઓ થઈ રહી છે. જો આપણે જાગૃત ન રહીએ; પૂર્વ તૈયારીઓ ન કરીએ, તો પરીક્ષા વખતે આંસુ સારવાથી શું વળે ? જીવનના વિકટ પ્રસંગો જ્યારે ઘેરી વળે ત્યારે 'હે રામ !' કરવાથી શું વળે ? માટે લમણે હાથ દઈ બેસી રહે કંઈ ન વળે. ચેતો ! અત્યારથી જ આપણાં કામની બરાબર તૈયારી કરો. ક્યાં જવું છે ? શું મેળવવું છે ? તેના ઉપર એકચિત્ત થાઓ અને તે માટે શું શું કરવું જોઈએ તે વિચારી લો.

તમારા દરેક કામમાં વ્યવસ્થિત અને ચોક્કસ થઈ જાઓ. તમારાં પુસ્તકો, નોટો વગેરે તપાસી લો. તમારા મનમાં આવતા આડાઅવળા વિચારોને દૂર હઠાવો અને વિદ્યાદેવીની ઉપાસના કરવા તત્પર બનો.

તમારી ઓરડી, તમારાં કપડાં, તમારું આંગણું, તમારો બગીચો સંભાળો. તેમને સ્વચ્છ અને સુઘડ રાખો અને યાદ રાખો કે, Well begun is half done.

## રેઢિયાળપણું છોડો

''થાય છે, હોતી હૈ, ચલતી હૈ, હજુ સોમવારે નિશાળ ઊઘડે છે. ત્યાર પછી બેચાર દિવસ હજુ તો કામ ચાલશે. છોકરાઓ મોડા આવશે. શિક્ષકો આગળ અભ્યાસ નહિ ચલાવે એવા રેઢિયાળ વિચારોથી તમારી જીવનનાવને જડતાના ખડકો અફળાવશો નહિ. મિનિટે મિનિટનો હિસાબ રાખી તૈયાર થઈ જાઓ.

## ખંખેરો

ગામડામાંથી લાવેલી બેપરવાઈ, મંદતા, આળસ, અસ્વચ્છતા અને નિરાશાને ખંખેરી દ્યો અને વિદ્યાર્થીજીવનની ચપળતા આશા, ઉત્સાહ, ઉલ્લાસ અને આનંદમાં તરબોળ થઈ ખરું જીવન જીવો.

## ક્યાં છે સ્વતંત્ર વિચાર ?

જેમ એક ઘેટાની પાછળ પાછળ બીજાં ઘેટાં ચાલ્યા કરે છે તેવું જ આજે તો આપણું જીવન બની ગયું છે. આગલું ઘેટું કૂવામાં પડે તો બધાંય તેમાં પડે એવી દશા આજે આપણી છે. સ્વતંત્ર વિચાર કરવાની શક્તિ જ આપણે ગુમાવી બેઠા છીએ. પરિણામે પુનરાવર્તન સિવાય કંઈ પણ નવું સર્જન આપણે કરી શકતા નથી. જ્યાં નવું સર્જન નથી, ત્યાં જીવનનો આનંદ અને ઉલ્લાસ નથી. અંધ પુનરાવર્તનના જડ કઠોર કાયદાએ આપણી આસપાસ એવું ઘાટું પડ જમાવ્યું છે કે તેમાંથી નવસર્જનના અંકુરો ફૂટી શકતા નથી.

જ્યાં જુઓ ત્યાં આ અંધ-ઘેટા ન્યાય પ્રવર્તી રહ્યો છે. સ્વતંત્ર જીવન જેવું કંઈ જ લાગતું નથી. ગામમાં એક ચૌદશિયો આખાય ગામને એક લાકડીએ હાંકતો હોય છે. શાળા કે બોર્ડિંગમાં બેચાર ચૌદશિયા બધાય વિદ્યાર્થીઓને આડે માર્ગે દોરતા હોય છે અને બીજા વિદ્યાર્થીઓ આંધળા થઈ તેમના કહેવામાં વિશ્વાસ મૂક્તા હોય છે. આખાય દેશની આવી સ્થિતિ છે. નહિ તો, ૬૦૦૦ હજાર માઈલ દૂરથી આવી બાર હજાર ગોરાઓ પાંત્રીસ કરોડ હિન્દીઓને ઘેટાની માફક શી રીતે જાળવી શકે ? ક્યારે આંખો ઉઘાડશો ?

## The joy of Work

શું તમને તમારું જીવન શુષ્ક ઢસરડા જેવું નથી લાગતું ? દરેક કામ જાણે વેઠિયાની માફક કરતા હોઈએ એમ નથી લાગતું ? કંટાળો, થાક, નિરાશા, તડફડાટ ડગલે ને પગલે તમને ઘેરી નથી વળતાં ? છતાંય કામમાં ભલીવાર નથી આવતો. કારણ ? કારણ ખુલ્લું છે. કુદરત જે નિઃસ્વાર્થ આનંદ-પ્રેમ અને ઉલ્લાસથી પોતાનું કામ કરી રહી છે તે નિસ્વાર્થ આનંદ પ્રેમ અને ઉલ્લાસ આપણામાં ક્યાં છે ? જાણે બલા વળગી હોય કે કોઈએ રીંછ વળગાડ્યું હોય તેની માફક કામથી આપણે નાસતા ફરીએ છીએ. નિઃસ્વાર્થ યજ્ઞરૂપ કામ એ જ ખરો આનંદ છે. અને જ્યાં સુધી આપણા દિલમાંથી પ્રેમ અને આનંદના ફુવારા ઊડવાના નથી ત્યાં સુધી સાચું સર્જનાત્મક કામ આપણાથી થઈ શકવાનું નથી.

વિદ્યાર્થીને ક્યાં વિદ્યા ઉપર પ્રેમ છે કે વિદ્યાદેવી તેની ઉપર હસે. 'બાપા' એ કહ્યું છે કે ભણવું, માટે 'ભણો'. ગુરુ કહે છે કે 'નહિ વાંચો તો પરીક્ષામાં નાપાસ થશો' માટે 'વાંચો.' ગૃહપતિ કહે કે 'અહીં રખડવા નથી આવ્યા, પણ ભણવા આવ્યા છો.' માટે ચોપડીઓ હાથમાં પકડવાનો ડોળ કરો. આ તે કાંઈ વિદ્યા મેળવવાનાં લક્ષણ છે. આવા તમારા ઢોંગ અને ખાલી ફાંફાં વિદ્યાદેવીથી છૂપાં રહી શકવાનાં નથી. અને એ પ્રકાશની દેવી તમને વરવાની નથી. ભલે અંધારામાં અથડાયા અને ટિચાયા જ કરો.



છૂપા ગંદવાડો છોડી દઈ આનંદ, ઉલ્લાસ અને પ્રેમથી વિદ્યાની ઉપાસના કરશો તો જ વિદ્યાદેવી પ્રસન્ન થશે. કુદરતમાં, વિશ્વમાં શુદ્ધ પ્રેમ અને આનંદના ફુવારાઓ ઊડી રહ્યા છે તેમાં સ્નાન કરવાનું છોડી દઈ ગંધાતી ગટરનાં ગંધાતાં પાણી પીવાનું તમને કેમ સૂઝે છે ?

## આશ્રમ સ્મરણાવલિ

૧. સવારે સવા પાંચે ઊઠવાનું છે.
૨. છ થી સાડા છ કસરત અને રમતોમાં હાજર રહેવાનું છે.
૩. સાડા સાત સુધીમાં સ્નાન કરી પરવારી લેવાનું છે.
૪. શૌચ-મળત્યાગ સવારે કસરત પહેલાં જ થઈ જાય એવી ટેવ પાડવાની છે.
૫. સાંજના પોતાનો બગીચો પાવાનું ભૂલવાનું નથી.
૬. પોતાની ઓરડી આગળનો રસ્તો અને બગીચો બરાબર સાફ રાખવાનો છે.
૭. ઓટલાના મૂળમાં નાંખેલાં રોડાંને ટીપી ઉપર ધૂળ નાંખી પાણીથી છાંટી બરાબર સાફ રાખવાનો છે.
૮. કાગળના ડૂચા જ્યાં ત્યાં નાખવાના નથી.
૯. સાવરણી, ફાનસ, ડોલ, ડેસ્ક અને ખરપડીની દરરોજ સંભાળ લઈ તેને વ્યવસ્થિત સ્થળે મૂકવાનાં છે.
૧૦. જોડાઓ વ્યવસ્થિત રીતે મૂકવાના છે.
૧૧. ઓરડી વાળતાં પથારી ઉપાડીને વાળવાનું છે.
૧૨. ઓરડીની સાથે દરરોજ તાકાં-અને બારીઓ વાળવાની છે.
૧૩. ભીંતમાં ગમે ત્યાં ખીલાઓ ઠોકી ભીંતને કાણી કરવાની નથી.
૧૪. ઓછાડ દર ત્રીજા દિવસે ધોવાનો છે.
૧૫. ગલેફ સિવાય ઓશીકું વપરાય નહિ અને દર અઠવાડિયે ગલેફ ધોવાનો.
૧૬. ગોદડાની નીચે પાથરણું અવશ્ય હોવું જોઈએ.
૧૭. પોતાનાં કપડાં અને શરીર સ્વચ્છ રાખવાનાં છે.
૧૮. માથાના વાળ સ્વચ્છ રાખવાના છે અને સ્વચ્છ ન રાખી શકાય તો મુંડો કરાવવો એ સારું છે.
૧૯. અઠવાડિયામાં એક દિવસ વાળમાં તેલ કે ધુપેલ નાંખવાનું ભૂલવાનું નથી.

## આપણા કરમે લખાયેલું જ છે

હે વિભો ! અમારાં સીતાદેવીને રાવણના પંજામાંથી છોડાવવા અમારા હૃદયમાં સૂતેલા રામને જાગૃત કરવા અમને બળ, બુદ્ધિ અને પ્રકાશ આપ !

જે જે હસ્તલિખિત માસિકો બહાર પડે છે તે છેવટે સંસ્થાના પુસ્તકાલયમાં જ રાખવાનાં છે.

વિદ્યાર્થીમંડળ જોઈએ તે પ્રમાણે કાર્યદક્ષતાથી કામ કરતું જણાતું નથી.

હૃદયમાં રહેલી જડતા, અંધકાર અને સંકુચિતતા હજુ ટળ્યાં નથી.

હજુ મેલ કે કચરાને ઈર્ષાનો ધુમાડો હૃદયને છાઈ વળ્યો હોય ત્યાં સુધી સત્યનો સૂર્ય ઢંકાયેલો જ રહેવાનો છે.

## જીવનબળ

- જે છોડ નબળો પડે છે તેને ઊધઈ ઝટ લાગે છે.
- જે ખાબોચિયું બની બેસે છે તે જલદી સુકાઈ છે.
- જે ગાય નબળી હોય છે તેને ઘણી બગાઈઓ વળગે છે.
- જે લોહીમાં તાકાત નથી તે જલદીથી રોગોનો ભોગ બને છે.
- જે પડે છે તેને સૌ પાટુ મારે છે.
- નબળા રહેવું એ પાપ છે.
- શરીરે, મને, બુદ્ધિએ, હૃદયે, આત્માએ બળવાન બનો.
- સુકાવું ન હોય તો સમૃદ્ધ બનો. ખાબોચિયાની મર્યાદા છોડો અને સમુદ્રની વિશાળતા સેવો.
- રોગો પણ અનેક જાતના છે : તનના - મનના - બુદ્ધિના - હૃદયના - એ બધાયની સામે ટક્કર ઝીલવા શરીરમાં તાકાત ભરો;
- મનને એકાગ્ર અને દૃઢ બનાવો : બુદ્ધિને તેજસ્વી કરો અને હૃદયને શુદ્ધ અને વિશાળ કરો.

## નાહવાની રીત

આ રીત ઘણી જ સહેલી છે. આમાં લોટો કે પવાલું વાપરવાની જરૂર પડતી નથી. શરીરને ચોપડવાની જરૂર પડતી નથી. નીચે બેસવાની અને પાણી લેવા ઊભા થવાની જરૂર પડતી નથી. કુંડી પાસે ઊભા રહી ડોલેડોલે શરીર ઉપર પાણી ઢોળ્યા જ કરવું. આમાં કેટલી ડોલો પાણીની રેડી તે પણ ગણવાની કટાકૂટ નથી. આઠ, દસ, પંદર અને વીસ ડોલો રેડાય તોયે શું ? અડધું પાણી



પાછું કુંડીમાં પડે તોયે શું ? બળદો અને નોકરો પાણી કાઢ્યા જ કરે તોયે શું ? ખાડામાં પાણીનો ખૂબ જથ્થો થઈ મચ્છરો થયા કરે જ તોએ શું ? મેલેરિયાથી પિડાયા કરીએ તોએ શું ? અને બીજાઓ માટે પાણી ન જ રહે તોયે શું ? અમે પચીસ ડોલો શરીર ઉપર રેડી તે શું પૂરતું નથી કે બીજાને નાહવાની અને ધોવાની જરૂર પડે ? શું સમજ્યા ? આ તો અમારી નવી રીત કહેવાય. નવી શોધ કહેવાય. આમાં તમારે પંચાત ન કરવી. ગમે તેમ કરશો તોપણ અમે અમારી આ નવી શોધને છોડી દેવાના નથી. ક્યાં સુધી તમે કહ્યા કરશો ? ક્યાં સુધી તમે ચોકી પેરા રાખશો ? જરાક તમારી આડી નજર થઈ કે ઢીલી વૃત્તિ થઈ.

## ઉકળાટ

વર્ષાની શીતળ અમૃતધારા માટે અસહ્ય ઉકળાટની કસોટીમાંથી પસાર થતી પૃથ્વીમાતાની માફક, વિદ્યાઅમૃતરસ ઝીલવા મનહૃદય અને બુદ્ધિને જ્યાં સુધી પાણી વિના તરફડતા માછલાની તાલાવેલી ન લાગે ત્યાં સુધી ખરી વિદ્યાનું એક ટીપું પણ પચાવવાની આશા ન રાખતા.

બી નાંખતાં પહેલાં ખેડૂતો જેમ જમીનને ખેડી ખાતર નાંખી તૈયાર કરી મૂકે છે તે જ પ્રમાણે સાચા વિદ્યાભ્યાસના બીમાંથી જો અંકુરો જોવા ઇચ્છતા હો તો તમે તમારાં દિલ-મન હૃદય બુદ્ધિમાં ભરાઈ રહેલાં કાંટા-જાળાંઝાંખરાં સાફ કરો, મહેનત અને ખંતનું ખાતર પૂરો અને પછી જોજો કે સરસ્વતીનાં સ્વચ્છ નીર તમારા ખેતર ઉપર અમી વૃષ્ટિ કરશે. તમારા સંસ્કારમાંથી અંકુરો ફૂટશે અને તમારો જીવનબાગ મઘમઘી ઊઠશે.

## કન્યા વિદ્યાકુંજ : ઉદ્‌ઘાટન સમારંભ

## સરસ્વતીપૂજન

ॐ भद्रं कर्णेभिः श्रृणुयाम देवाः। भद्रं पश्येमाक्षभिर्यजत्राः॥ स्थिरैरङ्गैस्तुष्टुवांसस्तनूभिव्यशेम देवहितं यदायुः ॥ स्वस्ति न इन्द्रो वृद्धश्रवाः। स्वस्ति नः पूषा विश्ववेदाः। स्वस्ति नस्ताक्ष्यों अरिष्टनेमिः। स्वस्ति नो बृहस्पतिर्दधातु ॥

ॐ शान्तिः शान्तिः शान्तिः ॥

હે માતા સરસ્વતી, હે પ્રકાશની દેવી ! આ જ મંગળકારી પ્રભાતે ભેગાં મળેલાં તારાં બાળકોનું પૂજન સ્વીકારજે. હે માતા, આજદિન સુધી અજ્ઞાન અંધકારમાં અથડાતાં તારાં બાળકો સામું માતાની અમીભરી દૃષ્ટિથી જોજે. તારા જ પ્રકાશથી પ્રકાશતાં અમારાં હૃદયમંદિરોમાં તારો હંમેશનો વાસ કરજે.

અમારી જગતજૂની અંધકારરાશિઓને જલાવી દેવા તારા મહાનલમાંથી એક ચિનગારી ફેંકવા આજે તને અમે વિનવી રહ્યાં છીએ. માતાના વાત્સલ્યપ્રેમથી આ તારાં ગભરું બાળકોને ખોળામાં લઈ તારા અમૃતમય પયઃપાનનો આસ્વાદ કરાવજે.

હે મહેશ્વરી ! અમારી સ્વાર્થી, સાંકડી અને સંકુચિત દૃષ્ટિને વિશાળ બનાવજે. હે સત્ય અને પ્રજ્ઞાની દેવી ! અમારાં દંભ, અભિમાન અને અજ્ઞાનનાં પડળ ખોલી, અમારા શુષ્ક અને તમોવ્યાપ્ત જીવનમાં મધુરી ઉષા પ્રગટાવજે. હે દયાની દેવી ! અમારા દોષો અને અપૂર્ણતા ચોતરફ ક્ષમાદૃષ્ટિથી જોજે. જેવાં તેવાં પણ અમે તારાં જ બાળકો છીએ.

હે મહાકાલી ! અમારા નિર્માલ્ય અને નિસ્તેજ જીવનમાં તારું જોમ - ઉત્સાહ તનમનથી ભરી દેજે. અમારી થીજી ગયેલી, ઠરી ગયેલી બુદ્ધિમાં તારાં પ્રચંડ પ્રકાશકિરણો ફેંકી તેને પુનઃ વહેવડાવજે. હે મા ! અમે સ્મશાનની શાન્તિ નથી માગતા, અમે તો માગીએ છીએ જીવનનો તનમનાટ, ઉલ્લાસ અને આનંદ. અમારા ગંધાતા નિર્માલ્ય વિલાસને તારા ભભૂકતા નેત્રાગ્નિથી બાળી ભસ્મ કરજે. અમારી જડતા અને પાશવતાને નિર્મૂળ કરવામાં નિર્દય બનજે.

હે મા ! તારું ભયાનક સ્વરૂપ પણ અમારું મંગળ કરનાર છે. અમારા સ્વાર્થ, કૂડકપટ, પ્રપંચની સડેલી જાળોને તોડીફોડી ફેંકી દેજે. અમારી છૂંદાતી - કચરાતી - કરમાતી શક્તિઓને નવપલ્લવિત કરજે. આજ સુધી તો અમે અમારી ખીલતી, પાંગરતી અને પામરતી શક્તિઓને છૂંદવામાં આનંદ માન્યો છે, તેમાં જ ડહાપણ જોયું છે, પણ મા ! હવે અમને અમારી મૂર્ખાઈનું ભાન થાય છે. અમારા હાથમાં મૂકેલાં બાળકોની શક્તિઓને-વૃત્તિઓને અમે છૂંદીશું નહિ, તેને દબાઈ દઈશું નહિ, પણ તેને ખેલાવી-ખીલવી તેમાંથી મહાશક્તિ-મહામાયા સર્જી જીવનઅંધકારનો નાશ કરીશું.

હે જગતજનની ! અમારા અઘોર પાપનું શું પ્રાયશ્ચિત્ત હોઈ શકે ? અમારી પામરતા, નિર્માલ્યતા અને જડતા અમારાં કર્મોનું જ ફળ છે. આજ સુધી અમે અમારી સ્ત્રીશક્તિને કચરવામાં જ ગુલતાન રહ્યાં છીએ, તેને કચરવામાં જ અમે અમારાં શોખ, આનંદ અને બળની બડાઈ હાંકી છે અને એમ કરવામાં જ આજે અમે હતવીર્ય અને હડધૂત થઈ રહ્યા છીએ અને આખીયે દુનિયામાં અમે પામરોની પ્રજા ગણાયા છીએ. આજે આ કન્યા વિદ્યાકુંજ ખુલ્લું મૂકી અમે અમારા અઘોર અન્યાયો ધોવા પ્રયત્ન કરી રહ્યા છીએ.

હે મા ! આ ભગીરથ કાર્યમાં તું અમને સહાય આપજે, અમારી સાથે રહેજે. હે મહાલક્ષ્મી ! તારું ઉલ્લાસપૂર્ણ, પ્રફુલ્લિત અને મનોહર મુખ જોયા સિવાય અમને ચેન પડતું નથી. જીવનમાં ડગલે ને પગલે અમારાં જીવન કર્કશ અને વિસંવાદી બની



રહ્યાં છે. તારી કળામય દૃષ્ટિ સિવાય અમે દિવાળીને બદલે હોળી કરી મૂકીએ છીએ. અમારી કઠોરતા, કળાશૂન્યતા અને તર્કબાજી જોઈ તું અમારાથી દૂરદૂર નાસે છે. અમારા ઘોર અને કર્કશ અવાજો સાંભળી તું તારું દિવ્ય મધુરું સંગીત બંધ કરી દે છે. એમ ન કરતી મા. ગમે તેવાં પણ અમે તારાં જ બાળકો છીએ. લડતાંઝઘડતાં પણ અમે તારા જ ખોળાનો આશ્રય શોધતા આવીએ છીએ. તારું અમીભર્યું મુખ નિહાળતાં અમે અમારી બધીએ કડવાશ ભૂલી જઈએ છીએ.

હે મા સરસ્વતી ! અમારા રેઢિયાળ જીવનમાં ચોકસાઈ અને ઝીણવટ ઉતારજે. હે ક્ષમાની મૂર્તિ, તારી ધીરજને હદ નથી. અમારા અનેક દોષો સુધારવા, અમારી અનેક ત્રુટીઓ પૂરી કરવા તું રાતદિવસ ખંતથી મંડી રહી છે. અમે કદાચ કંટાળીને તારાથી રિસાઈ જઈએ, પણ મા ! તું તો અમને બિલાડીનાં બચ્ચાંની માફક મોંમાં પકડી સહીસલામત સ્થાને મૂકવા મથી રહી છે. એક હાથમાં વીણાવાદ્ય અને બીજા હાથમાં પુસ્તક લઈ તું અમારા ઉપર આનંદ અને ઉલ્લાસ સાથે જ્ઞાનપ્રકાશ ફેંકી રહી છે. તારા કરકમળમાં સદાય ફરતી માળા, અમોને શ્રદ્ધાભક્તિના પાઠ ભણાવી રહી છે.

હે માતા ! તું અમારા ઉપર પ્રસન્ન થા. અમે તને નહિ ભૂલીએ. તું અમને ન ભૂલતી. હે દયાની દેવી ! અમે જાણીએ છીએ કે તારું હૃદય એટલું બધું કોમળ અને દયાભીનું છે, કે, આ તારા નીચે પડતા-આખડતા બાળકનો હાથ ઝાલી ઉઠાડવા, તું તારું સ્વર્ગીય સ્થાન છોડી સરસ્વતી-ગંગારૂપે અમારાં મેલ અને ગંદકી ધોતી ધોતી અમારી વચ્ચે નિરંતર વહી રહી છે. હે મા ! અમારા હૃદયમાં તેં આશાની ઉષા પ્રગટાવી છે. હવે અમને સત્યનાં સૂર્યનાં દર્શન કરાવી અમારાં જીવનને કૃતાર્થ કરજે. એ જ અમારી અંતિમ અભિલાષા અને ઇચ્છા.

हिरण्मयेन पात्रेण सत्यस्यापीहितं मुखम्<br>
तत् त्वं पूषन् अपावृणु सत्यधर्माय दृष्टये...<br>
ॐ शान्तिः शान्तिः शान्तिः

ચેતન — ઈ. સ. ૧૯૩૪

## કન્યા - વિદ્યાકુંજના ઉદ્‌ઘાટન પ્રસંગે કરેલું ભાષણ

આજના આ શુભ પ્રસંગે 'કન્યા - વિદ્યાકુંજ'નું ઉદ્‌ઘાટન કરવાનું જે માન મને આપ્યું છે તેને માટે હું વ્યવસ્થાપકોનો ઉપકાર માનું છું. હું એને માત્ર માન નથી સમજતી પણ મારું કર્તવ્ય સમજું છું. મારી બહેનોને સારે રસ્તે દોરવા છેલ્લાં ૨૨-૨૩ વર્ષથી આછો પાતળો પ્રયત્ન કરતી આવી છું. તેની પૂર્ણાહુતિ આ કન્યાકુંજની સ્થાપનાથી થાય છે. મેં ખૂબ વિચાર કર્યો છે અને મને જણાયું છે કે માત્ર પુસ્તકોનાં

પાનાઓની કેળવણી કન્યાઓ માટે પૂરતી નથી. એની સાથે જેમ આપણે છોકરાઓમાં સારા સંસ્કાર નાખીએ છીએ તેવી રીતે કન્યાઓમાં પણ નાખવાની જરૂરે છે.

આપણું જીવન વાડીરૂપ ગણાય છે. તેમાં જે વૃક્ષ ઊગ્યું છે તેની બે ડાળી છે. એક છોકરાની અને બીજી છોકરીઓની. જે ડાળી ઉપરથી સારાં ફળ ઉત્પન્ન થાય તેમ છે તેને આપણે છેદી નાખી છે. એને પાણી પણ સીંચતા નથી. આજે આપણી આંખો ઊઘડી છે. પાણી રેડી આપણે તેને ફરી વિકસાવીએ.

મારી કેટલાય વર્ષની ઈચ્છા હતી કે ગુજરાતમાં કન્યાઓ માટે એક સારું છાત્રાલય સ્થપાય. મેં કેટલાંક વર્ષો પહેલાં પ્રયત્નો કરેલા પણ ત્યારે જમાનો સાનુકૂળ ન હતો. આજે જમાનો સાનુકૂળ છે.

આજ સુધીની આપણી પ્રગતિમાં ભૂલ હતી. આપણી પ્રગતિ એકતરફી હતી. એટલે જગતમાં આપણી છાપ નહોતી પડતી અને આપણે જગતની પ્રજાઓમાં પછાતમાં પછાત રહ્યાં છીએ.

વીર વિઠ્ઠલભાઈ સ્વર્ગસ્થ થયા. તેમને નામે ચરોતરમાં એક સરસ છાત્રવિદ્યાલય ખોલવાનું નક્કી થયું છે તે તો હજી વિચાર જ છે અને મહેસાણાપ્રાન્તના ભાઈઓના પ્રયત્નોથી આ સંસ્થા આજે ઊઘડી જાય છે. મારા આશીર્વાદ છે કે આ સંસ્થા એક આદર્શ સંસ્થા થાય.

કન્યા છાત્રાલયનો અખતરો નવો જ છે. તેમાં ખૂબ સાવચેત અને જાગૃત રહેવાની જરૂર છે. જો કંઈ પણ ભૂલ્યાં તો જગત આપણને દોષ દેશે. માણસોને ટીકા કરવી સહેલી વાત છે. પણ કાર્ય કરવું એ જ અઘરું છે. આપણો પ્રયત્ન એવો સુસંગીન હોવો જોઈએ કે લોકો આંગળી પણ ચીંધી ન શકે. અહીંના વ્યવસ્થાપકોની આંખો ઉઘાડી છે. તેઓ જરૂર કંઈ પણ ભૂલ નહિ કરે. પણ આ પ્રયત્નમાં સમસ્ત પ્રજાનો સાથ જોઈશે. તેમનો સાથ નહિ હોય તો આપણું કામ પાર નહિ પડે. માત્ર પૈસાની મદદ આપવાથી કામ નહિ ચાલે. વિચારથી, કાર્યથી, પૈસાથી - એ ત્રણે વડે મદદ આપીશું તો જ પ્રયત્ન સફળ થશે.

છાત્રાલય શરૂ કરવું એટલે બહેનોની કેળવણીના પાયા નાખવા. છોકરાઓ છાત્રાલયોમાં આનંદથી રહે છે, અભ્યાસ કરે છે અને સંસ્કાર પામે છે, પણ ઘેર જુદું જ વાતાવરણ હોય છે. ત્યાં નથી રસ રહેતો, નથી આનંદ રહેતો, નથી ઉલ્લાસ રહેતો. જીવનમાં આપણે ઉલ્લાસ માગીએ છીએ. પણ તે ઉલ્લાસ આવે ક્યાંથી ? સવારે ૪ વાગે ઊઠીને છાણપાણીથી શરૂઆત કરી રાતના ૧૦ વાગે પરાણે પગ વાળવાનો વખત મળે છે. ત્યાં પોતાનાં છોકરાંને સંસ્કાર આપવાનો વખત ક્યાં છે ? સ્વચ્છતાના પાઠ ક્યારે શીખવે ? નવરાવે ક્યારે ? માથું ક્યારે ઓળે ?



આપણે સ્ત્રીઓને કચરી નાખવામાં કંઈ મણા નથી રાખી. પછી સંસ્કારો અને સ્વચ્છતા કોણ આપે ? ગામડામાં માથું ઓળી ચાંલ્લો કરી ફરે તો ટીકા થાય, નખરાં કહેવાય. આ ગામડાંની સ્થિતિ. જ્યાં રાત-દિવસ મજૂરી જ કરવાની છે ત્યાં સ્વચ્છતા અને સંસ્કાર માટે સમય ક્યાંથી મળે ? ત્યાં તો સ્વચ્છતા અને સંસ્કારોની જરૂરિયાત છે તે પણ ન સ્વીકારાય.

સ્ત્રીઓ અને બાળકો કરતાં ઢોરઢાંખર અને ઝાડપાન સારી રીતે ઉછેરાય છે અને તેમાંય છોકરીઓ એટલે પૂરેપૂરી કમબખ્તી. સરસ્વતીને આપણે માતા તરીકે પૂજીએ. તેની પાસેથી સંસ્કાર અને વિદ્યા મેળવવાની આશા રાખીએ. સ્ત્રીને જગતની શક્તિ માનીએ છીએ જેમાંથી આપણે શક્તિ મેળવવા ઈચ્છીએ છીએ તેને માટે આપણે કંઈ કરીએ. આપણે આપણા પાપનું પ્રાયશ્ચિત્ત કરીએ.

નવો જમાનો આવ્યો છે. તેમાં છોકરીઓને ભણાવવી જોઈશે. પ્રભુકૃપાથી આપણે આજે જાગ્યા છીએ. અહીં ભણતા વિદ્યાર્થીઓને હું કહીશ કે તમારે બધાએ તમારી બહેનોને લઈ આવવી. એક પણ બહેનને ઘેર રાખવી નહિ. તમારી સાથે તમારી બહેનોને લાવજો અને અહીં કલ્લોલ કરતાં અભ્યાસ કરજો અને પછી એક દસકામાં જોઈ લેજો કે કેટલો ફેરફાર થઈ જાય છે. રશિયાની પાંચ વાર્ષિક યોજનાએ આખા રશિયાને બદલી નાંખ્યું છે. ત્યાંથી નિરક્ષરતા ટળી ગઈ છે.

આ જમાનો આનંદનો નથી, વિલાસનો નથી પણ આત્મભોગનો છે, કર્તવ્યનો છે. આજે યુવાનનું પહેલામાં પહેલું કર્તવ્ય નિરક્ષરતા અને અજ્ઞાન દેખાય ત્યાંથી દૂર કરવાનો છે. આટલા વર્ષથી ગુજરાત કેળવણીના ક્ષેત્રમાં કામ કરી રહ્યું છે પણ કેળવણીની સંસ્થાઓ માટે સ્ત્રીકાર્યકરો નથી મળતી. છોકરાઓને શિક્ષણ આપવા માટે પણ સ્ત્રીઓ જ હોવી જોઈએ. સ્ત્રીઓ સ્નેહથી, દયાથી, કોમળતાથી શિક્ષણ અને સંસ્કાર આપી શકે છે.

પણ આજે તો કન્યાઓની સંસ્થાઓમાં પણ શિક્ષણ આપવા માટે સ્ત્રીઓ મળતી નથી. આ સંસ્થા કેળવણીનું કેન્દ્ર થાય. અહીં માત્ર ચોપડીઓનાં પાનાનું જ નહિ, પણ ખરી દેશ સેવિકાઓ ઉત્પન્ન થાય તેવું શિક્ષણ અપાશે.

છોકરાઓ ભણશે તો પોતાની અને પોતાના કુટુમ્બની સેવા કરશે, પણ છોકરીઓ ભણશે તો આખી પ્રજાની અને દેશની સેવા કરશે. આજે તો મારે માટે ખરેખરો ગૌરવનો દિવસ છે. મારાં વર્ષોનાં સ્વપ્નાં આજે સફળ થાય છે.

છાત્રાલય ઘણીવાર વીશીરૂપ થઈ જાય છે. પણ આપણે તો છાત્રાલય સાથે વિદ્યાલય પણ રાખ્યું છે. આપણી બાળાઓની કર્તવ્યબુદ્ધિ ખીલશે. કયે રસ્તે જવું તેનો બોધપાઠ અપાશે. જગતમાં જે રસ્તે જવાનું છે તેનો નિર્દેષ કરવામાં આવશે.

આરોગ્ય, બાળઉછેર, ગૃહવિજ્ઞાન, સ્વચ્છતા વગેરે વિષયો શીખવવામાં આવશે.

આજે સ્ત્રીઓનું કર્તવ્ય માત્ર કુટુમ્બમાં પૂરું થતું નથી. એમને પુરુષો જોડે રહી જગતમાં ઘણું કામ કરવાનું છે.

પરમાત્મા પોતાનો વરદહસ્ત સદાને માટે આપણા ઉપર રાખે. શુભ હેતુ અને આત્મભોગથી આ સંસ્થા સ્થપાઈ છે તેને મારા આશીર્વાદ છે.

પરમાત્મા આપણા કાર્યને સફળ કરો.

**ચેતન - ૧૯૩૪** **શારદાબહેન મહેતા**

## વિદાય

**સંસ્થાને ન ભૂલતા સંસ્થા તમોને નહિ ભૂલે. ઉચ્ચ સ્વપ્નાં સેવતાં શીખજો. વિચારોમાં વૃદ્ધ હરગીજ ન બનતા.** - બાપુભાઈ

## એક પત્ર

પ્રિય ભાઈશ્રી બાપુભાઈ,

ત્રિમાસિક **'કેળવણી'**નો અંક મળ્યો છે. ચાલુ વર્ષમાં વિદ્યાર્થીઓને મળેલી મેજબાનીની ટીપ વાંચી હું વિચારમાં પડી ગયો છું. તે સબંધી થોડીક સૂચનાઓ કરું ?

હિન્દુ અનાથાશ્રમોના બાળકોને લાડૂ, દૂધપાક, પૂરી જમાડવા માટે હિન્દુ સખીગૃહસ્થો નાણાં આપે છે.

નવા જમાનાના ગુરુકુળો માટેય મહિનામાં બે વાર બ્રહ્મચારીઓને મિષ્ટાન્ન મળે તે હેતુથી ભિક્ષા માગવામાં આવે છે.

સિદ્ધપુર, ડાકોર જેવા તીર્થક્ષેત્રોમાં ચાલતા વિદ્યામંદિરોમાં તો ઘણીયે વાર ઉપરાઉપર મિષ્ઠાન્ન ખાઈ વિદ્યાર્થીઓ કંટાળી જાય છે.

શું એવી સ્થિતિ કડવા પાટીદાર બોર્ડિંગ (કડી)ની તો નહિ થાય ને ? માલપૂઆ, દૂધપાક, શીરોપૂરી અને લાડુની મિજબાની તમે સ્વીકારવા લાગ્યા છો. **'કેળવણી'** માં તેની જાહેરાત આવવા લાગી છે. જો બાળકોને મિષ્ઠાન્ન જમાડવાનો લ્હાવો લેવા કોમના મોટેરાઓ એક પછી એક નીકળી પડશે તો તમે કઈ જગ્યાએ મર્યાદા બાંધશો ?

લગભગ ૧૫૦ વિદ્યાર્થીઓને મિષ્ઠાન્ન જમાડવું એટલે ઓછામાં ઓછા ૮૦ રૂપિયા ખર્ચ થાય જ; અને આવી ૧૦ મિજબાની તમારા છાત્રાલયમાં થાય તો ૮૦૦ રૂપિયા સહેજે ઊડે.

શું તમારી શાળાને - છાત્રાલયને - આજે મિષ્ઠાન્નની જરૂર છે કે જ્ઞાન વધારવામાં મદદગાર થઈ પડે તેવા પુસ્તકોની ? અત્યારે એક એક ઓરડીમાં પાંચ



છ વિદ્યાર્થીઓને ગોંધાઈ રહેવું પડે છે તે અસહ્ય સ્થિતિ સુધારવા તમે મિજબાની આપવા તૈયાર થયેલ ગૃહસ્થોને વિનવી શકો ?

એ ઉદાર સખી ગૃહસ્થો મિષ્ઠાન્ન જમાડવા ગમે તેટલા પૈસા ખર્ચવા તૈયાર થશે, પણ પુસ્તકોના દાન માટે કે વિદ્યાર્થીઓની સ્થૂલ હાડમારી ઘટાડવા પૈસા આપતાં ખેંચાશે એવી આપણા સમાજની દીન સ્થિતિ થઈ પડી છે એ મારી જાણ બહાર નથી.

પણ આપણા જેવા કેળવણીકારને આ દુઃખદ સ્થિતિમાં શો ધર્મ પ્રાપ્ત થાય છે ? આપણે આકરા થયા વિના ચાલે તેમ નથી જ.

લગ્ન યા મરણ પ્રસંગે જે નાતવરામાં મોટા ખર્ચા થતા તે હજુ રોકાયા નથી. ત્યાં તો છાત્રાલયમાં રહેતા વિદ્યાર્થીઓને સ્વાદિયા બનાવવા આપણા મોટેરાઓએ હામ ભીડી છે. એ સાચે જ ભયંકર બીના છે.

આર્થિક કારણે આવા જમણો અટકાવવા એ સ્વયંસિદ્ધ વાત છેઃ એક આનો કમાવા સારુ આઠ આઠ કલાક કાંતનારી અને ચાર પાંચ માઈલ પૂણઓ લેવા દોડતી ઝનાના પાળતી મુસલમાન ઓરતોને તમે અને તમારા વિદ્યાર્થીઓ અવારનવાર સગી આંખે જોતા હશો. એટલે તે વિષે અહીં વધુ વિગતમાં ઊતરતો નથી. વિદ્યાર્થીઓ ભણે ત્યાં સુધી બ્રહ્મચર્ય પાળે એવો તમારી સંસ્થાનો આગ્રહ હોય એમ બોધપત્ર જોતાં ખાત્રી થાય છે. બ્રહ્મચારી વિદ્યાર્થી પાસે તમે ૧ રૂપિયો માસિક ઓછો લો છો. આ નિયમો જોઈ આંખ ઠરે છે, પણ બીજી બાજુ વિદ્યાર્થીઓના બ્રહ્મચર્યને ઘાતક થઈ પડે તેવી સ્વાદિષ્ઠ રસોઈ જમાડવાની તમે હિમાયત કરો છો એ સંસ્થાના નિયમ પ્રમાણેય સુસંગત લાગતું નથી.

તમારી સંસ્થામાં ભણતાં કેટલાંક બાળકોના પિતા શ્રીમંત હશે. જે બાપ પોતાના બાળકની કેળવણી પાછળ ૧૦ રૂપિયા ખર્ચ કરી શકે તે ગરીબ તો ન જ કહેવાય, ખરું ને ? એવા માબાપના છોકરાઓ પાછળ તમારી સંસ્થા ખાસ ખર્ચ તો કરે જ છે. સમજુ માબાપોએ તો પોતાની શક્તિ હોય તો પોતાના બાળક પર થતું તમામ ખર્ચ આપી છૂટવું જોઈએ. ગરીબ કે મધ્યમ વર્ગના બાળકોને પૂરતી સગવડ મળી શકે તેવું ધ્યેય કોમના શ્રીમંત આગેવાનોએ પોતાની નજર આગળ હંમેશાં રાખવું ઘટે છે. પણ એવા સમજુ માબાપ આજે કોમમાં ડઝનબંધ ધારો કે ન નીકળે, તો એટલું તો સમજનારા સર્વ વાલીઓ હશે કે, મારા બાળકો ધર્મનું ભોજન-ભિક્ષાન્ન-ન ખાય તો સારું. દાદાદાદીના મરણ પાછળ બ્રાહ્મણોને જમાડવાથી ડોસા સ્વર્ગમાં જશે કે તેમની પાછળ નાતો જમાડ્યાથી તેમનાં યશ નાતમાં ખૂબ ગવાશે. એવો જ ખ્યાલ છાત્રાલયોમાં રહેતા વિદ્યાર્થીઓને જમાડવામાં મુખ્યત્વે કરીને મોટેરાઓના મગજમાં ઘૂમી રહ્યો હોય છે. એવા ખોટા ખ્યાલ કાઢી નાખવાનો નવા જમાનાના શિક્ષકોનો ધર્મ છે.

શિક્ષકો સીધી રીતે ગામના આગેવાનોના સંબંધમાં આવી શકતા નથી. પણ તમારી કોમી સંસ્થા હોવાને લીધે તમો વધારે કોમના પટેલિયા સાથે પરિચયમાં આવી શકો તે સ્વાભાવિક છે અને જ્યારે જ્યારે મોટેરાઓનાં કે વિદ્યાર્થીઓના વાલીઓના પ્રસંગમાં આવીએ ત્યારે ત્યારે પોતાની કોમની બદી, કુરિવાજો પર ધ્યાન ખેંચાયા વિના આપણાથી કેમ રહી શકાય ? એવું વાતાવરણ તમારી સંસ્થામાં જામે તો ભારે કામ થયું એમ હું માનીશ.

હું પોતે કોમી સંસ્થાનો હિમાયતી નથી. પણ જેટલે અંશે ઉચ્ચ કોમો પોતપોતાના વાડા પૂરતાય વહેમો, કુરિવાજો કાઢી શકે તેટલે અંશે રાષ્ટ્રની પ્રગતિ થાય જ એમ હું માનું છું.

ઉચ્ચ કોમોના ગુણો, નીચ ગણાતી કોમોમાં હજુ ઊતરતાં જમાના વીતી જશે. પણ ઉચ્ચ કોમોના દુર્ગુણો, દોષો ગુણાકારની ગતિએ હલકી કોમોમાં ક્યારના ઊતરી ગયા છે. આપણી સાથે રોજ વ્યવહારમાં આવતી ભંગીકોમના રીતરિવાજો, વહેમો તમે જાણો છો ?

આપણે મિષ્ટાન્નના જમણની વાતો સાંભળી ઘેલા થઈએ છીએ, મિષ્ઠાન્નની પાછળ ગાંડાતૂર બનીએ છીએ ત્યારે આપણા ગામમાં જ રહેનાર ભંગીભાઈઓ એંઠી પાતળો ચાટવા માટે દોડધામ કરી મૂકે છે એ તમે શું અનુભવ્યું નથી ?

આપણે નાતોના જમણમાં દૂધ ઉડાવીએ છીએ, ત્યારે ભૂખે મરતી કોમ નાતોમાં દારૂ પાઈ કૃતાર્થ થાય છે.

આપણે ઉચ્ચ ગણાતી કોમમાં ૧૦, ૧૨ વર્ષે છોકરાછોકરીનાં લગ્ન કરીએ છીએ, ત્યારે ઢેઢ ભંગી બે ચાર વર્ષની ઉંમરનાં છોકરાછોકરીઓ પરણાવે છે.

આપણે રોષે ભરાયા હોઈએ કે મશ્કરી કરતા હોઈએ ત્યારે આપણા મોઢામાંથી અપશબ્દો નીકળી જાય છે, આપણે ગાડીના પાયખાનામાં કે જાહેર ચોરામાં ગંદા શબ્દો લખી રાખીએ છીએ ત્યારે હલકી કોમ છડે ચોક હાલતાં ને ચાલતાં અપશબ્દોથી શણગારેલ જ બોલી વાપરે છે.

આપણે ગામના પટેલથી ડરી કે સંસ્થાના ટ્રસ્ટીથી ડરી જઈ અંતઃકરણના નિશ્ચયને બાજુ મૂકી, મોટેરાઓના માનમાં તણાઈ જઈએ છીએ અને કેટલીકવાર ખુશામતખોર બની જઈએ છીએ. આજ દોષ હલકી કોમમાં દ્વિગુણાય છે. ભંગીઓ હાલતાં ચાલતાં બોલે છે : હે મહારાજ ! હે સરકાર ! અન્નદાતા ! માફ કરો. અમે કોણ, એઠું ખાનારા ! નરક ઉપાડનારા - આવા શબ્દો સ્વતંત્ર પ્રજામાં કદી ન જ સંભળાય.

આખું બ્રહ્માંડ આપણામાં અને આપણે આખા બ્રહ્માંડમાં સમાઈ ગયેલ છીએ. જો આપણામાં કે આપણી સંસ્થામાં ઘૂસી ગયેલા દોષ પ્રત્યે આંખ આડા કાન કરશું



તો એનો પ્રત્યાઘાત આપણી પર જ થયા વિના રહેનાર જ નથી. અસ્તુ.

આપનો પ્રયત્ન શુભ છે. પ્રભુ આપના અને આપની સંસ્થાના શુભ મનોરથો પાર પાડો.

રાષ્ટ્રીય વિદ્યામંદિર, **લિ.**
સત્યાગ્રહ આશ્રમ, **છગનલાલ નથુભાઈ જોષીના**
સાબરમતી **વંદેમાતરમ્**

■

**પાંડિચેરી આશ્રમ**
**તા. ૧૯-૧૧-૩૫**

પોપટભાઈ, છગનભાઈ, અંજારીઆ, ઉમેદભાઈ, મહેતા, રાવલ, રતિભાઈ, વાલજીભાઈ, ભાઈલાલભાઈ, મિસ્ત્રી, સોમનાથ, સોમાભાઈ, શંકરભાઈ, ધનાભાઈ તથા અન્ય નોકરવર્ગ -

સંસ્થાનું નિયમિત કામ શરૂ થઈ ગયું હશે. શિયાળાની ખુશનુમા ઠંડી હવાનો આનંદ અનુભવી રહ્યા હશો. અમારે તો અહીં વરસાદની ઝડીઓ અને સૂર્યનો તાપ અનુભવવાનો છે. બન્ને રીતે — બાહ્ય અને આંતર. કારણ કે તે વિના નવાં સર્જન પૃથ્વી ઉપર કે માનવજીવનમાં થયેલાં કોઈએ જાણ્યાં છે ? જીવનમાં એક સમય એવો આવે છે કે એક યાત્રિકની માફક હાથમાં લાકડી અને ખભે પોટલું લઈને જીવનની ખાઈઓ અને ખીણો, પર્વતો અને પહાડો, નદીઓ અને નાળાં, જંગલો અને ઝાંખરાઓ વટાવી આગળ ને આગળ કોઈ સનાતન તીર્થની શોધમાં ધપ્યા કરવાનું હોય છે. આવા સમયને ઓળખવામાં જીવનસાફલ્ય રહેલું છે.

'તરણા ઓથે ડુંગર રે, ડુંગર કોઇ દેખે નહિ' એવું ઘણીએ વાર આપણા જીવનમાં બને છે. અનંત મહાસાગર અને આપણી ખાડીની આડે એક નાજુક પડદો જ આવી રહ્યો હોય છે. પણ એ પડદાને ચીરીને મહાસાગરમાં ઝંપલાવવા આપણામાં તાલાવેલી નથી હોતી, અને તેથી જ એ ખાડીમાં ગોળગોળ ભમ્યા કરી જીવનનાવનો નાશ કરી નાંખીએ છીએ. એક વાર એ મહાસાગર અને આપણી ખાડીનો સંબંધ બંધાય તો વારેવારે એ અનંતમાંથી જીવન પ્રેરણાઓ લઈ લઈ આપણે જીવનને તાજગીભર્યું બનાવી બીજાને તાજગી આપી શકીએ અને પ્રસંગ આવે અંદરનો ખરો પોકાર ઊઠતાં એ મહાસમુદ્રની મહાયાત્રા કરવા કૂદી પડીએ.

કેટલાક કેળવણીકારો એમ માને છે કે કેળવણી મનુષ્યની શક્તિમાં વધઘટ કરી શકતી નથી. તેને વ્યવસ્થિત કરી ઓપ આપી સુંદર બનાવી શકે છે—એટલું જ તે કરે છે. ખરેખર હાલની કેળવણી એટલુંયે કરી શકે છે કે કેમ એ પણ શંકા છે.

કરિક્યુલમ, પુસ્તકો અને પદ્ધતિની કેળવણી બીજું શું કરી શકે ? આ તો બહારનો દેખાવ છે. અંદર કેવો જીવ મૂકવો એ તો કેળવણી આપનાર ઉપર આધાર રાખે છે. અને તેવા સાચા શિક્ષકો બાળકોની શક્તિઓને ગૂંગળાવતા, તેને ઘેરી બેઠેલા આવરણો અને પડદાઓને ચીરીને સાચા જ્ઞાનસમુદ્રનાં દર્શન બાળકોને કરાવી શકે છે અને એ રીતે હું માનું છું કે બાળકોની શક્તિઓનો વિકાસ - અદ્‌ભુત વિકાસ - સાચો ગુરુ કરી શકે છે.

પણ સાચા ગુરુ થવું એ સાચા સાધક થવા બરાબર છે. પોતાને સિદ્ધ માની બેઠેલા ગુરુઓ પોતાની પરિમિત શક્તિઓમાંથી અપરિમિત જ્ઞાનભંડારનાં દર્શન બાળકને કેમ કરાવી શકે ! તે તો કેવળ કેળવણીનાં વિવિધ પ્રકારનાં રમકડાં ઊભાં કરી શકે, પણ સાચાં સર્જનોથી મઘમઘતી, ફળફૂલથી લચી પડતી વાડીઓ ક્યાંથી બનાવી શકે !

આપણા મહેતા–માસ્તર સારી રીતે જાણે છે કે જ્યાં સુધી એક વાસણમાં એક વસ્તુ ભરી છે ત્યાં સુધી તેમાં બીજી પ્રવેશી શકતી નથી. જ્યાં સુધી પ્યાલામાં પવન છે ત્યાં સુધી તેમાં પાણી રહી શકતું નથી. બધે એવું જ છે. આપણી બુદ્ધિ અને હૃદયમાં જ્યાં સુધી યુગયુગના જૂના સંસ્કારો અને તેને અનુકૂળ પડતા નવા આવતા બહારના સંસ્કારો દૂર ન થાય ત્યાં સુધી નવો પ્રકાશ તેમાં આવવાની આશા રાખવી એ વ્યર્થ છે, અને જ્યાં સુધી બુદ્ધિના ચોકઠામાંથી ઊંચે ચઢવાની તાલાવેલી ન થાય ત્યાં સુધી આ કેદખાનામાં પુરાઈ જ રહેવાનું છે. આ જ આપણી ખરી ગુલામી છે. એક વાર આ ગુલામીમાંથી જો મુક્ત થઈએ તો બહારની ગુલામી - હિંસા અહિંસાથી કોઈ પણ રીતે - દૂર થયે જ છૂટકો છે.

દરેક કાર્ય આપણો અંતરાત્મા સ્વવિકાસ માટે જ શોધી લે છે અને એ રીતે જ તુચ્છમાં તુચ્છ કાર્યની કિંમત રહેલી છે. પણ ભૂલ ત્યાં થાય છે કે કેટલીક નીચે ખેંચતી વસ્તુઓ ક્યાં તો બહારથી કે ક્યાં તો અંદરના જૂના સંસ્કારોમાંથી આવી આપણામાં ઘર કરી બેસે છે અને તેને આપણે પોતાની માની બેસીએ છીએ અને તેને પોષવા અને સંતોષવા આપણે પ્રયત્ન કરીએ છીએ અને તે ન પોષાય તો જાણે આપણા આત્માનો ઘાત થયો હોય, આપણું સ્વમાન હણાયું હોય એમ આપણને લાગે છે. જેમ કોઈ વ્યસની માણસ પોતાના વ્યસનને માટે પોતાને સ્વતંત્ર માને છે તેવી સ્થિતિ આપણે આપણી કરી મૂકીએ છીએ. પરિણામે ખરા સ્વવિકાસ તરફ ન જતાં આડાઅવળા રસ્તે આપણે ઘસડાઈ જઈએ છીએ અને તેને આપણે પ્રગતિ જેવું ઉચ્ચ નામ આપીએ છીએ.

હું માનું છું કે આ બધાં ટાયલાં તમને નહિ ગમે. પણ આપણા બહિરમનની પાછળ આંતરમન આંતરબુદ્ધિ અને આંતરહૃદય રહેલાં છે. તેને જ સંતોષવા અને જાગૃત કરવા જો આપણા પ્રયત્નો હોય તો બહારની સપાટીએ ગમે તેટલી ભિન્નતા



દેખાય છતાંયે આપણે બધાંય એકની માફક ઘણું જ સારુ કાર્ય કરી શકીએ. બધાય ઝઘડાઓ સપાટી ઉપરના જીવનમાં છે. પાછળ તો એક એવું તત્ત્વ છે કે જે આપણને બધાયને એક કાચા સૂતરના તાંતણે બાંધી એક દિશાએ લઈ જાય, અને તેમાં જ આપણા કાર્યની અને બધાયની સલામતી છે.

*એ જ લિ.*

*બાપુભાઈના નમસ્કાર*

■

**પૉંડિચેરી આશ્રમ**

**તા. ૨૫-૧૧-૩૫**

શ્રી પોપટભાઈ, છગનભાઈ વગેરે :

પત્રો તથા બૂકપોસ્ટ પહોંચ્યાં છે. મારા પત્રો મળ્યા હશે. ગઈ કાલે શ્રી અરવિંદનાં દર્શન થયાં. પ્રાચીન આર્યાવર્તના શ્રી વસિષ્ઠ, વાલ્મીકિ અને વ્યાસભગવાન જેવા ઋષિનાં જાણે દર્શન ન થતાં હોય એવું લાગ્યું ! લાગવું ન લાગવું એ સાપેક્ષ પ્રશ્ન છે. જે જે ભાવથી એપ્રોચ થાય તે તે ભાવ અનુભવે છે એ જ સત્ય વસ્તુ છે.

**ये यथा मां प्रपद्यन्ते तान् तथैव भजाम्यहम्।** (गीता)

આ સનાતન સત્ય જો દૃષ્ટિ સમક્ષ રહે, તો જગત્‌ના ઘણા ઝઘડાઓ, ક્લેશ, કંકાસો ઓછા થઈ જાય. મન-બુદ્ધિથી આપણે અમુક વસ્તુને જ સત્ય માની બેસીએ છીએ એ જ વસ્તુ માણસની પ્રગતિને રોધક બને છે. આજે હું છું તે પાંચ વર્ષ પહેલાં ન હતો અને પાંચ વર્ષ પછી નહિ હોઉં. તો પછી તે તે વખતે મારી મનબુદ્ધિથી કલ્પેલાં સત્યોને ત્રિકાલાબાધિત સત્યો કહેવામાં અને તે જ પ્રમાણે જીવનનાવ હંકારવામાં આપણે મોટા ભ્રમમાં નથી ? જ્યાં સુધી મનબુદ્ધિની સપાટી ઉપર જ આપણે બધી રમતો રમીશું, ત્યાં સુધી આપણાં બધાંય કાર્યો અને પ્રગતિ પાનાંના મહેલની માફક કોણ જાણે ક્યારે પડી જશે તેની કંઈ પણ ખાત્રી નથી. જેના તેજથી બુદ્ધિ અને હૃદય ચમકી રહ્યાં છે તે તેજની શક્તિનો અવતાર જ્યાં સુધી આપણે બુદ્ધિ, હૃદય, જીવન અને સમાજમાં ન કરી શકીએ ત્યાં સુધી આપણે કશું જ કરતા નથી એ સમજી લેવાની જરૂર છે. હું ધારું છું કે, આ બધું તમને નહિ ગમે. ગમે કે ન ગમે, છતાં મને જે લાગે તે તમને કહેવું જોઈએ એમ મને લાગ્યા જ કરે છે.

રવિવારે વ્યવસ્થાપકમંડળોની સભાઓ રાખી છે તે તમારા પત્રથી જાણ્યું છે. શું શું કાર્યો રજૂ કરવાનાં છે તે સંબંધી પૂર્ણ વિચાર કર્યો જ હશે. આ મિટિંગોની બાબતમાં મારો વિચાર વ્યક્ત કરું ? આવી બાબતોને હું ઔપચારિક જ ગણું છું, કારણ કે મિટિંગોથી કંઈ પણ ખરું કામ થઈ શકતું નથી. તમે તમારા મનમાં શું નક્કી

કર્યું છે અને કઈ વસ્તુઓને કેટલી શક્તિથી મનમાં સર્જી છે તેના જ ઉપર બધો આધાર છે. કામ એક જ માણસ સર્જે છે અને તેને બીજા મદદ કરે છે એમાં જ હું માનું છું. બ્રિટીશ સામ્રાજ્ય પાર્લામેન્ટથી ચાલતું નથી, પણ વડાપ્રધાનની ઈચ્છાશક્તિ જ કાર્ય કરી રહી હોય છે.

શનિવારે બપોરે, કંઈ પણ આકસ્મિક અડચણ નહિ આવી પડે તો, હું ત્યાં આવી પહોંચીશ. અહીંથી આવતી કાલે રાત્રે નીકળીશ. મદ્રાસ એક રાત્રિ રોકાઈ ત્યાંથી ગુરુવારે સવારના નીકળી શનિવારે અમદાવાદ પહોંચીશ અને બહુચરાજી લોકલમાં ત્યાં આવીશ. મારી તબિયત સારી છે.

ત્યાંના આપણા વહીવટમાં વધારે કાર્યક્ષમતા (efficiency) આવે તે માટે હું નીચેની વસ્તુ ઉપર તમારું ખાસ ધ્યાન ખેંચું છું.

સર્વવિદ્યાલય હાઈસ્કૂલ અને સર્વવિદ્યાલય કેળવણી મંડળ એ બન્ને માટે એક જુદો જ કારકૂન ખાસ આવશ્યક છે. અત્યારે ભાઈલાલભાઈ ઉપર કામનો બોજો ઘણો જ છે. તેથી વિદ્યાલયનું કામ જોઈએ તે પ્રમાણે થઈ શકતું નથી. આશ્રમ, ક.પા.કે.ઉ. મંડળ કે કન્યા કેળવણીમંડળ એમાંનું કંઈ પણ કામ તેમને સોંપવું જોઈએ નહિ. તે માટે ખાસ જુદો માણસ જોઈએ અગર ભાઈલાલભાઈ તે કામ કરે તો વિદ્યાલય માટે એક એવો માણસ રાખવો કે તે શિક્ષકોની ગેરહાજરીમાં નીચલા ધોરણોને એન્ગેજ રાખી શકે. જો આપણે હાઈસ્કૂલ સરસ ચલાવવી હોય તો ગમે તે રીતે બજેટમાં આ પ્રમાણે સમાવેશ કરવો જ જોઈએ. અને આ વ્યવસ્થાપક મંડળમાં આ પ્રશ્ન મંજૂરી માટે મૂકશો.

તમે જાણતા હશો કે હેડમાસ્તરની શિક્ષણવિષયક જવાબદારી ઉપરાંત ઑફિસિયલ કામની જવાબદારી મારા મગજ ઉપર એટલી બધી રહે છે કે શિક્ષણના વિષયને હું મારો બધોય સમય આપી શકતો નથી. બીજી વસ્તુ : મને જો હેડમાસ્તરની જવાબદારીમાંથી મુક્ત કરવામાં આવે તો હું બીજી રીતે ઘણું કામ આપી શકું એમ મને લાગે છે. એક શિક્ષક તરીકે હું બધોય સમય કામ કરું અને તે ઉપરાંત ગૃહપતિ તરીકે અને કન્યાકેળવણી મંડળના આંતરિક મંત્રી તરીકે પણ કામ કરી શકું. તમને બધાયને એમ લાગતું હોય કે હાઈસ્કૂલના હેડમાસ્તર તરીકે કોઈ ઊંચો પદવીધારી વધારે શક્તિવાળો માણસ જોઈએ, તો તેમાં મારો કોઈ પણ જાતનો વિરોધ નથી. એમાં મારી સંપૂર્ણ સંમતિ છે. આ રીતે હું કામથી ભાગવા નથી માગતો પણ તમારા મનમાં છૂપો છૂપો જરા પણ અંદેશો હોય તો તે નિખાલસપણે બહાર મુકાવવા અને દૂર કરાવવા માગું છું. વધુ રૂબરૂમાં મળીશું ત્યારે ! ત્યાં સૌ કુશળ હશે.

*એ જ લિ.*

*બાપુભાઈના નમસ્કાર*



કૃષ્ણે અર્જુનનો સંશય દૂર કર્યો તેમ ક્યારેક તેઓ—સાચા અર્થમાં બાપુભાઈ—કૃષ્ણ બની મનનો સંશય દૂર કરતા, સાચા માર્ગદર્શક બનતા.

ઇ.સ. ૧૯૩૯ની સાલ હતી. એ સાલના ફેબ્રુઆરી માસના એક દિવસે મારા આશ્ચર્ય વચ્ચે મને એક અનામી વ્યક્તિનો પત્ર મળે છે. એ પત્ર મેં સાચવી રાખ્યો નથી, પણ એની વિગતો સ્મૃતિમાં સચવાઈ રહી છે. કાગળનો ભાવ કૈંક નીચે પ્રમાણે હતો : ‘‘માતાજીનો (કયાં માતાજી તે ભૂલી ગયો છું.) આદેશ છે કે આજથી દિન ચારમાં, આવા જ પ્રકારના નવ પત્રો તમારા ઓળખીતાપાળખીતાઓ કે મિત્રમંડળને લખજો. માતાજીનો આદેશ છે કે આ પત્ર-વેલ અખંડ રહેવી જોઈએ. તોડનારનું માતાજી ધનોતપનોત કાઢી નાખશે. રાજપુરના એક ભાઈએ આ વેલ તોડી તો એનો કમાતોધમાતો દીકરો ફાટી પડ્યો. શાહપુરનાં એક બહેને આ વેલ તોડી તો નખમાં યે રોગ નહોતો ને ઘડીમાં એના રામ રમી ગયા. ગંભીરાના એક સજ્જને વેલ તોડી તો ત્રણ માળનું એનું ઘર બળી ગયું. અમીનપુરાનાં એક સન્નારીએ વેલ તોડી તો સાજોસમો ભીમ જેવો એનો પતિ મરી ગયો. લવારપુરના એક કણબીએ વેલ તોડી તો ત્રણ દિવસમાં એના બે બળદ ને એક ભગરી ભેંસ ફાટી પડ્યાં... માટે ડાહ્યા હો તો માતાજીનો આ આદેશ માથે ચઢાવી, બીજા નવ પત્રો લખજો અને માતાજીની કૃપા પામજો.’’ - વગેરે વગેરે.

મને આ પત્ર મળ્યો ત્યારે પ્રમાણમાં મારી ઉંમર નાની ગણાય. એના પ્રથમ વાંચને આશ્ચર્ય થયું. એના બીજા વાંચને વિડંબનાની વૃત્તિ થઈ. વધુ વાંચવા લાગ્યો એટલે હાસ્ય અને ઊંડી છૂપી ભીતિની લાગણીઓ જાગી. આ બધી મિશ્ર લાગણીઓમાં સરવાળે ભીતિની લાગણી પ્રબળ થવા લાગી. સાચું શું હશે ? પત્રવેલ તોડું તો શું થશે ? ખરેખર આ ધતિંગ હશે ? એને એવો પત્ર લખવામાં સ્પર્શ શો ? ખરેખર આ ધતિંગ હશે ? એને આવો પત્ર લખવામાં સ્વાર્થ શો ? મારા કોઈ મિત્રે તો મારી આવી મશ્કરી કરી નહીં હોય ? આથી પોસ્ટખાતાને જ લાભ થવાનો. ને મારો સમય બગડવાનો ને બીજા એવા કયા નવ ભાગ્યશાળીઓને મારે માતાજીને નામે આ આદેશ આપવો ? મારા શિક્ષકના જીવને આવો વહેમ શોભે ? અને ખરેખર આ વહેમ જ છે. વહેમ માનીને પત્રવેલ તોડું અને મને અથવા મારાંઓને, ન કરે નારાયણ અને કૈંક થાય તો ? ભલેને એ કૈંક કાકાતાલીયન્યાયે થાય, પણ પછી કારણકાર્ય-ન્યાયમાં મારા ચિત્તની શ્રદ્ધા કેટલે અને ક્યાં સુધી ટકે ? લાવને, મારા અમુક અમુક નાસ્તિક-આસ્તિક મિત્રના ચિત્તના પ્રત્યાઘાત જાણવા પણ એના ઉપર માતાજીનો આદેશ ઉતારું. પણ, ના જીવ ! તું રહ્યો વ્યવસાયે શિક્ષક; તને આવી પાખંડ-વેલ ફેલાવવની ન શોભે. પણ આમાં મારા ગુરુજીનું માર્ગદર્શન લીધું હોય તો ? કયા ગુરુજીનું માર્ગદર્શન

લઉં ? શ્રી ડાહ્યાલાલ જાનીનું લઉં કે શ્રી ઉમેદભાઈનું ? શ્રી છગનભાઈ સાહેબને લખું કે શ્રી પોપટભાઈ સાહેબને પુછાવું ? ખેર ! ગામીસાહેબને જ લખવા દે. અધ્યાત્મશાસ્ત્ર એ એમનો ઈલાકો અને વર્ગમાં સંસ્કૃત શીખવતાં શાસ્ત્રના અનેક શ્લોકો બોલતા હતા ! એમની ય કસોટી થશે. પત્ર લખવાનું નક્કી થયું. પણ પત્ર અંગ્રેજીમાં લખું કે ગુજરાતીમાં ? ગામીસાહેબ અંગ્રેજી શીખવતા હતા, તો એમને ય ભલે ખ્યાલ આવે કે શિષ્યને કેવું અંગ્રેજી આવડે છે ! ગોઠવી ગોઠવીને મુદ્દાસર, સારા શુદ્ધ અંગ્રેજીમાં શિક્ષકશાઈ પત્ર લખ્યો. પત્ર તો લખ્યો, પણ ગામીસાહેબ પત્રનો પ્રત્યુત્તર જ નહીં પાઠવે તો ? અરે ! એવું તો ન બને ! મારા ઉપર એમનો સાચો ભાવ હતો. બે લીટીનો, પણ જવાબ તો આવવો જ જોઈએ. અને તા. ૧૦-૩-૧૯૩૯ના રોજ પૂ.ગામી સાહેબનો મારા પર નીચે પ્રમાણેનો પત્ર આવ્યો :

**Dear Manibhai,**

The chain of which you write in your letter is nothing but an appeal to the superstition and fear-emotion lying in every human heart in varying degrees. The originator of the scheme wants to take advantage of the human weakness in this direction in order to acheive either some of his selfish motives or to satisfy his egoistic false ideas. Never believe in it, and do not be an instrument in its spread.

His (God's) ways are mysterious. we owing to our ignorant and unlighred nature, attribute to Him many a false things and motives which really do not belong to him, but which are simply the creations of our own egoistic trend of mind and heart.

To know His ways we must quiet down all the throbbings of our false mind and heart and aspire steadily and patiently for the Light. If we take this attitude, the Light will surely come and It will enlighten all the dark corners of our life. I hope this will satify you for the present.

**Yours Scincerely,**
**Bapubhai.**

**વહાલા મણિભાઈ,**

તમારા પત્રમાં જે પત્રસાંકળ (પત્ર-વેલ)ની વાત લખો છો તે બીજું કશું જ નથી, પણ પ્રત્યેક માનવહૃદયમાં, ઓછાવત્તા પ્રમાણમાં જે વહેમ અને ભીરુતાની (ગુપ્ત-સુપ્ત) વૃત્તિ છે તેને તે 'અપીલ' કરવા માગે છે. આ યોજનાનો કોલંબસ, માનવીની નિર્બળતાનો આ દિશામાં ગેરલાભ ઉઠાવવા માગે છે. આ રીતે કાં તો



પોતાનો કોઈ સ્વાર્થી હેતુ સિદ્ધ કરવા ઇચ્છે છે અથવા પોતાના અહંપ્રધાન, અહં-કેન્દ્રી મિથ્યા વિચારોને સંતોષવા ઇચ્છે છે. રખે એમાં માનતા અને રખે એના પ્રચાર કે પ્રસારમાં સાધનરૂપ બનતા.

પરમાત્માની લીલા અગમ્ય છે. આપણા અજ્ઞાનને કારણે આપણી પ્રકૃતિની અ-જાગૃતિને લીધે એવી કેટલીયે વસ્તુઓ અને આશયો-ઇરાદાઓ છે જેનું આરોપણ આપણે પરમાત્મામાં કરીએ છીએ, પણ તત્ત્વતઃ એ તો આ બધાથી ઊફરો છે. જે વસ્તુ આશયો - ઇરાદાઓનું આપણે એનામાં આરોપણ કરીએ છીએ તે તો વસ્તુતઃ કેવળ આપણા જ હૃદય અને મનના અહંપ્રધાન વલણનું સર્જન હોય છે.

પરમાત્માની ગતિ-વિધિને જાણવા પામવા માટે તો આપણે આપણા વિતથ મનહૃદયનાં સ્પંદનોને શાંત કરી દેવાં જોઈએ અને સાતત્યપૂર્વક અને ધૃતિપૂર્વક એ પરમ પ્રકાશની ઝંખના જાગવી જોઈએ. આપણો અભિગમ આવો હશે તો એ પરમ પ્રકાશ અચૂક આવશે જ અને આપણા જીવનના બધા જ અંધારિયા ખૂણાઓને અજવાળશે જ. માનું છું કે હાલ પૂરતો આટલાથી સંતોષ થશે.

**તમારો નિખાલસ,**
**બાપુભાઈ**

આ પત્ર પ્રકાશનનો આશય ત્રિવિધ છે. (૧) એક તો, જે પત્રવેલની વાત ત્રણ દાયકા-જૂની છે તે હજી નવે સ્વરૂપે ચાલુ જ છે. અજ્ઞાન, વહેમ, ભય જેટલી એ વેલ અમર ( ?) છે. (૨) વર્ગશિષ્ય મટી ગયા પછી પણ પૂ. ગામીસાહેબ જેવા ગુરુઓ કેવા વડીલ, મિત્ર કે માર્ગદર્શક રહ્યા હતા. (૩) ત્રીજું, આવડા ટૂંકા અંગ્રેજી પત્રમાં પણ એમણે રોગ-રોગીની નાડ બરાબર પારખી છે, એનું યોગ્ય નિદાન કરી યોગ્ય ચિકિત્સા પણ સૂચવી છે જે એ પરમ વંદનીય ગુરુની એ દિશાની વિકાસની પારાશીશીરૂપ છે.

**આચાર્ય,**
**શેઠ સી.વી. વિદ્યાલય**
**ગવાડા (તા. વિજાપુર)**

## ચારિત્ર્યની કેળવણી

**બાપુભાઈ ગામી**

ચારિત્ર્યની કેળવણી એટલે સદ્આચાર અને સદ્વિચારની કેળવણી. સદ્આચાર માત્ર વાતો, દલીલો અને ભાષણોથી વિદ્યાર્થીઓમાં ન ઊતરે.

- આચાર એ ક્રિયા છે. સદ્આચારની ટેવ પડવી જોઈએ. કોઈ પણ ટેવ ક્રિયાથી બંધાય છે. વિદ્યાર્થીઓ સદાચારની ક્રિયામાં પ્રેરાય તેવાં સાધનો અને ઉપાયો યોજવા જોઈએ.

- દેખે તેવું શીખે. વિદ્યાર્થીની આજુબાજુ સદ્આચારનું-સત્ક્રિયાનું વાતાવરણ હોવું જોઈએ. આવા વાતાવરણમાંથી વિદ્યાર્થી પોષકતત્ત્વો ચૂસે છે અને જીવનને ઘડે છે.
- સદ્વિચાર શિખવાડ્યા આવડતા નથી. સદ્ગુણોમાંથી સદ્વિચારો ફૂટે છે. સદ્ગુણો સત્ક્રિયાઓમાંથી જન્મે છે.
- પ્રામાણિકતા, નીડરતા, સત્યવકતૃત્વ, દયા, સેવાવૃત્તિ વગેરે અનેક ગુણો પ્રત્યક્ષ કાર્યમાંથી જ ઉદ્ભવે છે.
- બાળકને પ્રામાણિકતા બતાવવાના પ્રસંગો આપો, તેની પ્રામાણિકતાની કસોટી થવા દો, બાળકમાં પ્રામાણિકતાનો ગુણ આપોઆપ ખીલશે.
- બાળક માટે સત્યની કસોટીના પ્રસંગો યોજો. બાળક સત્ય જાળવવાનું બળ મેળવશે.
- બાળકને દયા, પરોપકાર અને સેવાનાં કાર્યો કરવા અનુકૂળતા કરી આપો. બાળક દયાળુ, પરોપકારી અને સેવાપરાયણ બનશે.
- સદ્ગુણો મેળવવાની તાલીમમાં ચારિત્ર્યની કેળવણી સમાયેલી છે.
- સદાચારની એરણ ઉપર બાળકનું ઉચ્ચ જીવન ઘડાઈ રહ્યું છે.

■ ■ ■

## પ્રકરણ - ૩

# શિક્ષણજગતને ઉજાગર કરતા શિક્ષણશાસ્ત્રી શ્રી બાપુભાઈ ગામી

અલગારી ઓલિયા જેવા આચાર્યશ્રી બાપુભાઈના એક અવતરણ સાથે લેખની શરૂઆત કરું છું.

"ભિન્નતા-વિવિધતા જગત જેટલી જૂની છે. હાથ, પગ, આંખ, નાક, કાન વગેરે વિવિધ અને ભિન્ન ભિન્ન શક્તિઓવાળાં છે. તેમાં નીચું, ઊંચું શું કહી શકાય ? આ બધાયની પાછળ મન તેમને ભેગાં કરી એક કાર્ય તરફ દોરે છે. આ જ પ્રમાણે જીવનકાર્યોનું સમજવું. જીવનના એક ધ્યેયવાળા માણસો ભેગા થાય અને કાર્ય કરે. પછી ભલે તે ભિન્ન ભિન્ન અને વિવિધ શક્તિઓવાળાં હોય ! ભિન્ન ભિન્ન અને વિવિધ શક્તિઓથી જ કાર્યની સંપૂર્ણતા અને સંગીનતા સાધી શકાય. એક સૂરથી ગાયનકૃતિ ન બને. સાતે સૂરોમાથી નવું કાર્ય ઊભું થાય. એટલે કોઈપણ કાર્ય સાધવા ભિન્ન ભિન્ન શક્તિબુદ્ધિવાળી વ્યક્તિઓની જરૂર છે જ. જોવાનું એટલું જ કે અરસપરસ ઊંચનીચની ભાવના ન પેસે; હું કરું એમ બધાએ કરવું જોઈએ અને તે જ ફાયદાકારક છે એવો વિચાર ન ઘૂસે."

સતત ચિંતનમનન કરતા સાચા અર્થમાં આચાર્યના કેટલાક લેખો અને વિચારો અહીં પ્રસ્તુત કરું છું.

### મતાગ્રહનું ઝેર

સુપ્રસિદ્ધ કેળવણીકાર ડૉ. મેરીઆ મોન્ટીસોરીના નામથી ભાગ્યેજ કોઈ અજાણ્યું હશે. બાળકોનો વિકાસ કેવી રીતે થઈ રહ્યો છે અને એ વિકાસને ગતિ આપવા કેળવણીકારોએ શું શું કરવું જોઈએ એના અનેક અખતરાઓ ડૉ. મોન્ટીસોરીએ કર્યા છે. ચાલુ પદ્ધતિએ અપાતી કેળવણીમાં બાળકનો આત્મા કેવી રીતે ગૂંગળાઈ રહ્યો છે તેનો તાદશ ચિતાર ડૉ. મોન્ટીસોરી આપે છે. બાળકના કુદરતી જીવનનું નિરીક્ષણ કરી તેની વિવિધ શક્તિઓનું અવલોકન કરી ડૉ. મોન્ટીસોરી કેળવણીના નિશ્ચિત સિદ્ધાંતો

રજૂ કરે છે. એક પ્રત્યક્ષ જોએલા બનાવનું વર્ણન કરતાં મોન્ટીસોરી જણાવે છે:

'એક વખત, રોમના એક બગીચામાં, દોઢેક વર્ષના એક સુંદર હસમુખા બાળકને એક ડોલમાં કાંકરાઓ ભરવાના કાર્યમાં ગૂંથાએલો મેં જોયો. તેની પાસે સ્વચ્છ પોશાકમાં સજ્જ થયેલી એક નર્સ, પ્રેમપૂર્વક તેની સંભાળ લેવાને આતુર હોય એવી રીતે ઊભી રહી હતી. ઘેર જવાનો સમય થઈ ગયો હતો અને તે નર્સ, બાળકને, રમત પડતી મૂકી, તેને બાળગાડીમાં બેસવાને ધીરજથી સમજાવી રહી હતી. પણ નર્સે જોયું કે પોતાની સમજાવટથી બાળકની દૃઢતા ઉપર કંઈ પણ અસર થતી નથી; એટલે જાતે જ તે ડોલ કાંકરાથી ભરી નાંખી અને ડોલ તથા બાળકને ઉપાડી ગાડીમાં મૂક્યાં. તેણે ખાત્રીપૂર્વક માની લીધું કે બાળકની ઇચ્છા પરિપૂર્ણ થઈ. બાળકની ચીસો અને તેના નાનકડા ચહેરામાં જણાઈ આવતાં અન્યાય અને બળાત્કારની સામે થવાના પોકારે મને ચકિત કરી. અન્યાયની પરંપરા બાળકની તેજસ્વી સમજશક્તિને ગૂંગળાવી રહી હતી. તે બાળક ડોલને કાંકરાથી ભરેલી જોવા માગતું ન હતું. પણ તે ડોલ ભરવામાં આવશ્યક ક્રિયાઓનો અનુભવ લેવા બાળક માંગતું હતું. તનમનાટથી ભરેલા પોતાના અવયવોની જરૂરિયાત પૂરી પાડવા માંગતું હતું. કાંકરા ઉપાડી ઉપાડીને સ્નાયુઓને કસરત આપવાની; ડોલમાં કાંકરા નાંખતી વખતે તેની વચ્ચે રહેલા અંતરનું અનુમાન કરીને આંખને તાલીમ આપવાની, કાર્ય સાથે જોડાયેલી સમજશક્તિ દ્વારા બુદ્ધિને કેળવવાની અને સ્વકાર્યોનો નિર્ણય પોતાની મેળે કરાવીને ઇચ્છાશક્તિને બળવાન બનાવવાની પોતાની ઐચ્છિક ક્રિયાઓને પ્રગતિમાન કરવા ઇચ્છતું હતું. કાંકરાથી ભરેલી ડોલ જેવી બાહ્ય વસ્તુ નહિ, પણ સ્વવિકાસ સાધવાની તેની ધારણા હતી. બાહ્ય જગતનું ભભકભર્યું આકર્ષણ માત્ર ખાલી દેખાવ જ હતો. વાસ્તવિક રીતે તો, જો તેણે ડોલ કાંકરાથી ભરી કહાડી હોત, તો તે પાછી ખાલી કરત અને પોતાના અંતરાત્માને સંતોષ થાત ત્યાં સુધી ઠલવ્યા કરત અને પાછી ભર્યા કરત. આ સંતોષ મેળવવા પાછળ આરંભેલા કાર્યની લગનીએ જ તેના ચહેરાને હાસ્યયુક્ત અને ગુલાબી બનાવ્યો હતો. બાળક ઉપર સ્નેહ બતાવતી નર્સે ધાર્યું કે, બાળકની ઇચ્છા કેટલાક કાંકરા મેળવવાની હતી. નર્સની આવી ખોટી ધારણાથી જ બાળકને આટલું બધું દુઃખ થયું.*

આ સાદી વાતમાં ઊંડું રહસ્ય સમાયું છે. આ નાનીશી કરુણકથા કેળવણીના મહાન કરુણાજનક નાટકની આગાહી આપે છે. અને આ કથા તેના પ્રથમ અંકનો <u>પ્રથમ પ્રવેશ ગણી શકાય</u>. બાળક સાથેના વર્તાવમાં માણસ શરૂઆતમાં જ એક ગંભીર

* નર્સે ડોલને કાંકરાથી ભરી પોતાને ગાડીમાં ઉપાડી મૂક્યો તેથી બાળકને એટલું બધું દુઃખ થયું ન હતું. પણ પોતાના કાર્યમાં કરેલી અટકાયત કરતાં, પોતાની ઇચ્છાને ખોટા જ સ્વરૂપમાં નર્સ સમજી એ બાબતે બાળકને વધારે દુઃખી કર્યું હતું.



ભૂલ કરે છે. પોતે જ અવળી કેળવણીનો ભોગ થઈ પડેલો હોવાથી અને પરિણામે જીતવાનો ખોટો ખ્યાલ મગજમાં ઘૂસવાથી માણસ ધારી બેસે છે કે 'બાળકને પણ જીવન વિષે પોતાના જેવો જ ખ્યાલ હોવો જોઈએ; પોતાની માફક બાળક પણ બાહ્ય વસ્તુઓને, વસ્તુઓ માટે જ ચાહનારો છે; તે પણ તરેહતરેહનાં રમકડાં ભભકદાર ચીજો, ઇનામો, મિલકત, નામના વગેરે ઇચ્છે છે.' પણ ખરી વાત તો એ છે કે અત્યારની કેળવણીના દૂષિત વાતાવરણથી બગડ્યા પહેલાં, તેને આમાંની એકે વસ્તુની જરૂર હોતી નથી. બાળક તો જીવશક્તિ મેળવવા માગે છે; જીવનવિકાસ સાધવા તલસે છે !*

મોન્ટેસરીની ઉપરની વાર્તામાં નર્સનું દૃષ્ટાંત તો એક અનુકૂળ નમૂનો છે. મનુષ્યનો, બાળકસંબંધી ખોટો ખ્યાલ આથી ઘણો જ આગળ વધે છે. ઘણીવાર બાળકના જીવનદૃષ્ટિબિંદુ વિષેના પોતાના પ્રાથમિક ખ્યાલનો મનુષ્ય ત્યાગ કરે છે અને એકદમ ભયંકર ભુલભુલામણીમાં પડે છે. કારણ કે બાળકનું દૃષ્ટિબિંદુ પોતાના દૃષ્ટિબિંદુથી ઘણી રીતે વિલક્ષણ જણાય છે એમ અનુભવથી તેને ખાત્રી થયેલી હોવાથી, માણસ વગર વિચારે ધારી બેસે છે કે પોતાનું દૃષ્ટિબિંદુ તદ્દન ખરું છે અને બાળકનું તદ્દન ખોટું છે. બીજી રીતે કહીએ તો માણસ ધારે છે કે પોતે જે ધ્યેયની ઇચ્છા અને અભિલાષા કરે છે તે જ ધ્યેયની બાળકે પણ ઇચ્છા અને અભિલાષા કરવી જોઈએ અને આમ કરવામાં બાળકનું નિષ્ફળ નીવડવું તેની કુદરતી અપૂર્ણતા સાબિત કરે છે; (જે ખરેખર તેની અપક્વ સ્થિતિને આભારી છે) અને આ અપૂર્ણતા દૂર કરવી એ કેળવણીનું કાર્ય છે. પણ ખરી વાત એ છે કે અત્યારની કેળવણીથી બગડ્યા પહેલાનું બાળકનું દૃષ્ટિબિંદુ ખરેખર સત્ય હોય છે અને માણસની ખરેખર અસર હોય છે.

કેટલીકવાર તો માણસનો બાળકસબંધી ખોટો ખ્યાલ આથી પણ આગળ વધી માનવી સ્વભાવના ઠેઠ મૂળ સુધી પહોંચે છે.

આ સ્થિતિમાં માણસનું જીવનદૃષ્ટિબિંદુ સ્વીકારવાની બાળકની અશક્તિને તેની સહજભ્રષ્ટતા, તેના પતિત સ્વાભાવની મૂળ પાપવૃત્તિ ગણવામાં આવે છે અને કુદરતી વત્તિઓ અને કાયદાને સ્થાને ઘડી કાઢેલા કૃત્રિમ કાયદાની જાળથી બાળજીવનને જકડી લઈને આ ભ્રષ્ટવૃત્તિને પાંગળી બનાવવાની કે તેનો વિધ્વંસ કરવાની આકરી ફરજ કેળવણી ઉપર નાંખવામાં આવે છે. બગીચાની તે દયાળુ નર્સે પોતાની અજ્ઞાનતાને લઈને ધાર્યું કે તેનું બાળક કાંકરાથી ભરેલી ડોલ માંગતું હતું અને તેથી રડતા અને

* એડમડન્ડ હોમ્સના 'કેળવણીનું કરૂણ નાટક'નો (tragly of education) અનુવાદ.

ધમપછાડા કરતા બાળકને—ડોલને-કાંકરાઓને બધાને તે ઊંચકીને લઈ ગઈ. જો તે બાઈ વધારે કડક અને ઓછી માયાળુ હોત, તો તેણે તેની સાથે જવાની બાળકની આનાકાનીને તેના બળવાખોર આત્માની સહજ હઠીલાઈનું પરિણામ માન્યું હોત અને શુભ નિષ્ઠાની ભૂલની સામા પડેલાં તેનાં આંસુને તેનાં કઠણ હૃદયની સાહજિક કૃતજ્ઞતા ગણી હોત.

માણસ બાળકને કેમ સમજી શકતો નથી ? કારણ સ્પષ્ટ છે. સિદ્ધાંત અને શુભ નિષ્ઠાથી, તે આગ્રહપૂર્વક બાળક ઉપર પોતાનો દાબ બેસાડે છે અને પરિણામે બાળકના ખરા સ્વભાવનો વિકાસ થતો અટકાવવા તે સઘળા પ્રયત્નો કરે છે. માણસ બાળક ઉપર દાબ બેસાડે છે એમ કહેવામાં મારો હેતુ એ છે કે તે બાળક તરફ મતાગ્રહી જોહુકમની વૃત્તિ ધારણ કરે છે અને આ જોહુકમને નિષ્ક્રિય, યાંત્રિક આજ્ઞાંકિતપણાની વૃત્તિથી બાળક વશ થાય એમ તે ઇચ્છે છે. આવી મતાગ્રહી જોહુકમી વૃત્તિને ધારણ કરવામાં માણસ, કેળવણીના પોતાના ભ્રમમૂલક તત્ત્વજ્ઞાનને અનુસરે છે એટલું જ નહિ, પણ તે હજારો વર્ષથી ચાલતી આવેલી રૂઢિને વશ વર્તે છે. આ રૂઢિએ કેળવણી ઉપર અસરો કરી છે એમ નથી પણ માનવજીવનના ઘણાખરા વિભાગ ઉપર તેણે પોતાની અસર પાડી છે. આ રૂઢિ શું છે તે આપણે તેની સત્તામાંથી મુક્ત થવાના આજના આપણા પ્રયત્નોમાં જોઈ રહ્યા છીએ.

આ સમગ્ર સુધરેલી દુનિયા ઉપર ચોપાસ ફરી વળતાં અને સામાજિક અંધાધૂંધીના પ્રચંડ કીચડ નીચે તેની સંસ્કૃતિને દાટી નાંખવાની ભયંકરી તૈયારી કરતાં, અસંતોષ અને ધમાલના વિધ્વંસક મોજાંઓ, મને તો એક પ્રચંડ અને દૂરસ્પર્શી વિપ્લવના સૂચકચિહ્ન તરીકે જણાય છે. પ્રાચીન વ્યવસ્થા ધીમેધીમે અદૃશ્ય થતી જાય છે. પ્રાચીન વ્યવસ્થા એટલે મતાગ્રહનું સામ્રાજ્ય; અમુક વ્યક્તિનું યાંત્રિક આજ્ઞાંકિતપણું. આવા સામ્રાજ્યને પોતાનું કામ કરવાનું હતું અને તે તેણે કર્યું છે અને, ખરેખર હજુ ઘણા સમય સુધી કરશે. એણે પણ અમુક રીતે એક પ્રકારની વ્યવસ્થા જાળવી છે. અને એ રીતે સામાજિક જીવનને વિકાસની તક આપી છે. પણ આ સેવાની કિંમત ભારે આપવી પડે છે. કારણ કે દરેક સ્થલે અને દરેક સમયે મતાગ્રહ જીવનને ચેતનહીન બનાવી મૂકે છે.

મતાગ્રહી બીજાને કહે છે કે, 'આ વસ્તુ મને સારી લાગે છે; તેથી તમને પણ તે સારી લાગવી જોઈએ; એટલે તમારે તે પ્રમાણે વર્તવું જોઈએ. આ વસ્તુ મને સત્ય લાગે છે તેથી તમને પણ તે સત્ય લાગવી જોઈએ, એટલે તમારે તે માનવી જોઈએ. આ વસ્તુ મને સુંદર લાગે છે તેથી તે તમને પણ સુંદર લાગવી જોઈએ, એટલે તમારે તે વખાણવી જોઈએ. આ વસ્તુ મને પસંદ પડે છે, તેથી તમને પણ તે પસંદ પડવી જોઈએ, એટલે



તમારે પણ તેની પાછળ દોડવું જોઈએ. આ વસ્તુ મને શ્રેયસ્કર લાગે છે તેથી તમને પણ તે શ્રેયસ્કર લાગવી જોઈએ, એટલે તમારે તે કરવી જોઈએ. ટૂંકમાં કહીએ તો મતાગ્રહીવૃત્તિ આ પ્રમાણે મૂકી શકાય : 'મારું કામ કાયદા ઘડવાનું છે, ફરમાનો અને હુકમો કાઢવાનું છે, તમારું કામ આ હુકમોને માથે ચઢાવી અમલ કરવાનું છે.'

મતાગ્રહી દબાણ કેટલીકવાર વ્યક્તિનું, કેટલીકવાર મંડળનું, કેટલીકવાર અમુક જાતિનું, કેલીકવાર સમાજિક વર્ગનું અને કેટલીકવાર ટોળાનું હોય છે. નિયમ એ છે કે સામાન્ય રીતે થોડા જોહુકમી ચલાવે છે અને વધારે તેને તાબે થાય છે; પણ આમ હમેશાં બનતું નથી. ધર્મ-મંડળ, ધંધાદારીઓનું મંડળ કે વેપારીમંડળ જેવી સંસ્થાઓને પોતાના સભાસદો ઉપર મતાગ્રહનું સખત દબાણ ચલાવવાની જરૂર જણાય છે. અને એવો પણ સમય આવે છે કે વ્યક્તિને પોતાના સાથીઓની મોટી બહુમતીના મતાગ્રહની, જાહેર અભિપ્રાયની, ચાલતી આવેલી રૂઢિની કે તે સમયના રીતરિવાજની સામે થવું પડે છે. સ્વમતાગ્રહી, પોતાના દબાણને વશ થનાર પર ત્રણ પ્રકારની અસર નીપજાવે છે.

(૧) દબાણને વશ થનારના આદર્શ અને ઇચ્છાઓને જડ સ્વરૂપ આપી તેના જીવનને ધર્મશૂન્ય અને નિસ્તેજ બનાવી મૂકે છે.

(૨) તેની ઉચ્ચ શક્તિઓને ક્રિયાશૂન્ય બનાવી, તેના વિકાસનો અવરોધ કરી, તેના જીવનને સંકુચિત બનાવે છે; સંસ્કારહીન કરી અને નજીવા, વિકાસશૂન્ય, ચોતરફ ચકડાઈ ગયેલા સ્વાર્થમાં રચ્યુંપચ્યું કરે છે.

(૩) તેના જીવનને સંયમીને બદલે કવાયતી બનાવી તેની નૈતિક અધોગતિ કરે છે.

ખરી રીતે જોઈએ તો, આ ત્રણ પરિણામોનો એકમાં જ સમાવેશ થઈ શકે. કારણ કે તે બધાંએ વિકાસને અટકાવે છે અને તનમનાટને દબાવે છે અને તે બધાં જીવનકક્ષાને નીચે લાવી તેને સંકુચિત કરે છે.

સ્વમતાગ્રહ માણસના જીવનને જડ સ્વરૂપ આપે છે તે કહેવામાં મારો હેતુ એ છે કે તે જીવનના મુખ્ય કેન્દ્રમાંથી—જીવનના અને વિકસવાના મુખ્ય વ્યાપારમાંથી ખસેડે છે. અને તેને નજીવી બાબતોમાં, બાહ્ય અને સ્થૂલ દૃષ્ટિએ જોઈ શકાય તેવાં કાર્યો કરવામાં, બાહ્ય દેખાવ ધારણ કરવામાં, મેળવવામાં, સંગ્રહ કરવામાં, ઉપયોગ કરવામાં અને વ્યય કરવામાં જોડી દે છે.

આવું પરિણામ શાથી આવે છે તેનું કારણ બહુ દૂર શોધવા જવાની જરૂર નથી. બાહ્ય કાર્ય જ ફક્ત એવું કાર્ય કરે છે કે જેના ઉપર સ્વતાગ્રહી પોતાનો દોર અને દમામ ચલાવી શકે. તેનું કામ, પ્રથમ હુક્મો કરવાનું છે; પછીથી તે પ્રમાણે થાય

છે કે નહિ તે જોવાનું કામ છે. હુકમો કરવા એ ઘણું સહેલું છે. હુકમોનો અમલ થાય છે કે નહિ એ જોવું એટલું સહેલું નથી. પોતાના ભક્ષ ઉપર વિવિધ પ્રકારનું દબાણ ચલાવી, સ્વમતાગ્રહી પોતાના હુકમોનો દેખાવપુરતો અમલ કરાવી શકવા કદાચ સમર્થ થઈ શકે, પણ આથી આગળ જઈ શકતો નથી. તેને આધીન રહેનારના બાહ્ય કાર્યોને નિયમિત કરી કદાચ તેને પોતાના કાબૂમાં લાવી શકે; પણ જોકે પરોક્ષ રીતે તે તેમની આંતરિક હિલચાલ ઉપર અસર પહોંચાડી શકે તોપણ તેને તે નિયમિત કરી શકે ને કાબૂમાં લઈ શકે. એક દૃષ્ટાંત લઈએ : સ્વમતાગ્રહી પોતાના તાબામાં રહેનારાઓને અમુક સિદ્ધાંત માનવાનો હુકમ કરે. એમાં માન્યતા જાહેર કરવાની, અને કબૂલેલી માન્યતાનો વિધિપૂર્વક ઉચ્ચાર કરવાની તેમને ફરજ પાડે પણ તે તેમને તેમાં માનવાની ફરજ પાડી શકે નહિ. પોતે નૌકાખાતાનો કે લશ્કરખાતાનો અમલદાર હોય તો તે તેની હાથ નીચેના નોકરોને પોતાના બધાય હુકમો ઝીણવટથી પાળવાની ફરજ પાડી શકે નહિ. તેના હુકમોનો અમલ કરવા છતાં, તેમના હૃદયમાં તેના માટે દ્રોહ અને તિરસ્કારની લાગણી હોઈ શકે. તાત્પર્ય કે, સ્વમતાગ્રહીને જે સ્થિતિમાં કામ કરવું પડે છે તે સ્થિતિ તપાસતાં તેને આંતરિકને બદલે બાહ્ય દેખાવો તરફ જોયા વિના અને પોતાના પ્રાણવાન હુકમોના જીવંત અમલને બદલે તેના જડ અક્ષરોનો યાંત્રિક અમલ કરાવ્યા સિવાય છૂટકો જ નથી. આજ્ઞાંકિતપણાનો જેમ જેમ તે વધારે આગ્રહ રાખે છે તેમ તેમ તેના હુકમો વધારે ને વધારે નિર્જીવ બનતા જાય છે અને તેની સત્તામાં સપડાયેલાનું આખુંયે જીવનનું દૃષ્ટિબિંદુ બહિર્મુખ બનતું જાય છે. કારણ કે, આજ્ઞાંકિતપણાના માપની કસોટી કાઢવાને માટે તેને બરોબર તોળી અને માપી શકાય તેવા યોગ્ય પરિણામો ઉપર આધાર રાખવો જ પડે; અને તેથી તેણે પોતાનો હુકમો એવી રીતે ઘડવા જોઈએ કે તેના અમલથી ચોક્કસ પરિણામો આવી શકે. અને આ સ્વમત્તાગ્રહી હુકમો અને તેના અક્ષરશઃ અમલના ઝેરી સંબંધની કંઈ હદ જ ન બાંધી શકાય. જેમ જેમ અક્ષરશઃ આજ્ઞાપાલનની માગણી વધતી જાય તેમ તેમ સ્વમતાગ્રહી હુકમની જરૂરિયાત વધતી જ જાય, અને જેમ જેમ સ્વમતાગ્રહી હુકમની જરૂરીયાત વધતી જાય, તેમ તેમ તેના ચોક્કસ સ્વરૂપની જરૂરિયાત પણ વધતી જવાની. અને તેથી અક્ષરશઃ આજ્ઞાપાલનની માગણી પણ વધતી ચાલવાની. પરિણામ એ આવવાનું કે સ્વમતાગ્રહનો ભક્ષ જેમ જેમ બળવાન અને સંપૂર્ણ દબાણથી ઘેરાતો જશે, તેમ તેમ, વિજય માટે, સુકાર્ય માટે, સ્વકલ્યાણ માટે, ઉન્નતિ માટે અને પોતાના સુખને માટે બહારની વસ્તુઓ ઉપર વધારે ને વધારે આધાર રાખતો થતો જશે અને તેનું જીવન દિવસે દિવસે વધારે કૃત્રિમ, યાંત્રિક અને નિસ્તેજ બનતું જશે.

જીવનની બહિર્મુખતા આપણને બધાને સંસારી કીડાઓ બનવા પ્રેરે છે. જેમ



જેમ બાહ્ય પરિણામોની કિંમત વધારે આંકવામાં આવે છે, તેમ તેમ સામાજિક જીવનની છીછરી બાજુનું વ્યવહારનું આકર્ષણબળ ધીમે ધીમે વધતું ચાલે છે. અને એ પરિણામો પણ આંતરિક ક્રિયાઓનાં ખરાં પ્રતિબિંબ ન રહેવાથી નિરર્થક અને નિઃસત્વ બની જાય છે; અને અંતે એવો સમય આવી પહોંચે છે કે ત્યારે વ્યવહાર આપણને સ્વેચ્છાપૂર્વક શરણે આવેલી પ્રજા ગણી, આપણી પૂર્ણ સંમતિથી પોતાનાં ખોટાં ધોરણો અને ખોટા આદર્શોની જાળમાં ફસાવે છે.

વિકાસને ગૂંગળાવી દેવાનો આ એક સ્વમતાગ્રહી દબાણનો માર્ગ છે. માણસની ઉચ્ચશક્તિોને ક્રિયાવિહીન બનાવી આ મતાગ્રહી દબાણ તે ધ્યેયને પહોંચી વળવા એથીયે વધારે ટૂંકો, સ્પષ્ટ અને સચોટ માર્ગ લે છે. આપણી દરેક શક્તિ તાલીમથી વિકાસ પામે છે. આ નિયમને અપવાદ નથી. ચાલવાથી આપણે ચાલતાં શીખીએ છીએ. આપણે અર્ધપાચન થયેલો જ ખોરાક ખાવાની ટેવ પાડીએ તો આપણા પાચન અંગો ક્રિયાશૂન્ય અને નબળાં પડતાં જશે. ગમે તે વેપાર, ધંધો, કારીગરી, કળા કે રમતમાં પ્રવીણતા અને શક્તિનો વિકાસ, તેની તાલીમથી, અભ્યાસથી અને તે તે વસ્તુઓ આપણી જાતથી અને આપણા માટે સતત કરવાથી જ સધાય એ જ પ્રમાણે હંકારવાથી આપણે હંકારતાં, સવારી કરવાથી સવારી કરતાં, ચીતરવાથી ચીતરતાં, નમૂના દોરવાથી નમૂના દોરતાં, ખુરશીઓ અને ટેબલ બનાવવાથી ખુરસીઓ અને ટેબલ બનાવતાં, ફ્રેન્ચ ભાષામાં વાતચીત કરતાં ફ્રેન્ચ ભાષામાં બોલતાં વગેરે વગેરે શીખીએ છીએ. અને જેમ ઊંચા પ્રકારની શક્તિ તેમ તેનો વિકાસ સાધવા આપણી જાતે જ તેની તાલીમ લેવાની વધુ અગત્યતા. જો ગૂંચવાડા ભરેલી ચીજોનો કોયડો આપણે જાતે જ ન ઉકેલીએ તો આપણી તર્કશક્તિનો વિકાસ અટકી પડે. જો આપણે કોઈપણ વસ્તુની કલ્પના જ કરવાનું બંધ કરીએ તો આપણી કલ્પનાશક્તિનો વિકાસ અટકી પડે. જો કાર્યોનો જાતે જ વિચાર કરવાનું છોડી દઈએ તો આપણી બૌદ્ધિકશક્તિનો વિકાસ બંધ જ પડે. જો આપણા આધ્યાત્મિક ધન્વંતરીઓ તરફથી આપણા નૈતિક કોયડાઓ ઉકેલવાની આપણને મના કરવામાં આવે તો આપણી નૈતિક બુદ્ધિનો વિકાસ શી રીતે થવાનો હતો ? જો કળાકોવિદોની જ પસંદગી અને સુંદરતાના વિચારે આપણે ચાલવાનું હોય તો આપણી સૌંદર્યવિષયક બુદ્ધિનો વિકાસ ન જ થાય. જો આપણી સત્ય વિશેની કુદરતી પ્રેરણા, નૈસર્ગિક એકત્વની ભાવનાને ઉદય થયા પહેલાં જ યાંત્રિક પદ્ધતિ કે જોહુકમી ધર્મપન્થથી છૂંદી નાંખવામાં આવે, તો આપણી ધાર્મિક બુદ્ધિનો વિકાસ કોઈ પણ દિવસ થઈ શકે ખરો ?

મતાગ્રહનું ધ્યેય, માણસની સ્વતંત્રતા ઉપર વધારે ને વધારે તરાપ મારવાનું હોય છે. એમ કરીને તે આપણી માનસિક, નૈતિક આધ્યાત્મિક અને સૌંદર્યવિષયક

ઉચ્ચ શક્તિઓને તાલીમ મળતી અટકાવી દે છે. આપણે શું કરવાનું છે એટલું જ ફક્ત વિસ્તારપૂર્વક કહેવામાં મતાગ્રહીનું ધ્યેય સમાઈ જતું નથી; પણ આપણે શું જોવાનું છે, શું વિચારવાનું છે, શું માનવાનું છે, શું પસંદ કરવાનું છે અને શું લક્ષ્ય રાખવાનું છે તે બધુંએ મતાગ્રહી આપણા ઉપર ઠસાવવા માગે છે. આપણી ઉચ્ચ શક્તિઓને તાલીમ લેવાનો કદાચ અવકાશ મળે, તોપણ મતાગ્રહી તે તાલીમને સંપૂર્ણ યાંત્રિક જ બનાવવા પ્રયત્ન કરે છે. દરેક બાબતમાં અને દરેક દિશામાં તે આપણને કેવળ હુકમો જ કરે છે અને ઝીણીઝીણી સૂચનાઓ આપે છે; જેથી આપણને આપણી જાતે તે પ્રશ્નનો ઉકેલ કાઢવાની મહેનત બચે છે. પણ આપણી ઉચ્ચ શક્તિઓને યાંત્રિક રીતે વાપરવામાં ખરેખર તેને આપણે તાલીમ જ આપતા નથી. આપણને કહેવામાં આવ્યું છે. માટે જ આપણે જે કહેવામાં આવે તે માનીએ, તેથી આપણે તે વસ્તુ ખરી રીતે માનતાં જ ન કહેવાઈએ. આપણને જે વિચારવાનું કહેવામાં આવે તે વિચારીએ તેમાં આપણે ખરી રીતે વિચારતા જ નથી. આપણને જે સાબિત કરવાનું કહેવામાં આવે તે આપણે સાબિત કરીએ તેમાં આપણે ખરી રીતે તર્કશક્તિ વાપરી જ નથી. આપણને જે પસંદ કરવાનું કહેવામાં આવે તે પસંદ કરીએ તેમાં ખરી રીતે આપમી પસંદગીની લાગણી જ ઉદ્‌ભવી નથી. આપણી ઉચ્ચ શક્તિઓને ત્યારે જ તાલીમ મળે છે જ્યારે તેને લગતી સર્વ ક્રિયાનું મૂળ પોતામાં હોય છે. જો તે મૂળ પોતામાં ન હોય, જો કોઈ અન્ય વ્યક્તિ તેનો પ્રેરક હોય, તો પછી બહારથી ભલેને માણસ ગમે તેટલો પ્રવૃત્તિમય દેખાતો હોય, છતાં તેથી આપણે તે વસ્તુ ખરી રીતે માનાતા જ ના કહેવાઈએ. છતાં તે પોતાની ઉચ્ચ શક્તિઓને ખરી રીતે તાલીમ આપી જરહ્યો નથી; પણ તે એક યંત્ર તરીકે હલનચલન કરી રહ્યો હોય છે, નહિ કે એક જીવન્ત આત્મા તરીકે.

વિકાસ કુંઠિત થતાં અહંવૃત્તિનો જન્મ થાય છે. વિકાસ કુંઠિત થવામાં ગમે તે કારણ હોય, પણ આ વાત સત્ય છે. તંદુરસ્ત વિકાસની પ્રથમ સ્થિતિમાં તંદુરસ્ત અહંવૃત્તિને અવકાશ રહેલો છે; પણ છેવટે તે અહંવૃત્તિ પોતાની મેળે જ વિલીન થઈ જાય છે. પણ જ્યારે શક્તિને ચીમળાવી વિકાસને કુંઠિત કરવામાં આવે છે ત્યારે તેને પરિણામે જે અહંવૃત્તિ પેદા થાય છે તે રોગિષ્ટ હોય છે અને તે બહુ જ ઝેરી જાતની નીવડે છે. ઉચ્ચ શક્તિઓની તાલીમમાં જ અને તે દ્વારા ખરા વ્યક્તિત્વનો વિકાસ થઈ શકે છે; અને જ્યારે આ શક્તિઓનો ઉપયોગ થતો અટકાવવામાં આવે છે. ત્યારે માણસનો વિકાસ બંધ પડે છે, અને ખરા વ્યક્તિત્વની પ્રગતિનો અંત આવે છે.

'વિકાસ કુંઠિત થવો' એ શબ્દ કદાચ વધારે આકરો હોય. ''વિકાસ'' એટલે કોઈ દિવસ, જીવનપ્રવાહનું બંધ પડવું એમ તો ન જ થઈ શકે. મનુષ્યનો વિકાસ કદી પણ



ખરી રીતે અટકાવી શકાતો જ નથી. પણ અહંવાદના કુંડાળામાં પૂરી રાખવાથી તે અવળો, બેડોળ અને ઠીંગણો બની જાય છે, કારણ કે તેમાં અહંવાદને પોતાની ઘાતક તક અજમાવવાની અનુકૂળતા મળે છે. ફ્રોબેલના ઉદાર તત્ત્વજ્ઞાનનું 'સાચું અહં સાચું મનુષ્યત્વ' સર્વ માણસ માટે સમાન જ છે. જેવી રીતે સાગનું વૃક્ષપણું તે વૃક્ષની દરેક ડાળી અને તંતુઓમાં સંપૂર્ણ છે તે રીતે પણ જ્યારે ઉચ્ચ શક્તિઓ કાર્ય કરતી બંધ પડે છે, ત્યારે વિકાસ સાધતી શક્તિ જે પોતાનું કાર્ય કરવાને હજુ પણ ફાંફા મારી રહી છે તે અંહવાદના પંજામાં સપડાય છે. આ ક્ષણિક અહં પ્રથમ દરેકને જુદા જુદા તરીકે ઓળખે છે અને પછી તે આપણને દરેકને એકબીજાથી છૂટા પાડે છે. આ અહંવાદ પોતાના કડક નિયમો અને બેડોળ દૃષ્ટિબિંદુથી પોતાની હદ નક્કી કરવાનું શરૂ કરે છે. અને હવેથી આજ હદમાં રહીને બની શકે તેટલો વિકાસ સાધવાનો રહે છે.

આજ અહંવૃત્તિ જ મનુષ્ય જીવનને બેડોળ બનાવનાર ઘણાંખરા અનિષ્ટો અને દુઃખનું મૂળ છે. હંમેશાં તે સર્વનાશક ઝેર સમાન છે. અને ઘણીવાર બને છે તેમ જ્યારે તે દુનિયાના વ્યવહાર સાથે જોડાય છે, ત્યારે તેની ઝેરી અસરની ભયંકરતામાં ઘણો જ વધારો થાય છે. તેનાં કાર્યો અને માર્ગોથી આપણે અતિપરિચિત છીએ. પુખ્ત ઉંમરની શરૂઆતમાં માણસ કલ્પે છે તે મુજબ પોતે કેવળ શારીરિક નહિ, પણ માનસિક નૈતિક અને આધ્યાત્મિક શક્તિઓમાં પક્વતા એ પહોંચે છે. આ ખરા સમય પહેલાં પક્વ થયેલા અને તેથી અવિકસિત અને બેડોળ બનેલા સ્વભાવને માણસ પોતાનો ખરો સ્વભાવ ગણે છે અને સ્વાભાવિક પ્રેરણાને અનુસરી, બાકી રહેલા પોતાના દિવસો તે સ્વભાવને દૃઢ અને સત્તાવાન બનાવવામાં ગાળે છે. પણ આંતરિક શક્તિવર્ધન અને વિકાસનો માર્ગ તેને માટે બંધ થયો હોવાથી, તેને સ્પર્ધાનો. મહત્ત્વકાંક્ષાનો, સ્વાર્થનો અને લોભનો બાહ્ય માર્ગ ગ્રહણ કરવો જ પડે છે; અપ્રમાણિકતાનો, ઢોંગનો, સ્વવંચનાનો, ઈર્ષાનો, અદેખાઈનો, તિરસ્કારનો અને સર્વપ્રકારની નીચતાનો માર્ગ સ્વીકારવો પડે છે. પોતાના સ્વભાવની, માનેલી ઇચ્છાઓ પૂરી પાડવા અને તેને વિવિધ પરિણામોથી, સંપત્તિથી અને સંપત્તિથી જે મેળવી શકાય તેનાથી, આનંદથી, પરિગ્રહથી, માનથી, કીર્તિથી, અને તેના જેવી અન્ય વસ્તુઓથી શણગારવા આ માર્ગ ગ્રહણ કરવો જ પડે છે. પોતાના સ્વભાવની જડ પ્રગતિ સાધવા પ્રયત્ન કરવા માટે, તેની બાહ્ય સંપત્તિ સાધવા માટે, અને પોતે જેને દુનિયા કહે છે તેની પ્રશંસા મેળવવા માટે તેને ઉપર જણાવેલા માર્ગનો આશ્રય લીધા વિના છૂટકો જ નથી.

આમ છતાં, આપણે બધા નીચ, સ્વાર્થી માણસને ધિક્કારીએ છીએ અને આપણામાંના ઘણા આપણા ઉપર ચઢી બેઠેલા સ્વાર્થના સામ્રાજ્ય માટે કકળાટ કરીએ છીએ અને તેમાંથી મુક્ત થવા નિસાસા નાંખીએ છીએ. આ આપણા નિસાસા એળે જાય

છે તેનું કારણ એ જ છે કે, આ મહાન વ્યવહારિક ગૂંચવાડાનો ઉકેલ એટલો બધો સ્પષ્ટ છે કે તે આપણે એકદમ જોઈ શકતા નથી. સ્વાર્થમાંથી છૂટવાનો એક જ માર્ગ છે અને તે વિકાસનો. આ વિકાસનો માર્ગ, આપણી દૈવી વૃત્તિઓને ખીલવી, આસુરી વૃત્તિઓને દબાવવી આપણને સ્વાર્થથી પર લઈ જાય છે. જ્યારે મતાગ્રહના જડભારથી આ મુક્તિનો માર્ગ બંધ થાય છે ત્યારે કારાગૃહનાં દ્વારો સ્વાભાવિક રીતે જ ભડોભડ વસાઈ જાય છે અને મન, હૃદય અને આત્માની અહંવૃત્તિમાં આ માર્ગનું પરિવર્તન થાય છે.

નજીવા, સામાન્ય, અવિકસિત અને બધ્ધ સ્વભાવના જેવું કોઈપણ કારાગૃહનું દ્વાર મજબૂત રીતે બંધ થયેલું નહિ જ હોય. દુનિયા આપણને આકર્ષી ન શકે; અને ભલે આપણે તેમાંથી છટકી એકાંતવાસનું, કુદરતનું, ધાર્મિક ભક્તિનું કે કોઈ સત્કાર્યનું શરણ લઈએ, પણ ઘણેભાગે તો દુનિયા ઉપર આવેલો વૈરાગ આપણી નિરાશ થયેલી અહંવૃત્તિનું જ પરિણામ હોય છે. એકાંતવાસમાં, ઉપવનમાં કે મંદિરમાં આપણો અસલનો સ્વભાવ હાજર જ હોય છે અને તે પહેલાંના જેવો જ અસંતોષી અને જુલમી હોય છે. એટલું જ નહિ, પણ હવે તે પડદા પાછળ ઢંકાયેલો હોવાથી વધારે ઝેરી થયેલો હોય છે. કેટલીક વખત આ આસુરી વૃત્તિનું સામ્રાજ્ય ઉંમરના વધવા સાથે નબળું થતું જાય છે; પણ ગમે તેટલી મોટી ઉંમરે પણ આપણે સ્વની પર જઈ શકતા નથી. અરે, એક વાર આ 'સ્વ'ના પંજામાં સપડાયા એટલે પછી જેમ જેમ ઉમર વધતી જાય તેમ તેમ આપણે વધારે ને વધારે સ્વના વર્તુળમાં ઘેરાઈએ છીએ.

વિકાસનો અવરોધ કરી, જીવનને નિઃસત્વ બનાવવું એ મતાગ્રહનું સતત વલણ હોય છે. આ વૃત્તિની બે બાજુ ઉપર મેં વિવેચન કર્યું. ત્રીજી તેટલી જ મહત્ત્વની છે. મતાગ્રહનું ધ્યેય વ્યવસ્થા રાખવાનું છે અને મતાગ્રહી અને મતાગ્રહનો ભોગ થઈ પડેલ વ્યક્તિ - જેઓ બંને કપોલકલ્પિત કલ્પના અને ભ્રમના વાતાવરણમાં રહે છે. - વ્યવસ્થાના સાચા અને અમોઘ મૂળ નિયમને કવાયત સાથે ભેળવી કાઢે તો તેમાં તેમનો દોષ કાઢવા જેવું નથી. પણ વસ્તુતઃ કવાયત અને નિયમન બન્ને એક બીજાથી વિરુધ્ધ છે. શબ્દાર્થ પ્રમાણે નિયમન માણસ પોતે પોતાની જાત ઉપર નાંખે છે. જ્યારે કવાયત જેટલા પ્રમાણમાં તે પદ્ધતિસર અને સફળ નીવડે છે તેટલા પ્રમાણમાં માણસને યંત્રવત્ બનાવે છે અને પોતાના શિથિલ અને નિઃસત્વ સ્વભાવ ઉપર ટેવોના બંધનો સિવાય કોઈપણ પ્રકારનું નિયમન મૂકવા તેને અશક્ત બનાવે છે. ફરજિયાત આજ્ઞાંકિતપણાને જો આપણે નિયમન કહેવા માગતા હોઈએ તો, તેને અને સ્વ સંયમના નિયમનને ઉત્તરદક્ષિણ ધ્રુવ જેટલું છેટું છે. પ્રથમ કોટિનું નિયમન અમુક પ્રકારની ટેવો પાડે અને તે એટલી સંપૂર્ણતાથી પાડે કે આખરે કાર્ય યંત્રવત્ બની જાય અને માણસ, બીજા માણસના શબ્દો અને હુકમોના તારથી થતા હલનચલનવાળું



એક પૂતળું જ બની જાય. જ્યારે વાત આ હદ સુધી આવે છે ત્યારે માણસની પ્રવૃત્તિનું મૂળ, સ્વેચ્છામાંથી પરેચ્છામાં બદલાઈ જાય છે, અને તે સ્વનિયમનની શક્તિ ગુમાવી બેસે છે. ગુલામ અને પાળેલા જાનવરો ઉપર આવા પ્રકારનું નિયમન લાદવામાં આવે છે. બાહ્ય ઇનામ અને શિક્ષાની પદ્ધતિથી આવા નિયમનું પાલન કરાવવામાં આવે છે અને આ નિયમન સ્વતંત્ર પ્રાણીઓને લાગુ પાડવાનો હેતુ મનુષ્યજાતિના આખાય વિભાગને જેવા કે શાળા, લશ્કર, કામદાર સંઘ ધર્મ વિ. ગમે તેને એક ઉપરીની ઇચ્છાને તાબે કરવાનો છે. પછી ભલેને આ ઉપરી એકાદ વ્યક્તિ હોય કે મંડળ હોય.

આવી જાતનું નિયમન મનુષ્યના સમગ્ર જીવનને ભલે અસર ન કરે; પણ જેટલા પ્રમાણમાં તે તેને અસર કરે છે, અને જેટલા પ્રમાણમાં તે બળવાન, સંપૂર્ણ અને સચોટ હોય છે, તેટલા પ્રમાણમાં તે એક મનુષ્યની ઇચ્છાશક્તિને દબાવી બીજા મનુષ્યની ઇચ્છાશક્તિનું સ્થાપન કરી તે માણસની સ્વસંયમની શક્તિને હણે છે. આ સામાન્ય સિદ્ધાંત ઉપરથી બે ઉપસિદ્ધાંતો નીકળે છે. એક તો ફરજિયાત આજ્ઞાંકિતપણાનું નિયમન કેવળ ઇચ્છાશક્તિને જ હાનિ પહોંચાડે છે, એટલું જ નહિ, પણ તેનાથી સઘળી ઉચ્ચશક્તિઓ નિર્બળ બની જાય છે. કારણ કે ઇચ્છાશક્તિ એ મનુષ્યના ઉચ્ચ જીવનને પ્રાણતુલ્ય છે. રાજ્યશાસનાં ઘણાં અંગો હોય છે : વિચાર કરનાર, કાયદા ઘડનાર, અમલ કરનાર, ન્યાય આપનાર વગેરે. ઉચ્ચ કક્ષાએ આ બધા ભિન્ન ભિન્ન વિભાગો નથી, પણ એક સમગ્ર વસ્તુનાં અંગ અગર વિભાગો છે. મનુષ્યશાસનની બાબતમાં પણ તેમ જ છે. જે માણસ કંઈ કર્યા કરવા ઇચ્છે છે તેને બુદ્ધિ, વિચાર, કલ્પના અને અન્ય ઉચ્ચ શક્તિઓને પોતાની મદદે બોલાવવાની જરૂર પડે છે. જેટલા પ્રમાણમાં, તેને તેની ઇચ્છા શક્તિ વાપરતાં રોકવામાં આવે છે, તેટલા પ્રમાણમાં તે ઉચ્ચ શક્તિઓના વપરાશ પણ બંધ પડે છે. પરિણામે જેમ તેની ઇચ્છાશક્તિ નિર્બળ બને છે તેમ તેમ આ ઉચ્ચ શક્તિઓ પણ નિર્બળ બનતી જાય છે. બાળકની ઇચ્છાશક્તિને નિર્મળ કરાવવાનું અભિમાન ધરાવનાર પિતા કે શિક્ષક ને કોઈને કેટલીકવાર નજરે પડે છે. આ ઇચ્છાશક્તિને નિર્મળ કરવાનું અભિમાન ધરાવવું એ બાળકના હૃદયને-આત્માને ભગ્ન કરવાનું અભિમાન ધરાવવા બરાબર છે કારણ કે તેથી બાળકના હૃદયને-આત્માને મૃત્યુજનક કારી ઘા જ વાગે છે.

બીજી વસ્તુ એ છે કે, સ્વસંયમની શક્તિ નિર્બળ થતાં ફરજિયાત આજ્ઞાંકિતપણાનું નિયમન મનુષ્યના જીવનને નૈતિક દૃષ્ટિએ પણ અધમ બનાવે છે. જેમ દુન્યવી વ્યવહાર સાથે જોડાયેલી નીચ અહંવૃત્તિ આપણાં ઘણાંખરાં દુઃખો અને અનિષ્ટોનું મૂળ છે તેમ બાકી રહેલાં સર્વ અનિષ્ટોનું મૂળ અનિદ્રિયિક વૃત્તિઓ છે. અનિદ્રિયિક વૃત્તિઓને હું વિશાળ અર્થમાં વાપરું છું. વિષય લોલુપતા, ક્રોધ, ખાવા-

પીવામાં અમિતપણું, માદક પદાર્થો માટે તૃષ્ણા આ અનિદ્રિયિક વૃત્તિઓને જો કાબુમાં ન રાખવામાં આવે તો તે ઘણી જ સહેલાઈથી મનુષ્યના જીવનને પાયમાલ કરી શકે છે. ઈન્દ્રિયોને કાબુમાં રાખવા માટે પ્રબળ ઇચ્છાશક્તિની જરૂર છે અને ઇચ્છાશક્તિને બળવાન બનાવવા માટે સ્વનિયમનની દીર્ઘ તાલીમ આવશ્યક છે. બહારથી મનુષ્ય ઉપર લદાયેલાં યાંત્રિક નિયમન જોકે ટેવો પાડી શકે છે અને કેટલાક દાખલાઓમાં સારી ટેવો પણ પાડી શકે છે. છતાં આપણે ઉપર જોયું તે પ્રમાણે માણસને સ્વનિયમન માટે અશક્ત બનાવે છે અને તેથી તેના ઉપર હુમલો કરવાની રાહ જોતી વૃત્તિઓનો તે ભોગ બને છે. **વારંવાર એવું બનતું જોવામાં આવે છે કે, જે બાળકને અતિશય કડકાઈથી ઉછેરવામાં આવ્યું હોય છે તે જ્યારે મોટું થઈ સ્વતંત્ર બને છે ત્યારે સ્વચ્છંદીપણામાં અને મૂર્ખાઈમાં જ રચ્યુંપચ્યું રહે છે.** આ પ્રમાણે બનવાનું કારણ કુતૂહલતા છે; જે દબાણને લઈને તેની ઉચ્ચ શક્તિઓનો વિકાસ કુંઠિત થઈ અપ્રત્યક્ષ રીતે તેની અધમ વૃત્તિઓને પોષણ મળ્યું તે પણ કારણ છે; અને તેના શરૂઆતના જીવનની કડકાઈ અને સાંકડાપણા સામે સ્વાભાવિક પ્રત્યાઘાત થવો એ પણ કારણ છે. આ સ્વચ્છંદતાના ખાડામાં પડીને, નફટાઈ અને ભયંકરતાનો તનિક અનુભવ થવા છતાં પણ તે તેમાંથી છૂટવાને અશક્ત બને છે અને વારંવાર તેની ભયંકર ઊંડાણમાં તે નીચે ને નીચે ઊતરતો જાય છે, તેનું કારણ એ છે કે મતાગ્રહથી તેના ઉપર લાદવામાં આવેલા ફરજિયાત આજ્ઞાંકિતપણાના નિયમને તેની ઇચ્છાશક્તિને તદ્દન પાંગળી બનાવી મૂકી હોય છે.

વિકસતા આત્મા માટે, મતાગ્રહ જે ત્રીજું કારાગ્રહ બાંધે છે તે ઘણું જ નીચ અને પાશવી હોય છે. આ કારાગ્રહમાં પૂરાયેલા આત્મા માટે કહી શકાય કે તેણે વિકાસ કરવાનું કાર્ય જ છોડી દીધું છે. **દુન્યવી આદર્શોની** હદમાં અસંખ્ય પ્રવૃત્તિઓ અને ઉપરથી જણાતી વિશાળ પ્રગતિને અવકાશ હોય છે. અહંવૃત્તિના ભયંકર જોહુકમીપણાનું કારણ એ છે કે જ્યારે વિકાસની વૃત્તિનો મતાગ્રહના દબાણથી અવરોધ થાય છે ત્યારે તેની પાછી પડેલી શક્તિ અહંવૃત્તિની વૃદ્ધિ અને સત્તાના ચીલામાં ઠેલાય છે. પણ જ્યારે પાશવી વૃત્તિ માનવી જીવનના ઊછળતા રસને ચૂસવાનો ઇજારો લે છે ત્યારે માણસને મહત્ત્વકાંક્ષા પણ આકર્ષી શકતી નથી અને તે હતાશ થઈને વિષયરૂપી કીચડમાં ખૂંચી જવામાં સંતોષ માને છે.

અદુન્યવી અને ઘણી રીતે દયાળુ અને નિઃસ્વાર્થી પણ ભયંકર ટેવોની અક્કડ બેડીમાંથી છૂટા થવાને અશક્ત માણસોનાં દૃષ્ટાંત ઘણી વાર આપણી નજરે પડે છે. આ બતાવે છે કે વ્યવસ્થાના નામે સ્વ-સંયમના નિયમનને બદલે યાંત્રિક નિયમન દાખલ કરતાં મતાગ્રહના દબાણની અસર જેવી કોઈ પણ અસર આટલીબધી નૈતિક



અધમતા લાવનારી કે સ્વાભાવિક સારાપણાનો અને શક્તિનો ધ્વંસ કરનારી જણાઈ નથી. (અપૂર્ણ)

'કેળવણી'ના અંકો **બા.**

## ઉદ્યોગની કેળવણી

'કેળવણી'નું નામ સાંભળતાં જ આપણને તરત શાનું સ્મરણ થાય છે ? જે જગ્યાએ અક્ષરજ્ઞાન આપવામાં આવતું હોય; જ્યાં બાળકો અને શિક્ષકો રાતદિવસ પુસ્તકો વાંચવામાં કે લખવામાં ગૂંથાએલાં હોય; જ્યાં ગણિત–લેખાંના હિસાબો ગણાતા હોય; જ્યાં શિક્ષકોનો દોર વિદ્યાર્થીઓ ઉપર વર્તી રહ્યો હોય અને જ્યાં વાગવર્ધિની સભાઓ વગેરે પ્રવૃત્તિઓ ચાલી રહી હોય વગેરે વગેરે આપણી દૃષ્ટિ આગળ ખડાં થાય છે. અત્યારે આપણે જે જે કેળવણીની સંસ્થાઓ જોઈએ છીએ તેમાં આવું જ દૃશ્ય નજરે પડે છે. કોઈમાં અગડંબગડં રીતે આ બધું ચાલતું હશે, તો કોઈમાં આ બધું વ્યવસ્થિત રીતે અને નિયમસર ચાલતું હશે. છતાં બધાની દૃષ્ટિ તો એક જ લક્ષ્યને અનુસરીને છે.

સામાન્ય જનસમૂહ તો એમ જ સમજે છે કે અક્ષરજ્ઞાનની કેળવણી લેવાને મહેનત કરવાની જરૂર છે. જ્યારે ઉદ્યોગની કેળવણી તો એની મેળે જ આવડે. એ તો એમ જ માને છે કે ''ઉદ્યોગ કરીને પેટ ભરવું હોય તો ભણવાની શી જરૂર છે ? **ખુરસીમાં બેઠા બેઠા કે શરીરે પરસેવો વાળ્યા વિના કમાઈ શકવાની શક્તિ આવે એનું નામ કેળવણી.''**

આવા વિચારો એ ભ્રમ છે. એવી કેળવણી એ કેળવણી નથી પણ અપંગતા છે. જે મનુષ્યમાં કોઈ પણ પ્રામાણિક રીતે પોતાનું ગુજરાન ચલાવવાની શ્રદ્ધા નથી ઉત્પન્ન થઈ એને કેળવણી જ મળી નથી એમ કહી શકાય. હાથ પગ ચલાવ્યા સિવાય જે વિદ્યાર્થીઓ અત્યારની કેળવણી મેળવવા પાછળ જીવનનાં કીમતી વર્ષો ગુમાવે એમનામાં હાથપગ ચલાવી રોટલો કમાઈ ખાવાની શ્રદ્ધા જ ક્યાંથી ઉત્પન્ન થાય ? નાનપણમાં વિદ્યાર્થીઓને જેવા વાતાવરણમાં રાખવામાં આવે તેવા વાતાવરણ વિનાના જનસમૂહમાં તેને જીવવું કેટલું મુશ્કેલ લાગે ?

સૃષ્ટિ કર્મમાંથી ઉત્પન્ન થઈ છે અને કર્મથી ચાલે છે. જીવન એ અનેક કર્મનો સમુદાય છે. કર્મની આસપાસ સર્વ પ્રવૃત્તિઓ વીંટાયેલી છે. વિચાર કામને માટે છે.આવા મહત્ત્વનો વિષય જે - કર્મ - છે તેને આપણી કેળવણીમાં સ્થાન નથી. સર્વ પ્રવૃત્તિઓના રાજા - કર્મ-ઉદ્યમને છોડી તેના અનુચરોની મહેરબાની માગવાના પ્રયત્નો આજની કેળવણી કરી રહી છે.

ઉદ્યોગની કેળવણી એક જરૂરી વસ્તુ છે. અનેક રીતે તપાસતાં ઉદ્યોગની કેળવણી હિતકર અને ઉપયોગી જણાય છે. આ કેળવણની ઘોડિયામાં હીંચતા બાળકથી માંડી વૃદ્ધ પુરુષને જરૂર છે.

બાળકના સામાન્ય જીવન તરફ દૃષ્ટિ કરો. આખો દિવસ તે શું કરી રહ્યું હોય છે ? કોઈ પણ કામની અંદર તમે એને વળગેલું જોશો જ. જો તેની આગળ સારાં કામોની વ્યવસ્થા નહિ મૂકવામાં આવી હોય; જો તેને કામની અનુકૂળતા આપવામાં ન આવી હોય તો તે પોતાના વેગનો જુદો જ ઉપયોગ કરતું જણાશે. કંઈક ઢોળશે; કંઈક ફોડશે; કંઈક ભાંગશે અને કંઈ કંઈ જાતની મારામારી અને તોફાન કર્યા જ કરશે. આ ઉપરથી જણાય છે કે બાળક કામ માગે છે અને કામ દ્વારા જ એ પોતાની વિવિધ શક્તિઓને ખીલવવા મથી રહ્યું હોય છે. આપણે બાળકોની વૃત્તિઓથી અજાણ છીએ. એમ જ માની લઈએ છીએ કે બાળક મૂળથી જ તોફાની હોય છે. તેને દાબમાં નહિ રાખીએ તો વંઠી જશે વગેરે વગેરે. પણ આ માન્યતામાં કેટલી બધી ભૂલ રહેલી છે ? એ જ્યારે ઊંડા ઊતરી વિચાર કરીએ છીએ ત્યારે જ સમજી શકીએ છીએ.

જો આપણે બાળકોની વિવિધ શક્તિઓને વિકસાવવા માગતા હોઈએ તો આપણે તેના કામની ચળને અનુકૂળતા અને સંતોષ આપે જ છૂટકો અને તેને માટે કામની-ઉદ્યોગની-વ્યવસ્થા કરે જ છૂટકો.

જે ઉદ્યમની નાના બાળકોને જરૂર છે તેની, પ્રાથમિક, માધ્યમિક કે ઉચ્ચ કેળવણી લેતાં બાળકોને પણ જરૂર છે. આજની આપણી શાળાકોલેજોમાં ક્યાંયે ઉદ્યમને સ્થાન જણાય છે ? બાળકોની કર્મેન્દ્રિયોને કેળવવાના ક્યાંયે પ્રયત્નો થયા છે ? અને આ ઉદ્યમની કેળવણી વિના જ આપણાં બાળકો શ્રદ્ધાવિહોણાં, નમાલાં, હાજી હા કરનાર અને સ્વચ્છંદી બની બેઠાં છે. જેમ અક્ષરની કેળવણીની પાછળ સરકાર અને પ્રજા લાખોના ખર્ચ કરી રહી છે તેમ ઉદ્યોગહુન્નરની કેળવણી પાછળ ખર્ચ કરવા તત્પરતા બતાવે છે ? ઘણાની, ઉદ્યોગની કેળવણીમાંથી, ઉદ્યોગોના ખર્ચને પહોંચી વળાય તેટલું ઉત્પન્ન લેવાની દૃષ્ટિ હોય છે. તેનું કારણ એ જ છે કે તેમને ઉદ્યોગની કર્મેન્દ્રિયોની - કેળવણીની કિંમત સમજાઈ નથી. નહિ તો જેઓ અક્ષરજ્ઞાનની કેળવણી પાછળ ખર્ચ કરવા પાછું વાળીને જોતા નથી તેઓ ઉદ્યોગની કેળવણી પાછળ ખર્ચ કરવા આટલા મંદ જ કેમ હોય ?

આ તો ઉદ્યોગની કેળવણીને આપણે એક જ દૃષ્ટિથી જોઈ. કર્મેન્દ્રિયોનો વિકાસ ઉદ્યોગની કેળવણી વિના અશક્ય છે એ આપણે જોયું, અને જ્યાં સુધી બાળક અપંગ રહે છે એ પણ એટલું જ ખરું છે.

કામ અને વિચારને ગાઢ સંબંધ છે. માણસ કામમાં રચ્યોપચ્યો રહેતો તોય



તે સંબંધી જે કંઈ વિચારો રજૂ કરે છે તે અસર વધારે પડે છે. કારણ કે તેના વિચાર પાછળ કામ-ઉદ્યોગનું બળ છે. તે જ વિચાર વધારે ચેપી હોય છે કે જેની પાછળ અનુભવબળ અને ઉદ્યોગની તપશ્ચર્યા રહેલી હોય છે.

'વળી કામ કામને શીખવે છે.' ઘણી વસ્તુ આપણે કામ કર્યાથી જ શીખીએ છીએ. એ આ જીવનમાં વિચાર કરતાં કામનો ફાળો વધે છે. વિચારો કામમાંથી ઉદ્ભવે છે, કામને વ્યવસ્થિત અને સુંદર બનાવે છે.

આ ઉપરાંત ઉદ્યોગની કેળવણીની, બીજી દૃષ્ટિએ પણ જરૂર છે. જે પ્રજા ઉદ્યોગ ઉપર રહી શકે છે તે પ્રજા સ્વતંત્ર અને સુખી થઈ શકે છે. એટલે દરેક માણસે પોતાના સમયનો અમુક ભાગ ઉદ્યમી જીવનમાં ગાળવો જ જોઈએ. શાળાઓની અંદર બાળકોને એવી પદ્ધતિ અને કેળવણી મળવી જોઈએ કે પોતાના સાથે એકાદ ઉદ્યોગ શીખવવાની તેને અનુકૂળતા મળે. એકાદ ઉદ્યોગ જાણતાં બાળશ્રદ્ધાનો સંચાર થાય છે. અને શ્રદ્ધા એક મોટી વસ્તુ છે. જે વિદ્યાર્થી નાની બાબતોમાંથી શ્રદ્ધાના પાઠ શીખે જાય, તે વિદ્યાર્થી મોટાપણે અતિમહત્ત્વનાં કાર્ય જરૂર કરી શકે છે. ઉદ્યોગ જાણનાર વિદ્યાર્થી આશાવાદી બને છે. તેના દરેક કાર્યમાં તે આશા ધરાવતો થાય છે. આશા સાથે ઉત્સાહ ઉમેરાય છે અને આખાયે જીવનમાં આશા અને ઉત્સાહનો તનમનાટ વ્યાપી જાય છે. ઉદ્યોગ જાણનાર વિદ્યાર્થી પ્રમાદને તિરસ્કારે છે. કંઈ ને કંઈ કાર્યમાં મંડ્યા રહેવાનું તેને પ્રિય થઈ પડે છે. આળસમાંથી ઉત્પન્ન થતા અનેક દુર્ગુણો તેની પાસે આવી શકતા નથી. હરહંમેશ તે આનંદ અને ઉલ્લાસમાં જ મગ્ન જણાય છે.

ઉદ્યોગનો અભાવ એ અત્યારની આપણી કેળવણીની અપૂર્ણતા છે. આ ઉદ્યોગના અભાવે વિદ્યાર્થીની અનેક શક્તિઓને આપણે વેડફી મારીએ છીએ. તેનું જીવન ચેતનહીન અને કંગાલ બનાવી મૂકીએ છીએ. હવે ક્યારે ચેતીશું ? ક્યારે ઉદ્યમને આપણી કેળવણીમાં યોગ્ય સ્થાન આપીશું ?

'કેળવણી' અંક-૧ ૧૯૨૬, બાપુભાઈ ગામી

## કેળવણી અને નાટ્યપ્રયોગ

નાટ્યપ્રયોગ એ કેળવણીનું એક અંગ છે એ વાત આપણે સમાજને અત્યારની સમજવી મુશ્કેલ છે. કારણ પણ સ્પષ્ટ. આપણી ઘણીખરી કળાઓ અત્યારે એવા મનુષ્ય પાસે પહોંચેલી જણાય છે કે જેના કુમાર્ગી અશુદ્ધ જીવનની છાપ કળા ઉપર પણ પડી ગઈ છે. શિષ્ટ સમાજે કળા તરફ બેદરકારી રાખ્યાનું એ ફળ છે. કળાની અવગણના કરી શિષ્ટ સમાજે જીવનના એક પોષક અને ચેતનાતત્ત્વનો નાશ કર્યો

છે. પટરાણી થવાને સર્જેલી કળા અત્યારે અવમાનીત દાસીનું હીનપદ ભોગવી રહી છે, જ્યાં ત્યાં હડધૂત થઈ રહી છે. શુદ્ધ સુમાર્ગને અભાવે ભ્રષ્ટ અને અશુદ્ધ માર્ગનો આશ્રય તેને લેવો પડ્યો છે.

સંગીત, ચિત્ર, શિલ્પકામ વગેરે અન્ય કળાની જનસમૂહમાં જેવી દશા છે તેવી જ દશા અત્યારની રંગભૂમિ ભોગવી રહી છે. જોકે ધીમે ધીમે તેમાં સુધારો થતો જાય છે, છતાં નાટકની એકંદર છાપ શિષ્ટ વર્ગમાં સારી ગણાતી નથી. અને છે પણ તેવું જ. અત્યારના આપણા નાટકોમાંથી સમાજ સારા કરતાં ખરાબ વધારે લઈ જાય છે. રંગભૂમિ ઉપર ભજવાતાં નાટકોમાં સારાપણાનું તત્ત્વ ઘણું જ ઓછું હોય છે અને તે પણ આજુબાજુના રંગબેરંગી, ઉશ્કરાયેલા, ઉત્તેજક વાતાવરણમાં ઘેરાઈ ગયેલું હોય છે. એટલે તેની અસર નહિ જેવી જ થાય છે. ભભકદાર સીનસીનેરી, આંખને આંજી નાંખે તેવી રોશની, આછકલા પહેરવેશ અને વિકારી પ્રેમપ્રસંગોની મસ્તીમાં નાટકોની વસ્તુમાં રહેલી ગંભીરતા, ચેતનતા, નૂતન પ્રેરણાઓ જેવી શુદ્ધ ઉચ્ચગામી ભાવનાઓ ક્યાંએ ડૂબી જાય છે. પાત્રોના ભાષણો પાછળ રહેલા વિચારો અને ભાવનાઓનો પ્રેક્ષકવર્ગને તેના કાર્ય કારણનું ક્રમશઃ પ્રગટીકરણ વગેરે શીખવા જેવા અનુભવનો ભાગ્યે જ કોઈ વિચાર કરે છે. આ પ્રમાણે નાટક જે કેળવણીનું પ્રબળ અંગ બનવું જોઈએ તેને બદલે મનુષ્યની નબળી ભાવનાઓને ઉત્તેજન આપવાનું કાર્ય કરી રહેલું દેખાય છે.

આવી અધોગતિએ પહોંચેલી નાટ્યકળાને સુધારવાનો એક જ ઉપાય છે. શિષ્ટ સમાજે, અત્યાર સુધી તરછોડેલી આ કળાને અપનાવ્યા સિવાય છૂટકો નથી. જ્યાં સુધી શિષ્ટ સમાજ નાટકથી દૂર ભાગશે, તે ખરાબ છે એમ કહી તેના સંગમાં આવતા ડરશે, ત્યાં સુધી આ કળાનો ઉદ્ધાર થવો અશક્ય છે. રંગભૂમિને કેળવણી જેટલી જ પવિત્ર માની તેમાં યોગ્ય સુધારાવધારા કરવાનો રસ જ્યાં સુધી કેળવાયેલો ગણાતો સમાજ નહિ લે, ત્યાં સુધી નાટક ઉચ્ચ પદવીએ પહોંચવાનું નથી. જ્યાં સુધી નાટકના હલકા ગણાતા ધંધામાં પડી તેમાં રહેલા દોષો અને અશુદ્ધ વિચારોને વીણી વીણીને કાઢી નાંખવાનો પ્રયત્ન સુધરેલો સમાજ નહીં કરે, ત્યાં સુધી નાટકની આ અધમ સ્થિતિ કાયમ જ રહેવાની. હલકું અને ભ્રષ્ટ ગણાતું નાટક ત્યારે જ ઉચ્ચ અને શુદ્ધ સ્થાન મેળવશે, જ્યારે પવિત્ર, ઉચ્ચ રસભોગી લોકો તે ધંધામાં પડવામાં આનંદ લેશે. ગમે તે પ્રકારે લોકોની નબળી વૃત્તિઓને પોષી, કમાવાની દૃષ્ટિથી નહિ, પણ જનસમાજની ઉચ્ચ ભાવનાઓને પોષી, કેળવી તેને ઊંચે લઈ જવાની દૃષ્ટિથી નાટકની સંસ્થાઓ ઊભી થશે ત્યારે જ રંગભૂમિ ખોવાયેલી પ્રતિષ્ઠા, માન અને આદર પાછાં મેળવશે.



ખરી રીતે આ શુદ્ધ સ્વરૂપનું નાટક એ લોકશિક્ષણનું પ્રબળ અંગ છે. પૃથ્વી પરના દરેક દેશમાં પ્રાચીન કાળથી કોઈ ને કોઈ સ્વરૂપમાં આ નાટ્યકળાની પ્રણાલિકા ચાલતી આવી છે. આર્યાવર્તના પ્રાચીન સમય ઉપર દૃષ્ટિ નાંખતાં આપણને જણાય છે કે આ નાટ્યકળાનો લોકશિક્ષણમાં ઉપયોગ કરવાનો સંગીન લાભ આપણા પૂર્વજોએ લીધેલો છે. નાની નાની મંડળીઓએ રામાયણ અને મહાભારતના પ્રસંગોમાંથી વિવિધ વસ્તુઓ લઈ તેને જનસમૂહ આગળ ભજવી બતાવવાના વ્યવસ્થિત પ્રયત્નો કર્યા છે.

નાટકમાં માણસને આટલો બધો રસ કેમ પડે છે ? કારણ ખુલ્લું છે. આ સંસાર એ એક નાટક છે. મનુષ્ય સંસારમાં અનેક પ્રકારની ભાવનાઓ, બનાવો, સુખદુઃખની પરંપરાઓ અને ચડતીપડતીના ચિત્ર વિચિત્ર અનુભવો લઈ રહ્યો છે. આ બધુંએ નાના સ્વરૂપમાં જોવાનું સ્થળ નાટક છે. નાટકમાં તે પોતાની આસપાસ ચાલતા વ્યવહારોને વ્યવસ્થિત સ્વરૂપમાં નિહાળે છે. જે વસ્તુના આછા આછા સંસ્કાર દરરોજ તેના મગજ અને હૃદય પર પડતા હોય છે તેને ઘાટા અને મૂર્ત સ્વરૂપમાં જોવાથી તેને આનંદ થાય છે. વળી સંસારમાં તો તે પોતાના વ્યવહારમાં ગૂંથાયેલો રહેવાથી તેની આજુબાજુ ચાલતા પ્રસંગોમાં એકાગ્રચિત્તે રસ લેવાની તેને નવરાશ નથી હોતી. નાટકના દૃશ્યમાં તે પોતે દૂર રહી સર્વ વ્યવહાર પ્રત્યક્ષ જોઈ શકે છે. તેના ઉપર વિચાર કરી શકે છે. રડતાની સાથે રડી શકે છે, હસતાની સાથે હસી શકે છે અને એ રીતે પોતાની વિવિધ લાગણી અને ભાવનાને તાલીમ આપી શકે છે.

માણસનું મન જ્યારે રસપૂર્વક એકાંત થાય છે ત્યારે તેના ઉપર ધાર્યા સંસ્કાર પડી શકે છે. રસ વિનાની એકાગ્રતા એ ખરેખર એકાગ્રતા નથી. એ ફળહીણ છે. ખરું મન રસ સાથે જ રહે છે. જે વસ્તુમાં મને રસ નહીં હોય તેના ઉપર હું એકાગ્ર થવાનો ગમે તેટલો પ્રયત્ન કરીશ તોપણ તે વસ્તુને હું સમજી નહી શકું. મારા હૃદયમાં ઉતારી શકું, તેને પોતાની બનાવી નહિ શકું.

નાટક એ માણસની રસવૃત્તિ કેળવવાની વિવિધ વિષયોમાં તેને રસ લેતો કરે છે. એ રસની સાથે સુસંસ્કારની છાપ તેના ઉપર સહેલી થઈ પડે છે.

અમેરિકી શાળાઓમાં ઇતિહાસનો વિષય સિનેમા દ્વારા શીખવવાનો પ્રબંધ થઈ રહ્યો છે. આખોયે ઇતિહાસ સિનેમામાં ઉતારી તે વિદ્યાર્થી સમક્ષ ખડો કરવામાં આવે છે. વિદ્યાર્થીના મગજ અને હૃદયમાં આ પ્રમાણે ખડો કરેલો ઇતિહાસ, વગર મહેનતે કોતરાઇ જાય છે અને એ રીતે વિદ્યાર્થીની કેટલીયે શક્તિનો નિરર્થક વ્યય બચે છે. આમાં પણ એ જ તત્ત્વ રહેલું છે. 'રસપૂર્વક અનુભવેલી વસ્તુ એકદમ પોતાની જ બની જાય છે.' માણસને જેમ નાટક જોવામાં રસ પડે છે

તેમ ભજવવામાં એથીયે વધારે રસ પડે છે. કારણ કે, આ સંસાર, નાટકનું પોતે એક પાત્ર છે. અનેક પ્રકારના ખેલ આ દુનિયામાં તે કરી રહ્યો છે એટલે નાટકમાં તેવા જ ખેલોનું પુનરાવર્તન કરવું તેને ગમે છે.

જે વસ્તુ માણસને લાગુ પડે છે તે વસ્તુ બાળકને પણ લાગુ પડે છે. આપણા બધાયનો અનુભવ છે કે બાળકને જોવાનું બહુ ગમે છે. નાટક, સિનેમા વગેરેમાં બાળક કલાકોના કલાકો તલ્લીન રહી શકે છે તેની કિંમત કેળવણીની દૃષ્ટિએ ઘણી છે. કલાકો સુધી નીતિવિષયક ભાષણો સાંભળવા કરતાં, માટીના ગોળા કે રેતીનાં ઘર બનાવવામાં તલ્લીન થયેલું બાળક પોતાની વિવિધ શક્તિઓનો વિકાસ ઝપાટાબંધ સાધે છે. વ્યાકરણ અને સંસ્કૃતનાં રૂપો પાછળ માંથાફોડ કરતા શિક્ષકના વિસ્તૃત વિવેચનો એકચિત્તે સાંભળવાનો ડોળ કરવા કરતાં હુતુતુ, લાઠી, ક્રિકેટ, ફૂટબોલની રમતમાં એકચિત્તે પરોવાઈ ગયેલા વિદ્યાર્થીઓ જીવનસંગ્રામમાં ઉપયોગી થઈ પડે છે તેવી વિવિધ શક્તિની તાલીમ લઈ રહ્યા હોય છે.

બાળકોને નાટક જોવું અને ભજવવું કેમ ગમે છે ? ભવિષ્યમાં બાળકોને આ સંસારનાટકમાં અનેક ખેલ કરવાના છે. તેને માટે જોઈતી સામગ્રી મેળવવા બાળક તલસે છે. ઉપરાંત, બાળકમાં રહેલી અનેક વૃત્તિ અને ભાવનાને પોષણ આપવાનું સામર્થ્ય નાટકમાં રહેલું છે. રાજાનું ઉચ્ચાભિમાન અને ડહાપણ, પ્રધાનની કાર્યદક્ષતા અને દૂરંદેશીપણું, સેનાધિપતિની ચપળતા એને વીરતા, સેવકની નમ્રતા અને આજ્ઞાંકિતપણું, પ્રભુભક્તની ભક્તિ અને તન્મયતા, ગુરુની વિદ્વતા અને વાચાળતા વિદૂષકની ગમ્મત અને હાસ્ય એ બધુંયે બાળકમાં બીજઅંકુરે રહેલું હોય છે. આ ગુણો અને ભાવનાઓને બહાર લાવવાની તક નાટકમાં જ મળી શકે છે. તે દ્વારા જ તે પોષણ પામી સશક્ત બની શકે છે. વળી, દરેક મનુષ્યમાં બહાર પડવાની નિરભિમાની વૃત્તિ રહેલી છે. સંસારમાં આવી વૃત્તિને જરૂર પણ છે. દરેક પ્રાણી* અંધકારમાંથી પ્રકાશમાં આવવા તરફડિયાં મારી રહ્યું છે. કારણ અંધકાર એ દુઃખ છે, પ્રકાશ એ સુખ છે. આ વૃત્તિ સાથે કેટલાક દોષો પણ જોડાયેલા છે. એ દોષોથી સાવધ રહી, બાળકમાં રહેલી આ વૃત્તિને પોષવાની જરૂર છે. પોતાનો મત, પોતાના વિચારો બીજા આગળ નમ્રતાપૂર્વક પણ દૃઢતાથી મૂકવાની તાલીમ આવશ્યક છે. નાટકનાં પાત્રો દ્વારા બાળક પોતાની આ બહાર પડવાની વૃત્તિને (Pushing nature) કેળવી રહ્યો છે. ખરો દેખાવ કરવાની શક્તિ (Demonstrative power)ને ખીલવી રહ્યો છે. દેખાવથી દુનિયા દોરાય છે, પછી તે દેખાવ સાચો હોય કે ખોટો હોય. કેળવણીકારોએ આ બાબતમાં એટલી સાવધાનતા રાખવાની છે કે દેખાવની પાછળ સાચાપણું અને સંગીનતા હોવી જોઈએ. એ હોય તો પછી



દેખાવથી કંઈ હાનિ નથી. ઊલટું તે પ્રેક્ષક અને પ્રેક્ષ્યમાં નૂતન પ્રેરણાનો સંચાર કરે છે. જડ બનેલાં કાર્યોમાં નવીનતા અને ચેતનાનો* મંત્ર મૂકે છે.

આ ઉપરાંત નાટક દ્વારા વિદ્યાર્થીઓમાં એક અતિ આવશ્યક રસનો સંચાર થાય છે. તે રસ તે આનંદરસ છે. વિદ્યાર્થીઓનો, બાળકોનો આનંદ નિર્દોષ હોય છે. કહ્યું છે કે, સૃષ્ટિ આનંદમાંથી ઉત્પન્ન થઈ છે ને આનંદમાં વિલીન થાય છે. પરમાત્મા આનંદસ્વરૂપ છે. તો પછી આનંદના પ્રસંગો જેટલા વધારાય તેટલો ફાયદો છે. જગત પણ આનંદ માગે છે.

*** Laugh and the world will**
**laugh with you;**
**Weep and you have**
**to weep alone.**

નાટ્યપ્રયોગો દ્વારા બાળકો આનંદરસની લહાણી કરે છે. આનંદ લે છે અને આપે છે. રણસંગ્રામમાંથી નાસી છૂટેલા મૃત ચેતક ઉપર ઘવાયેલો પડેલો, હારેલો પ્રતાપ-વિદ્યાર્થી એ દુઃખના દાવાનળમાં પ્રણ ઊંડું ઊંડું હાસ્ય કરી રહ્યો હોય છે. અંદરથી હસી રહ્યો છે અને આનંદની મોજ માણી રહ્યો હોય છે; માતૃભૂમિનો ત્યાગ કરી અકબરને શરણે ગયેલો ભ્રાતૃદ્રોહી, દેશદ્રોહી શક્ત અકબરના ભભકભર્યા દરબારમાં પોતાનું જીવનવૃત્તાંત કહેતો કહેતો મનમાં મલકાઈ રહ્યો હોય છે, મોજ ઉડાવી રહ્યો હોય છે; ભભકદાર વિલાસી રાજદરબારના ઠાઠમાં ઉચ્ચાસને વિરાજતો ગંભીર મુદ્રાધારી, શાંત વૃત્તિવાળો અકબર કાર્યદક્ષ વીર માનસિંહ સાથે, પ્રતાપની સાથે લડવાની વ્યૂહરચનાની ગોઠવણ અને તૈયારીની આજ્ઞા આપતો આપતો અંદરખાને પરમ સંતોષ અને આનંદના સાગરમાં નાહી રહ્યો હોય છે. આ પ્રમાણે નાટકના વિવિધ પ્રસંગો દ્વારા વિદ્યાર્થીઓ નિર્દોષ આનંદરસ લૂંટી શકે છે અને જીવનમાં તનમનાટ અને નવીનતાની પ્રાણદાયી હવા ભરે જાય છે.

અમારા અનુભવ પ્રમાણે શૌર્ય અને કાર્ય (action)ના પ્રસંગો વિદ્યાર્થીની વૃત્તિને અનુકુળ છે. શૌર્યની ભાષા તેને ગમે છે; છટાદાર બોલી તેને આકર્ષે છે; અને વિજયી કાર્યપરંપરા તેના જીવનની ધન્ય ઘડીઓમાં ગણાય છે.

આ રીતે નાટક અને કેળવણીને ગાઢ સંબંધ છે. સમજુ વર્ગ આ સંબંધ જોઈ શકે છે અને તે દ્વારા સમાજ અને શાળાને ઉચ્ચ અને સશક્ત બનાવવા હંમેશા પ્રયત્નશીલ રહે છે.

'કેળવણી' અંક-૨ ૧૯૨૭ બાપુભાઈ ગામી

---

* from obscurity to light / * સ્વામી રામતીર્થના ભાષણમાંથી

## સ્વાર્થી કેળવણી

જે ખેડૂત જમીનમાંથી પાક લીધા જ કરે છે પણ તેને પૂરતું ખાતર આપતો નથી તે લાંબે ગાળે થાકે છે. તેની જમીન ભૂખે મરે છે અને તેને પણ ભૂખે મરવાનો પ્રસંગ આવે છે.

કુદરતનો નિયમ અચળ અને નિષ્પક્ષપાત છે. વાવે તેવું લણે. આપો તે પ્રમાણે લ્યો. સેવા કરો અને સેવા લ્યો. આ જ પ્રમાણે સમગ્ર જીવનચક્ર ચાલી રહ્યું છે. આ જીવનચક્રનો અબાધિત નિયમ તોડતાં આખુંયે ચક્ર છિન્નભિન્ન થઈ જાય છે. તેની પ્રગતિ અટકી પડે છે અને અવગતિ શરૂ થાય છે.

શું સમાજ સેવા કે શું કેળવણી, શું ખેતી કે શું વેપાર, શું નોકરી કે શું મજૂરી, શું ઉદ્યોગ કે શું ધંધો, જ્યાં જુઓ ત્યાં આ જ નિયમ પ્રવર્તે છે. સમાજસેવક સેવાના કેન્દ્રને વિસારી જ્યારે હક અને સગવડની પાછલ ફાંફાં મારતો થાય છે ત્યારે તેની સેવા વંધ્યા નીવડે છે; કેળવણી જ્યારે કેવળ સ્વલક્ષી બની પોતાના ઉચ્ચ આશયથી પતિત થાય છે ત્યારે તે સ્વાર્થી પ્રવૃત્તિ થઈ પડે છે. અત્યારે તો આપણે કેળવણીની દિશા જ ભૂલ્યા છીએ. નથી તેમાં આપણો એક આદર્શ કે નથી તેમાં ઉચ્ચ અભિલાષા કેવળ સ્વના કુંડાળાની આસપાસ કેળવણીનાં ચક્રો ફરે જાય છે અને સ્વને-સ્વાર્થને પુષ્ટ બનાવવામાં જ પોતાની શક્તિ ખર્ચે છે. પરિણામે આ આપણી કેળવણી વંધ્યા રહે તેમાં શું આશ્ચર્ય !

કેટલીક ગાયો એવી હોય છે કે સ્વશરીરને પોષવામાં જ તે પોતાની જીવનશક્તિ ખર્ચી નાખે છે. તેથી તે દેખાય છે બહુ સુંદર અને હૃષ્ટપુષ્ટ પણ તે કામધેનુ બનતી નથી. તેનાં દૂધઘી બહુ જ અલ્પ અને નિઃસત્વ હોય છે. કેટલાંક વૃક્ષો બહુ ફાલે છે, સુંદર ઘટાટોપવાળાં, વિશાળ અને રમણીય લાગે છે, પણ તેને ફળ જ બેસતાં નથી. તે પોતાની તમામ જીવનશક્તિ સ્વાર્થ પોષવામાં ખર્ચે છે અને પરિણામે ફળશૂન્ય રહે છે.

આવી જ સ્થિતિ અત્યારે આપણી કેળવણીની થઈ પડી છે. બધાય કેળવણી, કેળવણી એવી બૂમો મારે છે. **કેળવણીના નામે હજારો અને લાખો રૂપિયા સમાજ પાસેથી લેવામાં આવે છે અને સમાજ શ્રદ્ધાપૂર્વક નાણાં આપે છે. એ સમાજનાં નાણાં કહેવાતી કેળવણી પાછળ ખર્ચવામાં આવે છે. તેમાંથી મોટી બોર્ડિંગો, હાઈસ્કૂલો અને કૉલેજો બાંધવામાં આવે છે. વિદ્યાર્થીઓને તેમાં પ્રચલિત કેળવણી આપવામાં આવે છે. ઘણાય વિદ્યાર્થીઓ કેળવણી લે છે. યુનિવર્સિટીઓની ડિગ્રીઓ મેળવે છે. પણ સમાજે આપેલાં નાણાં પાછાં સમાજને મળે છે ખરાં ? કેળવણીરૂપી**



**ખેતરમાંથી નીકલતો આ ફાલ સમાજને પોષે છે ? સમાજના સડાઓ દૂર કરે છે ? સમાજનાં કંટકો અને દુઃખો ટાળે છે ! સમાજને ઉન્નત અને સુખી બનાવવામાં પોતાનો ફાળો આપે છે ?** ટૂંકમાં સમાજની મદદથી પુષ્ટ બનેલા આપણા કેટલા કેળવાયેલા યુવાનો સમાજસેવાનાં કાર્યો કરે છે ? કે પછી કેટલાંક વૃક્ષો અને ઢોરોની માફક સ્વરક્ષા કરાવમાં જ મચ્યા રહે છે ? પરિણામે સમાજની દૃષ્ટિએ કેવલ નિષ્ફળ અને વંધ્ય જ રહે છે !

અત્યારનો અનુભવ તો કહે છે કે, આપણી કેળવણી કેવળ વંધ્યા જ રહી છે. સ્વાર્થ સિવાય કેળવણીની પાછળ એક પણ હેતુ અત્યારે તો દેખાતો નથી. આપણા ગ્રેજ્યુએટો કે આઈ.સી.એસો. ગમે તે પ્રકારે વધારે પગાર મેળવી, દસ વીસ હજાર ખર્ચી, મોટા આલીશાન મકાનો બંધાવી કે બસો પાંચસો વીઘા જમીન ખરીદી, મોટા જાગીરદાર બની કે મોટા સરકારી હોદ્દા મેળવી, સાહેબ બની અમલદારી ચલાવી, નાતજાત અને સમાજમાં મોટા કહેવરાવવાની અભિલાષા રાખનારા હોય છે. જે સમાજે તેમને પોષ્યા છે, જે સમાજે તેમને કેળવ્યા છે અને જેમની મદદે તેઓએ શક્તિ, બુદ્ધિ સંપાદન કરી છે તે સમાજની સેવા કરી તેનાં દર્દો દૂર કરવાની અભિલાષા, કોડ અને પ્રયત્ન કેટલાના દિલમાં વસે છે ? અત્યારના આપણા કેળવાયેલા યુવાનો સ્વશક્તિને કેવળ પોતાને જ પુષ્ટ કરવામાં જ ખર્ચે છે. અને પરિણામે સમાજ દિનપ્રતિદિન વધારે નિર્બળ અને પાંગળો બનતો જાય છે. જ્યાં સમાજ પાસેથી વધુ ને વધુ લેવામાં આવે પણ તેને પોષવાનું કોઈ સંભાળે જ નહિ તે સમાજની શી સ્થિતિ થાય ? ખેતરમાંથી પાક જ લેવામાં સમજનાર અને તેને ખાતર આપવાનો કોઈ પણ દિવસ વિચાર નહિ કરનાર ખેડૂત જેમ છેવટે ભૂખમરાથી પિડાય છે તેવી જ સ્થિતિ અત્યારે આપણા ભણેલા, કેળવાયેલા યુવકોની થવાની છે એ ચોક્કસ છે. જ્યાં સુધી સમાજમાં પ્રાણ નથી, ત્યાં સુધી કંઈ પણ સંગીન કાર્ય થઈ શકવાનું નથી. સમાજનું કલ્યાણ તો શું, પણ પોતાનો સ્વાર્થ પણ સધાવાનો નથી.

ત્યારે કરીશું શું ? આ જ પ્રશ્ન અત્યારે આપણી સામો ખડો થયો છે. બધાય કબૂલ કરે છે કે સમાજ વિવિધ રોગથી પિડાય છે. બધાય આ રોગો દૂર કરવા ઈચ્છે છે. અને બધાયને ઘણાખરાને લાગે છે કે સમાજના રોગો દૂર કરવા કેળવણી સિવાય એકેય ઉકેલ નથી પણ ભૂલ અહીં જ થાય છે. ખરેખર કેળવણી એ જ ખરું. કેવી કેળવણી ? અત્યારે અપાતી કેળવણી ? વેપારીઓની માફક ધંધાદારીની દુકાન માંડી બેસનાર કેળવણીની સંસ્થાઓ આપણને એવી કેળવણી આપશે કે જેનાથી આપણા રોગો દૂર થાય ? એ આશા તો આકાશકુસુમવત્ છે અને એનો અનુભવ આપણને થવા માંડ્યો છે.

**ઈસ્ટ ઈન્ડિયા વેપારી કંપની વેપાર માટે હિંદમાં આવી. વેપાર માટે રાજ્ય મેળવ્યું અને એ રાજ્ય ચલાવવા, એ વેપાર નિભાવવા અંગ્રેજી જાણકાર મુનીમો અને કારકુનોની જરૂર પડી. પરિણામે આપણી કેળવણીની યુનિવર્સિટીઓ ઊભી થઈ.** આ વેપારી સંસ્થાઓ વેપારી દૃષ્ટિથી ચાલી. જ્યાં સુધી વેપાર ધમધોકાર ચાલતો હતો ત્યાં સુધી આ વેપારી કેળવણી બહુ જ નફાકારક થઈ પડી અને મોટા પગારો મેળવવાના લોભે આપણે આ કેળવણીને સાતમા આસમાનનું સ્થાન આપી દીધું.

અત્યારેય આપણે, અને **ખાસ કરીને આપણું ગુજરાત, વેપારી દૃષ્ટિથી જ કેળવણીની કિંમત આંકે છે. આપણે કેવળ રૂપિયાઆનાપાઈમાં જ કેળવણીની કદર કરીએ છીએ. ફેક્ટરીમાંથી જેમ છાપબંધ દાગીના નીકળે છે તેમ આપણી યુનિવર્સિટીમાંથી થોકબંધ નીકળતા આપણા યુવકોને જોઈ આપણે રાચીએ છીએ.** પણ આપણે કંઈ લાંબો વિચાર કરીએ છીએ ? શું આપણે વિચારીએ છીએ કે આપણી કેળવણી આપણા સમાજને પુષ્ટ બનાવે છે કે ઊલટું તેને ચૂસવાની જ નીતિગ્રહણ કરે છે ? જો આમ જ થતું હોય તો ગાયને દોહી કૂતરાને પાયા જેવી વાત થાય. આના કરતાં તો બહેતર છે કે અભણ રહી જે બની શકે તે જ્ઞાતિસેવા કે દેશસેવા કરવી.

આમાં આપણા યુવકોનોય શો દોષ કાઢી શકીએ ? જેવા સંસ્કાર, જેવાં બી અને જેવા વાતાવરણમાં આપણે આપણા યુવકોને કહેવાતી કેળવણીની તાલીમ આપી રહ્યા છીએ તેનું બીજું શું પરિણામ આવી શકે ? આપણાં બાળકો જુએ છે કે તેમના ગુરુઓ કેવળ પગાર માટે જ કામ કરે છે. જ્યાં પાંચ રૂપિયા વધારે પગાર મળે ત્યાં એક શેઠને છોડી બીજા શેઠની નોકરી કરવા દોડી જાય છે ત્યાં પુસ્તકિયા સેવાના પાઠની અસર કેટલી થાય ? આપણાં બાળકો જુએ કે કેળવણીની સંસ્થાઓ કેવળ નફો કરવાના ઉદ્દેશથી કાઢવામાં આવે છે. તેમની પાસેથી લેવામાં આવતી ફી અને શિક્ષક નોકરોને આપવામાં આવતા પગારમાંથી ફાજલ પડતી રકમ નફા તરીકે શેઠ ઓહિયાં કરી જાય છે. આપણાં બાળકો જુએ છે કે તેમના ગુરુઓને ટ્યૂશનો આડે મિનિટની પણ ફુરસદ મળતી નથી. અને જેમ વેપારી વધુ ને વધુ મેળવવા તણાયો જાય છે તેમ તેમના ગુરુજીઓ પણ દ્રવ્યોપાર્જનમાં લાગેલા હોય છે. આવા વાતાવરણમાં-મનોદશા કેળવતા-કહોવાતા બાલમાસનમાં ઉચ્ચ વિચારના, સંસ્કૃતિના, જીવનકલ્યાણના, દેશકલ્યાણના વિચારોનાં સ્વપ્ના પણ ક્યાંથી આવે ? ભલેને પુસ્તકોમાં તેમને ઊંચામાં ઊંચા વિચારોનું પાન કરાવવામાં આવતું હોય, મોટાં મોટાં બલિદાનોની અદ્ભુત વાતો ભલેને તેમને શિખવાડમાં આવતી હોય, પણ જ્યાં જ્યાં આવું જીવતું સ્વાર્થીલું વાતાવરણ જામેલું હોય ત્યાં તેને ભેદીને આપણાં બાળકો પાર શી રીતે જઈ શકે ?



આવી કેળવણીના પરિણામથી આપણે નાસીપાસ થઈએ તેમાં શું નવાઇ ? આપણે જ્યાં સુધી સડેલા મૂળને દૂર ન કરીએ ત્યાં સુધી અમૃતફળ ક્યાંથી મેળવીએ ? વિષમય વિચારોને પોષતાં વિષફળ જ મળે તેમાં શું આશ્ચર્ય ?

આપણે જોઈએ છીએ કે દેશમાં આટલી બધી કેળવણી વધતી જાય છે છતાં ખરા સેવકોની તો બૂમો જ પડે છે. આપણી શિક્ષણસંસ્થાઓને સેવાભાવી માણસો શોધ્યા પણ જડતા નથી. એક બાજુ ભૂખમરો છે, ભણેલા બેકારો ઉભરાઇ રહ્યા છે, જ્યારે બીજી બાજુ શિક્ષણસંસ્થાઓ ખરા જ્ઞાન વિના, ખરા સેવકો વિના ભૂખે મરે છે. જ્યાં સુધી આપણે કેળવણીની દિશા નહિ બદલીએ ત્યાં સુધી આવી જ સ્થિતિ રહેશે એ કુદરતી છે. બીજવૃક્ષન્યાયે સ્વાર્થી કેળવણીની સંસ્થાઓ સ્વાર્થી ભણેલાઓ બહાર પાડશે અને આ સ્વાર્થી ભણેલાઓ સ્વાર્થી પ્રવૃત્તિઓ કરશે. જેમાંથી સ્વાર્થ સિવાય બીજું કંઈ પણ નહિ જ મળે. ઈશ્વર આપણને આમાંથી બચાવો !

ચેતન - ૧૯૩૩ બા.

## તમે ને અમે

**અમે** કેળવણીનું કાર્ય હાથ ધરી બેઠા છીએ. અમે એક મહાન જવાબદારી ઉપાડી છે. ભાવિ પ્રજાને સશક્ત અને સુખી બનાવવાનું મહાન સાહસ અમે ખેડી રહ્યા છીએ. સમાજને ઊંચે ચઢાવવાનું અમે માથે લીધું છે. અજ્ઞાન અને વહેમનાં બંધનો તોડવા અમે તૈયાર થઈ ગયા છીએ. કેવળ અક્ષરજ્ઞાનથી બાળકોને વિભૂષિત કરવા એટલું જ અમારું કામ અમે માનેલું નથી. બાળકની વિવિધ શક્તિઓનો વિકાસ કરવા અમે માગીએ છીએ. બાળકમાં નૂતન પ્રાણ રેડવા અમે ઇચ્છીએ છીએ. બીકણ, સમાજ-ભીરું અને અપંગ બાળકોને બદલે નીડર અને સ્વાશ્રયી બાળકો જોવાની અમને ઉમેદ છે. હાલની કેળવણીથી આવતાં અનિષ્ટ પરિણામોથી અમે બાળકોને બચાવવા માગીએ છીએ.

**અમે** કેવળ આદર્શ સામું તાકી રહી વ્યવહારથી વિમુખ અને અતડા બનવા માગતા નથી, વ્યવહારમાં ગૂંચાઈ જઈ આદર્શને અમે ભૂલવા ઇચ્છતા નથી. આદર્શ અને વ્યવહારને અમે સાંકળવા માગીએ છીએ. આદર્શને વ્યવહારમાં ઉતારવા અમારા પ્રયત્નો છે. વ્યવહારને આદર્શ પાસે લઈ જવા અમારી અભિલાષા છે. આદર્શને વ્યવહારિક અને વ્યવહારને આદર્શાભિમુખ બનાવવા અમારી ઉત્કંઠા છે. વ્યવહારથી આદર્શને મજબૂત અને વ્યાપક બનાવવા માગીએ છીએ. અને આદર્શથી વ્યવહારને પવિત્ર અને તેજસ્વી બનાવવા માગીએ છીએ. અને આદર્શથી વ્યવહાને પવિત્ર અને તેજસ્વી બનાવવા માગીએ છીએ.

**અમે** બાળકોને આદર્શ અને વ્યવહાર બન્ને શિખવાડવા ઈચ્છીએ છીએ. બાળકો જીવનની ઉચ્ચતા, ગંભીરતા અને પવિત્રતા જાળવી રાખે એમ અમે ઈચ્છીએ છીએ, તેમજ સમાજમાં પણ સર્વથી મોખરે રહે એવી આશા ધરાવીએ છીએ. બાળક પોતાની શક્તિબુદ્ધિથી પોતાનું સંસાર–નવાં ક્ષેમકુશળ ચલાવી શકે એવી તાલીમ અમેઆપીએ છીએ. ગમે ત્યાં લાત મારી પેટ ભરી લેવાની શ્રદ્ધા અને શક્તિનો સંચાર બાળકમાં થાય એવા અમારા મનોરથ છે. હાલમાં ચાલતી કેવળ બુદ્ધિ અને સ્મરણશક્તિની તાલીમવાળી કેળવણીમાં કાર્ય અને લાગણીની કેળવણીનો ઉમેરો કરવા અમે પ્રયત્ન કરી રહ્યા છીએ.

**અમે** સમજીએ છીએ કે કેવળ બુદ્ધિની કેળવણી અપંગ છે. અમે સમજીએ છીએ કે કેવળ લાગણીની કેળવણી અંધ છે. અમે સમજીએ છીએ કે કેવળ કાર્યની કેળવણી જડ છે. બુદ્ધિની કેળવણીથી લાગણીની અંધ કેળવણીની દૃષ્ટિ મળે છે. લાગણીની કેળવણીથી બુદ્ધિની કઠોર કેળવણી મૃદુ બને છે. કાર્યની કેળવણીથી બુદ્ધિની અપંગ કેળવણીને પગ મળે છે. **આ પ્રમાણે મગજ, હૃદય અને હાથ પગની કેળવણીનો ત્રિવેણી સંગમ કરવા અમે યોજનાઓ વિચારી રહ્યા છીએ.**

> ***ભણતર***
>
> *ભણાવવા ખાતર માણસો બાળકોને વર્ગમાં બીડી, ચા અને તમાકુ ખાનારા અને અપશબ્દો ફૂલની જેમ વરસાવનારા બીજે ક્યાંઈ ન ચાલે તેવા મજૂરોના હાથમાં સોંપે છે. આજની નિશાળમાંથી બાળક રોગ લાવે છે, ચારિત્રહીનતા લાવે છે ને બુદ્ધિનો વિધ્વંસ લાવે છે. તંદુરસ્તી એ પહેલું ભણતર, આનંદ એ બીજું ભણતર, સારી ટેવવાળા અને નિર્મળ વાતાવરણનો શ્વાસોચ્છવાસ એ ત્રીજું ભણતર, ને બુદ્ધિને વિવેક આપી શકે એ ચોથું અને ખરું ભણતર. ઈતિહાસ, ભૂગોળ અને ગણિત એ ભણતર નથી; એ તો ભણતરનાં સાધનો છે. સાચા ભણતર વિના એનો દુરુપયોગ જ થઈ શકે.*
>
> *ગિજુભાઈ*

તમે અમારા કાર્યને મદદ કરવા ઈચ્છા ધરાવો છો ? અમે ધારીએ છીએ કે તમે પણ ભાવિ પ્રજાને બળવાન અને તેજસ્વી જોવા ઈચ્છો છો; તમે પણ ઈચ્છો છો કે બાળકો પેટ પૂરવા માટે માયકાંગલા બની ટુકડા રોટલા માટે કોઈના સામું જોઈ ન બેસી રહે. તમે પણ બાળકોને સ્વાશ્રયી અને સુખી જોવા ઈચ્છો છો. સમાજમાં આગળ વધી પોતાની બુદ્ધિ, શક્તિથી પોતાનો નિર્વાહ ચલાવી, સમાજ સેવાનાં કાર્યો ઉપાડી લે એવાં બાળકો નીવડે એમ તમારી ઈચ્છા છે. અને આ બધું કેળવણીથી જ સધાય એમ તમે માનો છો. બાળકને જેવી તાલીમ નાનપણથી મળશે તેવો તે ભવિષ્યમાં થશે એવું તમારું માનવું અમે સમજીએ છીએ.



તમે અમારી સાથે સહકાર કરવા માગો જ છો ને ? તમારા સહકાર વિના અમે શું કરી શકવાના હતા ? માબાપના અને સમાજના સહકાર વિના અમે કંઈ ન કરી શકીએ. કેળવણી જેવું મહાન કાર્ય કેવળ વાતોથી ન થાય એમ તો તમે માનતા જ હશો. આ કેળવણીની સંસ્થાને દૃઢ અને પ્રગતિશીલ બનાવવાના ઉપાયો તમે વિચારતા જ હશો. કેવળ પૈસાની મદદ આપ્યાથી કાર્ય ન સુધરે. પ્રથમ અમારા કાર્ય તરફ તમારી સહાનુભૂતિ અને શુભેચ્છા ઈચ્છીએ છીએ. જો તમારી સહાનુભૂતિ અને શુભેચ્છા હશે તો પૈસા તો તમે જરૂર આપવાના જ છો.

**તમે** અનુભવો છો જ કે હાલની કેળવણીથી આપણને જોઈએ તેવો ફાયદો થતો નથી. તો પછી કેળવણીના ચાલતા આવેલા ચીલામાંથી બહાર નીકળી નવો ચીલો ભાગવાની તમને ઈચ્છા નથી થતી ? જરા ધીરજથી, ગંભીરતાથી વિચાર કરી જુઓ. શા શા સુધારા કરવાથી કેળવણી આખાય સમાજને ઉપયોગી અને હિતકારક નીવડે. કેવળ પોતાના તરફ દૃષ્ટિ રાખીને વિચાર ન કરશો. સમાજનું હિત અને શ્રેયનો વિચાર અગ્રસ્થાને મૂકી જે વિચારશો અને જે કરશો તેમાં તમારું પોતાનું પણ શ્રેય આવી જવાનું છે એ નિશ્ચિત માનજો.

**તમે** આ બધું કરવા તૈયાર જ છો એમ અમે માનીએ છીએ. તો પછી તમારા વિચારો અમને જણાવો તો અમે તમારા અનુભવોનો લાભ લઈ શકીએ; તમારા કેળવણી સંબંધી વ્યાવહારિક વિચારોની સમલોચના અને ચર્ચા કરી શકીએ. પણ બધાયની પાછળ એક જ દૃષ્ટિ **"અમે અને તમે શુભ નિષ્ઠાથી કેળવણીસંબંધી વિચારો ધરાવીએ છીએ."** ધ્યાનમાં રાખવાનું રખે ચૂકતા. આ દૃષ્ટિ હશે તો જ આપણે કંઈ પણ સમાજનું કલ્યાણ સાધી શકીશું. બીજું શું કહીએ ?

'કેળવણી' અંક-૩ બાપુભાઈ ગામી

> ***શિક્ષક***
>
> *શિક્ષક એ અત્યંત કુશળ કારીગર હોવો જોઈએ. કુંભાર માટીમાં કામ કરે છે, સુતાર લાકડામાં કામ કરે છે, લુહાર લોઢાનું કામ કરે છે, જ્યારે શિક્ષકને જીવતાં - જાગતાં કુમળાં બાળકો સાથે કામ કરવાનું હોય છે.* ***- કાલેલકર***

## આપણે

**તમે** અને અમે શબ્દો કેટલા અર્થસૂચક છે તેનો ભાગ્યે જ ખ્યાલ આપણે કરીએ છીએ. જો આ શબ્દો પર એકાગ્રતાથી મનન કરીએ તો જીવનવિગ્રહના અનેક ગૂંચવાયેલા કોયડાઓનો સહેલાઈથી ઉકેલ થઈ જાય. જ્યાં જોઈએ ત્યાં તમે અને

અમેની મારામારી જ ચાલી રહેલી હોય છે. ઘરમાં જુઓ કે બહાર જુઓ, ગામમાં જુઓ કે શહેરમાં જુઓ, રાજામાં જુઓ કે નોકરમાં જુઓ, શિક્ષકમાં જુઓ કે શિષ્યમાં જુઓ, સ્ત્રીમાં જુઓ કે પુરુષમાં જુઓ, જ્યાં જુઓ ત્યાં તમે અને અમેની આ તકરાર ચાલી જ રહી હોય છે.

**આ** અમારું કામ છે અને આ તમારું કામ છે. આ તમારી ફરજ છે. આ અમારા હક છે અને આ તમારા હક છે. અમે કહીએ એમ તમારે કરવાનું છે. તમે આ બાબતમાં શું સમજો, અમને તો આ બાબતમાં ઘણો જ અનુભવ છે. તમારી સંસ્થામાં જોઈએ તેવું કામ થતું નથી. તમારા બાળકોમાં જોઈએ તેવું ચારિત્ર્ય નથી. તમારા કામમાં ક્યાંક ખામી રહેલી છે. આ પ્રમાણે આપણે જ્યાંત્યાં સાંભળી જ રહ્યા છીએ.

**આ** અમે અને તમેનો વિવાદ હંમેશાં કાયમ રહે તો તેથી કંઈ પણ સંગીન કાર્ય સાધી શકાય નહિ. કોઈ પણ દિવસ, જ્યાં સુધી અમે ને તમે એવી ભાવના રહી હોય ત્યાં સુધી કાર્ય ન થાય. જ્યાં સુધી આ અમે ને તમેમાંથી 'આપણો' શબ્દ ન ઉદ્‌ભવે ત્યાં સુધી સાથે મળી કાર્ય ન થાય. આપણેમાં જાદુઈ ચમત્કાર રહેલો છે. જ્યાં આપણે શબ્દ વપરાય છે ત્યાં ભારેમાં ભારે જણાતાં કાર્યો સહેલાં થઈ પડે છે. આપણે આ કાર્ય કરવાનું છે; આ કાર્ય આપણું છે; આ સંસ્થા આપણી છે; આ બાળકો આપણાં છે; આ ગામ આપણું છે; આ રાજ્ય આપણું છે; આપણે જ પ્રગતિ કરવાની છે. આ પ્રમાણે જ્યાં વિચારો થાય છે ત્યાં વિજયશ્રી હંમેશાં વરમાળ લઈ સામી ઊભેલી જ હોય છે. યશ, કીર્તિ, માન, લાભ વગેરે આપણને જ થવાનાં છે ત્યાં પ્રગતિનું નાવ સરળ રીતે આગળ ધસે જ જાય છે.

**'આપણે'** શબ્દ ઘણી જ ઉચ્ચ કોટીનો છે. આ શબ્દ વાપરવા ઘણા વિશાળ હૃદયની જરૂર રહે છે. આ શબ્દની પાછળ અખૂટ સેવાબળ જોઈએ. આ શબ્દની પાછળ ત્યાગબળ અને તપોબળ જોઈએ. આ શબ્દની પાછળ સહિષ્ણુતા અને એક ભાવના જોઈએ.

### શિક્ષણનું ધ્યેય

*કહો ન કહો પણ આજે તો વકીલાત, દાક્તરી, ઈજનેરી, વેપાર વગેરેને શિક્ષણનાં ધ્યેય તરીકે સમાજે સ્વીકારેલાં છે. શિક્ષણનું, શાસ્ત્રીય ગણો વા ફાવે તે ગણો, પણ એક જ ધ્યેય હોઈ શકે, અને તે બાળકને સંપૂર્ણ સ્વરૂપમાં મનુષ્ય બનાવવું. શિક્ષણ દ્વારા મનુષ્યત્વ પામેલ બાળક જીવનનું જે કોઈ ધ્યેય સ્વીકારશે તેમાં તે હારવાનું નથી જ. એટલે શિક્ષણના ધ્યેયનો વિચાર કરનારે પોતાના ધ્યેય તરીકે મનુષ્યના અભ્યાસને રાખવો જોઈએ.* **- દક્ષિણામૂર્તિ**



**આપણે** શબ્દ સંપસૂચક છે. આપણેમાંથી સંપનું મહાન વૃક્ષ ઊગી નીકળે છે. આપણે શબ્દ હૃદયના સર્વે દરવાજા ઉઘાડવાની વડી ચાવી છે; આપણે શબ્દમાંથી પ્રેમ ડોકિયું કરી રહ્યો છે. જે વ્યક્તિએ અને પ્રજાએ આપણે શબ્દનું રહસ્ય જાણ્યું છે તેને કશું જાણવાનું રહેતું નથી. આ જ આપણે શબ્દ આપણી કામદૂધા ગાય બને છે; આપણું કલ્પવૃક્ષ બને છે; આપણે જેની ઈચ્છા કરીએ તે આપણે શબ્દ આપણને પૂરી પાડે છે.

**આપણા** આર્યવર્તની અને સમાજની પડતીનું કારણ આ આપણે શબ્દનું વિસ્મરણ છે. દુનિયાની અન્ય પ્રજાઓમાં જો આપણે ઊતરતા હોઈએ તો તે આ આપણે શબ્દના અભાવને જ આભારી છે. કોઈ પણ કાર્યમાં, પછી તે ઘરનું હોય કે ગામનું હોય, ગરીબનું હોય કે ધનવાનનું હોય, ખેડૂતનું હોય કે વેપારીનું હોય, ખાનગી હોય કે જાહેર હોય, આપણે આપણે શબ્દના અર્થને ભૂલીને જ સામસામા લડી નિરર્થક શક્તિનો વ્યય કરીએ છીએ. જ્યારે આપણને આ આપણે શબ્દની શક્તિનું યથાર્થ ભાન થશે ત્યારે જ આપણે ઉન્નતિ સાધી શકવાના છીએ.

**ગુજરાત** વિદ્યાપીઠમાંથી હમણાં જ છૂટા થયેલા વિદ્યાર્થીપ્રિય ત્યાગી કૃપલાનીના શબ્દો ખરેખર મનન કરવાયોગ્ય છે. તેઓશ્રી જણાવે છે કે, **"હિન્દુસ્તાન વ્યક્તિગત સદ્‌ગુણોમાં દુનિયાની કોઈ પણ પ્રજા કરતાં ઊતરે એમ નથી. સામાજિક અને સમૂહગત સદ્‌ગુણોનો અભાવ એ જ આપણી અવનતિનું કારણ છે."**

*સંગીત એટલે કાન વડે આત્માની કેળવણી; વ્યાયામ એટલે શરીરના દરેક ભાગ વડે આત્માની કેળવણી; ગણિત એટલે બુદ્ધિ વડે આત્માની કેળવણી; ભૂગોળ અથવા બીજા વિષયોનું પણ એમ જ છે. આ બધી દરેક વિષયોની કેળવણીનું ધ્યેય આત્મવિકાસ જ છે.*

**આપણો** ઈતિહાસ આપણને એ જ બતાવી રહ્યો છે કે આપણામાં સામાજિક અને સમૂહગત પ્રયત્નો અને ધ્યેયનો અભાવ છે. કોઈ એક શીખ, ગુરખો કે પઠાણ વ્યક્તિ તરીકે કોઈ એક અંગ્રેજ, ફ્રેન્ચ કે જર્મનથી ક્યાંયે ચડી જાય. પણ શીખ, ગુરખા કે પઠાણનો સમૂહ અંગ્રેજ, ફ્રેન્ચ કે જર્મનના સમૂહથી ક્યાંયે ઊતરતો જણાય. આપણે આપણા શરીરને ઠીક ઠીક સ્વચ્છ રાખીએ છીએ, પણ જ્યાં ભેગા મળી રહેવાનો પ્રસંગ આવે છે ત્યાં આપણે જંગલીને પણ ન છાજે તેવી ગંદકી કરી મૂકીએ છીએ. જો આપણે દુનિયાની સુધરેલી પ્રજાઓમાં ઊંચું માથું રાખવા માગતા હોઇએ તો આપણામાં, સાથે મળી કાર્ય કરવાનો, કઈ બાબતોમાં આપણે એકબીજાને મળી શકીએ તેમ છીએ તે શોધી કાઢવાનો, અને વિરોધી બાબતોને દૂર કરવાનો જુસ્સો આપણે કેળવે જ છૂટકો છે. આપણે તો દરેક અભિપ્રાયને અચળ સિદ્ધાંત માની બેસીએ છીએ

અને તેના માટે જોર હોય ત્યાં સુધી ઝઝુમીએ છીએ. આવા અચળ સિદ્ધાંતો જેમ બને તેમ ઓછા હોય તેમાં આપણને ફાયદો છે.''

''કેળવણીનું કાર્ય - શિક્ષણનું કાર્ય - એકલા શિક્ષકોનું છે. તેમાં માબાપને શું ?'' આવા વિચારો અત્યારે તો પ્રચલિત છે. સમજુ અને શિક્ષિતવર્ગની પણ આ બાબતમાં જોઈએ તેવી સહાનુભૂતિ નથી જ. કેળવણીના કાર્ય ઉપર આખીએ ભાવિ પ્રજાનો આધાર છે. કેળવણીની જવાબદારી એકલા શિક્ષકો જ ઉપર નથી, શિક્ષિત વર્ગ પણ આ જવાબદારીમાંથી છટકી શકે તેમ નથી. કેળવણીનું કાર્ય એ એક ભગીરથ કાર્ય છે. આ કાર્ય માટે તો શિક્ષકો, માબાપો અને શિક્ષિત ભાઈઓએ ભેગા મળી પૂર્ણ વિચાર કરવો પડશે અને તેનો અમલ કરવો પડશે. સમાજના દરેક વર્ગે આ કેળવણી માટે કંઈ ને કંઈ કરવું જ પડશે. જેનામાં જેવી શક્તિ, બુદ્ધિ હોય તે પ્રમાણે કાર્ય કરી બતાવી આ કામને ઉપાડી લેવું પડશે. આમાં અમે ને તમે નહિ જ ચાલે. આપણે સાતે મળી કાર્ય કરવા ધારીશું તો જ થઈ શકશે; તો જ ભાવિ પ્રજાને બળવાન, સ્વાશ્રયી અને તેજસ્વી બનાવવાના આપણા મનોરથો પાર પડશે. તો જ દુનિયાની પ્રજાઓમાં ઊંચું માથું રાખી શકીશું.

પરમાત્મા આપણને આ આપણે શબ્દ સમજવા અને તેને અનુસરી કાર્યો કરવા બળ અને બુદ્ધિ અર્પે ! અસ્તુ.

કેળવણી - ૧૯૨૮ — બા.

## ડોલ્ટન પ્લાન સંબધી કંઈક

ડોલ્ટન એ અમેરિકામાં આવેલા એક શહેરનું નામ છે. તે શહેરમાં આવેલી શાળામાં મિસ નામની મોન્ટેસોરીની શિષ્યાએ શિક્ષણવિષયક એક અખતરો અજમાવ્યો. આ અખતરો-પદ્ધતિ 'ડોલ્ટન પ્લેન' નામથી સુપ્રસિદ્ધ થઈ. જેવી રીતે સાત વર્ષની ઉપરનાં બાળકો માટે આ ડોલ્ટન પ્લેન અસ્તિત્વમાં આવી છે.

માધ્યમિક શાળાના સાત ધોરણમાં આ પદ્ધતિ કેવી રીતે લાગુ કરી શકાય તેનો આપણે વિચાર કરીએ. પ્રથમ એ નક્કી કરવું પડે કે આ સાત વર્ષને અંતે બાળકને કયા કયા વિષયોનું કેટલું જ્ઞાન આપવા આપણે માગીએ છીએ. આ પદ્ધતિમાં, હાલ જે વર્ગની પદ્ધતિ છે તેની માફક દરેક વર્ષને અંતે અમુક અભ્યાસક્રમ કરવો પડે તેવું બંધન નથી. પણ સાત વર્ષને અંતે નક્કી કરેલો અભ્યાસક્રમ દરેક વિદ્યાર્થીએ કરવો જોઈએ. હાલની પદ્ધતિમાં જેમ વર્ષે વર્ષે પરીક્ષા લેવાઈ વર્ગો ચઢાવવામાં આવે છે તેવું ડોલ્ટન પદ્ધતિમાં નથી.

નક્કી થયેલા અભ્યાસક્રમને સાત ભાગમાં વહેંચી દેવામાં આવે છે. આ પ્રમાણે



એક વર્ષમાં જેટલો અભ્યાસક્રમ થવો જોઈએ તેના પાછા માસિક કે પાક્ષિક વિભાગ કરવામાં આવે છે. આ પાક્ષિક વિભાગના જરૂર જણાય તો અઠવાડિક વિભાગ પણ કરવામાં આવે છે. આ યોજનામાં વર્ગો હોતા નથી એટલે વર્ગ વાર શિક્ષકો નહિ, પણ વિષયવાર શિક્ષકો હોય છે. તે તે વિષયના શિક્ષકો પોતાના અભ્યાસક્રમના ઉપર જણાવ્યા તે પ્રમાણે વિભાગો પાડે છે. અને આ પ્રમાણે અઠવાડિક કે પાક્ષિક વિભાગ જે નક્કી થાય તે વિદ્યાર્થીને સ્વંય કરવા માટે સોંપી દેવામાં આવે છે. આ સ્વાધ્યાય કેવી રીતે તૈયાર કરવાનો છે તે સંબંધીની વિષયશિક્ષકની સૂચનાઓ તથા સમજૂતી પણ દરેક વિદ્યાર્થીને લેખી સોંપી દેવામાં આવે છે. વિષયશિક્ષકની આ સૂચનાઓ અને સમજૂતી ઉપર આખીએ ડોલ્ટન પ્લેનનો આધાર છે. સોંપેલો સ્વાધાયાય તૈયાર કરવા માટે વિદ્યાર્થીએ કેવી દિશામાં પ્રયત્નો કરવા જોઈએ, કેવી પદ્ધતિ અંગીકાર કરવી જોઈએ, કયાં કયાં પુસ્તકો રીફર કરવાં જોઈએ વગેરે વિસ્તૃત માહિતીનો આ સૂચનાઓમાં સમાવેશ થાય છે. વિદ્યાર્થી જ્યારે સ્વયં સ્ફૂર્તિથી કાર્ય કરવા લાગે, ત્યારે તેના માર્ગમાં કઈ કઈ અડચણો આવવા સંભવ છે તેનો અગાઉથી વિચાર કરી શિક્ષકે તૈયાર કરવાની છે. પોતાના કાર્યથી વિદ્યાર્થી કંટાળી ન જાય તે ખાસ જોવાનું છે. સ્વાધ્યાય નિરસ ન થઈ પડે તેની કાળજી રાખવાની છે અને વિદ્યાર્થી બેદરકાર અને મોજીલો ન બને તે પણ સંભાળવાનું છે. સ્વાધ્યાયમાં આપેલી સૂચનાઓમાં લખવાનું પણ હોય છે.

## *નિષ્પક્ષ વૃત્તિ*

*મિત્રના રૂપમાં આવતો શત્રુ બહુ જ ભયંકર હોય છે એમ અનુભવીઓ કહે છે. પક્ષપાતવૃત્તિ મિત્ર જેવી જ મધુર, આહ્‌લાદકારક અને હિતેચ્છુ દેખાય છે અને તેથી જ ભયંકર છે. તેના મધુર સ્વરૂપને લઈ આપણે ભુલાવામાં પડી જઈએ છીએ; પણ પરિણામે તે પોતાનાં મૂળ ધીમે ધીમે નાખી આપણને ઊંડા ગર્તમાં ખેંચી જાય છે.*

*- બા.*

હવે, આ જે સ્વાધ્યાય-સૂચના સમજૂતી સાથેનો આપવામાં આવે તે વિદ્યાર્થી કેવી રીતે તૈયાર કરે તે આપણે જોઈએ. આગળ જણાવ્યું તે પ્રમાણે આ પદ્ધતિમાં વર્ગો હોતા નથી, પણ વિષયવાર ઓરડાઓ રાખવામાં આવે છે અને તે પ્રોયગમંદિરના નામથી ઓળખાય છે. જેમ કે અંગ્રેજી પ્રયોગમંદિર, ગણિત પ્રયોગમંદિર વગેરે. આ ઓરડાઓમાં તે તે વિષયને અનુકૂળ અને ઉપયોગી સાહિત્યો રાખવામાં આવે છે. ઉદાહરણ તરીકે, ભૂગોળના પ્રયોગમંદિરમાં વિવિધ જ્ઞાન આપતા નકશાઓ, એટલાસો તથા ભૂગોળનાં પુસ્તકો રાખવામાં આવે છે. સ્વાધ્યાયમાં વિદ્યાર્થીને જે

સૂચના અને સમજૂતી આપેલી હોય છે તે પ્રમાણે આ ભૂગોળ પ્રયોગમંદિરમાં બધાં સાહિત્યો હોય છે જ. ધારો કે ભૂગોળ સ્વાધ્યાયમાં એમ હોય કે "દુનિયાની પાંચ મોટી નદીઓનાં તેની લંબાઈ સાથે નામ આપો તથા હિન્દુસ્તાનનો નક્શો દોરી તેમાં રંગ મારફત તેનો કાચો માલ કયાં કયાં, કેવા પ્રકારનો ઉત્પન્ન થાય છે તે જણાવો. તથા પર્વતો વરસાદ લાવવામાં શો ભાગ ભજવે છે તે દાખલા આપી સમજાવો." તો નકશો દોરવામાં તથા નદીઓની લંબાઈ આપી હોય તેવા નકશાઓ વગેરે સાહિત્યો આ ભૂગોળ પ્રયોગમંદિરમાં હોવાં જોઈએ. આ પ્રમાણે દરેક વિષય પરત્વે સમજવું. આ પ્રયોગમંદિરમાં તે તે વિષયનો નિષ્ણાત શિક્ષક હાજર હોય છે. વિદ્યાર્થીને પોતાનો સ્વાધ્યાય તૈયાર કરવામાં મુશ્કેલી આવી પડે અને તે વિદ્યાર્થી સ્વયં દૂર ન કરી શકે તેમ હોય, તો આ નિષ્ણાત શિક્ષક તેને દિશા બતાવે છે અને વિદ્યાર્થીના માર્ગમાં આવતી મુશ્કેલીઓ દૂર કરે છે. આ નિષ્ણાત શિક્ષક વિદ્યાર્થીને શિખવાડી દે છે એમ નહિ પણ વિદ્યાર્થી સ્વયં પોતાની ગૂંચ ઉકેલે એવા માર્ગ ઉપર વિદ્યાર્થીને લાવી મૂકે છે.

સ્વાધ્યાય તૈયાર કરવામાં વિદ્યાર્થી પોતાના સહાધ્યાયીની મદદ લઈ શકે છે. અને કેટલીક બાબતો સાથે મળી પણ કરી શકે છે. વિદ્યાર્થી દરરોજ સ્વાધ્યાયમાં કેટલું કરે છે તેની નોંધ દરેક વિદ્યાર્થીએ રાખવાની હોય છે. આપેલો સ્વાધ્યાય પૂરો થાય એટલે, વિષયશિક્ષકને બતાવવામાં આવે છે. શિક્ષકને સંતોષ થાય તો તે વિષયમાં આગળ સ્વાધ્યાય આપવામાં આવે છે. એવું પણ બને કે કેટલાક વિદ્યાર્થીઓ અમુક વિષયમાં ઘણા જ મંદ હોય. અમુક વિદ્યાર્થીઓ કોઈ એક વિષયની પાછળ જ મંડ્યા રહે અને તેના સ્વાધ્યાયો જલદી જલદી પૂરા કરે અને આગળ ને આગળ વધે નહિ ગમતા વિષયોમાં પ્રયત્ન જ ન કરે તો શું કરવું ? તેના માટે આ પ્લેનમાં એવું રાખવામાં આવ્યું છે કે માસને અંતે જ્યાં સુધી બધાય વિષયના માસિક સ્વાધ્યાયો પૂરા ન થાય ત્યાં સુધી કોઈ પણ વિષયમાં તે વિદ્યાર્થીને આગળ સ્વાધ્યાય આપવામાં આવતો નથી. એ રીત નહિ ગમતા વિષયોમાં પણ પ્રયત્ન કરવાની વિદ્યાર્થીને ફરજ પડે છે. પડતા મૂકેલા વિષયો તૈયાર કરીને જ વિદ્યાર્થી આગળ વધી શકે છે.

આ પ્રમાણે આ પદ્ધતિથી બુદ્ધિશાળી અને મંદ વિદ્યાર્થીને, પ્રચલિત વર્ગશિક્ષણની પદ્ધતિની માફક શોષવું પડતું નથી. બુદ્ધિશાળી વિદ્યાર્થી આગળ ને આગળ વધે જાય છે. સ્વાધ્યાયો ઉપર સ્વાધ્યાયો તૈયાર કરતો જાય છે અને કદાચ સાત વર્ષનો ક્રમ પાંચ કે છ વર્ષમાં પણ પૂરો કરી શકે. મંદ વિદ્યાર્થીને પણ આ પદ્ધતિથી નુકસાન થતું નથી. બુદ્ધિશાળી વિદ્યાર્થી સાથે તેને પરાણે તણાવું પડતું નથી. પોતાની મંદ ગતિએ તે પોતાનો અભ્યાસ ચલાવી શકે છે. વળી, માંદા પડી ગેરહાજર



રહેલા વિદ્યાર્થીને પણ શોષવું પડતું નથી, કારણ કે જ્યાંથી તેણે પોતાનો સ્વાધ્યાય પડતો મૂક્યો હોય છે ત્યાંથી તે પાછો શરૂ કરી શકે છે અને વિદ્યાર્થી ચાલાક હોય તો ગેરહાજરીનું સાટું વાળી શકે છે. વળી આ પદ્ધતિમાં દર પક્ષે કે માસે વર્ગ જેવું પણ થાય છે. સમાન સ્વાધ્યાયવાળા ટોળીઓમાં પડી જાય છે. શિક્ષક તેમને પ્રશ્નો પૂછી તપાસી જુવે છે કે આપેલા સ્વાધ્યાય બરોબર તૈયાર થાય છે કે નહિ. અને વળી સમૂહને લગતી કેટલી સૂચનાઓ પણ શિક્ષક આપે છે. શિક્ષક પણ પોતાની નોંધ રાખે છે. વિદ્યાર્થીઓ પોતાના સ્વાધ્યાયમાં કેવી પ્રગતિ કરી રહ્યા છે તેની નોંધ (ગ્રાફ) શિક્ષકે રાખવાની હોય છે.

આ પદ્ધતિમાં સમયપત્રક હોતું નથી. સમયે સમયે ટકોરા વાગતા નથી. શાળાનો જે સમય રાખ્યો હોય તે દરમ્યાન વિદ્યાર્થીઓ પોતાના મનગમતા પ્રયોગમંદિરમાં જઈ શકે છે. એમ પણ બને કે કેટલાક વિદ્યાર્થીઓ શાળાનો બધોય સમય એક જ પ્રયોગમંદિરમાં ગાળે. જ્યારે કેટલાક વિદ્યાર્થીઓ જુદા જુદા પ્રયોગમંદિરમાં જાય. આ પ્રમાણે વિદ્યાર્થીઓને વિષય કે સમયનું બંધન હોતું નથી. જે વિષયમાં વિશેષ રસ હોય તે વિષયનું ઝપાટાબંધ આગળ જ્ઞાન મેળવી શકે. બંધન એટલું છે કે માસને અંતે દરેક વિષયમાં કરવા જોઈતા ઓછામાં ઓછા સ્વાધ્યાય તેણે તૈયાર કરેલા હોવા જોઈએ. જ્યાં સુધી આ પ્રમાણે ન થાય ત્યાં સુધી તે પોતાના મનગમતા વિષયમાં મહાલી ન શકે. માસમાં નક્કી કરેલા વિષયને પૂરા કરી ભલે પછી તે મનગમતા વિષયમાં આગળ ધસે.

આ પદ્ધતિથી વિદ્યાર્થીને ઘણો જ ફાયદો છે. વિદ્યાર્થી સ્વયં શિક્ષણના રસ્તે દોરાય છે. તે પરાવલંબી મટી પોતાની જાતે જ બધાં કામ કરતો થાય છે. મુશ્કેલીઓ દૂર કરવાનું તેનામાં બળ આવે છે. અને એકપ્રકારની આત્મશ્રદ્ધા વિદ્યાર્થીમાં ઉત્પન્ન થાય છે.

ચાલુ પદ્ધતિમાં વિદ્યાર્થીને જે પ્રમાણે દળી, પીસી, ઓગાળીને ખવરાવવામાં આવે છે તે તેને પચતું નથી પરિણામે વિદ્યાર્થીમાં વિદ્યાની શક્તિ આવતી નથી. વિદ્યાર્થીને હંમેશાં શિક્ષકના મોં સામું જ જોઈ રહેવાની ટેવ પડે છે. ભાવિ જીવનમાં પણ વિદ્યાર્થીની સ્વતંત્ર કામો ઉઠાવવાની જિગર ચાલતી નથી.

જાતે કામ કરવાનો આનંદ અનેરો હોય છે. ડોલ્ટન પ્લેનની પદ્ધતિથી શીખતાં વિદ્યાર્થીઓ આ આનંદ અનુભવી શકે છે. આ પદ્ધતિથી બુદ્ધિશાળીને વધુ વેગ મળે છે. મંદ વિદ્યાર્થીને ઢસડાવું પડતું નથી. પરિણામે શાળાનું કાર્ય કુદરતી અને આનંદમય બને છે.

આ પદ્ધતિમાં શિક્ષકની જવાબદારી ઘણી છે. શાળા બહારના સમયમાં ઘણા વિચારો અને યોજનાઓ વિચારવાની શિક્ષકને રહે છે. દર અઠવાડિયે સ્વાધ્યાયો તૈયાર

કરી આપવાના હોય છે. સ્વાધ્યાયો આપવામાં શિક્ષકને ઘણા જ્ઞાનની જરૂર પડે છે. આ બાબતમાં શિક્ષકનું જ્ઞાન જેટલું તલસ્પર્શી અને સંગીન હશે તેટલું તે વિદ્યાર્થીને ફાયદાકારક નીવડશે. પોતાના વિષયનું ચોક્કસ જ્ઞાન શિક્ષકને હોવું જરૂરી છે. તે વિના શિક્ષકના સ્વાધ્યાયો નિષ્ફળ, નીરસ અને યંત્રવત્ થવા સંભવ છે.

કેળવણી - ૧૯૨૮ બાપુભાઈ

## વેદના દેવો

ભાઈઓ અને બહેનો,

'વેદના દેવો' સંબંધીનો વિષય એટલો બધો વિસ્તૃત અને ગહન છે કે તેને ભાષણ દ્વારા ચર્ચવો એ મુશ્કેલીનો પ્રશ્ન છે. ઊંડો અભ્યાસ, સતત મનન, તપસ્યા અને આધ્યાત્મિક અનુભવો દ્વારા જ આ વિષયમાં કંઈક સમજી શકાય એટલો ગૂઢ આ વિષય છે. છતાં 'વેદ' સંબંધીનો મને જે કંઈ નજીવો ખ્યાલ છે તે આપની સમક્ષ રજૂ કરીશ.

'વેદ'નો પયાર્ય શબ્દ 'શ્રુતિ' છે. વિદ્ જાણવું-જ્ઞાન હોવું તથા શ્રુ-સાંભળવું એ ધાતુઓમાંતી આ શબ્દો બનેલા છે. પ્રાચીનકાળમાં આપણા ઋષિમુનિઓને ઘણીએક તપશ્ચર્યાને અંતે તેમના હૃદયમાં જે જ્ઞાનની વીજળીઓ ચમકી ઊઠી તથા જે બુલંદ અવાજોના પડઘાઓ સંભળાયા તેમાંથી આ 'વેદો'ની ઉત્પત્તિ થઈ એટલે 'વેદો' મનુષ્યરચિત ગણાતા નથી, પરંતુ સાક્ષાત્ પરમ તત્ત્વના પડઘાઓ છે.' અને તેથી જ તે શ્રુતિ કહેવાય છે. આ શ્રુતિ ઉપરથી પછીથી સંભારી સંભારીને જે જે શાસ્ત્રો રચાયાં તે 'સ્મૃતિઓ' બની. એટલે 'વેદ' અગર શ્રુતિ એ આપણું આદિશાસ્ત્ર છે.

પરંતુ દિલગિરીની વાત છે કે આ 'વેદ' સંબંધી આપણે હિન્દુઓ કંઈ પણ જાણતા નથી. ભણેલાઓ પશ્ચિમના વિદ્વાનો પાસેથી 'વેદ' સંબંધી પોતાનું જ્ઞાન મેળવે છે અને પશ્ચિમના વિદ્વાનો એના સંબંધી જે કંઈ અભિપ્રાયો આપે છે તેને શિરસાવન્દ્ય ગણી ચાલે છે. આપણા જૂના શાસ્ત્રીઓ અને વેદિયાઓ 'વેદ' એટલે કર્મકાંડ અને અગ્નિ સળગાવી તેમાં ઘી, તલ, ચોખા વગેરે હોમવા એટલું જ જાણે છે. 'વેદ'ના મંત્રો અને તેના દેવો એ શું છે તેના રહસ્ય સંબંધી બિલકુલ જ્ઞાન હોતું નથી. એટલે જે 'વેદ'ના ધ્વનિથી આપણા પૂર્વજો જે જગતજૂની સંસ્કૃતિ ઘડવા સમર્થ થયા હતા તેમાં પોતાનો કંઈ પણ ફાળો આપી શકતા નથી.

હવે પ્રથમ પશ્ચિમના વિદ્યાના જે દૃષ્ટિએ આપણા વેદો અને તેમાં આવતા વિવિધ દેવોને જુએ છે તે સંબંધી વિચાર કરીએ. કેટલાક વિદ્વાનો કહે છે કે, 'વેદ'ની



અંદર કેવળ બાહ્ય 'પ્રકૃતિની પૂજા' જ રહેલી છે. એટલે માણસજાતને કુદરતનાં બળો જોઈને જે આશ્ચર્ય અને ભયની લાગણી થઈ તે વ્યક્ત કરેલી છે. તથા કેટલાક સુંદર દેખાવો જોઈને તેમનું હૃદય હલમલી જવાથી કવિત્વભરેલું વર્ણન કરેલું છે. સૂર્ય, પવન, ઉષા, વરસાદ વગેરેનાં પ્રકૃતિવર્ણનો જ છે. કેટલાક કહે છે કે વેદમાં આર્ય અને અનાર્ય જાતિનું યુદ્ધવર્ણન છે. અનાર્યો ઉપર વિજય મેળવવા માટે, તેમને મહાત કરવા માટે આર્ય પ્રજાએ જે જે સાહસો ખેડ્યાં તેનું વર્ણન અને કથા તેમાં આવેલાં છે. તેમાં આર્યોએ વિવિધ દેવો પાસે ધન, બળ, ગાયો વગેરેની યાચનાઓ કરેલી છે. આપણા પ્રાચીન પંડિતોના મત પ્રમાણે 'વેદો'માં યજ્ઞ કરવાનું જ મુખ્ય કામ આવેલું છે અને વિવિધ દેવોની ઉપાસના કરી તેમની સ્તુતિ કરવામાં આવે છે.

આ બધાય ખ્યાલો ઘણા જ અધૂરા અને ભ્રમમૂલક છે. જો વેદમાં આવું જ હોય તો તેને હિન્દુઓનો મુખ્ય ગ્રંથ કહેવો એ કોઈ રીતે યોગ્ય નથી. આવા વેદો કરતાં તો આપણી ગીતા અને ઉપનિષદો ક્યાંયે ચઢી જાય. વાસ્તવિક રીતે 'વેદો'નું રહસ્ય તો કંઈક જુદું જ છે.

હું જ્યારે બી.એ.માં અભ્યાસ કરતો હતો અને જ્યારે ઋગવેદના કેટલાક મંત્રોનો અભ્યાસ કરવો પડ્યો ત્યારે મને લાગેલું કે જો 'વેદો' માં આ પ્રમાણે દેવોની સ્તુતિ અને ઉષાનું વર્ણન હોય તો પછી 'વેદો'ને એક કવિના કાવ્ય કરતાં ઉચ્ચ કોટિમાં મૂકવાની કંઈ જરૂર નથી. ત્યારથી મને વિચારો આવ્યા કરતા હતા કે ખરેખર 'વેદો'માં આવું જ બધું હશે. પરંતુ ત્યાર પછી એક મહાન યોગીના 'વેદો' સંબંધી કેટલાક લેખો વાંચ્યા પછી મને લાગ્યું કે વેદોનું રહસ્ય તો કંઈક જુદું જ છે. અને ત્યારથી શા માટે વેદો એ આપણો મુખ્ય ધાર્મિક ગ્રંથ છે તેનું રહસ્ય ખુલ્લું થયું.

ટૂંકમાં કહું તો વેદો અને વેદોના દેવોની પાછળ એક ઊંડું આધ્યાત્મિક તત્ત્વ અને પ્રત્યક્ષ અનુભવો રહ્યા છે. વેદોના દેવો એ તત્ત્વના મૂર્તિમંત સ્વરૂપો છે. જગતની અંદર જે એક મહાન તત્ત્વ વ્યાપી રહ્યું છે તેની વિવિધ શક્તિઓ એ દેવોરૂપે કામ કરી રહી છે. વેદમાં આવતું આર્ય અને અનાર્ય વચ્ચેનું યુદ્ધ એ માણસ પોતાની અંદર તથા બાહ્ય જગતમાં આવેલાં પ્રકાશ અને અંધકાર, જ્ઞાન અને અજ્ઞાન, દૈવી અને આસુરી પ્રકૃતિ વચ્ચેનું યુદ્ધ છે. આ યુદ્ધમાં વિજયી થવા અને મદદ કરવા માણસનો જાગેલો આત્મા, પ્રકૃતિ અને પરમાત્માનાં દૈવી બળો - દેવોને આહ્વાન કરે છે. અને પોતાના હૃદયમાં ઉર્ધ્વગામી અગ્નિ પ્રગટાવી નિષ્કામ કાર્યોરૂપી એક પ્રચંડ યજ્ઞ કહે છે.

હવે વેદની અંદર મુખ્ય મુખ્ય કયા કયા દેવો આવે છે તે વિચારીએ.

પ્રથમ 'અગ્નિ' દેવ આવે છે. જ્યારે માણસના દિલમાં થોડી ઘણી ઉષાનો પ્રકાશ આવવા માંડે છે ત્યારે તે આ અગ્નિને પ્રગટાવે છે. અગ્નિ એ પુરોહિત છે અને

અગ્નિ દ્વારા જ માણસના સર્વ બલિદાનો દેવોને પહોંચાડવામાં આવે છે. જ્યાં સુધી માણસના દિલમાં માનુષી અને દૈવી ઈચ્છાશક્તિ (Will-power) પ્રગટ થઈ કાર્ય નથી કરતી, ત્યાં સુધી માણસને અંધારામાં જ આથડવું પડે છે. અગ્નિ ચેતાવી માણસ યજ્ઞાર્થે સર્વ કાર્યો કરવા તત્પર થાય છે. અહીં એને એક મહાન મુસાફરી તરીકે વર્ણવામાં આવે છે. આ યજ્ઞ દ્વારા મનુષ્યનો રથ આગળ ને આગળ પ્રયાણ કરી રહ્યો હોય છે. સૂર્ય એ પરમ સત્યનું રૂપક છે. આ પરમ સત્ય અંધકારમાં ગૂઢ ઢંકાઈ ગયું છે. તેનાં કિરણો (સંસ્કૃતમાં ગાયો) ગુફાઓમાં ભરાઈ ગઈ છે. આ ગાયોને છોડાવવા માટે માણસનો આત્મા દેવોને બોલાવે છે. પરમ તત્ત્વ એ ચેતનાની ઉચ્ચ ભૂમિકા ઉપર આવેલું છે. તેમાંથી અમૃતનો વરસાદ થઈ રહ્યો હોય છે. પણ વૃત્ર (વૃ=ઢાંકવું) નામનો રાક્ષર-અજ્ઞાન-આ અમૃત વરસાદને રોકી રહ્યો હોય છે. તેનો નાશ કરવા માણસ ઈન્દ્ર(દૈવી મનના દેવને) બોલાવે છે. આ દૈવી મનની વિજળીઓના ઝબકારાઓથી અને ગડગડાટથી વૃત્રનો નાશ થાય છે અને રોકી રાખવામાં આવેલો અમૃતનો વરસાદ વરસે છે. સત્યના સૂર્યને પહોંચવા માટે માનવી પોતાના આત્મામાં રણ સંગ્રામ ખેડી રહ્યો હોય છે. તેને મદદ કરવા વિવિધ દેવોને તે બોલાવે છે. દેવો પણ જ્યારે મનુષ્ય ઠરી માંડીને બેસે છે. ત્યારે આવવા તૈયાર થાય છે અને તેના કાર્યમાં તેને મદદ કરે છે. સત્ય સૂર્યને મેળવાના આ યુદ્ધમાં મુખ્ય મદદ કરનારા દેવોમાં વરુણ, મિત્ર, આર્યમન અને ભગ એ મુખ્ય છે. ઈન્દ્ર તો મુખ્ય યોદ્ધો છે. મરુતોની (પ્રાણબળ) મદદથી ઈન્દ્ર યુદ્ધ ખેલી રહ્યો હોય છે.

વરુણને સામાન્ય રીતે પુરાણોમાં સમુદ્રનો-જળનો દેવ ગણવામાં આવ્યો છે- પણ તે આ બ્રહ્માંડના વ્યાપી રહેલા વિશાળ તત્ત્વોનો - વિશાળતા, મહત્તા અને શુદ્ધિનો દેવ છે. પ્રથમ માણસનો આત્મા વિનાશક અને શુદ્ધ ભાવને પામે તો જ તે દૈવીમનને પ્રાપ્ત કરી શકે છે. વરુણ એ રાજા છે. સર્વ ઉપર તેની હકૂમત ચાલે છે. માણસ જ્યાં સુધી અહંવૃત્તિમાં હોય છે ત્યાં સુધી તે વિવિધ પાશથી બંધાયેલો છે. શરીર, પ્રાણ અને મનના વિવિધ બંધનોથી પિડાઈ રહ્યો હોય છે. વરુણ આ બંધનો છેદે છે વરુણ સંબંધી વેદમાં વાત આવે છે કે શુનઃશેપને યજ્ઞમાં હોમવા માટે દોરડાઓ વડે બાંધીને લાવવામાં આવે છે અને તે વરુણની સ્તુતિ કરે છે એટલે વરુણ તેને એ પાશોમાંથી મુક્ત કરે છે. કહેવાનું તાત્પર્ય કે માણસ પોતાની અહંવૃત્તિના આ ત્રણ પાસોથી બંધાયેલો છે. જ્યારે એ વિશાળ ભાવને પામે છે ત્યારે બંધનોમાંથી મુક્ત થાય છે. વરુણની સાથે મિત્ર આવે છે. મિત્ર એ આનંદ અને સંવાદી તત્ત્વનો દેવ છે. માણસનો આત્મા વિશાળ ભાવને પામ્યા પછી તે ફક્ત ખાલી વિશાળપણું જ સેવે તે બસ નથી. આ વિશાળતામાં આનંદ અને સંવાદીપણાનાં તત્ત્વો ભરવા



જોઈએ (Love and harmony) અને જ્યારે વરુણ અને મિત્ર બંને સાથે માણસના આત્મામાં વસે છે ત્યારે તેનામાં એક પ્રકારની શક્તિ આવે છે. અર્યમન એ આગળ વધવાની, પ્રયત્નો કરવાની શક્તિનો દેવ છે. અને ત્યાર પછી ભગ એ આનંદ ભોગવવાનો દેવ છે. માણસમાં જ્યારે વરુણ, મિત્ર અને અર્યમન કામ કરી રહ્યાં હોય છે ત્યારે છેવટે તેને વીર્યનો આનંદ પ્રાપ્ત થાય છે. આ પ્રમાણે સત્યના સૂર્યને પહોંચવા માટે આ ચારે દેવો માણસને સહાયતા આપે છે. ઈન્દ્રની સાથે મસ્ત હોય છે. ઈન્દ્ર ઘોડા જોડેલા રથમાં બેઠેલો હોય છે. અશ્વ એ શક્તિદર્શક શબ્દ છે.

યજ્ઞથી અંદર સોમ દેવને અગત્યનું સ્થાન આપવામાં આવે છે. કહે છે કે ઈન્દ્રને સોમ ઘણો જ પ્રિય હોય છે. સોમ એટલે આનંદશક્તિ. આનંદશક્તિનું પાન કરીને જ સર્વે દેવો પોતાનું કામ કરી રહ્યા હોય છે.

આ દેવોને મદદ કરવા માટે બીજાં ઘણાંયે દેવદેવીઓ, નાની મોટી દૈવીશક્તિઓ હોય છે. દેવોની માતા અદિતિ છે. અદિતિમાંથી આ દેવો જન્મે છે. અદિતિ એટલે અમર્યાદાપણું - વિશાળતા. જ્યાં વિશાળતા હોય છે ત્યાં દેવો હોય છે. રાક્ષસોની માતા દિતિ છે. દિતિ એટલે સાંકડાપણું. વિશાળતા અને સાંકડાપણા વચ્ચે હરહંમેશ યુદ્ધ ચાલી રહ્યું હોય છે. આ રાક્ષસો અનેક પ્રકારના હોય છે. દેવની સાથે હંમેશા તેઓ લડતા જ હોય છે. ઉષાનું વર્ણન વેદની અંદર બહુ જ સુંદર રીતે આપેલું છે. સૂર્યનું દર્શન થયાં પહેલાં જે સુંદર આછો આછો પ્રકાશ દૃષ્ટિએ પડે છે તે ઉષા. સત્ય સૂઝની શોધમાં જતાં ઉષાનું પ્રથમ દર્શન થાય છે. માણસના આત્મામાં સત્યના પ્રકાશનો એક ઝબુકો થતાં જે આનંદ અને ઉત્સાહ માણસમાં ભરાય છે તેનું તાદશ વર્ણન ઋષિઓ એ ઉષાની સ્તુતિમાં આપેલું છે.

વેદોની અંદર જે જે દેવોની સ્તુતિઓ કરવામાં આવી છે તે દેવોને ઋષિઓ જાણે પ્રત્યક્ષ જોતા હોય અને સાક્ષાત્ અનુભવતા હોય તેમ લાગે છે. જો આ આધ્યાત્મિક દૃષ્ટિ લક્ષમાં રાખી વેદોને સમજવા અને અનુભવવા પ્રયત્નો કરવામાં આવે તો કેટલીક અસંગત જણાતી બાબતોનો જલદીથી ખુલાસો થઈ જાય તેમ લાગે છે. વેદમાં વારે વારે સૂર્યની ગાયોનું વર્ણન આવે છે. સૂર્યની ગાયો એટલી સત્યરૂપી સૂર્યનાં કિરણો છે. તેને છોડાવવા માટે ઈન્દ્ર અસુરો સાથે યુદ્ધ કરે છે. અનાર્યોએ આ ગાયોને ગુફામાં પૂરી દીધી છે. એટલે માણસના અધઃ ચેતનાના થરમાં આ સત્ય સૂર્યનો પ્રકાશ પુરાઈ ગયો છે ત્યાંથી તેને બહાર કાઢવો જોઈએ. તે માટે દેવો પ્રથમ પોતાના શિકારી કૂતરા - સરમાને મોકલે છે. આ સરમા તે માણસની 'પ્રતિભા શક્તિ' છે. આ પ્રતિભાના બળે માણસ ગુફાઓમાંથી પણ સત્યસૂર્યનાં કિરણોને શોધી કાઢે છે.

ઋષિઓ વારંવાર ગાયો, અશ્વ અને રૈની માગણી કરે છે. ગાયો એટલે પ્રકાશ,

અશ્વ એટલે શક્તિ અને રૈ એટલે આધ્યાત્મિક પુષ્ટિ - આવા અર્થો થાય છે. ઈન્દ્ર વારંવાર વૃત્ર, વત્લ અને નમુચી સાથે યુદ્ધ કરે છે. વૃત્ર અને વત્લ આવરણ કરનારી આસુરી શક્તિઓ છે. નમુચી એ નબળાઈ છે. આ આસુરી શક્તિઓ માણસ ઉપર વારંવાર ચઢી બેસે છે. તેને તોડી ફોડી દૂર કરનાર માણસનું દૈવી કામ છે. અને ત્યારે વાદળાંના રૂપમાં આત્માજળને રૂંધી નાંખનાર વૃત્રનો ઈન્દ્ર નાશ કરે છે ત્યારે અમૃત વરસાદની ધારાઓ વરસે છે.

વેદમાં સાત લોકની વાત આવે છે. પરમતત્ત્વ આ સાત લોકની પર રહેલું છે. આ સાત ચેતનાની ભૂમિકાઓ છે. સૌથી નીચી - જેના ઉપર માનવીની સ્થિતિ છે તે **ભૂઃ**-પૃથ્વીલોક છે. ત્યાર પછી પ્રાણલોક (Wital World)–**ભુવઃ** છે. ત્યાર પછી દૈવી મનનો પ્રદેશ **સ્વઃ** આવે છે. તેના ઉપર વિજ્ઞાનલોક આવેલો છે. **મહલોક** - ત્યાર પછી **આનંદ ચિત્ લોક, સત્ લોક** આવેલા છે. પુરાણો લોકોની વેદના આ વેદ ઉપરથી જ લીધેલી છે. આ લોકો માનવીના આત્માની ચઢતી ભૂમિકાઓ છે. માણસ નિષ્કામ કર્મોરૂપી યજ્ઞ કરી દેવોની મદદથી એક પછી એક લોકને સર કરતો આગળ વધે જાય છે. એનો આત્મા એટલો વિશાળ બનતો જાય છે કે તેને નવીન જગતોનું ભાન થતું જાય છે.

ગાયત્રીનો મંત્ર જે વેદની કૂંચી તુલ્ય છે તેમાં પરમ સત્યસૂર્યની સ્તુતિ છે. આ સત્યસૂર્ય તે વિજ્ઞાન લોકનો સૂર્ય છે અને તે ઉચ્ચ પરમતત્ત્વના સત્ ચિત્ આનંદ અને મનુષ્યના પૃથ્વી, અંતરિક્ષ અને સ્વર્ગની વચ્ચે રહેલો છે. અને તેથી જ ગાયત્રીમાં ૐ ભૂ ભૂવઃ સ્વઃ તત્ સવિતુ वरेण्यं धी महि धियो यो नः प्रचोदयात् । જે ભુવઃ સ્વઃ ની પેલે પર રહેલો છે એવા સત્યસૂર્યદેવના સુંદર કિરણોનું અમે ધ્યાન ધરીએ છીએ તે અમારી બુદ્ધિને પ્રેરણા આપો.

આ પ્રમાણે સત્યસૂર્યની શોધમાં જ આપણા ઋષિમુનિઓએ પોતાનું જીવન વિતાવી આવી અજબ સંસ્કૃતિ ઘડી છે. અને હાલની આપણી સ્થિતિમાં આ સત્યના સૂર્યને છોડાવવા માટે આપણે પણ પ્રયત્ન કરવો જોઈએ. આ આધ્યાત્મિક સંગ્રામના રૂપકને અત્યારની પરિસ્થિતિને લાગુ પાડીએ તો હાલ આપણા દેશમાં પણ આ સત્ય સ્વતંત્રતાનો સૂર્ય કેદમાં પુરાઈ ગયો છે તેને છોડાવવા માટે દેશભરમાં મહાન યજ્ઞ ચાલી રહ્યો છે. તે યજ્ઞમાં અગ્નિ તરીકે આપણા રાષ્ટ્રપતિ ઠેરઠેર અગ્નિની જ્વાલાઓ જગાવી રહ્યા છે અને મહાત્મા ગાંધીજી, રાજેન્દ્ર બાબુ, રાજગોપાલાચાર્ય સરદાર અને અન્ય દેશભક્તો પ્રકાશના દેવો તરીકે હિન્દુસ્તાનની સ્વતંત્રતા માટેના આ યજ્ઞમાં ઝઝૂમી રહ્યા છે. આ યજ્ઞમાં જેમ જેમ વધુ ને વધુ બલિદાનો હોમાય તેમ તેમ સત્ય-સ્વતંત્રતા સૂર્યની વધુ ને વધુ નજદીક આપણે જઈ રહ્યા છીએ. દેશકાળ પ્રમાણે યજ્ઞનું



સ્વરૂપ બદલાય છે. હાલ જુદી રીતે, જુદા જ બાહ્ય શરીરે યજ્ઞ ચાલી રહ્યો છે. તેમાં યથાશક્તિ આહુતિ આપી આ સત્ય-સ્વતંત્રતાના સૂર્યને મેળવવા ભાગ્યશાળી થઈ રહે એવી પરમાત્મા પ્રત્યે પ્રાર્થના કરી વિરમીશ. ઈતિ ૐ

- બાપુભાઈ

## ભૂતકાળમાં ડોકિયું

કેળવણીના જટિલ પ્રશ્નો અત્યારે આપણને જેવા મૂંઝવી રહ્યા છે તેવા કોઈ પણ પ્રશ્નો નહિ મૂંઝવતા હોય. પૃથ્વીના સર્વ દેશોમાં કેળવણીની ચર્ચા અને તેના લક્ષ્યબિંદુ માટે ઉહાપોહ થઈ રહ્યો છે. કેવા પ્રકારની કેળવણી મનુષ્યજાતિનું કલ્યાણ સાધી શકે તે માટે અનેક કેળવણીકારો આત્માનું મંથન કરી રહ્યા. બે વર્ષના બાળકથી માંડીને તે વૃદ્ધાવસ્થાએ પહોંચેલા મનુષ્ય માટે કેળવણીના અનેક અખતરાઓ થઈ રહ્યા છે.

કિન્ડરગાર્ડન, મોન્ટેસોરી, ડોલ્ટન, પુસ્કાલયપ્રચાર, મેજીક લેન્ટર્ન વગેરે પદ્ધતિ દ્વારા જનસમાજને કેળવવાના અનેકવિધ પ્રયત્નો થઈ રહ્યા છે, છતાં આ જટિલ પ્રશ્નોના સંતોષકારક ફડચો આવી શક્યો નથી.

આવી સ્થિતિમાં ભૂતકાળનું કેળવણીશાસ્ત્ર શું કહે છે ? ભૂતકાળે આ જટિલ પ્રશ્નનો ઉકેલ કંઈ કાઢ્યો છે ? ઉપનિષદમાં સમયમાં શિષ્ય ગુરુ પાસે વિદ્યા ભણતો તે સમયે કેળવણીનું શું લક્ષ્ય હશે ?

વૈયક્તિક અને સામાજિક પ્રશ્નનો કંઈ વિચાર થયો છે ? કે ફક્ત આધ્યાત્મિક વિકાસમાં જ ગુરુશિષ્ય મગ્ન રહેલા છે ? તે સમયે ઉપનિષદ્‌ની શરૂઆત અને અંત શાંતિમંત્રથી થતાં. એ શાંતિમંત્રો ઉપર જો આપણે મનન કરીએ તો તેમાંથી કેળવણીનાં અદ્‌ભુત સત્યો મળી શકે તેમ છે.

केनोपनिषद्‌ની શરૂઆતમાં ગુરુ અને શિષ્ય પ્રાર્થના કરે છે કે :

ॐ तेजस्विनावधीतमस्तु मा विद्विषावहै ॥

ॐ शांतिः । शांतिः । शांतिः ।

આપણી વિદ્યા આપણું રક્ષણ કરો ! આપણને શરીરે, મને અને બુદ્ધિએ એવા મજબૂત બનાવે કે આપણું રક્ષણ કરવા આપણે સમર્થ થઈએ. એવી વિદ્યા ન હોવી જોઈએ કે જે મેળવવાથી આપણે સ્વરક્ષણની શક્તિ જ ખોઈ બેસીએ. જે સ્વરક્ષણ કરવા સમર્થ નથી તે જગતનું શું કલ્યાણ કરી શકે ? અત્યારે આપણે 'શાળામાં સ્વરક્ષણની તાલીમ'ની જે બૂમો પાડી રહ્યા છીએ તેનું યથાર્થ દર્શન સમાજને ભૂતકાળમાં થયું હતું. અત્યારે કેવી રીતે વિદ્યા અપાઈ અને મેળવાઈ કે વિદ્યા આપનાર અને લેનાર બન્ને સ્વરક્ષણનું સામર્થ્ય ગુમાવી બેઠા ? કેળવણીનો આ પ્રથમ સિદ્ધાંત

ખાસ મનન કરવા યોગ્ય છે. ગુરુ અને શિષ્ય અભ્યાસની શરૂઆતમાં તેનું ધ્યાન ધરે એ ઈષ્ટ જ છે. ૐ सहनाववतु ।

તે વિદ્યા આપણ બન્નેને સુખેથી સંસારમાં જિવાડે ! આપણી વિદ્યા આપણું પોષણ કરે ! આપણે એવા પ્રકારની વિદ્યા મેળવીએ કે જેથી જીવનનિર્વાહ સ્વતંત્ર રીતે નિશ્ચિત મને ચાલી શકે. આ સૂત્ર અત્યારના જીવનકલહમાં કેટલું બંધબેસતું છે. અત્યારે આપણે ચોતરફ સાંભળી રહ્યા છીએ કે ભણેલા ભૂખે મરે છે. તેમને પોતાનું ગુજરાન કેમ ચલાવવું એ મોટો પ્રશ્ન થઈ પડ્યો છે. જેનાથી પોષણ માટે ચિંતા રહે એ વિદ્યા કહેવાય ? ''શિક્ષકો પોતાનું સંસારનાવ ચલાવી શકતા નથી. તેમના પગાર વધારવા જોઈએ. મેટ્રિક અને બી.એ. ભણેલાને કંઈ કામ ધંધો મળતો નથી. શાળાઓમાં ઉદ્યોગો દાખલ કરવા જોઈએ. હુન્નર-ઉદ્યોગની કેળવણી આપવી જોઈએ.'' વગેરે વગેરે બાબતો શું બતાવી રહી છે ? આપણો ભૂતકાળનો સમાજ આ વાત બરાબર સમજતો હતો. તેથી જ ગુરુ અને શિષ્ય પ્રાર્થના કરતા કે, सहनौ भुनक्तु।

આપણે બન્ને પુરુષાર્થ કરીએ ! જેનું શરીર અને મન સશક્ત હોય અને જે સ્વપ્રયત્ને પોતાનું પેટ ભરી શકતો હોય તે જ કંઈ સમાજનું ભલું કરી શકે ને ? સમાજે જેને વિદ્યા આપી તે સમાજની ઉન્નતિના કાર્યમાં પોતાનો ફાળો ન આપે તો ચોર જ ગણાય ને ? એટલે સમાજસેવા પણ કેળવણીનો એક સિદ્ધાંત ગણાયો છે. કુટુંબ, જ્ઞાતિ, સમાજ અને જગત માટે પુરુષાર્થ ખેડવાની પ્રેરણા જે વિદ્યાર્થીને ન મળે તે વિદ્યા નથી. અત્યારે આપણે જોઈ રહ્યા છીએ કે સમાજસેવકોનો દુકાળ પડ્યો છે. સમાજસેવાના મંત્ર અત્યારની કઈ વિદ્યામાં શીખવવામાં આવે છે ? અત્યારની કેળવણી તો શિકારધર્મ શીખવી રહી છે. તેમાં સમાજ સેવાને અવકાશ જ ક્યાં છે ? હમણાં હમણાંથી બોય સ્કાઉટ અને તેના જેવી પ્રવૃત્તિઓના વિચારો ઊઠ્યા છે. આપણા પ્રાચીન સમાજે આ સમાજસેવાનું સૂત્ર કેળવણીમાં ગૂંથી જ નાંખ્યું હતું અને તેથી જ તેમને સમાજ અને જગત માટે પુરુષાર્થ કરવો એ ગુરુશિષ્યની નિત્ય પ્રાર્થના હતી. सह वीर्यं करवावहै ।

જે વિદ્યા સમાજ માટે પુરુષાર્થ કરવાની પ્રેરણા આપે તે વિદ્યા તેજસ્વી રહેવી જોઈએ, તેના ઉપર કાટ ન ચડવો જોઈએ. પોતાનું તેજ જાળવી ન રાખે તો અધઃ પતન થવાનો સંભવ છે સમાજસેવક બની કંગાલવેડા ન આવવા જોઈએ. સેવકો સમાજના પાટું ખાનાર સેવકો ન થવા જોઈએ. પાટું ખાનાર સેવકો સમાજનું કે પોતાનું કલ્યાણ ન કરી શકે. સેવા સાથે સ્વમાન જોઈએ, નહિ તો, સેવાનો પ્રવાહ કુમાર્ગે વહી જાય, લોભ અને મોહમાં તણાઈ જવાય અને સેવકો ભિખારીની કોટીમાં ગણાઈ જાય. માટે જ ગુરુશિષ્યે હંમેશાં પ્રાર્થના કરવી રહી કે, तेजस्विनावधीतमस्तु ।



સામાજિક કાર્યો કરવામાં એક બાબતથી ખાસ ચેતતા રહેવાની જરૂર છે. મનુષ્યને ડગલે ને પગલે હેરાન કરનારી વૃત્તિ ઈર્ષા છે. આ ઈર્ષા અને દ્વેષને લીધે આપણી અનેક શુભ પ્રવૃત્તિઓ તૂટી પડી છે. એક જેવા જણાતા મિત્રોમાં પણ આ વૃત્તિ પોતાનું છૂપું કાર્ય કરી શકે છે. સાથે બેસનારા, સાથે ફરનારા અને સાથે કામ કરનારાઓમાં પણ આ વૃત્તિ ઘર કરી બેસે છે. જો એક વાર આ વૃત્તિને જરા પણ અવકાશ મળ્યો તો તે દિવસે દિવસે વધતી ચાલે છે અને પરિણામે ભયંકર સ્વરૂપ પકડે છે અને શુભ પ્રવૃત્તિને તોડી નાંખે છે. સાથે કામ કરનારાઓએ સતત આત્મનિરીક્ષણ કરી આ ઈર્ષા-અસૂયાની વૃત્તિનું નાનામાં નાનું મૂળ પણ મનમાં ન રહેવા દેવું. મન હંમેશાં પ્રસન્ન રહેવું જોઈએ. યોગમાં બતાવેલા માર્ગનું મનન અને અનુશીલન કરવાથી મન પ્રસન્ન થાય છે.

मैत्रीकरुणामुदितोपेक्षाणां
सुखदुःखपुण्यविषयानां
भावनात्चित्प्रसादनम् ॥ 33 ॥

**- યોગસૂત્ર-સમાધિપાદ**

સુખથી મૈત્રી, દુઃખી પર કરુણા, પુણ્યવાનથી હર્ષ અને પાપાત્માની ઉપેક્ષા, એવી વૃત્તિઓ ધારણ કરવાથી ચિત્તની પ્રસન્નતા પ્રાપ્ત થાય છે. આ પ્રમાણે મનને પ્રસન્ન કરી ઈર્ષા, અસૂયાની વૃત્તિને દૂર કરી એકસંપથી સામાજિક કાર્યો કરવા ગુરુશિષ્ય બન્ને પ્રાર્થના કરે છે કેઃ माविद्विषावहै ॥

જો આવી જાતની વિદ્યા મળે તો તેનું પરિણામ પોતાને, સમાજને અને જગતને શાંતિકર અને શ્રેયસ્કર નીવડે એમાં શું આશ્ચર્ય ? ૐ शांतिः । शांतिः । शांतिः

ઉપરના शांति મંત્રનું આપણે રહસ્ય જોયું. હવે ટૂંકમાં તેની અંદર રહેલા કેળવણીના પાંચ મહાન સિદ્ધાંતોનું દિગ્દર્શન કરીએ.

૧. વિદ્યા ગુરુ અને શિષ્યનું રક્ષણ કરનારી હોવી જોઈએ. તે માટે કેળવણીમાં શારીરિક કેળવણીને પ્રથમ સ્થાન હોવું જોઈએ. શરીરની કેળવણી એ સર્વના પાયા રૂપ હોવી જોઈએ. ગુરુશિષ્યને પોતાના રક્ષણ માટે પરાવલંબી ન થવું પડે. પોતે પોતાનું રક્ષણ કરી શકે એટલી તાલીમ તો અવશ્ય મળવી જોઈએ.

૨. સ્વરક્ષણની શક્તિ મેળવ્યા પછી પોતાના પોષણનો પ્રશ્ન આવે છે. પેટ ભરવાનો પ્રશ્ન કેળવણીકારે ઉકેલવો જ જોઈએ. નહીં તો, બધી વિદ્યા અફળ જવાની. પેટ ભરવા પરતંત્રતા અને ગુલામીને જો સ્વીકારવાનું આવી પડે, તો સમજવું કે મળેવી વિદ્યા નિરર્થક નીવડી છે.

વિદ્યાર્થી ગુરુ અને શિષ્યનું ભરણપોષણ થઈ શકે તેવી વ્યવસ્થા તેની અંદર હોવી જોઈએ.

૩. સ્વનિર્વાહનો પ્રશ્ન ઉકેલ્યા બાદ સમાજનો પ્રશ્ન ખડો થાય છે. સમાજ માટે પુરુષાર્થ કરવાની પ્રેરણા વિદ્યામાંથી વિદ્યાર્થીને મળવી જોઈએ. સમાજના કલ્યાણમાં પોતાનું કલ્યાણ રહેલું છે એવી સમજણ અને તે કરવાની શક્તિ, વિદ્યાર્થી, ગુરુ અને શિષ્યમાં આવવી જોઈએ.

૪. વિદ્યાર્થીની તેજસ્વિતા વધવી જોઈએ. જે વિદ્યા નમાલા અને રાંક વિદ્યાર્થી ઉત્પન્ન કરે છે તે નકામી છે. વિદ્યાર્થી-વિદ્યાર્થીઓમાં તનમનાટ અને કાર્યશક્તિ ખીલવાં જોઈએ.

૫. સૌથી અગત્યની વસ્તુ એ છે કે ગુરુશિષ્ય વચ્ચે ગાઢ પ્રેમ રહેવો જોઈએ. તેઓ એકબીજાનો દ્વેષ ન કરે, સામાજિક કાર્યો સાથે રહી એકસંપથી ઉત્સાહપૂર્વક કરે એ વિદ્યાનો અંતિમ અને ઉત્કૃષ્ટ હેતુ છે.

૬. શરીર ઘણું મજબૂત બન્યું હોય, સ્વતંત્ર આજીવિકા મેળવવાની શક્તિ આવી હોય, પુરુષાર્થ કરવાનું જોમ હૃદયમાં ભર્યું હોય, વિદ્વતા અને સ્વતંત્ર વિચારોના વાતાવરણમાં વિદ્યા ફૂલીફાલી હોય, છતાં, જો હૃદયમાં અસૂયા અને દ્વેષને સ્થાન હોય, જો બીજાની શુભ પ્રવૃત્તિઓ જોઈ અંતરાત્મા રાજી થતો ન હોય, જો બીજાને આગળ વધતા જોઈ તેને તોડી પાડવાના જ વિચારો ઉદ્ભવતા હોય, તો સર્વ કર્યુંકરાવ્યું ધૂળ છે, મેળવેલી વિદ્યા અફળ છે. તેવી વિદ્યા પોતાનું, સમાજનું કે જગતનું કંઈ પણ કલ્યાણ ન સાધતાં ઊલટું તેને અનર્થ અને અધઃપતનના ખાડામાં ઉતારે છે.

આ પ્રમાણે જેમાં કેળવણીનાં અગૂઢ સત્યો સમાયાં છે તેવા ઉપનિષદ્‌ના આ શાંતિમંત્રનું વાંચન, મનન અને નિદિધ્યાસન કરી પોતાનું અને જગતનું કલ્યાણ સાધીએ.

ॐ सहनाववतु। सह नौ भुनक्तु। सहवीर्यं करवावहै।
तेजस्विनावधीतमस्तु। मा विद्विषावहै॥
ॐ शांतिः। शांतिः। शांतिः।

અસ્તુ.

કેળવણી' : ચૈત્ર સંવત ૧૯૮૩ બાપુભાઈ ગામી



**(મહેસાણા પ્રાંત સેકન્ડરી સ્કૂલ યુનિયનના શિક્ષકોની કોન્ફરન્સ આગળ આપેલ વ્યાખ્યાન. સ્થળ : પિલવાઈ તા. ૧૧-૨-૪૨)**

**બાપુભાઈ વિ. ગામી**
આચાર્ય : સર્વવિદ્યાલય હાઈસ્કૂલ, કડી

## શિક્ષણનું કેન્દ્ર

**પ્રસ્તાવના**

આદિકાળથી - માનવીના ઉત્પત્તિકાળથી તે આજ પર્યન્ત જે અનેક પ્રશ્નો ઉત્પન્ન થયા છે તેમાં સૌથી મહત્ત્વનો પ્રશ્ન શિક્ષણનો છે, કારણ કે ઘણાખરા પ્રશ્નોનો ઉકેલ આ મહાપ્રશ્નના ઉકેલ ઉપર અવલંબી રહેલો છે અને ઘણાખરા પ્રશ્નોની ગૂંચો આ 'શિક્ષણ'ના પ્રશ્નને ગૂંચવી કાઢવાને લીધે ઊભી થયેલી હોય છે.

શિક્ષણનો પ્રશ્ન આખીએ માનવજાતિની સંસ્કૃતિ અને ઉત્ક્રાન્તિ સાથે સંબંધ ધરાવતો એક જટિલ પ્રશ્ન છે. અને કુદરતી રીતે જેમ કોઈ જટિલ પ્રશ્નને અનેક પાસાં, અનેક અંગો અને ઉપાંગો અને અનેક દષ્ટિબિન્દુઓ હોય છે તે પ્રમાણે આ પ્રશ્નના સંબંધમાં પણ છે. જેમ કેટલીક બાબતોમાં 'તડ અને ફડ' વૃત્તિથી કામ લેવામાં આવે છે તે પ્રમાણે જો આ શિક્ષણના પ્રશ્નનો વિચાર કરવામાં આવે તો એમાંથી કંઈ પણ તથ્ય ન મળે. આ પ્રશ્ન તો વિશાળ દષ્ટિ, ઊંડી સમજ અને સતત તપશ્ચા માગી રહ્યો છે.

આ પ્રસંગે આ બધા પ્રશ્નની છણાવટ થવી શક્ય નથી. પણ જો એકવાર આપણી સન્મુખ તેના કેન્દ્રની કંઈક ઝાંખી થાય અને તે આપણા હિતમાં અને મગજમાં ઊતરે તો સમય જતાં સતત મનન અને ચિંતનને પરિણામે આ પ્રશ્નને સારી રીતે સમજી શકાય. શિક્ષણના કાર્યમાં મેં અત્યાર સુધી જે કંઈ વિચાર કર્યો છે તથા આ ક્ષેત્રમાં મને જે કંઈ પ્રત્યક્ષ અનુભવ મળ્યો છે તે ઉપરથી મને લાગે છે કે આ પ્રશ્નનો સંતોષકારક અને સફળ ઉકેલ લાવવા માટે તેના હાર્દને સમજવું પ્રથમ જરૂરિયાતની વસ્તુ છે અને એકવાર વસ્તુનું હાર્દ-કેન્દ્ર હાથ આવે તો તેનાં અંગો સહેલાઈથી સમજી શકાય છે, તેમજ ધીમે ધીમે એ પ્રશ્નને હસ્તગત કરી શકાય છે.

**શિક્ષણના વિવિધ અંગોની સમાલોચના**

શિક્ષણના કેન્દ્રનો વિચાર કરીએ તે પહેલાં તેના બાહ્ય અને આંતરઅંગોનું વિહંગાવલોકન કરવું જરૂરી છે. શિક્ષણનું સ્થૂલ અંગ - જે સામાન્ય જન સમાજની સ્વાભાવિક દષ્ટિએ ચઢે છે તે તેનાં મકાન અને ફર્નિચર છે. શરીરમાં પ્રાણ હોય તો જેમ દરેક ઇચ્છે કે તેના હાથપગ અને અન્ય અવયવો સપ્રમાણ શક્તિ આપે

અને ભરાવદાર હોય તે પ્રમાણે કોઈ પણ સારી શિક્ષણસંસ્થા પોતાને માટે સગવડવાળું સાદું પણ કળામય મકાન ઇચ્છે એમાં કંઈ અજુગતું નથી. ઉપરાંત જેના ઉપર વિદ્યાર્થીને પાંચ કલાક બેસી પોતાનું શિક્ષણ કાર્ય કરવાનું છે તે પાટલીઓ અને ખુરશીટેબલો કે અન્ય પ્રકારનું ફર્નિચર શરીરને બેડોળ ન બનાવી મૂકે કે આરોગ્યને વિઘ્નરૂપ ન નીવડે એવી જાતનું હોય એ પણ આવશ્યક વસ્તુ છે. આ ઉપરાંત શિક્ષણમાં સંસ્થાના મકાનો માટે જગાની પસંદગી ઉપર પણ ખાસ લક્ષ્ય રાખવાની જરૂર હોય છે. સ્થૂલ હૃદયમાંથી માણસ પોતાના સ્થૂલને સંતોષે અને રંજન ન કરે એવું ઘણું મેળવી શકે છે. જનસમાજ અને કારખાનાના કોલાહલથી મુક્ત એવા વિશાળ કુદરતી દશ્યોવાળા પ્રદેશની શિક્ષણસંસ્થા માટે પસંદગી થવી જોઈએ. જેમ અનુકૂલ મકાન અને ફર્નિચર બાળકના સ્થૂલના આરોગ્ય અને રક્ષણ માટે ઉપયોગી છે તે જ પ્રમાણે તેના મન, બુદ્ધિ અને હૃદયને સંતોષે, પ્રફુલ્લ બનાવે અને કેળવે અને ભાવિ જીવનમાં તેને યોગ્ય સમાજમાં પોતાનું સ્થાન અને કાર્ય નક્કી કરવામાં મદદરૂપ બને એવી જાતનાં પાઠ્યપુસ્તકો અને અભ્યાસક્રમની યોજના હોવી એ અતિ અગત્યની બાબત છે. આ સાથે જેના માટે આ બધાં સાધનોનો વિચાર કરીએ છીએ એ વિદ્યાર્થીઓ સંબંધી તો ખાસ વિચારણા કરવી જોઈએ. જેમ કોઈ માળી સુંદર બગીચો બનાવવા માટે સાધનો વગેરેનો વિચાર કરે છે પણ તે સાથે તેની મુખ્ય વિચારણા તો કયા છોડવા અને કેવું ખાતર, કેવું પાણી અને કેવી હવા અનુકૂળ છે તે હોય છે. તે પ્રમાણે વિદ્યાર્થીના માનસ અને શક્તિનો અભ્યાસ કરી તેનો વિકાસ કરવા શું શું કરવું જોઈએ, કેવા કેવા ઉપાયો લેવા જોઈએ, કઈ પદ્ધતિએ તેની ગુપ્ત શક્તિઓને બહાર લાવવી જોઈએ વગેરે બાબતોનો સતત વિચાર કરવો આવશ્યક છે. બાળકોને અમુક વસ્તુઓ આવડે એટલું બસ નથી, પણ તે સાથે કઈ પદ્ધતિએ તે બાબતો વિદ્યાર્થી હસ્તગત કરે છે તેના ઉપર જ જીવન્ત શિક્ષણનો આધાર છે. સરકસમાં જંગલી પ્રાણીઓ પાસે તેમના ઉપર ખૂબ જુલમ ગુજારી જે કરામતો કરાવવામાં આવે છે એને આપણે જીવનશિક્ષણ તો ન જ કહીએ. કારણ કે એ કરામતો આગળ વધવાની શક્તિ નથી. સ્વમેળે નવું નવું જ્ઞાન મેળવવાની તેમાં ચાવી નથી અને માણસને હેરત પમાડે તેવી કરામતો તેમની પાસે કરાવાથી આપણે જોઈએ છીએ, છતાં આપણને એમ તો નથી જ લાગતું કે, આ કરામતોથી પશુએ પશુ મટી માણસના થોડાક ગુણો મેળવ્યા છે. એ જ પ્રમાણે જે શિક્ષણપદ્ધતિથી વિદ્યાર્થી એકલી કરામતો જ શીખે અને જે દ્વારા તેનામાં કંઈ નવાં તત્ત્વોનો, નવી શક્તિનો, નવા પ્રકાશનો ઉદય ન થાય તે પદ્ધતિ એ જડ પદ્ધતિ છે. વાસ્તવિક રીતે એ પદ્ધતિ જ નથી, પણ એક પ્રકારનો જુલમ છે. જેના પરિણામે બાળકોની કેટલીયે નૈસર્ગિક શક્તિઓને છૂંદી, દબાવી વિકૃત



કરવામાં આવે છે. શિક્ષણના વિવિધ અંગોમાં અધ્યાપક અને અધિકારીવર્ગનું સ્થાન ક્યાં છે તે જોવાનું છે. શિક્ષણતંત્રમાં અધિકારીવર્ગનું સ્થાન કોઈ પણ ચિત્રની રેખામર્યાદા જેવું છે. અધિકારીવર્ગે પ્રસંગાનુરૂપ અમુક મુખ્ય મુખ્ય સ્થિતિસ્થાપક મર્યાદાઓ નક્કી કરવાની હોય છે અને આ મર્યાદામાં રહી તેમાં જીવનચિત્રનો ઉઠાવ કરવાનું કાર્ય અધ્યાપક વર્ગનું છે. મર્યાદાઓ ચિત્રને નક્કી કરે છે કે ચિત્ર મર્યાદાઓ નિર્માણ કરે છે એ ગહન પ્રશ્ન છે. મારી દૃષ્ટિએ તો જેમ નદીના કિનારાઓ નદીની ગતિ કે નદીની પહોળાઈ નક્કી કરતા નથી પણ તે નદીની તત્કાળ પૂરતી મર્યાદા બતાવે છે તે જ પ્રમાણે શિક્ષણમાં અધિકારી વર્ગ આંકેલી રેખાઓ તત્કાળ પૂરતી શિક્ષણમાં સંસ્થાના કાર્યની સીમારેખાઓ તત્કાળ પૂરતી શિક્ષણ સંસ્થાના કાર્યની સીમારેખાઓ છે. જેમ નદીના જોશ પ્રમાણે તેના કિનારાઓ અને સીમારેખાઓ બદલાય છે તે પ્રમાણે, જો શિક્ષણ સંસ્થાઓ એ જીવન્ત સરસવતીનદીઓ હોય તો તેનાં સીમાચિન્હો અવશ્ય બદલાવાં જોઈએ. અને અધ્યાપકવર્ગ તો શિક્ષણસંસ્થાના પ્રાણ છે. પ્રાણની વહનતા અને ઉછાળા પ્રમાણે જેમ પ્રાણીઓનું જીવન ચઢઊતર થાય છે તે પ્રમાણે પ્રાણરૂપ અધ્યાપકવર્ગની પ્રાણમંદતા અને પ્રાણજોશ ઉપર જ શિક્ષણસંસ્થાના પ્રવાહો વહે છે. શિક્ષણનાં વિવિધ અંગો પરત્વે વિહંગસમાલોચના કર્યા પછી એ પ્રશ્ન ઉપસ્થિત થાય છે કે આ બધાં અંગોઉપાંગોનો સુમેલ છે તે સંવાદ સિદ્ધ કરવા માટે તેની તાલબદ્ધ રચના કરવી એ જરૂરી વસ્તુ છે.

**અંગોનાં મહત્ત્વ પ્રમાણે તેની કાર્યાનુસારી રચના**

જીવન એટલું વિશાળ ગહન અને ઉચ્ચ છે કે તેના વિકાસ માટે કોઈ પણ બાબતને - ભલે તે ગમે તેટલી નાની અને નજીવી હોય - તરછોડી શકાય નહિ. જેમ કોઈ ગંજાવર કારખાનામાં એક નાનામાં નાની ચૂંક પણ તેના આશ્રયસ્થાને હોવી જરૂરી છે તે પ્રમાણે આ જીવનવિકાસના પ્રશ્નમાં પણ તેને લગતી તમામ બાબતોને યોગ્ય સ્થાન આપવું જરૂરી છે. શિક્ષણમાં કયા કયા વિજયોનો સમાવેશ થવો જોઈએ એ મહત્ત્વનો પ્રશ્ન નથી. (કારણ કે સાચા અને વિકાસના શિક્ષણમાં જીવનની તમામ બાબતોનો સમાવેશ થઈ જવો જોઈએ) પણ શિક્ષણના વિવિધ અંગોનો આંક નક્કી કરવો એ જ મહત્ત્વનો પ્રશ્ન છે. કઈ બાબતને ક્યાં અને કેવી રીતે ગોઠવવી એ જ મહત્ત્વની વસ્તુ છે. શરીરનાં જેમ તમામ અંગો ઉપયોગી અને જરૂરનાં છે છતાં તેમની નૈસર્ગિક શક્તિ અને રચના પ્રમાણે જેમ તેનું સ્થાન નક્કી કરવામાં આવ્યું છે તે પ્રમાણે શિક્ષણમાં હોવું જોઈએ. મસ્તકને ઉત્તમાંગ ગણી જેમ તેને ઉચ્ચ સ્થાન અપાવ્યું છે, હૃદયને શક્તિનું ચાલક બળ ગણી જેમ તેને કેન્દ્ર સ્થાન આપવામાં આવ્યું છે તે પ્રમાણે શિક્ષણના અંગોની બાબતમાં રચના કરવી જોઈએ. માણસ મરવા પડ્યો

હોય ત્યારે જેમ તેના જીવનની અન્ય બાબતો પડતી મૂકી તેના પ્રાણ ટકાવવા માટે જ સર્વ પ્રયત્ન કરવામાં આવે છે તે પ્રમાણે જ્યારે શિક્ષણમાં પ્રાણ ઓસરવા બેઠા હોય ત્યારે પ્રાણની ઉપાસના કરવી એ શું નથી ?

**શિક્ષણના કયા અંગ ઉપર ભાર મૂકવો જોઈએ ?**

આપણે જોઈએ છીએ કે દેશકાળ પ્રમાણે શિક્ષણ તેમ શિક્ષણપ્રણાલિકાઓ બદલાતી રહી છે. શિક્ષણશાસ્ત્રોમાં પણ વિવિધ સિદ્ધાંતો અને મતો પ્રચલિત છે. કેટલાક કેળવણીકારો પુસ્તકો અને અભ્યાસક્રમ ઉપર જ ભાર મૂકે છે, જ્યારે કેટલાક મકાન અને ફર્નિચરને બહુ જ મહત્તા આપે છે. કેટલાક પુસ્તકો અને અભ્યાસક્રમ કરતાં શિક્ષણપદ્ધતિને બહુ અગત્ય આપે છે. જ્યારે કેટલાક વિદ્યાર્થીઓને શિક્ષણના કેન્દ્રમાં મૂકી શિક્ષણસંબંધી વિચાર કરે છે. દેશ અને કાળ પણ વસ્તુની મહત્તા અને ઉપયોગિતા નક્કી કરે છે. વર્તમાનકાળ એ 'યંત્રવાદ'નો કાળ છે. આ કાળમાં યંત્રકળા અને ઉદ્યોગની કેળવણી એ જ મુખ્ય કેળવણી છે એવા સૂર ચોતરફથી આપણે સાંભળી રહ્યા છીએ. પ્રાચીન કાળમાં આત્માની કેળવણીને કેળવણી કહેવામાં આવતી. તે પ્રમાણે ભિન્ન ભિન્ન દેશમાં કેળવણીની ભિન્ન ભિન્ન પ્રણાલિકાઓ હોય છે. ઠંડા પ્રદેશમાં જ્યાં ખોરાક અને વસ્ત્રનો પ્રશ્ન મુખ્ય હોય છે ત્યાં આ બે બાબતોથી નિશ્ચિંત થવા માટે માણસનો મુખ્ય પ્રયત્ન હોય છે. ખોરાક અને વસ્ત્રો જ્યાં થતાં હોય ત્યાંથી ઉદ્યોગ અને વેપાર દ્વારા મેળવવા માટે સમાજ પોતાના પ્રયત્ન કરે છે અને એ દિશામાં મદદરૂપ થઈ પડે એવી કેળવણીની સંસ્થાઓ રચે છે. એક જ દેશની કેળવણીની સંસ્થાઓમાં કાળક્રમે ફેરફારો થયા કરે છે અને આ ફેરફારો જે તે પ્રદેશના સમાજના માનસમાં થતા ફેરફારોને અનુસાર હોય છે. દેશ અને કાળ પ્રમાણે શિક્ષણમાં ફેરફાર થાય એ કુદરતી પરિવર્તન છે.

**શિક્ષણ અને ઉત્ક્રાન્તિવાદ**

જેમ માનવીનો વિકાસ ઉત્ક્રાન્તિના સિદ્ધાંત પ્રમાણે થયો છે એવી સામાન્ય પ્રચલિત આધુનિક માન્યતા છે, તે પ્રમાણે શિક્ષણનો વિકાસ પણ એ જ રીતે થયેલો છે. જડસૃષ્ટિ ઉપર પ્રથમ એક જીવંત સેલ (Cell)વાળા પ્રાણીઓ દૃષ્ટિએ પડે છે. આ જીવંત સૅલ (Cell) એ એક પ્રાણનું બિંદુ છે. આ પ્રાણ પોતાના વિકાસ માટે વિભાગીકરણનો આશ્રય લઈ અનેક પ્રાણ ઉત્પન્ન કરે છે. ત્યાર પછી સેન્દ્રિય પ્રાણીસૃષ્ટિ ઉત્પન્ન થાય છે સેન્દ્રિયોમાં પ્રથમ મુખની ઉત્પત્તિ હોય છે. આ મુખ જ બધી ઇન્દ્રિયોનું કાર્ય કરે છે. ત્યાર પછી ક્રમે ક્રમે વિવિધ જ્ઞાનેન્દ્રિયો અને કર્મેન્દ્રિયોવાળા પ્રાણીઓ ઉત્પન્ન થાય છે અને અન્તે વિકાસપૂર્ણ એવું માનવપ્રાણી ઉત્પન્ન થાય છે. શિક્ષણમાં પણ એ જ પ્રમાણે થયેલું છે. પ્રાચીનકાળમાં કોઈ પણ



વનવાટિકાનો આશ્રય લઈ જ્ઞાનદાન કરવા તત્પર એવા ઋષિઓ એ શિક્ષણપ્રાણના બિંદુઓ છે. તેમાંથી ક્રમે ક્રમે આશ્રમ પ્રણાલિકાઓ અને નાલન્દા વિદ્યાપીઠ જેવી વિદ્યાસંસ્થાઓની ઉત્પત્તિ થઈ અને શિક્ષણનાં દરેક અંગો અને ઉપાંગો ખૂબ વિકસિત સ્થિતિએ પહોંચ્યાં. ત્યાર પછી કુદરતી ક્રમ પ્રમાણે આ વિદ્યાસંસ્થાઓમાં તેના પ્રાણ કરતાં બાહ્ય અવયવોને વધુ પડતું મહત્ત્વ આપવાને લીધે તેમાં એક પ્રકારનો સડો પેઠો અને તેને પરિણામે આ સંસ્થાઓ અંતરબાહ્ય આક્રમણનો ભાગ થઈ પડી. અને જેમ મનુષ્ય મરે છે છતાં તેનો નાશ થતો નથી, ફક્ત તેનો પુનર્જન્મ થાય છે તે જ પ્રમાણે આર્યાવર્તની પ્રાચીન વિદ્યાર્થીસંસ્થાઓ નવાં તત્ત્વો લઈને પુનર્જન્મ માટે તૈયારી કરી રહી છે એમ કહેવામાં કંઈ અવાસ્તવિકતા નથી.

**અધ્યાપક શિક્ષણનું કેન્દ્ર હોઈ શકે**

આ પ્રમાણે જોતાં આપણને જણાશે કે શિક્ષણનું કેન્દ્ર અધ્યાપક જ હોઈ શકે. આપણે અનુભવીએ છીએ કે જે વિદ્યા સંસ્થાઓમાં અધ્યાપકો પ્રાણવાન નથી હોતા તે સંસ્થાઓ નિસ્તેજ અને નિર્માલ્ય હોય છે. શિક્ષક એ જ શિક્ષણનું પ્રાણ બિંદુ છે. આ પ્રાણબિંદુની આસપાસ શિક્ષણની વિવિધ રચનાઓ ખડી કરી શકાય છે અને તે બધી રચનાઓને જીવતી રાખવાનું, તેનો વિકાસ કરવાનું કામ આ પ્રાણબિંદુઓ કરે છે. શિક્ષણનાં બધાંયે અંગો અને ઉપાંગોમાં બે જ વસ્તુ મુખ્ય છે. એ બંને જ મદદરૂપ થવા માટે બીજાઓનું અસ્તિત્વ હોય છે. આ બે વસ્તુઓ તે શિક્ષક અને શિષ્ય. જેમ પ્રાચીન સમયમાં યજ્ઞના પવિત્ર અગ્નિને ઉત્પન્ન કરવા માટે ચારણીનાં બે કાષ્ઠો ઘસાવવામાં આવતાં તે પ્રમાણે જો વિદ્યાનો સાચો પ્રદીપ પ્રગટાવવો હોય તો ગુરુશિષ્યના દિલમાં ગુપ્ત રહેલા જ્ઞાનાગ્નિને પ્રગટાવવાની જરૂર છે. ગુરુ તે જ છે કે જેને કંઈક અંશે આ ગુપ્ત અગ્નિની ઝાંખી થયેલી છે અને તે યે પ્રથમ પોતાના દિલમાં પ્રગટ કરવા પ્રયત્ન કરી રહ્યો છે. એક સળગતો અંગારો જ બીજા કોલસાઓને ચેતાવી શકે છે. કોલસામાં અગ્નિ તો રહેલો છે નહિ, તો તે સળગે ક્યાંથી ? પણ આ અગ્નિ ગુપ્ત સ્થિતિમાં છે. તે પ્રમાણે શિષ્યમાં રહેલા આ ગુપ્ત અગ્નિને બહાર પ્રગટ કરવાનું કાર્ય ગુરુએ કરવાનું છે. શિક્ષણનું રહસ્ય જ આ છે. આધુનિક શાળાઓમાં કહીએ તો વિદ્યાર્થીમાં ગુપ્ત અવસ્થામાં રહેલી શક્તિઓને બહાર લાવી તેનો વિકાસ સાધવો તેમાં જ સાચી કેળવણી રહેલી છે. જ્ઞાન આપવાનું નથી તેમ લાદવાનું નથી, પણ અંદર પડી રહેલી જ્ઞાનશક્તિને સાધનો, પદ્ધતિકરણો, ઉપકરણો દ્વારા જાગ્રત કરવાની છે અને એક વાર વિદ્યાર્થીની આ શક્તિ જાગ્રત થતાં તે આપમેળે પોતાનો વિકાસ કરવા અનુકૂળ સાધનો અને ખોરાક મેળવી લે છે જ. એટલે પ્રાથમિક જરૂરિયાત આ જ્ઞાનાગ્નિ પ્રગટ કરવાની છે. અને તે બીજા કયા સાધન દ્વારા વિદ્યાર્થી

પ્રગટ કરી શકવાનો હતો ? અને તેથી જ આપણા શાસ્ત્ર અને સમાજમાં ગુરુને મહત્ત્વની પદવી આપવામાં આવેલી છે. ગુરુને સાક્ષાત્ પરમાત્મા કહેવામાં આવે છે તેનું આ જ રહસ્ય છે. આધુનિક સમાજમાં પણ તેની અગત્યનો સ્વીકાર કરવામાં આવે છે.

Teachers are the best Nation builders જેવાં સૂત્રો વારંવાર ઉચ્ચારવામાં આવે છે અને જ્યારે જ્યારે રાષ્ટ્રનું પુનર્વિધાન કરવાનું હોય છે ત્યારે ત્યારે શિક્ષકો અને શિક્ષણસંસ્થાઓ ઉપર પ્રથમ નજર ફેંકવામાં આવે છે. જ્યારે આખીયે ભાવી પ્રજા ઘડવાનો અને તેને નવો સ્વાંગ આપવાનો પ્રશ્ન ખડો થાય છે ત્યારે સમાજને તેના શિક્ષકવર્ગ તરફ જોવું પડે છે. પ્રાણીસર્જનશાસ્ત્રનું એક સૂત્ર છે કે, "A good Bull is half the herd." ગાયોની ઓલાદ સુધારવી હોય તો પ્રથમ જરૂરિયાત સારા ખૂંટની છે અને તે બાબતમાં સારા ખૂંટનું મહત્ત્વ ગાયોના સમગ્ર ટોળાના પ્રમાણમાં ઘણું વધારે છે. પ્રાણીસર્જનશાસ્ત્ર તો આ સિદ્ધાંત જ્યાં પ્રજાની નૂતન સંસ્કૃતિનાં સર્જનો કરવાનાં હોય ત્યાં લાગુ પડે છે. જ્યાં આખીયે પ્રજાની સંસ્કૃતિમાં નૂતન પ્રાણનું સિંચન કરવાનું હોય અને જ્યાં પ્રજાની સંસ્કૃતિમાં બેઠેલી વિકૃતિઓને દૂર કરી તેનું સમાન્તર કરવાનું હોય ત્યાં શિક્ષકોને કેન્દ્ર સ્થાને મૂક્યા સિવાયની બીજી ગમે તેટલી મથામણો કરવામાં આવે તોપણ તેનું પરિણામ શૂન્ય જ આવે એમાં શંકા નથી. અંધારામાં વસ્તુઓની ગમે તેવી સુંદર ગોઠવણી કરીએ છતાં તે જેમ પગે ટિચાયા જ કરે છે તે જ પ્રમાણે જેના દિલમાં જ્ઞાનપ્રકાશની જ્વાલાઓ જલી રહી છે તેવા શિક્ષકોના અભાવે શિક્ષણસંસ્થાઓની આપણી સારામાં સારી ગોઠવણ પણ આપણને ઉપયુક્ત નીવડવાની નથી. તે આપણને ડગલેડગલે હેરાન જ કર્યા કરશે.

### શિક્ષકનું જીવન

આપણે જોયું કે શિક્ષક શિક્ષણસંસ્થામાં કેન્દ્ર સ્થાને છે. તેના ઉપર જ સમગ્ર સંસ્થાના જીવન અને વિકાસનો આધાર છે. 'જેવા શિક્ષકો તેવી શાળાઓ' એ સૂત્ર 'યથા રાજા તથા પ્રજા' કરતાં પણ વધારે સત્ય રજૂ કરનારું છે. એટલે જે શિક્ષકને આટલું મહત્ત્વ આપવામાં આવે છે તેનું જીવન અને કાર્ય કેવું હોવું જોઈએ તે સંબંધી વિચાર કરવાની જરૂર છે. જો આપણે પ્રજાને સાચી વિદ્યા આપવા માગતા હોઈએ તો સાચા શિક્ષકો એ પ્રથમ આવશ્યક બાબત છે. सा विद्या या विमुक्तये મુક્તિ અપાવે તે વિદ્યા. મનુષ્ય અનેક રીતે બંધાયેલો છે. મન હૃદય અને સ્થૂલના અનેક વિકૃત તાંતણાઓથી તેનું જીવન જકડાયેલું છે. આ તાંતણાઓની જાળને લીધે મનુષ્યમાં ગુપ્ત રહેલા તેના દૈવી આત્માનો પ્રકાશ તેને મળી શકતો નથી. અંધારામાં ખીણોમાં



અને ખાઈઓમાં તેને આથડવું પડે છે. આ બધા બંધનોમાંથી જે સાચો માર્ગ બતાવે, જે મુક્તિ અપાવે તે જ સાચી વિદ્યા અને આવી વિદ્યા કોણ આપી શકે ? જેમ બંધનમાં પડેલો માણસ બીજાને બંધન મુક્ત કરી શકતો નથી તે પ્રમાણે જો શિક્ષક જ અનેક જાળોથી બંધાયેલો હોય તો તે બંધનમુક્ત કરે એવી વિદ્યા આપી શકતો નથી. પ્રથમ શિક્ષકે પોતે જ મુક્ત થવું એ જરૂરી વસ્તુ છે. શિક્ષક પોતે કઈ કઈ બાબતોથી બંધાયેલો છે તેનો અભ્યાસ કરવો, વિચારણા કરવી એ શિક્ષકને માટે જરૂરી છે. મુક્ત થવાનું પહેલું પગથિયું, કઈ કઈ બાબતોથી પોતે બંધાયેલો છે તે જાણવામાં છે. The first duty of a teacher is to be conscious of himself. Only general consciousness will not do. He must enter into details and must be conscious of all the parts of his ignorance that tie him up. એટલે કે શિક્ષકે પ્રથમ પોતાના માનસનો અભ્યાસ કરવો જોઈએ. માનસશાસ્ત્રનો સિદ્ધાંત છે કે જ્યાં સુધી માણસ પોતાના માનસનો અભ્યાસ અને અનુભવ કરતો નથી, ત્યાં સુધી તે કોઈના પણ માનસને જાણવાનો દાવો કરે તે પોકળ છે. શિક્ષકે વિદ્યાર્થીના માનસનો અભ્યાસ કરવાનો હોય છે. પણ અભ્યાસ સફળ રીતે ત્યારે જ થઈ શકે કે જ્યારે તે પોતાના માનસને સમજતો હોય, તેનો અભ્યાસ કરતો હોય. શિક્ષકે પોતાના એકેએક નાનામાં નાના કાર્યને પણ બારીકાઈથી તપાસવાની અને ચકાસવાની ટેવ પાડવી જોઈએ. બીજાની વર્તણૂક અને કાર્ય તરફ જે ઘૃણા અને નિષ્ઠુરતા બતાવવાની આપણાને ટેવ પડી છે તેનો પ્રથમ અખતરો પોતા ઉપર કરવો જોઈએ. પોતાનાં એવાં ઘણાં કાર્યો હશે કે જે ઘૃણા અને નિષ્ઠુરતાને પાત્ર બને. આ સંબંધમાં પ્રસિદ્ધ માનસશાસ્ત્રી મિ. વેલ્ટન 'Education and Psychology' નામના પુસ્તકમાં પોતાના શબ્દો ટાંકે છે :

There is a strange mixture of the conscious and the unconscious in our mental histrory. Our life is not unconscious like the plants; we see clearly what we are doing from day to day. We are aware always of the immediate interest that is occupying us, the immediate object we have in view. But we are seldom aware of the general current and tendency which these particular acts are contributing to forms within us. Each act, taken by itself does not seem of much importance. We seem continually to be dealing with small details and rarely, if not all, with great and momentous issues... The little exigencies of everyday - whether we shall go to see....page 18...had suspected.

The first step, then, on the road of becoming a psychologist is to obey the old adage "know thyeself" Truly, this is of little practical use in life, unless it be conjoined with the yet more important command "Govern thyself". To know oneself weak in any point and yet to lack the self-control to adopt the means which will strengthen the weak place is evidently futile. Self command, as well as self-knowledge is required of one who would train others, for much of his training must work through example."

### ગૃહજીવન અને સમાજજીવનની શિક્ષણ ઉપર થતી અસર

પોતાનું જીવન તપાસનાર શિક્ષક કેવળ પોતાના સપાટી ઉપરના જીવનનો જ અભ્યાસ નહિ કરે, કારણ કે તે જાણે છે કે સપાટી ઉપરનું જીવન તો તેની નીચે રહેલા આંતર મહાસાગરના મોજાંનું છે. ખરું જીવન તો અંતરમાં રહેલું છે અને આ આંતરજીવન મનુષ્ય જે સમાજમાં, જે કુટુંબમાં, જે ઘરમાં અને જે વાતાવરણમાં ઊછર્યો હોય છે, રહેતો હોય છે તેનાથી બનેલું હોય છે. જીવનની અંદર હૃદય અને મનના આવેશો મહત્ત્વનો ભાગ ભજવે છે. ગમે તેવો બુદ્ધિશાળી માણસ પણ આ આવેગોની અસરથી મુક્ત રહી શકતો નથી. કારણ કે તે બુદ્ધિની સત્તાથી બહાર છે. આ આવેગોની પાછળ જુદી જ સત્તા કાર્ય કરી રહી છે. મનુષ્ય એક સામાજિક પ્રાણી છે. જેમ સમાજમાં તે રહે છે અને જેવા સમાજમાં તેનું જીવન ઘડાયું છે તેવો તે બનેલો હોય છે. પોતાના સમાજની સુટેવો, કુટેવો, નિર્બળતા વગેરેની ઘણી અસર તેના ઉપર પડેલી હોય છે. આમાંની ઘણીખરી અસરો તેને નીચે લઈ જનારી હોય છે. આ નિમ્નગામી અસરોમાંથી મુક્ત થવાનો પ્રયત્ન સાચા શિક્ષકે કરવાનો હોય છે. રોજબરોજનું ગૃહજીવન તેના જીવન અને કાર્યને ચોક્કસ દિશાપલટો આપવામાં મહત્ત્વનો ભાગ ભજવે છે. બુદ્ધિશાળી માણસ ભલે માને કે તે પોતાની આસપાસના વાતાવરણના અને ગૃહવાતાવરણના દોષોથી મુક્ત છે, પણ આમ બનવું અશક્ય છે. કારણ કે જે વાતાવરણમાં માણસ મુકાયો છે તેનો જ એ એક ભાગ છે. તેની અસર તેના ઉપર પોતે થવા દેતો નથી. તેનો અર્થ એટલો જ છે કે તે તેને બહાર દેખાવા દેતો નથી, તેને અંદર દબાવી રાખે છે. આ પ્રમાણે જે આવેગોને અંદર દબાવી રાખવામાં આવેલા છે અને જેમને બહાર ફેંકી દેવામાં આવ્યા નથી તે આવેગો અનુકૂળ સમય



અને સ્થાનિક બમણા વેગથી બહાર ધસી આવી સપાટી ઉપર રચેલી સુંદર મનોસૃષ્ટિને ભોંયભેગી કરી નાખે છે એ જાણવું ખૂબ જ જરૂરી છે. એટલે શિક્ષકે આવી વિચારસરણીથી ખાસ ચેતતા રહેવાની જરૂર છે.

શિક્ષકના જીવનમાં બીજી મહત્ત્વની બાબત તે તેનું અવ્યભિચારી જીવન છે. વ્યક્તિ અને સમાજ સ્થૂલના વ્યભિચાર તરફ ખૂબ જ ઘૃણાની દૃષ્ટિથી જુએ છે, પણ લાખે કોક જ માણસ સૂક્ષ્મનો વ્યભિચાર નહિ કરતું નહિ. માણસનું આખુંયે જીવન આ વ્યભિચારીભાવથી વ્યાપ્ત છે. જેની સાથે આપણું સમગ્ર જીવન મુક્ત થવું જોઈએ તેની સાથે તે મુક્ત થતું નથી. જેની સાથે આપણી નાડીઓ, આપણા પ્રાણ, આપણા આવેગો અને આપણી બુદ્ધિશક્તિનાં આંદોલનો ધબકવાં જોઈએ તે ધબકતાં નથી. માણસ બહાર કંઈ કામ કરતો દેખાય છે, જ્યારે તે અંતરથી જુદું જ કામ કરી રહ્યો હોય છે. આ એક મહાન વ્યભિચાર છે. પરિણામે આવા વ્યભિચારી જીવનથી ઉત્પન્ન થતાં બાળકોમાં આપણા જીવનકાર્યોમાં કંઈ પણ જોસ અને તેજ સ્થિત ન હોય એ કુદરતી છે. માણસના સપાટી ઉપરના જીવન કરતાં તેનું આંતરજીવન ઘણું વિશાળ અને ઊંડું છે. તે પોતાના જીવનમાં સ્વીકારેલાં કાર્યને પોતાનું સપાટી ઉપરનું જીવન આપે છે, જ્યારે તેના આચારો આંતરજીવનના સામ્રાજ્યને તે અન્ય બાબતોને હવાલે કરી દેતો હોય છે. શિક્ષકનું જીવન જ્યાં સુધી આવા સામાન્ય જીવન જેવું હોય ત્યાં સુધી તેના જીવનમાં કે તેના કાર્યમાં કાંઈ પણ દમ હોવાનો સંભવ નથી. એટલે શિક્ષકે તો પહેલી તકે પોતાના આંતરજીવનનો અભ્યાસ કરી આ વ્યભિચારીની વૃત્તિને તિલાંજલી આપી દેવી જોઈએ અને જે વિદ્યાસંસ્થાની સેવામાં પોતાનું જીવન વ્યતીત કરવાનો તેણે નિશ્ચય કર્યો છે તે વિદ્યાદેવીના ચરણે તેણે પોતાના સમગ્ર જીવનને સમર્પિત કરવું જોઈએ.

### સમાજમાનસનો અને દેશકાળનો અભ્યાસ

શિક્ષણ અને શિક્ષકનો પ્રદેશ શાળાની ચાર દિવાલો વચ્ચે બંધાઈ રહેવો જોઈએ નહિ. શિક્ષણ એ વ્યક્તિ અને સમાજના દરેક પ્રશ્નોને સ્પર્શતો વિષય છે. વ્યક્તિના શિક્ષણ અને સંસ્કાર દ્વારા નૂતન સમાજને ઘડવાનું શિક્ષણનું ધ્યેય છે. એટલે સમાજની પરિસ્થિતિને અને સંજોગોનો અભ્યાસ એ શિક્ષણના કાર્યનો એક મહત્ત્વનો ભાગ બને છે. વ્યક્તિને જેમ વિશિષ્ટ માનસ હોય છે, તે જ પ્રમાણે સમાજને પણ માનસ હોય છે. શિક્ષક માટે જેમ વિદ્યાર્થીના માનસનો

અભ્યાસ કરવો આવશ્યક છે તે પ્રમાણે સમાજના માનસનો પણ તેણે અભ્યાસ કરવો જોઈએ. ફક્ત વિદ્યાર્થીના માનસનો જ અભ્યાસ કરી શિક્ષણ આપવામાં આવે અને સમાજના માનસ અને પરિસ્થિતિ તરફ દુર્લક્ષ કરવામાં આવે તો પરિણામે સફળતા ન મળે. શિક્ષકે સમજવાનું છે કે છેવટે વ્યક્તિએ સમાજમાં કામ કરવાનું છે અને તેમાં બંધબેસવાનું છે એટલે જે ક્ષેત્રમાં કામ કરવાનું હોય તે ક્ષેત્રનો સંપૂર્ણ વૈજ્ઞાનિક અભ્યાસ કરવામાં આવે તો જ કાર્યને સફળતા મળે. સમાજમાનસનો અભ્યાસ કરતી વખતે દેશ અને કાળનો અભ્યાસ આવશ્યક બને છે. સમાજમાનસ પણ દેશકાળના પલટા સાથે પલટાતું હોય છે. એટલું ખાસ યાદ રાખવાની જરૂર છે કે કોઈ પણ સિદ્ધાંતને જ્યારે વ્યવહારમાં ઉતારવાનો હોય છે ત્યારે તે એકાએક સર્વાંગ સમેત ઊતરી શકતો નથી.

All principles of truth have two forms – Static and Dynamic. As long as we are talking of static principles there is no harm to think about it in all its aspects and forms. But when we are going to put it into practice, when the truth is to be applied to the matter in hand we must be very careful in its application. Its application requires that the matter to be applied with the dynamic power of the truth should be carefully studied. The weak and strong points are to be minutely observed. Otherwise the dynamic power of the truth may shatter up the whole material without bringing out any request. The energy spent will be washed request. The energy spent will be washed and a doubt in the heart of the society may be created about the inefficiency of the truth itself.

આ સિદ્ધાંતને ગ્રેડેશનમાં વિભક્ત કરવાની જરૂર પડે છે. અને તે દેશકાળ અને સમાજના માનસની અપેક્ષાએ તેને ઢીલો - પચે તેવો બનાવી પીરસવાની જરૂર પડે છે. જેમ આપણે નાના બાળકની આગળ લાડવો લાવી મૂકતા નથી, પણ તે જ લાડવામાં રહેલા પૌષ્ટિક તત્ત્વોને જુદા અને હળવા સ્વરૂપમાં ભિન્ન ભિન્ન વાનગીઓ તેને આપીએ છીએ, તે જ પ્રમાણે સમાજની સાથે કામ લેવામાં સાવચેતી અને દક્ષતા રાખવાની જરૂર છે.



**વિદ્યાર્થીનું માનસ**

શિક્ષકને જેમ શિક્ષણશાસ્ત્રના અભ્યાસની જરૂર છે તે પ્રમાણે તેને વિદ્યાર્થીના માનસનો પણ તળસ્પર્શી અભ્યાસ કરવાની જરૂર છે. શિક્ષણશાસ્ત્રના અભ્યાસને આપણે પૂર્વમીમાંસા કહીએ તો વિદ્યાર્થીના માસનો અભ્યાસ તે ઉત્તરમીમાંસા છે. પૂર્વ અને ઉત્તર બંને મીમાંસાનો જ્યાં સુધી અભ્યાસ ન થાય અને તેને વ્યવહારમાં તારવામાં ન આવે ત્યાં સુધી શિક્ષક પોતાના કાર્યમાં ફતેહમંદ થઈ શકતો નથી. શિક્ષક પાસે શિક્ષણની ગમે તેટલી સુંદર વાનીઓ હોય અને વાર્તાઓ પણ જ્યાં સુધી તે વાનીઓ જે ખાવા આપવાની છે અને જેણે તે પચાવી શક્તિ સંપાદન કરવાની છે તે વિદ્યાર્થીની ગ્રહણશક્તિ, ભૂખ અને પાચનશક્તિને જાણતો નથી ત્યાં સુધી તેની સુંદર વાનગીઓ અને પીરસવાની કળા એળે જવાની છે. એટલે જ શિક્ષણશાસ્ત્રમાં પણ વિદ્યાર્થીના માનસનો અભ્યાસ એ કેન્દ્રસ્થાને છે. શિક્ષકે તો પોતાના શિક્ષણનું શાસ્ત્ર પોતાના વિદ્યાર્થીઓને કેન્દ્રસ્થાને રાખીને કરવું જોઈએ. આ પ્રમાણે જો **શિક્ષક એક સાચો જ શિક્ષક થવું હોય તો તેને સમાજમાનસ અને વિદ્યાર્થી માનસના પ્રખર અભ્યાસી થયા સિવાય છૂટક નથી. અત્યાર સુધી જે છીછરી વૃત્તિશક્તિથી આપણે - શિક્ષકોએ જે પોતાનું ગાડુ ગબડાવ્યું છે તે હવે તો અનેક પલટાઓથી ભરેલા આ જમાનામાં ચાલી શકે તેમ નથી.** શિક્ષકે પોતાની જીવનશક્તિમાં ઊંડા ઊતરવાની જરૂર છે. અને તેના ઊંડાણમાં રહેલા જોમ અન જ્યોતથી પોતાનો માર્ગ કાઢવાનો છે. આ વિજ્ઞાનના જમાનામાં ચાલતાં યુદ્ધોમાં આપણે વૈજ્ઞાનિક-શાસ્ત્રી સક્ષમ જોઈએ છીએ તે પ્રમાણે શિક્ષણના ક્ષેત્રમાં પણ શિક્ષક કે સાધનોનો ઉપયોગ કરવાની જરૂર છે. આ પ્રમાણે કરવામાં આવશે તો જ શિક્ષક પોતાનું સ્થાન જાળવી શકશે અને પોતાના વિદ્યાર્થીઓ તથા સમાજને સાચા રસ્તે નિર્ભય પગલે દોરી શકાશે.

**હાલના શિક્ષકનું જીવનચિત્ર**

કેટલાક કેળવણીકારો 'Treagedy of Education' કેળવણીની કરુણતાની મીમાંસા કરે છે. પરંતુ વાસ્તવિક રીતે હાલનો પ્રશ્ન કેળવણીની કરુણતાનો નથી પણ 'શિક્ષકની કરુણતાનો છે.' સમાજની અંદર શિક્ષકનું જે મહાન સ્થાન હતું ત્યાંથી તે પદભ્રષ્ટ થયો છે. એક સમય ગુરુના સ્થાને બિરાજતો શિક્ષક અત્યારે એક હડધૂત અને અપમાનિત પંતૂજીના સ્થાને આવી પડ્યો છે. **તેમાં મને તો સમાજના દોષો કરતાં શિક્ષકના જ પોતાના દોષ વધુ લાગે છે.** ખાસ કરીને આપણા સમાજમાં આ પરિસ્થિતિ આપણને સ્પષ્ટ જણાઈ આવે છે. ગીતાના કાળમાં અને ત્યાર પછીના કાળમાં બ્રાહ્મણ - એટલે વિદ્યા આપનાર વર્ગ (જાતિના

અર્થમાં નહિ)નું સ્થાન સમાજમાં અતિમહત્ત્વનું હતું અને તેને 'મહારાજ'ના નામથી સંબોધવામાં આવતા. અત્યારે તે વિદ્યા આપનાર વર્ગ પોતાનું સ્થાન પામ્યો હોવાથી તેની સાથે જોડાયેલો 'મહારાજ' શબ્દ પણ કંગાલ ને કરુણ પરિસ્થિતિએ પહોંચ્યો છે તે આપણે પ્રત્યક્ષ જોઈ રહ્યા છીએ. વિદ્યા આપનાર વર્ગની સમાજમાં જે કરુણ સ્થિતિ થઈ છે તેવી કોઈ પણ વર્ગની થઈ નથી. જ્યાં સુધી સ્વબળે અને શુદ્ધ સેવાના પરિણામે ઉચ્ચ સ્થાન નહિ ભોગવે ત્યાં સુધી સમાજની અધોગતિને કોઈ પણ અટકાવી શકનાર નથી. અત્યારે શિક્ષક પોતાને એવું માનતો થયો છે અને જેમ સામાન્ય મજૂર કે કારીગર જે વૃત્તિથી પોતાનું કામ કરે છે તે વૃત્તિથી જ તે પોતાનું કામ કરવાનું ધ્યેય માને છે. એક વેપારી જેમ દામના પ્રમાણમાં વસ્તુઓ કાંટે તોળીને આપે છે તે પ્રમાણે શિક્ષક તે કાંટે તોળીને આપે છે. અને તેથી સમાજ અને સરકાર તેને એક સામાન્ય મામૂલી નોકર ગણે એમાં નવાઈ પણ શી છે ? એ વાત સત્ય છે કે હાલ તો શિક્ષકનું સ્થાન સમાજમાં નીચું છે તેને પેટપૂરતું પણ પોષણ મળતું નથી. તે અનેક પ્રકારનાં અનિષ્ટોથી ઘેરાયેલો છે. છતાં આ બધામાંથી માર્ગ કાઢવાનો રસ્તો સરકારના કે પ્રજાના મોં સામે જોઈને બેસી રહેવામાં નથી. સરકારના-સમાજના દોષો કાઢવાથી, તેને ગાળો ભાંડવાથી અને તેમના ઉપર રીસ રાખી આપણું કામ ઢંગધડા વિનાનું કરવાથી આપણો ઉદ્ધાર થવાનો નથી. સાચી વસ્તુ તો એ છે કે જે સ્થિતિ માં આપણે આવી પડ્યા છીએ તે સ્થિતિમાંથી નીકળવા માટે આપણે પોતે જ સાચી શક્તિ સંપાદન કરવી પડશે. આ શક્તિ, રાજકીય ક્ષેત્રમાં પ્રજા જે શક્તિ અજમાવી જુલમગારો સત્તા લેવા પ્રયત્નો કરે છે એવા પ્રકારની નથી. શિક્ષક સાચી શક્તિ તો પોતાની કુળદેવી-વિદ્યા દેવીની શુદ્ધ ઉપાસનામાંથી જ મેળવી શકે છે. પોતાના કાર્યને-ધર્મને વફાદાર રહી વિદ્યાદેવની આરાધના કરવાથી અને તેના કૃપા કટાક્ષથી સર્વ પ્રકારના અંધકાર અને આંધીઓ ચાલી જશે અને ગગનગામી જવલંત માર્ગ આપણી દૃષ્ટિમાં પડશે. પરમાત્મા આપણને સર્વને, ઊર્ધ્વગામી જ્યોતિમય માર્ગે દોરે એ પ્રાર્થના સાથે આજનું હું મારું વકતવ્ય પૂરું કરું છું.

શ્રી બાપુભાઈ ગામીના લેખોનું મૂલ્યાંકન આજના વેપારી શિક્ષણજગતમાં થઈ શકે તેમ નથી. શિક્ષણના પ્રશ્નો, તેનાં ભયસ્થાનો, શિક્ષકનું ચારિત્ર સાચી કેળવણી અને બાળમાનસને સમજનાર આ અલગારી આચાર્યે શિક્ષણનો નિચોડ આપવા માટે પોતાની જાતને નીચોવી નાખી છે. સતત મનન અને ચિંતન વિવિધ લેખો દ્વારા તેમણે સમાજને અને શિક્ષણ જગતને જે પાયું–આપ્યું છે તેનું મૂલ્ય આંકી શકાય તેમ નથી. અસ્તુ.



## બાળસૃષ્ટિ

- બાળકો પ્રમાણિક હોય છે. આપણા દૂષિત વાતાવરણમાં રહી તે અપ્રમાણિકતાના પાઠ શીખે છે.
- બાળકો નિર્દોષ હોય છે. આપણા સ્વચ્છંદી અને વિલાસી વાતાવરણમાં રહી દોષિત બને છે.
- બાળકો ઉદ્યમપ્રિય હોય છે. આપણું પ્રમાદી જીવન જોઈ પ્રમાદમાં રાચતાં થાય છે.
- બાળકો સત્યપ્રિય હોય છે. આપણા અસત્ય અને કપટી વ્યવહાર જોઈ તેમને સત્યનું વિસ્મરણ થાય છે.
- બાળકો સેવાપરાયણ હોય છે. આપણી સ્વાર્થલોલુપતા જોઈ સેવાભાવ ભૂલે છે.
- બાળકો નિયમિતપણું ચાહે છે. આપણું અનિયમિત જીવન અવલોકી નિયમિતપણું વિસારે છે.
- બાળકોની સાદાઈમાં રાચતી ઈન્દ્રિયોને આપણે લાલચુ બનાવીએ છીએ.
- બાળકના કુદરતી જીવનને આપણે કૃત્રિમતાનો ઢોળ ચઢાવીએ છીએ.
- બાળકના પવિત્ર જીવનને અપવિત્ર બનાવનાર આપણે જ છીએ.
- **માબાપો ! શિક્ષકો ! ચેતજો !** તમારા ઉપર ભાવિપ્રજાનો આધાર છે.

**- બાપુભાઈ ગામી**

# પ્રકરણ - ૪

## બાપુભાઈ ગામીના લેખો : સુધારાના પથદર્શક

બાપુભાઈના માનસનો અભ્યાસ કરીએ તો આપણે એ તારણ પર આવી શકીએ કે તેઓ હમેશાં સુધારાના પથદર્શક રહ્યા છે. તેમના લેખો સમાજ માટે દીવાદાંડી સમાન રહ્યા છે.

આપણે તેમના વ્યક્તિત્વમાં સતત એ જોઈએ છીએ કે તેઓએ ક્યાંય પોતાની જાતને આગળ ધરી નથી. આ સમયગાળામાં શ્રી બાપુભાઈ, શ્રી પોપટભાઈ, શ્રી છગનભાઈ કા. પટેલ, રામચંદ્ર અમીન, પ્રો. સ્વામીનારાયણ, શ્રી બબાભાઈ, શ્રી પુરુષોત્તમ ર. પટેલ (દાસકાકા), નગીનદાસ વ્રજલાલ પટેલ અને ચુનીલાલ ધ. પટેલ તેમજ શ્રી રતિલાલ ડી. અમીન પ્રખર લેખકો હતા. તેમને સમાજના પ્રશ્નોનું ઊંટવૈદું ન કરતાં તેના પ્રશ્નોની નાડ પકડી સમાજના નાડીવૈદ બની સાચા સુધારકો બન્યા. ઉપરના લેખકો અને સુધારકો કડવા પાટીદાર પરિષદોમાં જતા, સભાઓ ગજવતા, સુધારાને ઠરાવો રજૂ કરતા અને 'ભા' સાથે ઉઘરાણાના પ્રવાસે પણ જતા. બાપુભાઈએ કોઈ સભાઓ ગજવી નથી, પ્રમુખપદ કે અન્ય પદો શોભાવ્યા નથી, પણ એમનામાં આપણા સમાજના પ્રાણપ્રશ્નો સમજવાની અજબ શક્તિ હતી. ખેડૂત, સ્ત્રીઓ, બાળકો, કેળવણી, અજ્ઞાનતા, અંધશ્રદ્ધા, કુરિવાજો જેવા પ્રશ્નોને લઈ તેમને તત્કાલીન નીકળતાં જ્ઞાતિ મુખપત્રો અને અન્ય શિક્ષણનાં માસિકોમાં ઉગ્ર લેખો લખ્યા છે. સમાજની સમસ્યાઓનું વિશ્લેષણ કરી સમાજની પ્રગતિ માટે યોગ્ય અને નિર્ભય સૂચનો કર્યાં છે. સમાજની જાગૃતતા માત્ર કેળવણીથી જ આવી શકશે તેમ તેઓ માનતા હતા. તેથી જ તેમણે પાટીદાર આશ્રમને તપોવન બનાવી, પલાંઠી વાળી ત્યાંજ મન કેન્દ્રિત કર્યું. વિદ્યાર્થીઓ વાલીઓ અને શિક્ષકો તૈયાર કરવાનું જાણે કે બીડું ઝડપ્યું ન હોય ! આશ્રમ-છાત્રાલયો અને શિક્ષણસંસ્થા તેમના માટે વિદ્યાર્થીઓ અને સમાજને ઘડવા માટેની પ્રયોગશાળાઓ હતી. માટે જ તેમને લેખો દ્વારા સમાજને ઘડવાનું કામ કર્યું. સમાજના ઉત્થાન માટે આપણી સંસ્થાના જે મહાનુભાવોએ પુરુષાર્થ કર્યો છે તેનો જોટો જડે તેમ નથી. દરેકેદરેક વ્યક્તિ પોતાનું અનોખું યોગદાન આપતી શ્રી બાપુભાઈ



અંગેના પુસ્તક જેવું જ પુસ્તક શ્રી પોપટભાઈ, શ્રી છગનભાઈ કા. પટેલ, નાથાભાઈ દેસાઈ, નગીનદાસ, વ્રજલાલ તેમજ પ્રો. સ્વામીનારાણ, રામચંદ્ર અમીન પર લખી શકાય પણ તેમનાં સ્વજનો કે કદરદાન સમાજ જાગે તો જ એવું કામ થઈ શકે.

બાપુભાઈએ લખેલા વિવિધ વિષયો ઉપરના ઘણા લેખો મને હાથ લાગ્યા છે. તેમાંથી નમૂનારૂપે કેટલાક. પૃથક્કરણ કરતાં વિષયોની વિવિધતા અને જ્ઞાનનું ઊંડાણ કેટલું બધું હતું તે આ લેખો પુરવાર કરે છે.

### ગામડાનો રાહુ

શહેરી લોકો ઘણીયે વાર ગામડાનું સુખી-સંતોષી, પવિત્ર અને કુદરતી જીવન જીવવાનાં મીઠાં સ્વપ્નો સેવે છે. તેઓ માને છે કે, 'બસ, ખરું કુદરતી જીવન તો ગામડાંઓમાં રહેલું છે. ગામડાંના લોકો કેટલા બધા ભાગ્યશાળી છે કે તેમને આવું સુંદર જીવન જીવવાની અમોલ તક મળી છે. ખરેખર તો આ એક સાંપ્રત જમાનાની ભ્રમિત કલ્પના માત્ર જ છે. સત્ય વસ્તુ તો કંઈક જુદી જ છે.

હાલ તો ગ્રામજીવન એટલે અંધ-અપંગ અને જડ પશુજીવન. જે એક માણસ જીવવા માગે છે તે આ જીવનથી અકળાયછે, મૂંઝાય છે અને તેમાંથી છટકી જવા પ્રયત્ન કરે છે. કંઈક ભણેલા અને સંસ્કાર પામેલા યુવાનો દિવસે દિવસે ગામડાંઓ છોડતા જાય છે તેનું રહસ્ય આ વસ્તુસ્થિતિમાં રહેલું છે.

એક સમયમાં સંસ્કારી ગણાતાં ગામડાંઓ અત્યારે રાહુની ભીષણ છાયાથી ઘેરાઈ પડ્યાં છે. એક વખત ખળખળ વહેતો ગામડાનો જીવનઝરો આજે સુકાઈ ગયો છે અને તેમાંથી ગંધાતી ધૂળના ગોટેગોટા ઊડી રહ્યા છે. આજે ગામડાના જીવનમાંથી રસકસ ઊડી ગયાં છે. ગામડાંઓ આજે નિર્વીર્ય હતાશ અને અપંગ બની બેઠાં છે. 'તકદીરમાં હશે તે થશે' એવી નિરાશાની નાગચૂડના ભરડામાં દરેક ગ્રામવાસી ભીંસાઈ રહ્યો છે. ભયભીત અને બીકણ મનોદશાના વંટોળીઆ આજે ગામડાંના સીમાડાઓને વીંટાઈ વળ્યા છે.

જ્યાં સુધી ગામડાની આવી અપંગ, ભયભીત અને સડેલી મનોદશામાં પલટો ન થાય ત્યાં સુધી ગામડાંઓ સુધારવાના પ્રયત્નો નિષ્ફળ થવાને જ સર્જાયેલા છે. આજે તો ગામડાને, પોતાના દરેક કાર્ય માટે બીજાના મોં સામું જોઈ રહેવાની ટેવ પડી છે. અને તેમના જીવનના ખૂણેખૂણે એવી નિરાધારતા વ્યાપી ગઈ છે કે બીજાની મદદ સિવાય એક ડગલું પણ આગળ મૂકવા તેઓ તૈયાર નથી. પોતાની શક્તિ વિષે તેમને શ્રદ્ધા જ ઊઠી ગઈ છે. અને જ્યાં સબળ શ્રદ્ધા નથી ત્યાં જડતા સિવાય બીજું શું હોઈ શકે ?

ભલે ગામડાંની આર્થિક, સામાજિક ઔદ્યોગિક પ્રવૃત્તિઓ સુધારવા માટે પ્રયત્નો કરવામાં આવે, પણ જ્યાં સુધી તેમનાં થીજી ગયેલાં હૃદયઝરાઓ હલચલી ઊઠી ધોધમાર પ્રવાહમાં વહેતા ન થાય, ત્યાં સુધી આપણી બધીયે પ્રવૃત્તિઓ ગોકળગાયની ગતિથી જ ચાલે જવાની. આજે તો ગામડાંના હૃદયમંદિરના દરવાજાઓ બંધ છે. ત્યાં તો અંધકાર અને મલિનતાનું સામ્રાજ્ય જામ્યું છે. **આ હૃદયમંદિરના દરવાજાઓ જ્યાં સુધી ન ઊઘડે ત્યાં સુધી જ્ઞાન પ્રકાશ તેમાં પ્રવેશી શકવાનો નથી. ડાળાંપાંદડાંને પાણી પાવાથી ગામડાનું ઠૂંઠવાઈ ગયેલું જીવનવૃક્ષ ખીલી શકવાનું નથી.**

કાયરતા, અપંગતા અને નિરાધારતાના રાહુઓ આજે આપણાં ગામડાંને ઘેરી વળ્યા છે. આજે ગામડાં પોતાના અંધકારમય જીવનમાં સોનેરી પ્રકાશની ઝંખના કરી રહ્યાં છે. ગામવાસીઓને આજે જીવનમાં રસ રહ્યો નથી. આનંદ અને કલ્લોલ આજે ગામડાંમાંથી અદૃશ્ય થઈ ગયા છે. શક્તિ, સ્વાશ્રય અને સંપને કોઈ ઓળખતું નથી. પરિણામે વેઠિયાઓની માફક—ગુલામોની પેઠે જીવન ઢસડવામાં પાશવી આનંદ નજરે પડે છે.

ગામડાં જ્યાં સુધી બીજાઓ ઉપર આધાર રાખી પોતાની પરિસ્થિતિ સુધારવા માગે છે ત્યાં સુધી કંઈ થઈ શકવાનું નથી. પોતાના દિલમાં જ્યાં સુધી શ્રદ્ધા અને શક્તિનો ઉદય ન થાય ત્યાં સુધી બીજાની મદદ તેમને વધુ ને વધુ અપંગ બનાવશે. આજ સુધી બન્યું છે પણ તેમજ. જ્યાં જ્યાં સરકારે ગામડાંને વધુ મદદ આપી સુધારવા પ્રયત્નો કર્યા છે, ત્યાં ત્યાં ગામડાંઓની સ્થિતિ વધુ ને વધુ અપંગ બનતી ચાલી છે. સરકાર તળાવો બંધાવી આપે, સરકાર કજિયાઓ પતાવી દે, સરકાર નિશાળો ચલાવી આપે, સરકાર રસ્તાઓ સુધરાવી આપે, સરકાર લોનો ધીરે, સરકાર ઉદ્યોગો-ધંધાની ખીલવણી કરી આપે, સરકાર ચોરડાકુઓથી રક્ષણ કરે, ગામડાંના નાનામાં નાનાં કામોની સરકાર સંભાળ રાખે - આ બધી વસ્તુઓ દેખીતી રીતે આપણને ગામડાંને લાભકર્તા જણાય છે. પણ, વસ્તુતઃ આ જ વસ્તુએ ગામડાને અપંગ, નિરાધાર અને ભયભીત બનાવી મૂક્યાં છે. આ જ વસ્તુએ ગામડાંઓને જે તે બાબતમાં સરકારના મોં સામું જોતાં કરી મૂક્યાં છે અને આ જ વસ્તુએ તેમનામાં એક પ્રકારની ભયભીત મનોદશા ઊભી કરી છે. સરકારનો આધાર આજે તો ગામડાનું જીવન થઈ પડ્યો છે અને એ આધાર ન હોય તો 'આપણું શું થાય ? આપણે શું કરી શકીએ ? આપણે કેમ ઊભા રહી શકીએ ?' આવી પરાવલંબી વિચારશ્રેણી આજે ગામડાના માનમસમાં ઘર કરીને બેઠી છે. 'જે કાર્યમાં સરકારની સંમતિ નથી, જ્યાં સરકારનો હાથ નથી, જ્યાં સરકારનો વહીવટ નથી, ત્યાં પ્રતિષ્ઠા નથી, તે કાર્ય કરવામાં માલ નથી, તે કાર્ય આપણે સારી રીતે કરી શકવાના નથી.' આવી અશ્રદ્ધા ગામડાંમાં ઘૂસી ગઈ



છે. આવી અપંગતા અને કાયરતાના કારણે આજે આપણાં ગામડાં શક્તિ ગુમાવી બેઠાં છે; નિસ્તેજ અને નિરાશામય દશા ભોગવી રહ્યાં છે.

માણસ જ્યારે સ્વતંત્ર રીતે કોઈ પણ કાર્ય કરે છે ત્યારે જ, તેનામાં શ્રદ્ધા અને શક્તિનો સંચાર થાય છે, આ શ્રદ્ધા અને શક્તિ તેને નવાંનવાં કાર્યો કરવા પ્રેરે છે અને દિવસેદિવસે તેની શ્રદ્ધા અને શક્તિમાં વધારો થઈ તે મોટાં ને મોટાં કાર્યો કરવા તૈયાર થાય છે. આજે આપણે આપણાં ગામડાંમાં સ્વતંત્ર કાર્ય થતું ભાગ્યે જ જોઈ શકીએ છીએ. અને તેથી જ ગામડાં ઉજ્જડ અને નિર્વીર્ય ભાસે છે. સરકારની ને બહારની મંડળોની મહોર માર્યા સિવાય જાણે પોતાનું કાર્ય આગળ ચાલી શકવાનું જ નથી એવી આજે ગામડાંની મનોદશા થઈ પડી છે. જો ગામડાંનો ઉદ્ધાર કરવાની આપણે આશા સેવતા હોઈએ તો કોઈ પણ ઉપાયે અને ભોગે આ કાયર મનોદશામાંથી આપણે ગામડાંને છોડાવવા પ્રયત્નો કરવા જોઈએ. અને ગામડાંમાં એવી સ્વતંત્ર પ્રવૃત્તિઓ હાથ ધરવી જોઈએ કે જેથી તેમનામાં આત્મવિશ્વાસ, આશા અને ઉત્સાહનો સંચાર થાય, સદીઓથી બંધ કરેલા તેમના દિલના દરવાજા ખૂલી જાય. થીજી ગયેલો તેમનો હૃદયઝરો ફરીથી સુમધુર ગુંજારવથી ખળખળ વહેતો થાય અને સંસ્કૃતિ, ઉદ્યોગ અને કુદરતી આનંદનાં તેઓ પવિત્રધામ બને.

કડવાવિજય - ૧૯૨૩ **બા.**

## બાળલગ્ન

આપણી કોમમાં બાર વર્ષે આવતો આ બાળલગ્નનો રિવાજ શા હેતુથી પડ્યો તેના ઈતિહાસમાં અત્યારે આપણે નથી ઊતરવા માગતા, પણ આ જડમૂળ ઘાલેલો હાનિકારક રિવાજ કેમ નાબૂદ થાય તે વિચારવાથી કેળવાયેલા અને સમજુ જ્ઞાતિભાઈઓની ફરજ છે. લગ્નપ્રસંગ આવે સભાઓ ભરી ઠરાવો પસાર કરી કે સરકારી સભાઓ દ્વારા પસાર કરાવી સંતોષ માની બેસી રહેવાથી કાર્ય સિદ્ધ નહિ થાય. એને માટે તો સતત વિચારોના ફેલાવાની જરૂર છે. આ રિવાજને દુષ્ટ ગણનારા કેટલા ભાઈઓ માસિકો દ્વારા કે મંડળો દ્વારાપોતાના વિચાર સમજાવવા પ્રયત્ન કરે છે ? સામાન્ય વર્ગ સાથે હળીમળી કેટલા આ પ્રશ્નની ચર્ચા કરે છે ? જ્ઞાતિની આપણે શી સેવા કરી નાંખી છે કે તે આપણા વિચારો ઝીલવા તત્પર થાય ? આ સમાજમાં બેઠા બેઠા બૂમો પાડવાથી શું વળવાનું છે ? જો આ રિવાજનું જડમૂળ કહાડવાની દિલમાં ખરી ધગશ હોય તો આજથી આના માટે તૈયારી કરવી ઘટે છે. ઠેરઠેર બાળલગ્નપત્રિકાઓ કહાડી આના માટે મજબૂત પોકાર ઉઠાવવાની જરૂર છે. આ રિવાજના લાભાલાભ કેળવાયેલા વર્ગે પોતાના જ્ઞાતિભાઈઓના દિલમાં ઠસાવવાની આવશ્યક્તા છે.

બાર વર્ષે લગ્ન થવાના પક્ષમાં કેટલાકનું કહેવું એમ થાય છે કે આ રિવાજથી ખર્ચનો બચાવ થાય છે ને ગરીબ ઘરના છોકરાઓ પણ વરી જાય છે. આમાં જો કે કેટલેક અંશે સત્ય છે, તથાપિ આનાથી જે પારાવાર હાનિ થાય છે તેના પ્રમાણમાં આર્થિક લાભ નજીવો જ ગણાય.

૧. લગ્નની ઉતાવળ અને ધમાલમાં યોગ્ય વર અને ઘર તરફ બિલકુલ લક્ષ અપાતું જ નથી. એને પરિણામે વય અને સ્થિતિનાં અનેક કજોડાં થાય છે.
૨. બાળકબાળકીના કલ્યાણ અને સુખોનાં આધાર અંધશ્રદ્ધાપૂર્વક ભવિષ્ય ઉપર જ રખાય છે. એને પરિણામે અનેક ઘર કલેશકજિયાનાં સ્થાન થઈ પડે છે.
૩. પરણેલાં બાળકોમાંથી લગભગ ૩૦% અકાળ મૃત્યુવશ થવાથી ફરીથી લગ્નની ધમાલ અને ખર્ચ વહોરવો પડે છે અને જો બાળકી વિધવા થઈ હોય તો પ્રથમનો સસુરપક્ષ, કડકાઈ અને શત્રુભાવની દૃષ્ટિથી જુએ તે તો જુદું.
૪. વયનાં કજોડાં થવાથી છોકરાની પુખ્ત ઉંમર થયા સિવાય છોકરીને સાસરે વળાવવી પડે છે અને તેથી બાળક બાળકીના શરીર, મન અને બુદ્ધિને જે આઘાત પહોંચે છે તે વર્ણવ્યો જાય તેમ નથી. નાનો વિદ્યાર્થી ગૃહસ્થ બને છે અને બાળકીને માતા પણ બનવાનો પ્રસંગ આવે છે.
૫. ઘેરઘેર વિવાહ હોવાથી, લગ્ન જેવી ધાર્મિક ક્રિયા અભણ બ્રાહ્મણોને હાથે એક ફારસ જ બને છે અને ત્રણ કલાકમાં એક ગોર ત્રણસો જોડાં પતાવી દે છે. **'કણબી ભાઈનું કૈડભૈડ'** કહેવત સાર્થક જ બને છે.
૬. આ ઢીંગલાઢીંગલીનાં લગ્નથી અન્ય કોમોની દૃષ્ટિમાં આપણા માટે કેટલું માન રહેતું હશે એ તો તેઓ જ જાણે.

આ સિવાય બીજા અનેક ગેરલાભ ગણાવી શકાય. જો 'છૂટક લગ્ન કરવામાં આવે તો ગરીબોનાં છોકરાં કુંવારાં રહી જશે' એ ભ્રાંતિ ખોટી છે. ખરી વાત એ છે કે છૂટક લગ્નથી ગરીબે પોતાની આર્થિક સ્થિતિ તથા પ્રતિષ્ઠા સુધારવા આળસ તજી ઉદ્યમી બનવું પડશે એ તો ઈષ્ટ જ છે. છૂટક લગ્ન થાય, એટલે લગ્ન પણ મોટી ઉંમરે થાય. ઘર કરતાં વરને વધારે પસંદગી આપવામાં આવે અને અપવાદે જ પુનર્લગ્ન થાય.

આ દુષ્ટ રિવાજરૂપી કિલ્લામાં બારું તો પડી ચૂક્યું છે. ઘણી જગાએ છૂટક લગ્ન થાય છે અને થતાં જાય છે પણ હજુ સામાન્ય વર્ગનું આ બાબતમાં મન માનતું નથી તેને મનાવવા સીધો અને સરળ રસ્તો તો એ છે કે જેઓ પ્રામાણિક રીતે આ રિવાજને દુષ્ટ ગણતા હોય તેણે ગમે તે જોખમે પણ પોતાના તરફથી દાખલો બેસાડવો અને જ્ઞાતિ-ભાઈઓને આ બાબતમાં વારંવાર ઉપદેશ આપતા રહેવું.



છેવટે મારી એટલી નમ્ર વિનંતી છે કે જે ભાઈઓ આ રિવાજને અનિષ્ટ ગણતા હોય તેમણે આ બાબતમાં ચર્ચા કરવી અને પોતપોતાના ગોળમાં વિચારોનો ફેલાવો કરવો. સભાઓ ભરી ઠરાવો કરવા કરતાં કાર્યની અસર વધારે થાય છે એમ મારું માનવું છે.

કડવાવિજય - ૧૯૨૩ **બા.**

## કોને પડી છે ?

દુનિયામાં આપણે જોઈએ છીએ કે કોઈને કોઈની પડી હોતી નથી. સૌને પોતપોતાની પડી હોય છે. બહારથી પરાર્થે દેખાતા પ્રયત્નોનું કેન્દ્ર જો તપાસીએ તો તે સ્વગામી જ હોય છે. પરાર્થે પીડા વહોરનારા અને તેમાં માનનારા વીરલા જ હોય છે. અને આવા વીરલાઓ જ સમાજ અને દેશનું કંઈ ભલું કરી શક્યા છે.

અત્યારે આપણી જ્ઞાતિમાં જે દાવાનળ સળગી રહ્યો છે, જે દાવાનળની પીડાથી હજારો કુટુંબો પાયમાલ થતાં જાય છે, જેના ત્રાસથી પુરુષ, સ્ત્રી અને છોકરીનું જીવન છિન્નભિન્ન અને અધોગામી બની રહે છે તે દાવાનળને ઠારવામાં, તેની ભભકતી જ્વાલાઓને શાંત પાડવામાં કેટલા કેટલા બધા પ્રયત્નની જરૂર છે, કેટલા ત્યાગની આવશ્યકતા છે, તે યથાર્થ જાણી લઈ તે પ્રમાણે કાર્યો ઉપાડી લેવાની દરેક જ્ઞાતિબંધુમાં જો લાગણી થઈ આવે, તો તે કાર્ય સુલભ થઈ પડે. કુરિવાજો, વહેમો અને આજ્ઞાનાંધકારનો ભોગ થઈ પડેલી આપણી જ્ઞાતિ દિનપ્રતિદિન તેજવિહિન–શક્તિવિહીન અને નમાલી બનતી જાય છે. તેમાંથી તેને ઉગારવાનો ઈલાજ નથી વાતોમાં રહ્યો, નથી ભાષણોમાં રહ્યો, નથી લેખોમાં રહ્યો કે નથી ઠરાવોમાં રહ્યો. તેના માટે તો ધન, માન, કીર્તિનો ભોગ આપી જગતથી અજ્ઞાત એકાદ ખૂણામાં પડ્યા રહી શાંતિથી કાળજાતૂટ કામ કરવાની જરૂર છે. હુન્નર, ઉદ્યોગ અને કેળવણીનાં નવાં નવાં ક્ષેત્રો ઉઘાડી તેને વિકસાવી, દિનપ્રતિદિન તેને આગળ ને આગળ ધપાવી મંડ્યા રહેવામાં જ આપણો ઉદય સમાયો છે. તમસમાં ઘોરતી આપણી જ્ઞાતિ આગળ કામના ઢગેઢગ રજૂ કરવાની જરૂર છે. આવડતને અભાવે તેની શક્તિનો વેગ વિરુદ્ધ દિશામાં વહી જાય છે. કુસંપ, ઈર્ષા અને અજ્ઞાનમાં રિબાતી જ્ઞાતિને તારવાનો ઉપાય તેની આજુબાજુ સંસ્કાર અને ઉદ્યોગનું વાતાવરણ ખડું કરવામાં રહેલો છે.

પણ પ્રશ્ન એ થાય છે કે આ બધું કરે કોણ ?

અજ્ઞાનાંધકારમાં ભટકતો જ્ઞાતિનો વિશાળ સમૂહ એ કામ સ્વયં ઉપાડવા યથાર્થ જ્ઞાનને અભાવે અશક્તિમાન છે. ત્યારે જ્ઞાતિના કેળવાયેલા આ કાર્ય ઉપાડી શકે ? કેળવાયેલાને જ્ઞાતિબંધુઓની પડી છે ? તેમનાં હૃદય જ્ઞાતિનાં દુ:ખો અને

વહેમો જોઈ ખળભળી ઊઠ્યાં છે ? પોતાની જ્ઞાતિને સમાજમાં ઉચ્ચ સ્થાન અપાવવા તેમનાં હૃદય તૈયાર છે ? ધન, માન, કીર્તિનો ભોગ આપવા તેમણે નિશ્ચય કર્યો છે ? યજ્ઞાર્થે કર્મ કરવામાં તેમને આનંદ મળે છે ? એક નાનું શું ભીંતડું ચણવું કઠણ છે; જ્યારે મોટા મકાનો તોડવાં એ સહેલું છે. એ તો જેને અનુભવ થયો હોય એ જાણી શકે છે.

સામાન્ય અનુભવ એવો છે કે જે કાર્યમાં હાડકાં નમાવ્યા સિવાય કીર્તિ, માન અને મોટાઈ મળતી હોય છે તે કાર્યનાં યશોગાન ગાવા, તેનું અગ્રપદ લેવા સૌ કોઈ તૈયાર થઈ જાય છે. જ્યાં ફક્ત બોલીને, ઠરાવો કરીને કે વાહ વાહ ગાઈને કામ કરવાનું હોય છે ત્યાં જરૂર આપણા કેળવાયેલા આગળ પડતા હોય છે. જ્યાં સત્તાની લગામ મળવાનો સંભવ જણાતો હોય છે ત્યાં બેલાશક આપણા કેળવાયેલા તૈયાર જ હોય છે. કાર્યનું ગમે તે થાઓ, પણ પોતાનો માનમરતબો જળવાતો હોય તો કોઈપણ કામ કરતાં ન અટકવામાં હંમેશાં આપણા કેળવાયેલા તૈયાર જ હોય છે.

યાદ રાખવાની વાત છે કે, કોઈ પણ કાર્ય બોલવાથી થતું નથી. કાર્ય ઉપર એકનિષ્ઠા કે ભક્તિ સિવાય તે કાર્ય ફલતું નથી, તેને માટે માટે સતત વિચાર કર્યા સિવાય કાર્યની પ્રગતિ થતી નથી, તે પોષાતું નથી અને ખીલતું પણ નથી. આખાયે વર્ષમાં બેચાર દિવસ તે ઉપર વિચાર કરવાથી શું કરી શકવાના હતા ? ચોવીસે કલાક પોતાની જંજાળમાં મચી રહેનારા યજ્ઞાર્થે કર્મ કરવાના રહસ્યને શું સમજી શકે ? જંજાળમાં તો જ્યાં ત્યાં પોતાના જેવા જ વ્યવહારદષ્ટિએ પડે તેમાં શું આશ્ચર્ય ? સ્વચ્છ બુદ્ધિ, સ્વચ્છ કાર્યોને જોઈ શકે. સ્વાર્થના આવરણથી ઢંકાયેલી બુદ્ધિને સર્વત્ર સ્વાર્થ જ દેખાય, સારામાંએ ખોટાનો ભાસ થાય, ગુણોને ન પારખી શકે, છિદ્રો ઝટ શોધી કાઢે અને છિદ્રોને દૂર કરવાનો ઉપાય ન લતાં આખીયે વસ્તુનો નાશ કરવા તૈયાર થઈ જાય.

આવી સ્થિતિમાં કોને કોની પડી હોય ? બીજાનું ગમે તે થાય, પણ તેમાં પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે મને શો ફાયદો મળવાનો છે તેનો જ વિચાર કરવામાં આવે છે.

**"ભાષણો કરવામાં મારું શું જાય છે ? લાવને પચીસપચાસ વાક્યો પોપટની જેમ બોલી નાખું. ક્યાં એ મારા હૃદયને અડે છે ? ક્યાં મને એ લાગુ પડે ? ભલે, લોકો તે પ્રમાણે વર્તે કે ન વર્તે તેમાં મારું શું જવાનું છે ? આપણને માન મળે છે, મ્હોટાઈ મળે છે, પછી બીજું શું જોઈએ ? આપણી વાહવાહ ગવાય છે. ભલેને બીજા પડે ઊંડા ધરામાં.** તું તારું સાધી લેને એવી વિચારપરંપરાથી જ્યાં કાર્યો થતાં હોય તે કેટલા દિવસ ટકે ? તેની અસર કોના ઉપર થાય ?



"બાળલગ્નથી જ્ઞાતિ નિર્વીર્ય અને નમાલી બને જતી હોય તેમાં મારે શું ? બારમામાં હજારૂ રૂપિયા ચટણી થઈ જતા હોય અને ઘરનાં ઘર ઊપડી જતાં હોય તોયે શું ? આખુંયે જીવન મીઠું ને રોટલો ખાઈને અને કૂતરાના જેવું જીવન ગાળીને સંસારયાત્રા પૂરી કરવામાં આવતી હોય તેમાં મારે શું ? સામાન્ય સિપાઈને જોઈ કાળજું ધડકતું હોય, નીચું મોં કરી તેની બેચાર ગાળો સહન કરી લેવાતી હોય તો યે શું થઈ ગયું ? શું મારાં છોકરાઓને એશઆરામી કેળવણી નથી મળતી ? નિરાંતે હાડકાં નમાવ્યા સિવાય મને તો રોટલો મળે જાય છે. મારી કીર્તિ અને વાહવાહ જ્ઞાતિભરમાં ગવાઈ રહી છે. મોટી મોટી સભાઓના પ્રમુખ થવાનું મને માન મળે જાય છે. જ્ઞાતિના કોઈપણ કાર્યમાં મારો અગ્ર હિસ્સો તો હોય જ છે. સર્વ મારી તરફ માન અને ડરની દૃષ્ટિથી જોઈ રહ્યા છે. તેમની દૃષ્ટિએ હું કેટલોબધો મોટો લાગું છું ? ટાઢા લોહીનો રોટલો મને મળી રહ્યો છે, તો પછી મારે શું જોઈએ ?

સોને પોતપોતાની લાગી હોય છે. ત્યાં કોણ કોને સંભારે ? પોતાનું કાર્ય સાધવા જતાં કદાચ અડફેટે જ્ઞાતિનું કામ આવી જાય તો ઠીક છે. બે ચાર વાક્યો બોલી, હા ના કરી, મોટા થવાનું માન લેવામાં શું જવાનું છે ? જ્યાં આવું જ ચાલી રહ્યું હોય ત્યાં ઉન્નતિની શી આશા રખાય ? જ્યાં જ્ઞાતિહિત માટે ધગશ અને બળતરા ન હોય, ત્યાં કેવાં કાર્ય થઈ શકે ? પોતાનું પડતું મૂકી, રઝળાવી, જ્ઞાતિનું કે દેશનું હિત સાધવા જ્યાં સુધી યુવકો ન નીકળી આવે, ત્યાં સુધી જે કાંઈ બોલવું તે થૂંક ઉડાડવા બરાબર છે, લખવું તે ખાલી લીટા કર્યા સમાન છે અને ઠરાવો કરવા તે ખાલી દંભ છે. પરમાત્મા આપણને સર્વને યજ્ઞાર્થે કામ કરવાની પ્રેરણા આપે !

**૧૯૨૭** **બાપુલાલ વી. ગામી**
**કડી**

## આપણા સમાજસુધારકો

કેવી ભયંકર સ્થિતિમાં આપણો દેશ તથા સમાજ આવી પડ્યો છે તે જાણવાનો પ્રયત્ન કરનાર ઘણા જ ઓછા માણસો છે. જેના હૈડે દેશહિત, સમાજહિત, જ્ઞાતિહિત વસેલાં છે તેવા પુરુષો રાતદિવસ સતત કાર્ય ચલાવી જ રહ્યા છે. દુનિયામાં કોઈ દેશને સુધારાની ખાસ જરૂર હોય તો તે હિન્દુસ્તાનને છે. કોઈપણ દૃષ્ટિએ તેને જોઈશું તો અન્ય પ્રજાઓ કરતાં તે ઘણો જ ઊતરતો લાગશે.

મારી માન્યતા પ્રમાણે તો આપણી રાજકીય અધોગતિનું કારણ સમાજમાં રહેલો સડો છે. વિવિધ જ્ઞાતિઓથી આપણો સમાજ બનેલો છે. કોઈપણ જ્ઞાતિસંબંધી

વિચારીશું તો જણાશે કે તેના મૂળમાં કોહવાટ લાગેલો જ છે. જ્ઞાતિરૂપી સંસ્થા એ બેધારી તલવાર છે. યોગ્ય પરિસ્થિતિમાં તે રક્ષણકર્તા થઈ પડે છે અને તેને ભક્ષણકર્તા થવાના પ્રસંગો પણ ઓછા આવતા નથી. અત્યારે તો ઘણેખરે અંશે શુભ કરતાં અશુભ વધારે કરી રહી છે. અનેક પ્રકારના સડાએ આપણી જ્ઞાતિઓમાં ઘર કર્યું છે. આ સડાને દૂર કરવા કેટલાબધા અને કેવી જાતના પ્રયત્નોની જરૂર છે તેનું વિવેચન વારંવાર કરવામાં આવે છે. એટલે આ સંબંધી હું વધુ વિવેચન કરવા માગતો નથી. પણ એક જ બાબત ઉપર હું જ્ઞાતિભાઈઓનું લક્ષ ખેંચવા માગું છું.

જ્ઞાતિના પ્રચલિત કુરિવાજો દૂર કરી, જ્ઞાતિએ ઉન્નતિને રસ્તે ચઢાવનાર સુધારકો સંબંધી મારે કંઈક કહેવાનું છે. અત્યાર સુધી આપણા જ્ઞાતિસુધારકો પરિષદો, ભાષણો, ઉપદેશો અને માસિકો દ્વારા સંસારસુધારાની પ્રવૃત્તિ ચલાવી રહ્યા છે; બનતો પ્રયત્ન કરી રહ્યા છે; પણ પરિણામ આપણી આશાઓ પ્રમાણે આવ્યું નથી. તેનું કારણ દૂર શોધવા જવું પડે તેમ નથી. આટલો આટલો પ્રયત્ન છતાં પરિણામ જ્યારે શૂન્યવત્ જ આવે, ત્યારે દરેક જ્ઞાતિસુધારકે વિચારતા થઈ જવું જરૂરનું છે. જ્ઞાતિસુધારકે સમાજના માનસનો અભ્યાસ કરવો જરૂરી છે. જેમ બાલમાનસનો અભ્યાસ કર્યા સિવાય કોઈપણ શિક્ષક પોતાના કાર્યમાં ફતેહમંદ થઈ શકે નહિ તેમ સમાજ-જ્ઞાતિ માનસનો અનભ્યાસી સુધારક પોતાનું કાર્ય સફળતાપૂર્વક ચલાવી ન શકે. જેમ શિક્ષકોના પોકળ શબ્દો અને ઉપદેશોના ઢગલાથી વિદ્યાર્થીઓનાં ચારિત્ર્ય ઘડાતાં નથી તેમ સુધારકોનાં કેવળ ભાષણો કે લખાણોથી સમાજમાં સુધારો થઈ શકતો નથી. જેમ વિદ્યાર્થીનું ચારિત્ર્ય ઘડવા શિક્ષકને પોતાનું જીવન તલવારની ધાર ઉપર ચલાવવું પડે છે તેવી રીતે સમાજનું ચારિત્ર્ય ઘડવા નીકળનાર સુધારકોએ પણ પોતાના જીવન સંબંધી વિચાર કરતા થઈ જવું પડે છે. જેમ વિદ્યાર્થી ઉપર, શિક્ષકના શબ્દો કરતાં એનાં વર્તન અને ગૃહજીવનની જ ચિરસ્થાયી અને સંગીન અસર થાય છે તેમ સમાજ ઉપર સુધારકોનાં ભાષણો, ઉપદેશો અને લખાણ કરતાં વર્તન અને ગૃહજીવનની જ વધુ અસર થાય છે.

અત્યાર સુધી સુધારાનું પરિણામ નહિ જેવું આવવાનું કારણ મને આમાં જ જડે છે. આપણા વાચાળ સુધારકો પોતાના માટે, પોતાના ગહજીવન માટે બહુજ ઓછો વિચાર કરે છે. અંગ્રજીમાં એક કહેવત છે કે, 'Charity begins at home. ઉદારતાનું શિક્ષણ ઘરથી જ શરૂ થાય છે.' તે પ્રમાણે સુધારા પણ ઘરથી જ શરૂ થવા જોઈએ. સુધારકે પ્રથમ પોતાની જાત, ઘર, કુટુંબ વગેરેને શુદ્ધ કરી આગલ વધવું જોઈએ. અને આ પ્રમાણે કરવાથી જ સમાજસુધારાના કાર્યમાં સફળતા મળી શકે છે. આપણે જોઈએ છીએ કે, જે સમાજસુધારકો આ પ્રમાણે પોતાના ગૃહજીવનને



શુદ્ધ કરીને બહાર પડ્યા છે તેઓ કંઈ કરી શક્યા છે. ભલે તેઓ ભાષણો ન આપતા હોય; ભલે તેઓ લેખો ન લખતા હોય; ભલે તેઓને પરિષદના માંચડાઓ ઉપર ઊભા રહી સભાઓ ગજાવી લોકોની તાળીઓથી વધાવી લેવામાં ન આવતા હોય; પણ જ્ઞાતિસુધારામાં કંઈ પણ કાર્ય થયું હોય તો તેનો યશ તેમને જ આપવો ઘટે છે. આવા સુધારકો અભણ હશે, મૂંગા હશે તોપણ ઘણું કાર્ય કરી શકશે. તેમનું ગૃહજીવન, કુટુંબજીવન જ સૂક્ષ્મ રીતે પોતાની સુવાસ ચોતરફ ફેલાવશે અને સુધારાના કાર્યને આનંદથી ધપાવશે.

સમાજમાં-જ્ઞાતિમાં સુધારો તે શી રીતે થાય ? સુધારાના હિમાયતીઓ જ જ્યારે કુધારાની જાળમાં બંધાએલા હોય ત્યારે તે સમાજને શી રીતે છોડાવી શકે ? ખરી વાત તો એ છે કે, આપણે ભણેલાઓએ જ આપણી જ્ઞાતિની, સુધારાસંબંધી શ્રદ્ધાનો નાશ કર્યો છે. ખરી વાત છે કે આપણે ભણેલાઓએ જ સુધારાના વેગને અટકાવ્યો છે. ખરી વાત છે કે આપણે ભણેલાઓ જ આપણા અભણ ભાઈઓને ખોટે રસ્તે દોરવામાં કારણભૂત થઈએ છીએ. ઉપર જણાવ્યું તે પ્રમાણે સમાજ, આપણા વર્તનથી જ શીખે છે; નહિ કે ભાષણ કે લખાણથી. અત્યાર સુધી આપણે ભણેલા, 'બોલ્યા કંઈ ને કર્યું કંઈ; લખ્યું કંઈ અને વર્ત્યા કંઈ.' આનું પરિણામ એ આવ્યું કે આપણા જ્ઞાતિભાઈઓ એમ સમજવા લાગ્યા કે સુધારો બોલવામાં જ છે, વર્તનમાં નથી. આપણે ભણેલા આપણા જીવનનો-ગૃહજીવનનો કંઈ વિચાર કરીએ છીએ ? આપણા કુટુંબ પ્રત્યે, આપણી સ્ત્રી પ્રત્યે, આપણાં છોકરાં પ્રત્યે, આપણાં માબાપ અને વડીલો પ્રત્યે આપણે કેવું વર્તન રાખીએ છીએ તેનો ખ્યાલ આપણને છે ? આપણે ભણેલા આપણાં મિત્રમંડળો અને સ્નેહીઓ પ્રત્યે કેવો સંબંધ રાખીએ છીએ તેનું આપણને ભાન છે ? આપણે ભણેલા સાથે મળી જ્ઞાતિ-હિતનું કે સમાજ-હિતનું કામ કરવા કેટલા તત્પર અને ઉત્સુક છીએ તે આપણે જાણીએ છીએ ? નાની અને નજીવી બાબતોને સિદ્ધાંતનાં સ્વરૂપો આપી આપણે ભણેલા અંદર અંદર વિખવાદ, કુસંપ અને કલેશ ઉત્પન્ન કરી જ્ઞાતિ ઉપર અંધ દાખલો બેસાડી રહ્યા છીએ તેનું આપણને જ્ઞાન છે ? થોડાક સ્વાર્થ માટે સંસ્થા અને જ્ઞાતિહિતોનો દ્રોહ કરવા આપણે પાછા પડતા નથી તેની કલ્પના છે ? મોભીપણાનું અભિમાન ધરાવી, જ્યાં ત્યાં ચિણગારી મૂકી અંદર અંદર લડાવી મારી સ્વાર્થ સાધવાની બાજી ખેલતાં આપણે હૃદય ઉપર હાથ મૂકી વિચાર કરીએ છીએ ? "શકટનો ભાર જેમ શ્વાન તાણે." એ નરસિંહ મહેતાનાં અનુભવવચનો પ્રમાણે જે તે કામનો ખાલી ફાંફો રાખી પરમાર્થ હોવાનો ડોળ કરતાં આપણને જરાય શરમ આવે છે ?

આ પ્રમાણે ભણેલા સુધારકો કાર્ય કરવા માગીએ છીએ. કોઈ દિવસ આ પ્રમાણે કાર્ય ન થાય. પ્રથમથી જ ઈંટ વાંકી મૂકી તેના ઉપર સુધારાની ઈમારતો ન ચણાઈ શકે. જો આપણાં સાધનો સારાં હોય તો અંતે પરિણામ પણ સારું-શ્રેયસ્કર આવે. આપણને પરિણામો સાથે લગાડવાંની ટેવ પડી છે. સાધનોનો આપણે બહુ જ ઓછો વિચાર કરીએ છીએ. અધૂરાં અને અશુદ્ધ સાધનો સાથે અભિમાનપૂર્વક આપણે જ્ઞાતિસુધારાનાં કાર્યો ઉપાડીએ છીએ. પછી જ્યારે આપણને નિષ્ફળતા મળે છે ત્યારે તેનો દોષ બીજા ઉપર ઢોળી પાડી, તેમાં જ આપણી કૃતકૃત્યતા માનીએ છીએ. આપણે એ પણ નથી સમજતા કે કુદરતના કાયદાઓ અચળ છે. આપણે ગમે તેમ ફાંફા મારીશું, પણ આપણી યોગ્યતા પ્રમાણે જ આપણે કાર્ય કરી શકીશું. સ્વામી રામતીર્થ કહે છે કે, ''ઘડેલા પથરાઓને કશી જ ચિંતા કરવાની હોતી નથી. મારો ઉપયોગ કોણ કરશે તેને માટે એને કશી જ હૈયાવરાળ હોતી નથી. તે કાંઈ રસ્તામાં પડ્યા રહેતા નથી. જેને જરૂર જણાય છે તે તેમને ત્યાંથી ઉપાડી જાય છે.'' આપણામાં પણ આ પ્રમાણે જ બને છે. આગળ પડવા માટે કે સુધારાના આગેવાન ગણાવા માટે આપણામાં બહુ જ ઇંતેજારી હોય છે. અને તેને માટે આપણે અનેક પ્રકારના પ્રયત્નો કરીએ છીએ; અનેક બાજીઓ ખોલીએ છીએ; અને જ્ઞાતિનું હિત કરવા જતાં તેનું કેટલુંયે જાણેઅજાણે અહિત કરી બેસીએ છીએ. આવા વિષયગામી રસ્તાનો ત્યાગ કરી, જો આપણે પથરાની માફક પોતાની જાતને જ ઘડવા પ્રયત્ન આદરીશું, તો જરૂર જેને જરૂર હશે તે આપણને આદરપૂર્વક ઉપાડી જશે; એટલું જ નહિ, પણ આપણને અગ્રસ્થાને મૂર્તિની માફક પધરાવી આપણી પૂજા કરશે.

તાત્પર્ય એ કે જ્યાં સુધી આપણા સમાજ કે જ્ઞાતિસુધારકો આત્મલક્ષી નહિ થાય ત્યાં સુધી કંઈ પણ કાર્ય સધાવાનું નથી. ઊલટું હિત ન થતાં જ્ઞાતિને નુકશાન થવાનો જ સંભવ છે. મારી તો સર્વ બંધુઓને નમ્ર યાચના છે કે ભલે આપણું કાર્ય બહારથી મોટું ન દેખાય, ભલે આપણે ભાષણો, લેખો કે પરિષદો મારફત લાંબાલાંબા ઉપદેશો ન આપી શકીએ; પણ જો આપણે પ્રથમ આપણી જાતને, ઘરને, કુટુંબને, જ્ઞાતિને સુધારવા પ્રયત્ન કરીશું તો જરૂર આપોઆપ વિજય આપણને ભેટશે અને આપણું અને આપણા સમાજનું શ્રેય થશે. પરમાત્મા આપણને આપણાં કાર્યો સાધવા બળ અને બુદ્ધિ અર્પે !

**૧૯૨૮**
**ચેતન-ફાગણ**

**બાપુલાલ વી.ગામી**
**પાટીદાર વિદ્યાલય, કડી**



## આપણી ઉન્નતિ શામાં રહી છે ?

### કેળવણી : સંપ : સહકાર : ઉદ્યોગ : ત્રેવડ :

**ખેતી : ઉત્પાદક ધંધો**

દુનિયામાં ખરું ધન ઉત્પન્ન કરનાર ખેડૂતો છે, એથી ખરી રીતે તો આખાય જનસમાજને મોખરે ખેડૂત જ ઊભો રહેવો જોઈએ. છતાં અત્યારે આપણે શું જોઈ રહ્યાં છીએ ? કંગાલ અને રાંક હાલતમાં ખેડૂતને જોઈને આપણને દુઃખ થયા વિના ન જ રહે. 'રે ખેડૂત, તું ખરે જગતનો તાત ગણાયો. આ સઘળો સંસાર પાળતો તુંજ જણાયો.' જે ખેડૂત ઉપર આ સઘળો સંસાર ચાલી રહ્યો છે તે ખેડૂતની આવી અધોગતિ થવાનું કારણ શું ? દુનિયામાં નવું ધન ઉત્પન્ન કરનાર માત્ર એક ખેડૂત જ છે. ખેતી સિવાયના તમામ ધંધાઓ માલની આપ-લે સુધારાવધારા કરી ચાલી રહ્યા છે. જ્યારે ખેતી જ એક એવો ધંધો છે કે તેમાંથી નવું દ્રવ્ય પેદા થાય છે. આવો ઉત્તમ અને ઉપયોગી ધંધો કરનાર ખેડૂતની આવી દશા શાથી થઈ ? દિવસે દિવસે ખેડૂત ઘસાતો જ જાય છે. તેના માથા ઉપર દેવાના થર ઉપર થર જામતા જ જાય છે. સમાજમાં તેનું સ્થાન નીચું ને નીચું ઊતરતું જ જાય છે. પૈસેટકે કંગાલ બનેલો ખેડૂત પોતાના ધંધામાં સાહસ શી રીતે કરી શકે ? આવી કંગાલ હાલતમાં તેને પોતાની ખેતીમાં નવાનવા પ્રયોગો કરવાનું સૂઝે જ ક્યાંથી ? માંડમાંડ પોતાનું પેટ ભરી શકે તેટલા દાણા ઉત્પન્ન કરનાર ખેડૂત નવાં સાહસો ખેડી ખેતીના શાસ્ત્રને ખીલવી જ શી રીતે શકે ? એ વાત તદ્દન ખરી છે કે, ખેતી એ ઉત્પાદક ધંધો છે. ખેતી જેવું નવું દ્રવ્ય ઉત્પન્ન કરી શકે છે એવું દ્રવ્ય બીજો કોઈ પણ ધંધો ઉત્પન્ન કરી શકતો નથી. પણ, જ્યાં સુધી ખેડૂત પોતાના પગ ઉપર ઊભો રહેતો ન થાય, ત્યાં સુધી તેની પાસેથી લાંબી લાંબી આશાઓ રાખવી ફોગટ છે. જ્યાં સુધી ખેડૂત શરીરે સશક્ત બન્યો નથી; જ્યાં સુધી તેનાં મન અને બુદ્ધિ કેળવાયાં નથી; જ્યાં સુધી સામાજિક રિવાજોએ તેને નિચોવવાનું બંધ કર્યું નથી; ત્યાં સુધી ખેડૂતની ખેતીમાં વિકાસની આશા રાખવી એ હવાઈ કિલ્લો છે.

**આર્થિક સ્વતંત્રતા**

અત્યારે તો ખેડૂત દરેક રીતે પરતંત્ર છે. સદીઓજૂના સામાજિક રીતરિવાજોના સકંજામાં તે જકડાયેલો છે. તેના ઉપર દેવાનાં રણેરણ ચડેલાં છે. જ્યાં સુધી નાણાંની બાબતમાં ખેડૂત સ્વતંત્ર ન થાય, ત્યાં સુધી તે જરા પણ આગળ વધી શકે નહિ. ખેડૂતની પ્રગતિનું પ્રથમ પગથિયું આર્થિક સ્વતંત્રતા છે. આ આર્થિક સ્વતંત્રતા કેવી રીતે સધાય એ એક મોટો પ્રશ્ન છે. ખેડૂત દિનપ્રતિદિન વધારે ને વધારે આર્થિક

બાબતમાં પરતંત્ર બનતો જાય છે. એક તો તેની ખેતી કરવાની રીત જૂનીપુરાણી છે. તેની જમીન એકજથ્થે નથી. ગામની ચારે બાજુ આવેલા તેના જમીનના ટુકડાઓની સંભાળ રાખવામાં તેનો કેટલોય વખત વ્યર્થ ચાલ્યો જાય છે. જમીન છૂટી છૂટી હોવાથી બગાડ પણ પુષ્કળ થાય છે. વળી, જ્યાં સુધી જમીન એકજથ્થે કરી ખેડૂત પોતાના ખેતર ઉપર રહેતો ન થાય ત્યાં સુધી તેને ખેતીમાંથી નફો મળે એ અસંભવિત છે. અત્યારે તો તેને ખેતીમાંથી પૂરી મજૂરી પણ પાલવતી નથી. 'ખેતરમાં વસતા ખેડૂતની કેટલી બધી મહેનત બચે; કેટલો બધો બગાડ તે અટકાવી શકે; જો ખેડૂત આ બાબત સમજી જાય તો. એક રીતે તેને જરૂર આર્થિક લાભ થાય જ.

ખેડૂતને પાયમાલ કરતી બીજી બાબત સામાજિક રિવાજો છે. ખેડૂતની સ્થિતિ, પૈસો ખરચવાની હો, કે ન હો પણ અમુક ખર્ચ તો તે કરે જ જાય છે. મરણ પાછળનાં થતાં જમણોમાં હજારો રૂપિયા ઉડાડી દેવાદાર થનાર ખેડૂતોના સોએ નવાણુ દાખલાઓ હશે. ભલેને વર્ષો સારાં આવે; ભલેને ખેડૂત સુંદર પાક જોઈ રાચે; ભલેને ખેડૂત એક વર્ષમાં દસ વર્ષ જેટલું મેળવે, છતાંયે તેની સ્થિતિ ક્યાં સુધરે છે ? કારણ સ્પષ્ટ છેઃ ખેડૂતની જિંદગીમાં એક-બે વાર મરણ પાછળ કારજ કરવાનું આવે એટલે બસ ! સારા વર્ષોમાં કમાયેલું ધન ક્યાંય ઊડીને રાખ થઈ જવાનું અને ઊલટું દેવું ઢસેડવું પડે તે જુદું. આ પ્રમાણે ખોટા ખર્ચ કરવાથી થયેલું દેવું વંશપરંપરાથી ચાલતું આવે જ જાય છે અને દર વર્ષે તેનું વ્યાજ પણ પૂરું નહિ ભરી શકનાર ખેડૂત દિવસે દિવસે કરજના બોજામાંથી ઊંચો આવી શકતો નથી. આ પ્રમાણે આર્થિક સ્વતંત્રતામાં આડે આવનારી વસ્તુઓ જ્યાં સુધી આપણે દૂર કાઢી રાખી ન દઈએ ત્યાં સુધી આપણે ક્યાંથી પૈસા મેળવી શકીએ ? અને જ્યાં સુધી ખેડૂત પાસે પૈસા નથી, ત્યાં સુધી ખેતીમાંયે વિકાસ શી રીતે થઈ શકે ?

**સહકાર**

ખેડૂતની ઉન્નતિનું બીજું પગથિયું સહકાર છે. સહકાર એટલે સાથે મળી કામ કરવું. કોઈ પણ ધંધા કરતાં ખેતી અને ખેતી સાથે સંબંધ ધરાવતા ધંધામાં સહકારની સૌથી વિશેષ જરૂર પડે છે. અત્યારે ખેડૂતને બીજા ધંધાદારીઓ લૂંટી ખાય છે તેનું કારણ એ જ છે કે ખેડૂતોમાં સહકાર નથી. એક મામૂલી ગામમાં મામૂલી વેપાર કરનાર વેપારીઓનાં એસોસિયેશન્સ, સહકારી મંડળીઓ હોય છે. જ્યારે જે વસ્તુઓનો આખી દુનિયાને ખપ છે તેવી વસ્તુને પેદા કરનાર ખેડૂતની મંડળીઓ જ ન મળે ! વેપારીઓ નક્કી કરે તે પ્રમાણે ખેડૂતને પોતાનો માલ વેચવો પડે છે. પછીથી ભલે ને તેને પોતાની મજૂરી જેટલું પણ ન પરવડતું હોય ! આ એક ઊંધો ન્યાય છે. જ્યાં સુધી ખેડૂત સમજશે નહિ, જ્યાં સુધી તે પોતાની મંડળીઓ બાંધશે નહિ, ત્યાં સુધી



તે કોઈ દિવસ ઊંચો આવી જ શકવાનો નથી. દરેક ગામમાં ખેડૂતનો ઉત્પન્ન થયેલો માલ વેચવાની ખેડૂતોની જ બનેલી એક સહકારી વેચાણમંડળી જોઈએ. ખેડૂતને પૈસા ધીરનારી ખેડૂત સહકારી બેન્ક પણ જોઈએ અને ખેડૂતને માલ પૂરો પાડનારી ખેડૂત ખરીદમંડળી પણ જોઈએ. આ પ્રમાણે જ્યારે ગામેગામ મંડળીઓ સ્થપાય અને દરેક ગામની મંડળીઓની પાછી એક મધ્યસ્થ મંડળી સ્થપાય તો જ ખેડૂત આ સ્પર્ધાના જમાનામાં ફાવી શકવાનો છે.

**સ્વચ્છ રહેણી**

ખેડૂતની ઉન્નતિનું ત્રીજું પગથિયું ખેડૂતની સ્વચ્છ રહેણી છે. અત્યારની સ્થિતિમાં તો પ્રથમ નજરે 'ગામડું' એટલે 'ઉકરડો' એવો જ આપણને ભાસ થાય છે. ખેડૂતનાં ઘર જુઓ, તેની ઊઠવાબેસવા, સૂવાની જગા જુઓ, તો આપણને જણાશે કે, હે રામ ! આટલી બધી કુદરતની મહેર હોવા છતાં મનુષ્ય કેટલી હદે પોતાની જાતને દુઃખી બનાવી રહ્યો છે ! ઘરમાં પૂરતું હવાઅજવાળું ન મળે. જ્યાં બળદ કે ભેંસ બંધાતાં હોય ત્યાં જ સૂવા બેસવાની જગા હોય. ઘરમાં કશી ચીજ જ વ્યવસ્થિત ન મળે. અને ઘર બહાર ? એની તો વાત જ ન કરવી. ઉકરડા અને ગંદી વસ્તુના થર ઉપર થર જામેલા જ હોય. બાળકો અને મોટેરાં, રસ્તાઓ જ્યાં ત્યાં મેલાંથી બગાડી જ મૂકતાં હોય. ગામના તળાવ ઉપર પણ એ જ દૃશ્ય. જે તળાવનું પાણી ન્હાવા - ધોવામાં, અરે ! પીવામાં પણ વપરાતું હોય તે જ તળાવમાં ઢોર મૂતરે, પોદળા કરે અને માણસો મળત્યાગ કરી તેને અશુદ્ધ કરે અને ભાગોળે ઉકરડાના ડુંગરા જ દેખાય. ઉકરડો એ અલબત્ત સોનાનું ખાતર છે, પણ તેનીયે વ્યવસ્થા જોઈએ. ઉકરડા માટે અલગ દિશામાં ઊંડો ખાડો ખોદી તેની અંદર એને વ્યવસ્થિત રાખવામાં આવે તો ખાતર પણ કીમતી બને અને હવા પણ ન બગડે. આવા ગંદવાડમાં જીવન ગુજારતાં ગ્રામ્ય બાળકોના હૃદયમાં સ્વચ્છતાનો ખ્યાલ સ્વપ્ને પણ ક્યાંથી આવી શકે ! સ્વચ્છતા એ દિવ્યતાની લગોલગ આવેલી છે. જ્યાં સુધી આપણાં શરીર અને આપણી આજુબાજુની પરિસ્થિતિ આપણે શુદ્ધ અને સ્વચ્છ ન બનાવી શકીએ ત્યાં સુધી આપણાં મન પણ મેલાં જ રહે છે. શરીર અને ઘરઆંગણાની સ્વચ્છતાને મનની પવિત્રતા સાથે ગાઢ સંબંધ રહેલો છે. સ્વચ્છતા જોઈ આપણું મન પ્રફુલ્લ બને છે. અને મન પ્રફુલ્લ બને છે ત્યારે જ આપણે આનંદ અનુભવી શકીએ છીએ. અસ્વચ્છ વાતાવરણમાં રહેતો ખેડૂત સંપૂર્ણ તંદુરસ્તી ન જ ભોગવી શકે. વારંવાર અનેક રોગોથી તેનું શરીર તવાયેલું રહે, તો તે પોતાના ધંધામાં ઉત્સાહ અને હિંમતપૂર્વક કામ પણ શી રીતે કરી શકે ? સ્વચ્છતા જાળવવી અને તંદુરસ્ત રહેવું એ દરેક માણસની પ્રથમ ફરજ છે.

### નૈતિક જીવન

ખેડૂતની ઉન્નતિનું ચોથું પગથિયું તેનું નૈતિક જીવન છે. એટલું સારું છે કે હજુ ખેડૂતના હૃદયમાં ઊંડે ઊંડે એ રામ વસેલો છે, તેથી અનેક અનિષ્ટ અને અધોગતિએ પહોંચાડનાર દુષ્ટ રિવાજોનો તે ભોગ બનેલો હોવા છતાં તે પોતાનું નૈતિક જીવન કંઈક સાચવી રહ્યો છે. અત્યારે તો બાળલગ્નની વિનાશક રૂઢિ તેને જકડી રહી છે. આ રૂઢિ તેને આર્થિક દષ્ટિએ હાનિ પહોંચાડે છે, એટલું જ નહિ, પણ તેનું નૈતિક જીવન હલકું બનાવે છે. બાળલગ્ન લગ્નની શુદ્ધતા અને ગંભીરતાનો નાશ કરે છે, જીવનને કલુષિત બનાવે છે. અત્યારે તો આપણા ખેડૂતભાઈઓ એમ જ સમજી બેઠા છે કે દુનિયામાં તેમને બે મુખ્ય કામ જ કરવાનાં છે : લગ્ન અને માબાપનાં મરણ પાછળ નાતવરાઓ. કોઈપણ પ્રકારે આ બે બાબતો પાર પડી એટલે ગંગા નાહ્યા. પછી ભલેને આખુંયે જીવન ક્લેશ-કંકાસમાં, બીજાનાં અપમાન સહન કરવામાં પસાર થતું હોય ! બાળલગ્ન બાળકોનાં ભાવિ જીવનને ઊગતાં જ ડાંભી દે છે. આ બાળલગ્ન બાળકોને કેળવણીમાં આગળ વધતાં અટકાવે છે. બાળકોનાં શરીર અને મનને બગાડે છે અને ભાવિ આશાઓ ઉપર પાણી ફેરવે છે. જો આપણે આપણું નૈતિક જીવન ઉચ્ચ અને શુદ્ધ રાખવા માગતા હોઈએ તો, આ બાળલગ્નની બેડી તોડે જ છૂટકો છે. બાળલગ્નનો નાશ કર્યા સિવાય સશક્ત અને ઉત્સાહી પ્રજા પાકશે એવી આશા રાખવી એ ઝાંઝવાનાં જળ સમાન છે.

### ગૃહઉદ્યોગો

ખેડૂતની ઉન્નતિનું ચોથું પગથિયું ગામડાના ગૃહઉદ્યોગો છે. ખેતી એ આપણો મુખ્ય ધંધો ખરો, પણ તેની સાથે બીજા નાના નાના ગૃહઉદ્યોગો ન રાખીએ તો આપણે ન જ ફાવીએ.

જીવનની મુખ્ય બે જરૂરિયાતોમાં અનાજ તો આપણે ઉત્પન્ન કરીએ છીએ, પણ કપડાંની બાબતમાં હમણાં હમણાં આપણે તદ્દન પરાધીન બની ગયા છીએ. કરોડો મણ રૂ આપણે આપણા ખેતરમાં પકવીએ છીએ, પણ તે બધું પરદેશ મોકલી તેમાંથી બનેલાં કપડાં આપણે ખરીદીએ છીએ. ખેતીમાં આપણને કંઈ બારે માસ સરખું કામ હોતું નથી. ઉનાળામાં નવરાશનો વખત મળે છે તે વખતે આપણાં જ ખેતરોમાં પાકેલો કપાસ લોઢી, પીંજી, કાંતી, વણી કે વણાવી તેનાં કપડાં બનાવીએ તો તે આપણને રૂના ભાવે જ પડે. આમ કરવાથી આપણાં ઘરમાંથી અને દેશમાંથી ધન જતું અટકે અને ગરીબ વણકરો વગેરેને મજૂરી પણ મળે. આપણે બધા જાણીએ છીએ કે આજથી સો વરસ ઉપર દરેક ખેડૂતના ઘરમાં રેંટિયા હતા અને ઘરની વૃદ્ધ માતાઓ કાંતતી અને તેમાંથી કપડાં બનતાં. એથી આપણો ગૃહસંસાર સુખી અને આનંદી હતો.



જેમ આપણે રેંટિયાને વિસારી મૂક્યો છે, એમ ગાયને પણ વિસારી મૂકી છે. ગાયને બદલે આપણે ભેંસો પાળતા થઈ ગયા છીએ. ગાય કરતાં ભેંસ આપણને તાત્કાલિક ફાયદો આપતી જણાય છે, પણ લાંબી નજરે વિચારીશું તો જણાશે કે ગાયના પાલનમાં જ આપણી સમૃદ્ધિ રહેલી છે. ગાયનું દૂધ દરેક રીતે શરીર, મન અને બુદ્ધિને ફાયદા કરતું છે. 'જેવું અન્ન તેવા ઓડકાર.' એ કહેવત પ્રમાણે ગાયનું દૂધ પીવાથી આપણાં બાળકો ચંચળ, બુદ્ધિશાળી અને નીરોગી બને છે. જ્યારે ભેંસનું દૂધ ચરબી વધારે છે અને માણસની બુદ્ધિને મંદ અને જડ બનાવે છે. ભેંસ એ જંગલી પ્રાણી છે. તેના દૂધમાં પણ તેવા જ ગુણો હોય એ કુદરતી છે. કોઈ મૂર્ખ માણસને આપણે કહીએ છીએ કે "એ તો ડોબા જેવો છે." એ શું બતાવે છે ? વળી આપણી ખેતીનો આધાર બળદ ઉપર રહેલો છે. જેમ જેમ આપણે ગૌપાલન સંબંધી બેદરકાર થતા ગયા તેમ તેમ કરોડો ગાયો પરદેશ ચઢતી ગઈ. ગાયોની ઓલાદ પણ દિનપ્રતિદિન ઊતરતી ગઈ અને બળદોની કિંમત ખૂબ જ વધી પડી. પરિણામે આપણને બળદ ખરીદવાનું ખર્ચ ઘણું જ વધી પડ્યું. તેથી ખેતી આપણને નુકસાનકારક નીવડી. આ બધું ગાયોની સેવા ન કરવાનું પરિણામ છે. જ્યાં સુધી આપણે ખેડૂતો આ ગૌપાલનનો મહિમા નહિ સમજીએ ત્યાં સુધી ગાયોની દશા તથા આપણી ખેતીની દશા સુધરવાની નથી. અત્યારે જેમ આપણે ભેંસો પાળીએ છીએ તે પ્રમાણે દરેક ખેડૂત પોતાને ઘેર નિદાન એક ગાય પાળવાની પ્રતિજ્ઞા લે, તો થોડા જ સમયમાં આપણી અને આપણી ખેતીની આબાદી થાય.

### કેળવણી

અભણ ખેડૂત ! આ શબ્દ આપણે વારંવાર સાંભળીએ છીએ. જ્યાં સુધી આપણે કેળવણીમાં પછાત હોઈશું ત્યાં સુધી આપણે જરૂર લાજી જ જવાના. 'કેળવણી' વિના અત્યારના જમાનામાં કોઈને ચાલે તેમ નથી. કેટલાક ભાઈઓ કહે છે કે, 'ખેડૂતને વળી ભણવાનું શું કામ છે ?' આ આપણી અજ્ઞાનતા બતાવે છે. દુનિયા ઉપર નજર ફેંકશો તો જણાશે કે હિંદુસ્તાનના ખેડૂતો જેવા કંગાલ અને અભણ ખેડૂત દુનિયાના કોઈપણ ભાગમાં તમને જડશે નહિ. અમેરિકાના ખેડૂતો પોતાની મોટરો રાખે છે અને તેઓ ક્રોડાધિપતિ હોય છે. જ્યારે આપણે અહીંની સ્થિતિ તદ્દન ઊંધી જ છે. કારણ એ જ કે આપણને કેળવણીની કિંમત નથી. આપણે ભણતા નથી તેથી આપણને બીજા ધંધાદારીઓ છેતરી જાય છે. આપણામાં કરકસર અને ત્રેવડના ગુણો નથી. તેથી જ્યારે સારું પાકે છે ત્યારે ઉડાવીએ છીએ અને નબળાં વર્ષોમાં હાથપગ જોડી બેસી રહીએ છીએ. વળી, કેળવણીના અભાવે આપણે આપણી ખેતીમાં કોઈ પણ પ્રકારના સુધારાવધારા કરી શકતા નથી. બીજા દેશોમાં વધારે પાક ઉત્પન્ન કરવા

ખેડૂતો શું શું કરી રહ્યા છે તે આપણે જાણી શકતા નથી. એટલે કૂવામાંના દેડકાની માફક આપણે એમ જ સમજીએ છીએ કે દુનિયા તો કૂવા જેવડી છે. આપણને ખબર નથી કે દુનિયામાં તો મોટા મોટા મહાસાગરો પડ્યા છે. વળી આપણી અભણતાને લીધે વ્યવહારમાં આપણે જ્યાં ત્યાં હડધૂત થઈએ છીએ. આપણને જે માન મળવું જોઈએ તે નથી મળતું તેનું કારણ કેળવણીનો અભાવ છે. એટલે આપણાં બાળકોને સરસ કેળવણી આપવી એ આપણી પ્રથમ ફરજ છે.

ખેડૂત ભાઈઓ મેં તમારી આગળ ખેડૂત ભાઈઓની સાચી ઉન્નતિ માટે જે વિચારો મૂક્યા છે તેને એક કાને સાંભળી બીજા કાને કાઢી નાખશો નહિ. તેના ઉપર પૂરતો વિચાર કરજો અને જે વિચારો તરતમાં અમલમાં મૂકી શકાય તેવા હોય તેને જરૂર અમલમાં મૂકશો. પરિણામે આપણને સુખ, આનંદ અને શાન્તિ મળશે.

**સર્વ વિદ્યાલય, કડી.** **બાપુભાઈ વિઠ્ઠલદાસ ગામી,** બી.એ.

## ચેતજો !

દેવો અને દાનવોએ સમુદ્રનું મંથન કર્યું. અમૃત મેળવવાની આશાએ પણ ઉત્સાહથી મંથન ચલાવ્યું. પ્રથમ તો હળાહળ ઝેરના ભભૂકા ઊઠ્યા. આથી દેવો ન તો ગભરાયા કે ન તો સમુદ્ર વલોવવો છોડી દીધો. ખંતપૂર્વક તેઓએ સમુદ્રમંથન ચાલુ રાખ્યું. પરિણામે અમૃત પ્રાપ્તિથી પોતાનું કાર્ય સિદ્ધ કર્યું.

આવો જ કટોકટીનો સમય આપણી જ્ઞાતિના વૃદ્ધો અને યુવાનો માટે આવી પહોંચ્યો છે. બન્ને પક્ષ સમુદ્ર ડોળવા માંડી પડ્યા છે. યુવાનો પણ કમ્મર કસી જ્ઞાતિ-સમાજસુધારાના કાર્યમાં લાગી ગયા છે. આપણે આશા રાખીએ કે પરિણામ તો બન્ને પક્ષ માટે હિતકર જ આવશે. પણ શરૂઆતમાં જેમ સમુદ્રમાંથી હળાહળ ઝેરની જ્વાળાઓ ભભૂકી ઊઠી હતી તેમ વડીલો અને યુવાનો વચ્ચે ચકમક તો ઝરશે જ. બન્ને પક્ષો લડશે, ઝગડશે અને તોફાને ચડશે, એકબીજાને શત્રુઓ ગણશે, એકબીજાના દિલમાં હળાહળ ઝેર વ્યાપી જશે. અંતે ખામોશી રાખનારને પસ્તાવાનો સમય નહિ આવે. ઉશ્કેરણીમાં પૂરમાં તણાઈ જનારા વૃદ્ધ કે યુવક પોતાનું અને સમગ્ર જ્ઞાતિનું અહિત કરશે. અંતે તો આપણને બધાયને એક થયા સિવાય છૂટકો નથી. યુવાનોને અનુભવી વૃદ્ધો સિવાય ચાલવાનું જ નથી અને વૃદ્ધો નવા લોહીથી ઊછળતા યુવાનોના ટેકા સિવાય ચાલી શકવાના નથી. આવી પરિસ્થિતિમાં બની શકે ત્યાં સુધી ખટાશ અને કડવાશ વહોરવાથી દૂર રહેવું શ્રેયસ્કર છે.

આપણે માનીએ કે આપણા વડીલોમાં કંઈક અક્કલ તો હશે જ. આજ કદાચ બે પાંચ સ્વાર્થી અને પ્રપંચી આગેવાનોની જાદુઈ જાળમાં તેઓ ફસાઇ પડી પોતાનું



અને પોતાનાં સંતાનોનું હિત જોવામાં તેઓ અંધ બન્યા હશે ! કદાચ તેઓને કુરિવાજોની પાયમાલીનું ભાન નહિ થતું હોય ! આજ કદાચ તેઓ સુધારાની વાતોને નજીવી ગણી સાંભળી ન સાંભળી કરતા હશે ! આજ કદાચ તેઓ 'ચેતનનાં તંત્રો' અને 'ગરૂડભાઈ' ઉપર દાંત કચકચાવી રહ્યા હશે ! આજ કદાચ 'ચટણીકરની' 'ચટણી' ચાખવાથી તેમની આંખમાંથી આંસુ ટપકતાં હશે ! આજ કદાચ સત્ય વસ્તુનું દર્શન થવામાં તેમની આંખે પડળ બાઝી ગયાં હશે ! આજ કદાચ આવી અનેક જ્ઞાતિહિતકર બાબતોને તેઓ ઊંધી દૃષ્ટિથી જોતા હશે !

પણ કાલ ! કાલ જરૂર તેમનાં ત્રીજાં નેત્રો ખૂલશે જ. કાલ તેમને જરૂર ભાન થશે કે 'સમાજીઓ'ને તેમની વિરુદ્ધ પડવામાં અંગત કંઈ પણ સ્વાર્થ ન હતો. કાલ જરૂર તેમને ભાન થશે કે સમાજીઓ જ જ્ઞાતિનું અને જ્ઞાતિનાં કુમળાં બાળકોનું હિત ઈચ્છનારા હતા. કાલ જરૂર તેમને ભાસશે કે 'ચેતન'ના તંત્રીને 'ગરૂડભાઈ'ને કડવી દવાઓ આપવાની જરૂર જ્ઞાતિના ભલા માટે જ પડેલી ! કાલ જરૂર તેમને લાગશે કે હાથમાં તીક્ષ્ણ ચપ્પુ લઈ વાઢ કાપ કરનાર દયાળુ દાકતર જેવા 'સમાજીઓ જ્ઞાતિના કોહી ગયેલા અંગોને કાપવા માટે જ પરસેવો વાળી રહ્યા હતા અને ગાંઠના પૈસા ખરચી જ્ઞાતિહિતનું કામ કરી રહ્યા હતા. કાલ જરૂર તેમને સૂઝી આવશે કે સ્વાર્થી આગેવાનોની જાળમાં તેઓ ફસાયા હતા અને તેમના જ યુવાન બાળકોને નકામી ગાળો દેતા હતા. કાલ જરૂર તેઓને પસ્તાવો થશે કે જ્ઞાતિનું ભલું કરનારની સામે તેઓએ અંધ બનીને શસ્ત્રો ઉગામ્યાં હતાં. કાલ જરૂર તેમને તેઓની ભૂલ દેખાશે. કાલ જરૂર તેઓના હૃદયમાં રામ વસશે અને પોતાના જ સંતાનોના પગ ઉપર કુહાડો મૂકવા પોતે જ તૈયાર થયા છે એનું જ્ઞાન થશે.

યુવાનો, તમે પણ ચેતજો. બેસી રહેવાનો આ સમય નથી. જ્યારે વૃદ્ધોની નસોમાં પણ લોહી કૂદવા માંડ્યું છે ત્યારે તાજા લોહીથી ઊછળતા યુવાનોનું લોહી ઠંડું રહેશે એ કેમ માની શકાય ? તમે વડીલોને બતાવશો કે, 'અમે તમારાં જ સંતાનો છીએ. તમે જે અનિષ્ટ કાર્ય કરવા હામ ભીડી છે તે કાર્યને ઉથલાવી પાડવા જેટલું જોર અમારામાં નહિ હોય તો, પછી તમારાં બાળકો થવાને અમો લાયક જ ક્યાંથી હોઈશું ?' પણ જે કરો તેમાં મગજ શાંત રાખશો. હાથપગ ગરમ રાખશો પણ મગજ ઠંડું રાખશો. એક વાત ધ્યાન બહાર ન જવા દેશો કે 'છેવટે આપણે બધાય-વૃદ્ધો અને યુવાનો-એક જ થવાના છીએ, આટલી વસ્તુ ધ્યાનમાં રાખીને આ ન્યાયની લડત જેટલી લડી લેવાય તેટલી લડી લેજો. આમાં યુવાનોનું હિત સમાયું છે. આપણું હિત સાધવા આપણે જ ભેગા મળી પ્રયત્ન નહિ કરીએ, તો પછી હવે કોણ કરવાનું છે ?

શંકા શું નથી કરતી ? એકવાર માણસના હૃદયમાં જો શંકાને સ્થાન આપવામાં આવે તો સમય જતાં તે એટલું બધું વિસ્તૃત સ્વરૂપ ધારણ કરે છે કે માણસમાં રહેલા દૈવી તત્ત્વનો તદ્દન નાશ થાય છે.

શંકાશીલ મન જે જે બનાવો જુએ છે તેને આવળી જ રીતે પોતાની શંકાને બંધબેસતા થાય તે સ્વરૂપમાં ગ્રહે છે. તટસ્થ રીતે જોતાં જે ઘટનાઓ તદ્દન નિષ્પાપ હોય, સ્વાભાવિક હોય, સમાજને હિતકર હોય, તે જ ઘટનાઓને શંકાના રંગથી રંગાએલું મન, પાપથી ભરેલી, સ્વાર્થી અને અકલ્યાણકારી જુએ છે.

શંકા અનેક રીતે ઉદ્‌ભવે છે. જેનાં હૃદય મલીન હોય છે તે તો દરેક બાબતમાં શંકાથી જ જુએ છે. જગતમાં કંઈ પણ શુદ્ધ જ ન હોઈ શકે એ તેમનો મુદ્રાલેખ હોય છે. જ્યાં જ્યાં તેમને કંઈક સારા સંબંધની, સાચા વ્યવહારની ગંધ જણાય છે, ત્યાં ત્યાં તેઓ હંમેશા શંકાશીલ બની છિદ્રો ખોળવા જ બહાર પડે છે. આવા માણસોના હૃદયને પલટાવવા–મારી માન્યતા પ્રમાણે–દુનિયાની મહાનમાં મહાન વ્યક્તિ–ખુદ બ્રહ્મા પણ સમર્થ નથી જ. જેને કમળો થયો હોય છે તેને બધું પીળું જ લાગે છે એ ન્યાયે આવા માણસો સર્વ જગ્યાએ પોતાની વૃત્તિઓનું પ્રતિબિંબ જોઈ રહ્યા હોય છે. જેમ ધર્મરાજાને એકે ખરાબ માણસ ન જડ્યો અને દુર્યોધનને તે જ જગતમાં એકે સારો માણસ ન જડ્યો એ રીતે આવા માણસોની દૃષ્ટિએ કોઈપણ વ્યવહાર શુદ્ધ જણાતો નથી. કેટલાક માણસો સ્વાર્થને લઈને શંકાશીલ બને છે. જ્યાં જ્યાં પોતાનો સ્વાર્થ ન સધાતો હોય ત્યાં ત્યાં શંકાનું ઝેર ઉત્પન્ન કરવું તે તેમનો સ્વભાવ થઈ પડ્યો હોય છે અને એ પ્રમાણે શંકાનું મહાન વાતાવરણ રચી, પોતાની સ્વાર્થ બુદ્ધિ, અહંવૃત્તિ અને દ્વેષવૃત્તિની ચળને સંતોષ આપવા પ્રયત્નો કરે છે.

આવા માણસો કોઈક ભયંકર રોગની માફક અસાધારણ પ્રમાણમાં ચેપી હોય છે. એ વાત સાચી છે કે જેમ દુર્વૃત્તિ ચેપી છે તેમ સદ્‌વૃત્તિ પણ ચેપી હોય છે. પણ સદ્‌વૃત્તિ ધીમે ધીમે–કુદરતી ક્રમે પોતાની અસર પહોંચાડે છે, જ્યારે દુર્વૃત્તિ અકુદરતી રીતે એક પ્રચંડ ઝંઝાવાત સમાન પોતાનું કાર્ય કરે છે અને તેના સપાટામાં સારુંખોટું જે જે આવે છે તેનો નાશ કરે છે.

શંકિત મન હંમેશાં બીજાં મનોને શંકિત કરવા કુદરતી રીતે પ્રેરાય છે અને જે માણસો કાનના કાચા હોય છે તે પ્રથમ તેમનો ભોગ થઈ પડે છે. શંકા સરળ હૃદય ઉપર સચોટ રીતે ધાર્યો ઘા કરી શકે છે, કારણ કે જેનું મન સ્વચ્છ હોય છે તે આવી શંકાઓમાં પણ શંકા કરવાનું પસંદ કરતા નથી. પોતે જે સાંભળે છે તેનો એકદમ સ્વીકાર કરવા તૈયાર થઈ જતા નથી. લાગણીપ્રધાન માણસો જલદીથી ઊડતી વાતો અને શંકાઓનો ભોગ થઈ પડે છે. તેમનામાં લાગણી એટલી બલવત્તર હોય



છે કે બુદ્ધિના ઊંડા અવાજને તે સાંભળી શકતા નથી. આવા માણસોમાં ઊડતી વાતોનું ખરાપણું તપાસવા જેટલી ધીરજ હોતી નથી. એકવાર તેમના મનમાં શંકા ઘર કરે છે એટલે પછી તેના ઉપરથી અનેક પ્રકારના તર્કવિર્તકો ઉત્પન્ન થાય છે અને પછીથી દરેક પ્રકારની ઘટનાને તે શંકાની પૂર્તિરૂપે જ જુએ છે.

સમર્થ ઈતિહાસકારોએ અને નાટ્યકારોએ માનવહૃદયની નબળાઈનું આ સત્ય આપણી આગળ અનેક રીતે રજૂ કર્યું છે. સીતાજી નિષ્પાપ હોવા છતાં રામે એક શંકાને કારણે તેમનો ત્યાગ કર્યો. શંકાના કારણે નળે પવિત્ર દમયંતીને વનમાં રઝળતી મૂકી અને એ જ શંકારૂપી ડાકણીએ ઑથેલો પાસે પોતાની પત્ની ડેસડેમોનાનું ખૂન કરાવ્યું. શેક્સપિયરે પોતાના 'ઑથેલો'' નાટકમાં શંકાને આબેહૂબ વિકરાળ સ્વરૂપમાં ચીતરી છે અને તેમાં આપણે જોઈએ છીએ કે જે વસ્તુમાં પાપની ગંધ પણ ન હતી તેને શંકાશીલ હૃદય એક ભયંકર પાપ જોઈ રહ્યું હોય છે અને છેવટે તે જ શંકારૂપી રાક્ષસ તેની પાસે પોતાને પ્રાણ સમાન પ્રિય પત્નીનું ખૂન કરાવે છે. ખૂન કર્યા પછી તેને બધી સત્ય હકીકત સમજાય છે અને તે પસ્તાય છે. પછીથી તેને સમજાય છે કે તેણે કરેલી ભયંકર કલ્પનાઓમાં જરા પણ સત્ય ન હતું, તે તો કેવળ કલ્પનાઓ જ હતી. ગ્રામ્ય ભાષામાં આ સત્ય મૂકીએ તો એક મીયાંભાઈ કહે કે ''એક જાલામેં સો સાપ થે. સો નહિ તો પચાસ તો થે થે ને થે.'' અને છેવટે આપણે જોઈએ છીએ કે, ''કંઈક માળું સાપ જેવું દેખાતું હતું.'' આ પ્રમાણે તેનું પરિણામ આવે છે. ઊડતી વાતોમાં આમ જ હોય છે. ''એક જાળામાં સો સાપ થે'' - જેવી ભયંકર વાતો આપણે સાંભળી હોય તેમાં ફક્ત છેવટે આટલું જ સત્ય તરી આવે છે કે ''કંઈક સાપ જેવું દેખાતું હતું.'' કેટલીક વખતે નજરે જોયેલી વાતો પણ ખોટી પડે છે. તો પછી બીજા પાસેથી સાંભળેલી વાતો–જ્યાં સુધી આપણે જાતે પૂરેપૂરી તપાસ ન કરીએ ત્યાં સુધી–માનવી એ ભયંકર ભૂલ છે, એટલું જ નહિ પણ એમ કરવામાં આપણે આપણી લાગણીને વશ થઈ જઈ બુદ્ધિનું લિલામ કરીએ છીએ.

આ પ્રમાણે અનર્થ પરંપરાને ઉત્પન્ન કરતી શંકાવૃત્તિને હૃદયમાં સ્થાન આપતાં બહુ જ સાવચેત રહેવાની જરૂર છે. જો સાવચેત ન રહ્યા તો તે આપણી પાસે એવાં કામો કરાવે છે કે જેને માટે પાછળથી આપણને અનહદ પસ્તાવો થાય છે. એકવાર જો મનમાં આ શંકા સ્થાન મેળવે, અને તેને દૂર કરવાના જો આપણે બુદ્ધિપૂર્વક ઉપાયો ન લઈએ, તો દિવસે દિવસે તેનું જોર વધે જાય છે અને પછી તે એટલી બળવાન બને છે કે પોતાની ધારેલી દિશામાં તે આપણને ઢસડી જાય છે.

કોઈ પણ બાબતમાં શંકા આવી કે તરત જ આપણે તેના સાચાખોટાપણાની તપાસ કરવા તૈયાર થઈ જવું જ જોઈએ. જો આ બાબતમાં ઢીલ કરી તો પરિણામે

તે આપણને મહાત કરે છે. કારણ કે શંકાશીલ હૃદય જેવું એકે દુઃખ નથી. પહેલી જ તકે આ શંકાને હઠાવવા, તેનું મૂળ શોધવા તત્પર થવું જોઈએ. આમાં બન્ને રીતે સુખ છે. જો શંકા ખરી પડે તો તે શંકિત વસ્તુને જડમૂળથી ઉખેડી નાંખવા કમ્મર કસવી અને શંકા ખોટી પડે તો તે વસ્તુને બમણા વેગથી પોષવા ઉત્સાહી થવું.

જ્યાં સુધી સીધી રીતે શંકાનું સમાધાન કરવાનો રસ્તો હોય, ત્યાં સુધી આડો રસ્તો લેવો તે વ્યવહારિક નથી જ. આડો રસ્તો લેતાં જે વસ્તુ આપણે સુધારવા માગીએ છીએ તે વધારે બગડે છે એ ખાસ ધ્યાનમાં રાખવાની જરૂર છે. સંપૂર્ણ ખાત્રી કર્યા સિવાય–ફક્ત સાંભળેલી બાબતો ઉપરથી જ–છેવટનો નિર્ણય બાંધી લેવો એ બુદ્ધિશાળીનું લક્ષણ નથી હોતું. કોઈ પણ વસ્તુનો ખરો નિર્ણય એક જ પક્ષની બાબત સાંભળવાથી થતો નથી. આપણે જો ન્યાય જ કરવા માગતા હોઈએ તો બન્ને પક્ષને ધીરજથી સાંભળવા ઘટે અને ત્યાર પછી જ મનમાં કોઈ પણ પ્રકારની ગડ વાળવી જોઈએ. પ્રથમથી જ 'અમુક બાબતે આમ છે' એવો નિર્ણય કરીને બેસી જઈએ તો આપણને સાચો માર્ગ હાથ નહિ જ લાગે.

છેવટે 'ચેતન'ના દરેક વાંચકને મારી નમ્ર વિનંતિ છે કે, જો આપણે આપણા જીવનને ઉચ્ચ, શુદ્ધ, બળવાન અને સમાજોપયોગી બનાવવા માગતા હોઈએ તો આવી સૂક્ષ્મ બાબતોનો અભ્યાસ કર્યા વિના નહિ જ ચાલે; કારણ કે સમાજમાં આપણને અનુભવ છે કે કેટલીક મામુલી બાબતોમાં ગેરસમજૂતી થવાને પરિણામે મોટાં મોટાં કાર્યો બગડે છે, સારાં કાર્યો તૂટી પડે છે અને કંઈ પણ રચનાત્મક કામ થઈ શકતું નથી.

**૧૯૨૯** **બાપુભાઈ વી. ગામી**

**પાટીદાર આશ્રમ, કડી**

**નોંધ :**

કડવા પાટીદાર કેળવણી ઉત્તેજક મંડળ-કડીના કાર્યમાં રસ લેતા અને તેને સહકાર આપવા ઈચ્છતા દરેક ભાઈ બાપુભાઈનો સદર લેખ મનનપૂર્વક વાંચે અને આ સંસ્થાના કાર્ય માટે જે ભાઈને કંઈ પણ શંકા રહી જતી હોય તેનું સમાધાન મંત્રી સાથે પત્રવ્યવહાર કરીને, કે જાતે તેનું કાર્ય તપાસીને કરે એવી મારી ખાસ વિનંતિ છે. આ પ્રમાણે સીધો માર્ગ ન લેતાં આડકતરો માર્ગ લેનાર દરેક ભાઈ સંસ્થાના કાર્યને પાછું પાડે છે અને સમાજને નુકસાન કરે છે એવી મારી પ્રમાણિક માન્યતા છે.

**પોપટલાલ ગુલાબદાસ પટેલ,**

**સહમંત્રી**



## ક્યાં છે ન્યાય ?

"પુરુષ રળીને લાવે છે અને સ્ત્રીને ખવરાવે છે. સ્ત્રીનું ભરણપોષણ પુરુષ કરે છે. પુરુષ કેટલો બધો પરગજુ છે કે સ્ત્રીને તે ખવડાવે છે ! પુરુષ ન હોય તો બીચારી સ્ત્રી શું કરે ? શી રીતે તે પોતાનું પેટ ભરૂ ? પુરુષ એ ઘરનો અને સ્ત્રીનો માલિક છે. ઘરની બધી સંપત્તિ પુરુષના પરસેવાથી થયેલી છે. સ્ત્રીને તેમાં જરા પણ હક ન હોઈ શકે, પુરુષના મૃત્યુ પછી સ્ત્રી આ માલ મિલ્કતમાંથી કંઈ પણ ન લઈ શકે." જે સંપત્તિ ભેગી કરવા જેણે પરસેવાનું એક ટીપું પણ પાડ્યું નથી એવા પિત્રાઈઓ મરનારની મિલ્કતના ધણી થઈ પડે છે અને જે બાઈએ રાત દિવસ ન જોતાં ભૂખ તરસ વેઠી ધનસંચય કરવામાં પોતાનો ફાળો આપેલો છે તેને પોતાના જ ઘરમાં ઓશિયાળો રોટલાનો ટુકડો ખાવો પડે છે.

શું આ ન્યાય છે ? સૂક્ષ્મદષ્ટિથી જો વિચારીશું તો આપણને જણાશે કે પુરુષ કરતાં સ્ત્રીગૃહજીવન નભાવવા વધારે કામ કરે છે. મુખ્યત્વે કરી, મહેનત મજૂરી કરનારનાં ગૃહજીવન તપાસીશું તો આ બાબતમાં સત્ય જલદી જણાશે. અને હિન્દુસ્તાનમાં ૬૫ ટકા મહેનતમજૂરી ઉપર જીવનારા છે. આપણે એક ખેડૂતના ઘરનો જ દાખલો લઈએ. ખેડૂતસ્ત્રી જેટલું કામ કરે છે તેટલું પુરુષ નથી જ કરતો. સવારે ચાર વાગે ઊઠી રોજિંદું દળણું દળી, છાણપાણી કરી, વલોણી તાણી, નાનાં છોકરાંને સંભાળી, ઘરનું ભોજન તૈયાર કરી, અગિયાર વાગ્યામાં ભાત આપવા ખેતર જાય છે. પુરુષ તો સવારમાં ખેતરમાં જઈ પોતાનું એકધારું કામ શરૂ કરે છે. જ્યારે સ્ત્રીને ઘેર પચરંગી કામ કરવાનું હોય છે. છોકરાં રોતાં હોય, પાડી રેંકતી હોય, ચૂલા ઉપર રોટલો દાઝતો હોય, ઢોર છોડવાં હોય, પાવાં હોય જેવાં વિવિધ કામમાં આઘીપાછી થતી સ્ત્રીનું મન કેવું ચગડોળે ચઢતું હશે તે તો અનુભવી જ જાણે. ખેતરમાં એકધારું કામ કરી ભાત આવતાં સ્ત્રીને ધમકાવી ખેડૂત નિરાંતે ખાય છે. સ્ત્રી ખેતરના કામે વળગે છે. બન્ને જણાં સાંજ સુધી સરખી મજૂરી કરે છે. સ્ત્રી પુરુષથી થોડા સમય અગાઉ ઘાસનું પોટલું લઈ ઘેર જાય છે. ઢોરઢાંખરને સંભાળે છે. છોકરાં તો માની રાહ જોઈને જ બેઠાં હોય છે. મા આવે છે ત્યારે ચારે બાજુથી તેને ઘેરી વળે છે. અને અનેક રીતે તેને પજવવામાં બાકી મૂકતા નથી. સ્ત્રી ઢોરોને દોહી સાંજનું વાળું તૈયાર કરે છે એટલામાં પુરુષ બળદ લઈ ઘેર આવી કહે છે : "હજુ ખાવાનું થયું નથી ? ઊનું પાણી મૂક્યું છે કે નહિ ?" આ પ્રમાણે હુકમો છોડે છે અને નિરાંતે હોકો ગુડગુડાવે છે. સ્ત્રી કામથી પરવારી ખાવા આપે છે, પછીથી પોતે ખાય છે. વાસણ અજવાળે છે અને રાતના મોડી મોડી સૂઈ જાય છે અને સવારે વહેલી ઊઠી તે દિવસનું દળવાનું શરૂ કરે છે.

હું ધારું છું કે આપણા દેશમાં મજૂરવર્ગની આવી જ સ્થિતિ છે. જ્યાં આવી સ્થિતિ છે ત્યાં કોણ કહેશે કે પુરુષ કમાઈને સ્ત્રીને ખવરાવે છે. મારા હિસાબે સ્ત્રી, પુરુષ કરતાં ત્રણગણું કામ કરે છે. ખેતરની મહેનતમજૂરીમાં પુરુષની સાથે તો રહે છે, અને તે ઉપરાંત ઢોર સાચવે છે, રાંધે છે અને જેમતેમ પણ છોકરાંને ઉછેરે છે. આની કિંમત જો આપણે પૈસા માંડી કરવા જઈશું તો પુરુષને ભાગે મહિનાના રૂ. ૧૦ની મહેનત આવતી હોય તો, સ્ત્રી રૂ. ૩૦ની મહેનત કરે છે. અને છતાંય, આપણે માનીએ કે સ્ત્રી તો બીચારી ઓશિયાળી. પુરુષનો રોટલો તેણે ખાવો રહ્યો. પુરુષ સ્ત્રીને નભાવે છે કે સ્ત્રી પુરુષને નભાવે છે ? સત્ય રીતે જોતાં તો સ્ત્રી પુરુષનું પૂરું કરે છે. અને વ્યવહારમાં પણ આપણે શું જોઈએ છીએ ? જે ખેડૂતને સ્ત્રી હોતી નથી તેની ખેતી કેવી હોય છે ? તેનું ઘર કેવું ચાલે છે ? એ ખેડૂત પોતાનું પેટ નિરાંતે ભરી શકે છે ? ના. જ્યારે સ્ત્રીવાળો ખેડૂત આખાય કુટુંબનું ગુજરાન ચલાવે છે. એકલી સ્ત્રી હશે તો તે સુગમતાથી બાળ- બચ્ચાંવાળું ઘર ચલાવશે પણ એકલો પુરુષ નહિ ચલાવી શકે. આ બધું શું બતાવે છે ? આ બતાવે છે કે સ્ત્રી જ ગૃહસૂત્ર ચલાવવામાં મુખ્ય પાત્ર છે. સ્ત્રીનો જ ગૃહમિલકતમાં મોટો હિસ્સો છે. છતાં પુરુષો માની બેઠા છે કે પોતાને લીધે જ ઘરનો વ્યવહાર, આબાદી અને પ્રતિષ્ઠા ટકી રહ્યાં છે.

વાત એમ છે કે બીજી બાબતોમાં જેમ પુરુષ સ્ત્રી તરફ અન્યાયથી વર્તે છે તેમ આ ગૃહજીવનમાં પણ તે અન્યાયથી વર્તી રહ્યો છે. પોતાના પાશવી બળ ઉપર મદાર બાંધી સ્ત્રીને ભયભીત સ્થિતિમાં મૂકે છે અને ઘણા સમયથી ચાલતા આવતા સંસ્કારોને લીધે સ્ત્રીઓ પણ એમ માને છે કે પુરુષને લીધે જ તેઓ જીવી શકે છે. જોકે આ એમનો ભ્રમ છે.

**કઈ બાબતમાં પુરુષ સ્ત્રીને અન્યાય નથી કરતો ? છોકરી જન્મે ત્યારથી જ અન્યાયની પરંપરા શરૂ થાય છે. "ભાઈ દૂધ ખાય, બેનથી તે કંઈ ખવાય ? ભાઈને ગાળ ન દેવાય અને બેનને તો દિવસની સેંકડો ગાળો પડે." છોકરીની દરકાર જ કોણ લે ! કુદરત તેને મોટી કરે. અને તેને વળી કેળવવાનું શું ? દીકરો તો મોટો થઈ પગાર લાવશે, માતપિતાની સેવા કરશે, માટે ખરચો તેને ભણાવવા હજારો રૂપિયા." અરે એટલું જ નહિ, પણ દીકરીને વેચી દીકરા માટે વહુ લાવો. પછી ભલે દીકરી કૂવામાં જ પડે.** "દીકરીને ગાય જ્યાં દોરે ત્યાં જાય." જ્યાંથી વધારે પૈસા, પ્રતિષ્ઠા અને મોટાઈ મળતાં હોય ત્યાં જ દીકરીને હોમવાની. દીકરી સુખી થશે કે નહિ એ તો જોવાનું જ નહિ. **અને ગૃહજીવનમાં ડગલે ને પગલે સ્ત્રીને દબાઈને જ ચાલવાનું. વાર તહેવારે ધણીનાં મહેણાં, ગાળો અને માર તો સ્ત્રીના નશીબમાં હોય જ.**



શું આ ન્યાય છે ? કોઈ નિષ્પક્ષપાત રીતે તપાસ કરે તો પુરુષને કેવી શિક્ષા થાય ? વર્ષો સુધીએ સ્ત્રીનો ગુલામ થઈને રહે તોય આ અન્યાયનો બદલો વળે ખરો ?

**ચેતન, વૈશાખ, ૧૯૩૨** **સર્વ વિદ્યાલય, કડી**
**બાપુભાઈ વી. ગામી**

## સંસ્થાઓ કેમ આગળ વધતી નથી ?

ઘણીવાર આપણે જોઈએ છીએ કે સાધનસંપન્ન હોવા છતાં કેટલીયે સંસ્થાઓ ઊગતાં જ કરમાઈ જાય છે, અને કદાચ થોડો સમય ટકે તો ઢસડાતું નિષ્પ્રાણ જીવન ગાળે છે. વિકાસ અને પ્રગતિ એ જીવનની નિશાનીઓ છે. જે સંસ્થાઓ આગળ વધી શકતી નથી અને જે ઠૂંઠવાઈ જતા વૃક્ષોની માફક ઠીંગરાઈ જાય છે તેના મૂળમાં કંઈક રોગો, - વિકાસ વિરોધક કંઈ તત્વો - જરૂર હોવાં જ જોઈએ. નહિ તો આમ ન બને. વિકાસ એ વિશ્વનો નિયમ છે. અનેક ચઢતી પડતી, તડકી છાંયડીનો વિષમ અનુભવ લેતાં છતાં જોમપૂર્વક આગળ વધતી સંસ્થા જ વિકાસના સાચા માર્ગ ઉપર છે એમ કહી શકાય.

બહારની દૃષ્ટિએ જોઈશું તો જણાશે કે કેટલીયે સંસ્થાઓને આગળ વધવામાં ખાસ પ્રતિકૂળ તત્ત્વો હોતાં નથી. કામ કરનાર કંઈક અંશે સેવાભાવી માણસો હોય છે, નાણાંની પણ ખાસ મુસીબત હોતી નથી, પોતાના કાર્યની પ્રતિષ્ઠા હોય છે, સમજુ માણસોની સહાનુભૂતિ હોય છે અને સમાજનો ટેકો પણ હોય છે, છતાં સંસ્થા ત્યાંની ત્યાં જ કેમ રહે છે ? સંસ્થાનો વિકાસ અટકાવનારું બહારથી આપણને એકેય કારણ નજરે પડતું નથી, છતાં સંસ્થા વધતી જણાતી નથી. આનાં કંઈક સૂક્ષ્મ કારણો તો હોવાં જ જોઈએ. આપણે તે સંબંધી કંઈક ઊંડી નજરે વિચાર કરીએ.

**કેટલીક સંસ્થાઓ તો કેવળ સંસ્થા કાઢવાના વિચારથી જ ઊભી થાય છે. તેની પાછળ સ્પષ્ટ ઉદ્દેશ હોતો નથી. કેવળ પ્રતિષ્ઠાની ખાતર, નામ અમર રાખવાની ખાતર, સંસ્થા ચાલે છે અને એમ કહેવડાવવાની જ ખાતર આવી સંસ્થાઓ ઊભી થયેલી હોય છે. આવી સંસ્થાઓ નાણાંની વિપુલતાથી સ્થૂળ દૃષ્ટિએ લાંબો સમય ટકે છે, પણ તે કાર્યસાધક નીવડતી નથી.** જડ વસ્તુની માફક કેવળ અસ્તિત્વ જ ટકાવી રાખે છે. તે નિષ્પ્રાણ હોય છે. લાંબા સમય સુધી જીવન ટકાવી રાખતા કોઈ જૂના જીર્ણ વૃક્ષની માફક તે એકલેયે જીવન ઢસડે જાય છે.

**કેટલીક સંસ્થાઓ ચાલકોના સ્વાભિમાનને અને સ્વાર્થી મહત્ત્વાકાંક્ષાને પોષવા માટે જ ઊભી થયેલી હોય છે. જ્યાં સુધી આ સ્વાભિમાન અને સ્વાર્થી મહત્ત્વકાંક્ષાની ચળ શાંત થતી નથી ત્યાં સુધી આવી સંસ્થાનો ક્રમિક વિકાસ થતો**

**આપણે જોઈએ છીએ.** આવા ચાલકો શરૂઆતમાં તો સંસ્થા માટે સ્વાર્થ ત્યાગ કરતા પણ નજરે પડે છે. ધગશ, ઉત્સાહ અને ખંતથી સંસ્થા માટે કાર્ય કરે છે. પણ જ્યારે સ્વાભિમાનની આડે વિઘાતક તત્ત્વો ખડાં થાય છે ત્યારે ખસી જઈ સંસ્થાને રઝળતી મૂકે છે. અને આવી સંસ્થામાં બીજા સ્વતંત્ર વિચારના સંચાલકોને સંઘરી નહિ શકતા હોવાથી, આગળ વધી શકતી નથી. છેવટે દિનપ્રતિદિન ઘસાઈ ઘસાઈ કાં તો મરી જાય છે કે થોડો વધુ વખત નિષ્પ્રાણ જીવન ઢસડે છે.

કેટલીક સંસ્થાઓનું ધ્યેય અતિ સંકુચિત હોવાને કારણે તે ખીલી શકતી નથી. નાનાં તળાવડાંઓ સુકાઈ જાય છે જ્યારે સરોવર અને નદીઓ લાંબો સમય ટકી રહી જન સમાજને ઉપયોગી થઈ પડે છે. જેમ નદી ક્રમે ક્રમે વિશાળતા અને ઉપયોગિતા પ્રાપ્ત કરતી જાય છે, તે જ પ્રમાણે સંસ્થાએ દિનપ્રતિદિન વિશાળ દૃષ્ટિ પ્રાપ્ત કરવી જોઈએ. આ પ્રમાણે વિશાળતાના અભાવે અને જૂના ચીલા નહિ બદલવાને કારણે સંસ્થાઓ અકાળે મરણને શરણ થાય છે.

કેટલાક ધૂની ચાલકો પણ સંસ્થાના કુદરતી અને સાચા વિકાસને અટકાવવામાં કારણભૂત બને છે. એક દૃષ્ટિએ, વસ્તુની ધૂન હોવી તે સારી વાત છે, પરંતુ આવી ધૂન જ્યારે આંધળી બની જઈ બીજાના વિચારો અને અભિપ્રાયોને સાંખી શકતી નથી ત્યારે તે ઘાતક નીવડે છે. જ્યાં માણસે એકલવાયા કામ કરવાનું હોય છે ત્યાં આંધળી ધૂન પણ સમાજને ઝાઝું નુકશાન કરી શકતી નથી. પરંતુ જ્યારે સમાજના સેવક બની, સમાજની નમ્ર સેવા કરવાની અભિલાષા રાખી, સમાજની સાથે રહી કામ કરવાનું હોય છે ત્યારે ગમે તેવા ઉચ્ચ કોટીના માણસે પણ સમાજની પરિસ્થિતિ અને સંજોગોનુસાર ચાલવાનું હોય છે. આમ કહેવામાં મારો આશય પોતાના આદર્શોને જતા કરવાનો નથી, પરંતુ આદર્શોને વ્યવહારમાં ઘટાવવા સમયાનુસાર વર્તન કરવાનો છે.

જ્યારે માણસ મગજનું સમતોલપણું ખુએ છે ત્યારે, તેની પાસે શક્તિ અને સબળ ઇન્દ્રિયો હોવા છતાં, તે પોતાનું કાર્ય પાર પાડી શકતો નથી. તે પ્રમાણે જે સંસ્થા અનેકવિધ તત્ત્વો વચ્ચે સમતોલપણું સાચવવા પ્રયત્ન કરતી નથી તે અનેક રીતે સાધન સંપન્ન હોવા છતાં, સાચી પ્રગતિ કરી શકતી નથી. કેટલીક સંસ્થાઓ જ્યારે આવું સમતોલપણું સાચવવા સમર્થ હોતી નથી ત્યારે તે વિવિધ તત્ત્વોનો ત્યાગ કરી કેવળ પોતાની ધૂની રીત પ્રમાણે એક જ તત્ત્વ ઉપર ભાર મૂકી આગળ વધવા પ્રયત્ન કરે છે, પરંતુ આનું પરિણામ શૂન્ય જ નીવડે છે. જેમ સંગીતમાં એક જ સૂરનું ગાયન તે ગાયન નથી. તેમ એક જ વસ્તુને પકડી બીજાનો તિરસ્કાર કરવાથી જીવન ઘડાતું નથી. જેમ સંગીતના સાતે સૂરોની



મિલાવટ અને સમતોલપણાથી જ દૈવી ગાયન જન્મે છે તેમ જીવનમાં રહેલા અનેક તત્ત્વોને સંવાદી બનાવવામાં જ સમાજ જીવવની કળા સમાયેલી છે. દેખીતી રીતે મગજ આપણને કંઈ પણ કામ કરતું જણાતું નથી, પરંતુ ખરી રીતે તો સઘળાં કામનો આધાર તેના ઉપર જ રહેલો છે. અને મગજ એટલે સમતોલપણું. જે સંસ્થામાં સમતોલપણાનો અભાવ છે ત્યાં અંધાધૂંધી પ્રવર્તે છે; ત્યાં કોઈપણ એક અંગ બીજાને ભોગે માતબર બને છે અને સર્વાંગી વિકાસ સાધતી પ્રગતિ અટકી પડે છે.

સંસ્થાઓ ખોલવાની આપણી ઊંધી રીત સંસ્થાનો વિકાસ કરવા દેતી નથી. સ્થૂળ વસ્તુને આપણે વધારે મહત્ત્વ આપીએ છીએ, જ્યારે સૂક્ષ્મ તરફ કેવળ આંખમીંચામણાં કરીએ છીએ. જેમકે, અમુક ફંડ વિના, અમુક મકાનોની સગવડ વિના સંસ્થાઓ કાઢી ન શકાય એવી માન્યતાથી આપણે ટેવાયેલા છીએ. હું એમ કહેવા નથી માગતો કે ફંડ કે મકાનોની સંસ્થાને જરૂર નથી. જરૂર છે જ, પણ આપણે તો ઘોડા પહેલાં ગાડી મૂકીએ છીએ. પ્રાણવાન માણસો ભેગા કરો, સમાજની સેવા કરો એટલે બધું એ પછી આવશે જ એ તો કુદરતી ક્રમ છે. જ્યાં પ્રાણ છે ત્યાં પ્રાણને રહેવા, વધવા, વિકસવા માટે જરૂરી ખોખું પ્રાણ પોતે જ બનાવી લે છે. 'બીમાં રહેલી શક્તિ જ મહાન વૃક્ષને ઉગાડે છે. મહાન વૃક્ષ ઊગ્યા પછી એમાં પ્રાણ નથી આવતો એમ ઘણાં ઝાડોનાં ઠૂંઠાઓથી આપણે જાણીએ છે. તો વાત પ્રથમ શક્તિ અને પ્રાણ પેદા કરવાની છે, પછી તો આપોઆપ પ્રાણ પોતાની શક્તિથી તેની જરૂરિયાતો મેળવી લે છે. સંસ્થાઓના કેટલા ચાલકો આ સંસ્થામાં પ્રાણ રેડવા તપસ્યા કરે છે ? સંસ્થાના નોકરો એ સંસ્થાનો પ્રાણ છે એમ કેટલા સમજે છે ? જ્યાં સુધી આપણી સંસ્થાઓમાં ભાડુતી વૃત્તિ હોય છે ત્યાં સુધી સંસ્થાને ભાડૂતી જ માણસો મળે છે. ભાડૂતી વૃત્તિ ફેરવવાની સંસ્થાએ જ શરૂઆત કરવાની જરૂર છે. જ્યાં સુધી સંસ્થા 'અમને સેવાભાવી માણસો જ મળતા નથી.' એમ કહી બેસી રહેશે, ત્યાં સુધી સંસ્થા આગળ વધી શકવાની નથી. જો સંસ્થામાં પ્રાણ નહિ હોય તો તેના લાખોના ફંડ અને કરોડોની સ્થાવર મિલકત તેને બચાવી શકશે નહિ. ઊલટું તેના સ્થૂલ ભાર નીચે સંસ્થા કચરાયે જશે અને એક દિવસ તેના પ્રાણ તે ભારથી ગૂંગળાઈ મરશે, જ્યારે પ્રાણનો વિકાસ સ્થૂળને પણ વિકસાવી તેને જીવન્ત રાખશે.

આપણે જોઈએ છીએ કે લગભગ બધીયે સંસ્થાઓ પ્રથમ સ્થૂલ મર્યાદાઓ બાંધી તેને અનુકૂળ થવા પ્રાણને ખેંચે છે. આનાં બે પરિણામ આવે છે : કાં તો સ્થૂલ મર્યાદાના અતિદબાણને લીધે પ્રાણ ગૂંગળાઈ જાય છે અને સંસ્થા એક

જડવત્ યંત્ર બની રહે છે. કાં તો પ્રાણ સ્થૂલ બંધનોમાં જકડાઈ ન રહેતાં તેને તોડીફાડી બહાર નીકળે છે. આવા અનુભવવો આપણને ઘણીવાર મળે છે. ખરી વાત એ છે કે પ્રાણને બંધબેસતા થાય તે પ્રમાણે સંસ્થાએ પોતાની સ્થૂલ મર્યાદામાં ફેરફારો કરવાની જરૂર રહે છે. અમુક સમય સુધી સ્થૂલ બંધનો પ્રાણનું ધારણ, રક્ષણ અને પોષણ કરવામાં ઉપયોગી હોય છે. પણ તેનેય હદ હોય છે. જેમ **ઈંડાની અંદર રહેલા જીવને અમુક સમય સુધી ઈંડાની જરૂર હોય છે પણ છેવટે ઈંડું ફોડીને જીવ બહાર નીકળે છે. આ સમયે જો ઈંડાનું પડ સુરક્ષિત રાખવા પ્રયત્ન થાય તો અંદરનો જીવ ગૂંગળાઈ મરી જાય છે. આ વાત દરેક સંસ્થાએ ધ્યાનમાં રાખવાની જરૂર છે.**

પશ્ચિમમાંથી આપણે જે અનેક ખોટી વસ્તુઓ શીખ્યા છીએ તેમાં પશ્ચિમનું અર્થશાસ્ત્ર પણ એક છે. આપણી સંસ્થાઓ આ અર્થશાસ્ત્ર પ્રમાણે ચાલી સંસ્થાનું જડ શરીર સાચવવામાં સંસ્થાનો પ્રાણ ગુમાવે છે. સંસ્થાઓ એમ જ માને છે કે નોકરો એ લાગણીશૂન્ય પ્રાણીઓ છે. તેમને પૈસો મળે એટલે તેના પ્રમાણમાં તે કામ આપે છે. આ વાત સત્ય નથી. સંસ્થાના નોકરોને કેવળ પૈસાથી જ કામ કરતા ગણવામાં સંસ્થા પોતાના કાર્યને મોટું નુકશાન કરી રહી છે. મનુષ્ય હૃદયમાં રહેલી ઉચ્ચ ભાવનાઓને જાગૃત કરી, જે સંસ્થા પોતાના નોકરો પાસેથી કામ લે છે તે નોકરોનું તેમજ સંસ્થાઓનું હિત સાધે છે. માણસ જ્યારે ભાવનાથી કામ કરે છે ત્યારે તે થોડા જ સમયમાં સારું અને વધારે કાર્ય કરી શકે છે. આ જ ખરું અર્થશાસ્ત્ર છે. ઉદારદીલે વર્તનારી સંસ્થા આ પ્રમાણે થોડા ખરચે સારામાં સારું અને વધારેમાં વધારે કામ પોતાના માણસો પાસેથી લઈ શકે છે. નાની નાની બાબતોમાં છૂટછાટ મૂકી, સંસ્થાના નોકરોને સંતોષ આપવાથી સંસ્થા કંઈ ગુમાવતી નથી. પરંતુ પરિણામે સંસ્થા તેની છૂટછાટના પ્રમાણમાં વિશેષ ફાયદો મેળવે છે. જે સંસ્થા પોતાના નોકરોના જીવનવ્યવહારને સરળ કરવા અનુકૂળતાઓ કરી આપે છે તે સંસ્થા નોકરોના કાર્યમાં વ્યવસ્થિતતા, એકાગ્રતા અને કાર્યદક્ષતા ઉત્પન્ન કરી આડકતરી રીતે પોતાને જ ફાયદો કરે છે. આવી ઝીણી બાબતો આપણી સંસ્થાઓ ભાગ્યે જ વિચારે છે. કેવળ અર્થશાસ્ત્ર ઉપર દૃષ્ટિ રાખી નોકરો પાસે કામ લેનારી સંસ્થા ભાગ્યે જ ફૂલીફાલી જીવન્ત રહી શકે છે.

બદલાતા સમાજ સાથે પોતાની કાર્યપદ્ધિત નહિ બદલનાર સંસ્થા પાછળ પડી પ્રગતિશૂન્ય નીવડે છે અને સમાજની સહાનુભૂતિ ગુમાવે છે. ભાવિ સમાજને કેળવવાનો દાવો કરતી સંસ્થા કૂપમંડૂકની સ્થિતિમાં રહી શકે નહિ. તેણે તો પોતાની



દૃષ્ટિ વિશાળ અને સર્વતોવ્યાપી કર્યા સિવાય છૂટકો નથી. જૂના જીર્ણ થઈ ગયેલા ચીલાઓ તોડી નવા નવીન પ્રાણથી ભરેલા ચીલાઓ પાડનાર સંસ્થાઓ જ યશસ્વી અને ચિરસ્થાયી રહી શકે છે.

**ચેતન - ૧૯૩૨** **બાપુભાઈ વી. ગામી**
**કડી**

## હતાશ ખેડૂત

'બીચારો ખેડૂત શું કરે ? દેવામાં ડૂબેલો, ખોટા ખર્ચા, વહેમ અને ધતીંગનો ભોગ થઈ પડેલો, શાહુકારના વ્યાજથી નીચોવાતો અને સરકારના કરવેરાથી કચડાતો ખેડૂત આજે જગતનો નહિ, તો હિન્દુસ્તાનનો તો મહાપ્રશ્ન થઈ પડ્યો છે જ. કુદરત અને કાળ પણ જાણે ખેડૂતની પાછળ જ પડ્યાં હોય એમ એક વર્ષે અનાવૃષ્ટિ તો બીજે વર્ષે અતિવૃષ્ટિ; ત્રીજે વર્ષે હિમ તો ચોથે વર્ષે તીડ વગેરે પરંપરાથી ખેડૂત પિલાઈ જ રહ્યો છે.

આ બધાયનો ઉપાય શું હોઈ શકે ? જ્યાં સુધી રશિયાની માફક ખેડૂતની સરકાર ન થાય ત્યાં સુધી કોઈ પણ સરકાર પાસેથી ખેડૂતના ઉદ્ધારની આશા રાખવી એ મૃગજળ સમાન છે. હાલની વેપારી સરકારો વધુ કરીય શું શકે ? કદાચ કોઈ વર્ષે મહેસૂલ મુલતવી રાખે કે કોઈ વર્ષે મહેસૂલ ઓછું લે. આથી કંઈ દેવાના ડુંગરમાં દટાએલો ખેડૂત બહાર નીકળવાનો હતો ? અને દેશ નેતાઓ પણ શું કરી શકે ? બહુ બહુ તો સરકારને વિનવી બેઆની ચારઆની મહેસૂલમાં ઘટાડો કરાવી શકે. પણ તેથી કંઈ થોડી જ ખેડૂતની ભૂખ ભાગવાની હતી ?

ત્યારે કરવું શું ? કોઈક આપણા માટે કાંઈક કરશે એવી મિથ્યા આશા અને ભ્રમણમાં જ્યાં સુધી ખેડૂત રહેશે ત્યાં સુધી તેની સ્થિત સુધરવાની નથી. લમણે હાથ દઈને બેસી રહેવાથી, સરકાર, શાહુકાર, કુદરત અને નસીબને ગાળો દેવાથી કંઈ વળવાનું નથી. તેમજ તેમની દયા માટે ભિક્ષાએ ફેરવવાથી પણ કંઈ વળવાનું નથી. આજે ખેડૂત હતાશ છે પોતાની જ અજ્ઞાનતાથી. ચારેબાજુથી ચુસાતો ખેડૂત જ્યાં સુધી તિમિરને-અંધાપાને તોડીવછોડી બહાર નહીં નીકળે ત્યાં સુધી ભાગ્યહીન જ રહેવાનો છે.

માણસ કુદરતની સામે ઝૂઝવા માટે જ સર્જાયેલો છે. કુદરતની ઝંઝાવાતમાં સપડાઈ જઈ રગદોળાવું એ કંઈ ઈશ્વરનો આદેશ નથી. ખેડૂત પોતાની કૂપમંડૂક સ્થિતિમાંથી બહાર નીકળી આ વિશાળ અને અફાટ વિશ્વ તરફ દૃષ્ટિ ફેંકશે તો તેને જણાશે કે માણસ કેવી રીતે પ્રગતિ સાધી રહ્યો છે. કુદરતની કૃપા, ખૂણામાં લમણે

હાથ દઈ બેસી રહેવામાં નથી પણ કુદરતનાં સત્યો શોધી તેનો પોતાનો વિકાસ માટે ઉપયોગ કરનારને જ વિજયદેવી વરે છે.

કુદરત ધરતીને ડોલાવે છે. હજારો ઘર પડે છે. હજારો માણસ મરે છે અને કરોડો રૂપિયાનું નુકસાન થાય છે. શું માણસ લમણે હાથ દઈને બેસી રહે છે ? ના માણસો ભેગા મળે છે. એકબીજાને મદદ કરવાનો ધર્મ સમજી લાખો રૂપિયા ભેગા કરી કુદરતના કેરનો સામનો કરવા તૈયારીઓ કરે છે અને કુદરતને હંફાવે છે. આજ સુધી જગતના ઈતિહાસમાં કેટલીએ વાર કુદરત અને મનુષ્ય લડ્યા હશે, અને આપણે જોઈએ છીએ કે હજુ સુધી મનુષ્ય પોતાની હયાતી ટકાવી રહ્યો છે. એટલું જ નહીં પણ તે વધુ ને વધુ બળ મેળવતો રહ્યો છે. ખરી રીતે જોઈએ તો કોઈ પણ મુશ્કેલી માણસને મહાત કરી દેવા માટે નથી હોતી, પણ તેની સામે ઝૂઝનારની અપૂર્ણતા પૂરી કરવા માટે જ આવે છે. આ સત્ય જો ખેડૂત સમજી લે તો જરૂર તેના હતાશ બનેલા જીવનમાં ફરીથી આશાનો સંચાર થાય.

**આજે ખેડૂત અટૂલો પડ્યો છે. સાથે મળી બુદ્ધિપૂર્વક કામ કરવાની તાકાત તેને ગુમાવી છે. તેને પોતાની શક્તિનું વિસ્મરણ થયું છે. એટલે જ વિરોધી તત્ત્વો તેને કચડાયેલો રાખવા સમર્થ બન્યાં છે. રૂપિયો ખર્ચી પકવેલું શાક તેને એક આનામાં ફેંકી દેવું પડે છે. દેવું કરીને તે ખેતી કરે છે અને પોતાના ખરા પરસેવાનો માલ પાણીના મૂલે તેને વેચી દેવો પડે છે. વિશ્વમાં એકલી મહેનતની કંઈ જ કિંમત નથી એ તો ગધ્ધાવૈતરું - નરી ગુલામી છે. ખેડૂત કેવળ મહેનત કરવામાં જ સમજ્યો છે. મહેનતનો ઉપયોગ કરતાં તેને આવડતું નથી. તેનું ધન ભૂવાજતિને ઘેર જાય છે, કાં તો પારકે પૈસે પરમાનંદ માનનારા અને વગર મહેનતે તાગડધિન્ના કરનારા આળસુ અને દુરાચારી બાવાસાધુઓ પાસે જાય છે. કાં તો માતા, મહાદેવ, માનતા અને આખડીઓ પાછળ રેલાવવામાં અને બ્રહ્મભોજનમાં જાય છે. કાં તો ભટ્ટ, ભવૈયા, બારમાં, બેસામણાં અને ઉઠામણાં પાછળ વેડફાય છે.** પરંતુ એક પણ જીવનને ઉપયોગી કે જીવનવિકાસકાર્યમાં ખેડૂત પોતાનો પૈસા વાપરતો નથી. પછી જમીન સુધારવા માટે કે નવો કૂવો કરાવવા માટે તેની પાસે ક્યાંથી નાણાં રહે ? એને પોતાના બાળકોને સારી કેળવણી આપવા પાછળ નાણાં ખરચવાનો એને વિચાર પણ શાનો આવે ?

એટલે બાપદાદાઓ જે પ્રમાણે શાહુકારોની ગુલામી કરીને અને સરકારી અમલદારોથી હડધૂત થઈને પશુજીવન જીવ્યા અને મર્યા તે જ પ્રમાણે તેમના બાળકોએ પણ કરવાનું રહ્યું.

ખેડૂત ડગલેને પગલે કુદરતનો વાંક-કાઢે છે, પણ કુદરત તો લાખો વર્ષથી પોતાનું નિયમિત કાર્ય કરે જાય છે. ખેડૂત કુદરતું કાર્ય સમજતો નથી માટે દુઃખી



થાય છે. કુદરત જ્યારે આપે છે ત્યારે બાકી નથી મૂકતી, પણ કુદરતની કૃપાને ખેડૂત વેડફી મારતો જ રહ્યો છે. ઘણીવાર કુદરત એક વર્ષમાં દશ વર્ષનું આપે છે. પણ નબળા વર્ષો માટે કયો ખેડૂત સંગ્રહ કરે છે ? ખેડૂતની દષ્ટિ બહુ જ ટૂંકી હોય છે. જેમ આવ્યું તેમ ઉડાવે છે અને પરિણામે દુઃખી થાય છે અને પોતાના નશીબનો ને કુદરતનો દોષ કાઢે છે. વર્ષે વર્ષે કંઈ હિમ પડતાં નથી. દર વર્ષે કંઈ રેલસંકટ, તીડસંકટ, કે દુષ્કાળ પડતા નથી. પણ જ્યારે જ્યારે કોઈપણ પ્રકારની આફત આવી પડે છે ત્યારે ખેડૂત તેની સામે ટક્કર ઝીલી શકતો નથી. કારણ કે જીવનકળાનું તેને ભાન નથી. તે વગરવિચાર્યું જીવન ગુજારતો હોય છે. દુનિયાં ક્યાં ચાલે છે તેની ખબર નથી. કૂપમંડૂકની સ્થિતિ ભોગવતો ખેડૂત દિનપ્રતિદિન કચડાતો જાય છે.

જ્યાં સુધી ખેડૂત પોતાનાં બાળકોને સુશિક્ષણ નહીં આપે, ત્યાં સુધી તેની સ્થિતિ સુધરવાની નથી. આજના હતાશ ખેડૂતમાં આશાનો સંચાર થવા માટે માત્ર એક જ ઉપાય છે. ગ્રામ્ય જીવન સુધારવા માટે, ગાડા સડી ગયેલા જીવનમાં નવું ચેતન અને નવો પ્રકાશ લાવવાની જરૂર રહેશે અને તે માટે ખેડૂતના બાળકોએ જરા ગામડાઓને છોડી, જોવાની જરૂર છે. જે જે કેળવણીની સંસ્થાઓમાંથી નવું જ્ઞાન- પ્રકાશ મળે તે મેળવવા પોતાના બાળકોને કોઈ પણ ભોગે સગવડ કરી આપવાની જરૂર છે. જ્યાં સુધી ખેડૂતનાં બાળકો ગામડાઓની કચડાયેલી, ભયભીત અને પાંગળી મનોવૃત્તિમાંથી બહાર નહીં નીકળે, અને જ્યાં સુધી તેમનામાં આત્મગૌરવની અને સ્વતંત્ર અને સ્વાવલંબનની સાચી ખુમારી પેદા નહીં થાય, ત્યાં સુધી ખેડૂતની ઉન્નતિ માટેના પ્રજાનાયકોના અને સરકારના પ્રયત્નો વંધ્ય નીવડવાના છે એ નિઃશંક છે.

**ચેતન - મહા, ૧૯૩૪** **બાપુભાઈ વી. પટેલ**
**સર્વ વિદ્યાલય, કડી.**

## અંધારાં ઉલેચે શું વળે ?

કોઈ વૃદ્ધ પાસેથી સાંભળેલી આ વાત મારા મનમાંથી ક્યારેય પણ ખસતી નથી. એક ગામમાં લોકોને પારાવાર દુઃખ હતું. સૂર્ય અસ્ત થતાં જ કોઈ રાક્ષસ તેમના ગામમાં પેસી જતો અને તેમને આંધળાભીંત કરી મૂકતો. કોઈને કંઈ પણ સૂઝે જ નહી. જ્યાં જુએ ત્યાં કાળું કાળું દેખાયા જ કરે. ઘરમાં કે બહાર, ગામના રસ્તાઓમાં કે સીમનાં ખેતરોમાં આ કાળો રાક્ષસ ભરાઈ જાય અને લોકોને હેરાનહેરાન કરી મૂકે. ઘરની ચીજો પગમાં અથડાય, ક્યાંય પણ જવાય અવાય નહીં, પોતાની ચીજો, અને બાળકોની સંભાળ પણ લઈ શકાય નહીં. આ દુઃખ તે કંઈ જેવું તેવું ગણાયુ ? ગામના ડાહ્યા ગણાતા માણસો એકઠા મળી આ કાળા રાક્ષસને મારી હઠાવવા વિચારો

કરવા લાગ્યા. બધાંયે પોતાનાથી બનતો પ્રયત્ન કરવાનો નિશ્ચય કર્યો. દરેક જણ જેને જે ફાવે તે લઈ આ રાક્ષસને મારી બહાર કાઢી મૂકવો એવો ઠરાવ કર્યો. પછી તે સ્ત્રીઓ અને પુરુષો, બાળકો અને યુવાનો જે હાથમાં આવ્યું તે લઈ આ કાળા રાક્ષસને બહાર કાઢવા દોડ્યા. કોઈએ સૂપડું તો કોઈએ ટોપલી, કોઈએ પછેડી તો કોઈએ ધોતિયું જે હાથમાં આવ્યું તે લીધું અને આ રાક્ષસને બહાર ફેંકી આવવા માંડ્યા. આખી રાત ગામનાં બધાંય માણસોએ ખૂબ મહેનત કરી, ખૂબ જહેમત ઉઠાવી, પરસેવે રેબઝેબ થઈ ગયા. એટલામાં સવાર થયું અને અંધારું સહ્ય થયું. બધાય આનંદથી પુકારી ઊઠ્યા : 'હાશ, કેવી નિરાંત થઈ ! કેવો આપણે આ કાળા રાક્ષસને મારી હઠાવ્યો ! ભાઈસાબ અહિં આવ્યા હતાને ! કેવા કાઢી મૂક્યા !' આ પ્રમાણે દરરોજ રાત પડે અને દરરોજ આ કાળો રાક્ષસ એમના ગામમાં અને ઘરમાં પેસી જાય અને દરરોજ ગામના બધાય માણસો આ અંધારું ઉલેચ્યા જ કરે. માણસોને દરરોજના ઉજાગરા થવા માંડ્યા. પણ કરે શું ? આ રાક્ષસને દૂર કર્યા સિવાય કંઈ છૂટકો ન હતો. એવામાં તે ગામમાં કોઈ વિદ્વાન માણસ આવી ચઢ્યે. ગામના લોકોએ ભેગા મળી પોતાની આપવીતી અને દુઃખ તેની આગળ ગાયું. વિદ્વાને વિચાર કરી કહ્યું: ''ફિકર ન કરતા. ઘણા દિવસના ઉજાગરાથી થાકેલા બીચારા લોકો ઊંઘી ગયા. જાગ્યા તો સવાર થયેલું અને અંધારું જતું રહેલું. પેલા વિદ્વાનની લોકો પૂજા કરવા લાગ્યા. પોતાને આ કાળા રાક્ષસના પંજામાંથી છોડવવા માટે તેમની પ્રશંસા કરવા લાગ્યા. તે વિદ્વાને કહ્યું : ''જુઓ ભાઈ, તે રાક્ષસને મેં મારી કાઢ્યો છે. હવે ઉજાગરો કરશો નહિ, નિરાંતે ઊંઘજો. હવે તે રાક્ષસ તમને પજવશે નહીં.''

આવું જ કંઈક આપણે બધા કરીએ છીએ ! મહેનત તો ખૂબ કરીએ છીએ, પણ આ બધી આપણી મહેનત અર્થ વગરની હોય છે. શું ખેડૂત ઓછી મહેનત કરે છે ? છતાંય એને પેટ ભરવાના સાંસા છે. તેનાં છોકરાં છાંટો દૂધ કે ટીપું ઘી વિના રઝળે છે પછી તેમને કેળવવાની તો વાત જ શી કરવી ? ખેડૂત આખી જિંદગી અંધારું ઉલેચ્યા જ કરે છે અને મરતી વખતે કહે છે : 'હાશ ! આ ફાની દુનિયાનો ત્યાગ કરવામાં જ આનંદ છે.' ખેડૂતને જીવન ઝેર સમાન અકારું થઈ પડ્યું છે. જીવનમાં તેને વેઠ, ગુલામી અને નાલેશી સિવાય કંઈપણ જણાતું નથી.

આ બધાયનો ઉપાય પણ હાથમાં જ છે. જ્યાં સુધી અંધારું છે ત્યાં સુધી, બીજી વ્યવસ્થા ગમે તેટલી કરીશું; તપેલી ભીંતે મૂકીશું કે દેગડો પરસાળમાં મૂકીશું, ખાટલો બહાર મૂકીશું કે ઘોડિયું ઓરડામાં મૂકીશું, વાસણો અભરાઈએ મૂકીશું કે ગોદડાં ડામચીએ મૂકીશું, છતાં આ બધી વસ્તુઓ પગમાં ટિચાવાની જ છે અને આપણે હેરાન થવાના જ. સીધો રસ્તો જરા પણ સૂઝવાનો નથી. જ્યાં સુધી ખેડૂતમાં અજ્ઞાનઅંધકાર



વ્યાપી રહ્યો છે ત્યાં સુધી પ્રાંતપંચાયતો કે ગ્રામપંચાયતો, સહકારીમંડળીઓ કે બચતમંડળીઓ, ખેડૂતમંડળ કે પ્રજામંડળ ખેડૂતનું દુઃખ ભાગી શકવાનાં નથી. અંધારામાં વસ્તુઓ ગમે તેટલી આઘીપાછી કરીએ છતાંય પગમાં આવે જ છે તેમ આ બધી મંડળીઓ અને મંડળો ખેડૂતોને તલભાર સીધે રસ્તે લઈ જવાનાં નથી. ઊલટું ખેડૂત આવાઓથી વધારે ગૂંચવાય છે અને જાળમાં સપડાય છે. ગામડાઓમાં સહકારી મંડળીઓ નીકળે છે. આપણે ધારીએ કે ખેડૂત હવે સુખી થશે. પણ ના, ખેડૂત વધારે પૈસા મેળવી બારમાં અને નાતવરાની પાછળ વધારે ઉડાવે છે. ગામના ચૌદશિયા, ખેડૂતોને નામે વધારે પૈસા ઉપાડી વ્યાજવટાવનો ધંધો કરે છે અને ખેડૂતોને ફસાવે છે. ગાયકવાડ સરકારે ફરજિયાત કેળવણી દાખલ કરી. તેથી ખેડૂતો સુખી થયા એમ આપણે માનીએ છીએ. પણ ના, ગામડાંઓને ચૂસનાર પટેલ, તલાટી અને સિપાઈ સપરાંમાં એક નવા સરકારી નોકરોનો વધારો થયો. ઘેર ઘેરથી દૂધના લોટા અને તોલું તોલું અનાજ ઉઘરાવનાર, ખોટી હાજરી પૂરી પૈસા કઢાવનાર એક શિક્ષક નવો ચૂસનારો પૈદા થયો. આ પ્રમાણે જ્યાં સુધી ખેડૂતના દિલમાં દિવો થયો નથી ત્યાં સુધી ગામડાની ઉન્નતિ માટેની ગમે તેવી સુંદર યોજનાઓ પણ નિષ્ફળ જવાની છે. આ ખેડૂતના દિલમાં અજવાળું ક્યારે થશે !

અને શું હજુએ પણ ખેડૂત નહિ સમજે કે હવે જાગવાનો વખત આવી પહોંચ્યો છે ? શું હજીએ એ નહીં સમજે કે પોતે ચોતરફથી લૂંટાઈ રહ્યો છે ? શું હજુયે એ નહિ સમજે કે અંધારાં ઉલેચે ઉલેચવાનાં નથી ? શું હજુયે તે નહિ સમજે કે સાચા જ્ઞાનની એક જ ચિનગારી તેના વંશપરંપરાના ગાઢ અજ્ઞાનતિમિરને ભસ્મીભૂત કરવા સમર્થ છે ? શું હજુય એ નહિ સમજે કે સાચા જ્ઞાનના એક જ તણખામાં તેનાં વહેમ અને જડતા, તેની ઘેલછા અને આડંબર, તેનાં ધર્મ અને ધતીંગ, તેના ઊંહું અને ઊંધાં ચશમાને તોડી, બાળી ફેંકી દેવાની તાકાત છે ? ખેડૂતમાં રહેલા મેલ અને બગાડ ઉપર જ તેને ફોલી ખાનારાં ગીધડાં જીવી રહ્યાં છે. જે દિવસે ખેડૂત આ અજ્ઞાનપડળને ખોલશે તે જ ક્ષણે આ ગીધડાં આપમેળે ઊડી જવાનાં છે. એ શું ખેડૂત નહિ સમજે ?

આ ગાઢ અંધકારમાંથી ધર્મ પણ ખેડૂતને બચાવી શકે તેમ નથી. ધર્મની ઊંધી સમજણે આખાય હિન્દુ સમાજને ઊંધે પાટે ચઢાવી દીધો છે. દુનિયાથી કંટાળેલો માણસ બિચારો રામ, કૃષ્ણ, અને ધર્મ તરફ ધસે છે. અને આ જગત્‌ને માયા-ભ્રમણા ગણે છે. જગતથી દૂર દૂર નાશી જવામાં જ કે ભગવું કપડું વીંટી દેવામાં જ આત્માનું કલ્યાણ થઈ જાય છે એવું માને છે. એમ ન માને તો બિચારો કરે પણ શું ? દુનિયામાં એને ક્યાં કોઈએ વિશ્રામ અને સુખનું જરા પણ સ્થાન રહેવા દીધું છે ! પણ સાદી અક્કલથી એટલું પણ સૂઝતું કેમ નથી કે આ જગત પણ ઈશ્વરનું બનાવેલું છે. તેમાં

રહેવાનો અને સુખી જીવન ગાળવાનો દરેક માણસનો હક્ક છે. તેની ઉપર કોઈ પણ તરાપ મારી ન શકે. આત્માનો આનંદ આ જગતમાં રહેલો છે અને એ આનંદ અને સુખ મેળવવાનો દરેકને હક્ક છે. અને મહેનતથી જીવતા શ્રમજીવીઓ તો વિશેષ. 'ખેડૂત બિચારો દુઃખી છે, અજ્ઞાન છે, માતા અને મેલડીઓ પાછળ, ભૂવા અને જતિ પાછળ જીવન ખર્ચી નાંખે છે, અંધકારમાં સબડી રહ્યો છે....' એમ બૂમો પાડે કંઈ નહીં વળે. ખેડૂતને પ્રકાશ આપો. ખેડૂતનો અંધાપો એકદમ દૂર થઈ જશે. ખેડૂતના દિલના દરવાજા ખોલી ત્યાં રોશની કરો, અંધારું ક્યાંયે નહીં દેખાય, ખેડૂતને ને તેના બાળકોને સાચી કેળવણી આપો, જીવન જીવવાની ચાવી બતાવો. મહેનત કરતાં અને સાત્વિક આનંદ માણતાં તેને શિખવાડો; સ્વમાન અને સ્વાશ્રયતા પાઠ ભણાવો. અને પછી જુઓ કે અંધારું દૂર થાય છે કે નહિ ? પછી જુઓ કે ગામડાંઓની શિક્કલ બદલાઈ જાય છે કે નહીં ?

પણ આવી કેળવણીનું કામ ધીરજ માગે છે, ખંત માગે છે, ઉદ્યમ માગે છે; સ્વાર્થત્યાગ માગે છે. આજે આંબો વાવ્યો અને આજે કેરી ખાધી એવું બને નહિ. ગામડાં વચ્ચે ઠેરઠેર સાચી કેળવણીનાં થાણાં નાખો. અત્યારની મામૂલી, પરાધીન અને શિકારી કેળવણી નહિ. અને જુઓ કે એક જ દસકામાં શું શું ફેરફારો થાય છે. કેળવણીની ઊગતી સંસ્થાઓને મદદ આપી પગભર કરો અને કેળવણીનો પ્રકાશ ચોતરફ ફેલાવવા અતૂટ પ્રયત્ન આદરો. અને જુઓ કે વિજય હસતો હસતો સામે આવી આપણને વિજયમાળ પહેરાવે છે કે નહિ ?

**ચેતન - ફાગણ, ૧૯૩૪** **બાપુભાઈ વી. ગામી**
**સર્વ વિદ્યાલય, કડી**

## ઘંટીનું પડ

હે પ્રભુ ! હવે તો આ સહન થતું નથી. ક્યાં સુધી આ ઘંટીનું પડ ગળામાં રાખી અમારે આ સંસારસાગર તરવાનો છે ? ગમે તેટલી મહેનત કરીએ, ગમે તેટલાં તરફડિયાં મારીએ પણ ઘાંચીના બેલની માફક એક ડગલું પણ આગળ વધી શકાતું નથી. દસ મણનું ઘંટીનું પડ અમને મધદરિયે ન ડુબાડે તો જ નવાઈ કહેવાય. અમે પણ કેવા મૂર્ખ ! આ પથ્થરનો ભાર ઊંચકી આ મહાસમુદ્ર તરવા નીકળ્યા છીએ.

ખરેખર આવી જ સ્થિતિ આપણા હિન્દુ સમાજની છે. એક પાંખે જેમ કોઈ પક્ષી ઊડવા પ્રયત્ન કરે કે એક પૈડે જેમ કોઈ રથ ચલાવવા માગે અમે ઘંટીનું પડ ગળામાં નાંખી મહાસમુદ્ર તરવા ઇચ્છે એવી આપણી સ્થિતિ છે. આપણી આંખે અંધકારનાં પડ ચઢી ગયાં છે. નહિં તો આવી સ્થિતિ અત્યાર સુધી આપણે શા માટે



નભાવીએ છીએ ? વિશ્વની એક મહાનશક્તિને આપણે કેદ કરી કચડી નાંખી છે, તેને જડ, ભારરૂપ બનાવી દીધી છે. તેના પરિણામે અત્યારનું કંગાલ, નિસ્તેજ, હડધૂત, નીરસ અને નમાલું જીવન આપણે ગાળી રહ્યા છીએ. ક્યાં છે આપણાં જીવનમાં આનંદ અને ઉલ્લાસ ? ક્યાં છે આપણા જીવનમાં સાહસો ખેડવાનું જોમ ? ક્યાં છે આપણા જીવનમાં ગગનચુમ્બી મહત્ત્વકાંક્ષાઓ અને પ્રેમનાં અદ્‌ભુત બલિદાનો ? ક્યાંથી હોય ! જે શક્તિની હૂંફે માણસ, ખરો માણસ બની દૈવી જીવન તરફ પ્રયાણ કરી શકે છે તે શક્તિને તો આપણે સાવ ભૂલી ગયા છીએ. તેને કચરી નાંખી છે, છૂંદી નાંખી છે અને તેની ભસ્મના ખડકો ઉપર ઊભા રહી અટૂલા, મૂંઝાયેલા, ગભરાયેલા રસ્તો ભૂલેલા મુસાફરોની માફક જ્યાંત્યાં ગોથાં ખાઈ રહ્યા છીએ.

જે સમાજમાં સ્ત્રીશક્તિ નથી તે સમાજ મરવાને માટે જ સર્જાયો છે. સ્ત્રીશક્તિને છૂંદી નાંખી આપણે તેની મદદ અને હૂંફ ગુમાવી છે; એટલું જ નહિ પણ તેને ગુલામ બનાવી આપણે આપણા માર્ગને વધુ વિકટ અને અસહ્ય બનાવી મૂક્યો છે. માણસ શું કરી શકે ? યંત્ર ગમે તેટલું સુંદર હોય, તેનો ચાલક ગમે તેટલો હોશિયાર અને કાબેલ હોય છતાં યંત્રને ગતિ આપનાર અંદરની વરાળ કે વિદ્યુતશક્તિ ન હોય તો તે યંત્ર નકામું છે. તેનાથી આપણું કંઈ પણ કામ થઈ શકતું નથી. ઘરના વ્યવહારનું કામ કરવું હોય કે સમાજ સુધારવાનું કામ કરવું હોય, રાષ્ટ્રનું કામ કરવું હોય કે આત્મોદ્ધારનું કામ કરવું હોય. પણ જ્યાં સુધી સ્ત્રીશક્તિ તમારી પડખે ન ઊભી રહે ત્યાં સુધી દરેક કાર્યમાં તમારે પગ પછાડવાના છે. નિરુત્સાહ, નિરાધારતા અને નિરાશાનાં ઘનઘોર વાદળમાં જ્યાં સુધી ઉત્સાહ, આશા અને ધીરજની વીજળી ચમકતી નથી, ત્યાં સુધી આશાભરી અમૃત ઝરતી વર્ષાની આશા રાખવી ફોગટ છે. ઉત્સાહ અને ઉત્તેજનના શબ્દોને બદલે, જ્યાં સુધી ગાળો અને મહેણાંટોણાંની બીક આપણા દીલને કોરી ખાતી હોય; ત્યાં કયું કામ આપણે કરી શકવાના છીએ ? પ્રગતિની પાંખો ભલે આપણે ચઢાવીએ પણ તે સાથે ગળાની અંદર ઘંટીનું પડ પડેલું હોય ત્યાં સુધી આપણે કેટલું ઊડી શકવાના છીએ ? ઊડી ઊડીને પાછા પછાડ સાથે પૃથ્વી ઉપર જ પટકાવાના છીએ.

**સ્ત્રીને આપણે એક ઘંટીનું પડ જ બનાવી દીધી છે. આમાં સ્ત્રીનો દોષ ઓછો છે. આપણી જ ટૂંકી અને વહેંતિયા દૃષ્ટિએ આપણી પાયમાલી આણી છે. એક બાજુ સ્ત્રીને આગણે ગૃહરાજ્ઞી કહીએ છીએ અને બીજી બાજુથી તેના પ્રત્યે આપણું વર્તન એક ગુલામડીથી સહેજ ચઢિયાતું નથી.** એક બાજુ આપણે કહીએ છીએ કે, **यत्र नार्यस्तु पूज्यन्ते रमन्ते तत्र देवता** । (જે ઘેર સ્ત્રીઓને સન્માન આપવામાં આવે છે ત્યાં દેવો રમે છે) અને બીજી બાજુ ચૌદમા રતનથી જ સ્ત્રીને પાંસરી કરવાની

ડંફાસો હાંકીએ છીએ. કહીએ છીએ કે સ્ત્રી એ આપણા ઘરનો પ્રધાન છે, પણ ઘરમાંથી એક પાઈ પણ વાપરવાનો તેને અધિકાર આપતા નથી. આ શું બતાવે છે ? આ દંભ અને ડોળ, આ અભિમાન અને અજ્ઞાન ક્યાં સુધી નભુે ? સ્ત્રી ઘંટીનું પડ ન બને તો શું બનુે ? એની કઈ શક્તિને ખીલવા આપણે અવકાશ આપીએ છીએ. ચૂલાના ચોકની અને ઘરના ઓટલાની બહાર તેને પગ મૂકવાનું આપણે રાખ્યું નથી. ઢીંગલીની માફક સારા કપડાં અને દાગીનાથી આપણે તેને આપણા આનંદને માટે મઢીએ છીએ. જ્યાં આમ હોય ત્યાં બીજાં શાં પરિણામની આશા રાખી શકાય ? કોઈ દિવસ તમારા વિચારોમાં તેને સહભાગી કરવાનો પ્રયત્ન કર્યો છે ? તેને સ્વતંત્ર રીતે કાર્યો કરવાની છૂટ મૂકી છે ? તેનામાં મારાપણાની ભાવનાનો સંચાર કરવા યોજના અને ઉપાયો વિચાર્યા છે ? તેની આગળ દેશ પરદેશની વાતચીતો દ્વારા તેના અજ્ઞાનતિમિરને ટાળવા પ્રયત્ન કર્યો છે ? તેને અક્ષરજ્ઞાન આપવા ઇચ્છા કરી છે ? ઘરનો હિસાબ ઘરનો વહીવટ તેના ઉપર નાંખી જોયો છે ? કંઈ પણ કરવું નથી, અને વાંક કાઢવો છે એ કેમ બને ? પોતાના સ્વાર્થને માટે પણ માણસે જહેમત ઉઠાવવી જોઈએ. સ્ત્રીશક્તિને કાર્ય કરવા અનુકૂળ વાતાવરણ ખડું કરો. તેના ઉપર જુગજુગનો પડેલો વહેમ અને અશ્રદ્ધાનો બોજો ઉઠાવી લ્યો, અને પછી જુઓ કે, સ્ત્રીશક્તિ શું કરી શકે છે ? તમારો કેટલો ભાર હળવો થઈ જાય છે ! એટલું જ નહિ, પણ તમને પાંખો આવે છે અને તમે ધારો તે કરી શકો છો.

હજુ સુધી જગતે એક જ વસ્તુ શોધી કાઢી છે કે એ કોઈ પણ વસ્તુમાં ફેરફાર કરી શકે છે. આ વસ્તુ તે પ્રેમ છે. સ્ત્રી ઉપર તમે પ્રેમ રાખો, વિશ્વાસ રાખો. એ જરૂર તમારું કાર્ય કરશે. પ્રેમમાં જ નવું ઉત્પન્ન કરવાની, સર્જન કરવાની શક્તિ છે. ડાહીડાહી વાતો કે બુદ્ધિની વિસ્તૃત યોજનાઓથી કંઈ પણ નવીન થઈ શકતું નથી. પ્રેમ જ કાર્યની શરૂઆત કરે છે. યોજનાઓ પાછળ આવે છે. સ્ત્રીશક્તિના જામી ગયેલા ઘંટીના પડને વિદ્યુતશક્તિમાં ફેરવવાનું કાર્ય પ્રેમ જ કરી શકે છે. ખરો પ્રેમ જ પ્રકાશ આપશે. પ્રેમ એ દૈવી જાદુ છે. હતાશ અને ભારરૂપ જડ બની ગયેલી સ્ત્રીશક્તિને પ્રેમના જાદુથી સ્પર્શ કરો. તેનામાં ચેતન આવશે અને વિદ્યુતશક્તિની માફક ચોતરફ આનંદ, ઉલ્લાસ અને પ્રકાશનું વાતાવરણ ખડું કરશે.

સાચી સ્ત્રીકેળવણીથી જામી ગયેલી જડતાને પ્રેમમય ચિનગારીથી જલાવી દ્યો, ક્યાં સુધી 'હજુ વાર છે હજુ વાર છે' કહીને આપણે અંધકારમાં આથડવું છે ? જેટલો શ્રમ બાળકની કેળવણી પાછળ સમાજ લઈ રહ્યો છે તેનાથી દશમા ભાગનો શ્રમ જો કન્યાની કેળવણી પાછળ લેવામાં આવે તો એક જ પેઢીમાં ઓર જ ફેરફાર થઈ જાય. જાગૃતિ લાવવા માટે અને અજ્ઞાન તિમિરને દૂર હઠાવવા માટે આજ સાચો રસ્તો છે.



અત્યાર સુધી આપણે ઘોડા આગળ ગાડી મૂકી છે. એટલે આપણું ગાડું ધકેલાતું રહ્યું છે. હવે જાગ્યા ત્યારથી સવાર ગણી ગાડી આગળ ઘોડાને મૂકો. જેના ખોળામાં આપણે આપણાં સંતાનોને ઉછેરવા માંગીએ છીએ તે માતાઓને સાચી કેળવણીનો પ્રકાશ આપો. આ પ્રકાશ આપોઆપ આપણા બાળકોમાં ઊતરશે અને સદીઓ જૂના તિમિરપુંજને બાળી ભસ્મ કરશે. આપણા હૃદયના દરવાજા ક્યારે ખૂલશે અને ક્યારે વસ્તુને આપણે સાચા સ્વરૂપે જોઈશું ? પાંદડાં અને ડાળીઓ સાથે બાથેડાં મારવાનું પડતું મૂકી ક્યારે આપણે મૂળ તરફ વળીશું અને મૂળને પાણી સીંચી ક્યારે આપણે આપણી વાડીને પ્રફુલ્લિત અને મઘમઘતી બનાવીશું ? પ્રભુ એ દિવસ જલદી દેખાડે !

**ચેતન - ચૈત્ર, ૧૯૩૪** **બાપુભાઈ વી. ગામી**

**સર્વ વિદ્યાલય, કડી**

## ખોટું માપિયું

દરજી ખોટો ગજ વાપરે અને સુતાર ખોટો કાટખૂણો વાપરે તો પરિણામ શું આવે તે આપણે સમજી શકીએ છીએ. દરજી અને તેના ઘરાક વચ્ચે ટંટો થાય, કપડાં બંધબેસતાં થાય નહિ, કપડું કેટલું વપરાયું તેનો હિસાબ નીકળે નહિ, કપડું વધે કે ઘટે અને એકબીજા પ્રત્યે ચોરી-લબાડીપણાની શંકા અને કુશંકાઓ ઉત્પન્ન થાય. તેમાંય વળી જો દરજી શરીરનું માપ લેવામાં એક ગજ વાપરે અને કપડું ભરવામાં બીજો ગજ વાપરે તો ભારે થાય ! સુતાર કાટખૂણાને બદલે ઘડીકમાં ૮૦ અંશથી ને ઘડીકમાં ૧૦૦ અંશથી માપ લીધા જ કરે અને તેવા માપથી ઘરનાં બારીબારણાં, ચોકઠાં બનાવે તો તે કેટલા દિવસ ઊભાં રહે અને કેવાં વાંકાટેડાં થાય એ આપણે કલ્પી શકીએ છીએ.

છતાં આપણે જીવન વ્યવહારમાં આવું જ કરીએ છીએ. દરેક વસ્તુને કે બનાવને આપણે આપણા માપિયાથી માપીએ છીએ. અને જ્યારે આપણા એકબીજાના માપ વચ્ચે મેળ બેસતો નથી ત્યારે તકરાર અને હોહામાં ઊતરીએ છીએ. પણ એટલું વિચારતા નથી કે, 'ભાઈ જુઓ તો ખરા, કે જે ગજથી આપણે માપીએ છીએ તે સાચો છે ? તેમાં ભૂલ તો નથી ? હોય છે એવું કે આપણાં દરેકનાં માપ જુદીજુદી જાતનાં હોય છે. અને વળી તેને વારેવારે બદલીએ છીએ. કોઈ પાડોશીના કામ ઉપર જેવી ટીકા કરીએ છીએ તેવી જ ટીકા આપણા મિત્રના કામ માટે નથી કરતા. જે દોષ માટે સમાજને નંદીએ છીએ તેવો આપણો દોષ આપણે જોઈ શકતા નથી. જેને માટે આપણે સ્ત્રીને નરકની ખાણ ગણીએ છીએ તેને માટે પુરુષોનો કોઈપણ દોષ આપણા મનમાં વસતો નથી. પરિણામે આપણું આખું સમાજજીવન કલુષિત અને કલેશમય બની રહે છે.

ત્યારે જરૂરની વસ્તુઓ એ છે કે પ્રથમ આપણે આપણું માપિયું સુધારી લેવું જોઈએ. અને તે સુધારવા માટે જેને આપણે આપણાથી ડાહ્યા, વધારે અનુભવી અને વિદ્વાન ગણતા હોઈએ તેમના વિચારોને ગ્રહણ કરવા પ્રયત્નો કરવા જોઈએ. જમાનો ઝપાટાબંધ આગળ વધી રહ્યો છે. આવા સમયમાં બાવા આદમથી ચાલતી આવેલી પ્રણાલિકાઓ અને દૃષ્ટિબિન્દુઓને બાઘાની માફક વળગી રહે ન જ પાલવે. પશ્ચિમમાંથી પૂર્વમાં મુસાફરી કરવા નીકળેલો નાવિક પોતાની ઘડિયાળના કાંટાઓને વળગી જ રહે તો તેની શી ગતિ થાય ? સૂર્ય અને તેની ઘડિયાળનો મેળ જ ન બેસે. જ્યારે માથા ઉપર સૂર્ય આવ્યો હોય ત્યારે તેની ઘડિયાળમાં હજુ સવારના આઠ જ વાગતા હોય. જો આ નાવિક દર અંશના અંતરે (૬૬ માઈલ) પોતાની ઘડિયાળને ચાર મિનિટ આગળ ન ધકેલે તો ખરા ઘડિયાળ આગળ તેની ઘડિયાળ નકામી થઈ પડે અને સમય જોવામાં તદ્દન નિરુપયોગી બની જાય. આવું જ કંઈ આપણે આપણું માપિયું જરા પણ બદલતા નથી. દરેક પોતપોતાનું જુદું માપિયું રાખે છે અને તેથી ખરા માપની સાથે કોઈનેય મેળ બેસતો નથી.

જીવનના કોઈપણ ક્ષેત્રમાં દૃષ્ટિ ફેંકો. શું જોઈએ છીએ ? અથડામણ, કલેશ કંકાસ અને કોલાહલ. આપણું સમાજજીવન કેટલું સડી ગયું છે ? આપણું માપ તો જુઓ ! ચાર ચાર હયાત સ્ત્રીએ, પચાસ વર્ષની ઉંમરે પુરુષ તેર વર્ષની કુમારિકા સાથે લગ્ન કરે તે સમાજ સાંખી રહે. જ્યારે વિધવા સ્ત્રી બીજી વાર લગ્ન કરવા વિચાર દર્શાવે તો ગજબ થઈ જાય, કુલીનતાના પાયા હચમચી જાય અને કુટુંબનું સત્યાનાશ વળી જાય ! વળી ચોરીછૂપીથી થતા વ્યાભિચારને સમાજ સાંખી રહે – અરે પોષે ! પણ ખુલ્લી રીતે ગૃહસંસાર માંડનાર તરફ તિરસ્કારના વરસાદ વરસે. પોતાના ઘરમાં પંદર વર્ષની વિધવા વહુદીકરીઓ ફરતી હોય પણ બાપને સાતમી વાર કાચી કુમારિકા સાથે લગ્ન કરતાં જરાયે ભોંઠપ ન આવે. આ તે કેવું માપ ?

**ધર્મને નામે થોડાં ધતિંગો ચાલી રહ્યાં છે ? બહારથી ટીલાંટપકાં કરી, દિવસમાં આઠઆઠ વાર ઠાકોરજીનાં દર્શન કરી, ગરીબોનો ટુકડો રોટલો ઝૂંટવી લેનારા, પારકે પૈસે પરમારથ કરનારા અને અનેક પ્રકારના દુરાચારના ભોગ બનેલા આપણા ધર્મિષ્ઠ ભાઈઓ આપણાથી ક્યાં અજાણ્યા છે ? છડેચોક ધર્મના ધતિંગને બહાર લાવનાર, ધર્મને નામે ચાલી રહેલા સમાજના સડાને-ગંદકીને સાફ કરનાર સુધારકોને નાસ્તિક કહેનારા આપણા ધુતારા આસ્તિક ભાઈઓ જરાયે શરમાય છે ? દેવમંદિરમાં હવે શું રહ્યું ? દેવ બિચારા કયારનાએ સ્વર્ગમાં પહોંચી ગયા છે. ખાલી ઈંટો, પથરા અને ચૂનાના મંદિરોનાં જડ ખોખાંને વળગી રહે શું વળે ? તેમાંથી પ્રાણ તો ક્યારનાયે ચાલ્યા ગયા છે. જ્યાં સુધી હૃદયમંદિરમાં દેવની પધરામણી કરી નથી ત્યાં સુધી બહારનાં મંદિરો ખાલી છે. પડ્યાં પડ્યાં ઉકરડાની માફક તે કહોવાશે અને ગંધાઈ ઊઠશે.**



અને આપણી કેળવણીની પણ કેવી દુર્દશા થઈ છે ? સારી કેળવણી એ તો સમાજને અધ્ધર કરવાનું ઉચ્ચાલન છે. તેને બદલે અત્યારની કેળવણી સમાજને ચૂસનારું ચૂસકયંત્ર બની રહી છે. આ ચૂસકયંત્રની ગતિ જો નહિ ફેરવીએ તો જતે દહાડે આપણે ખૂબ જ પસ્તાવાના છીએ. આપણે કેળવણીની કિમ્મત પણ કેવી રીતે આંકીએ છીએ ? કેળવણીનું પરિણામ જોવાનું આપણું માપ કેવું બેહૂદું છે. આખાય જીવનવૃક્ષમાંથી એક સુકાયેલું પાંદડું લઈ તેની વાહવાહ ગાવામાં આપણે મશગૂલ બની જઈએ છીએ. જ્યારે બીજી બાજુથી આ જીવનવૃક્ષના મૂળને જે સડો લાગ્યો છે તેના તરફ આંખ મીંચામણાં કરીએ છીએ. આ વૃક્ષના મૂળમાં જે વિષસિંચન થઈ રહ્યું છે તેની આપણને પડી નથી. તેની ડાળીએ ઊધઈ પહોંચી વળી છે તે આપણે દેખતા નથી. તેનાં ફળો કોહી કોહી જીવાતથી ખદબદી રહ્યાં છે તેની આપણને ઘૃણા થતી નથી. આપણે તો કેવળ એકાદ લીલું પાંદડું જોઈ રાચી રહ્યા છીએ. છોકરો ગમે તે રીતે મેટ્રિકવાળો થાય એટલે ગંગા નાહ્યા એવા વિચારપ્રવાહમાં તણાઈ રહ્યા છીએ. પછી છોકરાનું જીવનવૃક્ષ કેવું વિકસી રહ્યું છે તેની આપણને પરવા નથી. આપણા 'માપ'માં એ વસ્તુ આવતી નથી. છોકરો કેવળ પુસ્તકો ગોખીને પોપટિયું જ્ઞાન મેળવે છે કે સાચું જ્ઞાન મેળવે છે તેની આપણને તમા નથી. પાંચ રૂપિયા મેળવવા કીમતી રત્નોનો ભોગ અપાય છે કે કેમ એ જોવા આપણે માગતા નથી. બાળકનું જીવન ઉદ્યોગી બને છે કે બાળકનું જીવન આનંદી અને ઉલ્લાસી થાય છે, કે બાળકનું ચરિત્રકમળ ખીલે છે કે બાળકનું શરીર સશક્ત અને તંદુરસ્ત બને છે, કે બાળક ઉપર જીવનમાં ઉપયોગી સુસંસ્કારોની છાપ પડે છે; કે બાળકની વિવિધ શક્તિઓ ન છૂંદાતાં તે યોગ્ય માર્ગે વળે છે કે કેમ જેવી બાબતો તરફ આપણે સાવ આંધળા રહીએ છીએ. જીવન એ અટપટો કોયડો છે. આ કોયડાનો એકતાર ઉકેલ્યો એટલે કોયડો ઉકેલી જતો નથી. કેળવણીએ ખંત, ધીરજ અને શાસ્ત્રીય રીતે બાળ જીવનના પ્રશ્નોને સમજવાના અને ઉકેલવાના હોય છે. દરેક જણ સમજી શકે એવો સહેલો અને સાદો આ પ્રશ્ન નથી. કેળવણી એ નાજુક અને પવિત્ર પ્રશ્ન છે. આમાં ડોકાતાં હળવેકથી સંભાળથી, કોમળતાથી ચાલજો. વાંદરાન્યાયે આંગળીઓ ઘોંચી આ પ્રશ્ન ચૂંથશો નહિ, બગાડશો નહિ અને ઝેરી બનાવશો નહિ. એમાં જ આપણું-આપણા બાળકોનું અને સમાજનું શ્રેય રહેલું છે.

**ચેતન - જેઠ ૧૯૩૪** **બાપુભાઈ વી.ગામી**
**સર્વ વિદ્યાલય, કડી**

## સમાજનું 'ઊંહું'

વ્યક્તિઓ આગળ વધે છે પણ જનસમાજ તો પાછળ ઢસડાવવામાં જ આનંદ માને છે. આજ સુધી કોઈપણ પ્રગતિપ્રેરક કામ સમાજે રાજીખુશીથી કર્યું હોય એવા દાખલા શોધશો તો જવલ્લે જ જડશે. મનેકમને સમાજ પાછળ જ ઢસડાવાનું પસંદ કરે છે. એટલું જ નહિ પણ આગળ વધતી વ્યક્તિઓને દબાવી દેવા, હેરાન કરવામાં પોતાનું બધુંયે બળ અજમાવી ચૂકે છે.

**નરસિંહ મહેતા નાત બહાર મુકાશે, દયાનંદ સરસ્વતીને ઝેર પાશે, કૃષ્ણને ગાળો ભાંડશે કે ઈસુ ક્રાઈસ્ટને ફાંસીને લાકડે લટકાવશે. છતાંય જ્યારે તેને લાગશે કે વ્યક્તિએ પેદા કરેલું બળ મહાન અને વિશ્વવ્યાપી છે ત્યારે તેને નમશે અને પૂજશે. આવી સામાન્ય માણસોની મનોદશા હોય છે.** આવી સડેલી અને બંધિયાર મનોદશા જ સુધારાના પ્રકાશના પૂરને અટકાવે છે. કંઈપણ નવો વિચાર, કંઈપણ નવું દષ્ટિબિંદુ સમાજ આગળ આવે એટલે, જુઓ ! સમાજ શું કરે છે ? પ્રથમ તો આંખો બંધ કરી તેના તરફ જોવા પણ ના પાડશે. કાન બંધ કરી સાંભળવા જ તૈયાર નહિ થાય. પોતાના જૂના ચીલાઓમાં તસુભાર પણ ફેરફાર કરવા તેઓ તૈયાર નથી. છેવટે જ્યારે આ નવો વિચાર સર્વ મુસીબતો અને વિરોધોની સામે થવા જેટલું બળ મેળવતા મેળવતા વિજયી નીવડે છે ત્યારે પ્રથમ પથરા મારનાર સમાજ તેને પૂજવા અને અપનાવવા તૈયાર બને છે.

મનુષ્યના સ્વભાવ જ એવો છે કે કોઈપણ બાબતની ટેવ પડતાં તે ટેવને રાજીખુશીથી છોડવા તે તૈયાર જ નથી. કોઈ વિરલા જ સ્વેચ્છાએ પોતાનું હિત વિચારી પોતાની જૂની, સડેલી અને અહિતકારી પ્રણાલિકાઓ છોડવા ફેરફાર કરવા માટે સામાન્ય માણસની શક્તિ કરતાં કોઈ ઊંચા પ્રકારની શક્તિની તેમાં જરૂર પડે છે. જ્યાં સુધી મનુષ્ય મન ગભરાવે તેવા ધડાકાઓ કે હૃદય ગભરાવે તેવા આંચકાઓ નથી અનુભવતો, ત્યાં સુધી તે પોતાના જૂના ચીલે જવામાં જ આનંદ માને છે અને તે ચીલો જ તેને સત્ય લાગે છે. બીજું બધું પોકળ અને જૂઠું લાગે છે અને તેથી જ જ્યારેત્યારે કુદરત ઉત્ક્રાન્તિ નિયમાનુસાર જડસૃષ્ટિ કે ચેતન સૃષ્ટિમાં ફેરફારો કરવા માગે છે, ત્યારેત્યારે અમુક અંતરે મનુષ્યજાતને ખળભળાવી મૂકે તેવા ધડાકાઓ અને આંચકાઓનો આશ્રય લે છે. સામાન્ય રીતે માણસ યંત્રની માફક ઊંધું ઘાલી ચાલનાર પ્રાણી છે. પણ જ્યારે કુદરત તેને નવા પાઠ આપે છે ત્યારે તે કંઈક પોતાની આંખ ખોલે છે અને નવા વિચારો અને નવી લાગણીઓ અનુભવે છે. નવી દિશામાં-ઉન્નતિની દિશામાં ધકેલાય



છે. કુદરત પોતાના કામને માટે ઘણી જ ચોકસાઈ રાખે છે. તેની સાધનસામગ્રી વિપુલ હોય છે. જ્યારે તેનો ઈરાદો દક્ષિણધ્રુવથી પૃથ્વીના મધ્યપ્રદેશમાં જવાનો હોય છે ત્યારે તે ઉત્તરધ્રુવ સુદી જઈ પહોંચવાનું બળ અજમાવે છે અને કેટલાક સંજોગોમાં પહોંચે છે પણ ખરી. પણ તે જાણે છે કે દક્ષિણધ્રુવનું ખેંચાણ બળ તેને ઉત્તરધ્રુવમાં જ નહિ રહેવા દે એટલે છેવટે તે પોતાની ધારેલી જગ્યાએ એટલે પૃથ્વીની મધ્યમાં આવીને સ્થિર થાય છે.

મનુષ્યજાતિના વિકાસની કોઈપણ બાબતમાં ઉપરનું સત્ય દષ્ટિએ પડે છે. સામાજિક, રાજકીય, આર્થિક, નૈતિક કે ધાર્મિક બાબતોમાં કુદરત આ જ રીતે પ્રગતિ કરી રહી હોય છે. કુદરતના આ કામને વેગ આપવામાં જ મનુષ્યજાતિના પ્રયત્નોની સફળતા રહેલી હોય છે. સમગ્ર મનુષ્યજાતિ અગર સમાજ એકીસાથે ઝપાટાબંધ આગળ વધે એવું બનતું નથી. સમાજ તો પોતાની રૂઢ બાબતોમાં મગ્ન હોય છે. તે એકની એક બાબતનું પુનરાવર્તન કરવામાં જ મશગૂલ હોય છે. પણ સમાજમાં કેટલીક ભાગ્યશાળી વ્યક્તિઓને આગળથી નવો પ્રકાશ - નવું સત્ય દેખાય છે અને એ હિતકારી પ્રકાશનો, સત્યનો આનંદ પોતે અનુભવી, અંધકારમાં અથડાતા પોતાના ભાઈઓને તે પ્રકાશનો આનંદ આપવા તે પ્રયત્નો કરે છે. આ તેના પ્રયત્નોને રૂઢિવશ સમાજ સમજી શકતો નથી. તેથી તે તેનો વિરોધ કરે છે, તેની સામે લડે છે, ઝગડે છે; પણ છેવટે તેનાથી આગળ ખેંચાયા સિવાય તેનો છૂટકો થતો નથી. નવીન પ્રકાશનું દર્શન કરનાર અને સમગ્ર મનુષ્યજાતને તેનો અનુભવ કરાવવા મથનારને ઘણું સહન કરવું પડે છે. અગ્નિપરીક્ષામાંથી પસાર થવું પડે છે. છતાં એ જે વસ્તુ સત્ય અને હિતકર હોય છે તે જ તે કરે છે. જો આવી બાબતમાં તે સમાજના વિચારથી દોરાય તો તે કદી સમાજને આગળ વધારી શકતો નથી. સમાજ માટે તેને અનહદ પ્રેમ હોય છે, પણ તે પ્રેમ આંધળો હોતો નથી. સમાજ માટે તેને ઘણી લાગણી હોય છે, પણ તે ઘેલી નથી હોતી. સમાજના દોષોને પંપાળી તે સમાજને કેવળ ખુશ કરવા નથી માગતો; મીઠી અને સંયમી ભાષામાં સમાજને તે કડવાં સત્યો સંભળાવે છે અને તેની બદી તરફ આંગળી ચીંધે છે. સમાજ પણ આવી વ્યક્તિઓને અંતરથી ચાહે છે. પણ રૂઢિની ગુલામી એટલી બધી સજ્જડ હોય છે કે તેમાંથી તે છટકી શકતો નથી. આ બાબતમાં મહાત્મા ગાંધીજીનું દષ્ટાંત યોગ્ય થઈ પડશે. અસ્પૃશ્યતા, ખાદી, હિન્દુમુસલમાન ઐક્ય, અહિંસા, સત્ય વગેરે બાબતોમાં તેમને અને સમગ્ર જનતાને મતભેદ છે જ. છતાં, મહાત્માજી પોતે જોયેલા નવીન પ્રકાશને જ વળગી રહી જનતાને તેનું દર્શન કરાવવા ભગીરથ તપશ્ચર્યા અને પ્રયત્નો કરે છે. કેવળ સમાજને ખુશ કરવા, તેની

માન્યતાઓમાં હામાં હા કરવા તૈયાર નથી.તે તો પ્રસંગે પ્રસંગે સમાજને સજ્જડ ચાબખાઓ લગાવે છે અને એક માયાળુ - હિતેચ્છુ શસ્ત્રવૈદ્યની માફક સમાજની બદીઓ ઉપર શસ્ત્રક્રિયા ચલાવી તેનો નકામો અને કોહવાતો ભાગ ચીરીને કાઢી નાખે છે. સમાજ પણ આ વસ્તુ સાંખી રહે છે, કારણ કે ઊંડે ઊંડે તેને ભાન છે કે આ માણસ કહે છે તે સત્ય છે અને પોતાનું ભલું જ કરવા આટલા બધા આંચકાઓ આપી રહ્યો છે.

આ સુધારાની બાબતમાં બીજી એક બાજુ પણ વિચારવા જેવી છે. કેટલાક સુધારકો ફક્ત કહેવાતા જ સુધારકો હોય છે એટલે તેમની અસર સમાજ ઉપર બહુ પડતી નથી. ફક્ત અમુક પ્રકારના વિચારો આપી કે વાતો કરી બેસી રહેવાથી સમમજ પોતાની રૂઢિઓ છોડી દેતો નથી. કેવળ ઉચ્ચ વિચારોમાં મશગૂલ રહી, પર્વતની ટોચ ઉપર ઊભા રહી, લોકોને ઉપર આવવા બૂમ પાડવાથી લોકોનું કલ્યાણ સધાતું નથી. એ તો પર્વત ઉપરથી નીચે ઊતરી તળેટીમાં ઊભેલા લોકોના હાથ ઝાલી તેમને ઊંચે ચઢાવવા પ્રયત્ન થાય તે જ લોકો તેમને સમજી શકશે. અને વિરોધ, ધમપછાડાઓ અને આનાકાની કરવા છતાં છેવટે તમારી સાથે ઉપર આવવા તૈયાર થશે. આકાશમાં રહેલી ગંગાથી કંઈ મનુષ્ય જાતિના મેલ ધોવાતા નથી. એનો ભગીરથની માફક ભગીરથ પ્રયત્નો કરી આ આકાશગંગાને પૃથ્વી ઉપર વહેવડાવવા સુધારકોએ તૈયાર થવું પડે છે. આ આકાશગંગાને હેમખેમ સમુદ્રે પહોંચાડતાં રસ્તામાં અનેક વિટંબનાઓ આવી પડશે. કોઈ એને જટામાં સંતાડી દેશે કે કોઈ એને પી જશે, છતાં એ સુધારકોમાં ખંત, ધીરજ અને શ્રદ્ધા હશે તો આ સ્વર્ગગંગા, પતિતપાવની શીતલ જલવાહિની ગંગા મનુષ્યોનાં મળ અને મેલ ધોતી વિરાટ સ્વરૂપમાં લીન થઈ જશે.

**ચેતન - શ્રાવણ ૧૯૩૫** **બાપુભાઈ વી. ગામી**
**સર્વ વિદ્યાલય, કડી.**

## શક્તિનું સરવૈયું

દેત્રોજનિવાસી શ્રી મગનલાલ રણછોડદાસ પટેલ **'પટેલ'** નામનું સુધારાનું ક્રાંતિકારી માસિક ચલાવતા. કોઈની શેહશરમ રાખ્યા વિના સાચું લખતા. તેમના બે ત્રણ અંકોમાં કડીની સંસ્થામાં ચાલતી રીતરસમ વિશે લેખો લખ્યા છે. તેમાં **'પટેલ'** વર્ષ ૧લું, ૩૬૪ પર **કડી સંસ્થાના કાર્યવાહકોની શક્તિનું સરવૈયું**ના લેખમાં જણાવ્યું છે. ''......કેળવણીની સંસ્થામાં શોભી શકે અને જવાબદારી ઉઠાવી શકે તેવી વ્યક્તિ



શ્રી બાપુભાઈ જ એક છે. તેમને લીધે જ સંસ્થાની લાજ કેટલેક અંશે સચવાય છે અને તે કાર્યવાહકોનો ચોરો રક્ષાય છે. શ્રી બાપુભાઈ પણ ત્યાંના વાતાવરણથી અમૂંઝાઈને નીકળવા પ્રયત્નો કરી છૂટેલા, પણ સંસ્થા પ્રત્યેના મહત્ત્વને લીધે અમૂંઝણોને દબાવી રહેલ છે. આ વાત તદ્દન સાચી છે. **શ્રી બાપુભાઈ ન હોત તો કૃષ્ણ વિનાના અર્જુનના રથની પેઠે આખી સંસ્થાની શાખ ઊડી ગઈ હોત.** ત્યાંના માત્ર શિક્ષકોને પણ ત્યાંના વહીવટ પરત્વે ધૂંધવાટ ઓછો નથી. શિક્ષકો ત્યાં આવી પડે છે અને જરાક તેજસ્વી જણાય તો તરત પેલા લોકોની ખટપટથી તે સ્થાન છોડવું પડે છે. એક શિક્ષકે તે સંસ્થા છોડતી વખતે બીજા શિક્ષક મિત્રને પત્ર લખતાં એક કાવ્ય મોકલેલું, તે હું અત્રે ઉતારવું યોગ્ય ધારું છું. જનાર શિક્ષક ત્યાં રહેનાર શિક્ષકમિત્રને લખે છે કે'

**હું - તું સમા કો'ક અનેક આવ્યા,**
**હું - તું સમા કો'ક અનેક જાશે.**
**(લખ્યા લલાટે વિધિલેખ જેવા)**
**રહેશે સદાયે વિધિલેખ જેવા**
**બાપ ? છ.કા, શુક, શંકર, ર.ડા., ભા.**

(૧) શ્રી બાપુભાઈ (૨) શ્રી છગનલાલ કાલિદાસ (૩) શ્રી પોપટભાઈ (૪) શ્રી શંકરભાઈ (૫) શ્રી રતિલાલ ડાહ્યાભાઈ (૬) છગનભા

ઉપરની વ્યક્તિઓમાં કેટલાક પ્રત્યે મને પૂરો સદ્‌ભાવ છે. પણ તેઓ કાવ્યમાં સંકળાયેલા હોવાથી મેં ઉતાર્યા છે. તે માટે તેઓ મને માફ કરશે એવી આશા રાખું છું.

આપ હોવાથી એક અનુભવીનું વચન અત્યારે ટાંકી, કાર્યકર્તાઓને તે પર વિચાર કરવા વિનંતી કરું છું.

''તમે ઘણાને થોડો કાળ અંધારામાં રાખી શકશો અગર થોડાને ઘણો કાળ અંધારામાં રાખી શકશો પણ બધાને બધો કાળ અંધારામાં રાખી શકવું અશક્ય છે.''

- મગનલાલ ર. પટેલ

## જુગલભાઈને એક સ્નેહાંજલિ

લખતાં અમને પારાવાર શોક અને દિલગીરી થાય છે કે જ્ઞાતિના એક પ્રાણવાન અને સેવાભાવી યુવકને આપણે થોડાક દિવસો પહેલાં ગુમાવ્યો છે. બે વર્ષની ક્ષયની સતત માંદગી ભોગવી જુગલભાઈના દેહનું અવસાન ગઈ હોળીને દિવસે થયું. તેમણે માંદગીનું દુઃખ સહન કરવામાં જે ધીરજ, શાન્તિ અને સહનશક્તિ બતાવ્યાં તે ખરેખર અજબ પ્રકારનાં હતાં.

જુગલભાઈ એક શાંત, મૂંગા અને ખંતીલા જ્ઞાતિસેવક હતા. કેળવણી દ્વારા જ્ઞાતિની સેવા કરવાની અખૂટ ધગશ તેમનામાં હતી. લગભગ છેલ્લા સાત વર્ષથી તેઓ કડીની સંસ્થામાં હતા. કડીની એ સાત વર્ષની તેમની કારકિર્દી તેમની નિર્મળ સેવાવૃત્તિની શાખ પૂરી રહી છે. અનેક પ્રકારનાં માનઅપમાનો ગળી જઈ સંસ્થાની એકધારી નિરભિમાનપણે સેવા કરવાની તેમની તત્પરતા જોઈ હરકોઈને તેમના પ્રત્યે માન ઉત્પન્ન થતું.

જુગલભાઈ જતાં સંસ્થાને ન પૂરાય તેવી ભારે ખોટ પડી છે. તેમના મળતાવડા, માયાળુ અને નમ્ર સ્વભાવે તેમના સાથીઓનાં દિલ જીત્યાં હતાં. સંસ્થાના અનેક ખાટામીઠા પ્રસંગોમાં તેમની હૂંફ, ધૈર્ય અને વ્યવહારિક ડહાપણ ગુમાવતાં સંસ્થાએ ઘણુંયે ગુમાવ્યું છે.

પણ ઈશ્વરની ઇચ્છાને તાબે થવું એ માણસમાત્રનો ધર્મ છે. જોકે સંસ્થા આ કારમો ઘા કોઈ દિવસ ભૂલી શકવાની નથી જ. જ્યાં જ્ઞાતિમાં સેવાબુદ્ધિથી કામ કરનાર ગણ્યાગાંઠ્યા જ સેવકો નજરે પડી રહ્યા છે ત્યાં અચાનક આવા એક આશાભર્યા યુવકથી છૂટા થવાનો પ્રસંગ આવે છે એ ખરેખર અસહ્ય જ છે.

જુગલભાઈ એક સાધારણ સ્થિતિમાં વિદ્યાભ્યાસ કરી વિનીતની પરીક્ષા પાસ કરી હતી. અમદાવાદમાં છાપખાનાના વહીવટનું શિક્ષણ લઈ, કડીની સંસ્થામાં જુદા જુદા ક્ષેત્રોમાં-છાપખાનાના મેનેજર તરીકે, ખેતીવાડી ગોશાળાના વ્યવસ્થાપક તરીકે, આશ્રમના ગૃહપતિ તરીકે અને મંડળના મંત્રી તરીકે કામ કરી તેમણે તેમની વ્યવસ્થા અને વ્યવહારિક શક્તિનો સારોય લાભ સંસ્થાને આપ્યો હતો. આખાય કુટુંબમાં ભરણપોષણનો ભાર તેમના ઉપર હતો. સામાન્ય આવકમાં પણ કરકસરથી અને વ્યવહાર કુશળતાથી પોતાના કુટુંબનું નાવ તેઓ ચલાવતા.

સદ્‌ગત જુગલભાઈ પોતાની પાછળ વિધવા માતા, બે બહેનો, એક ભાઈ, પાંચ વર્ષનો પુત્ર અને સ્નેહાળ પત્ની મૂકી જાય છે. જ્ઞાતિભાઈઓની, તેમના મિત્રોની અને પ્રશંસકોની અને ખાસ કરીને જે સંસ્થામાં તેમણે પોતાના જીવનનો અમૂલ્ય ભાગ આપ્યો છે તે સંસ્થાની પવિત્ર ફરજ થઈ પડે છે કે તેમના ભાઈ અને પુત્રને યોગ્ય કેળવણી આપવામાં બનતી બધીયે મદદ કરે. આમ થાય તો જ, તેમની સેવાનું ઋણ ભરપાઈ થઈ શકે અને તો જ સેવાની ખરી કદર થઈ ગણાય.

આંસુભીના હૃદયે અમે અમારા સાચા સાથી, વિશ્વાસુ મિત્ર અને એકલોહીના ભાઈના-જુગલભાઈના પવિત્ર આત્માને નિવાપાંજલી અર્પીએ છીએ. અને પ્રેમપૂર્ણ હૃદયથી પરમાત્માને પ્રાર્થીએ છીએ કે સદ્‌ગતના આત્માને વિશ્વનિયંતા પરમ શાંતિ



અર્પે તથા તેમના શોકવ્યાકુળ કુટુંબીજનો અને મિત્રમંડળને આ કારમી વેદના સહન કરવાની શક્તિ અને ધીરજ આપે ! ૐ શાંતિ ! શાંતિ ! શાંતિ !

કોઈ દિવસ તેમને નહિ ભૂલનાર તેમનો સાચો સાથી અને વિશ્વાસુ મિત્ર.

**- બાપુભાઈ**
**કડી**

## એક સ્મરણાંજલિ

**બાપુભાઈ ગામી**
**આચાર્ય, સર્વવિદ્યાલય, કડી**

આશા, શ્રદ્ધા, હિંમત, જનપ્રેમ અને ખંતની મૂડીથી ઉત્તર ગુજરાતમાં એક જીવંત વિદ્યાસંસ્થાના વટવૃક્ષને રોપવામાં, પોષવામાં અને ઉછેરવામાં જેમણે સમાજસેવકોને નમૂનારૂપ થઈ પડે એવો અગ્ર હિસ્સો આપ્યો છે એવા એક પવિત્ર આત્મા છગનલાલ પીતાંબરદાસ પટેલનો જન્મ કલોલ તાલુકાના એક નાનકડા ગામ સરઢવમાં આજથી ૭૮ વર્ષ પૂર્વે થયો હતો.

ગ્રામજનતાની સ્થિતિચુસ્તતાના અભેદ્ય ગઢને ભેદી તેમની પાસેથી તેમનાં બાળકોની કેળવણી માટે એક વસતિગૃહ સ્થાપવા પંચના રૂ. ૭૦૦૦ (સાત હજાર) કઢાવવાની જહેમત ઉઠાવવી એ નાનીસૂની વાત ન હતી.

અનેક શંકા, કુશંકા, વિરોધ અને નિરાશાના વાતાવરણમાં એક દ્રષ્ટાની અજબ શ્રદ્ધાથી 'છગનભા'એ કડીની વિદ્યાસંસ્થાનું બીજ આજથી ૨૨ વર્ષ પહેલાં વાવ્યું. પોતે જગતમાન્ય કેળવણી વિહોણા હોવા છતાં, કેળવણીના ક્ષેત્રમાં એમની દૃષ્ટિ દૂરદર્શી અને ઊર્ધ્વગામી હતી. જે વિચારો ઘણા મનન અને અભ્યાસને અંતે મેળવી શકાય છે તે વિચારો તેમને સહજ હતા. તે સાથે ગ્રામજનતાના માનસને ઓળખી લઈ તેને મેળ બેસે એવી રીતે પોતાના ઉચ્ચ વિચારોને સાદી, સરળ અને વ્યવહારુ ભાષામાં રસદાયક ટુચકાઓ અને દૃષ્ટાન્તો સાથે ગ્રામજનતાની આગળ રજૂ કરવાની તેમની કળાશક્તિ અને વાચાશક્તિનાં વખાણ કાકા કાલેલકરે પણ કરેલાં. દલીલો અને દૃષ્ટાન્તો રજૂ કરવાની તેમની રીત એટલી હૃદયંગમ હતી કે અનેકવાર એની એ વસ્તુ સાંભળવા છતાં ફરીથી સાંભળવાનો રસ જ રહી જતો.

અમે કહેવાતા કેળવણીકારો અને ગ્રામજનતાની વચ્ચે એ ન પુરાય એવી એક સુવર્ણસાંકળ હતા. એમના જીવનમાં અજબ ચીજ તો એ હતી કે ગમે તેવા કપરા સંજોગોમાં, ગમે તેવી નિરાશાની ઘડીઓમાં, ગમે તેવા વાવંટોળ અને ઉલ્કાપાતોમાં, તેમના મુખમાંથી નિરાશા કે પીછેહઠના શબ્દો સંભળાયા જ નથી. એ તો કહેતા કે,

''જો કોઈ આસમાનીસુલતાની આફતો સંસ્થા ઉપર આવી જ પડવાની હોય અને ચારેબાજુથી તેની પ્રાણશક્તિને ગૂંગળાવવા માટે ગઢો રચી દેવાના પ્રયત્નો થઈ રહ્યા હોય તોપણ હિંમત હારવાની જરૂર નથી. ગઢમાં પુરાઈશું તો એ ગઢમાંથી પણ માર્ગ કેમ કાઢવો તેની સૂઝ પડશે. એ દીવાલોને ભેદી તેમાંથી બહાર નીકળવાનું સાહસ અને જોમ આપણામાં ઊતરશે.'' ખરેખર આ શબ્દો જીવનના ઝંઝાવાતોમાંથી માર્ગ કાઢનાર એક સાહસિક વીરવિજેતાને છાજે તેવા જ છે. * * *

સામાજિક સંસ્થાઓ કેમ ચાલી શકે તેનું તેમને યથાર્થ ભાન હતું. સંસ્થાની ચાલકશક્તિ ક્યાં પડેલી છે તે તેઓ સારી રીતે સમજતા હતા. એટલે જ્યારે જ્યારે સંસ્થા કે સમાજમાં વાવંટોળો ઊઠતા અને આ વિદ્યાસંસ્થાની નાવડી જ્યારે વિનાશક મોજાંઓની વચ્ચે હિલોળે ચઢતી ત્યારે એક કુશળ નાવિકની માફક તેઓ પોતાનું સાચું સ્થાન ક્યાં રહેલું છે તે નક્કી કરી લેતા અને કુનેહપૂર્વક એ હોડલીને બચાવી લેતા. તેમનું સ્થાન હંમેશાં સંસ્થાના આંતરિક કાર્યકર્તાઓ સાથે જ રહેતું. પરિણામે તેઓ વિજયી બની સંસ્થાને પણ વિજયને પંથે દોરતા.

'આગળ ધસો' એ એમના જીવનકાર્યનો મુદ્રાલેખ હતો. એમના જીવનમાં એટલું બધું પ્રાણબળ ભરેલું હતું કે હજુ તો એક કાર્ય શરૂ ન શરૂ થયું હોય ત્યાં તો બીજાં કાર્યો વિચારવાની અને કરવાની યોજનાઓ મૂકતા. કેટલાક કહેતા : 'વિદ્યાલયનું પાંચમું ધોરણ બંધ કરો'. તો એ કહેતા : આગળનું છઠ્ઠું ધોરણ ઉઘાડો અને મેટ્રિક પણ કાઢો. આપણે તો અહીં કૉલેજ સ્થાપવી છે. કન્યાઓ માટે એક સુંદર વિદ્યાસંસ્થા ખોલવી છે. મોટા ઉદ્યોગોનાં કારખાનાં કાઢવાં છે, ગૌશાળા અને ખેતીવાડી તો જોઈએ જ, બીજી જ્ઞાતિની બોર્ડિંગો અહીં સ્થપાય એ ઇચ્છવા યોગ્ય છે.' વગેરે વગેરે.

* * *

આવું મોટું કાર્ય હાથ ધરવા છતાં નાણાંનો પ્રશ્ન તેઓએ કોઈ દિવસ આગળ ધર્યો નથી. 'નાણાં નથી માટે અમુક કાર્ય નહિ થઈ શકે' એવી દલીલ એમણે કોઈ દિવસ કરી નથી. ''તમે કામ કરોને ! ! પૈસા તો હું ગમે ત્યાંથી લાવી આપીશ.'' એ એમના શબ્દો હતા, અને ખરેખર ! આ સંસ્થાના ઈતિહાસમાં બન્યું છે પણ એમ જ. હાલનાં સંસ્થાનાં લાખેકનાં મકાનો અને અત્યાર સુધી ખર્ચેલી લાખેકની રકમ અણધારી રીતે પ્રતિવર્ષ સંસ્થાને મળી જ આવી છે. કાર્ય પહેલાં શરૂ થયું છે અને આર્થિક સહાય પછીથી જ આવી છે.

* * *

'નમ્રતા' તો એમને વરેલી જ હતી. ગમે તેટલું મોટું કામ કરવા છતાં તેમની વૃત્તિ હંમેશાં નિરભિમાની જ રહેતી. બીજાનાં અપમાનો અને ઉદ્ધતાઈના કડવા ઘૂંટડા



પી પી તેમણે પોતાનું કાર્ય આગળ જ ચલાવ્યું છે અને તેમને કોઈ દિવસ એમ પણ થયેલું નથી કે, 'હું આ એક મહાન કાર્ય કરી રહ્યો છું' કે 'સમાજની મોટી સેવા કરી રહ્યો છું.' આ એમની નિરભિમાની અને નમ્રવૃત્તિ જ ખરેખર તેમના વિજયની ચાવી હતી.

'ભા'આ વર્ષે દુકાળ પડ્યો છે. ગામડાની સ્થિતિ પૂરી ફી ભરીને છોકરાઓને ભણાવી શકે તેવી નથી. છોકરાઓને તેમજ સંસ્થાને કંઈક વિશેષ મદદ મળે તો જ નભે તેમ છે.' 'ભા' પહોંચે છે શેઠશ્રી મફતલાલ ગગલભાઈ પાસે. 'શેઠ, ખેડૂતનાં બાળકો માટે કંઈક મદદ આપો. દુકાળ પડ્યો છે. ગામડાની સ્થિતિ કફોડી બની ગઈ છે.' શેઠ અને ભા તો લંગોટિયા ભાઈબંધ. શેઠ કહે : 'કેટલી મદદ જોઈએ.' 'મહિને રૂ. ૨૦૦ બસેં.' 'સારું, લઈ જજો; પણ એક જ વર્ષ માટે હો.' - આ એક વર્ષ માટે આપેલી મદદ છેલ્લા દશ વર્ષથી સંસ્થાને મળ્યા જ કરે છે.

* * *

'ભા' બહારગામથી આવે એટલે પાંચ-પચીસ રૂપિયા તેમની ઝોળીમાં લાવ્યા જ હોય. આવી રીતે એક પેટના બાળકની માફક સંસ્થાને પોષનાર એક નરવીર પુણ્યાત્મા ગયા ડિસેમ્બરની તા. ૨૨ ના પ્રભાતે, ઉત્તરાયણના પ્રથમ ચોઘડિયામાં આ જગત છોડી ચાલ્યો ગયો.

પરમાત્મા તેમના અમર આત્માને ચિરંતન શાંતિ અર્પો. અસ્તુ. ૐ શાંતિઃ ।

■ ■ ■

## પ્રકરણ - ૫

# બાપુભાઈ ગામીનો સાધનાપથ
# (ક.પા. વિદ્યાર્થીઆશ્રમથી શ્રી અરવિંદોઆશ્રમ, પાંડિચેરી)

રાજકર્તા શ્રીમંત સયાજીરાવ ગાયકવાડ ત્રીજાનું દીર્ઘાયુ (૧૮૬૩-૧૯૩૯) છોત્તેર વર્ષનું. એમાં એમનુ મહારાજા પદ (૧૮૭૫-૧૯૩૯) ચૌષઠ વર્ષનું. એશિયામાં આવું લાંબુ શાસન અનન્ય ગણાય. રાણી વિક્ટૉરિયાનું શાસન ચૌસઠ વર્ષ ચાલ્યું હતું. સયાજીરાવને પોતાના હસ્તકનું પુખ્તવયી થતા મળેલ શાસન (૧૮૮૧-૧૯૩૯) અઠ્ઠાવન વર્ષનું કહેવાય. આ લાંબો સમય હિંદના યુગપરિવર્તનનો સમય હતો. સયાજીરાવ એક પ્રથમ પ્રકારના રાજવી જ નહિ રાષ્ટ્રવાદી, સુધારક, દીર્ઘદ્રષ્ટા, પ્રગતિશીલવાદી હોવાને કારણે અંગ્રેજ સરકારને કણાની જેમ ખૂંચતા હતા. તેમને સકંજામાં લેવા માટે સખ્ત ચોકીઓ બેસાડી હતી; અરે ૧૯૧૧ના દિલ્હી-દરબાર વખતે તેમને પદભ્રષ્ટ કરવા સુધીના છૂપા પ્રયત્ન અંગ્રેજ અમલદારશાહીએ કર્યા હતા.

સયાજીરાવ, તેમની અપરમાતા જમનાબાઈ, તેમના શિક્ષક મિ. ઈલીઅટ અને દીવાન સર ટી. માધવરાવને સતત યાદ કરતા રહેતા હતા. તેઓ તેમના પૂર્વજોએ કરેલી ભૂલોનું પુનરાવર્તન ક્યારેય ઇચ્છતા નહોતા. આ હેતુ માટે સર ટી.માધવરાવે 'Mirror Hints' નામનું એક ખાસ પુસ્તક લખ્યું. આજે પણ આ પુસ્તક રસપ્રદ અને વાંચવા જેવું છે. દરેક પાર્લામેન્ટના સભ્યે અને પ્રધાને પોતાની કાર્યવાહી શરૂ કરતાં પહેલાં આ પુસ્તક વાંચવું જોઈએ.

ઈ.સ. ૧૮૮૭ પછી સયયાજીરાવ વારંવાર વિલાયતના પ્રવાસે જતા. પરિણામે તેમનામાં મુત્સદ્દીગીરીની - અંગ્રેજોની રીતભાતની અને સારૂં અપનાવવાની - કુશળતા પ્રાપ્ત થઈ. પુસ્તકાલય, કલા, ટેકનોલૉજી, આધુનિક શિક્ષણ, દફતરભંડાર, શિલ્પ સાહિત્ય જેવી પ્રવૃત્તિઓ શરૂ કરી પોતાના રાજ્યને નમૂનેદાર બનાવ્યું.

૧૮૯૩માં એટલે કે સત્તાનાં સુકાનો સંભાળ્યા પછીનાં વર્ષો પછી તેમણે નૈતિક રીતે રાજ્યના માજી દીવાન દાદાભાઈ નવરોજજીને ઘણી મદદ કરી. દાદાભાઈને



ફીન્બરીમાંથી પાર્લામેન્ટ મેમ્બર તરીકે ચૂંટવા માટે મતદારોને લાવવા - લઈ જવા માટે ૨૦ જેટલી ઘોડાગાડીઓ તથા ઘણા ખણખણતા પાઉન્ડ પણ આપ્યા. દાદાભાઈ માંડમાંડ પાંચ વૉટથી જીત્યા.

સયાજીરાવે કાયદાશાસ્ત્રી તરીકેનું સારામાં સારું પ્રમાણપત્ર ક્વીન વિક્ટૉરિયાનું મેળવ્યું હતું. શ્રી સયાજીરાવે લંડનમાંથી સારામાં સારી ઉચ્ચ કક્ષાની તેજસ્વિતા ધરાવતા ભારતીય યુવાનોને શોધી કાઢ્યા અને તેમને પોતાના દીવાન અથવા ઑફિસર તરીકે નિમણૂક કરી આ યાદીમાં ફૂટડો યુવાન પ્રથમ ક્રમે આવતો તે અરવિંદ ઘોષ; નાનપણથી પિતાશ્રીએ અને ભણવા લંડન મૂકી દીધો. બંગાળી પણ આવડે નહિ. I.C.S.ની પરીક્ષામાં નાપાસ થવા કારણે તેમની નસેનસમાં રાષ્ટ્રવાદી લોહી વહેતું હતું. શ્રી આર.સી. દત્ત, ડૉ. બી.આર. આંબેડકર, ગુપ્તા, ટી.માધવરાવ, વી. ટી. કૃષ્ણ આચાર્ય, ડૉ. સુમન મહેતા, મનુભાઈ મહેતા, ગોવિંદભાઈ દેસાઈ, મોતીભાઈ અમીન, ટી. ગજ્જર જેવા અનેક મેળવીએ તો લગભગ ૩૦-૪૦ જેટલા નિષ્ણાતોને પોતાના રાજ્યના પાયાના પથ્થર બનાવ્યા.

૧૮૯૩થી શ્રી અરવિંદે સયાજીરાવના રહસ્ય મંત્રી તરીકે કામ કર્યું ત્યારબાદ વડોદરા કૉલેજ ભવન જે મુંબઇ યુનિ. સાથે જોડાયેલું હતું તેમાં ફ્રેંચ અને અંગ્રેજી વિષયના અધ્યાપક તરીકે કામ કર્યું. આ સમયગાળામાં તેઓ ઘણાના પરિચયમાં આવ્યા.

દેશની આઝાદી માટે નવલોહિયાઓ ફકીરીનું કફન બાંધી મેદાનમાં આવ્યા. રાષ્ટ્રીય વિચારસરણી બે પ્રવાહોમાં વહેંચાઈ. જહાલ અને મવાલ. ૧૯૦૭માં સુરતમાં ભરાયેલ મહાસભાના અધિવેશનમાં આ બે વિચારધારા સ્પષ્ટ દેખાઈ. અરવિંદ ઘોષ લોકમાન્ય ટિળકના પક્ષે હતા.

અરવિંદ ઘોષના ભાઈ બારીન્દ્ર ઘોષ ગુજરાતમાં અવારનવાર આવતા. બંને ભાઈઓ ગુજરાતના ક્રાંતિકારીઓ સાથે જોડાયેલા હતા. ભરૂચ અને ચાણોદકરનાળીમાં બોમ્બ બનાવવાની પ્રવૃત્તિઓ ચાલતી હતી.

શ્રી અરવિંદના યોગગુરુ લેલે હતા. શ્રી સયાજીરાવે વડોદરામાં બ્રિટીશરોના વિરોધી એવા યુવાનોને ભેગા કર્યા. પરિણામે રાજ્યમાં બ્રિટીશ વિરોધી પ્રવૃત્તિએ જોર પકડ્યું. પોલીસ કમિશ્નર ખાસેરાવ જાદવ પણ બ્રિટીશ વિરોધી અને સ્વાતંત્ર્યપ્રેમી હતા. અરવિંદ ઘોષ, તેમના ભાઈ બારીન્દ્ર અને બેરીસ્ટર દેશપાંડે વગેરેની આગેવાની હેઠળ તેમના ક્રાંતિકારી મિત્રોને તેમણે રક્ષણ આપ્યું. રેસીડન્ટ ધૂવાંપૂવાં થઈ ગયા તેમણે ચાંણોદકરનાળીમાં આવેલી રાષ્ટ્રીય શાળા પર મુંબઈથી બોલાવેલી પોલીસ ટુકડીઓ દ્વારા દરોડા પાડ્યા. ત્યાં બોમ્બ બનાવવાની કાર્યવાહી

ચાલતી હતી. લોકમાન્ય ટિળક કે જે આ શાળાના ઈન્સ્પેક્ટર હતા. આ શાળા રેસીડન્ટે બંધ કરી દીધી. ત્રણ શિક્ષકોને છૂટા કર્યા પરંતુ પાંડુરંગ વી.નેનેએ તે ત્રણને મહારાણી જમનાબાઈ શાળામાં ગોઠવી દીધા. તે હતા કાલેલકર, મામા સાહેબ મુકાદમ અને યોગાચાર્ય સ્વામી કુવાલ્યાનંદ.

અલિપુર ષડ્‌યંત્રની ઘટનામાં ક્રાંતિકારીઓને સજા થઈ. અરવિંદ પણ તેમાં જોડાયેલા હતા. ફ્રેંચ કોલોની નીચે આવેલ પોંડિચેરી જઈ તેમને આશ્રમની સ્થાપના કરી. વડોદરા હતા ત્યારે તેઓ 'ઈન્દુપ્રકાશ'માં રાષ્ટ્રવાદના ઉગ્ર લેખો લખતાં તે માટે સયાજીરાવને જરા પણ વાંધો નહોતો. અરવિંદે ૧૯૧૦ પછી યોગનો માર્ગ અપનાવ્યો. કડી અને ગુજરાતના સાધકોને ઘેલું લગાડ્યું.

કડી સંસ્થામાં બાપુભાઈના સમયગાળામાં તા. ૪-૧-૨૬ના રોજ સયાજીરાવ મહારાજા ત્રીજાએ મુલાકાત લીધી હતી. કડીપ્રાંતમાં મુલાકાતે આવેલા મહારાજાને આ સંસ્થાની મુલાકાત લેવાની ઈચ્છા હતી. પણ તેમના અધિકારીઓએ આ સંસ્થા બંડખોર છે તેવી રજૂઆત મહારાજા પાસે કરી અને મુલાકાત બંધ રહી, પણ મહારાજા સવારે ફરવા નીકળ્યા ત્યારે આશ્રમના વિદ્યાર્થીઓની પ્રાર્થનાના સૂર સાંભળતાં ત્યાં પહોંચી ગયા. આશ્રમનું નિરીક્ષણ કર્યું અને રાજીપો વ્યક્ત કર્યો અને કહ્યું : **"તમારી સંસ્થા ઈંગ્લૅન્ડની પબ્લિક સ્કૂલોની જેમ કાર્ય કરી રહી છે. તમારું કાર્ય જોઈ મને સંતોષ થયો છે અને તે દરેક રીતે ઉત્તજેનને પાત્ર છે.**

"ગઈ કાલે રાત્રે મને તમારી સંસ્થા બંડખોર છે તેવું જણાવવામાં આવ્યું અને મેં તમારી સંસ્થાની મુલાકાત રદ કરી હતી. પણ **સવારના ફરવા નીકળ્યો અને મનમાં થયું કે મારે આ બંડખોર સંસ્થા જોવી. મેં બારીકાઈથી બધું જોયું અને લાગે છે કે આને મારા અમલદારો બંડખોર કહેતા હોય તો હું ઈચ્છું કે આવાં બંડ મારા રાજ્યમાં ગામે ગામ થાય. મેં નવસારી, અમરેલીમાં આવી સંસ્થા ઊભી થાય તેવાં સ્વપ્નો સેવ્યાં પણ હું નિષ્ફળ ગયો. અહીં મારું સ્વપ્ન સાકાર થતું જોઉં છું."**

આ ઉપરાંત વડોદરાના અનેક દીવાનો તેમજ અધિકારીઓ, સૂબાઓએ આ સંસ્થાની મુલાકાત લીધી હતી. આ બધા જ મહાનુભાવોએ આ સંસ્થાનાં ભારોભાર વખાણ કરેલાં અને સ્થાપકો તેમજ આચાર્યશ્રી બાપુભાઈને અભિનંદન આપેલાં. ગુજરાતભરમાં આ સંસ્થાને ખ્યાતિ અપાવાનું કામ બાપુભાઈને આભારી હતું. ઈ.સ. ૧૯૨૮થી બાપુભાઈને ઘેલું લાગેલું, યોગ માર્ગે વળેલા પાટણમાં ચંપકલાલ સાધક હતા. તે પાટણમાં અરવિંદ આશ્રમનું સંચાલન કરતા.

*ઈ.સ. ૧૯૨૪થી ૧૯૪૭ સુધીના સમયગાળામાં ઘણા ગુજરાતી સાધકો પોંડિચેરી આશ્રમમાં અરવિંદનાં દર્શને જતા. તેમાં મુખ્ય શ્રી પૂનમચંદ, ચંપકલાલ,*



મહર્ષિ અરવિંદ

પાંડિચેરી



પૂ. માતાજી
અરવિંદ આશ્રમ, પાંડિચેરી



શ્રી નગીનભાઈ, ડૉ. મણિભાઈ ગિરધરલાલ, બેચરભાઈ, અંબુભાઈ, સતુભાઈ, રણછોડભાઈ, સુંદરમ્, પૂજાલાલ, પુરાણી ડાહ્યાભાઈ, બાપુભાઈ ગામી વગેરેને મહત્ત્વના ગણાવી શકાય. ત્યારબાદ છગનભાઈ અને બાપુભાઈના વિદ્યાર્થી શ્રી કલ્યાણભાઈ પોંડિચેરી જતા હતા.

સ્વ. બાપુભાઈ ગામીએ શ્રી અરવિંદ અને માતાજીને પોતાને થયેલા અનુભવોના અનેક પત્રો લખ્યા હતા. તેમના લખાણ ઉપર અરવિંદે જવાબો પણ આપેલા. તેમને અરવિંદનું ઘેલું લગાડનાર શ્રી ગિરધરલાલ મહત્ત્વના સાધક હતા. અને તે અરવિંદ અને માતાજી સાથે બાપુભાઈને જોડવા માટેની સાંકળ સમાન હતા.

### શ્રી અરવિંદો, શ્રીમાતાજી અને સાધકોની પત્રપ્રસાદી

(1)

Mother,

Will you kindly give me leave to read the communication of Sri Aurobindo with the Sathakas, permitted to the sent out.

Again my request for the work to be given to me, stands at its as I am pining for the works done for the Divine.

Mother, I am under your shelter, How long am I to be deprivad of Pranama and Meditation ! How long ! Oh, Mother ! How long !

Your humble child
Bapubhai V. Gami

આ પત્રના જવાબમાં પોંડિચેરી આશ્રમથી માતાજીએ જણાવેલું, 'You can come.'

Sri Aurobindo Ashram
Pondicherry,
(French India)

Bapubhai Gami,

The Mother gives you permition to come for Darshan in November. But it may not be possible to give a room in the Ashram. There is not much accomodation required.

Nalini Kantto

(2)

Mother,

I leave it to you to give me any kind of work at any hour of the day. I will suit to it.

Can I copy down for my own personal use, the English translation of "Mother's Prayers", which is with one of the Sathakas.

(Yes)

Will you kindly permit me to copy down some of the communications of Sri Aurbindo !

(Yes)

3rd Nov. 35 — Your Humble Child
Saturday — Bapubhai V. Gami

(3)

પોંડિચેરી
શ્રી અરવિન્દાશ્રમ
તા. ૨૨-૯-૩૫

રા.રા.ભાઈશ્રી બાપુભાઈ,

આપનો પત્ર આજે મળ્યો. તેની સાથે રા.રા ભાઈ શ્રી પુરાણીજી તરફથી આપને નવેમ્બરના દર્શન વખતે માતાજીએ કૃપા કરી દર્શનની રજા આપી છે તે પણ સમાચાર જાણી આનંદ થયો છે.

રા.રા. ભાઈશ્રી ડાહ્યાભાઈ તરફના પત્રમાં તમારા સંબંધે સમાચાર વાંચ્યા હતા.

તમારે માટે આશ્રમમાં રહેવાની ગોઠવણ થઈ શકે તેમ નથી. તમારે માટે આશ્રમની બહાર ગોઠવણ થઈ શકશે. ફિકર કરવાની જરૂર નથી. ભાઈ ડાહ્યાભાઈ અત્રે આવે છે ત્યારે ત્યાં રહે છે તે મકાન આશ્રમથી તદ્દન નજીક છે. ત્યાં તે રૂમમાં તમારે રહેવાની ઇચ્છા હશે તો તમારો પત્ર આવ્યા બાદ તે મકાનના માલિકને મળીને નક્કી કરી રાખીશું અને તમોને ખબર આપીશું.

જમવા માટે આશ્રમમાં જમવાની તમારી ઇચ્છા હશે તો માતાજીની રજા મેળવી શકાશે જ. દરરોજના ભોજન ખર્ચના આશરે ૧૦ આના ઓછામાં ઓછા હોય છે.



તમોને જાતે રસોઈ બનાવવાની ઇચ્છા હોય અને સમય મેળવી શકો તો સ્ટવ સાથે લાવશો. બીજી જરૂરી વસ્તુઓ પણ જોઈશે. પણ કડાકૂટ બહુ થશે.

અત્રે મચ્છર છે તેથી મચ્છરદાની જરૂર લાગે તો લેતા આવશો.

સૌ વાતે માતાની કૃપાએ સૌ સારાંવાનાં થશે જ.

તા. ૨૪મીનાં દર્શન છે ત્યારબાદ જો તમોને સગવડ હોય તો તા. ૪-૫ સુધી અગર છેવટે તા. ૧લી સુધી રહેવાય તો ઠીક પડશે....

આશ્રમની બહાર પંદર મિનિટ દૂર શહેરમાં વીશીઓ છે. ત્યાં રહેવા જમવાની બન્ને ગોઠવણ હોય છે. ખર્ચ પણ ઓછો આવે છે. તમારી જ્યાં ઇચ્છા હશે ત્યાં વ્યવસ્થા કરી શકાશે.....

લિ. બેચરભાઈના અંતરનાં ભગવત્ સ્મરણો

(4)

સર્વવિદ્યાલય, કડી
તા. ૨૦-૧૨-૩૫

શ્રી ગિરધરલાલ

Now appearing, now disappearing
Who is This calling me from a far ?
Now noisy, now quiet
Who is this knocking at my gate ?
I see him running
I see him passing
Behind the trees
Under the bough
In the Valleys
On the hills
In the smiles
Amid the tears
It is He; It is He whom I have known from times eternal.
(સુંદર છે. બધી દિલની વાત આવી સુંદર જ હોય છે.)

ગિરધરલાલભાઈ,

પત્રદર્શનની આશા રાખેલી. અંજારિયા ઉપરના પત્રથી જાણ્યું કે મારો પત્ર તમને મળ્યો છે. આ સાથે ફ્રેટવર્કના કેટલાક નમૂનાઓ મોકલું છું. હું ધન્ય છું કે તે તમને પસંદ પડશે. છાત્રાલય સંમેલનનું પ્રમુખપદ સ્વીકાર્યું છે તા. ૨૯-૩૦ ના દિવસોએ સંમેલન છે. હમણાંનો એના ચિંતનમાં સમય જાય છે.

(બીજું શું થાય ?)

શ્રી અરવિંદની દૃષ્ટિ અને માતાજીનો ચહેરો યાદ જ આવ્યા કરે છે. અને કોઈ પણ કામ કરતી વખતે જ્યારે તાર તૂટી જાય છે ત્યારે મન ઘણું જ ખિન્ન અને વ્યાકુળ બની જાય છે.

(એ પણ સૌ સાચા દિલને એમ જ બને.)

નોંધ : ક્યારેક ગિરધરલાલ બાપુભાઈના પત્રમાં જ જવાબ લખી મોકલતા.

Mother,

I request yout to favour me with an interview on any day during my stay here till 26th November.

(Comment by Girdharilal : The Mother will see if it is possible. At present there is no time.)

I crave for your blessings to the humble work in which I am engaged.

Your humble and
loving child

11th November, 1936 **Bapubhai V. Gami**

(5)

Sri Aurobindo Ashram
Pondichery
11-1-36

બાપુભાઈ,

ચિડાયા છો ? હું માનતો નથી કે એવી દુર્બળતા સંઘરવાનો તમને શોખ હોય.

તમારા બન્ને પત્રો તા. ૨૪-૧૨-૩૫નો 'ગૃહપતિ અને માનસશાસ્ત્ર'ના લેખ સાથે જુદો બીડેલો - મળ્યા છે.



તમારા બન્ને પત્રો તા. ૨૪-૧૨-૩૫નો ફ્રેટ વર્કના નમૂનાઓના નાના પાર્સલ ભેગો મૂકેલો તથા તા. ૨૭-૧૨-૩૫નો 'ગૃહપતિ અને માનસશાસ્ત્ર'ના લેખ સાથે જુદો બીડેલો - મળ્યા છે.

'ગૃહપતિ અને માનસશાસ્ત્ર'નો લેખ તથા તે સાથે તમારો તેમના શ્રી અરવિંદના પર લખેલો પત્ર મેં તેમને મળતાં જ શ્રી અરવિંદ ચરણે ધરી દીધા હતા. શ્રી અરવિંદે તેમાંથી કશું પાછું વાળ્યું નથી.

તમે મારી પાસે શું બોલાવવા માગો છો ? હું અહીં તમે હતા ત્યારે મેં બોલવાનું બાકી રાખ્યું છે ? એક ફેરા કહેલી વાત ફરી ફરી કહીશ તો રસ શો આવશે ?

આ યોગ અઘરો છે. પૂર્ણ મરદોનો છે. શ્રી અરવિંદ અને માતાજી પ્રકટ ના થયાં હોત તો આપણા જેવાના ગજા બહારની વાત છે. આ વાત મારે રૂંવાડે રૂંવાડે લખાઈ ગઈ છે અને તે મેં તમને અનેકવાર કહી છે. છતાં, શ્રી અરવિંદનું જે સાચા ભાવે પૂર્ણ શરણું સ્વીકારવા તૈયાર થશે તેને તે અણકલ્પ્યા સાક્ષાત્કારો કરાવશે જ એ બીજી વાત પણ મારે રૂંવાડે રૂંવાડે ભભકભર્યા રંગે લખાયેલી છે.

તમે આ યોગનાં ફળ ચાખવા માગતા હશો તો તમારે માટે હવે કપરા દિવસો (એક રીતે) શરૂ થયા છે એમ સમજો. મરદ હો તો લડાઈથી ભાગવાના વિચારોનો ધ્વંસ કરજો અને સમજજો કે પીડા વ્હોરી છે તે હાથે કરીને - પીડામાંથી સસ્તી રીતે છૂટવા નહિ પણ પીડાને અંતે બ્રહ્મ વર્ચસ્વ પામવા.

સંસારી વાતાવરણમાં રહી સાધના કરવી એક રીતે કઠણ કામ છે એ વાત સાચી છે. છતાં જ્યાં સુધી એમ કરવાની જરૂર હોય ત્યાં સુધી એમ કર્યા વિના છૂટકો નથી. સાધના એ એક સરલ વસ્તુ નથી. બહુ Complex છે. જુદા જુદા planes પર જુદી જુદી પ્રકૃતિ માટે એના જુદા જુદા plastic નિયમો છે. એ વિષય ગૂઢ છે અને કૂટ પણ છે. છતાં, શ્રી અરવિંદનું શરણું સ્વીકારનારને એના નિયમોની માનસિક સમજણની માથાકૂટમાં પડવાની જરૂર નથી. તેમ કર્યા વગર શ્રી અરવિંદ કૃપાએ આપણે આગળ વધી શકીશું એ વાત ચોક્કસ.

ઊલટું તો મારા અનુભવથી એમ લાગે છે કે સાધના કરતાં કરતાં આપણે નિયમો સમજી શકીશું ત્યારે જ ખરી મજા આવશે.

હું ધારું છું કે તમારા તા.૨૪-૧૨-૩૫ના પત્રનો જવાબ તો મેં તા. ૨૭-૧૨-૩૫ને દિવસે આપ્યો હતો.

મને એમ ને એમ પત્ર લખતાં નથી આવડતા. તમે સીધો પ્રશ્ન પૂછશો તો જવાબ આપવા પ્રયત્ન કરીશ.

I think, you will agree with me that you are not a child who is in need of a lecture from me.

I am sure your sincerity will give you the strength for the necessary victories.

- ગિરધરલાલ

(6)

Sri Aurobindo Ashram
Pondichery
18-2-36

બાપુભાઈ,

તમારો તા. ૯-૨-૩૬નો પત્ર મને તા. ૧૩મીએ મળ્યો હતો. તેનો જવાબ મોડો આપું છું. કારણ કે તમને તમારા સ્વપ્નનો અર્થ જાણવાની ઈચ્છા હતી અને તા. ૫મી ફેબ્રુઆરીથી માર્ચની ૫મી સુધી એક મહિના માટે બધું correspondense બંધ કરવાની નોટિસ છે.

છતાં, મારા એક વધારે અગત્યના પત્ર ભેગો તમારો પત્ર પણ મેં એક વખત સરકાવી દીધો. અને અરવિંદે જવાબ આપ્યો : One of the many scenes one sees in the vited world. It does not seem to be symbolic and has therefore no special significance.

તમારો **'સૌન્દર્ય-કળા-મીમાંસા'** નામનો લેખ મેં વાંચ્યો છે. મને તે સારો લાગ્યો છે. પણ હું જાણું છું કે સાધનાને માટે શ્રી અરવિંદ એ લેખ વાંચી જાય એમાં ખાસ ફાયદો નથી અને આપણે જો આપણું બધું લખાણ એમને વંચાવવાના Temptationsમાંથી મુક્ત થઈએ તો એમને ઘણી રાહત આપી શકીએ. Sri Aurobindo તમારો પત્ર કે essay પાછો વાળશે એવી મને આશા જ નહોતી. કારણ કે હું જાણું છું કે એ ઘણે મોટે ભાગે નથી જ વાળતા. એમણે તમારો પત્ર કે essay પાછો નથી વાળ્યો. (પણ એનો અર્થ એવો નથી થતો કે તમારો ભાવ એમને નથી પહોંચ્યો અગર એ ભાવનો એમણે તમને જવાબ નથી આપ્યો. હા, ન્યારા દેવ; એમની રીત માનવબુદ્ધિ માટે ન્યારી તો ખરી જ.)

જે કાંઈ થાય, જે કંઈ અનુભવાય, તે સર્વ માટે તમારી આજની સ્થિતિમાં તો ખાસ કરીને હું ધારું છું કે Remember and Offer એથી રૂડો ઉપાય બીજો સંભવતો જ નથી.

- ગિરધરલાલ



(7)

Sri Aurobindo Ashram
Pondichery
27-2-36

બાપુભાઈ,

આ સાથે તા. ૨૧મીના પ્રસાદની પાંદડીઓ છે.........

તમને પોંડિચેરીનાં, માતાજીનાં અને શ્રી પ્રભુનાં, પ્રતિક્ષણ સ્મરણ થાય એ સ્વાભાવિક છે. એમાં જ તમારું કલ્યાણ છે. એ જ તમારું મહાધન છે.

અનુભવ અને શાબ્દિક શિક્ષાવચનમાં ફેર એ જ છે કે અનુભવ પછી માણસ અજીત થાય છે. કોઈ પણ તર્કશ્રેણી એવા પુરુષને મહાત કરી શકતી નથી. માટે જે સર્વ સાચા પુરુષો કોઈને ઉતાવળા જ્ઞાની બનાવી દેવાના મિથ્યા મોહમાં ફસાતા નથી. શિષ્યને અનુભવ કરી લેવા દે છે. તમે અનુભવે સમજી લેશો કે સર્વવિદ્યાલય જેવી સંસ્થાઓને જગતની રીતે શુદ્ધિ દ્વારા શ્રી અરવિંદ પ્રભુ જગતનો ઉદ્ધાર કરવાની હોશ નથી રાખતા. એમની દૈવી દાનત તો Outright radical change of consciousness (થાગડથીગડ માનવ પ્રયત્નથી મંડાતાં થીગડાં નહીં)થી એક સમર્થ નૂતન પ્રજા સર્જવાની છે ત્યારે સર્વ વિદ્યાલયને સરસ - અતિસરસ માનવસુલભ, માનવબુદ્ધિગમ્ય પ્રભુમય વાતાવરણથી માનવ પ્રયત્ન વડે છલકાતી કરી મૂકવાની તમારી આજની હોંશ મરી પરવારશે. તમારી જગત પ્રતિ જે કંઈ આસક્તિ રહી હશે બળાત્કારે નહિ, અપક્વસ્થિતિમાં નહિ, પણ જ્ઞાનદષ્ટિ ખૂલવાથી યથોચિત સમયે મરી પરવારશે અને તેની રાખમાંથી એક દૈવી હોંશ જનમશે અને તમે One-pointed સાધના કરી લક્ષ્ય સાધવા પૂર્ણ કટિબદ્ધ થશો. **એક દિવસ તમારો સર્વવિદ્યાલયનો અર્ધ દૈવી મોહ તૂટી જશે. આ મારી ભવિષ્યવાણી છે.**

- ગિરધરલાલ

(8)

29-2-36

Sir Aurobindo,

I send this that Bapubhai has sent to me with a note : "If you think it at all necessary and proper you may send them to the Mother. I know the danger of tempation. What you send in your last letter is very true to the word."

May I know it sending such things whenever he does so is always necessary and proper ?

**- Girdharlal**

(9)

સર્વવિદ્યાલય - કડી
11-3-36
4 pm

Sri Aurobindo,
This is from Bapubhai gami

**- Girdharlal**

(કવિતા બાપુભાઈએ શ્રી અરવિંદને જે કવિતા પર ગિરધરલાલે ઉપરોક્ત નોંધ મૂકી છે જે પાછળ છાપી છે મોકલી હતી.)

(10)

Sri Aurobindo Ashram
Pondicherry
15-3-36

બાપુભાઈ,

તમારા બે પત્રો તા. ૨૪-૨-૩૬નો તથા ૧૧-૩-૩૬નો તથા ફ્રેટવર્કના નમૂના - Good luck Sri Aurobindo અને A small looking glass બરાબર વખતસર મળ્યા હતા.

**ગયા માસની ૨૨મીની મધરાતનું લખાણ મેં શ્રી અરવિંદ પર તા. ૨૯-૨-૩૬ને દિવસે એક ચિટ્ઠી સાથે મોકલ્યું હતું.** તે ચિઠ્ઠી તથા તેની નીચે હાંસિયામાં તેમનો પેન્સિલમાં જવાબ છે. તે આ પત્ર સાથે મોકલું છું. તેમના અક્ષર સ્પષ્ટ છે છતાં હું તેને અહીં ફરીથી લખું છું.

"You can send if he wants you to do so. I have looked through it."

આ વખતનો પત્ર પણ ઉપર મોકલ્યો હતો. તેમણે વાંચીને પાછો મોકલાવી દીધો છે.... ગામી બ્રધર્શને તમારા બચ્ચાંને પૂછી જોજો કે એ મને ફ્રેટવર્કના નમૂના મોકલે છે તે બદલ હું તેમનું શું કામ કરું તો તેઓ રાજી થાય. એમને કહેજો કે એમના ભાવની કિંમત આંકવાનું મારામાં ગજુ નથી. એમને કહેજો



કે જ્યાં સુધી એમણે મોકલેલા નાનકડા શ્રી અરવિંદ મારા ટેબલ પર રહેશે ત્યાં સુધી હું તેમને ભૂલવા મથીશ તોયે તેઓ મારાથી ભુલાશે નહિ. એક રીતે તેઓ બહુ સસ્તી કિંમતમાં મારા ઘરમાં ઘૂસી ગયા છે. બડા કારીગર લાગે છે. Basis of yoga બહાર નથી પડ્યું. પડશે ત્યારે મોકલીશ. અહીં મારી પાસે પૈસા ડિપોઝીટ મૂકવાની કંઈ જરૂર નથી. પૈસાને અભાવે મારું કોઈ કામ સહરાના રણમાંય અટકી પડવાનું નથી.

આ સાથે મારી કવિતા ઉતારી મોકલું છું, તેની ફૂસ્કેપ કાગળ પર ટાઈપ નકલ કાઢી બને તો મને પણ મોકલી આપશો.

- ગિરધરલાલ

(11)

Sri Aurobindo Ashram
Pondicherry
4-4-36

બાપુભાઈ,

તમારો પત્ર મારી ચાર કવિતાની ટાઈપ નકલ તથા તમારી કવિતાઓ બધું વખતસર મળ્યું હતું. તમારાં કાવ્યો ઉપર માતાજી પર મોકલી આપ્યાં હતાં.

તમે નવેમ્બરમાં અહીં આવી ગયા ત્યાર પછી ફક્ત એક જ નાનો Message ! 24th Feb' 36 તે દિવસે બહાર મૂક્યો હતો. તેની નકલ કરી આજ્ઞાર્થ એક જુદા પાના પર મોકલાવું છું.

તમે જોયા કરો દૃઢ નિશ્ચયપૂર્વક અને શ્રદ્ધા સાથે આંતર-તપસ્યાનો અભ્યાસ કરો. ઘડીવાર દુનિયાની ફિકર છોડી દો - એક ફેરો દુનિયાની સાચી ફિકર કરવા લાયક બની જાય - પછી જોઈ લેવાશે. આપણે બે જોડાજોડ ખભેખભા અડાડીને પાતાળનાય પેટમાં, દુનિયા ગરકી ગઈ હશે તો ત્યાંથી પણ, તેને ઉપર ઊંચકી લાવવા ઝંપલાવીશું. સાચો સત્ય - આ ઠંડા પહોરનું ગપ્પું નથી મારતો. બાપુભાઈ, પ્રભુની ઈચ્છા હોય, તેની અનુમતિ હોય, તો જે કરવાની દાનત છે તેવી દિલની વાત - કહું છું - પણ બાપુભાઈ, બધું પછી, હમણાં કશું નહિ. પ્રયત્ન કરવા છે. પણ તે સફળ - ફાંફા મારીને પ્રયત્ન કર્યાની લોકખ્યાતિ મેળવી જીવનની ઈતિ એટલામાં થઈ જવા નથી દેવી.

માટે બાપુભાઈ મને તો લાગે છે કે આપણું પહેલું અને બધી બાજુએ વિચારનાં શાણું કર્તવ્ય એ જ છે કે આપણે આપણા Whole beingને સૌથી પ્રથમ ચિત્તધન,

આનંદઘન, જ્ઞાનઘન બનાવી દેવું. તે થાય નહિ ત્યાં સુધી બીજા કશામાં એવી રીતે હાથ ન ઘાલવો કે જેથી એની સિદ્ધિ આગળ ઠેલાય. એ થશે ત્યારે શું કરીશું એનો પણ આજથી જડ વિચાર ન કરવો.

તમે ફિકર કરો છો કે મોટા મોટ વિદ્વાન લોકનાયકો પોતાના કુંડાળાની બહાર હજુપણ પગ મૂકવા રાજી કેમ નથી ! ટૂંકો જવાબ આપું ?

They have not discovered their real-selves.

મારી કવિતાઓની પહેલી ચોપડીમાંથી ૧૩મી કવિતા વાંચજો.

ઠીક. અત્યારે તો રજા લઉં છું.

સાધનાનો રસ્તો સહેલો નથી જ. સહેલો કેમ કરીને હોઈ શકે એ મારાથી તો સમજાતું જ નથી. એ વીરનો માર્ગ છે. એમાં શક જ નથી. એના અંત સુધી જઈએ તો જે સિદ્ધિ મળવાની છે એના વિશે આજે વાત કે કલ્પના કરવામાં વખત ન ખોઈએ એમાં જ ડહાપણ છે. રોજરોજનો પાઠ કરીએ છે બસ.

- ગિરધરલાલ

(12)

Sri Aurobindo Ashram
Pondicherry
1-6-36

બાપુભાઈ,

તમારો તા. ૭-૪-૩૬નો પત્ર મળ્યો હતો. ત્યાર પછી પત્ર લખવા જેવું ખાસ કંઈ હતું નહિ, એટલે તમે યાદ આવતા છતાં તમને પત્ર લખ્યો નથી.

હવે તમારા કાવ્યોનું કેમ ચાલે છે ? તમારાં કાવ્યોની મેં ઓછી કીંમત આંકી છે એવું તમને લખ્યું હોય એમ મને વહેમ જાય છે. જો એમ હોય તો એ ખ્યાલ કાઢી નાંખજો. તમારાં કાવ્યો મને ગમ્યાં છે. સરસ છે. મેં એની સ્તુતિ કરતા શબ્દો તમારા પત્રમાં કોઈ દિવસ નથી લખ્યા એનું એક કારણ મારી પ્રકૃતિમાં સ્તુતિ આ પ્રકટ રીતે કરવાની અને ફટકા પ્રકટ રીતે લગાવવાની ખોડ છે. અને શું થાય, તમે સંબંધ બાંધ્યો તો ખોડ વેઠી જ લેવી પડે ને !

**તમારાં કાવ્યો સરસ લાગ્યાં છે.**

પણ મેં એક દિવસ નીચેના ચાર શબ્દો મારી ચોપડીમાં નોંધી લીધા છે. અનુભવ કહે છે કે આજની ગીનીઓએ ભર્યા ખિસ્સાં કાલે હીરાએ ભરવા માટે ખાલી કરવાં



પડશે. માટે સાધક, સાવધાન. ગમે તેવા જબરા અનુભવ પર પણ લટ્ટુ ના બનતો. લટ્ટુ બનાય તો જાણ કે તારો કોઈક ભાગ હજુ અતિશય કાચો છે.

સાધક તું માનીશુ ! સાધનાને અંતે તેને શેની પ્રાપ્તિ થશે તે તું અત્યારથી જાણું તો રખડીને મરી જાઉં.

આ ચાર લીટીઓ મારી ચોપડીમાં નોંધાયેલી પડી છે. એ તો ઠીક. પણ મારા જીવનપટમાં સજ્જડ તારે વણાઈ પણ ગઈ છે. એટલે પ્રત્યેક વસ્તુ તરફનું મારું દૃષ્ટિબિંદુ એ પ્રકારે રંગાયેલું રહે એ વાત તમે સમજી શકો તેવી છે.

આ કારણથી આ આશાભર્યા અનુભવના જોર ઉપર, સાધનાને અંગે ગીની કવિતાને ટપી જતું જવાહર તમને પ્રાપ્ત થશે જ એવી આશાએ રોજ રોજ તમારા પગલેપગલાંના વિજય પર પ્રશસ્તિ ગાઈ થાકી જવાનો રસ્તો લેવાનું મેં માંડી વાળેલું. તમને મારી વાતમાં ડહાપણ લાગશે અને અત્યાર અગાઉ જો ખોટું લાગ્યું હોય તો માફ કરશો જ.

- ગિરધરલાલ

(13)

Sri Arurobindo Ashram
Pondicherry
24-6-36

બાપુભાઈ,

તમારો તા. ૧૪મીનો પત્ર વખતસર મળ્યો હતો. તે વાંચી બધી બીનાથી વાકેફ થયો છું. આજે બુકપોસ્ટથી Basic of yoga ની એક નકલ મોકલાવું છું. એ વાંચશો એટલે એમાંથી ઘણું મળી રહેશે. એ પુસ્તકોમાંથી તમને જે મળશે તેના કરતાં વિશેષ મારી પાસે કશું નથી, છતાં હું સમજું છું કે પત્રસમાગમનો એક પ્રકારનો આનંદ અને એક પ્રકારની જરૂર પણ છે તેથી અવારનવાર પત્ર લખું છું. મેં તમને લખ્યું હતું કે, તમારો દૈવી મોહ પણ નાશ પામશે. એ એવું તો સત્ય છે કે જે આ માર્ગ પર આ ભાઈ સાચા દિલથી ચઢવા માગે છે એથી ખાતરી થાય તો ગમે તેને માટે કહી શકાય. તમારા અંતરમાં, જે થાય તે ખરી, ઉચ્ચ જીવન પૂરી કીમત ભરીને ચાખવાની તમન્ના લાગી છે એટલું મને દેખાયું એટલે દાખલો છોડવો સહેલો થઈ પડ્યો. મુદ્દલ રકમ જાણી વ્યાજનો દર જાણ્યો, મુદ્દત જાણી પછી વ્યાજમુદ્દલ કહેતાં કેટલી વાર ?

આપણાં બૈરાંઓ કેટલીકવાર છોકરાંઓને (અંગ્રેજી ભણતર ભણતાં) રાત દહાડો લેસન લેસન કરતાં દેખી કહે છે કે બા આ તો ભીના ઘઉં દળવાથી વધારે અઘરું કામ છે. ખરેખર એમનું કહેવું સાવ ખોટું નથી. એ વસ્તુસ્થિતિનું જે સ્થૂલ દર્શન કરે છે તેનું એ સચોટ ધ્યાન છે પણ બાપુભાઈસાહેબ તમારા જેવા હેડમાસ્તર જ્યારે યોગ કરવા બેસે છે ત્યારે તમે જે કામ માથે લો છો તેની આગળ ભીના ઘઉં દળવાનું કામ તો ફૂસ લાગે છે. સગાળશાને ચેલૈયા કુંવરની વાતમાં આવે છે કે મારા પોતાના છોકરાનું માંસ રાજીખુશીથી રાંધવું એના જેવું આ કામ છે. પોતે પ્યાર કરીને ઉછેરેલી પોતાની જૂની જાત સ્વહસ્તે રાજીખુશીથી આંખમાંથી આંસુ ન સરે એવી કપરી શરત પાળીને દેવાયસ્વાહા કરીને હોમવાની છે. આપણે સગાળશા થવાનું છે. અને આપણા ચેલૈયાકુંવરો preferences of mind અને લાંબુલચ - નું આખું લશ્કર - હસતે મોઢે હોમી દઈ દિવ્ય અતિથિદેવને સત્કારવાના છે.

એક સગાળશા આગળ દુનિયાભરના ગ્રેજ્યુએટોનો શો મુકાબલો ? લક્ષાવધિ પતંગિયાંના તેજથી અંજાઈએ, મૂરખ હોઈએ ત્યાં સુધી. સૂરજ દીઠા પછી વાત જુદી.

તમારા નસીબમાં સગાળશા થવાનું લખ્યું છે. તમારા નસીબમાં તે ભવ્ય બિરુદ પેદા કરવા માટે વેઠવી પડતી હાડમારીઓ લખી છે. પણ એકેક હાડમારીમાંથી નીકળ્યા પછી આપણને સમજાય છે કે હીરાને પહેલ પડી ગઈ.

આ યોગમાર્ગ સૌ લલ્લુભાઈને માટે નથી. જેનેતેને એને માટે નોતરાં નથી. આ માર્ગ અઘરો છે. જે આવો તે સમજીને આવજો. દધીચિએ હાડકાં કાઢી આપ્યાં એમ હાડકાં કાઢી આપવાની તૈયારી હોય તેવા જ આ યોગ માટે સૌથી વધારે લાયકાત ધરાવે છે. As long as the lower nature is active પુરુષાર્થ તો કરવો જ પડશે. કપરી તપસ્યા માથે છે જ. પણ અંતે ભાઈ, સૌ બદલો વળી જશે. કોઈ વાતના ઉમેદ થવું નહિ. કાછડો માર્યો છે તે હવે છોડશો નહિ. તમારો વિજય નિશ્ચય થવાનો જ છે.

ભાઈ રણછોડ નાપાસ થયો છે. મેં એને પત્ર લખ્યો છે, પણ હવે એને માટે કશું કરવાનું રહેતું નથી.

તમે, પૈસા મનીઓર્ડરથી મોકલી આપું છું એમ તમારા પત્રમાં લખ્યું છે. જો તમે તે મુજબ મોકલ્યા હોય તોપણ, તે હજુ સુધી મળ્યા નથી તે સાધારણ જાણ માટે લખું છું. એ જ.

**લિ. ગિરધરલાલ**



(14)

Sri Aurobindo Ashram
Pondicherry
21-7-36

બાપુભાઈ,

તા. ૮-૭-૩૬નો પત્ર મળ્યો હતો. દશ રૂપીઆનો મનીઓર્ડર મળ્યો હતો. પહેલાં તો પાંચ રૂપીઆનો મનીઓર્ડર પણ મળ્યો હતો. મેં છગનભાઈ માટે Basic of Yoga બીજી વખત મોકલ્યું તે મળ્યું હશે.

તમારાં આ વખતનાં કાવ્યો મેં વાંચ્યાં હતાં અને પછી ઉપર મોકલાવી દીધાં છે. બાપાજીની પાસે બાપાજીને રાખ્યા છે. બાપાજીને હું મારા તરફથી ભેટ મોકલું છું.

સત્ય શબ્દ રોજ સૌને કાને કુટાય છે.

મંદિરોમાં પૂજારીઓ પૂજા રોજ બહુ ઠાઠથી કરે છે. પણ બોડાણા સાથે દ્વારકાધીશ ડાકોર નાસી વળ્યા ત્યારે જ સમજાયું. કેવળ મૂર્તિપૂજાની કિંમત સવાવાલ.

એમ પણ સત્યનો કોઈ અહેતુક પૂજારી પ્રકટશે ત્યારે સત્ય શબ્દની ઘોંઘાટભરી પૂજાની કિંમત અંકાઈ જશે.

એક નહિ બે નહિ, ત્રણ નહિ, સાડી ત્રણસો તોપ ફૂટે ને કોઈ કહે મેં તો કંઈ અવાજ સાંભળ્યો નહિ તો એની બહેરાશનો શો ઇલાજ !

એમ જ એક નહિ, બે નહિ, લાખ પુરાવાથી સાબિત કરી શકાય કે જગતને દુઃખ નિર્મુક્ત કરવાનું વધારેમાં વધારે સામર્થ્ય છે : માત્ર દિવ્યકર્મ આદરતા રહો. શતશરદ જીવવા માગતા બ્રહ્મજ્ઞાની ઋષિવરોમાં છતાં કોઈ શાણપણના અવતાર વદે : ''ના એમ ના હોય'' તો એના અંધાપાનો જોટો જડવો મુશ્કેલ છે.

પ્રજા જીવતી હોય તો આવા ખડુઓને પેટપૂરતું જીવતદાન આપી વેળા કાઢે.

જે પ્રજામાં ઇતિહાસ દુંદુભિના ગગનભેદી અનુભવઅવાજ નહિં સાંભળી શકતા બહેરાઓ અને પ્રત્યક્ષ પુરાવાને અવગણનારા આંધળાઓની સંખ્યા જેટલી ઓછી તેટલી તે પ્રજા જીવતી.

કોઈ માયકાંગલો પણ ભોંયશીંગના દાણાની બે ફાડ જેમ રમતમાં કરી દે તેમ પ્રચંડશક્તિમાન જરાસંઘ જેવાની જાંઘ ચીરી નાખનાર ભીમનાં પરાક્રમ ભારતવર્ષમાં જ નહિ ગવાય. બુદ્ધિ અને હૃદય મરી પરવાર્યાં નહીં હોય ત્યાં સર્વત્ર ગવાશે.

પણ ભીમ એ નર-પરાક્રમનો ઉત્તમ નમૂનો નથી. એથીયે ઉત્તમ પરાક્રમ દાખવી ગયા છે વેદકાળના ઋષિઓ અને ગીતાના ગાનાર શ્રીકૃષ્ણ જેવા નરપુંગવો.

કાળની જાંઘ ચીરી ઉત્તર દક્ષિણ...

કોઈ એક બોઘાભાઈને પકડી એમને ગળે અપ-ટુ-ડેટ મશીનરીવાળી પાંચ સાત મિલ વળગાડો અને કહો, કે લો આની વ્યવસ્થા કરો, અંબાલાલ સારાભાઈની સરસાઈ કરો. અંબાલાલ શેઠ કરતાં સવાઈ મશીનરી, હવે સવાયાં કામ કરો. તો સવાઈ મશીનરી વડે બોઘાભાઈ પોતાના નામના ડંકા ગજવશે ખરા કે?

બોઘાભાઈ અંબાલાલ શેઠને એમ આંટી જાય તો ઉત્તમ અને કનિષ્ઠમાં ભેદ શો? સંસ્કાર, બુદ્ધિ વિકાસ, કારીગરી, ઝીણવટ આદિની કિંમત શું?

બોઘાભાઈ તે બોઘાભાઈ રૂપે જ પ્રશવવાના. અંબાલાલના નામના ડંકા વાગ્યા ને વાગતા રહે એમ લાગે છે. બોઘાભાઈની નગરી પહેલેથી જ ખોખરી બોલે છે એટલે એની રાખ ગંગામાં પધરાવવાનો વખત ક્યારે આવશે એનું શું કહેવાય?

(15)

Sri Aurobindo Ashram
Pondicherry
17-8-36

બાપુભાઈ,

**તમારો પત્ર તથા કવિતા મળ્યાં હતાં. કવિતા ૧૫મીને દિવસે શ્રી અરવિંદ પર મોકલી દીધી છે.** દર્શન નિમિત્તનો પ્રસાદ આ સાથે મોકલાવું છું.

ડાહ્યાભાઈને તમારી કવિતા તથા પત્ર વંચાવ્યાં હતાં. બેચરભાઈ, અંબુભાઈ, અંબાલાલ સંતુભાઈને યથાયોગ્ય કહ્યા છે. અંબુભાઈ પુરાણી તમને દરેક વખતે પ્રણામ કહેવડાવે છે, પણ હું એ લખવાનું ઘણી વખત ભૂલી જાઉં છું.

(16)

Sri Aurobindo Ashram
Pondicherry
11-9-36

Bapubhai V. Gami

Sri Aurbindo and the Mother grant you Permition to come for darshan, but stay in the Ashram will not be possible you can ofcourse, have Ashram food at the usual charge. (10 annas per day)

**Nolini Kante Gupte**



(17)

સર્વવિદ્યાલય, કડી
૬-૧૨-૩૬

શ્રી ગિરધરલાલ,

આનંદમાં હશો. આ વખતે ત્યાં આશા હતી તેવી મજા ન આવી. તેનું કારણ તમારાથી અજાણ્યું નથી.

દિવસે દિવસે અનુભવપૂર્વક પ્રતીતિ થતી જાય છે કે આ પાણી વલોવે કંઈ નીકળવાનું નથી. છીછરી પ્રવૃત્તિઓથી મજલો કપાવાની નથી. હવે તો કંઈ કાયમી, સાધના માટે અનુકૂળતા મળે એ માટે આત્મા ઝંખી રહ્યો છે. ઈશ્વરની ઇચ્છા હશે તો આપોઆપ અનુકૂળ સંજોગો સાંપડતા જશે.

'Radhai prayer' પ્રાઈવેટ સર્ક્યુલેશન માટે મારો છપાવવાનો વિચાર છે. તેમાં તમારો શો અભિપ્રાય છે? 'મધર'ને પૂછી જોશો. એમની સંમતિ હોય તો ખાસ મોટા ટાઈપે સુશોભિત રીતે તેની કેટલીક નકલો કઢાવું. મેં મારા માટે તો હાથેથી લખાવી ફ્રેમમાં ચઢાવવાનો વિચાર રાખ્યો છે. લખાણ તૈયાર થઈ ગયું છે. બે ડઝન અગરબત્તીઓનાં પડીકાં બેચાર દિવસમાં તમને મળશે. અચરતલાલ બોર્ડિંગના પ્રોસ્પેક્ટસ મંગાવ્યા છે તે આવે સાથે અગરબત્તીઓનું પાર્સલ રવાના કરીશ. આમાંથી બે પડીકાં બેચરભાઈને, બે પુરાણીને, છ આશ્રમમાં અને બાકીના સંતુભાઈ અને તમારા માટે રાખીશ. રણછોડભાઈ હાજર થઈ ગયા છે. હમણાં તો અહીં જ રહે છે અને જમે છે.

શ્રી સંતુભાઈને પ્રણામ
શ્રી બેચરભાઈને પ્રણામ
શ્રી અંબુને પ્રણામ
શ્રી પુરાણીને પ્રણામ

સ્નેહાધીન
**બાપુભાઈ**

(18)

સર્વ વિદ્યાલય, કડી
તા. ૧૪-૧૨-૧૯૩૬

શ્રી ગિરધરલાલભાઈ,

તમારો પત્ર મળ્યો છે. રણછોડ સાથે મને બહુ વાતચીતના પ્રસંગો નથી પડતા, છતાં તેનામાં રહેલા સાત્ત્વિક અંશો માટે શંકા નથી જ. મારો સ્વભાવ

વધુપડતો શરમાળ હોવાથી બહુ આગળ પડતા સ્વભાવ સાથે જ ભળી શકું છું. રણછોડને મારાથી બનતી સગવડ અને મદદ આપવા તૈયાર છું.

તમારા ઉપર કેમ જાણે કેમ મને પૂર્ણ શ્રદ્ધા છે એટલે તમારા વિચારોનો હું સ્વીકાર કરું છું. હજુ પાર્સલ રવાના થઈ શક્યું નથી. એટલાસ તથા પ્રોસ્પેક્ટસ આવ્યાં નથી. એટલે એકલું પાર્સલ મોકલું છું. બીજું બુકપોસ્ટથી મોકલીશ. તમારા વિચાર પ્રમાણે જે હવે મારો પણ વિચાર થાય છે - મોકલેલી અગરબત્તીઓનો તમને રૂચે તે પ્રમાણે ઉપયોગ કરશો; પણ એટલું તો માગું છું કે તમે તો તે જરૂર વાપરશો.

હું અનુભવું છું કે spite of darker moments શ્રી અરવિંદો અને મધરની કૃપાથી કંઈક અદૃશ્ય મારામાં જન્મ થઈ રહ્યો છે. આ સમયે જાણે મગજના તારો મજબૂત થતા હોય તેમ લાગે છે. ગઈ વખતે હૃદયનું થયું હતું તેમ જ્યારે મારી અત્યારની જાતને મારી એક વર્ષ પહેલાની જાત સાથે સરખાવું છું ત્યારે એ અગાધ શક્તિ આગળ મારું મસ્તક અને હૃદય શ્રદ્ધા-ભક્તિથી નમે છે. સતત સ્મરણ રાખવાનો પ્રયત્ન કરું છું..... Silence is greater than speech.

never misunderstand you pondicherry is my prop in all my stumblings and heart-rending moments. I wish you to take up my hand in this journey and wish to walk straight with your support. Remember me and write some lines in your spare moments. Believe me that I neet it to keep the atmosphere fresh. They are too distant even to gaze at. Like our Sun you are in a position to give light in the dark atmosphere with which I am surrounded

Yours
**Bapubhai**

(19)

Aurobindo Ashram
Pondicherry
22-12-36

બાપુભાઈ,

યોગના આ માર્ગની સાધના કરવી એટલે બાપદાદાને પૈસે સિમલાની સહેલ માટે ઉપડવાનું નથી. આ માર્ગના સાધક થવાના કોક કરવા એટલે માથે આભ તૂટે. જન્મજન્માંતરોના પાપપુણ્યના સંસ્કારના સંચયરૂપી દેવદાનવ જોકે સ્વશક્તિએ રણ



ખેલ ખેલી એક જન્મે કે અનેક જન્મે વિજયી થઈ અમરતાના આનંદના અધિકારી થઈને જ રહે છે.

(20)

Sri Aurobindo Ashram
Pondicherry
14-1-37

બાપુભાઈ,

તમારો પત્ર મળ્યે દશેક દિવસ થઈ ગયા. આજે કંઈક લખું છું.

યોગમાર્ગ નાની પગથી જ છે. ૮૦ વાર લાંબી, છ બગી એક હારમાં ચાલે એવો લંડનનો કોઈ રાજમાર્ગ નથી. યોગનો સાચો કક્કો જે ઘૂંટશે તેને એ વાતની પહેલે દહાડે જ ખબર પડવાની છે.

નથી કહ્યું ? અસ્ત્રાની ધાર જેવા માર્ગ પર પ્રયાણ કરવાનું છે. આ ગપ્પું નથી. મનમાંથી ઉપજાવી કાઢેલી કોઈ ચતુરપુરુષની કલ્પના નથી. એ સિદ્ધોનું vision છે. જેમાં અંતરિક્ષ ખૂલી જાય તેને આ supraphysical રસ્તાનું supraphysical space માં આજે પણ એ રીતનું દર્શન થાય છે એ સનાતન સત્ય છે.

પણ રસ્તો અસ્ત્રાની ધાર જેટલો સાંકડો છે જાણી ગભરાવાની જરૂર નથી. હૃદયની પાછળ-પાછળ છુપાયેલો આપણો અંતરાત્મા જાગે તો બડો સામર્થ્યવાન છે.

એ અંતરાત્માને જે ન જગાડી શકે તેણે આ યોગ કરવાનાં સ્વપ્નાં સેવવાં જ નહિ. જે જગાડી શકે તેણે સદા જાગતા રહેવાની ટેવ પાડી - ખબરદાર, હુકમદાર - who comes thereની આલબેલ પોકારતા રહી, રાતના ડાકુઓને - મનપ્રાણના મુલકના ડાકુઓને સખત શિકસ્ત આપવાની પોતાની (ડ્યૂટી) કામગીરી અણીશુદ્ધ બજાવવાની છે. શરૂઆતમાં એટલું કરી શકાય તો જણાવું કે પોતે આ માર્ગે મુસાફરી કરી શકશે. સામાન્ય ભક્તિ એક વસ્તુ છે. yoga of transformation કરવો બીજી વસ્તુ છે.

માનવ દેહ પ્રાપ્ત કરવા પ્રત્યેક માનવને મળમૂત્રમાં વસવું પડે છે; નવ મહિના ખર્ચવા પડે છે. તો દેવદેહ પ્રાપ્ત કરવા નવસો વર્ષ ખર્ચવાં પડે. મળમૂત્રમાં વસવું પડ્યું એથી સોગણી કપરી યાતનાઓમાંથી પસાર થવું પડે, અસિધાર પર મુસાફરી કરવી પડે, તો તે માટે શા સારું તૈયાર ન રહેવું ? શું એક પુરુષદેવની કિંમત સો સામાન્ય માણસ જેટલી સસ્તી છે ?

પણ હા. માના જણ્યા પૂત માટે કોઈ અઘરામાં અઘરું કામ હું દેખતો હોઉં,

પૂર્ણપવિત્ર ન હોય, અગર કમમાં કમ ગમે તે ભોગે, ગમે તે દુઃખે પૂર્ણ પવિત્ર થવાને જે તૈયાર ન હોય તેવાઓને માટે "આ રસ્તે આવશો નહિ ભાઈ"નું Caution-board મૂકવાની હું જરૂર જોતો હોઉં, તો તે શ્રી અરવિંદના યોગની સાધનાનું કામ છે.

પણ સાથે સાથે હું એ પણ કહી દઉં કે જે મરદ, જે વીર સાધક, આ મહામુશ્કેલ અને લાંબા દેખાતા દિવ્ય માર્ગ પર કેવળ કૃષ્ણપ્રીત્યર્થે, ભગવત્પ્રીત્યર્થે, પગલાં માંડ્યા વગર પોતાનો આરો નથી એવું ખાત્રીપૂર્વક સમજતો હશે તેને સાધક અવસ્થાની સર્વ મુશ્કેલીઓ - વિટંબણાઓમાંથી પસાર થવાનું બળ મળશે જ. વખત જતાં એને નડતાં અઘરાં વિલાઈ જશે અને અંતે તે સદાને માટે તેજમુલકનો વાસી થશે.

પણ caution : કોઈએ આ ન સમજવું કે આ તો ચાલીસ વર્ષની લાંબી કપરી શાંત તપશ્યા છે.

ધ્યેય મોટું છે. માર્ગ સુગમ તો નથી જ. પણ દેવ થવું હોય, આ દેહમાં પૂર્ણ પુરુષત્વ પ્રકટાવવું હોય તો ઘણી આકરી કિંમત ભરવા તૈયાર રહેવું જોઈએ એ વાત બાળકને પણ સમજાય એટલી સ્પષ્ટ નથી ?

છગનભાઈને તથા રણછોડને આ પત્ર વાંચવો હોય અને તમને વાંધો ન હોય તો આપજો.

સતુભાઈ માર્ગમાં છે.

- ગિરધરલાલ

**P.S.**

બાપુભાઈ, તમે ક્યાં સુધી આમ પત્ર લખવાની મીઠી ફરજ પાડશો ? મેં લખ્યું એમાંનું શું તમે નથી સમજતા ? હું તમારી પત્ર માટેની માગણી અને તેની જરૂર સમજું છું અને તેથી પત્રો લખું છું પણ ખરો. પણ તમે ધીરેધીરે આ જરૂરમાંથી છૂટવા માંડશો તો હવે ખોટું નથી. (ખાસ સ્પષ્ટ સવાલ હોય તો જરૂર પૂછવો. મારાથી જવાબ અપાય એવો હશે તો હું જવાબ આપીશ. નહિ તો ઉપર પૂછાવી જવાબ લખી મોકલીશ)

(21)

10-3-37

Sri Aurobindo,

Do you remember Bapubhai Gami ?

This is a letter form him. It will do if you read what he has written in English only.



It seems he wishses me to submit this letter to you and the Mother. It seems he want to know the real work of what he exprienced.

**- Girdharilal**

**નોંધ :** શ્રી અરવિંદ ઉપર લખેલા બધા પત્રોમાં શ્રી અરવિંદે પોતાના અક્ષરોમાં બાપુભાઈને જવાબ આપવાની નોટ મૂકેલી છે. તે નોટ સારા અક્ષરમાં ઉતારી ગિરધરલાલ, બાપુભાઈ ઉપર મોકલતા હતા.

(22)

Sri Aurobindo Ashram
Pondicherry
16-3-37

બાપુભાઈ,

તા. ૭-૩-૩૭નો લખેલો પત્ર મળ્યો હતો. **તમારો પત્ર શ્રી અરવિંદ આગળ રજૂ કર્યો હતો તેનો તેમણે આજે મારા પર જવાબ લખી મોકલ્યો છે. તે આ સાથે મોકલું છું.**

નીચે તે જવાબની સ્પષ્ટ નકલ ઉતારી છે.

The experiences are quite valid and show that he is progressing. The consciousness of the separate lower vital and physical nature is an experience and a knowledge that has to come if a transmutation of the nature is to be made. This method of dealing with it is quite the right one. On the other hand the experience of the blue and the golden light bringing the calm and stillness and the electric vibrations in the heart show that the other side of the sadhana is also beginning, the descent and action of the higher consciousness and Force which will change the nature, dominating the lower vital and physcial and removing its present movements and subsitiuting for them its own higher spiritual silence and action.

**- Sri Aurobindo**

બાપુભાઈ,

બોલો, જવાબ વાંચીને ખુશ છો ને ? ત્યારે પૂર્ણ શાંતિમાં રહી ભગવતી મા તથા પૂર્ણ શ્રી અરવિંદમાં સદાયે અનન્ય શ્રદ્ધા રાખી ગમે તેવાં વાદળ ચઢી આવતાં

દેખાય તો તેથી લગારે ગભરાયા વગર હું વિજયને વરવાનો જ છું એવા મિજાજ સાથે તથા ગમે તેવો અનુભવ થાય તો તેથી લટ્ટુના બનતાં હજુ તો મારે આગળ ઘણી મુસાફરી કરવાની બાકી છે. એવો નમ્રતાપૂર્ણ વિવેક રાખી જળ કાપ્યા જાઓ - ભવસાગર - અધશ્ચેતનાનો સાગર આખો કપાઈ જશે અને એક દિવસ તમે તેને સામે કાંઠે - સિદ્ધ કાંઠે, વિજયની - આત્મવિજયની તથા દિવ્ય સ્વભાવની ઓજસપૂર્ણ સ્વર્ગીય ફૂલમાળા કંઠે ધારી ઊભા રહેશો. એ દિવસે ક્યારે આવશે એમ ના પૂછવું. આવશે એવી શ્રદ્ધા રાખી ધપ્યે જવું. જરૂર બેચાર મહિનાની વાત નથી, બેચાર વર્ષનીય વાત નથી. વાત લાંબી છે પણ તેથી શું થઈ ગયું ?

શ્રી અરવિંદની મદદ મળવી તમને શરૂ થઈ ચૂકી જ છે. ક્યારની શરૂ થઈ ચૂકી છે. એટલે તમારે હવે શ્રી અરવિંદે 'Mother' પહેલા ચેપ્ટરમાં કહ્યું છે તે વાંચવું - સિદ્ધ કરી બતાવવાનું છે.......

રજા લઉં છું.

- ગિરધરલાલ

(23)

Sri Aurobindo Ashram
Pondicherry
22-3-'37

બાપુભાઈ,

તમારો કાર્ડ ગઈ કાલે મળ્યો હતો. મનીઓર્ડર આજે મળ્યો નથી, પણ એ તો મળી જ જશે ને ! તમારા તરફથી પાંચ રૂપીઆ ભેટ મૂક્યા હતા. રણછોડ વિષે લખ્યું તે જાણ્યું. થોડો પ્રસાદ મોકલું છું.

Physical consciousnessના અનુભવની વાત લખી તેથી આનંદ થયો. પણ આ સાધનાની કંઈક ઝાંખી જ છે એમ તમે લખો છો તે વાત ખરી છે. હજુ તો નરી શરૂઆત છે. પણ તમે ધીરેધીરે પણ સાચી દિશામાં તમારાં પગલાં દૃઢ થાય તે માટે બળ મેળવવા જાઓ છો એમ મને લાગે છે. એ શ્રી અરવિંદ તથા મધરની કૃપાનું જ પરિણામ છે એ નરી ઉઘાડી વાત છે. કેવલ મનુષ્ય પ્રયત્નમાં તમે જે નજીવી શરૂઆત કરતાં પ્રાપ્ત કર્યું છે તે આખા જીવનની મહેનતને અંતે પણ પ્રાપ્ત કરાવવાનું મોટેભાગે બળ નથી હોતું. You have opened yourself to the mother **a little** and you see the wonderful result of that, Do it or rather try as best as you



can to do it, to open yourself more and more to the Mother, to give up yourself more and more to Her, and you will see that she will give you a series of new births and finally one day, in this life or some other, lead you to the highest perfection.

Let us hope we still reach the highest stage in this very life, But Bapubhai, by God-given Light I know that a tremendous inner work is to be done before that stage can be attained and so I do not falsely encourage anybody, falsely i.e. by giving greater values to ordinary lights than they deserve. Bapubhai, go on with cool head, faith and a perfect, if need be even cruel, self-criticism and I say from experience that the guiding-light will once make you all-Light, all-Bliss, all-Peace, immortal immortal, my friend. Mind well, I have said once. I have not stipulated any time, for that can not be done by anybody; for that depends on how you fare in the difficult stages of the sadhana. Any how even a little attainment in this line is a great pain. So one should never compare oneself with any other. For comparison comes from ego that that separative element that is the cause of all this trouble.

તમે અમદાવાદના પેલા અમરતલાલ ગિરધરલાલ ટ્રસ્ટ ફંડ વિષે માહિતી મોકલવાના હતા તે કેમ નથી મોકલી ? શક્ય નથી ?

- ગિરધરલાલ

(24)

Sri Aurobindo,

In this letter - Bapubhai Gami describes one more experience. I mark that portion red.

Also I seems he wants to pass his vacation here in May and June. I mark that portion value.

- Girdharlal

(25)

Sri Aurbindo Ashram
Pondichery
30-3-37

બાપુભાઈ,

તમારો પત્ર મળ્યો. **તમારો અનુભવ શ્રી અરવિંદ આગળ રજૂ કર્યો તેનો જે જવાબ આપ્યો છે તે આ સાથે મોકલાવું છું. વેકેશનમાં અહીં આવવા બાબતનું તમારું લખાણ પણ શ્રી અરવિંદે વાંચ્યું છે અને તેનો He can come એવો જવાબ આપ્યો છે.**

શ્રી અરવિંદનો જવાબ જરા વધારે સ્પષ્ટ અક્ષરમાં નીચે ઉતારી મોકલું છું :

It is a usual experience - the pressure of gun the body of the light of higher truth form the heart. (the emotional centre) to purify and strengthen. The sense of being crushed came from a certain weakness there - the thing the light was working to remove, otherwise only a pressure would be felt......

તમને મારા ગયા વખતના ટૂંકા પત્રથી સંતોષ ન થયો તો હવે તમારે હવે સુધરવું પડશે. એ નબળાઈમાંથી મુક્ત થવું પડશે. પાણી ઝીંકેલી દેગડો છાશ લેવા કરતાં નવટાંક માખણ લેવું, પ્રીતિથી ખાવું ને પચાવવું શું ખોટું ? હવે તમારે તમારા જઠરને માખણ ખાવાની ટેવ પાડવાની છે. ક્યાં સુધી છાશ પીવી છે ?........

**- ગિરધરલાલ**

(26)

Sri Aurobindo Asram
Pondicherry
9-4-37

બાપુભાઈ,

તમારો તા. ૧લીનો કરેલો મનીઓર્ડર મને અહીં તા. ૭મી મળ્યો એ રૂપીઆમાંથી ૧-૮-ની Strange Journey ની એક નકલ ખરીદી બાકીના ૮ - ૮ શ્રીચરણે ધરી દીધા છે.

આશ્રમમાં રહેવાની વ્યવસ્થા મળશે ? જવાબમાં શ્રી અરવિંદે લખ્યું છે : We will try to arrange.



તા. ૩૦-૩-૩૭નો લખેલો મારો પત્ર મળ્યો હશે એમ માની લઉં છું. વેકેશનમાં અહીં માળવા માટે તમને રજા મળી ગઈ છે. એમ મને પત્રમાં જણાવ્યું છે.

Basic of yogaની નકલ તમે અહીં આવવાના જ છો તો બુકપોસ્ટથી નહિ મોકલું એમ મેં તે પત્રમાં જણાવ્યું છે તે મુજબ નથી મોકલતો પુસ્તક મારી પાસે પડી રહ્યું છે.

**- ગિરધરલાલ**

તા.ક.

વડોદરાથી રણછોડનો પત્ર આવ્યો હતો. તેણે તમારો ઘણો આભાર માન્યો છે. થોડી સ્તુતિ પણ કરી છે.

(27)

Sri Aurobindo Asram
Pondicherry
18-4-'37

બાપુભાઈ,

તમારો તા. ૫-૪-૩૭નો પત્ર તથા ટાઈપ કરેલાં મારાં કાવ્યો મને મળ્યાં છે.

અગરબત્તી ત્રણ ડઝન લાવવાનું લખો છો તે બાબતમાં મેં **શ્રી અરવિંદને તમારી અગરબત્તીઓમાંથી એ પડીકું મોકલી આપ્યું હતું** તે વખતે લખેલો પત્ર આ સાથે મોકલું છું.

શ્રી અરવિંદે તેના જવાબમાં Mother will try the incense sticks and tell you. એમ હાંસિયામાં લખ્યું છે. પણ ત્યાર પછી એ buy કરીને એમણે મને હજુ સુધી કંઈ જણાવ્યું નથી. એટલે મારી સમજ એવી થાય છે કે શ્રી અરવિંદના વપરાશ માટે એ ઘણી હલકી કોટિની છે.

બેચરલાલ ઘણા વખતથી ગુજરાતમાં છે. સતુભાઈ પણ આ ૧૨મી તારીખે અહીંથી નીકળી ગયા છે. મુંબઈ, સુરત, ભરૂચ; ફરતા અમદાવાદ એમને ઘેર એમનાં ભાઈ બેનનાં લગ્ન છે માટે પહોંચી જશે. લગ્ન તો એક નિમિત્ત છે - એમનો એક વખત ગુજરાત આવી જવાનો વિચાર હતો જ.

**– ગિરધરલાલ**

I am sending a small pacekt of 'अगरबत्ती' incense-sticks. I am afraid you may find them of a quite ordinary stuff. However, I send one packet to know if you have any use of

such a stuff. I will send you more of 12 such packets if you like. I have got them from Bapubhai Gami. Mother will try the incense-sticks and tell you.

18-4-37

(28)

Sri Aurobindo Asram
Pondicherry
19-5-'37

બાપુભાઈ,

સ્વ-અંતરાત્મા વિના બીજા કોઈમાં સાચી Solace આપવાની તાકાત છે ખરી !

જેને પોતાના અંતરાત્માના સામર્થ્યમાં પાકો વિશ્વાસ છે તેને અન્યના શાબ્દિક Solaceની ખરું જોતાં જરૂર છે ખરી ?

બાહ્ય Solaceની જરૂર છે એમ લાગે તો કેટલી કચાશ પહેલી ઘડીએ દૂર કરવી રહી.

મારા ઉપલા શબ્દો તમને હાથ લંબાવ્યા સમાન લાગો. તમારા સૂતેલા આત્મબળને જગાડવામાં મદદરૂપ થાઓ એ પ્રાર્થના સાથે વિરમું ?

બીજરૂપે સંપૂર્ણ દિવ્યતા માનવમાત્રમાં ગુપ્ત રહેલી જ છે. એમાંથી - એ ગુપ્ત બીજમાંથી કયો માણસ કેટલું વિશાળ અને અત્યંત મિષ્ઠ દિવ્ય ફળપ્રદ વૃક્ષ ફાલવશે તેનો આધાર પ્રત્યેકની આંતર-તપશ્ચા કરવાની તાકાત પર છે. તમારામાં એવી તાકાત ઠીકઠીક છે એવું મને લાગ્યું છે એમ હું ધારું છું. મેં તમને પહેલાં એક વખત કહ્યું છે; 'થોડી ઘણી નબળાઈ પણ છે તે નબળાઈ તમારે દૂર કરવી રહી.' મને લાગે છે થોડા પ્રયત્ને તેમ તેમ કહી શકશો. બાકી માર્ગ કપરો છે ને લાંબો છે. એક ટૂંકી ઉષાનો પ્રકાશ જોયા પછી લાંબી નિરાશમય રાત આવે છે અને એમ તેજતિમિરના વારાફેરા ઘણા લાંબા વખત સુધી ચાલ્યા કરે છે એ રોજરોજ કહેવાની જરૂર ખરી ?

એ જ process છે. એમાંથી છૂટવાનો કોઈનો ઉપાય નથી - તમારો કે નથી મારો.

હા, એક ઉપાય છે : આ તિમિર યુગ હળવો કરવાનો. તે ''આ દિવસો વહી જશે અને પછી એક વિશેષ પ્રકાશવંતી નવી ઉષા પ્રકટશે.'' એ વાત દિલમાં કોતરી રાખવી.



'The Mother'નાં પહેલાં ત્રણ પ્રકરણ - પહેલાં ૧૮ પાનાં - ફરી ફરીને વાંચી જજો. એનાથી બહુ મદદ થાય એમ છે એ મને લાગે છે; એ અંતરમાં ઊતરી જતાં આખી order પસાર કરવાની તાકાત પ્રાપ્ત થશે.

- ગિરધરલાલ

(29)

Sri Aurobindo Asram
Pondicherry
9-10-37

બાપુભાઈ,

તમને અહીં આવવા માટે રજા આપી છે. આશ્રમમાં રૂમ - Room મળી શકે એમ નથી. અવકૃપા - કૃપાની શી વાતો લખો છો ? ગાંડા થયા લાગો છો ? કૃપા અને અવકૃપાના આવા અર્થ કરતા હશો તો તે છોડ્યા વગર અધ્યાત્મમાર્ગે આગળ નહિ વધાય. એવા ખ્યાલો જેટલા વહેલા છોડાય એટલું સારું. જીવનનો આનંદ અને ઉલ્લાસ જાણે આથમી જતો હોય એમ શું કામ લાગે છે ? ઉચ્ચ તત્ત્વોએ દર્શન દીધાં અને આપણી જાતના કેટલાક અંધારા ખૂણાઓ પર તેજ ફેંકી આપણને આપણું ઘર સાફસાફ કરવાની તાકીદ દઈ, ઘર સાફસુફ કરો. પછી હું આવીશ ને વાત કરીશ કહી; પછી ચાલતી પકડી પોતે આવ્યાં હતાં ત્યાં પાછાં પોતાને ઘેર ગયાં એ એમનો વાંક ખરું કે ? એ તત્ત્વોની આવી વર્તણૂકથી આપણો ઉત્સાહ અને આનંદ આથમી જાય એનો અર્થ ?

આપણે જાનવર કે બીજો કશો ? એ તત્ત્વો એ બાપુભાઈ કડી સર્વ વિદ્યાલય હાઇસ્કૂલના હેડમાસ્તરસાહેબના બાપની પૂંજી નથી કે એનો પ્રકાશ જતો રહેતો લાગે ત્યારે એને બાંધી પકડી પાછા બોલાવી ન્યાયની કોર્ટમાં એને ગુનેગાર ઠેરવી તુરંગમાં મોકલાવી શકે. ભાઈ બાપુભાઈ, હેડમાસ્તર નહિ, પણ કદાચ ગુજરાતના સૂબા કે સરદાર હોય તોય એ તત્ત્વોની આગળ કોડીની કિંમતના નથી. બાપુભાઈની એ તત્ત્વો પૂંજી નથી. એ તત્ત્વોની બાપુભાઈ મિલકત છે. બાપુભાઈ હેડમાસ્તર સાધના નથી કરતા. એ તત્ત્વો સાધના કરે છે. એટલે કે એ તત્ત્વો બાપુભાઈ નામનું સાધન પોતાને વાપરવાયોગ્ય બનાવી રહ્યાં છે. ત્યારે કહેશો, આ બધા બખાળા શા ? કરનાર કામ કરી રહ્યું છે. જેને સાધન થવાનું છે. શુદ્ધ અને પરિપૂર્ણ - તે ચૂપ થઈ તેના પર જે કંઈ કામ થાય તે થવા દે, એને ઊંચાં તત્ત્વો જેમ માંજે તેમ મંજાવા દે - ગુપચુપ - ઘડીવાર વધારે ઉલ્લાસ અને પછી નિરાશા - એવી રીતે નહિ, પણ સદા એકસરખા - સમ ઉલ્લાસથી એટલે બસ.

ઘણાને શરૂઆતની સાધનામાં ઉલ્લાસ, આનંદ આથમી જતો લાગે છે તેનું કારણ એમને ભાન હોય કે ન હોય, પણ તેઓ શરૂઆતમાં થોડા સારા અનુભવથી અંજાઈ જઈ પોતાનામાં કંઈ બહુ માલ છે - પોતાના અભિમાની ઉત્સાહનું આ પરિણામ છે અને એવો જ અભિમાની ઉત્સાહ કાયમ રાખી બહુ બહુ મોટી અધ્યાત્મ પૂંજી ભેગી કરી લઈશું એવો ભ્રમ ધરાવે છે તે છે. આગળ વધાય છે તે અભિમાની ઉત્સાહથી નહિ, પણ ક્ષણેક્ષણે વધતા જતા સમજપૂર્વકના જ્ઞાનપૂર્વકના સમર્પણથી.

હું પૂછું ? જેણે પોતાની જાત પ્રભુને સોંપી હોય અને જે અનુભવો થતા જાય તથા તેને અંગે consciousness ફેરવાય તે સઘળું પાછું તેને જ ફરી ફરીને ક્ષણે ક્ષણે સોપંવાનું જેને ભાન રહેતું હોય તેનો ઉલ્લાસ અને આનંદ આથમી જાય ખરો ? જો સારા અનુભવોનો આનંદ અને ઉલ્લાસ અહંકારે પોતાની માલિકીનો ના માન્યો હોય તો એ ઘડીવાર જતો રહેતો લાગે (લાગે જ માત્ર) ત્યારે એને દુઃખ શી બાબતનું ? એનું હતું શું ? ને ગયું છે શું ?

(ઉતાવળ અને aspiration એ બે એક વસ્તુ નથી. aspirations સતત ચાલુ રાખવાની, પણ પરિણામના ઉતાવળ વગરની.)

આ માર્ગમાં ઉતાવળને, ખોટી તીવ્રતાને, વ્યગ્રતાને મુદ્દલે સ્થાન નથી. આ બધું તો ઊલટું મદદ કરવાને બદલે વિઘ્ન કરે છે. એ બધા એક પ્રકારના પડદા છે.

- ગિરધરલાલ

(30)

Sri Aurobindo Ashram
Pondicherry
20-10-39

બાપુભાઈ,

**તમારે માટે એક ઓરડીની સગવડ મધર કરાવે છે.** - તેમને એ ઓરડી પસંદ પડે તો - એમ નલિની કહે છે.

તમારો પહેલાંનો તથા આજનો બંને પત્ર મળ્યા છે. અહીં આવતાં પહેલાં જે તારીખે ચોક્કસ અહીં આવવાના હો તેની અગાઉથી નલિનીને ખબર આપવી સારી છે. એથી એક પ્રકારની એ લોકોને સુગમતા થાય છે.

મજામાં છું. ખાસ કામ કંઈ નથી.

- ગિરધરલાલ



(31)

બાપુભાઈ

અરવિંદો આશ્રમ,
પોંડિચેરી
તા. ૩૧-૫-૪૦

સ્વરૂપિણી સત્તા અંગ અણુઅણુએ વહે.
પ્રતિક્ષણ રગરગમાં ચિદાનંદ.ઉલ્લાસ ઊભરે.
આનંદધામનાં ઓચ્છવ કીરતન હાડચામ રૂધિર કરે.
હવે અહીં પ્રકાશ પદારથ વિના બીજું કશું શોધ્યું ન જડે.
એ મૂર્તિ અલૌકિક જોઈ, એના પગમાં ચિત્ત પ્રોઈ
ધ્યાન કર્યું; તો હું પડ્યો એકદમ રોઈ.
સંસારની તુચ્છતા પૂરણ જોઈ.
હૃદયને ગાન ઊઠ્યું કે જીંદગી એળે ખોઈ.
એ મૂર્તિ અલૌકિક જોઈ, હું પડ્યો એકદમ રોઈ.
હું વસું હવે કિલ્લા મહીં અભેદ્ય આત્મ-સ્વાતંત્ર્યના.
દુશ્મન દલ ચઢી આવશે, ગઢ તોડશે, એવો ના જરા.
એ ગઢ નથી કોઈ મૃણ્મય ચીજનો. એ છે પુંજ પરમ પ્રકાશનો.
હવે હું નથી રહ્યો બાલ ક્ષુદ્ર સંસારનો. બન્યો છું વારસ અનંતનો.
ઊંડે ઊંડે અંતરે ઊંડે ઊતરી સ્થિર થા ચિન્મય હૃદયની મહીં
કાશીપ્રયાગ મથુરામાં નહિ. સર્વ તીર્થરાજ આવી વસ્યા છે નહીં.
ઊંડે ઊંડે અંતરે ઊંડે ઊતરી, કર જીવન સાર્થક ભરી સુવાસ જીવનની મહીં.
અમર આપતત્ત્વ પિછાનની, સુમધુર અગરબત્તી લોબાન ધૂપની નહિં.

– ગિરધારીલાલ

રજા લઉં ?

જીને સાધુકી સંગત પાઈ રે, વાકી પરૂન કમાઈ.
ધ્રુવ, પ્રહલાદ, અમરીષ, વિભિષ્ણ, ઉનકી ધન્ય કમાઈ

– કબીર

(32)

Sri Aurobindo Asram
Pondicherry
17-8-40

બાપુભાઈ,

રેંટિયો, પૂણીઓ અને તમારો પત્ર સૌ મળી ગયું.

તમારા પ્રણામ ઉપર કહેવડાવ્યા હતા.

- ગિરધરલાલ

(33)

સર્વવિદ્યાલય, કડી
તા. ૨૧-૧૧-૪૦

શ્રી ગિરધરલાલ,

હવે ક્યાં સુધી આંટાફેરા ખાવા ? આવવું ત્યારે બધાય તાંતણા તોડીને આવવું - એ શું મજાનું નહીં ! (મજાનું)

આળસ મરડતાં જેમ હાડકાના અંકોડાઓ ચરડચરડ થાય તેમ એ પ્રકાશ અને શક્તિના આંચકે બંધનો ઢીલાં થતાં જઈ તૂટાતૂટ થાય એવી પવિત્ર ઘડીઓ માણવી એ શું લ્હાવો નથી ? (છે)

પત્ર મળ્યો હતો. I realise your depth and hence the silence. Your silence is more precions to me than volumes of other's talks. Still I cannot do without your words. You have taught me to swim and am now the endless deep. Watch me and help me.

છગનભાઈ ત્યાં આવ્યા છે. તેમની સાથે નાભિવાળું નાનું ચક્કર મોકલ્યું છે તે બદલી લેશો. ઘૂસતા રહેતા ચોરડાકુઓને જાણેઅજાણે કંઈક સંમતિ મળતી હોય છે. નહિ તો તેમનું ગજું નહિ કે બીજાના ઘરમાં ઘૂસી શકે !

દર્શનના દિવસે હું અહીં દર્શન કરવાની આશા સેવું છું. તે વધારે પડતી છે ! અહીં પણ મેં એનો ઉલ્લાસ અનુભવ્યો છે. (આશા તો ઊંચી રાખવી પણ તે માટે જરૂરી સમર્પણમાં માણા ના રહેવી જોઈએ.)

રેડિયોમાં હજારો માઈલથી આવતા સૂરો સાંભળું છું અને મને કંઈ કંઈ થાય છે ! આ એક માનવયંત્ર કાળ - દિશાના માનને ફેરવી શકે છે, તો પછી એ શું ન કરી શકે ! (હજુ વધારે અનુભવશો, અનુભવવું છે તે સાચું છે પણ હજુ બહુ બાકી છે તે પ્રવૃત્તિ શુધ્ધત્તર અને સમર્પણ પૂર્ણાત્તર થતાં અનુભવાશે.)



મારું રેડિયો યંત્ર ગોઠવી દઉ અને એમાં એના અવાજના પડઘા નહિ ઊઠશે !

એનું બંસી સંગીત નહિ સંભળાશે !

એનાં હાસ્યફુવારા નહિ ઊડશે ! — **બાપુભાઈ ગામી**

પડઘા ઊઠે, સંગીત સંભળાય, ફુવારા ઉડે ત્યારે મને લખજો એટલે હું જાણીશ કે તમે યંત્ર ગોઠવી દીધું. — **ગિરધારીલાલ**

છગનભાઈ આવ્યા નથી એટલે હવે નાભિનું નાનું બીજા કોઈ દર્શન પ્રશંગે તમારે મોકલવાનું બાકી રહ્યું. પ્રસાદ મોકલું છું. — **બાપુભાઈ ગામી**

(34)

Sri Aurobindo Asram
Pondicherry
19-4-41

બાપુભાઈ,

**તમારું 'સ્વ' એટલે શ્રી અરવિંદ અને માતાજી.** તમારી પોતાની કેન્દ્રની અવિદ્યામય પ્રકૃતિ કે તે કેન્દ્ર બહારની અવિદ્યામય અન્ય પ્રકૃતિ તે તમારા માટે 'સ્વ' નહિ, પણ 'પર' વસ્તુ છે.

જો માણસે જન્મ ધરી કશુંય પ્રથમ કરી લેવા જેવું હોય તો આ 'પર'ના સંગમાંથી પરિપૂર્ણ મુક્ત થઈ સ્વપદના અંકે ખેલવાનું છે. આ કામ સહેલું નથી. પણ એ કામ કરવા તમારો જીવ લલચાયોછે. એને ઊંડે અને ધીરે ધીરે બહાર સપાટી ઉપર પણ સમજ પડતી જાય છે કે દેહ ધર્યાનું સાર્થક કરવું હોય તો આ જ કાર્ય કરવા જેવું છે. એટલે સદા તમારા કામમાં મારી એકધારી સહાનુભૂતિ છે.

શુદ્ધિનો માર્ગ લંબાવવો કે ટુંકાવવો ? શુદ્ધિ લાંબા સમયને અને ઘણા પરિશ્રમને અંતે પ્રાપ્ત કરવી ? કે થોડા સમયમાં અને રમતાં રમતાં એને વરવી તેનો વિચારવેગ તીવ્ર થતાં અને 'સ્વ' 'પર' નો વિવેક સૌ સાધકને કરવો પડે છે. બધા સ્તર પર અશુદ્ધિઓ સામે આપણી આંખ એવી ફાટવી જોઈએ કે તે મૂઠીઓ વાળીને નાસે ત્યાર પહેલાં તેના ગર્ભ છૂટી જાય. નાસી જાઓ એમ નહિ કહેવાનું. અસ્તિત્ત્વ મિટાડી દો એમ રાજહુકમ છોડવાનો. રણ તો શૂરાનું છે તે ! બધાંય રણ ! આજે સાંજે ઉપર તમારા પ્રણામ કહેવડાવીશ. — **ગિરધારીલાલ**

(35)

Sri Aurobindo Asram
Pondicherry
16-8-41

બાપુભાઈ,

છગનભાઈ મળ્યા હતા. **તમારો પત્ર મળ્યો હતો. શ્રી અરવિંદને પહોંચાડવાનો પત્ર મેં વાંચ્યો છે અને એમને પહોંચાડ્યો છે.**

શ્રી અરવિંદના યોગની સાધનાથી - વિશેષ મુશ્કેલ બીજું કશું હું જોતો નથી. કરવા જેવું કોઈ કાર્ય હોય તો એ એક જ છે. માણસની પોતાની શક્તિથી એ થાય એમ નથી. તેથી જ એ સૌથી મુશ્કેલ છે. ભગવતી શક્તિને રાજી કરીએ તો જ એ કામ થાવ એવું છે. ફેરોં એને પોતાના માટો આવાહન કરી બોલાવી હોય તે જ જાણે. છતાં બધું ભગવાનની શક્તિ જ કરી રહી છે. સાધના-શક્તિ પોતે જ કરે છે. ઘડીથી મુશ્કેલી તરીકે નહિ રહે. મુશ્કેલીઓની સતામણી મટી જશે.

મિષ્ટાન દેખાડીને ભૂખ લગાડવાની રીત ઉત્તમ કોટિની નથી. એમાં જે શક્તિનો મિથ્યા વ્યય કરવો પડે છે તેમ કરવા, બધા લોક તૈયાર નથી હોતા. એમને કોઈ દયાહીન કરી વગોવે તો તેવાં વગોપણાં તેમને આવતાં નથી.

તમને મેં જે કહેલું તેમાં તે દિવસે અતિશયોક્તિ લાગેલી તે પરથી તમને સમજાઈ સ્પષ્ટ થવું જોઈએ કે માણસ જ્યાં શ્રદ્ધા મૂકવી જોઈએ ત્યાં મૂકવામાં કેટલો કમતાકાત છે ? માણસના સ્વભાવની એ સહજ દુર્બળતા છે કે એ કોટિ ભેદ પારખવામાં અભિમાની હોવાને લીધે, બહુ કાચો છે ! જેણે ખરેખરી પડશે - માણસના સ્વભાવની એક વિશેષ ખૂબી તો એ છે કે ત્યાં શ્રદ્ધા મૂકતા ખર્ચ હોવાનું હોય છે. ત્યાં એ નથી. જ્યાં શ્રદ્ધા મૂકે એવું કલ્યાણ થવાનું હોય છે. ત્યાં જ એનામાં રહેલી બધી ગોર કરીને બહાર ખેંચી આણે છે: આ વાત કોઈ એક વ્યક્તિની નથી. સિદ્ધાંતની છે અને સર્વત્ર લાગુ પડે છે.

સતુભાઈ મજામાં છે.

- ગિરધરલાલ



(36)

કડી (ઉ.ગુજરાત)
તા. ૧૦-૨-૧૯૪૨

શ્રીયુત ગિરધરલાલ

ઘણાં સમયે પત્રવ્યવહારથી મળવા ઇચ્છું છું. તમારું સ્મરણ તો અંતરચક્ષુથી એટલે તે આ જન્મમાં તો ભૂલી શકાય તેમ નથી જ. કૂદતા લોહીની સાથે અને વહેતા શ્વાસની સાથે તમારું સ્મરણ એકરૂપ થઈ ગયેલું છે. જેણે મને સુવર્ણ માર્ગ બતાવ્યો છે અને તેવામાં શરૂ કરવા માટે હિંમત અને પ્રેરણા આપેલી છે તેને ભુલાય જ કેવી રીતે. માર્ગની કઠણાઈ વિશે તો કહેવાનું શું હોય ?

**'કર્દમ ભૂમિ કળણ ભરેલી ને ગિરિવર કેરી કરાડ,**
**ધસમસતા જલ કેરા પ્રવાહો તે વટાવી કૃપાળ,**
**મને પહોંચાડશે દુષ્ટ.''....**

આ તો નિત્યનો અનુભવ થઈ પડ્યો છે. અંધારીઘોર-ઘનઘોર રાત્રિઓમાં થતા, વીજળીના ચમકારા માર્ગને પ્રકાશ આપી રહ્યા છે. શરીરના સ્થૂલ અવયોમાં અને પ્રાણ-સૃષ્ટિમાં ખૂબ જ તોફાન મચી રહ્યું છે. છેલ્લાં લગાતાર બેચાર વર્ષથી આ યુદ્ધ ચાલી રહ્યું છે. 'મા'ની કૃપાએ તેમાં હું હજુ સુધી ટકી રહ્યો છું. વિવિધ હુમલાઓમાંથી તેણે મને ક્ષેમકુશળ બચાવ્યો છે અને મારી પ્રાર્થના ફળી છે. શ્રદ્ધાને અનેક પ્રસંગો પડ્યા છે. હજુ પણ આ યુદ્ધ ચાલ્યા જ કરે છે. ઘણી વખત શરીરમાં જાણે સળગતા કાંટાઓ ભોંકાતા હોય તે પ્રમાણે થયા કરે છે, પણ તેના ઉપર કોઈ અમૃતધારા રેડતું હોય તેવી શાંતિનો અનુભવ થાય છે. ઘડીકમાં બધુ અદશ્ય થઈ જાય છે. અને ઘડીકમાં શરુ થાય છે. કાચા વાસણને પાકું કરવા જાણે તેને વારંવાર અગ્નિની ભઠ્ઠીમાં નાંખવામાં ન આવતું હોય ! આવા કપરા સંજોગોમાં પણ 'મા'નું સ્મરણ રહે છે તેને હું ઘણું જ માનું છું. છેલ્લા બે માસમાં તો ઘણા ઘણા અનુભવો થઈ રહ્યા છે. હમણાં જ બેએક માસ ઉપર વટાવેલી માંદગીમાં નીચેની પ્રસાદી મળેલી. તમને જણાવ્યા સિવાય હવે હું નહિ રહી શકું. જોકે તમે મને તેમ કરવાની ના પાડી છે છતાં-

Thy Divine Grace descended with a soothing balm
Upon the troubled world seething with pain,
Fierce forces are all abroad with their dedenig palm,
But my Mother's mighty glance shall make them maim.

O ! Moher come with Thy crushing stride,
With a face beaming with luminous light,
And smash this murky crime with Thy fiercest smile
Making the demons wallow in their bloody height.
Only my Mother has the power to arrest this devilish might
Wildly dancing in the heinous mirth of gory feast.
The lower creations are taken aback with the ghastly night
And pray with folded arms to shalter up the confounding mist.

* * *

We shiver here on this clay.
And there shine the mightiest day.
Here we gope in the night,
And there all is a heap of light.

* * *

'Far far away shine the mighty suns,
And alone this our native Earth whines,
For the supermind suns burn in their celestal fire,
And our tinny pointed mind flickers in this mire.
We kindle our little lamps in the darkening light,
Under the canopy of the mightiest luminaries,
Little dreaming that even the tiny pointed lamps
Have that little lustre borrowed from the celestials.'

'Prayer of the Mother' નામનું પુસ્તક ખરા સમયે મને મળ્યું છે. જાણે કે કોઈ કલ્પવૃક્ષનું સાંનિધ્ય ન મળ્યું હોય ! તેને જેની સાચી ઈચ્છા થાય છે તે આવી જ મળે છે.

તમારો પત્ર મને ખૂબ જ મદદગાર થશે એમ મને લાગે છે. તમે જો હો તો જ જવાબ આપશો. નહિ તો સમજીશ કે, 'Your silence is more helpful than your words'

ભાઈ ચિમનલાલ તથા તેમના સાથી ત્યાં આશ્રમમાં હોય તો મારા પ્રેમસ્મરણ પાઠવશો.

સતુભાઈ, પ્રણામ.

'દર્શન દેના પ્રાણપિયા રે'

- બાપુભાઈ



(37)

Sri Aurobindo Asram
Pondicherry
22-2-42

બાપુભાઈ,

જ્યાં સુધી ત્રિગુણમયી પ્રકૃતિમાં ઊઠતી સર્વ અપરા વૃત્તિ-પ્રવૃત્તિથી જીવ બદ્ધ છે ત્યાં સુધી તેને માર્ગ કઠણ લાગે છે.

જો એ પોતાને ત્રિગુણમયી પ્રકૃતિની સર્વ અપરાવૃત્તિ-પ્રવૃત્તિથી જુદો જોઈ શકે તો તેને માર્ગ સહેલો થાય. આને એના પર અસર કરી શકે છે તેને બદલે પછી તે પ્રકૃતિ પાસે ઈશ્વરને ગમે એવું કાર્ય હંમેશાં કરાવી શકે.

Simply observe; and for salutary change in the present nature only

તમે મને વ્હાલા છો, પણ વ્હાલા છો તેથી તો મારે તમને ઉપર ઉપરના વ્હાલના દેખાવથી રીઝવી નથી દેવા. પણ ઊંડા વ્હાલના મૂળની શોધ કરવા પ્રેરવા છે.

ભગવાનની શોધ કર્યા વિના માણસ અન્ય માણસ પ્રત્યે પૂરું કે સાચું વ્હાલ દાખવી શકતો જ નથી. તથા તેના પ્રત્યે કોઈ સાધુપુરુષ સાચું વ્હાલ દાખવે તો તેની તેને પૂરી ઓળખ, ગમ કે કિંમત નથી થતી.

માટે જ હું સહુને કહું છું પહેલાં ભગવાનને ઓળખીને આવો. પછી બહુ વ્હાલ કરીશું. જેને હરિની કે હરિજનની ઓળખ નથી કે કાચી કે અહંતાભરી ઓળખ છે. તેવા પર ઉતાવળે વ્હાલ કર્યાનાં પરિણામ માઠાં આવ્યાં મેં જોયું છે. ઉકરડે કઢી ઢોળી દેવા જેવું થાય છે. ચાલ્યા જાવ, ચાલ્યા જાવ આગળ. એક ભગવાનમાં જ હમણાં ચિત્ત પરોવી દો. બીજા બધા માટે બહુ વખત મળે છે.

(38)

Sri Aurobindo Ashram
Pondicherry
16th August, 1942

બાપુભાઈ,

મનીઓર્ડરની રકમ ભેટ મૂકી દીધી છે.

પ્રસાદ બે પાંખડી મોકલું છું.

સાધના આગળ વધે તો જીભથી થતો વ્યવહાર ઓછો થવો જોઈએ. શાંત અંતર વણબોલાયેલી વાણીના પ્રચંડ પડઘાનો સ્પષ્ટ અવાજ ભૂલચૂક વગર સાંભળી શકે.

તેનો આનંદ માણી શકે. એ એવી સ્થિતિમાં આત્માની સમૃદ્ધિનો ઉત્તરોત્તર ચઢતા ક્રમે પરિચય લઈ શકે અને રસ લૂંટી શકે.

એક ભગવાન જ સાચો છે. જ્યારે બધું જ ભૂલી જવાશે અને એક એ જ યાદ રહેશે ત્યારે જ જીવનનો અર્થ સમજાશે.

તમે આગ્રહ કર્યો એટલે મેં કલમ હાથમાં લીધી છે. પણ ભલા, મેં કહ્યું એમાંનું શું ? શ્રી અરવિંદે મારા કરતાં હજારગણા વેધક શબ્દોમાં કહેવાનું બાકી રાખ્યું છે ?

ફરી, એક ભગવાન જ સાચો છે. - ગિરધરલાલ

■ ■ ■

Mother,

I leave it to you to give me any kind of work at any hour of the day. I will suit to it.

Can I copy down for my own personal use, The English Translation of "Mother's Prayers", which is with one of the sathakas.

Yes

Will you kindly permit me to copy down ~~some~~ of the Communications of Sri Aurobindo!

Yes

3rd Nov. 35
Saturday

Your humble child
Bapubhai V. Gami



Mother,

Will you kindly give me leave to read the communications of Sri Aurobindo with the sathakas, permitted to be sent out.

Yes

Again my request for the work to be given to me, stands as it is. I am pining for the works done for the Divine.

[illegible]

Mother, I am under your shelter. How long am I to be deprived of Pranama and Meditation! How long! Oh, Mother! how long!

[illegible]

Your humble child,
Bapubhai V. Gami

Bapubhai V. Gami

Sri Aurobindo and the Mother grant you permission to come for darshan, but stay in the Asram will not be possible. You can, of course, have Asram food at the usual charge (10 as. per day)

Nolini Kanta Gupta

Sri Aurobindo Asram
Pondicherry

11. 9. 36.



SRI AUROBINDO ASRAM.
PONDICHERRY.

To

Bapubhai V. Gami.

You have permission to come for darshan in November. Accommodation in the Asram will not be possible. Asram food can be supplied.

Nolini Kanta Gupta

9. 10. 37

MEHSANA PRANT SECONDARY SCHOOLS UNION

OFFICE:
SARVA VIDYALAYA HIGH SCHOOL, KADI. [N. G.]
No.

Date, ૬ - ૭ - 1939

શ્રી ગિરધરલાલ,

ઈશ્વરભાઈ મારફત તમારા સમાચાર મળ્યા હશે. આ સાથે. [illegible] પહોંચાડવા એક પત્ર મોકલું છું અને ઇચ્છું છું કે તમે તે વાંચશો. મારી માંદગીના સમયે તમને મેં પત્ર લખેલો અને તેનો પ્રત્યુત્તર મને મળ્યો હતો. ગુરુદેવ(?) માંદગીની [illegible] લાગે છે. [illegible] માંદગીની પાછળ અનેક ગૂઢ કારણો છે અને તે બધાંયનો [illegible] અને અનુભવ થઈ રહ્યો છે.

લાગે છે કે સાધના એ તો તપનું રૂપ છે. પ્રથમ તમે મને લખેલું કે (બે ત્રણ અનુભવો થયા બાદ) હવે તમારા માટે કપરા દિવસો આવવાના છે? અને ખરેખર તે તમારા શબ્દો કેટલા સાચા હતા તેનો હવે પ્રત્યક્ષ અનુભવ થાય છે. તે સમયે તો લાગેલું કે તમે કંઈક અતિશયોક્તિ કરતા હશો. પણ વા. એ સો ટકા શુદ્ધ વાત હતી.

ઘા મારવા અને 'મા'ના સ્મરણ સાથે ઘા ઝીલવા અને મારનાર એ આ માર્ગનો સતત ક્રમ લાગે છે. [illegible] જેમ શિવમંદિરમાં [illegible] ટપ ટપ પાણીનાં ટીપાં શિવલિંગ ઉપર પડ્યા કરે છે તેમ [illegible] ઉપર [illegible]



અમૃતબિંદુઓનો સતત પ્રવાહ વહેતો રાખવો [illegible] તેમ [illegible] કટકાઓમાં પણ [illegible] સમર્પણ થાય.

મારી [illegible] પત્ર લખાવે છે તે [illegible]. અને [illegible] એમ [illegible] નથી [illegible] તે [illegible] કે [illegible] કંઈક [illegible] કરશો. [illegible] પત્ર [illegible] છે એમ તમે કરશો. [illegible] પણ [illegible] લાગે છે. [illegible] છે એમ તો તમે [illegible] કરો.

મારાં [illegible] છે એમ [illegible] કરે છે. [illegible] આવવાના [illegible] રાહ જોઈ રહ્યો છું. અનુભાઈ [illegible] હશે.

બાપુભાઈ

ઈશ્વરભાઈને [illegible] અહીં [illegible] છે.

कन्या केळवणी मंडळ Sarva Vidyalaya High School. KADI.
[ स्थापना: १९३३ ] कडी, (उ. गु.)

क्रमांक ता. - -१९३

[ મેસાણા પ્રાન્ત સેકન્ડરી સ્કુલ્સ યુનિયનના શિક્ષકોની કોન્ફરન્સ આગળ વાંચેલું વ્યાખ્યાન: સ્થળ પીલવાઈ તા. ૧૧-૨-૪૨ ]

બાપુભાઈ વિ. ગામી
આચાર્ય: સર્વ વિદ્યાલય હાઈસ્કુલ,
કડી.

## શિક્ષણનું કેન્દ્ર

**પ્રસ્તાવ** અનાદિ કાળથી – માનવીના ઉત્પત્તિ કાળથી તે આજ પર્યન્ત જે અનેક પ્રશ્નો ઉત્પન્ન થયા છે તેમાં સૌથી મહત્વનો પ્રશ્ન શિક્ષણનો છે. કારણકે ઘણાખરા પ્રશ્નનો ઉકેલ આ મહાપ્રશ્નના ઉકેલ ઉપર અવલંબી રહેલો છે. અને ઘણાખરા પ્રશ્નોની ગુંચો આ 'શિક્ષણના પ્રશ્નને ગુંચવી નાંખવાને લીધે ઉભા થએલા હોય છે.

શિક્ષણનો પ્રશ્ન આખાયે માનવજાતિની સંસ્કૃતિ અને ઉત્ક્રાન્તિ સાથે સંબંધ ધરાવતો એક જટિલ પ્રશ્ન છે. અને કુદરતી રીતે જેમ કોઈ જટિલ પ્રશ્નને અનેક પાસાં, અનેક સંજોગો અને ઉપાંગો અને અનેક દૃષ્ટિબિન્દુઓ હોય છે તે પ્રમાણે આ પ્રશ્નના સંબંધમાં પણ છે. જેમ કેટલાક લોકોમાં 'નદ અને કૂડ' વૃત્તિથી કામ લેવામાં આવે છે તે પ્રમાણે જો આ શિક્ષણના પ્રશ્નનો વિચાર કરવામાં આવે તો એકમેકથી [illegible] કોઈ પણ તરફ નમશે. આ પ્રશ્નને વિશાળ દૃષ્ટિ, ઉંડી સમજ અને સતત અભ્યાસની જરૂર રહેલી છે.

આ પ્રસંગે આ મહાપ્રશ્નની સંપૂર્ણ છણાવટ થવી શક્ય નથી. પણ જો એકંદર આપણી સન્મુખ તેના કેન્દ્રની ઝાંખી થાય અને તે આપણા દીલમાં અને મગજમાં ઉતરે તો અમલમાં સતત મનન અને ચિન્તનને પરિણામે આ પ્રશ્નને સારી રીતે ઉકેલી શકાય. શિક્ષણના કાર્યમાં મેં અત્યાર સુધી જે કંઈ વિચાર્યું કર્યું છે તથા આ ક્ષેત્રમાં મને જે કંઈ પ્રત્યક્ષ અનુભવ મળ્યો છે તે ઉપરથી મને લાગે છે કે આ પ્રશ્નને સંતોષકારક અને સરળ ઉકેલ લાવવામાટે તેના



। सत्यं परं धीमहि । कडी, ( उत्तर गुजरात. )

सर्व विद्यालय हाईस्कुल ता.२४ - ६ -१९४२

શ્રીયુત શિવલાલ સાહેબ,

આ વિદ્યાલયના વિદ્યાર્થી રતિલાલ [illegible] આ [illegible] વિદ્યાર્થી છે. [illegible] મેટ્રીકની પરીક્ષામાં [illegible] છે. [illegible] વધુ [illegible] છે. સંસ્કૃતમાં [illegible] છે. [illegible] ગુજરાતીમાં [illegible] માર્ક (૧૩૪) મેળવ્યા છે. [illegible] તેને [illegible] છે.

[illegible] શિક્ષણ [illegible] છે. તેનો [illegible] છે. [illegible] ગુજરાતમાં [illegible] છે. આ [illegible] મેટ્રીક સુધી [illegible] છે.

[illegible] તેને [illegible] માર્ક ૩૯૭ છે. તેની [illegible] છે.

[illegible]
બાપુભાઈ વિ. ગામી

## શ્રી અરવિંદ અને શ્રી માતાજી પર બાપુભાઈએ મોકલેલા કાવ્યો

Dt. 22-2-36 Mid-night

Forsaken, far off lying
My heart at every step
Bows to Thee O, Lord.
Mysterious are the methods
Wonderful are the ways
Of Thy working, O? my Lord.
Where should I go?
What should I do?
The answer comes
Within thee seek for the Light.

------------------

At the Beauty's call
I offer up all my joys
To Thee O, Mother.
The new Light perplexes
My wandering brain
Giving it the heat unknown.
Something in my veins
Is bouncing and jumping
To meet the onrushing stream

------------------

The light is coming
The gloom is passing
And let every inch of mine
Be consecrated to Thee
O, Mother of the Universe.
Vainly and foolishly
I try to preserve And set it as my own
That which is Thine
O, Mother of the Universe !



My efforts are vain
My thoughts are foolish
My beatings are blind
To worry fo Thy work
O, Mother of the Universe !
I see Thee rushing
Hurrying and hewing
Making and unmaking
Bringing out the hidden treasures from
O, Mother of the Universe !

------------------------

Who is puring this rain of light
At the barred doors of my baredened heart?
Who is forcing open the closed up petals
Of age-long rust and deadening dust ?
Behold the Master's hand at work
Behold the Mother's Grace descending...

----------------------------

Passed rememberances filled up my brain
When I behold Thee,O, my Lord
I remembered the promises I gave
Which how soon I had forgotten.

----------------------------

Is this my work, my Lord,
No, it was Thou who sendst me
To do Thy work
And discharge my debt
With folded hands
And bent up head
In confounding wonder
I behold Thee Mother
In glory of sffluent Light

Offering up Thy joyous toils
At the altar of my Lord.

---

Watering the trees of my garden once,
I caught Thee and found Thee.
I endeavoured to knew not the folly of my act.
He who keep the whole Universe in His arms
O, insignificant creature ! how can you keep Him in your clutch ?
Who is nearer
Who id dearer
Than a friend's heart
Beating in equal rhymes
And pointing the path aright?
A thrill, a nectar-relish
Your words O, sympathiser
Have the power to bestow
To a hungry heart and head.
A thous pages are nothing
To your single line of love
Volumes of speeches are a nil
T your single word of warmth.

**- Bapubhai**

---

I have no hero's heart
I have no Poet's voice
I have no learned's lore
I have no leader's light.

A bureuo of wishes and desires
Obscure and undevine
I lay it at Thy alter
To burn it into light



And I humbly put it at Thy feet
A sincerity and heart of will
Aspiration and imagination
To soar up high above
To seiz the Light and catch the light
To evolve Thy reign here below
And to do Thy will iviane.

**29-8-36** **- Bapubhai**

---

Far far away shine the mighty suns
And alone this our native Earth whins
Far the supermind suns burn in their celetial fire
And our tiny pointed mind flickers in this mire.

We kindle our little lamps in the darkening light
Under the canopy of mighiest luminaries
Little dreaming that even the tiny pointed lamps
Have that little tustre borrowed from the celetials.

We ahever here on this clay
And there shined the mightiest day
Here we grape in the night
And there is a heap of light.

**21-11-41** **- Bapubhai**

Eternal supernal heaves an ocean of bliss
With mighty waves and dashing streams
A drop whereof has got this earth
And with it in mad joy has forgot its birth.
This eternal hunger - It came and went
This eternal thirst - It lived and died
Has seized my being - It smothered and somed
Feed it my Lord - It shone and sparkled.
Water it O Lord -
O my eternal Master. -

---

Better to be lusty moth
Flying and fluttering round a spark
Enjoying a light and gleam a while
And jumping to Death in the burning tide
Than to sit and see the in a gloomy night
Like an owl all blind to the sunny day light.

-----------------

Blown from side to side like a tennis-ball
My mind finds no place of rest o Lord
Like a rudderless ship in stormy waves
Like a piece of rag caught up in hurricanes
It is dragged on by some invisble hellish pulls
To be swalled up inwhirls of undivine tolls.
Be a guiding star to this my wandering brain
Shower O Lord, Thy peace and plenty to the heart of pain.

-----------------

How dull and irksome seem all these works
Without Thy melting grace O Mother.
Deprived of Thy sweet music and flowery smile
These jarring thoughts, words and works divide
And move in a vicious circle round and round
NO progress no musical notes they produce
But tediously reapeated hasten to a speedy end.

--------------------------

Like a child in the wilderness
I call Thee my eternal Mother
Enough of this hide and seek
It has troubled my soul to the quick.
Sweetness has departed from my soul
And gloominess has filled it to the core.



Without thyluminous light, thy weapons sharp
These demnons are clamouring to have both halves
With a follish rush senseless and rash
The devils run to Thy place where gods fear tes step
Prevent them from the it temetuous march
And hurl them form their maddened path.

-----------------

**'At the feet of' The mother**

**A flower**

Peeping from a clustered branch
Waits the flower for the light;
And all the while the sparrows,
From their leafy nests
Are chirping for the dawn's delight.
The smiling buds of varied hues
With tinge of lustre on their barow
Are all awaiting the sunny grace
To kiss their dew-besmeared face.
A symbol of surrender. O, flower of the dawn !
How tenderly of the soft delight
With unbounded joy and light !
How tenderly and patiently waitest thou
For the touch of the soft delight
With unbounded joy and light !
How yielddest thou to the soft fingers
Of thye lover and devotee
To surrender thyself at the alter
Of the celestial Light and joy !
So crave I. The flower of my heart
May bloom and blossom
At the scared rays of thy Sunny Light.
May bathe in the nectar-spring,

Of Thy ever flowing Grace,
And pateintly, devoutly, joyoulsy,
Offer itself at the alter
Of Thy holy feet, O, Mother.

----------------

O, wretch shamest thou not to take up the reins
Of the mighty chariot of this life and death !
Fling away thy pride and ambition vast
To move the world in thy cherished path.
He alone has light and strength to guide it right
Be thou His vehicle to be run by His delight.

------------------------

Who is there to gange the depth of The mighty deep?
Who is there to seal Thy Himalayan height?
Who is there to traverse Thy immeasurable vest ?
O, Guru, so deep, so high, so extensive Thou art cast
One standing high above the fiercest forces ragging below,

----------------------

Scattering and shattering times of yore, all around.
Shinest Thou, pure, effulgent, of heavenly Lights
The struggle goes on with bloody cries and yelps
It shakes not Thee from Thy steady gait fo mighty steps
With all embracing Look and unquenchable
You grasp and mould and shape these will uncmprising heaps.

-------------------------

Wandering through the mist of darkness and despair
My soul has come to stayat the harbour of Thy
Safety, peace and proteciton does thy harbour bestows
To my being bewildered in the maze of Thy shttering image.

-------------------------



I call at Thy home
I knock at Thy door,
Take me up O, Lord
Catch me up O, God.
My staff is bent
My legs are brusied,
My head is aching
With the burden of my sins.
Wandering from door to door,
Expelled with shame and mourn,
With a beggar's bowl in my hand,
I rambled through the mase of pain

-------------------

I called and called and called in vain
Till Thou my Master heard my cries of pain
Took pity and extended Thy arms of pain grace
I looked up and saw my Master's loving face

-------------------

A distant call a distant sound
Humming in the aerial globe
Vibrates through all my veins around.
Who has sent it., who has made it ?
This bewitching, this attractive note of never ending Music call ?
Buddha heard it,
Kirshna sang it,
Rishis cauht it,
This mighty word of Thy command.
sing it, O Lord, sing it for ever
Who can take his fill to hear it?
Sing it, O Lord, sing it for ever
This eternal music of Thy eternal game.

Zealously guards the gates of Thy nectar falls
The hydra-headed monster with his miserly eyes
And loathsome mein-a horrible sight
Seated in coils and coils o poisonous tail.
Not a ray not a drop escapes his watchful eyes,
Of Thy effulgents dazzling light, of They aweet nectar fall.
Gloom, despair and darkness all around him reign
Showering daggers of disease and death on Thy. creature
of pa

How long, how long O, Lord will this demon usurp
The golden light of They grace and unbounded joy
How long, how long, O, Lord, will you in sileat
And let this devil have his reign secure?
Take up O, Mighty One, Thy shining lash of twiling gleam
And scatter and shatter these clouds of mind
Send forth from Thy beaming eyes the lustre lances
serene and sharp.
And cut to the quick the coils of the dmon darsh
Shower Thy lustrous light on this blind and groping ear
And bathe it in the nectar-drops of Thy Love nad Mirth.

**11-3-36** **- Bapubhai**

**Celestial Spark of Towering Might**

Throwing power and Light on all
Those who are fortunate to come in Thy Sight,
How Can I show my gratitude
To The mighty hand that has offered the help
Like the flowing stream of Eternal grace
Like the dazzling sun ever sprcad up rays.
Bowed this head with gratitude bent
To thy ever soaring flights of mighty.



O opener of my sight at a knock
of thy live-words of faith and strength
My efforts shall move on in the Line
Plotted with Love, wisdom and care,
Rippling with strength of fountain spring
Thy way is.

**21-11-39** **Pondicherry**

---

**Sarva Vidyalaya, Kadi**

Alone thou hast to cut thy way
Look above the dark is up
weep not on the ruins on thy way
The ignorance is bound to be crushed up.
why mix with the gloomy clashes below
It is not the way to mend them
Rise up and betake the divine halo
That only will make or mar them
The heaps of ignorance are terribly huge
No human efforts can helps to remove them
Why seek for joy and light and life in things
Of mine heart and mind of this nether world
Look up and see that downpour of the effulgent light
Pouring in clusters of divine rays of joy and might
Why obstruct them by raising the dirtier stuff of the below
Let it more fall, perishable world and these higher up.
Rain thy mercy O Mother on the wounded hearts
Like a garden maid pouring water on thirsty plants
Sprinkle flowers of smile on the gloomy world
Like diamond stars on dark shades of night.

**6-9-1942**

Four on pour on, Mighty Shower,
How long have I waited for they power
Dreary and dark was the entangled way
of ignorance ege and desire's way
How wandered I Far Thy blessed Light
To take me safe to Thy Divine Height.
Vacant and weary many a life I passed
With no joy and harmony in my heart
Like a child struggling to find the motehr's lap
I grop in the dark to feel Her hand

‡ ‡ ‡

I want not the treasure's clink
I wish not the beautie's pink.
I crave not the pride of lores
My Mother's lap will give me all

‡ ‡ ‡

The Strength I want
To dispel the dragons
of darkness division and dismay.
The Light I want
To light up this dark horizon
Hanging like a winter cloud
Around my being's sky.
The fire I want
To ignite the smothering fuel
of dull desires and devilish demands.
The peace I want
To reflect the starry heavens
In the pure mirror of my heart
The patience I want
To endure the monotony
For steady march and progress on;
But above these wants
Supreme of all I want
My Motehr's help and
My Father's grace
To empry my age-old cup
And fill it with sweet juice
of nectar bright and strong.

**2-7-1936 Night** **–Bapubhai**

## પ્રકરણ - ૬

# બાપુભાઈનું વ્યક્તિત્વ અને સ્મરાંણજલિ

સાધુચરિત શ્રી બાપુભાઈનો આતમદીપ કડી ખાતે તા. ૯-૫-૧૯૪૩ના રોજ બુઝાયો. તેમનું ચરિત્ર એટલું ઊંચું હતું કે તેઓ મૃત્યુ પામ્યા કે અવસાન પામ્યા તેમ ન લખતાં નિર્વાણપદ પામ્યા તેમ કહું તો કશું ખોટું નથી. આ પુણ્યાત્માએ આ પદને પામતાં પહેલાં આતમપાંખ વીંઝી હતી. અનંત યાત્રાના સહયાત્રી બન્યા હતા. આત્મા અને પરમતત્ત્વ–ઈશ્વરને પામવા માટે, ઓળખવા માટે મહર્ષિ અરવિંદ અને પૂ. માતાજી સાથે સંઘાણ કર્યું હતું તેમને થયેલ સમાધિના અને અનુભૂતિના અનુભવો તે લખી મોકલતા અને અરવિંદના નીકટના સાધક ગિરધરલાલ થકી પામતા. શ્રી ગિરધરલાલ પૂ. અરવિંદ અને પૂ. માતાજી વચ્ચે પૂ.બાપુભાઈ સંબંધો બાંધી આપનાર સેતુબંધ અને સંદેશાવાહક હતા.

આ અનંતયાત્રીનું વ્યક્તિત્વ કંઈક જુદા જ પ્રકારનું હતું. તેમના પ્રિય શિષ્ય ૯૩ વર્ષીય ડૉ. અનામીસાહેબ **'બા', 'ભા' કે 'શા ?'** નામના લેખમાં શ્રી બાપુભાઈના વ્યક્તિત્વ પર પ્રકાશ પાડતાં પાડતાં બીજા અધ્યાપકોની વાત પણ કરે છે.

### 'બા', 'ભા' કે 'શા ?'

અમો ચારેય ભાઈઓને વિદ્યાભ્યાસ કરવાની લગની. એટલે પિતાજીએ એક વાર કહ્યું: 'જુઓ, ખેતીની આવકમાંથી હું ચારેયને શી રીતે ભણાવી શકું ? મેટ્રિક સુધી હું ભણાવીશ. પછી આગળ ભણવું હોય તો કમાઈને ભણો.' અમો ત્રણ ભાઈઓ તો Earn and Learn રીતિએ ત્રણચાર વાર ગ્રેજ્યુએટ થયા, પણ સૌથી ન્હાનો મુંબઈમાં ડૉક્ટરીનું ભણ્યો. એ બધું જ ખર્ચ પિતાજીએ આપ્યું.

પિતાજીના આદેશ અનુસાર મેટ્રિક થઈને હું કડીની સર્વવિદ્યાલયમાં શિક્ષક તરીકે જોડાયો. મારી નિમણૂક કરવામાં ને એકાદ ઈન્ક્રીમેન્ટ વધારે આપવામાં પૂ. ગામીસાહેબે મહત્ત્વનો ભાગ ભજવેલો.

આમ તો બધા જ અધ્યાપકો સાથે મારો સ્નેહસંબંધ સારો, પણ થામણાના

વતની સમાજ સેવકશ્રી બબલભાઈ મહેતાના મિત્ર–કવિવર રવિન્દ્રનાથ ટાગોરના શાન્તિ નિકેતનના સ્નાતક ને અનેકવારના મારા શિક્ષક શ્રી ઉમેદભાઈ રણછોડભાઈ પટેલ સાથે મારો ઘરોબો ઘનિષ્ઠ. 'પરિમલ' અને 'યાત્રિક'ના તખલ્લુસથી તેઓ કાવ્યો ને લેખો લખતા. નૃત્ય ને બંગાળીના વર્ગો પણ લેતા. કડીની ઝવેરી હાઈસ્કૂલમાં શિક્ષક તરીકે નોકરી કરતા શ્રી મગનભાઈ ભૂધરભાઈ પટેલ (પતીલ) એ ઉમેદભાઈના ખાસ મિત્ર ને પડોશી કવિ 'પતીલ' સાથે મારી પણ મૈત્રી જામી...એટલે અમો ત્રણેય મિત્રો રવિએ કાં તો 'પરિમલ' કે કાં તો શ્રી 'પતીલ'ને ઘરે ભેગા થઈ સાહિત્યની ચર્ચા કરીએ ને જે કંઈ લખાયું હોય તેનું સહવાચન કરીએ.

શ્રી ઉમેદભાઈ પટેલ ગુજરાતી, સંસ્કૃત ને ઇતિહાસ શીખવતા. બધા જ અધ્યાપકોમાં બોલવામાં ચબરાક ને રહેણીકરણીમાં પણ અમુક પ્રકારનું ધોરણ જાળવનારા. વિદ્યાર્થી આલમના ઠીકઠીક પ્રેમાદર જીતી શકેલા. મહેચ્છાઓ મોટી, પણ આચાર્ય કે સહ-આચાર્યની શક્યતા સ્વલ્પ એટલે પ્રચ્છન્ન સૂક્ષ્મ કચવાટ રહ્યા કરે. મારી સમક્ષ ફોલ્લા ફોડ્યા કરે ને કચવાટનું 'કૅથાર્સિસ' - વિરેચન થાય. ઘણીવાર એ કચવાટ જોડકણાંરૂપે વ્યક્ત થાય.

એમનો કચવાટ મુખ્યત્વે તો સંસ્થાના સદ્ધર થાંભલા જેવા કેટલાક અધ્યાપકોને કાર્યકર્તાઓ પરત્વે હતો. એટલે એકવાર પદ્ય-જોડકણું સંભળાવ્યું :

**'તમો રે સંસ્થાના થાંભલા**
**અમે નળિયાંની ધૂળ;**
**વાયરો વાશે ને ઊડી જાશું**
**શોધ્યાં જડશે ના મૂળ... તમો રે....**

મેં પૂછ્યું 'તમો'માં તમને કોણ-કોણ અભિપ્રેત છે ?

બે દિવસ બાદ બીજું પદ્ય-જોડકણું લાવ્યા :

**'મારા સમા કૈંક અનેક આવ્યા,**
**ત્હારા સમા કૈંક અનેક આવશે.**
**રે'શે લલાટે લખ્યા લેખ જેવા,**
**વા.કા., છ.કા., શુક., શંકર, ર.ડા. ?'**

વા.કા. એટલે વાલજીભાઈ કાલિદાસ પટેલ; છ.કા. એટલે છગનભાઈ કાલિદાસ પટેલ; શુક. એટલે પોપટલાલ ગુલાબદાસ પટેલ; શંકર એટલે શંકરભાઈ પટેલ (જેઓ દોઢસો વીઘાંની ખેતી સંભાળતા હતા); ર.ડા. એટલે રતિભાઈ ડાહ્યાભાઈ અમીન... ચોથી પંક્તિને અંતે એક ગુરુ અધ્યાહાર રાખેલ... મને કહે : 'બા' મૂકું તો ચાલે ? શ્રી બાપુભાઈ માટે શ્રી ઉમેદભાઈને પૂજ્યભાવ હતો. એટલે કહે : 'અનિવાર્ય તો



ખરા, પણ એમની અધિકાઈએ વાતમાં કે સ્વમાનને ભોગે એ કશે ચીટકી રહેનારા નહીં. અંતરાત્માના અવાજને અનુસરનારા ઑલિયા જેવા...ચાલો ત્યારે આપણે 'બા' સૂચવ્યું...બે મહાનુભવોનો સમાવેશ થતો હતો...પૂ. છગન 'ભા', અને કડીની સંસ્થાની દીર્ઘમાં દીર્ઘ સેવા કરનાર શ્રી ભાઈલાલ ભાઈજીભાઈ પટેલ. આ બંનેય સંસ્થાના અવિચળ સ્થંભ જેવા...ને એકદમ અનિવાર્ય...આખરે મેં કહ્યું : 'બા'ને જવા દો 'ભા'ને જવા દો ને કાવ્યને યોગ્ય કોઈ વ્યક્તિ ન મળે ત્યાં સુધી 'શા' એટલે કે આ ગણાવ્યા - લખી આ રામાયણની પૂર્ણાહુતિ કરો.

પૂ. બાપુભાઈની જેમ શ્રી ઉમેદભાઈ પણ ન્હાની વયે, કાચી વયે અકાળે ગુજરી ગયા. 'મારી જાણ, પ્રમાણે અર્ધી સદી પણ જીવ્યા નહીં. ટાગોર પ્રત્યે મને અભિમુખ કરવામાં એમનો ફાળો હું મોટો ને મહત્ત્વનો સમજું છું.

ઉપર્યુક્ત એમનાં બે પદ્યજોડકણાં પણ માનસશાસ્ત્રીઓને રસ પડે એવાં છે, ભલે કાવ્ય તરીકે એનું કશું જ મૂલ્ય ન હોય.

## તપોભૂમિ - વિદ્યાધામ

તેમના ૯૦ વર્ષીય પૂર્વઆચાર્ય અને શિષ્ય ડૉ. પ્રહલાદભાઈ કસવેકરે 'તપોભૂમિ-વિદ્યાધામ' પુસ્તિકા લખી આ સંસ્થાની મહાનતા અને કાર્યકરો, શિક્ષકોની તેમજ ગૃહપતિ વગેરેની કાર્યશૈલીની ભારોભાર પ્રશંસા કરી છે. તેઓ બાપુભાઈ માટે લખે છે :

કાપડના વણાટમાં ઊભા અને આડા તાણા રહેલા હોય છે. આશ્રમજીવનના આ ઘડતરની સાથે સાથે સર્વ વિદ્યાલયના ગુરુઓ પણ ભાગ ભજવતા. તેમાં ધોરણવાર અકેક ગુરુની મારી પર ઘેરી અસર રહી છે. અને તે વર્ષમાં હું તે ગુરુનો 'પ્રિયદર્શન' બની રહ્યો છું. આશ્રમજીવન અને વિદ્યાલયજીવન જુદાં વરતાતાં જ નહિ. શ્રી ભાઈલાલભાઈ એ વખતે સુઘડતાની મૂર્તિ જેવા, બાપુભાઈની અને પૂજ્ય છગનભાઈની બાજુમાં કામ કરતા બેઠેલા જોવા મળતા. તે દિવસોમાં સાંય પ્રાર્થનામાં હાજરી લેતી વખતે અને દિવસે પુસ્તકાલયમાં અને પ્રસંગોપાત્ત મંડળકાર્યાલયમાં વસ્તુભંડારના હિસાબની લેવડદેવડમાં તેમને મળવાનું થતું. ગુરુજનોએ આપેલી પુસ્તકોની યાદી લઈને જાઉં તો હર્ષભેર યાદી લઈને પુસ્તકો કાઢી આપે. તેમણે મને કદી વર્ગમાં આવી ભણાવ્યો નથી; પણ વિદ્યાર્થીજીવનમાં તેમજ સંસ્થામાં જ્યારે શિક્ષક તરીકે હતો, ત્યારે તેમના સહજીવનમાંથી મને ઘણું શીખવા મળ્યું છે. તેમની આયોજનશક્તિ, વ્યવસ્થાશક્તિ અને ગુણ ગ્રહણ કરવાની શક્તિઓથી તે પૂજ્ય બાપુભાઈના પ્રિય બની ગયેલા તે હું જોતો. સાચે જ બાપુના મહાદેવ.

જ્ઞાનમંદિરમાં આશ્રમના દરવાજામાં પેસતાં ડાબા હાથે બે રૂમોની વચ્ચે બારણું પાડી બનાવેલ પુસ્તકાલયમાં પ્રવેશ કરતાં તેની અંદરની વ્યવસ્થા, શાંતિ અને પવિત્રતાનો લાભ મને ઘણીવાર મળ્યો છે. પૂજ્ય બાપુભાઈના અનુગ્રહને કારણે તેમના સ્વયંસેવક તરીકે કામગીરી બજાવતો અને મારી જ્ઞાનપિપાસા તૃપ્ત કરવા મને પણ એક આસને બેસાડતા. જુદાજુદા વિષયોમાં પારંગત વિદ્વાનો મારફત 'જ્ઞાનસત્રો' યોજ્યા પછી વકતૃત્વ સભામાં મારી તરફ નજર કરતાં હું સહજ રીતે 'પ્રેય અને શ્રેય'ની દૃષ્ટિથી ઉપનિષદની નચિકેતાની કથાની રજૂઆત કરતો. આ વખતે દરેક સાહેબ એકબીજાની સામે જોતા અને માંહેમાંહે બોલતા : આ કોઈ 'સાહેબ' લાગે છે. સાતે વર્ષ માટે સંસ્થામાં મારું નામ 'સાહેબ' બની રહ્યું. આ વર્ષોમાં મારા મિત્રોમાં સર્વશ્રી હૃષીકેશ ઠાકર, ધનાભાઈ વકીલ, હરગોવિંદભાઈ મહેસાણાવાળા, ઈશ્વરભાઈ ખારાઘોડાવાળા, આત્મારામભાઈ, ખોડાભાઈ-માજીધારાસભ્ય, અંબાલાલભાઈ, રતિભાઈ ગામી વગેરે હતા. તેઓ અને અન્ય તે દિવસોમાં સાથે રહેલા મિત્રોનાં ગમે ત્યાં દર્શન થતાં સંસ્થાદર્શન અનુભવું છું. 'જ્યાં જ્યાં વસે એક ગુજરાતી ત્યાં સદાકાળ ગુજરાત' એ કવિવચન સાર્થક થયેલું જોઉં છું.

વડોદરા, ઇન્દોર, અમદાવાદ, બનારસ આમ જુદેજુદે ઠેકાણે છાત્રાલયજીવન મળ્યું છે; પણ 'તીર્થભૂમિ' તો કડીની સંસ્થા જ બની રહી છે. તેની પાછળ તે વખતના આજીવન સંસ્થાના સેવકોનું આત્મસમર્પણ છે. તેમાંના કોઈએ પોતાના શિક્ષણકાર્ય સિવાય બીજી કોઈ સિદ્ધિની ચાહના કરી જ નહોતી. શિલ્પકારની અદાથી સતત ચીવટભરી નજરથી મૂર્તિને કંડારવાનું જ કામ કરતા હતા અને તેમને ફાળે આવેલું કામ કરી બીજાના હાથમાં સોંપતા જતા હતા.

બ્રહ્મા, વિષ્ણુ અને મહેશની ત્રિમૂર્તિ જેવા છગનભાઈ, બાપુભાઈ અને પોપટભાઈમાં પૂજ્ય તો બાપુભાઈ. બાકીના બેને સાંકળનાર કડી સમાન હતા. તેમના સ્મરણમાત્રથી જ મને કઠોપનિષદ્‌નો પેલો પ્રસિદ્ધ મંત્ર યાદ આવે છે :

**आत्मानं रथिनं विद्ध शरीरं रथमेवतु ।**
**बुद्धिं तु सारथिं विद्धि मनः प्रगहमेव च ।।**
**इन्द्रियाणि हयनाहु विषयांस्तेषु गोचरान् ।**
**आत्मेन्द्रियं मनोयुक्तं मोक्तेस्याहुर्मनीषणः ।।**

આત્માને રથમાં બેઠેલો જાણ, શરીરને રથ જાણ, બુદ્ધિને તે રથને હાંકનારો જાણ. અને મનને લગામ જાણ. ઇન્દ્રિયોને જુદા જુદા વિષયોમાં ફરનારા ઘોડા જાણ. સાચો વિચારશીલ આત્મા, મન ઇન્દ્રિય વગેરેને એકી સાથે યોજીને કામ કરે છે.

આચાર્ય બાપુભાઈ ગામી દરેકની સાથે આથી **'યુક્ત'** જણાતા. સૌ કોઈ કહેતા :



''મારા બાપુભાઈ''. મારા દરેક ગુરુજી કામ કરતા પણ તે કાર્ય જાણે કોઈને 'સમર્પણાર્થે' કરતા હોય તેવું લાગતું. મને પણ વિદ્યાર્થીમંડળમાં ઉદ્યાનમંત્રી તરીકે તેમની પાસે રહીને કામ કરવાનું મળ્યું હતું. તે વખતે મારી પાસેથી જે રીતે કામ લેતા તેથી કામ કરવાનો અનેરો આનંદ આવતો. આશાભાઈ નામના મારા એક સહાધ્યાયીને તો એટલો બધો રસ લગાડેલો કે આશ્રમના મકાનની સામે - આજે જ્યાં પૂજ્ય છગનભાની પ્રતિમા છે ત્યાં **'અશોદ્યાન'** નામકરણ કરી તેના રસને પોષ્યો; અને તેવી ભક્તિ અને સેવા આશાભાઈએ બહેચરભાઈને વારસામાં આપી.

પૂજ્ય બાપુભાઈની પાસે વિદ્યાલયમાં સંસ્કૃત અને અંગ્રેજીના પાઠો ભણ્યા, તે ભણતી વખતે તેમના જ્ઞાનની ઝલક કરતાં તેમના હૃદયની સંસ્કારિતા બહુ અસર કરી જતી; અને તેથી કરીને સંસ્કૃત કે અંગ્રેજીની ભાષા કરતાં તે પાઠો અને વાક્યોમાં જે સત્ય રહેલું તેમાં હું ગરકાવ થઈ જતો. એમણે સીંચેલી આ દૃષ્ટિના કારણે મને B.A., તથા M.A.ના અભ્યાસમાં PHILOSOPHYનો વિષય પ્રિય થઈ પડ્યો જે મોટે ભાગે વિદ્યાર્થીને ગહન અને શુષ્ક લાગે છે.

શ્રી અરવિંદના "Essays on the Gita" ૧૯૩૯માં તેમણે મને વાંચવા આપેલા. ત્યારબાદ મેં ગીતા ઉપરનાં જુદાજુદા સંતોનાં અને વિદ્વાનોનાં અનેક ભાષ્યો વાંચ્યાં. તે વખતે મને ખબર નહોતી કે ગીતા વિશે ઊંડું જ્ઞાન લેવા માટેનું આ પ્રથમ સોપાન છે. **આમ, વિદ્યાર્થીને ઓળખી તેની અંદર રહેલી વિશિષ્ટ શકિતનો વિકાસ અને આવિર્ભાવ કરાવતા. પોંડિચેરી આશ્રમમાં જઈ જે સાધના તે કરતા તે કર્મયોગી બની રોજિંદા જીવનમાં ચાલુ રાખતા.** પ્રભાતસંકીર્તન માધવલાલ આદરજવાળા પાસે કરાવતા. આધ્યાત્મિકતા તેમણે કદી ઊભરવા દીધી નથી; ફક્ત કોઈકોઈ વાર માથાના બાલ ત્રણત્રણ માસ સુધી વધી ગયેલા જોયા છે. વેશભૂષામાં છેલ્લાં વર્ષોમાં ખાદીનાં કોટપાટલૂન તેમણે અપનાવેલાં. શ્રી અરવિંદની માફક તેમણે પણ અંગ્રેજોના હિંદીઓના સંસર્ગને આવકાર્યો હતો. મારું નમ્ર માનવું છે કે તેમના આશીર્વાદથી જ સંસ્થાએ મને B.Ed.ના અભ્યાસ માટે વારાણસી મોકલ્યો હશે; એટલે જ ત્યાં જઈ બ્રહ્મવાદિની પરમાત્માસ્વરૂપા શ્રી શ્રી માઁ આનંદમયીનાં ચરણકમળમાં રહેવાનું સદ્‌ભાગ્ય સાંપડ્યું હશે.

આ બધા ગુરુજીઓની સાથે સાથે ધૂમકેતુ જેવા—થોડાક વખત માટે પણ આંજી નાંખે તેવા—ગુરુઓને પણ ભૂલી શકું તેમ નથી. સર્વશ્રી ઇનામદાર, અનામી, અધ્વર્યુ, અંજારિયા, મહેતા વગેરે પણ સંસ્થામાં જોડાવાનું ગૌરવ અનુભવતા. વોરાસાહેબ જેવા પણ સર્વ વિદ્યાલયની વિશાળતામાં રાચતા.

**શું શું સંભારું ! ''પ્રિય સર્વ વિદ્યાલય સોહે ! જ્યાં હૈયે હૈયાં ડોલે !''** સંસ્થાનો

આવિર્ભાવ ત્યાગમાંથી થયો હતો. અજ્ઞાનતિમિર હટાવવાને માટે થયો હતો, જેથી કરીને સંસ્થામાં કામ કરનારને, શિક્ષક કે સંસ્થામાં ભણી ગયેલ વિદ્યાર્થીને ત્યાગનો વારસો મળેલો છે. સંસ્થાનો મુદ્રાલેખ **सेवैव महाव्रतम्** । સાર્થક થયો છે.

સંસ્થાની એક વિશિષ્ટતા એ રહી છે કે સંસ્થાનો અભણ કે ભણેલો–સૌ કોઈ સેવક આદરપાત્ર રહ્યો છે. માલાજી રસોઈઘરના નોકર હોવા છતાં તે અમને પ્રિય હતા. નિવૃત્ત થયા ત્યારે સંસ્થાએ અને વિદ્યાર્થીઓએ તેમની કદર કરી પ્રેમભરી વિદાય આપી હતી; પણ થોડાક ગાળા પછી તેમને સંસ્થા વગર ચેન ન પડ્યું અને ફરી સેવક તરીકે ચાલુ થયા હતા. સોમનાથ કોઠારી, બાપુદાસ, જોઈતારામ, માધવલાલભાઈ વગેરે પોતપોતાના ક્ષેત્રમાં સંપૂર્ણ રહી વિદ્યાર્થીઓની સેવા કરવાની તક કદી ચૂકતા નહિ. કર્તવ્ય બજાવવામાં ઊણપ રહેતી નહિ.

આમ, આખું ધ્રુવસપ્તક–મોટું અને નાનું–'પૂજ્ય બાપુભાઈ'ના ધ્રુવતારકની આજુબાજુ પ્રદક્ષિણા કરતું અને પ્રકાશ રેલાવતું. મહાકવિ ન્હાનાલાલની માફક વધારે શું કહું !

'પુણ્યાત્માનાં ઊંડાણો તો આભ જેવાં અગાધ છે.' ૧૯૪૩થી ૧૯૫૪ સુધી માતૃસંસ્થામાં શિક્ષક અને ગૃહપતિ તરીકે કામ કર્યા પછી છેલ્લા પંદર વર્ષથી આચાર્ય તરીકે પણ જ્યાં ફરજ બજાવી છે ત્યાં સર્વ વિદ્યાલયને સંભારીને કર્તવ્યપાલનમાં રત રહ્યો છું. મારી જાતને જંગમ સર્વ વિદ્યાલય સમજી માતૃસંસ્થાના આદર્શોને અમલમાં મૂકું છું. 'જ્યાં જ્યાં વસે એક ગુજરાતી ત્યાં ત્યાં સદાકાળ ગુજરાત' એ ઉક્તિ સર્વ વિદ્યાલયની સુવાસ અનોખી રીતે ફોરમ આપે છે. 'નિત્ય નૂતન એ ભાસે' ઉદ્‌ગાર વિદ્યાધામને માટે સાચા નીવડ્યા છે. માતૃસંસ્થાનાં હજારો બાળકો તેના ગૌરવ અને શાનને જુગજુગ સુધી સાચવશે એટલું બધું સુકૃત સંસ્થાના પાયામાં સમાયું છે તેની મારું હૃદય સાખ પૂરે છે.

**ॐ भक्तापप्रणाशिन्यै आनन्दधनमूर्तये ।**
**ज्ञानभक्ति प्रदायिन्ये मातस्तुभ्यं नमोनमः ।।**

## મુજ જીવનપંથ ઉજાળ

તેમના નાનાભાઈ શ્રી રસિકભાઈ વિ. ગામીની રૂબરૂ મુલાકાત તો ખરી, પણ તેમણે લેખિત સ્વરૂપે પણ કેટલીક માહિતી મોકલાવી હતી. તેઓ લખે છે : **''પ્રેમળ જ્યોતિ તારો દાખવી મુજ જીવન પંથ ઉજાળ'** આ ભજન એ એમનું મુખ્ય અને માનીતું ભજન હતું. મને શરૂઆતમાં જ સંગીતનો શોખ હતો. આશ્રમમાં અમે સૌ પ્રથમ આવ્યા ત્યારે આશ્રમમાં સંગીતશાસ્ત્રી હતા અને સંગીતના વર્ગો ચલાવતા.



હું પણ સંગીત શીખવા એ ક્લાસમાં જતો. તે શાસ્ત્રીનું જે હારમોનિયમ હતું તે મોટાભાઈએ મારા માટે તે સમયે રૂ. ૩૫ આપીને ખરીદ કરેલું. એ હારમોનિયમ હજી પણ મારી પાસે છે. અને હું તેનો ઉપયોગ કરું છું. શાસ્ત્રીની અટક ભાતખંડે હતી. આવું સાધારણ યાદ છે. ઘણી વખત આ ભજન મને એકાંતમાં બેસાડી, પોતે સામે બેસતા અને હું ભજન ગાતો અને પોતે એકચિત્તથી સાંભળતા. ઘરમાં પણ બ્લેન્કેટની નાની રૂમ બનાવતા, અંદર અરવિંદનો ફોટો, પીન મારી પડદા ઉપર ચોંટાડતા અને સામે ધ્યાનસ્થ થઈને બેસતા.

અમે ત્યારે નાના હતા. ત્યારે અમારા ઉપર ભણવાની જરા પણ ટકોર કરતા નહિ. બલકે અમારા ભણતર તરફ જરાપણ ધ્યાન રાખતા નહિ. ઘણી વખત અમારાં ભાભી ટકોર કરતાં અને કહેતાં નિશાળમાં ૪૦૦ છોકરાઓને ભણાવીને આવો છો અને ઘરના છોકરા કઈ ચોપડીમાં ભણે છે તેનું ધ્યાન પણ તમે રાખતા નથી. આમ છતાં અમે જેમતેમ મોટા થતાં ગયા તેમ તેમ અમારા ઘરનાં બાળકો માટે એમના મનમાં મગજ ઉપર ઘણું દબાણ રહેતું નહિ. અધ્યયનવર્તન ઉપરથી અમને સમજાતું. અમારું બાળપણ આશ્રમમાં વીતેલું, શહેર જોયેલું પણ નહિ. એટલે એક વખત રજાઓમાં ઈનામદારસાહેબને બોલાવીને એમણે કહેલું : મને અને તેમના મોટા દીકરા રતિભાઈને શહેર કેવું હોય તે બાતવી આવો. ઈનામદારે અમને વડોદરા અને અમદાવાદમાં વેકેશનની રજાઓમાં ફેરવેલા. શહેરમાં નોકરી હોય તો છોકરાઓ હોશિયાર બને અને કામ ધંધે વળગી જાય.

ઓડમાં રાષ્ટ્રિય શાળામાં રેંટિયાપ્રવૃત્તિ ખૂબ સારી ચાલતી. છોકરાઓને કાંતતાં શિખવાડવામાં આવતું. અમારા ઘરમાં તો આખું વાતાવરણ જ આ પ્રકારનું હતું - મોટાભાઈ રેંટિયો ફેરવવામાં ઘણાં જ પાવરધા હતા. કાંતતી વખતે અમે સાથે બેસતા. ભાગ્યે જ તાર તૂટે. ઘરમાં પીંજતા, પણ પછી પોતે જાતે પીંજતા. ભાભી પૂણીઓ બનાવે અને અમે પૂણીઓ ગોઠવી કાગળનાં બંડલ બનાવતા. ઘરમાં ખાટલાની પાટી પણ વણાતી. પ્રાથમિક શિક્ષક ડાહ્યાભાઈ, વણાટનું ભણતા હતા એટલે ઘરમાં સાળ નાખીને બે શેતરંજી પણ તૈયાર કરેલી. આ પ્રવૃતિ અહીંયાં ખૂબ હતી. અમારા ઉછેર માટે અહીંયાં પૂરતું ધ્યાન અપાતું સવારમાં મને અને રતિલાલને વહેલા ઊઠવાનું. નાહીને દંડબેઠક પણ કરવાનાં; ગ્રાઉન્ડમાં દોડાવતા. રજાઓમાં ઓડના તળાવે જઈને તરવાનું પણ શિખવાડતા. કડીસંસ્થામાં ગયા પછી આ બધી પ્રવૃત્તિ મંદ પડી ગઈ. કુટુંબ ઉપરની સંભાળ ઓછી થઈ ગઈ અને **મોટાભાઈ સંસ્થાના કામમાં જ એટલા બધા ખૂંપેલા રહેતા કે ઘરની સંભાળ ભાભી રાખતાં ઘરની કોઈ જવાબદારી એમના માથા ઉપર નહોતી. તે ભલા અને આશ્રમ ભલો.** અહીં આશ્રમના કામમાં

જ ચોવીસે કલાક રચ્યાપચ્યા રહેતા એમ કહીએ તો ચાલે. મારા ઘરમાં અમે દેવ તરીકે જ એમની પૂજા કરીએ છીએ. મારા આખા જીવનની પ્રગતિ તેમને આભારી છે. મુશ્કેલીમાં મને તેમના સૂક્ષ્મ આત્માએ મદદ કરી છે. ઘણી શ્રદ્ધાથી અમે તેમનું પૂજન કરીએ છીએ.

## સંસ્થાના બે તપસ્વીઓ

એક હાથે તાળી પડી કદી સાંભળી છે ? એક બળદે ગાડું ખેંચાયેલું જાણ્યું છે ? સ્ત્રી કે પુરુષ વિનાના ઘરની કલ્પના કરી છે ?

સંસ્થાના ઉત્પન્ન થવામાં, તેનો વિકાસ થવામાં, ફૂલીફાલીને સમૃદ્ધ થવામાં જે માનવજોડીએ પોતાનું લોહી રેડ્યું છે તે ભલે આજે આપણી સમક્ષ નથી, છતાં જેને વાચા છે અને સૌ આબાલવૃદ્ધ નરનારી જે એ સંસ્થાનો ઈતિહાસ જાણશે તે કીધા વિના નહિ રહે કે સ્વ. 'ભા'એ સંસ્થાનો સ્થૂલ દેહ ઘડ્યો, તો તેના સૂક્ષ્મ દેહનું સર્જન સ્વ. બાપુભાઈએ કર્યું.

ગાંધીજી-સરદારશ્રીની જોડી ન હોત તો હિંદનો ઈતિહાસ આજ જુદો જ હોત. દક્ષિણામૂર્તિવાળા શ્રી હરભાઈ અને શ્રી નાનાભાઈ ભટ્ટની જોડી ન હોત તો કેળવણીની નવી દૃષ્ટિ આટલી ખીલી હોત કે કેમ એ શંકા છે. કુદરતને પોતાનું જે કાર્ય કરાવવું છે તે આવા માનવો દ્વારા કરાવે છે. કડવા પાટીદાર કોમની જાગૃતિ કુદરતને લાવવી હતી તેથી આવી વ્યક્તિઓને જન્મ આપ્યો. તેમણે સંસારની રંગભૂમિ ઉપર હાજર થઈ સુંદર ભાગ ભજવ્યો. પોતાનું કાર્ય પૂર્ણ થયું એટલે આગળના કામે ચાલી નીકળ્યા.

'ધરતી'નાં મર્યાદિત પાનાં ઉપર બંને તપસ્વીઓનાં જીવનઝરમરનાં સ્મરણો આલેખવાં અશક્ય નહિ તો મુશ્કેલ તો છે જ. તેની સંસ્થાની જીવનઝરમરનાં સ્મરણો આલેખવાં અશક્ય નહિ તો મુશ્કેલ તો છે જ. તેઓ સંસ્થામાં જે તપ તપ્યા છે તેમાં બને અરસપરસ સંસ્થાના વિકાસમાં કેટલાક પૂરક હતા તેનાં મારાં અનેક સંસ્મરણો છે તે બધાં અહીં નોંધી શકું તેમ નથી, છતાં તેમાંનાં બેચાર સ્મરણો એ સૂક્ષ્મ દેહધારી વિભૂતિઓના આદરની ખાતર ઉતારવા પ્રયત્ન કર્યો છે.

મને બંનેની સાથે વર્ષો સુધી કામ કરવાનો લ્હાવો મળ્યો છે તેનો ખૂબ સંતોષ છે. એટલું જ નહિ, પણ કહેવાની તક લઉં કે મારામાં સમાજસેવાના અંકુરોનું સિંચન 'ભા'એ કર્યું છે, તેટલો **કેળવણીને જ જીવનધ્યેય બનાવવામાં સ્વ. બાપુભાઈનો પણ ફાળો છે જ.**

હું ભૂલતો ન હોઉં તો ૧૯૩૬-'૩૭ની સાલ સંસ્થાની કટોકટીની સાલ હતી. લોકમાનસ એવું થયું હતું કે કડીવાળા નાટકચેટક, પ્રવાસો, રમતગમતો જ કર્યા કરે



છે. કોઈ કહેતા પણ ખરા કે, માસ્તરો કાંઈ ભણાવેબણાવે છે કે નહિ ? સારા ભણેલા માણસો પણ સીધી ટીકા કરતા કે, માસ્તરોને અંગ્રેજી ભણાવતાં આવડતું નથી.

એ સમયનો એક પ્રસંગ છે.

'જોઈતારામ ! બાપુભાઈને કહો ને મને જરા મળે.' ભાએ જોઈતારામને બાપુભાઈને તેડવા પોતાના મેઢા ઉપર મોકલ્યા.

'કેમ, તબિયત કાંઈ નરમ છે 'ભા' ? બાપુભાઈએ ૧૫-૨૦ દિવસે બહારગામથી આવેલા ભાને પ્રશ્ન કર્યો.

'ના, હું બપોરની ગાડીએ આવ્યો છું ને પાંચની ગાડીએ ચાણસ્મા તરફ જવાનું હોઈ થોડી વાતચીત માટે બોલાવ્યા છે.' ભાએ વાત ઉપાડી.

'બાપુભાઈ, મને લાગે છે કે આપણે આ મિટિંગે આપણો બોજો કાંઈ હળવો કરીએ.'

'એટલે ?'

'આપણે જો બધી પ્રવૃત્તિઓમાં પહોંચી ન વળીએ અને ખર્ચનો પ્રશ્ન હળવો ન કરી શકીએ તો કંઈ વિચાર કરવો જોઈએ. આમ બજેટની તાણ વેઠવી પડે તે છતાં તાણીતૂસી ભેગું કરીએ ને વળી તેનું ફળ સારું ન જણાતું હોય તો એકાદ ધોરણ શાળાનું ઓછું કરીએ.'

'ખર્ચ તો તમે છો ત્યાં સુધી 'ભા' વાંધો નથી. બીજું હોય તો કહો.'

'બીજું ય છે.'

'શું છે ?'

'છોકરાઓ બહુ નાપાસ થાય છે. ભણતા નથી ને કરેલો ખર્ચ ફોગટ જાય છે.'

'ઠીક, એવી વાતો મારા કાને પણ આવી છે. એનો એક બીજો વિચાર મેં કર્યો છે. ભા ! થોડી તમે કેડ બાંધો ને મને સંસ્થાને આજના જમાનાના વહેણ પ્રમાણેનું મેટ્રિકનું ધ્યેય સ્વીકારવા દો તો તમારી મૂંઝવણ દૂર કરવાની હું બાંયધરી આપું છું.

'ભલે'. મિટિંગમાં આ વાત આપણે મૂકીશું. તેનો ઘટતો વિચાર કરી લેશો.'

બંને સંસ્થાના ચિંતકો છૂટા પડ્યા. આ પછીની મિટિંગમાં આ પ્રશ્ન આવ્યો. ઘણી ચર્ચાઓ પછી મેટ્રિકનું સ્વ. બાપુભાઈનું ધ્યેય સ્વીકારાયું અને તે પછી ઉત્તરોત્તર મેટ્રિકનાં સુંદર પરિણામોથી સંસ્થાની ખ્યાતિ ફેલાણી અને ટીકાકારોનાં મોં કેમ બંધ થઈ ગયાં તે જનતાની જાણબહારની વસ્તુ નથી. બીજા તપસ્વી ભા હતા.

**- ર. ડા. અમીન**

## આચાર્ય દેવો ભવઃ

આજે એક દાયકા પહેલાંની વિદ્યાર્થી અવસ્થાનાં સંસ્મરણોની હારમાળા માનસ પટ પર અંકાય છે ત્યારે હું ઘડીભર વર્તમાનને ભૂલી જઈ ભૂતકાળનાં એ સ્મરણોમાં લીન થઈ જાઉં છું. પાટીદાર આશ્રમ અને સર્વ વિદ્યાલય કડીમાં તે કાળે અનુભવેલું સાદું, સંસ્કારી અને પ્રફુલ્લ વાતાવારણ આજે પણ મને, કોણ જાણે કેમ સ્થળકાળનાં બંધન તોડી, નવો જ આનંદ આપે છે.

કેળવણીના ક્ષેત્રમાં નૂતન પ્રયોગો વીસમી સદીના ઉષાકાળે શરૂ થઈ ચૂક્યા હતા. એ ક્ષેત્રમાં ગુજરાતમાં તો પ્રથમ ખેડાણ સરઢવના એક સામાન્ય પાટીદાર ખેડૂતને હાથે જ થયું. એ વ્યક્તિ તે પૂ. 'ભા' આપણી સંસ્થાના સ્થાપક પૂ. 'ભા' એક અદના સેવક હતા. કીર્તિની કોઈ લાલસા એમને નહોતી. પાટીદાર સમાજની અને ગુજરાતની મૂક સેવા કરવાની એમને તમન્ના હતી. એ તમન્ના ભલે એક સામાન્ય માનવીની હતી, પણ પવિત્ર ભાવનાથી એ ઉજ્જવળ બનેલી તમન્ના હતી. ન જોયો જેણે દિવસ કે ન જોઈ રાત, ન પરવા કરી એણે મુસીબતોની. કેળવણીના તપોવન સમી એક સંસ્થા સ્થાપવાની એને મુરાદ હતી. પ્રયત્નોમાં એણે કદી પાછી પાની નથી કરી. ગુજરાતના 'ગામડે ગામડે' કેળવણીની અહાલેક એણે જગાવી. કેળવણીના આ તપોવનની સ્થાપના માટે મદદાર્થે ઝોળી લઈ એ ખૂંદી વળ્યો સારાય ગુજરાતને. છેવટે આવા એ અનન્ય સેવકના ભગીરથ પ્રયત્નો ફળ્યા ને ગુજરાતને મળ્યું કેળવણીનું આ ભવ્ય તપોવન. એ તપોવન ફૂલ્યુંફાલ્યું ને પરિમલ પ્રસરાવ્યો. એણે ગુજરાતભરમાં. સેવેલાં સ્વપ્નને મૂર્તિમંત જોતાં જ પૂ. 'ભા'ની આંખમાં ઉજ્જવળ હાસ્ય તરવર્યું. વેદકાલીન આશ્રમના ઋષિ માફક, સંસ્થાનાં બાળકોને એમણે પિતૃપ્રેમથી સાચવ્યાં હતાં. એવા પ્રાચીન ઋષિની યાદ આપતા પૂ.'ભા' આજે આપણી વચ્ચે નથી.

સમાજની દૃષ્ટિ છેલ્લાં બે-અઢી દાયકાથી બદલાઈ છે. નવસર્જન માટે સમાજ પ્રયોગશીલ બનતો જાય છે. કેળવણીના ક્ષેત્રમાં પણ અનેક અખતરાઓ થતા જાય છે. આથી સમાજમાં એક મોટો પલટો આવ્યો છે. જનતાનું માનસપરિવર્તન કરવામાં કેળવણીએ મોટો ફાળો નોંધાવ્યો છે. વ્યાપારી ગુજરાત પણ જાગ્યું છે. 'सा विद्या या विमुक्तये ।'ની ભાવનાને મૂર્તિમંત કરવા ગુજરાતમાં કેળવણીનાં અનેક તીર્થધામો અસ્તિત્વમાં આવ્યાં છે. સર્વવિદ્યાલય, કડી કેળવણીના એક જાણીતા તીર્થક્ષેત્ર તરીકે ગુજરાતભરમાં મશહૂર છે. ગુજરાતને એક સુંદર ફાલ આ સંસ્થાએ આપ્યો છે. સેંકડો વિદ્યાર્થીઓના દિલમાં સ્વદેશવત્સલતાનાં બી સમાજની તીર્થભૂમિમાં નંખાયાં છે. ગુજરાતના સાહિત્યને સમાજની સેવા બજાવનાર તાલીમ પામેલા સૈનિકોની એક લાંબી હાર ગુજરાતને આ સંસ્થા પાસેથી મળી છે.



આ પ્રકારની વિશિષ્ટ કેળવણી પામેલો સર્વવિદ્યાલયનો ફાલ પૂ. આચાર્ય શ્રી બાપુભાઈ ગામીની સેવાને આભારી છે. **એક કાબેલ વિદ્યાર્થીમાનસ પરીક્ષક હતા. વિદ્યાર્થીના આખાય જીવનને સ્પર્શવાની કુશળતા એ કેળવણીકારમાં હતી. એમના જેવી પવિત્ર ફરજ બજાવનાર કેળવણીકાર ગુજરાતમાં બહુ ઓછા મળશે.** ગુજરાતના સ્વયં પ્રકાશિત કેળવણીકારોના તારામંડળમાં પૂ. આચાર્ય ગામીનું સ્થાન ઘણું ઊંચું છે. આપણા કમભાગ્યે એ તેજસ્વી તારો આપણી વચ્ચેથી અલોપ થઈ ગયો છે. જેણે બે દાયકા સુધી આપણને પ્રકાશ આપ્યો છે એ પૂ. આચાર્યને આપણે કેમે કરી વીસરી શકીએ તેમ નથી.

આ સંસ્થાએ અઢી દાયકાથી ગુજરાતની સતત સેવા કરી છે. સમયનાં અનેક તોફાનો આ કેળવણીના તપોવન ઉપર વહી ગયાં છે. તેમ છતાં એ લીલુંછમ રહ્યું છે. આ ભવ્ય તપોવનમાં જ્ઞાનગંગાનો એક પ્રચંડ પ્રવાહ અવિરતપણે વધ્યો છે એવો અનંતકાળ સુધી વહેતો રહો. અસ્તુ.

**(તા. ૧૯-૧૧-૪૩) પ્રભાત એમ. દેસાઈ**

સર્વ વિદ્યાલય-કડીના સાધુચરિત આચાર્ય સ્વ. પૂ. બાપુભાઈ ગામી તેમના નિવાસસ્થાન નજીકના પાટીદાર આશ્રમના પટાંગણમાં આસન જમાવીને ધ્યાનમાં લીન થઈ જતા એ યાદગાર મંગલ દૃશ્ય આજે ત્રેપન વર્ષના લાંબા ગાળા પછી તેમની જન્મશતાબ્દી પ્રસંગે મારા સ્મરણપટ પર ઊપસી આવે છે, ત્યારે મારા વાનપ્રસ્થ જીવનમાં હું એક અનેરો ઝબકારો અનુભવું છું.

પ.પૂ. ગામીસાહેબ ઉત્તમ શિક્ષણદાતા ઉપરાંત, વિદ્યાર્થીઓના ખૂબ સજાગ ચારિત્ર્યનિર્માતા હતા એ કેમ વિસરાય ?

તેમનાં ધર્મપત્ની સ્વ. પૂ. ઝવેરબા ખૂબ જ ઉદ્યમી હતાં. સંસ્થાના વિદ્યાર્થીઓ માટે તેઓ અસ્ખલિત વહેતું માતૃવાત્સલ્યનું એક પુનિત ઝરણું હતું.

ઈશ્વરકૃપાથી કિશોરાવસ્થાનાં બે વર્ષ માટે સ્વ. પૂ. બાપુભાઈ અને પૂ. ઝરવેરબાની પવિત્ર શીતળ તરુવર-છાયા મને કડીની સંસ્થાના એક વિદ્યાર્થી તરીકે પ્રાપ્ત થયેલી.

સ્વ. પૂ. આચાર્યશ્રી બાપુભાઈ પ્રત્યેના ભક્તિભાવથી પ્રેરાઈને ડૉ. મંગુભાઈ પટેલ (રીડર, ઇતિહાસ વિભાગ, ગુજરાત યુનિવર્સિટી)એ ''ઉમિયાદર્શન''ના માધ્યમ દ્વારા ''સાધુચરિત્ સ્વ.આચાર્યશ્રી બાપુભાઈ ગામી''વિષેની પ્રેરણાદાયી જીવનઝલક એકત્ર કરવાનો ઘણો બધો ઉત્સાહ દાખવ્યો છે. એકત્ર થતી જતી આ જીવનઝલકને પુસ્તક પ્રકાશનનો યોગ સત્વરે પ્રાપ્ત થતાં, યુવાપેઢીને તેમાંથી ભરપૂર પ્રેરણા મળી રહેશે તે વિષે મને પૂર્ણ શ્રદ્ધા છે.

**પ્રભાતકુમાર દેસાઈ**

## વત્સલમૂરત ગુરુજી પૂ. ગામી

પૂજ્ય બાપુભાઈ ગામી કડી-સર્વવિદ્યાલયના મારી ભણતર વેળાના આચાર્ય યાને મારા ગુરુજી. સને ૧૯૩૧થી સને ૧૯૪૧ સુધીના મારા અભ્યાસકાળના શિક્ષક, સાવ સાદા પોશાકમાં રહેનાર અને દમામ કે દેખાવથી દૂર રહેનારા. અંતર્મુખ વધુ લાગતા, પણ ચહેરો પ્રસન્નમધુર ને પ્રેમવહાલથી ભર્યો ભર્યો. શ્રી અરવિંદના અનુયાયી ને માતાજીના ઊંડા સાધક એટલે સાધુચરિત વધુ લાગતા. સ્વભાવે શરમાળ ને એકાંતપ્રિય; વળી મિતભાષી પણ સન્મુખ આવે ત્યારે આપોઆપ વંદન કરવાનું મન થઈ આવે. એમનાં વહેવાર-વર્તન એટલાં સાહજિક જેટલાં ફૂલને ખીલવું ફોરવું ને અબોલ રહેવું.

હું, બાબુભાઈ ધનાભાઈ, હર્ષદભાઈ પોપટલાલ, તુલસીદાસના ભાણેજ નટુભાઈ વગેરે દર વર્ષે એક જ વર્ગમાં ભણતા અને ક્રમશઃ મેટ્રિક સુધી આગળ વધતા રહ્યા. અમે આજે છે એ આશ્રમ કે છાત્રાલય એ ત્યારે શાળાનો ભાગ અને એમાં આગળના ભાગે પૂજ્ય ગુરુજીનો નિવાસ. અમે મેટ્રિક વેળા બરાબર ઉપરના ભાગના વર્ગખંડમાં અને બાપુભાઈસાહેબના નિવાસના પાછલા ભાગમાં એમણે જાસૂદનું ઝાડ રોપેલું. કદાચ માતાજીની અભ્યર્થનામાં જાસૂદનો મહિમા હશે. મને એ જાસૂદના ઝાડ ઉપર ખીલતું જાસૂદ ગમતું અને એની કોમળતામાં ને ઘેરા લાલ રંગમાં બાપુભાઈસાહેબનું વ્યક્તિત્વ ડોકાતું. ઘણી વાર મન થાય એ જાસૂદનું ફૂલ ચૂંટીને એમના નિવાસખંડમાં શ્રી અરવિંદ અને માતાજીની છબીઓ આગળ મૂકી આવું, પણ એવું કરવાની હિંમત ન ચાલતી.

બાપુભાઈસાહેબ હરેકને ચાહતા ને સામે મળીએ તો મોં પર પ્રસન્નતાનો ભાવ ધારણ કરી સ્મિત વેરતા; એમ મને પણ હું સામે જાઉં તો આવકારતા. તેઓ અમને અંગ્રેજી કંપોઝીશન શીખવતા. અંગ્રેજી ગ્રામર પૂજ્ય છગનભાઈસાહેબ શીખવતા. જોકે એસે (નિબંધ) બાપુભાઈ સાહેબ શીખવતા. એક વેળા એમણે વર્ગમાં જ સૌને નિબંધલેખન આપ્યું. વિષય આપ્યો : ઈફ આઈ વોઝ એન ઈન્ડિયન કિંગ (હું દેશી રજવાડાનો રાજવી હોઉં તો). એ વેળા કડીમાં નવી નવી કૃષ્ણ ટૉકીઝ શરૂ થયેલી ને એમાં ફિલ્મો આવતી તે જોવા તો ઓછી મળતી પણ શાળાએ જતાં એનાં જાહેરાતનાં પાટિયાં જોતા ને અજાણતાં એની અસર થતી. એટલે મેં મારા નિબંધલેખનની શરૂઆત કરી. ઈફ આઈ વોઝ એન ઈન્ડિયન કિંગ આઈ વુડ લાઈક ટુ મેરી વિથ પ્રભાત ફેઈમ શોભના સમર્થ. બાપુભાઈસાહેબે નમૂના દાખલ પાસેનો નિબંધ માગ્યો. વચ્ચે એક ઘટના બની. અમારી સાથે ત્રણ વિદ્યાર્થિનીઓ ભણતી. પણ એ વખતની સ્વયંનિર્મિત આમન્યા કે એમની સાથે ન બોલાય અને તેથી હું



ઉતાવળથી નોટ લઈ ગુરુજીને આપવા ગયો. ત્યાં નોટ એક વિદ્યાર્થિનીના ડેસ્ક ઉપર પડી ગઈ. ત્યાંથી ઉપાડી ગુરુજીને આપવાની હિંમત ન ચાલી. વિદ્યાર્થિનીને પણ એ નોટ ઊંચકીને ગુરુજીને આપવાની હિંમત ન ચાલી. ગુરુજીએ આગળ આવી જાતે નોટ લીધી ને મોટેથી વાંચ્યું. પહેલું જ વાક્ય એમણે જાહેરમાં તો વખાણ્યું કે તમે દેશી રાજાની ખાસિયત સરળ દાખવી છે; પણ શાળા પૂરી થાય ત્યારે મળજો. હું શાળા પૂરી થયે મળ્યો. ત્યારે એમણે પૂછ્યું : 'ફિલ્મો જુઓ છો ? 'મેં કહ્યું : 'સાહેબ, ફિલ્મ જોવા જેવી તો અમારી આર્થિક સ્થિતિ નથી, પણ જાહેરાતનાં પાટિયાં જોઉં છું.' એમણે મર્માળી શીખ આપી : 'ફિલ્મ કે પાટિયાંથી દૂર રહો એમ ઇચ્છું છું. તેજસ્વી થવું હોય તે ફિલ્મથી દૂર રહેવું.' આટલી વાતચીતથી એમની ને મારી વચ્ચેનું અળગાપણું છૂટ્યું ને મને જીવનઘડતરની ઉમદા શીખ મળી.

દૂરતા ઘટી એટલે અવારનવાર હું એમને મળતો ને એમની પાસેથી કઈ રીતે વધુ વાંચી મેટ્રિકમાં આગળ આવવું એ મેળવવા શક્તિમાન થયો.

ખૂબ મહેનત કરી મેટ્રિકની પરીક્ષા વડોદરે જઈ આપી અને પરિણામ વેળા ખૂબ ઊજળું પરિણામ આવ્યું. ભાષામાં સમગ્ર બોર્ડમાં પ્રથમ આવ્યો.

એ વેળા અમને શ્રી મોતીભાઈ પટેલ પણ ભણાવતા ને તેમની દોરવણીનો પણ મેં લાભ લીધેલો. મેટ્રિકનું પરિણામ આવ્યું એટલે હવે શું કરવું એને માટે શ્રી મોતીભાઈસાહેબની દોરવણી લીધી. મેં કહ્યું : 'સાહેબ, પરિણામ સારું આવવાથી મારી નાતમાં પણ વાહવાહ થઈ છે ને મારો વિવાહ પણ નક્કી થયો છે. હવે કૉલેજ કરું કે નોકરી કરું ?' શ્રી મોતીભાઈસાહેબે સલાહ આપી : 'મને અહીંથી વીસનગરની સર્વ વિદ્યાલય શાખામાં આચાર્યપદ મળ્યું છે. તમે અરજી આપો ને હું તમને શિક્ષક તરીકે નિમણૂક અપાવી દઈશ.' મને થયું કે, શ્રી બાપુભાઈસાહેબની પણ સલાહ લઉં. હું એમને મળ્યો ને વિગત કહી. એ વખતે વહેલા વિવાહ થતા અટકાવવાની ઝુંબેશ ચાલતી ને શ્રી બાપુભાઈસાહેબ પણ સુધારાના પ્રવાહમાં ભળેલા હતા એટલે બોલ્યા : 'પહેલું કામ તો તમારો વિવાહ ફોક કરવાનું કરો અને બીજું કામ કૉલેજમાં પ્રવેશનું ફોર્મ ભરવાનું કરો. તમારી આર્થિક સ્થિતિ નબળી છે એ રૂ મહાજન તરફથી સાંકળચંદ પટેલ દ્વારા તમને આર્થિક મદદ મળી છે તે પરથી જાણું છું પણ મૂંઝાયા વિના ભણવા તરફ જ લક્ષ્ય રાખો ને વીસનગરની કે બીજી નોકરીની લાલચ છોડી દો.' મને ગુરુજીમાં વિશ્વાસ હતો એટલે એમની સલાહને અનુસર્યો ને અમદાવાદની એલ.ડી. આર્ટ્સ કૉલેજમાં પ્રવેશનું ફોર્મ ભર્યું.

પ્રવેશ મળ્યો ને જ્ઞાતિની એક વાડીમાં મફત રહેવાનું પણ મળ્યું, પણ ભોજનના ખર્ચનો પ્રશ્ન થયો. હું ફરીથી શ્રી બાપુભાઈસાહેબને આ પ્રશ્નના ઉકેલ માટે મળ્યો.

એમણે કહ્યું : 'ખાનગી ટ્યૂશન કરજો ને એનાથી ભોજનખર્ચ કાઢજો. તમારી કૉલેજમાં સ્વામીનારાયણસાહેબ છે તેમને તમારા માટે ભલામણ કરીશ. વધારામાં અમદાવાદની પ્રોપ્રાયટરી હાઈસ્કૂલના આચાર્ય દીવાનસાહેબ મારા મિત્ર છે તેમના ઉપર ભલામણપત્ર લખી આપું છું. તે તમને ગમે તે રીતે ટ્યૂશન અપાવશે.' બધું સમું સૂતરું પાર પડ્યું ને સ્વામીનારાયણ સાહેબ તથા શ્રી જીવણલાલ દીવાનસાહેબની સહાય પણ મળી. પછી તો હું ભણ્યો ને કૉલેજ શિક્ષણ પણ પાર પાડ્યું.

આવી હતી શ્રી બાપુભાઈ ગામી સાહેબની વિદ્યાર્થી-વત્સલતા ને સક્રિય સહાયની સાધુચરિત ભાવના.

હું કેમ ભૂલી શકું એમની વિદ્યાર્થી-ચાહના કે જેને લઈ હું આગળ ભણી જીવનમાં આગળ સ્થાનો પામી શક્યો ?

પ્રા. રતિભાઈ નાયક

## પિતા ત્વમેવ

ઈ.સ. ૧૯૩૪માં જ્યારે હું મેટ્રિકમાં આવ્યો ત્યારે 'સર્વ વિદ્યાલય'માં મેટ્રિકના વર્ગો નહોતા. ઈ.સ. ૧૯૩૩માં મારા મોટાભાઈ (મણિભાઈ પટેલ) મેટ્રિકનું ભણવા કડીથી અમદાવાદ ગયા. અમદાવાદની પ્રખ્યાત રાષ્ટ્રીય શાળા પ્રોપાયટરીમાં કડીના ઘણા વિદ્યાર્થીઓ દાખલ થયેલા. શ્રી જીવણલાલ દીવાન અને શ્રી બલ્લુભાઈ ઠાકોર- એ હાઈસ્કુલના કર્તાપુરુષો, રાષ્ટ્રીયતાના રંગે રંગાઈ ગયેલા એટલે સર્વ વિદ્યાલયના વિદ્યોર્થીઓને આ શાળા વધુ માફક આવતી. મારા વડીલ બંધુના પગલે મેં પણ તે શાળામાં દાખલ થવાનુ નક્કી કર્યું ને કડી છોડતાં પહેલાં આચાર્યશ્રી ગામીને મળવા ગયો. તો એમણે મને સલાહ આપી : 'જુઓ, અમદાવાદ જેવું ધમાલિયું શહેર તમારી પ્રકૃતિને અનુકૂળ નહીં આવે. પાંચ સાલ તમો અહીંના આશ્રમમાં રહીને ભણ્યા છો. આવું વાતાવરણ તમને આણંદની ચરોતર એજ્યુકેશન સોસાયટી સંચાલિત શ્રી દાદાભાઈ નવરોજજી હાઈસ્કૂલમાં મળી શકશે. એ વાતાવરણમાં તમારો વિકાસ સારો થશે એમ મને લાગે છે.મારી સલાહ ને ઇચ્છા એવાં ખરાં કે અમદાવાદને બદલે તમો આણંદ જવાનું વિચારો.'

મને વિચારમાં પડેલા જોઈ કહે : 'ઘરેથી તમારાં માતાપિતાની અનુમતિ મેળવ્યા પછીની બધી જવાબદારી મારી. એ સંસ્થામાં મારા કેટલાક મિત્રો છે જે તમારી ખૂબ કાળજી રાખશે. માનસિક રીતે તમો તૈયાર થાઓ પછી મને મળશો.''

માતાપિતા કરતાં મારે ખાસ સલાહ-સંમતિ તો મારા વડીલ બંધુનાં લેવાનાં હતાં. એમને કાને વાત નાખતાં કહે : 'ગામીસાહેબ જેમ ઇચ્છે તેમ તું કર. આજે



તો આપણે માટે એ પિતાથીય વિશેષ છે. પાંચ સાલથી એમણે તારા વિકાસમાં સક્રિય રસ લીધો છે. તારી કારકિર્દીના આ છેલ્લા વર્ષમાં તું એમના માર્ગદર્શન પ્રમાણે ચાલે એમાં જ તારું શ્રેય છે.'

પિતાજીની અનુમતિ લઈ હું ગામીસાહેબને મળ્યો ત્યારે તેમણે મને ચીખલીના શ્રી રામભાઈ ગલાભાઈ પટેલ, જેઓ ચરોતર એજ્યુકેશન સોસાયટીની આણંદની ડી.એન.હાઈસ્કૂલમાં જવાબદારીભર્યું સ્થાન ધરાવતા હતા તેમના પર ભલામણચિઠ્ઠી લખી આપી. અંગ્રેજી અને સંસ્કૃત સાથે બી.એ. (ઑનર્સ) થયા બાદ કારકિર્દીની શરૂઆતમાં ગામીસાહેબે ઓડની રાષ્ટ્રીય શાળામાં અધ્યાપક તરીકે નોકરી કરેલી ત્યારે આ રામભાઈસાહેબ એમના સહઅધ્યાપક હતા. પૂરા રાષ્ટ્રીયતાના રંગે રંગાયેલા અને આદર્શવાદી-ભાવનાવાદી અધ્યાપક. ગામીસાહેબની ભલામણચિઠ્ઠી વાંચીને એમને અનહદ આનંદ થયો અને મને પ્રેમભર્યા ઉમળકાથી સ્વીકારી લીધો. રામભાઈ સાહેબમાં મને ગામીસાહેબનું દર્શન થયું. ગંભીરપણે અભ્યાસ કરવાની અહીં બધી જ અનુકૂળતાઓ હતી. વિદ્યાર્થી આશ્રમ, કડી કરતાં અહીંનું વાતાવરણ જરા લવચીક લાગ્યું પણ એ તો કડી અને આણંદની વિશેષતા-મર્યાદા હોય ! રામભાઈસાહેબ એમની અંગત લાયબ્રેરીમાંથી વાંચવા મને પુસ્તકો આપે. શ્રી રમણભાઈ નીલકંઠના 'કવિતા અને સાહિત્ય'ના ચાર ભાગ એમણે મને આપેલા. વિદ્યાનગરના વિશ્વકર્મા શ્રી ભાઈલાલભાઈ દ્યાભાઈના જમણા હાથ જેવા શ્રી ભીખાભાઈ કુબેરભાઈ પટેલ અમારા આચાર્ય હતા. એ પણ પૂ. ગામીસાહેબના ઓળખીતા હતા. ગુજરાત વિદ્યાપીઠના સ્નાતક શ્રી ચંદુભાઈ રાવજીભાઈ પટેલ અમારું ગુજરાતી લેતા.... એ પણ કડીના શ્રી પોપટભાઈ ગુલાબદાસ પટેલ અને શ્રી છગનભાઈ કાળીદાસ પટેલને ઓળખે. આ બધા જ અધ્યાપકો મારામાં અંગત રસ લેતા હતા તે પૂ. ગામીસાહેબના સ્નિગ્ધ સંબંધને કારણે. આણંદના આ બધા જ સંબંધો અદ્યાપિપર્યન્ત મને ફલદાયી નીવડ્યા છે. સાડાત્રણ દાયકાની મારી અધ્યાપકીય કારકિર્દીગીમાં એ બધાનો સિંહ હિસ્સો છે. આ બધાનું શ્રેય પૂ. ગામીની દૂરદષ્ટિ અને પિતાતુલ્ય વાત્સલ્યને ફાળે જાય છે. એટલે જ અંતર ગાઈ ઊઠે છે : **પિતા ત્વમેવ ।**

**પ્રો. રણજીત અનામી**

## માણ્યું તેનું સ્મરણ કરવું એય છે એક લહાવો

આપણી સંસ્થા ક.પા. કે. ઉ. મંડળ તથા સર્વ વિદ્યાલય કેળવણી મંડળ, કડીના આદ્ય સ્થાપકોની ત્રિપુટીમાં પૂજ્ય છગનભા, પૂ. માધવજી, પૂ. ધનશા ભગત (પાછળથી પૂ. ધનરાજગિરિ સ્વામી, મેડા આદરજવાળા) હતા. તેમ આપણી કેળવણીની સંસ્થા

પાટીદાર વિદ્યાલય જે પાછળથી સર્વ વિદ્યાલય હાઈસ્કૂલ થઈ તેના ભૂતપૂર્વ આચાર્યોની ત્રિપુટી વિશે મારે થોડી માહિતી આપવી છે.

શાળાની શરૂઆત સને ૧૯૨૨માં થઈ. તે વખતે જે શિક્ષકો કામ કરતા હતા તેમાંથી દર વષે આચાર્યોની નિમણૂક સંસ્થાની સાધારણ સભા કરતી હતી. સને ૧૯૩૫માં વિદ્યાલયને સંપૂર્ણ હાઈસ્કૂલમાં રૂપાંતર કરી ત્યારે પૂ. બાપુભાઈ ગામીને આચાર્યપદે નિયુક્ત કર્યા. શિક્ષકો ઘેરથી તેમને ભણાવવાના વિષયો બરાબર તૈયાર કરીને આવે. દરેક ભાષામાં લેખનની નોટબૂકો રખાવે અને બાળકનું વ્યક્તિગત ધ્યાન રાખીને તેને માર્ગદર્શન આપતા હતા. તે વખતે મેથ્સમાં એલ્જિબ્રા, જ્યોમેટ્રીના વિષયમાં ઘણા વિદ્યાર્થીઓ સોમાંથી પૂરેપૂરા સો ગુણ મેળવતા હતા. મેથ્સ પોપટભાઈ શીખવતા. ૧૯૩૬માં રાજ્યમાં આપણી શાળા પ્રથમ વખત મેટ્રિક્યુલેશનની પરીક્ષા યુનિવર્સિટી દ્વારા લેવાતી તેમાં વડોદરા રાજ્યમાં પ્રથમ નંબરે આવી. ત્યારથી આખા ગુજરાતમાં આપણી હાઈસ્કૂલની ખ્યાતિ વધી. વિદ્યાર્થી આશ્રમ અને શાળામાં ઉત્તરોત્તર સંખ્યા વધતી ગઈ. જરૂર પડે તેમ મકાનોની વૃદ્ધિ થતી ગઈ. તે વખતે એસ.એસ.સી. વર્ગનું પરિણામ ૯૦ થી ૯૪ ટકા જેવું ઉજ્જવળ આવતું હતું.

આચાર્યશ્રી બાપુભાઈનું જીવન ઋષિ જેવું હતું. હાલના આશ્રમના મુખ્ય દરવાજાના મેડા ઉપર હાઈસ્કૂલ ચાલતી. તેની સીડીની પશ્ચિમ બાજુએ નાની રૂમ છે. તે રૂમ તેમની તથા કલાર્ક (તે વખતે હું)ની ઑફિસ હતી. ઉત્તર બાજુના ખૂણામાં આચાર્યશ્રીનાં ટેબલ-ખુરશી, અને લોબી બાજુએ ક્લાર્કની ખુરશી રહેતી. વચ્ચે થોડી જગા રહેતી તે ભાગમાં એક કૉટ (પાટ) ઉપર શેતરંજી તથા નાનો તકિયો રહેતો. તે પાટ ઉપર આચાર્યશ્રી બાપુભાઈ શાળા ચાલુ ન હોય ત્યારે આરામ-ચિંતન કરતા. રાત્રે પણ તે જ કૉટ ઉપર શયન કરતા. ઘેર ફક્ત બે વખત જમવા જઈ આવતા. તેઓ પગાર પણ પોતાની પાસે ન રાખતા, મારી પાસે રહેતો. જરૂર પડે તેમ તેમના ઘેરથી બાળકો પૈસા લઈ જતાં. બાળકો અને શિક્ષકોને જરૂર હોય તો તેમની પાસેથી પૈસા લઈ જતા. કોઈ દિવસ તેમણે પૈસા કોઈના પાસેથી પરત પણ માગ્યા નથી. આવા ઉદારચરિત તેઓશ્રી હતા. તેઓ પૂ. અરવિંદના ભક્ત હતા. વેકેશનમાં તેઓ પોંડિચેરી આશ્રમમાં જતા. ઑફિસમાં તેમના સૂવાના કૉટ સામે શ્રી અરવિંદનો ફોટો રાખતા, તેની સામે બેસીને હંમેશાં ચિંતન કરતા. ૧૯૪૨માં ૪૮ વર્ષની ઉંમરે તેમનું નિધન તે જ કૉટ ઉપર શ્રી અરવિંદનાં દર્શન કરતાં કરતાં થયેલું. સંસ્થા કેમ આગળ વધે ? પરિણામો કેમ સારાં આવે તેનું ચિંતન હંમેશાં કરીને શિક્ષકોને માર્ગદર્શન આપતા. પોપટભાઈસાહેબ સંસ્થાના મંત્રીપદે રહેલા. બાપુભાઈના અવસાન પછી એક વર્ષ માટે શાળાની બાગડોર પોપટભાઈએ સંભાળેલી. સંસ્થા માટે ફાળો એકત્ર કરવા



પૂ. છગનભાઈ સાથે પોપટભાઈ ગામેગામ જતા, જેથી સંસ્થામાં પૂર્ણ સમય સારી રીતે ધ્યાન રાખીને પ્રગતિ કરાવી શકે તે **માટે નાથાભાઈને આચાર્ય બનાવ્યા. તેઓ પણ ઋષિ જેવા હતા. દરેક વિષયમાં પારંગત.** અવેજી તાસમાં પણ વર્ગોમાં જઈને અભ્યાસ કરાવતા. આશ્રમમાં બહાર ખુરશી નાખીને બેસે. બાળકોને ન આવડતા પ્રશ્નો સરળતાથી સમજાવતા. આશ્રમના રસોડામાં થતી રસોઈ ચકાસે, બાળકો જમી રહ્યા પછી જ ઘેર જઈને જમીને શાળામાં જતા. પ્રવાસના ખૂબ શોખીન....ભારતના પ્રત્યેક રાજ્યોનો પ્રવાસ રેલવે દ્વારા બાળકોને કરાવેલો. પ્રવાસનું આયોજન ઘણું સારું કરતા. એથી બાળકોને પ્રવાસ સ્મરણીય બની રહેતો. સારી સંસ્કારી ફિલ્મોનું નિર્દેશન કરતા. આદર્શ અધ્યાપક, કુશળ વહીવટકર્તા અને વાત્સલ્ય અને લાગણી ધબકતું હૃદય સૌને તેમના કરી દેતું. માંદગી હોવા છતાં ધો. ૧૧ના બધા વર્ગોને ભેગા કરીને લાઉડસ્પીકર દ્વારા ભણાવતા. બહારનાં પુસ્તકોનું વિશેષ વાચન કરાવતા. સહકાર્યકરો સાથે પણ સૌજન્યશીલ વ્યવહાર ધરાવતા હતા. સંસ્થાના આવા ઋષિઆચાર્યોની પરંપરા સૌને પ્રેરણા આપે તેવી છે. સંસ્થાના ગૌરવભર્યા ઇતિહાસમાં આ આચાર્યત્રિપુટી હંમેશાં સ્મરણીય અને પ્રેરક બની રહેશે.

બાપુભાઈની ટપાલ ને ચિઠ્ઠી મારા ઉપર અવી કે અમારે હાઈસ્કૂલમાં નવા ક્લાર્કની જગા ખોલવાની છે. જો તમારે જોડાવાની ઈચ્છા હોય તો તમારી નિમણૂક કરીએ. પગાર હાલ બીજાને રૂ. ૨૫૧ માસિક આપીએ છીએ પરંતુ તમને રૂ. ૨૮૨ આપીશું. જોડાવાની ઈચ્છા હોય તો તુરત આવી જાઓ કે ટપાલથી જવાબ આપો. દક્ષિણમાં એટલે દૂર કાયમ રહેવાની ઈચ્છા ન હોવાથી હું ત્યાંથી છૂટો થઈ તા.૧૫-૬-૧૯૩૬ થી આપણા વિદ્યાલયમાં હાઈસ્કૂલમાં ક્લાર્ક તરીકે જોડાયો. (હિસાબનીસ, ક્લાર્ક, લાયબ્રેરિયન બધું) ત્યાં ત્રણ વર્ષમાં મારું હિસાબી કામ વગેરે જોઈને મને કેમ્પસમાં આવેલી તમામ સંસ્થાઓનું હિસાબીકામ સોંપ્યું. તે વખતે કામ જોવાતું. પગાર જોવાતો ન હતો.) તે વખતના એક રૂપિયાની કિંમત ૧ રૂપિયામાં અઢી શેર (૧ કિલો ઉપર) ચોખ્ખું ઘી ભેંસના વલોણાનું મળતું. ને ડાંગર મારા ગામ મેડા આદરજથી ગાડામાં ભરી કડીના બજારમાં ખેડૂત પોતાના ખર્ચે લાવે ત્યારે ૧ મણ (૨૦ કિલો)ના આઠ આના (૫૦ પૈસા) મળતા. તે વખતની તથા અત્યારની તુલના કરી જુઓ.

બાપુભાઈ ૧૯૩૬ના જૂનમાં અહીં હતા ત્યારે તેમને રૂ. ૬૦ પગાર મળતો. તે વખતે તેમને કંઈક મનઃદુખ થયું હશે તેથી અમદાવાદ માણેકચોક રેંટિયાવાડીમાં શ્રી રતિલાલ ત્રિવેદીએ નવી ખોલેલી હાઈસ્કૂલમાં જોડાયા. પરંતુ સંસ્થાના વ્યવસ્થાપકો તેમને સમજાવી કડી પાછા લાવ્યા. તે વખતે તેમનો પગાર રૂ. ૮૦માંથી

રૂ. ૧૦૦ કરી આપ્યો. ૧૯૩૬થી ૧૯૪૩ના મે માસમાં શ્રી અરવિંદનાં દર્શન કરતાં કરતાં ૪૮ વર્ષની નાની ઉંમરે તેમનામાં વિલીન થઈ ગયા.

શ્રી ગિરધરલાલ (આખું નામ ખબર નથી) શ્રી અરવિંદ આશ્રમ, પોંડિચેરીના અંતેવાસી હતા. તેઓ તે વખતે કાયમ આશ્રમવાસી તરીકે પોંડિચેરી શ્રી અરવિંદના સાન્નિધ્યમાં રહેતા. પૂ. બાપુભાઈ શ્રી અરવિંદના જન્મદિવસે ને દિવાળી વેકેશનમાં દર વર્ષે બે વખત પોંડિચેરી શ્રી અરવિંદનાં દર્શને જતા. દિવાળી વેકેશનમાં તો આખું વેકેશન ત્યાં રહેતા. તેઓ કાયમ શ્રી અરવિંદનાં લખેલાં પુસ્તકોનું વાંચન, ચિંતન કરતા. પૂ. બાપુભાઈને શ્રી અરવિંદ આશ્રમનું ઘેલું લગાડવામાં શ્રી ગિરધરલાલ મુખ્ય હતા. તેમની સાથે તેમને કાયમ પત્રવ્યવહાર ચાલતો. પત્રો મેં વાંચેલા નહિ તેથી તેના લખાણની માહિતી નથી.

તેમનામાં એવું વ્યક્તિત્વ હતું કે સાથે મળનાર માણસ તેમનાથી પ્રભાવિત થઈ જાય. તેમની ટપાલના પ્રત્યુત્તરમાં હું ૧૯૩૬ના જૂનની ૧૫મીએ સંસ્થામાં ક્લાર્ક કમ હિસાબનીસ તરીકે જોડાયો. અમારી બંન્નેની ઑફિસ મેડા ઉપર સીડીની પશ્ચિમ બાજુએ પાસેપાસે હતી. ૧લી તારીખે પગારપત્રક ઉપર ફક્ત સહી કરે. કેટલી રકમ છે ? શું કરવાનું છે ? તેની કંઈ વાત ન કરે. ઘરખર્ચ માટે જરૂર પડે તેમ તેમનાં ધર્મપત્નીને મોકલી આપતો. તેમના સ્વર્ગવાસ પછી મારી પાસેની પેટીમાં જે કંઈ રકમ પડી હતી તે તેમનાં ધર્મપત્ની ઝવેરબાને સોંપી દીધી. શ્રી અંબાલાલ ઈનામદાર ત્યારે વ્યાયમશિક્ષક સર્વ વિદ્યાલયમાં હતા ને તેમનાં બીજાં લગ્નને કારણે તેઓ ત્યાંથી છૂટા થયેલા. તેઓ અવારનવાર પૂ. બાપુભાઈ પાસેથી ઉછીનાં નાણાં લઈ જતા. પરંતુ કોઈ વખત પાછાં આપવા આવ્યા મેં જાણ્યા નથી.

ફરી કંઈ જરૂર પડે તો લખશો. આટલી ઉંમરે વાંચવાનો-લખવાનો કંટાળો નથી. તમે નાથાભાઈના પ્રિય વિદ્યાર્થી હતા. દાસકાકા જેવું તેમનું જીવનચરિત્ર પણ લખશો.

**- માધવલાલ પ્ર. પટેલ (કડી)**

## સાધુચરિત સ્વ. ગામી

'પૂ. ગામી દેવશરણ થયા.'- સમજી શકાતું નથી કે આમ કેમ બન્યું ? છતાંયે માનવું તો પડે જ છે. હજુ ચાર દિવસ અગાઉ તો જ્યારે અમો કડીમાં છેવટના મળ્યા .ત્યારે તો પૂ. બાપુભાઈ નીરોગી, સ્વસ્થ અને તનેમને આનંદી જણાતા હતા; એટલું જ નહીં, પણ ખરેખર હતા. ઘરે આવી ગઈકાલે તો તેમની કુશળતાની વાત કરી છે, ત્યાં તો આજે તેમના સ્વર્ગવાસનો વીજળી પડે તેવો પત્ર આવે છે. ઘડીભર તો હૃદય આ વિપરીત કથા માનવાની ના પાડે છે, પણ જીવનની કઠોર વાસ્તવિક્તાનો



અસ્વીકાર માત્રથી તેમની ભયંકરતા કંઈ ઓછી જ ઘટી જાય છે ? વિધિનો શો આ વિધાન ? પાંચસાત વાર પત્ર વાંચ્યો. પ્રત્યેક પત્રવાંચને ઊંડાં ને વિવિધ મંથન જાગ્યાં. હૃદય સહસા બોલી ઊઠ્યું : 'ભગવાને આ સંસ્થાનું શું કરવા ધાર્યું છે ? અરે કેટલા ઓછા સમયમાં સંસ્થાના હૃદય જેવા પૂ. 'ભા' ગયા, મગજ જેવા પ્રો. સ્વામીનારાયણ ગયા, સંસ્થાની ગંભીરતા જેવા આજે સાધુચરિત પૂ. ગામી ગયા. માનવીની સ્થૂલ આંખને દૃષ્ટિગોચર થતી પ્રભુની આ દેખીતી ઠંડી ક્રૂરતામાં શું કોઈ મંગલ કરુણતા તો ગર્ભિત નહીં હોય ? न जाने।

અને એ કેટલું સાચું છે કે થનાર ભાવિ પોતાની ઓળખ અગાઉથી જ આપી જાય છે ! ટૂંક સમયમાં જ મહાયાત્રાએ ઊપડવાના હોય અને હવે પછી ફરી જાણે મળવાના ન હોય તેમ છેવટના માત્ર એક જ અઠવાડિયામાં અમો અણધાર્યા ને અચાનક ત્રણત્રણ વાર મળ્યા. આમાં તા. ૨૨-૪-૪૩ની રાતે અમદાવાદથી મુંબઈ જતાં થયેલી અમારી મુલાકાતને વાતચીત દરમ્યાન મને થનાર ભાવિનાં ઘણાં ચિહ્નો જણાયેલાં. કુટુંબ, મૃત્યુ અને કેટલીક આધ્યાત્મિક બાબતો - અને આવા બીજા અમારા અસંબદ્ધ વાર્તાલાપના વિષયો હતા. તેમના બીજા પુત્ર ચિ. નટવરનાં લગ્ન આ સાલ લેવાનું નક્કી થયેલું તેને અનુલક્ષીને તે કહેવા લાગ્યા : 'ખરેખર, રણજિત, મને સંસાર વ્યવહારની આવી ઘણીબધી બાબતોમાં રસ જ નથી. આવી પડેલી ઈષ્ટાપત્તિઓ લેખે, નિર્લેપભાવે સૌ કંઈ કરવું પડે છે એટલું માત્ર; વિશેષ કંઈ નહીં, અને આ વર્તમાન મુદ્દે મારા દેહ ને આત્માના તંત્રને વ્યગ્ર કરી દીધું છે. પ્રત્યેક પ્રભાત માનવતાના ખૂનની ને સંસ્કૃતિના ક્ષયની વાર્તા વાંચી હું અસ્વસ્થ બની જાઉં છું. હવે તો હું સનાતન શાંતિની ઝંખના કરું છું ! જીવન ને મૃત્યુ બંધતાના તેમના વિચારો ઘણા જ ગંભીર ને ચિંત્ય હતા. દુઃખી કે સુખી, રાય કે રંક, કેમ ને શાથી જીવે છે તે પરની તેમની ચર્ચા ઘણી જ રસિક, માર્મિક ને નવીન હતી. હું એ સ્પષ્ટ જોઈ શક્યો હતો કે મૃત્યુ ને જીવન સંબંધે બોલતાં એમને કોઈ ઓર આનંદ આવતો હતો. કોઈ વાતચીત દરમ્યાન એ આવા ભાવાર્થનું કંઈક બોલેલા પણ ખરા કે, 'હવે તો જગતના આ જીવનમાં તે કરતા વાસ્તવિક મૃત્યુ પછીના જીવનમાં આ વિશ્વજનનીનો નવો પયોધર પ્રાપ્ત થાય તેથી મંગલ ને રૂડું અન્ય શું ? તે સમયની વાતચીત દરમ્યાન ઉચ્ચારાયેલા આ ને આવાં બીજાં કેટલાંક વાક્યોની યથાર્થતા આજે મને તેના નગ્ન સ્વરૂપમાં સ્પષ્ટ સમજાય છે. પણ આ બધું સમજવાની જવાબદારી મારે શિરે વિધિ આટલી વહેલી લાવશે એવું તો મેં સ્વપ્નેય કલ્પ્યું નહોતું, ને તે માટે હું તૈયાર પણ નહોતો !

ગાડીમાં ચાલતી અમારી વાતચીત દરમ્યાન તેઓએ મને ભાષ્ય ને ટીકા સાથે બે શ્લોકો કહ્યા હતા. તે તેમણે જીવનમાં અક્ષરશઃ પચાવી, આચારમાં કેવા ઉતાર્યા

હતા તે વસ્તુ સ્વયં શ્લોકન બોલે.

**यथा सुनिपणः सम्यक् परदोषेक्षणे रतः ।**
**तथा चैन्निपुणः स्वेषु को न मुच्यते बन्धनात् ।।**

અને

**कोट्यो ब्रह्मणां याता गताः सर्गपरंपराः ।**
**प्रयाताः पांसुवद्भूपाः का धृतिर्मम जीवित ।।**

આ બંને શ્લોકો સાથે રાખી વાંચતાં સમસ્ત માનવજીવનના વ્યવહારના ક્રમને બદલી, જીવનમાં નવું માર્ગદર્શન દઈ જવાનો ધ્વનિ તેમાંથી સ્ફૂટ થાય છે. પ્રથમ શ્લોકમાં પોતાના દોષ માટે જાગ્રત ને કડક બુદ્ધિની ચોકીથી પ્રતિક્ષણ આત્મનિરીક્ષણ કરવા માટેનો નિર્દેશ છે, જ્યારે બીજા શ્લોકમાં આ દુન્યવી જીવનની ક્ષણભંગુરતા પરત્વે લક્ષ દોરી વિશ્વનિયંતાના પરમતત્ત્વમાં ચિત્તવૃત્તિ પરોવી, આ પરિમિત આયુમર્યાદામાં વિધિપ્રાપ્ત ને માનવપુરુષાર્થ શક્ય સત્કાર્યો સર્વે કરવા માટેના કાન્તા સંમિત પરોક્ષ ઉપદેશ છે. હું જાણું છું ત્યાં સુધી, સ્વ.ગામીના આ બંને શ્લોક માટે આગવો પક્ષપાત હતો. એ શ્લોકો માટેના પક્ષિલ માનસનું ઉપરચોટિયું પૃથક્કરણ કરતાં પણ એક વાત તો દીવા જેવી સ્પષ્ટ જાણવા મળે છે કે તેમાં, તેમના આંતરજીવનના વિકાસનાં બીજને તેમના સૂક્ષ્મ ને આધ્યાત્મિક વ્યક્તિત્ત્વનાં વ્યાવર્તક લક્ષણ શી આત્માની સૂક્ષ્મ છટાઓ ને વિકાસભૂમિકાઓનું પ્રતિબિંબ માનસ દેખાય છે. દુનિયાની જે વિરલ વિભૂતિઓના આચાર જ વાણીરૂપ હોય છે તેમને સમજવા માટે આવાં સૂક્ષ્મ ઉપાદાનનો ને ઉપકરણોની આવશ્યક્તા અવશ્ય રહેવાની, કેમકે વ્યક્તિજીવનનાં ઘર્ષણો પણ વિવિધ હોય છે. એક બાહ્ય ને બીજું સૂક્ષ્મ. વ્યક્તિના જીવનનું બાહ્ય ઘર્ષણ સાંસારિક ધર્મો અદા કરવાની આવી પડેલી પ્રવૃત્તિ દરમ્યાન ઊભું થાય છે. જ્યારે આંતરઘર્ષણ એ વિકાસ, પ્રગતિને પ્રસ્થાન કરીને આત્માને ઉધામામાંથી જન્મતી, અનેકરૂપ ધારણ કરતી, એક પ્રકારની સાત્ત્વિક મનોદશા હોય છે. જીવનની પહેલી અવસ્થા દરમ્યાન વ્યક્તિના બાહ્ય ગુણોને વ્યક્તિત્વનું પ્રકટીકરણ થાય છે, જ્યારે તેની બીજી સ્થિતિ વિશેષ સૂક્ષ્મ ને Complex છે. એમાં વ્યક્તિત્વનું પ્રકટીકરણ અને આવિષ્કરણ અલબત્ત, હોય છે. પણ તે એટલું બધું વ્યક્તિપરિચિત ને વેધક કે જો વ્યક્તિ તેને વાચા દ્વારા, અન્ય માધ્યમ દ્વારા અભિવ્યક્ત થવા ન દે તો તે જગત ભાગ્યે જ જાણી કે સમજી શકે. સ્વ. ગામીના જીવનમાં આ બંને પ્રકારનાં ઘર્ષણો મેં પરિસ્થિતિઓનો યોગ સાંપડતાં મનઃચક્ષુ દ્વારા પ્રત્યક્ષ અનુભવેલાં.

આમ છતાંય સત્યની ખાતર પણ વસ્તુ થઈ એ મારે કબૂલ કરવી જ જોઈએ કે એમનાં એ બાહ્ય આંતરઘર્ષણો, પટની દૃષ્ટિએ અતિ વિશાળ નથી, પણ મહાનતાનું



એક વ્યાવર્તક લક્ષણ વિશાળતા હશે, છે; પણ વિશાળતા એ જ એક માત્ર મહાનતાનું વ્યવહારિક લક્ષણ નથી. જીવનની મહાનતાનું લક્ષણના ઊંડાણમાં પણ છે. પ્રત્યેક પ્રવૃત્તિમાં વ્યક્ત અવ્યક્ત સ્વરૂપે, અવિનાભાવીપણે, હાજર હતી. આમ એમના કાર્યલીલાના પટની મર્યાદાને આભારી છે તો જે ક્ષેત્રમાં સાધ્યું છે તે નક્કર ઊંડાણ તેમની જ્ઞાનજન્ય ત્યાગવૃત્તિ ને સજાગ કર્તવ્યબુદ્ધિને આભારી છે. **મારે મન તો સ્વ. ગામી ગુરુ, સખા અને પિતા સમાન હતા.** મારાથી જ્ઞાને-વયે શ્રેષ્ઠ એટલે ગુરુ. મારા સુખદુઃખના નિષ્ક્રિય દ્રષ્ટા માત્ર નહીં, પણ સમસંવેદન અનુભવનાર સાથી એ અર્થમાં સખા, અને સ્નેહની સ્વજનોચિત શુભેચ્છક વૃત્તિ સેવનાર એ અર્થમાં પિતા. ને આપ શા એમનાં વાણીકર્મે, જીવનમહાભારતના કેટલાયે પાર્થોને એમણે નિયત લક્ષ્ય રાખવા પ્રેર્યા છે **એ ઇતિહાસની ગુપ્તતામાં જ એમના આત્માની મહાનતા ગર્ભિત છે.**

૧૯૩૨ના શિયાળાનું એક રમ્ય પ્રભાત, આજે ચલચિત્રની માફક સ્મરણપટે ખડું થાય છે, ત્યારે હું શ્રી સર્વવિદ્યાલયમાં ધો.પમાં અભ્યાસ કરતો હતો. આશ્રમના નિયમાનુસાર સવારમાં સમૂહ કસરત થતી. ઘણીયે વખત એ સમૂહ કસરતમાંથી છટકવા કંઈ કંઈ બારીઓ શોધતો, પણ કસરતને બેવફા નીવડેલ મને, વફાદારપૂર્વક કસરત શોધવા આવતી. હું ભૂલતો ન હોઉં તો, મારા જેવા ગણ્યાગાઠ્યા આવા કસરતભીરુઓને અમારા ભેરુશા પૂ. બાપુભાઈ ફરવા લઈ જતા, ત્યારથી હું તેમને સમજતો થયો. **બંને હાથની હથેલીઓ બતાવીને કહે : 'જોયાં આ ચાઠાં ? એ ફોલ્લાનાં ચાઠાં છે. વર્ષો તો ઘણાં વહી ગયાં પણ એ રહ્યાં છે, નથી જતાં. ઈચ્છું છું કે જાય પણ નહીં. એ માત્ર ચાઠાં જ નથી, એ તો છે મારા વિદ્યાર્થીકાળના સ્વાશ્રયનાં સાક્ષી. સમય મળે ત્યારે ને રજાઓમાં હું કામે જતો, કમાતો ને ભણતો. દરેક સ્વાશ્રયમાં આત્મવિશ્વાસની ખુમારી કામ કરતી હોય છે. સ્વાશ્રયજનિત આત્મશ્રદ્ધાને બળે જ વ્યક્તિની ડોક સ્વમાનથી ઉન્નત રહી શકે છે.** સ્વ.ગામીના ઉપરના વકતવ્યમાં આત્મશ્લાઘાનું તત્ત્વ રખે કોઈ વાંચે. એમના વકતવ્યનો બધો મોહ તો હતો તેમની તુલનાએ ઘણીબધી રીતે અમારી વિદ્યાભ્યાસ કરવા કાજેની અનુકૂળત પરત્વે, જેનો સંપૂર્ણ લાભ અમો ઉઠાવતા નહોતા. એમના દષ્ટાંતથી તેઓ અમને પ્રેરણા પાતા. આજે પણ નથી સરતુ સ્મરણ સૃષ્ટિમાંથી ૧૯૩૨ના શિયાળાનું એ પ્રેરણાદાયી પ્રભાત !

આમ, સ્વાશ્રયથી તેઓ બી.એ. સુધી પહોંચ્યા. બી.એ.માં સંસ્કૃત ઑનર્સ રાખેલું. ઑનર્સમાં બેસવા માટે રૂ. ૫૦ ફી ભરવાની. એમના શબ્દમાં કહીએ તો **આ ગાડાના પૈડાં જેવા રૂ. ૫૦ લાવવા ક્યાંથી ? વિચાર્યું : વ્યગ્ર થયા ને આખરે દૃષ્ટિ દોડી.**

**દૂધ ખાવા કાજે રાખેલ એક ગાય વેચવા પ્રત્યે. દુઃખતા દિલે ને રડતી સુરતે જ્ઞાનામૃતના એ અર્થીએ આખરે ગાય વેચી ફી ભરી. પરીક્ષામાં બેઠા ને સારા ઑનર્સ સાથે ઉત્તીર્ણ થયા.** લક્ષ્મીનંદનો-ગર્ભશ્રીમંતોને દ્રવ્યનો દુર્વ્યય કરનારાઓને આ કસોટીનું ગૌરવ ભલે ન સમજાય, તેથી કંઈ તે વ્યક્તિ અથવા રાષ્ટ્રની તપશ્ચર્યા એળે જતી નથી. દ્રવ્યની અસ્તિ કરતાં કયા સંજોગોમાં કેવી વ્યક્તિઓને હાથે તેનો કેવો ઉપયોગ થાય છે તેમાં જ તે દ્રવ્યની સફળતા છે.

મારા જીવનવિકાસમાં સ્વ.ગામીનો સક્રિય ફાળો અનન્ય લેખાય. એ સૂક્ષ્મ ઋણ આજે હું સ્વીકારું નહીં તો કૃતઘ્ન લેખાઉં. મારામાં બીજ રૂપે ગુપ્ત રહેલી કવિત્વની યત્કિંચિત્ સુપ્ત શક્તિને સતેજ કરનાર, મારી અવિકસિત શક્તિઓને ઉદબોધન કરી વિકસિત કરનાર, વિકાસ પ્રતિષ્ઠિત પળોમાં મને સદયહૃદયે દૃષ્ટિદાન દઈ માર્ગદર્શન કરનારે, આત્માના માર્યા મૂર્છાકાળની કપરી ઘડીઓમાં વહારે ધાનાર, મારા જીવનની ગ્રીષ્મ વા વસંતમાં સાથે રડનાર ને રાચનાર, મારી પ્રત્યેક શુભપ્રવૃત્તિના પ્રેરક ને દ્રષ્ટા હતા (?) એ સાધુચરિત સ્વ.ગામી મને તો આકંઠ આશા શ્રદ્ધા ને આસ્થા છે કે તેમના અનેકાનેક વિદ્યાર્થીગણના પ્રતિનિધિરૂપ આ હું બોલી રહ્યો છું. પાર્થ કરતાં પુરુષોત્તમની લગીરેય ઓછી મહત્તા આંકવાનું જગતને કોઈ કારણ નથી, કેમ કે આપ વિનાના બાણની કશી કિંમત નથી. પુરુષોત્તમ પ્રેરે છે, પાર્થ પ્રેરાય છે, કર્મયોગ આચરે છે ને પાડે છે જીવનમાં ધાર્યા નિશાન. આમ **સ્વ. ગામીની મોટામાં મોટી મહત્તા તો રહેલી છે ઘણાબધા કલ્યાણપંથના પંથીઓના પ્રેરણાગુરુ થવામાં.**

ગમે તે વ્યક્તિની શક્તિનો ક્યાસ કાઢવાની તેમનામાં અજબ આવડત હતી. આ આવડતનાં મૂળ, દરેકમાં સારપ શોધવાની વૃત્તિ ને કદરદાનીમાં રહેલાં જણાશે. પૂર્વગ્રહમુક્ત, નિખાલસ ને સાધુચરિત હૃદયમાં આ ગુણ નૈસર્ગિક ને સ્વભાવસિદ્ધ થઈ રહે છે. તેમના એક પત્રમાંથી મારા આ વ્યક્તિગત અનુભવમાંથી ઉચ્ચારાયેલા વિધાનની પુષ્ટિ મળે છે. 'અને મારો એવો સ્વભાવ છે કે જ્યાં સુધી બીજું કંઈ જણાય નહિ, ત્યાં સુધી માણસમાં પ્રથમથી જ ૧૦૦ ટકા વિશ્વાસ મૂકી દેવો. જેમ જેમ અનુભવ થાય તેમ તેમ ટકા બાદ થતા જાય. આ પદ્ધતિ સાચી હોય કે ખોટી હોય છતાંય **એ મારો સ્વભાવ થઈ પડ્યો છે.** હું માનું છું કે, અવિશ્વાસ ન ઉત્પન્ન કરવા માટે તથા સામાની ત્રુટિઓ સુધારવા માટે મને તો આ જ વ્યાજબી રસ્તો લાગે છે. અલબત્ત એ રસ્તે જતાં કેટલીયે વાર સંસ્થાને હું કફોડી સ્થિતિમાં મૂકી તેને હાનિ કરું છું. મારા કેટલાક સાથીઓ પણ મારામાં આ દોષ જોઈ રહ્યા છે. પણ એ બદલાય એમ નથી. મને લાગતું નથી....આ સ્વભાવને લઈને જ હું એકદમ ઝુકાવી દઉં છું અને પછી કેટલીયે વાર પસ્તાઉં છું......



આ ઉપરાંત તેમના કેટલાક પત્રોમાંથી તેમનું સમભાવી, પારદર્શક, શુભેચ્છક ને ઉદાત્ત આર્યહૃદય વાંચી શકાય છે. નીચેના કેટલાક ઉપલબ્ધ ઉતારાઓમાં તેમની વિશેષતાઓ તથા મર્યાદાઓ બંને સાથેલાગાં વ્યક્ત થાય છે.

'સાત્ત્વિક શક્તિ ઉત્પન્ન કરી તામસિકને મ્હાત કરી શકીશું.'

'દુનિયાદારીનો સામાન્ય રસ્તો લેવો મને ગમતો નથી. પછી તો God's will will be done.

**'વિદ્યાર્થી ઉપર થતો અન્યાય અને વિદ્યાર્થીઓથી થતો અન્યાય મારું મન સાંખી શકતું નથી.**

**' "તડ ને ફડ" કરતાં મને નથી આવડતું એ મારો દોષ છે જ.'**

'ક્વીનાઈન પણ ગોળે વીંટીને જ આપી શકું છું. એકલું સત્યં બ્રૂયાત મને ગળે ઊતરતું નથી. સત્યં બ્રૂયાત પ્રિયં બ્રૂયાત થી મારો સ્વભાવ ઘડાય છે. એટલે કેટલીયે વાર કર્કશ સત્ય બોલવું જતુ કરવું પડે છે.

'બગડેલી વસ્તુ જ્યાં સુધી સુધરી શકે તેમ હોય ત્યાં સુધી સુધારવા પ્રયત્ન કરવો ઠીક છે. આપણા સ્નાનગૃહના નળમાં કચરો ભરાઈ ગયેલો તેને તોડ્યા સિવાય એકેય આરો લાગતો ન હતો. પણ મોટી પિચકારી બનાવી પાણીનું દબાણ આપતાં કચરો આપોઆપ બહાર નીકળી આવ્યો.

'Let the precious plant perish by our negligence and through want of nourishment'- એ સત્યનો અનુભવ કરતાં કદાચ મૂળમાંથી ઊધઈથી ખવાતાં આપોઆપ પડી નહિ જાય ! - અને બીજાને સડાવવાનો ભય પદે થતાં કાપી નાખવાની હિંમત ઈશ્વર આપશે જ. 'Till now he has helped me, and I have full faith that he will not forsake me now.'

'ઘણું કહેવાનું છે, વિચારવાનું છે ને કરવાનું છે.'

' જો સર્જનનો જન્મ સત્યમાંથી હશે તો જરૂર ફૂલીફાલી એક વિશાળ વાટિકા બનશે.'

'એનો જવાબ તો કાર્ય જ બોલશે.'

'એવી બાધતાં માટે હું બેદરકાર છું.'

**'મને લાંબુ બોલતાં નથી આવડતું. કાર્ય જ મારી ભાષા છે.'**

"હે પ્રભુ ! તું કહે તે કરવા તૈયાર છું. મારાં ખાલી અભિમાન અને તરંગોથી દોરવાઈ હું કશું નહિ કરું. જ્યાં સુધી તું મને હુકમ આપે નહિ, ચેતાવે નહિ, હાથ ઝાલીને, ઉઠાડીને પરાણે બીજે સ્થળે ન દોરી જાય ત્યાં સુધી હું નહિ ઊઠું. ત્યાં સુધી

સમજીશ કે આમાં જ મારું શ્રેય છે. અહીં જ મારા વિકાસની ભૂમિકા તૈયાર કરવાનો તારો આદેશ છે. Oh my god, they will be done.''

**'સત્ય અને મારા જીવનકલ્યાણનો મને જેટલો મોહ છે એટલો કશાયનો નથી.'**

**'લોહીના સંબંધ અને કોમમાં હું ઓછામાં ઓછો માનનારો છું. હું પૂરેપુરું** અનુભવું છું કે Thought is thicker than Blood.'

'કુદરતી પરિસ્થિતિનો લાભ લઈ ઊંચે ઊડવામાં હું માનું છું.

'કોઈપણ વસ્તુમાં પ્રાણારોપણ કર્યા પછી તેના તરફ વૈરાગ્ય કે ઉપેક્ષાવૃત્તિ સેવવી એ મારે મન પાપ સમાન છે. કાર્ય શરૂ કર્યું એટલે પૂરું પાડી દ્વિતીય બુદ્ધિ લક્ષણ તો આપણે બતાવવું જ જોઈએ.'

**'શિક્ષક અને વિદ્યાર્થીઓને ચાબુકોની જેટલી જરૂર હોય છે તેટલી ડચકારાની પણ હોય છે એ વસ્તુ ધ્યાનમાં રાખી આપણે કામ કરીશું તો જરૂર ફાવીશું.'**

'રડવાના પ્રસંગે પણ હસવામાં મને આનંદ આવે છે.'

'પાણીના પ્રવાહમાં પડ્યા સિવાય માત્ર કિનારે ઊભા રહી જોયાં કરવાથી તને તરતાં ક્યાંથી આવડશે ? એ તો ભગવાન પર ભરોંસો રાખી ઝુકાવ્યો જ છૂટકો.

વગેરે વગેરે....

મારા કમભાગે તેમના કેટલાયે પત્રો હું સંઘરી શક્યો નથી. એ બધા પત્રોનો નાશ કર્યો ન હોત તો તો તેમની સૂક્ષ્મમૂર્તિની સમજૂતીમાં પૂર્તિરૂપ થઈ પડે તેવી ને તેટલી કેટલીયે માહિતી આજે ઉપલબ્ધ થઈ શકી હોત.

તેમના ભત્રીજા પાસેથી હું જાણવા પામ્યો છું તે પ્રમાણે સ્વ.ગામી નાનપણથી જ કંઈક અંશે ધૂની ને ધ્યેયવાદી-લક્ષ્યવાદી હતા. ગમે તેવા ઘોંઘાટ વચ્ચે પણ, તેમના આ ગુણને લીધે, તેઓ પોતાનું કાર્ય સરળતાથી કર્યો જતા. આ અધ્યયનકાળ દરમ્યાન જે ધૂનની માત્રા હતી તે તો મોટી વયે પણ ચાલુ જ રહી. પણ કિશોરાવસ્થામાં મનરૂપી ક્ષેત્રમાં અંકુરરૂપે સુપ્તાવસ્થામાં ગુપ્ત રહેલાં સત્યશોધકનાં બીજ વૃક્ષરૂપે આ અધ્યાપનકાળ દરમ્યાન ફાલીફૂલી ઊઠ્યાં. અહીં હું સત્યશોધક, પ્રભુજન, સાધુચરિત સ્વ.ગામીનો ઉલ્લેખ કરવા માગું છું.

હું તેમને સમજી શક્યો છું ત્યાં સુધી તો તેઓ હૃદયસ્પર્શી હતા. બુદ્ધિ-હૃદયનો સુભગ સમન્વય એ એમની આગવી સિદ્ધિ ને વિશિષ્ટતા હતી. મધુકરવૃત્તિ એ એમના સ્વભાવનું વ્યાવર્તક લક્ષણ હતું. એ જેટલા ગુણપારખુ હતા તેટલા જ અન્યના ગુણના પ્રશંસક પણ હતા. અન્યના જીવનના જેટલા માર્ગદર્શક હતા તેટલા જ સાધકદશાના જીવનવ્રતી હતા. 'Satiate' કરતાં 'Dissatisfied Socrates' થવું તેમને વધુ



પસંદ હતું. 'Doubt is the disease of the privileged souls' આ આત્માને રોગ-શંકા એમને અનેકવાર થતી, પણ એ જેટલી માનવી જીવનની ને તેની શક્તિઓની મર્યાદા સૂચવે છે તે કરતાં તો વિશેષ તેના અનન્ય અધિકારનો નિર્દેશ કરે છે. આનું કારણ માત્ર તેઓ જ્ઞાનમાર્ગના જ ઉપાસક ન્હોતા, પણ જ્ઞાન સાથે કર્મમાર્ગનાય અનુયાયી હતા તે છે; અને આથીસ્તો તેમના જીવનમાં ધર્મપંથની ને આધ્યાત્મિક શંકાઓ જાગી છે પણ તે ઠેઠ સુધી ગૂઢરૂપમાં, આશ્ચર્યરૂપે કે પ્રશ્નાર્થરૂપે રહી નથી. ઉધામા ને વલોપાત સમાધાનવૃત્તિ પામે છે. ક્રિયા વિનાના જ્ઞાનને તેઓ ભારરૂપ માને છે. ज्ञानं भारः क्रियां विना - તેમની માન્યતા મુજબ 'જ્ઞાનને કર્મના આ સમન્વયી તત્ત્વજ્ઞાનના નિષ્ઠાપૂર્વકના અનુસરણમાં સ્વ.ગામીની સ્વસ્થ ને ઉત્તરોત્તર ઊર્ધ્વપંથે પળતી સાધકદશાનાં દર્શન થાય છે. ચર્ચા દરમ્યાન તેઓ તો વારંવાર કહેતા કે एष तं साधुकर्म कारयति यमूर्ध्व मिनीषते । શંકામુક્ત મસ્ત સાધક આત્માનો કેટલો બધો હદ-બેહદનો પ્રભુ વિશ્વાસ !

આ આધ્યાત્મિક વિકાસની અમુક ભૂમિકાએ પહોંચ્યા પછી તો તેમનામાં કેટલાક સાત્ત્વિક ગુણ -

**विद्यास्थितये प्रणये साधनभूताः प्रयत्ननिष्पाद्याः ।**
**भक्षण भूतास्तु पुनः स्वभावतस्ते स्थिताः स्थितप्रज्ञे ।।**

લક્ષણરૂપ થઈ સ્વભાવતઃ થઈ રહ્યા હતા અને તેથી જ સદાસર્વત્ર તેમનું સાધુહૃદય શિશુસહજ નિખાલસતાથી પ્રૂજ્યા કરતું :

**सर्वेत्र सुखिनः सन्तु सर्वे सन्तु निरामयाः ।**
**सर्वे भद्राणि पश्यन्तु मा कश्चिद् दुःखमाप्नुयात् ।।**

'કેળવણીકાર બાપુભાઈ' તરીકે તો ભવિષ્યમાં અવકાશે ને અનુકૂળતાએ સ્વતંત્ર લેખ લખવા વિચાર છે, એટલે તેમના વ્યક્તિત્વના તે પાસાને અહીં છેડતો નથી. જિજ્ઞાસુ વાંચકોને 'શિક્ષણમાં ક્રાન્તિ' 'વાતાવરણ' ને તદ્વિષયક તેમના કેટલાક પ્રસિદ્ધ-અપ્રસિદ્ધ લેખો વાંચવાની ભલામણ કરી અટકું છું.

**અંતમાં એટલું જ કહીશ કે, જેટલા તે કેળવણીકાર હતા, તેટલા જ તે સત્યશોધક હતા. માતેલી ઇન્દ્રિયોને નાથી, દમી, અતર્મુખ કરી, હૃદયગુહામાં સમાધિ લગાવી તેમના આત્માએ સનાતન એક જ અહાલેક જગાવી હતી કે,**

'What am I ?
An infant crying in the night
An infant crying for the light
And with no language but a cry ?

**'अनामी'**

### મારાં સ્મરણ સુમનો

શું છે ભર્યું જિંદગીમાં વિશેષ ?
ને ખાલીખમ શું મૃત્યુ અશેષ ?
મહાન છે જીવનથીય મૃત્યુ,
કાં જે સુફળ જીવનખેડ કેરું.
જીવન મૃત્યુ શ્રમ ફળ બેવડી છે,
બે જિંદગીની સંયોજક કડી છે,
આ લોક પરલોકને જોડનારી
સંયોગી ભૂમિ છે મૃત્યુ મજાની !
મહાસાગરો ભૂતભાવિની વચ્ચે,
સામુદ્રધુની છે મૃત્યુની છવાઈ.
પ્રાણ સખા જીવન સાક્ષી મૃત્યુ,
વધાવું ભેટું જીવન રૂપ જાણી.
ડરું નહિ હું, ભડકું નહિ હું,
અત્યંત વહાલું તું મુજને છો !
સ્મૃતિ સર્જન સ્વપ્ન તણા વિધાતા,
આપ વિશ્વકર્મા તું ઉલ્લાસ રૂપ.
ભેટું તને હું, પૂજું તને હું.
તારા મિલનને મહાપર્વ માની.
ઉત્ક્રાન્તક સ્પર્શમણિ બની તું,
ઉલ્લાસ કારણ ચિન્તામણિ થજે.

### સદ્ગત સાધુચરિત શ્રી બાપુભાઈના ધન્ય જીવન અને ધન્યતર

મરણના સ્વલ્પસાક્ષી બનવાનું મને પણ જે સદ્ભાગ્ય લાધ્યું હતું તેને આધારે મને લાગે છે ઉપલી પંક્તિઓ તેમના જીવનમરણના ભાવને ઠીકઠીક ઝીલે છે એમ કહેવાય.

મૃત્યુને ઉત્ક્રાન્તિ કહી છે. હું તેને સમુત્ક્રાન્તિ અને સંક્રાન્તિ તરીકે પિછાનું છું. જેવી જીવનની ચર્યા અને ખેપ. અલબત્ત સ્વાર્થી, ક્રૂર, પ્રપંચી અને દંભી નરો - ખરી રીતે - શાસ્ત્રોક્ત રીતે તો તેમને 'નરો' કેમ કહી શકાય ? તેમને તો 'ખરો' જ કહેવાય ને ? માટે મૃત્યુ એ અપમૃત્યુ - યાતના કે શાપ અને સજારૂપ થઈ પડે, તેમ છતાં મૃત્યુ તેને પણ કંઈક ઉન્નતપંથે પ્રાયશ્ચિતને પંથે દોરતું હોઈ મૃત્યુને ઉત્ક્રાન્તિ કહેવામાં હરકત ન ગણાય. માત્ર જેનું જીવન ધન્ય બન્યું છે તેનું જ મરણ સુધન્ય



બને એ દેખીતું છે. એવા નરોના-મહાનુભાવોનાં મૃત્યુ ખરે જ સંક્રાન્તિ કે સમુત્ક્રાન્તિરૂપ જ નીવડે છે.

સદ્ગત બાપુભાઈનું મૃત્યુ હું ધનમૃત્યુ લેખું છું અને તે સકારણ. એ એમની પાછળ બહોળું સંસ્કૃત કુટુંબ મૂકતા ગયા છે. પુત્રો પણ લગભગ ચાંચાળાપાંખાળા થયા છે. તેમ તે પોતે જૂના ક્લેવરથી જેટલી અપાય તેટલી સેવા આપી સાર્થક્ય માની ચૂક્યા છે, એટલું જ નહિ પણ સુંદરતમ સ્થળ, સમય અને વાતાવરણ વચ્ચે વધારે ચઢિયાતી સેવાઓ દ્વારા અધિકાધિક સાર્થક્ય માણવા નવનવલને સુચારુ કાયા લઈને કલ્યાણકારી પાવનકારી કાર્યક્રમ સાથે એ જલદી અવતરશે. એ જીવ ઉન્નતપથગામી હતો. તેણે થાંથો પિપીલકપંથ તજી ત્વરિત વિહંગમપંથ સ્વીકાર્યો હતો, તે સાચો દ્વિજ બની ચૂક્યો હતો. નવદ્વિજરૂપે અવતરવા હુમાએ અગ્નિસ્નાન સાધ્યું છે એમ એમને પિછાનનારો એમને કયો ચાહક અને પ્રશંસક માની કે કલ્પી શકે તેમ નથી ? અલબત્ત આજે તો એમના મૃત્યુથી એમના અવશેષ જગતને મહાભારી ખોટ પડી છે એ દુઃખ કાંઈ ઓછું કે ખોટું તો નથી જ.

પરંતુ સર્જનહારની સૃષ્ટિમાં એક તણખલું, એક પલકું, એક ત્રસરેણુ સુદ્ધાં એની યોજના વિના હલતું નથી. સર્વ કાંઈ એની ઇચ્છાનુસાર વર્તે છે - વર્તવું પડે છે. એટલે એ મૃત્યુના ગૂઢાર્થ ને સંકેતનાં રહસ્યપડો આથી વિશેષ નહિ ઉકેલીએ. આટલેથી જ વિરમીશું.

હવે એ સદ્ગતના કેટલાક પ્રકાશનક્ષમ્ય અને પ્રકાશનપાત્ર સ્મરણસુમનો એમની સમાધિ પર ચઢાવવા ચેષ્ટા કરું છું. સ્નેહીઓની લાગણીભરી માગણીને ઠેલી કેમ શકાય ? તેમ આવો સ્નેહલહાવો - આવી ઈષ્ટાપત્તિની લાલચ પણ કેમ ત્યજાય ? એટલે કેટલાંક સ્મરણસુમનો જે હરહંમેશ મારી હૃદયછાબડીમાં તાજાં-બ-તાજાં અને નવાં-બ-નવાં મહેકશે તે સદ્ગત યાત્રિકના શ્રીચરણે ધરાવું છું - પરમ ઔત્સુક્ય પરમ શ્રદ્ધા અને પરમ પ્રેમપૂર્વક.

શ્રી બાપુભાઈ ગામી કહેવાતા, તેમ છતાં તેમને એકેય ગામ ન હતું તે ખાતરીપૂર્વક જાણું છું. ગામી એટલે ગ્રામીણ ગ્રામનેતા પણ તેઓ ન હતા. કેમકે તેનામાં નેતૃત્વશક્તિ બહુ ઓછી હતી. જોકે વ્યવસ્થાશક્તિ અલબત્ત હતી અને તે સારી માત્રામાં. અને તેથી જ તેઓ સર્વ વિદ્યાલય હાઇસ્કૂલ, કન્યાકુંજગૃહ, વ્યાયામશાળા, ઉદ્યોગશાળા, દુગ્ધાલય વગેરે સંસ્થાઓનું સંયોજન કે સંચાલન લગભગ એકલપંડે કરી શકતા હતા.

મનોવૈજ્ઞાનિક પરિભાષામાં કહીએ તો તેઓ બહિર્મુખવૃત્તિના - ધમાલ-ધાંધલવાળા પ્રચારક કે નેતા-સરદાર ન હતા. તેઓ અંતર્મુખવૃત્તિના હતા. છતાં ઘરકૂકડી તો ન જ હતા. શરમાળ હતા, છતાં નિકૃષ્ટતા-લઘુતાની ગ્રંથિનો તેઓ ભોગ

થતા નહિ. તેમની શરમ-લજ્જા-શ્રી હ્રી અને ધી માંહેની હ્રી રૂપ લાવણ્યમય મૃદુલજ્જા સ્વરૂપ હતી. તેમાં ઘેલો અંશ સરખો નહોતો. તેમ લઘુતાયે ન હતી. હતી માત્ર નમ્રતા-સજ્જનતા અને મીઠાશ.

પરમ આનંદ અને આશ્ચર્યની વાત તો એ છે કે તેમની નમ્રતા કાળક્રમે અને સાધનાબળે - ખાસ કરીને શ્રી અરવિંદના તત્ત્વસ્પર્શ-અતિ મનોહર ને આકર્ષક (Highly Dignified & Captivating) બની હતી !

એમણે એમની સેવાના મેવા એમની સંસ્થાઓ મારફત સમાજને ચરણે ધર્યા છે. તેમાં ક્યાંક કોમવાદનાં ચાંદાં પડેલાં કોઈ રસિક માર્મિક-દ્રષ્ટાને દેખાય તો તેમાં એ દ્રષ્ટાનો તેમ તે સદ્‌ગતનો વાંક તો નથી જ એમ વાચકો સમજે. અલબત્ત એમની સંસ્થાનો સૂત્રપાત જ એવી રીતે થયેલો કે મેવામાં ચાંદા તો રહી જ જાય. તેમ છતાં બધો મેવો કાતિલ કોમવાદથી સડી ઉકરડે નથી ગયો તે મહાભાગ્ય વાત લેખાય. એટલું જ નહિ, પણ જે મેવાનો ઘણો મોટોભાગ આજે સમાજ ચાખી રહ્યો છે એ એના કોમવાદની નિર્મુખતાનું સુપરિણામ ગણાય.

એક વસ્તુ મને ખાસ લાગ્યા કરી છે તે એ છે કે એમને અંધારા ઉલેચવાનું-વાંધાને વાદવિવાદો પતાવવાનું-મનામણાં-પટામણાં કરવાનું અને એવું એવું કેટલુંયે ઋણાત્મક કામ કરવામાં એમની શક્તિ અને સમયનો ઘણો અપવ્યય થતો. ક્યાં તટસ્થ સહૃદયીના અનુભવ બહાર હશે ? અલબત્ત આવા ધંધાથી પણ તેમનામાં એવા ઘર્ષણ સામેની ઘર્ષણશક્તિ (સામનો કરવાની - મુશ્કેલ માણસો અને મુશ્કેલ પરિસ્થિતિનો) સારી ખીલી હતી.

પણ જો તેમને એકધારો સહૃદયી સહકારીઓનો સાથ મળ્યા જ કર્યો હોત તો તેમની સેવાને નવી ચમક-અધિક સફળતા અને અધિકતર સુફળતા અને અધિકતમ જશ સાંપડત એ નિર્વિવાદ છે.

આ બધું છતાં સદ્‌ગતમાં એક વિરલ ખાસિયત હતી તે સરલતાની. તેમની સરળતાને લીધે સ્નેહાધીનો-સહકાર્યકરો તેમને હોંશભેર રીસરોષ છોડી સાથ આપ્યા જ કરતા; અને અવળચંડા કે કુટિલ સહકારીઓનાં કૂડ-કપટ કે વાંધાસાંધા બહુ કારગત થતા નહિ. એટલે તેમને પણ એ છોડી પાંસરા ચાલવું પડતું - નેતરની સોટી જેમ નહિ, તો દરે આવ્યા સર્પની જેમ.

**સરલતા અને નમ્રતાની તો એ સાક્ષાત્ પ્રતિમા કહું.** મને લાગે છે તેમાં અતિશિયોક્તિ નહિ જ ગણાય. અને બે પાંખો ઉપર એમણે એમનો દ્વિજવિહાર - ઉડ્ડયનો કર્યાં છે. ગુણોને લીધે બધાને સ્નેહભાવે અગર છેવટ નિર્વેરીભાવે ય એમની



આસપાસ એ એકઠા કરી અને ગોઠવી શકતા. એટલું જ નહિ પણ તેમની ગુણગ્રાહિતા અને સંયોજકતાના પરિબળે તેઓ તેમના હરકોઈ અને હરેક સાથી પાસેથી વધુમાં વધુ સર્જકતા - સેવા સધાવતા.

એમની પોતાની વિદ્વત્તા, ચાતુર્ય, વ્યક્તિત્વ વગેરે કોઈ અવ્વલ નંબરનાં કે આલાગ્રાંડ કહેવાય તેવાં અલબત્ત ન હતાં. છતાં પોતાની સંયોજક્તા અને ગુણગ્રાહિતા વડે એ હરેક સાથી પાસેથી વધુમાં વધુ અને ઉમદામાં ઉમદા કામ કઢાવી શકતા. આ જ એમની અવલ્લ કે આલાગ્રાંડ ખૂબી હતી.

૧૯૩૧માં મારે આફ્રિકા જવાનું અટકી પડ્યું. થરપારકર જિલ્લાની મહાસભા તરફથી સેવાપ્રવૃત્તિને લીધે, એટલે કે હું અમદાવાદ વસ્યો ત્યારથી હું હિન્દુ વિદ્યાપીઠમાં સદ્‌ગત આચાર્ય ધ્રુવની પ્રેરણાનુસાર જવાનો હતો. ત્યાં જ જોગાનુજોગ શ્રી બાપુભાઈનું તેડું આવ્યું. પ્રથમ મિલને મને થયું : આ ખેડૂતોની સંસ્થા છે - સાદી સ્વાશ્રયી છે અને પ્રગતિક્ષમ છે વગેરે. મેં મોહ છોડી આ સંસ્થામાં સંતોષપૂર્વક રહેવા સ્વીકાર્યું. - પ્રલોભનો - યશ અને અર્થનાં - જતાં કરીને પ્રથમ મિલને જ મને શ્રી **બાપુભાઈની સાલસાઈ અને સાદાઈએ મ્હાત કર્યો અને મારાં પ્રલોભનો પીગળી ગયાં અને મેં સંસ્થાને ચરણે મારી સેવા ધરી દીધી.**

એ હતા આચાર્ય, હું બન્યો પ્રથમ શિક્ષક. મારા કોડ-ઉમંગ તો અનંત અને અપાર હોય છે, તેમ આમાં પણ હતા. મારા કોડ-ઉમંગને તો બાપુભાઈએ પૂર્યા જ કીધાં. કારણ કે કોડ જેટલા સંસ્કારી હતા તેટલા સુખદાયી હતા, જેટલા મોહક હતા તેટલા તે કાર્યક્ષમ (વ્યવહાર્ય) હતા, અને જેટલા આકર્ષક હતા તેટલા આવશ્યક હતા. આથી શક્ય અને આવશ્યક હરેક તરેહનો સાથ મને તેમના તરફથી મળતો ગયો અને સંસ્થાને નવા સ્વાંગ સજાવવા મેં બીડું ઝડપ્યું. એ કાળના સંગાથીઓ વગેરેમાં ખૂબ સિસૃક્ષા જગાવી - ધગશ પણ કેટલેક અંશે. આમ, શ્રી બાપુભાઈએ હાથમાં દોર રાખી મારા સેવાકનક્વાને શિક્ષણના ગગનાંગણમાં ચગવા દીધો. તેમના જ શબ્દોમાં આલગાં તેર વર્ષમાં સંસ્થા જે સાધી કે વિચારી તે એ સંસ્થા નવું અંદોલન જાગવાથી સાધવા લાગી. મને એમણે સ્નેહ અને ઔદાર્યપૂર્વક સહઆચાર્ય બનાવી દીધો. દોઢેક વર્ષ હું સેવા આપી શક્યો. પણ આછો તેજોદ્વેષ કહું, અવિચારિતા કહું, કર્મની કઠણાઈ કહું, શું કહું ? એવી કાંઈ કાંઈ ચિત્રવિચિત્ર માનવસર્જી નબળાઈઓ ડોકિયાં-ઘુરકિયાં કરવા લાગી અને હું તો ડરીને ભાગ્યો !

સર્વ વિદ્યાલયમાં છ ધોરણો ત્યારે હતાં. હવે તેનાં પાંચ થાય કે સાત થાય એવી વિકટ સ્થિતિ હતી. મારાં પ્રેરણા અને પ્રોત્સાહનથી વિદ્યાર્થીઓનો સાથ મળ્યો અને હાઈસ્કૂલ બની ગઈ.

આ સંસ્થામાં અનેકવિધ પ્રવૃત્તિઓ ચાલેલી અને હજીયે થોડીઘણી નવા કે જુદારૂપે ચાલે છે યા ચાલ્યા કરતી હશે. એ બધી પ્રવૃત્તિઓનો આદ્યસ્રોત અમારા બેની યુતિ થઈ ત્યારથી વહ્યો એમ કહેવામાં અમે ગર્વ લઈએ છીએ. એ ગર્વ જેટલો સાચો તેટલો જ સાત્ત્વિક અને સાર્થક છે. અને મિત્રો-અમિત્રો સૌ કબૂલ કરે તેમ છે.

સર્વ વિદ્યાલયના મેટ્રિકનાં પરિણામ તો પ્રાંતવિખ્યાત છે, તેમાં શ્રી બાપુભાઈની કર્તવ્યગારી અને યોજનાશક્તિને સુજશ મળવો જોઈએ. સારા સાથી શોધવા, મેળવવા, ટકાવવા એ સહેલું કામ નથી. શ્રી બાપુભાઈને સારા સાથી મળી રહ્યા છે અને સંસ્થાનું ગાડું પુરુષાર્થબળે તેમ ભાગ્યબળે ગબડી રહ્યું છે - સારી અને સબળ રીતે.

'સર્જન'નો અહાલેક મારા આગમન સાથે પુકારાયેલો અને તેનો પડઘો સહકાર્યકરોના દિલમાં બહુ ઉમદા પડ્યો હતો. એ ટાણે એક વખતને માટે તોઃ

**'ગગન આજ પ્રેમની ઝલક છાઈ રહી,**
**છાઈ રહી, છલકાઈ રહી, ગગન આજે**
**જુદા સહુ એક થયા નાના મોટાં આવી મળ્યા.'**

જેવી સુરેખ અને સુરમ્ય સ્થિતિ પ્રાપ્ત થઈ હતી. કળિયુગમાં સત્યુગ પ્રકાશે તેમ બે ઘડીને માટે તો સંસ્થામાંથી પક્ષાપક્ષી, વાદખોદ, હુજ્જતાઈ, ડરામણી, સતામણી રફુચક્કર થઈ ગયાં હતાં. સંસ્થાનું સુંદર સ્ફટીકરણ એ વખતે થઈ રહ્યું હતું.

સમય ઓછો છે, શાન્તિ તેથીયે ઓછી છે. શું ચીતરું, કેટલું ચીતરું ? બસ કરું. ગાડીનો ટાઈમ થઈ ગયો છે, રૂબરૂ કોઈ પ્રસંગ વિશે. હાલ તો મને પધારવાનું હજી બાકી છે.

**સદ્‌ગતના જીવનના ભાથામાં સરળતા, નમ્રતા, ગુણગ્રાહિતા અને સંયોગતાનાં જે શસ્ત્રાસ્ત્રો હતાં તે તેમના વારસદારોને સોંપતા ગયા છે.** નહિ કે સંસ્થાઓમાં ઈંટમટોડા કે બાહ્ય જાહોજલાલી કે ડાકડમાક. ડાળોને એમ સમજી એમના અનુગામીઓ - એમના અવશિષ્ટ સાથીદારો - એમના અંતેવાસીઓ સાચવે, સંભાળે અને એ વડે સંસ્થાઓ દ્વારા સમાજમાંથી અજ્ઞાન, નિરક્ષરતા, કુસંસ્કાર, જડતા, કઠોરતાના અસુરો હણી કાઢવામાં મચ્યા રહે એ જ વિનંતી અને આશા.

**અપ્રિયસ્યાપિ પથ્યસ્ય શ્રોતા વક્તા ચ દુર્લભ**

એ ન્યાય છતાં મેં પથ્યકટુ સ્વાદ થોડોયે ચખાડ્યો છે. જે મિષ્ટાન્નમાં કડવાં કારેલાં કે કડવા કચૂમર રૂપે આસ્વાદ્ય છે અને સદ્‌ગતનાં સ્વાદુ સ્મરણો સાથે આવાં કટુપથ્યમાં ભેળવી સ્વાદુતા અને પથ્યતામાં ઉમેરો કરશે એવી આશા અહંતા ત્યજી નમ્રતા સાથે સ્નેહપૂર્વક ક્ષમાબુદ્ધિથી, ઉદારતાથી, શ્રદ્ધાથી સહુ આગળ વધે. તેઓ સંસ્થાના સંકેતચિન્હ હંસલાની વિવેકબુદ્ધિ અને કમળની સુરેખ સંયોજક સર્જકતા



વાપરી સંસ્થાને આગળ ધપાવશે તો એમની સેવા સોગણી સમુજ્જવળ અને સાર્થક થશે એમાં લવલેશ પણ શક નથી.

એ સર્જનયુગ તો સંસ્થામાં વસંતની વધાઈ રૂપ હતો. એકોર મ્હોર સહકાર વડે સહકારરૂપે પાંગરે એવી હાર્દિક શુભેચ્છા અને શુભાશીર્વાદો આપણે સદ્‌ગતના સ્મરણ દ્વારા મેળવ્યા કરીએ એ જ પ્રાર્થના.

આ સંસ્થાને જ્ઞાનગંગાની નહેરો ફળદ્રૂપ બનાવશે.

**–ડાહ્યાભાઈ હ. જાની**
સહઆચાર્ય : સર્વ વિદ્યાલય, કડી

## પૂ. બાપુભાઈ ગામી - પ્રેમનીતરતા શ્વસુર અને સેવાભાવી સાસુ પૂ. ઝવેરબા

અનામી જેવા લેખકે તો તેમના લેખમાં જાહેરમાં કબૂલ પણ કર્યું છે કે તમે તેમના ગુરુપિતા હતા. તમારી હૂંફની તો અમને કુટુંબીઓને, કડી સર્વ વિદ્યાલય હાઈસ્કૂલની સંસ્થાને અને તેના વિદ્યાર્થીઓને ખૂબ જ જરૂર હતી. તો પછી આમ શાને તમારું જીવનવન અતિ વેગથી પૂરું કરી દીધું ? હજી તો વનમાં પણ પ્રવેશ કરવાને ત્રણ વરસની વાર હતી. કદાચ જે માનવીની દુનિયાને વધારે જરૂર હોય તે માનવીની ઈશ્વરને પણ વધારે જરૂર હશે. એટલે જ ઈશ્વરે તમને જલદી બોલાવી લીધા હશે તેમ લાગે છે.

કડી સર્વ વિદ્યાલય હાઈસ્કુલની તો વાત જ ન્યારી છે. કારણ કે તેના આચાર્ય (તમે) તો એવા આચાર્ય હતા કે જેમનું આચરણ જોઈને બીજાને તેમના જેવું આચરણ કરવાનું મન થાય. તેવા તમે આદર્શ આચાર્ય હતા. એટલે તો તમારી પાસે ભણી ગયેલા મોટાભાગના વિદ્યાર્થીઓએ તમારા આપેલા શિક્ષણ અને સંસ્કારને પચાવી જાણ્યા છે. આજે તેઓ ગમે તેટલા મોટી વયના અને મોટા હોદ્દા ઉપર હશે તો પણ તમને પ્રેમથી યાદ કરીને અશ્રુની શ્રદ્ધાંજલિ અર્પણ કરે છે. અને તમારી સાથેનાં સંસ્મરણો ઉમિયાદર્શન માસિકને તથા ધરતી માસિકને લખી મોકલે છે.

અમે પણ ગર્વથી માથું ઊંચું કરીને અમારા સંતાનો સાથે ગાઈએ છીએ, 'અમારા એ દાદા વિપુલ વડના ઝુંડ સરખા.' અમે પણ તમોને હૃદયપૂર્વક અશ્રુની શ્રદ્ધાંજલિ અર્પણ કરીએ છીએ. પ્રત્યક્ષ રીતે તો તમે અમારી સાથે નથી પણ પરોક્ષ રીતે તો અમે તમારી હાજરી અને હૂંફ અનુભવીએ છીએ.

તેમના વિષે મારા સાસુ કહેતા હતા કે, "તારા સસરા જો ક્યારેક શાક લેવા જાય તો પણ શાક લીધા વિના પાછા આવતા અને ઘેર આવીને કહેતાં હતાં કે આજે

આપણે શાક વિના દાળભાત અને રોટલી ખાઈશું તો પણ ભૂખ્યા નહીં રહીએ. પણ તે શાકના પૈસા બચાવીને મને રસ્તામાં મળેલા અપંગ વૃદ્ધને જો મેં ખાવાનું લઈ આપ્યું ન હોત તે જરૂર ભૂખ્યો રહ્યો હોત.'' આવું તેમનું સીમ્પલ લીવિંગ એન્ડ હાઈ થીંકીંગ જીવન હતું.

મારા પૂ. સ્વ. સાસુએ પણ કહ્યું હતું કે, જરની લડત વખતે પણ બોર્ડિંગમાં ટોપાવાળી પોલીસ આવી હતી અને ગૃહપતિને તથા બીજા શિક્ષકોને પકડીને લઈ ગઈ હતી. પણ તારા સસરાએ જે રીતે તે પોલીસ સાથે વાત કરી હતી તે રીતથી પ્રભાવિત થઈને તેમને પકડ્યા વિના પોલીસે ચાલતી પકડી હતી. વેકેશનમાં પણ તેઓ ગામડાંમાં છોકરાઓના બાપને સમજાવવા જતા હતા કે તમારા છોકરાઓને અમારી બોર્ડિંગમાં ભણવા માટે મોકલો.

મારા પૂ. સસરા સ્વ. બાપુભાઈ ગામી વિશે તો આપણી જ્ઞાતિના માસિકોમાં ઘણું લખાઈ ગયું છે. આજે મારે મારાં પૂ. સ્વ. સાસુ વિશે લખવું છે. દરેક સફળ પુરુષ પાછળ એક સ્ત્રીનો હાથ હોય છે તેમ મારા પૂ. સ્વ. સસરા બાપુભાઈ ગામીની સફળતા પાછળ મારાં સાસુનો હાથ હતો, તેમ કહીએ તો મારી દૃષ્ટિએ કાંઈ ખોટું નથી. મારા પૂ. સ્વ. સસરાના તેઓ ખરા અર્થમાં અર્ધાંગિની હતા.

તેઓ ગોંડલના એક પ્રખ્યાત વૈદના દીકરી હતાં. થોડા ઘણા ઔષધો કેમ બનાવવા તે જાણતા હતા. બાળકો માટેની બાળાગોળી તેઓ બનાવતાં હતાં. મારા પતિ નાના હતા ત્યારે તેમને તે નિયમિત આપતાં હતાં અને અમારા પુત્રપુત્રી નાના હતા ત્યારે તેમને પણ તે ગોળી નિયમિત આપવાનું મને કહેતાં હતાં. અને તેમના હાથે પ્રેમથી બનાવેલી બાળાગોળી હું પણ બાળકોને નિયમિત આપતી હતી. જેથી મારાં બાળકો અવારનવાર બીજા બાળકોની જેમ માંદા પડતાં ન હતાં. મારા સ્વ. સસરા આજથી લગભગ ૬૦ વર્ષ પહેલા કડી સર્વ વિદ્યાલય હાઈસ્કૂલમાં પ્રિન્સિપાલ હતા ત્યારે બોર્ડીંગમાં ઘણા વિદ્યાર્થીઓ ભણવા માટે રહેતા હતા. તે વિદ્યાર્થીઓની પણ સાચા અર્થમાં માતા હતા. કારણ કે વિદ્યાર્થીઓ પણ કોઈવાર માંદા પડે તો તેમને પણ નાની નાની માંદગીમાં ઔષધો વિના મૂલ્યે તે પ્રેમથી આપતા હતા. જે માતા બોર્ડીંગના વિદ્યાર્થીઓ તરફ આટલો પ્રેમ કોઈપણ જાતની અપેક્ષા વિના રાખતા હોય તેમને તો પોતાનાં બાળકો માટેના પ્રેમનું પૂછવું જ શું ? તેમને તેમનાં બાળકો તો કેટલા વ્હાલાં હોય ?

મારા પૂ. સ્વ. સસરા નાની ઉંમરે (૪૭ વર્ષે) મૃત્યુ પામ્યા હતા. એટલે મારાં સ્વ. પૂ. સાસુએ ઘણું જ દુઃખ ભોગવ્યું હતું. તે વખતે તો મારા પતિની ઉંમર લગભગ નવ વર્ષની હતી. અમારા લગ્ન વખતે પૂ. સ્વ. સાસુ ઝવેરબા ખૂબ જ ખુશ હતાં.



પોતાનો નાનો અને લાડકો પુત્ર પરણે ત્યારે કઈ મા ખુશ ન હોય ? મારા પૂ. સ્વ. સસરા જીવતા હતા ત્યારે પણ તેમના વિચારો પ્રમાણે મારાં પૂ. સ્વ. સાસુ પણ જીવતા હતાં. મારા સસરા 'Simple Living and high thinking'માં માનનારા હતા એટલે મારાં સાસુ પણ મારા સસરાના વિચારો સાથે સંમત થઈને ખૂબ જ કરકસરથી ઘર ચલાવતાં હતાં અને તે પણ કોઈ જાતના અસંતોષ વિના આનંદથી જીવતાં હતાં. એટલે કે તેઓ તેમના ખરા અર્થમાં અર્ધાંગિની હતાં.

અમારા લગ્ન થયાં હતાં ત્યારે તેમણે મને પૂછ્યું હતું કે હું તને શું આપું ? મેં કહ્યું કે તમારા શિક્ષણ અને સંસ્કારની ખાણ જેવા અમૂલ્ય દીકરા સાથે મારાં લગ્ન થયાં છે, તેમાં મને બધું જ મળી ગયું છે. તે વખતે મારા પતિ (૧૯૫૬ની સાલમાં) બી.ઈ. ફર્સ્ટ ક્લાસ મીકેનીકલ અને ઈલેક્ટ્રીકલ એન્જિનિયર થયા હતા. મેં કહ્યું કે મને આશીર્વાદ આપો કે હું પણ તમારા દીકરાની સાચા અર્થમાં તમારી જેમ અર્ધાંગિની બની રહું. મારે વસ્તુ નહીં, વચન જોઈએ છે. તેમણે કહ્યું કે મારાથી આપી શકાય એવું હશે તો જરૂર આપીશ. મેં કહ્યું કે હું આપણા ઘરની લાજ (આબરૂ) વધારવા માટે આવી છું, લાજ (આબરૂ) કાઢવા માટે નથી આવી, તેથી તમે મને વચન આપો કે તમે કોઈ મને લાજ કાઢવાનું કે માથે ઓઢવાનું નહીં કહો. હા, ઘરના પુરુષ વડીલોની અને અન્ય સભ્યોની મર્યાદા હું જરૂર જાળવીશ. મારાં લગ્ન થયે ૪૭ વર્ષ થયાં છે. ૪૭ વર્ષ પહેલાં અમુક ઘરોમાં વડીલોની લાજ કાઢવાનો અને અમુક સુધરેલા ઘરોમાં વડીલોની હાજરીમાં પુત્રવધુએ કે નાનાભાઈની પત્નીએ માથે ઓઢવું પડતું હતું, જે મને બિલકુલ પસંદ નહોતું અને તેથી જ મેં આવું વચન તેમની (સ્વ. સાસુ) પાસે માગ્યું હતું. તેમણે તરત જ મને કહી દીધું હતું કે આ ઘરમાં તારે કોઈની લાજ કાઢવાની નથી કે માથે પણ ઓઢવાનું નથી. ત્યાર પછી મેં તેમને કહ્યું હતું કે મને કોઈ કુરિવાજમાં પરાણે જોડાવાનું કહેશો નહીં. તે સાંભળીને પણ તેમણે કહ્યું હતું કે કોઈ તને કુરિવાજમાં જોડાવાનું કહેશે નહીં. તેમની આવી વચનરૂપી અમૂલ્ય અને અદ્‌ભુત ભેટ મેળવીને હું ખૂબ ખુશ થઈ હતી. તેમણે પણ મને કહ્યું હતું કે હું પણ તારી પાસે વચન માગું છું, તું આપીશ ? મેં કહ્યું કે મારાથી શક્ય હશે તો જરૂર આપીશ. તેમણે કહ્યું કે અરવિન્દ (મારા પતિ) મારો લાડકો દીકરો છે. તું જાણે છે કે તેના બાપુજી તે ૯ વર્ષનો હતો ત્યારે મૃત્યુ પામ્યા હતા, એટલે બાળપણમાં તેણે ઘણું જ કષ્ટ વેઠ્યું છે. તેમણે એટલું કહ્યું ત્યાં તો તેમની બંને આંખમાં આંસુ આવી ગયાં હતાં. મેં તેમને તરત જ કહ્યું હતું કે હું મારી જાત કરતાં પણ વધારે દરેક રીતે તેમને સાચવીશ અને ભવિષ્યમાં મારે બાળકો થશે તો તેમના કરતાં પણ તેમને વધારે સાચવીશ. તેમની જરા પણ ચિન્તા કરશો નહીં. આ મારું વચન છે.

પછી તો મને જાણવા મળ્યું હતું કે મારા કાકાજીને અને મારાં ફઈજીને પણ તેમણે નાનપણથી જ પોતાના પુત્ર અને પુત્રીની જેમ જ પ્રેમથી ઉછેર્યાં હતાં. આપણામાં કહેવત છે કે ઘસાઈને ઉજળા બનીએ. તે પ્રમાણે જ મારાં સાસુ તેમના નામ પ્રમાણે (ઝવેરબા) જાતે ઘસાઈને ઉજળાં બન્યાં હતાં.

મારા પતિએ અમારાં લગ્ન પહેલાં મને કહ્યું હતું કે હવે હું કમાતો થયો છું એટલે મારા બા આપણી સાથે જ રહેશે. હું તેમના દુઃખોનો અંત લાવવા માંગું છું. મેં પણ કહ્યું હતું કે જરૂર બાને અને નાની બેન ઉષાબેનને આપણી સાથે જ રાખીશું. અમે તેમને અમારા લગ્ન પછી અમારી સાથે માણાવદર આવવાનું કહ્યું હતું. ત્યારે તેમણે કહ્યું હતું કે ઉષાની સગાઈ થઈ છે એટલે હવે લગ્ન પણ થોડા વખતમાં લેવાનાં છે, પછી હું તમારી સાથે જરૂર આવીશ. ત્યારપછી ઉષાબેનનાં લગ્ન થઈ ગયાં. મારાં સાસુને પણ થયું કે હવે હું મારી જવાબદારીઓમાંથી મુક્ત થઈ ગઈ છું. પણ ઈશ્વર હજી તેમની કસોટી કરવા માગતા હતા. મારા મોટા નણદોઈ મણિલાલ, મારા મોટા નણંદ પ્રભાબેન પાસે તેમની નાની નાની બે દીકરી અને એક દીકરો મૂકીને સટ્ટામાં બધું ખોઈને ઘરમાંથી ચાલી ગયા હતા. મારા નણંદ ત્રણ બાળકોને લઈને મારા સાસુ પાસે ગયાં. પ્રભાબેને તેમનાં બાળકો મારાં સાસુ પાસે મૂકીને અધૂરું ભણતર પૂરું કર્યું. તેમણે નાના ગામોમાં ડરણ તથા અન્ય ગામોમાં ગ્રામસેવિકાની નોકરી કરી હતી. મારાં સાસુ તેમનાં બાળકોને સાચવવા તેમની પાસે ગામડે ગયાં હતાં. આમ ઈશ્વરે તેમને ક્યારેય જવાબદારીઓમાંથી મુક્ત કર્યાં જ નહીં અને ત્યાં ગામડામાં જ તેઓ મૃત્યુ પામ્યાં.

મારા પતિને અને મને બા અમારી સાથે આવ્યા નહીં તેનું એક દુઃખ રહી ગયું છે. અમારાં લગ્ન પછી તો તે છ વર્ષમાં જ મૃત્યુ પામ્યાં હતાં.

**વિદ્યાબહેન ગામી**
નડિયાદ

■ ■ ■

**શ્રી બાપુભાઈને કડી સંસ્થાએ ભવ્ય શ્રદ્ધાંજલિ અર્પી તેમના વિદ્યાર્થીઓ અને શિક્ષકોએ લેખો દ્વારા ભાવાંજલિ આપી.**

**સમંદરને લોટી જળ શું બતાવીએ ?**
**હિમાલયે બરફની હાટડી શું માંડીએ ?**
**તમારા ગુણભંડારને શબ્દોમાં શું કંડારીએ ?**



**આ સંસ્થાના ગુજરાતીના જાણીતા અધ્યાપક શ્રી ઉમેદભાઈરચિત શાળાનું સરસ્વતીવંદનાનું કાવ્ય જાણીતું છે.**

## પ્રિય સર્વ વિદ્યાલય સોહે!

પ્રિય સર્વવિદ્યાલય સોહે,
પ્રાણ થકી પ્રિય અમ અંતરનું
પરમ ધામ ઉર રાજે...

લીલુડી ધરણીને હૈયે,
નીલ વ્યોમામ્બરને છાંયે,
હૈયેહૈયાં જ્યાં ડોલે,
પ્રતિદિન નિરખીએ તો યે અમને
નિત્ય નૂતન એ ભાસે... પ્રિય૦

રસભર આંબાની ડાળે,
શીતળ સુરભિભર કુંજે
જ્યાં પંખીડાં નિત કૂજે,
જ્યાં અરુણરંગી પરભાત તણા ને
સાન્ધ્યરંગ નિત સોહે... પ્રિય૦

જ્યાં જ્ઞાનકિરણ ફૂટે છે,
સેવાનાં સૂત્ર શિખાવે
અમ જીવનને અજવાળે,
અમ જીવન-તન-મન વિકસાવે
સ્નેહસરિતા રેલાવે... પ્રિય૦

અમ બેનબંધુને હૈયે,
વિદ્યાલય ગુંજે પ્રાણે,
અમ જીવન જીવન એ વ્યાપે,
અમ ભાઈભાઈને એકમને એ
સ્નેહસૂત્રથી બાંધે... પ્રિય૦

**- સ્વ. ઉમેદભાઈ**

## સર્વ વિદ્યાલય રાજે!

(બિહાગ તીનતાલ)

સુંદર સર્વ વિદ્યાલય રાજે!
શિશુ-અંતર જનની દર્શનથી
સુખ ભરતી ગાજે... સુંદર૦
ભારત-ઉપવન કમનીય કુંજે, ગુર્જરભોમ પ્રકાશે,
ઉત્તરમાં ત્યાં એક ક્યારેક, વિધવિધ ફૂલડાં હાસે... સુંદર૦
કૈંક ઝરણના કલકલનાદે સરિતા સાગર ગાજે,
એ સાગરના ગર્જનઘોષે ઝરણની કિંકણી બાજે... સુંદર૦
આ મનના કણકણમાં બીજના અંકુર કૂમળા હાસે,
સુરભિત કુસુમિત નવપલ્લવ આ ઘટા અડાબીડ ભાસે.. સુંદર૦
આ જ કુટિરમાં ટમટમતો જ્યાં દીપક મંદ પ્રકાશે,
અગણિત તારક અંકિત સૌમ્ય મયંક ગગન વિહાસે ... સુંદર૦
શાન્ત દાન્ત જીવનની ધાત્રી ધીરવીર રસ પાજે,
જ્ઞાનશક્તિ મંગલદાત્રી, યાત્રી અમ સહુ આજે... સુંદર૦
ફૂલ - પરિમલથી, કલકલનાદે, નવપલ્લવને વાસે,
તારક તેજે ભારતભૂમિને પુલકિત કરશુ હાસે... સુંદર૦

**- અનામી**

### હો, શત શત પ્રણામ!

આ સર્વ વિદ્યાલય
એ કોઈ નગર, મહાનગરમાં
વિદ્યાવિક્રય કરતી
લોખંડ સિમેન્ટ - કોન્ક્રિટની બનેલી
નિષ્પ્રાણ ઈમારત નથી.

આ જ્ઞાનાશ્રમ છે,
એક કૃષિ-ઋષિના સપનાનો
ઘેઘૂર ગરવો
કબીરવડ છે - જ્ઞાનવડ છે.



અથવા તો-

આ ખરતા ખખડતા ખાખરાઓના -
ધૂળમાં ઊડતા - આથડતા
ગોટમોટતા વેરાન ટપ્પામાં પડેલો - જડેલો
પારસમણિ છે - જ્ઞાનમણિ છે.

જેના સ્પર્શમાત્રથી બની છે કડી,
સોનાની દડી,
આ સંસ્થા એટલે
વૃક્ષોનાં નિબિડ ઝુંડ વચ્ચે ટોળે વળી ઊભેલાં
નિર્જીવ તોતિંગ મકાનોનો સરવાળો - ગુણાકાર નહીં.

આ તો છે :
પરંપરિત
જ્ઞાનગંભીર આચાર્યમનીષીઓની
તેજસ્વિની તપોભૂમિ - કર્મભૂમિ.

હે સર્વ-બાંધવો, મિત્રો,
આ સંસ્થા આપણે સૌને માટે
વિદ્યાનું આલય માત્ર નથી,
આ તો આપણી સર્વની વાત્સલ્યમયી
જનની છે, જનની !

જેણે આપણો પુનર્જન્મ કરાવ્યો છે,
જનમફેરો સાર્થક બનાવ્યો છે,
આપણા સૌના હૈયે કોતરાયું છે એનું જ નામ !
આ જ્ઞાનદાત્રીને હોજો શતશત પ્રણામ !!

**-રમેશ ત્રિવેદી**

આચાર્યશ્રી ગામીને

ગામી : ત્હમે યાત્રિક ઊર્ધ્વગામી,
સંસારી તો યે વર અતતકામી.
અનન્તનો આત્મ તવ પ્રવાસી,
મને મથૂરા, શુભ કામ કાશી.
ન્હાની વયે પામી ગયા રહસ્ય;
'કલ્યાણ કર્તા દાણી દુર્ગતિના'.
અભ્યાસ-યોત્રે-રત-સંગીતે આ,
ક્ષણે ક્ષણે જીવી ગયા જ સત્ય.
સંવાદ સર્વત્રઃ પ્રસન્નતા શો,
સંગ્રામ તો આન્તર કુરુક્ષેત્રે.
દિવ્ય પ્રભા-છાલક સૌમ્ય નેત્રે,
કૌશલ્ય કર્મે, વિકસન્ત યોત્રી.
જ્યાં જ્યાં ત્હમે વિચરતા, પથરાય શાતા
સંઘર્ષ માંહીય, સમન્વયગીત ગાતા.

'अनामी'

**કેળવણી એટલે શું ?**

ઉચ્ચ જીવનમાં પ્રેરે તે કેળવણી.
સુખી જીવન જીવતાં શીખવાડે તે કેળવણી.
સંયમ અને સ્વતંત્રતાના પાઠ પઢાવે તે કેળવણી.
જનસેવાના મંત્ર મૂકે તે કેળવણી.

કેળવણી કોઈની આપી લેવાતી નથી.
કેળવણી એ અંતઃસ્ફુર્તિ છે. કેળવણી આત્માનું આનંદી ઝરણું છે.
આત્માના ઝરણને પવિત્ર અને સુવ્યવસ્થિત રાખવું એ જ કેળવણીકારનો ધર્મ છે, અને તેમાં જ કેળવણીની ઉપયોગિતા છે.

**બાળકોમાં શ્રદ્ધા રાખો.**
**બાળકો જન્મથી ખરાબ નથી.**
**બાળકોને કામ કરવું ગમે છે.**



# ઉપસંહાર

આ પુસ્તકના ચરિત્રનાયકનું જીવન વનમાં પ્રવેશે એ પહેલાં આટોપાઈ ગયું. આટલા ટૂંકા આયુષ્યમાં સમાજને એટલો વારસો આપતા ગયા કે પેઢીઓ સુધી ખૂટે જ નહિ.

તેમનાં લખાણો–ટાંચણો વાંચતાં એમ લાગે કે તેઓ ઈતિહાસના પણ ઊંડા અભ્યાસી હતા. એમાં મંચુરિયા પર જાપાનની આર્થિક ભીંસ; સાવરકરનાં લખાણો જોવા મળે. એટલું જ નહિ, તેમણે લગભગ ૩૦ પાનાંનો લીગ ઑફ નેશન એન્ડ ડિસઆર્માંમેન્ટ પરનો અંગ્રેજીમાં લેખ પણ લખેલો. તેઓ વિશ્વશાંતિ અને પર્યાવરણની પણ ચિંતા કરતા હતા.

તેમના અવસાન બાદ થોડા સમય માટે શ્રી પોપટભાઈએ પુનઃ આચાર્યપદ નિભાવ્યું. ત્યારબાદ વિદ્યાર્થીઓના હૃદયસિંહાસને બિરાજતા અને સંસ્થાને લાંબી સેવા આપનાર પૂ. નાથાભાઈ ના. દેસાઈએ આચાર્યપદ શોભાવ્યું.

શ્રી ના. ના. દેસાઈ સૂરજમલ બોર્ડિંગના વિદ્યાર્થી હતા એ સમયે એ કડવા પાટીદાર હિતવર્ધક મંડળના દ્વિતીય વિદ્યાર્થી સંમેલનમાં મંત્રીપદ શોભાવતા હતા. વિદ્યાર્થીઅવસ્થામાં તેઓ **ચેતન** નામનું હસ્તલિખિત ચોપાનિયું બહાર પાડતા. એ પાછળથી શ્રી બબાભાઈએ એને લિખિતસ્વરૂપે શરૂ કર્યું.

પૂ. શ્રી દેસાઈસાહેબે વાલીઓ અને વિદ્યાર્થીઓનાં મન જીતી લીધાં હતાં. એમણે શ્રી બાપુભાઈના યજ્ઞકાર્યને દીપાવ્યું અને સવાયા બાપુભાઈ બન્યા. કડી સોનાની દડી બન્યું. તેમને મન આશ્રમ - શાળા અને વિદ્યાર્થીઓ કેન્દ્રસ્થાને હતાં. પોતાનું સમગ્ર જીવન સંસ્થાને સમર્પિત કરી દીધું. આજે પણ તેમના વિદ્યાર્થીઓ તેમને એમના વિદ્યાર્થીઓ હોવાનું ગૌરવ અનુભવે છે તે જ તેમની મહાન સિદ્ધિ છે.

**न कम्पते ज्ञः** (ઉપનિષદ) જ્ઞાની માણસ ક્યારેય ભયભીત બનતો નથી. પૂ. નાથાભાઈએ ''શિક્ષક અસાધારણ ન હોઈ શકે'' તે ચાણક્યની ઉક્તિને સાચી પાડી. તેમને સ્મૃતિવંદન.

મારાં સ્વર્ગસ્થ માતાપિતા પૂ. શિવકોરબા અને પૂ. પિતાજી રામદાસ અને વડીલબંધુઓ મને સતત પ્રેરતા રહ્યા છે એને પરિણામે આ કાર્ય કરી શક્યો છું. મારા બે ભાઈઓ આ સંસ્થાના જ વિદ્યાર્થીઓ હતા. એમને શ્રદ્ધાંજલિ આપી વિરમું છું.

સ્વર્ગ-નરકમાં મને શ્રદ્ધા નથી. કદાચ સ્વર્ગમાં જવાનું થાય તો કવિ ઉશનસ્‌ની કવિતા યાદ કરી લઉં :

**હું સ્વર્ગથીએ આ પૃથ્વી પર પાછો ફરીશ હા :**
**હજુ કૈં કૈં રસ્તા મુજ પદની મુદ્રા વણ રહ્યા.**

અમેરિકાના વિશ્વવિખ્યાત કવિ રોબર્ટ ફ્રોસ્ટની કવિતાની કેટલીક પંક્તિઓ મને ગમે છે. તેનો હિન્દીમાં અનુવાદ હરિવંશરાય બચ્ચને કર્યો છે તે રજૂ કરી કલમને વિરામ આપું છું.

The words are lovely, dark and deep,
But I have promises to keep,
And miles to go before I sleep,
And miles to go before I sleep.

**—Robert Frost**

ગહન, સઘન, મનમોહક બનતરુ મુજકો આજ બુલાતે હૈ
કિન્તુ કિયે જો વાદે મૈને યાદ મુઝે ...... આજાતે હૈ
અભી કહાઁ આરામ બંદા, યહ મૂક નિમંત્રણ છલના હૈ
અરે અભી તો મીલોં મુઝ કો, મીલોં મુઝકો ચલના હૈ.

**—હરિવંશરાય બચ્ચન**

• • •

KADI SARVA VISHWAVIDYALAYA
CENTRAL LIBRARY
GANDHINAGAR, Sec-15
GANDHINAGAR